ચોથી શ્રેણી

પુસ્તક–૫૭

તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮
ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે
થી
તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮
ચૈત્ર ૭, ૧૯૪૦ શા

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૫૭ )** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮ ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | 11 | 137 |
| શોકદર્શક ઉલ્લેખ | 138 | 138 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 139 | 143 |
| શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | 144 | 146 |
| ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૮ | 147 | 149 |
| રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૮ | 150 | 156 |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮ | 157 | 164 |
| બિનસરકારી સંકલ્પ | 165 | 181 |
| **૨૮મી માર્ચ, ૨૦૧૮ ચૈત્ર ૭, ૧૯૪૦ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 182 | 192 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 193 | 292 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) | 293 | 295 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 296 | 297 |
| ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી | 298 | 305 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 305 | 305 |
| ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી | 306 | 340 |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ( નિયમ–૧૦૨) | 341 | 348 |

# ગુજરાત વિધાનસભા

## મંગળવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮
## ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે

## સભાગૃહ બપોરના ૧૧-૦૦ કલાકે મળ્યું.
## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

મુખ્યમંત્રી ઓનલાઇન સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

* ૧૦૧૨૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મુખ્યમંત્રી ઓનલાઇન સ્વાગત ફરિયાદ (SWAGAT) નિવારણ કાર્યક્રમ હેઠળ કલેક્ટરશ્રી, બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી કામગીરી અંગે સને ૨૦૧૬ અને ૨૦૧૭ માં કેટલી જિલ્લા કક્ષાની ફરિયાદો મળી,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થવાનો બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧)

| વર્ષ | જિલ્લાની સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ હેઠળ મળેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૩૩ |
| ૨૦૧૭ | ૪૯ |

(૨) બનાસકાંઠા જિલ્લામાં ‘‘સ્વાગત ઓનલાઇન’’ કાર્યક્રમ હેઠળ વર્ષ-૨૦૧૬ માં મળેલ ૩૩ ફરિયાદો પૈકી તમામ ૩૩ ફરિયાદો તેમજ વર્ષ-૨૦૧૭માં મળેલ ૪૯ ફરિયાદો પૈકી ૪૫ ફરિયાદોનો નિકાલ થયેલ છે. જ્યારે ૪ ફરિયાદોનો નિકાલ બાકી છે.

(૩) બાકી ૦૪ અરજીઓ પરત્વે ચાલુ માસે તા.૨૨-૦૩-૨૦૧૮ના રોજ યોજાનાર સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરેલ હોઇ આ કાર્યક્રમમાં અરજદારશ્રી તથા સંબંધિત અધિકારીશ્રીની હાજરીમાં રૂબરૂમાં ચર્ચા થયેથી નિકાલ કરવામાં આવશે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારો પહેલો પ્રશ્ન એ છે કે, સને ૨૦૧૬માં ૩૩ અને સને ૨૦૧૭માં ૪૯ ફરિયાદો મળી છે. તે ફરિયાદો કોની-કોની છે અને કેવા પ્રકારની છે? સને ૨૦૧૭ની ચાર અરજીઓનો નિકાલ તા. ૨૨/૩/૨૦૧૮ના રોજ કરવાનો હતો એ કરેલ છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે, રામપુરા-કરજા, તાલુકો પાલનપુરના ખેડૂતોની જમીન સીપુ જળાશયમાં ડૂબમાં જતા રસ્તા સાથે અન્ય જમીનો સોંપેલી હતી. આ જમીનના રીસર્વેની માપણીમાં સસ્તા હટાવી દીધેલ છે તો મૂળ નકશાના રસ્તા મુજબની જમીનો સોંપવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, ઉપ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને રાજ્યના તમામ વિભાગો ગૂડ ગવર્નન્સને પ્રાધાન્ય આપે છે. સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ ગૂડ ગવર્નન્સનો ઉત્તમ કાર્યક્રમ આ ગુજરાત સરકારમાં વર્ષોથી ચાલે છે. લોકોની ફરિયાદોનો ઝડપી નિકાલ થાય એના માટેનું આયોજન મુખ્યમંત્રીશ્રીની ઓફિસ કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને હવે ગ્રામ્ય કક્ષાએ પણ આ કાર્યક્રમ લઇ જવાનું સરકારનું આયોજન છે અને કેટલીક જગ્યાએ તો ચાલુ પણ કરી દેવામાં આવ્યું છે. બનાસકાંઠામાં ૨૦૧૬માં ૩૩ ફરિયાદો આવી હતી અને બધી જ ૩૩ ફરિયાદોનો નિકાલ થઇ ગયો છે. ૨૦૧૭માં ૪૯ ફરિયાદો આવી હતી એમાંથી ૪૫ ફરિયાદોનો નિકાલ થઇ ગયો છે. જ્યારે જવાબ આપ્યો ત્યારે ચાર ફરિયાદો બાકી હતી અને આજની તારીખે માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે બાકીની ચાર ફરિયાદોનો નિકાલ કરવામાં આવી ગયો છે. આ ફરિયાદોની વિગતો એમણે માગી છે. (૧) જયંતીભાઇ વી.ખત્રી, ડીસા, સીટ નં-૩૨કની સરકારી જમીન ઉપર દબાણ દૂર કરવા બાબત તા. ૨૨/૧/૨૦૧૮ના રોજ એમની ફરિયાદ હતી. અરજદારશ્રીની રજૂઆત અન્વયે તા. ૨૨/૩/૨૦૧૮ના રોજ જિલ્લા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં નિર્ણય લેવાયેલ છે તે મુજબ તા. ૨૮/૩/૨૦૧૮ના રોજ દબાણ દૂર કરવાનો કાર્યક્રમ રાખેલ છે. સદર બાબત અરજદારશ્રીને તા. ૨૦/૩/૨૦૧૮ના પત્રથી જવાબ આપેલ છે. રજૂઆતનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે. (૨) ઇસ્માઇલ સુલેમાન રસામણ, ભાઇઓ ભાગ જમીનની વહેંચણીની નોંધ મંજૂર કરી વેચાણ દસ્તાવેજની મંજૂરી આપવા બાબતની ફરિયાદ છે. આ પણ તા. ૧૨.૨.૨૦૧૮ના રોજ અરજદારે ફરિયાદ કરી હતી. અરજદારશ્રીની રજૂઆત અન્વયે મામલતદારશ્રી, દાંતાએ

## તારાંકિત પ્રશ્નો

અરજદારશ્રીને તા. ૧૨.૨.૨૦૧૮ના પત્રથી પ્રત્યુત્તર પાઠવેલ છે. જે મુજબ અરજદારશ્રીને વહેંચણી નોંધ પડાવવા જરૂરી આધાર પુરાવા સાથે ઇ–ધારા કેન્દ્ર મામલતદારશ્રી, દાંતામાં અરજી કરવા જણાવવામાં આવેલ છે એટલે આ રજૂઆતનો પણ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી ફરિયાદ મહમદભાઇ પીયાભાઇ સોણેસરાની છે. ખાનગી જમીન સરકારી પડતરમાં ફેરવેલ હોઇ નોંધ રદ કરવા બાબતની ફરિયાદ હતી. અરજદારશ્રીની અરજી બાબતે મામલતદારશ્રી, દાંતા, મોજે–નવાવાસ, દાંતાના સરવે નંબર ૨૫૨/૪ વાળી જમીનમાં સરકારી પડતર શબ્દ દૂર કરવા તા. ૧૭.૧.૨૦૧૮થી ક્ષતિ સુધારા હુકમ કરી તેની ગામ દફતરે નોંધ નંબર ૧૬૭૩ તા. ૧૮.૧.૨૦૧૮ના રોજ પાડવામાં આવેલ છે. જેની જાણ અરજદારશ્રીને કરવામાં આવી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રીજા પ્રશ્નનો પણ હકારાત્મક ઉકેલ આવી ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોથો જે બાકી હતો એ મોહનલાલ વી. જોષીનો છે, પાલનપુર ખાતે હનુમાન ટેકરી પાસેનો સરવે નંબર–૫૪૦ની સરકારી જમીન ખાનગી વ્યક્તિઓને ફાળવી દેવા બાબત, આ એમની ફરિયાદ હતી. અરજદારશ્રીની અરજી અન્વયે મામલતદારશ્રી, પાલનપુરે અરજદારશ્રીને તા. ૨૦.૩.૨૦૧૮ના પત્રથી પ્રત્યુત્તર પાઠવેલ છે. જે મુજબ સદરહુ બાબતે નામદાર કોર્ટ મેટર હોઇ વિવાદ રાહે દાદ મેળવી લેવા અરજદારશ્રીને જણાવેલ છે એટલે ૪૯માંથી ૪૫નો નિકાલ થયો હતો, જે ચાર જવાબના દિવસે બાકી હતી એ પણ ચારે ચાર અરજીઓનો આજની તારીખે હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મારો જે બીજો પ્રશ્ન હતો એનો જવાબ નથી આવ્યો. ખેડૂતોનો ખાસ અગત્યનો પ્રશ્ન હતો. રામપુરા કરજા ગામનો છે, જે ડૂબમાં જમીનો ગઇ હતી એનો પ્રશ્ન હતો.

અધ્યક્ષશ્રી : ફરી કહો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અરજીઓના નિકાલ બાબતનો છે. ૩૩ અરજીઓનો નિકાલ થઇ ગયો છે. ૪૯ માંથી ૪૫ નો નિકાલ થઇ ગયો છે. ચાર બાકી હતી એની મેં વિગતવાર એમને જાણ કરી. જમીન ડૂબમાં ગઇ એની કોઇ અરજી આવશે તો નિકાલ કરીશું.

અધ્યક્ષશ્રી : એની બીજી પ્રક્રિયા છે જો કોઇ ખોટો જવાબ હોય તો બીજી પ્રક્રિયા છે, આપ બેસો.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાએ ઓનલાઇન સ્વાગત કાર્યક્રમ ફરિયાદ નિવારણ યોજના સંબંધે કઇ રીતે કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ અમારી સરકારનો આ ગૂડ ગવર્નન્સનો ઉત્તમ કાર્યક્રમ યોજના છે. આ યોજનાને બે જેટલા તો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા છે. આ યોજનાના ભાગરૂપે આ યોજના હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં જયારે તેઓશ્રી મુખ્ય મંત્રીશ્રી હતા ત્યારે આ ૨૦૦૩માં ચાલુ કરી હતી. આ યોજનાનો પ્રતિભાવ જાણીને આજે દિલ્હીની અંદર પણ પ્રગતિ નામની યોજના વડાપ્રધાનશ્રી ખુદ એમના પી.એમ.ઓફિસના અધિકારીઓ સાથે બેસીને પ્રગતિ યોજના કેન્દ્ર સરકારમાં માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આ યોજના ચાલુ છે, આ યોજનાને બે એવોર્ડ પણ મળ્યા છે. એમણે જે જિલ્લા કક્ષાની ઓનલાઇન સ્વાગત કાર્યક્રમની વાત કરી એમાં દર માસના ચોથા ગુરૂવારે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજવામાં આવે છે. સદરહુ કાર્યક્રમ અંતર્ગત અરજદારશ્રીઓ દ્વારા કરવામાં આવતી રજૂઆતો અન્વયે સંબંધિત ખાતા તેમજ કચેરીને જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવતી હોય છે તેમજ સદરહુ મોકલી આપેલ રજૂઆતો અન્વયે કરેલ કાર્યવાહીના અહેવાલની વિગતો સાથે સંબંધિત અધિકારીશ્રીને ચોથા ગુરૂવારના રોજ યોજતા જિલ્લા સ્વાગાત કાર્યક્રમમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. એ ઉપરાંત, જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારશ્રીઓના પડતર પ્રશ્નો અંગે જવાબદાર અધિકારીશ્રીની હાજરીમાં પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, માનનીય આશાબેનને પ્રશ્ન ક્યારનોય પૂછવો છે, પ્રશ્ન પૂછવા માટે એમણે હાથ ઉંચો કર્યો છે એટલે તમને એવું ના લાગે કે, હું સિનિયર છું અને મને પૂછવા ના દીધો. માનનીય આશાબેન બોલો. આ બધી રેકર્ડ ઉપર નોંધ રહે એટલા માટે કહું છું.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, ૨૦૧૬ અને ૧૭ માં જે ફરિયાદો મળેલ છે એ પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વાગત કાર્યક્રમમાં મોકલી કરવામાં આવેલ છે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના જવાબમાં વાત કરી છે. બનાસકાંઠામાં ૨૦૧૬ માં ૩૩ ફરિયાદો આવી હતી એ ૩૩નો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. ૨૦૧૭માં ૪૯ ફરીયાદો આવી હતી અને તેમાંથી ૪૫નો હકારાત્મક ઉકેલ આવી ગયો છે. જે ચાર બાકી હતી તે આ જવાબ આપ્યો ત્યારે આજની તારીખમાં આ ચારે –ચાર અરજીઓનો હકારાત્મક ઉકેલ આવી ગયો છે. મેં ડીટેઇલમાં વાત કરી છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ સ્વાગત કાર્યક્રમ કયારથી શરૂ કરવામાં આવ્યો અને તેની કાર્યપદ્ધતિ શું છે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા આ સન્માનનીય સભાગૃહના સૌ સભ્યોને

## તારાંકિત પ્રશ્નો

કેટલાક નવા ધારાસભ્યશ્રીઓ પણ છે તેમને આ જે સ્વાગત કાર્યક્રમ છે એની જાણ આપવા માટે માનનીય ધારાસભ્યશ્રીએ મને મોકો આપ્યો છે. ટેકનોલોજીના ઉપયોગથી લોકોની સુખાકારી વધારવા તથા લોકોની ફરીયાદોના ઝડપથી અને અસરકારક રીતે ઉકેલ લાવવા માટે તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભારતના યશસ્વી વડપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા એક નવા અભિગમ સાથે એપ્રિલ –૨૦૦૩ થી સ્વાગત કાર્યક્રમની શરૂઆત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી આજે અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ આ સ્વાગત કાર્યક્રમ ૨૦૦૩ થી ચાલુ કર્યો છે આજે પણ દર મહિનાના ચોથા ગુરૂવારે ગાંધીનગરમાં સી.એમ. સાહેબની ઓફિસથી અને જિલ્લાઓમાં જિલ્લા કલેકટરની ઓફિસથી આ કાર્યક્રમ કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી તંત્રને પ્રજા પ્રશ્નો બાબતે સજાગ કરી પારદર્શક રીતે અને ઝડપથી પ્રજાના પ્રશ્નો ઉકેલવા સરકારશ્રીમાં ઉચ્ચતમ સ્તરથી પ્રજાની મુશ્કેલીઓ જાણી અને તેનો નિકાલ કરવામાં આવે છે. દર મહિનાના ચોથા ગુરૂવારે અરજદાર માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યલય ખાતે ઉપસ્થિત રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલો કાર્યક્રમ હશે કે જેમાં રાજયનો સામાન્ય નાગરિક મુખ્યમંત્રીશ્રીની ખુરશીથી બે ફૂટના અંતરે બેસીને ફરિયાદ કરી શકે. આવું કદાચ દેશમાં કયાંય નથી. સાહેબ બે ફૂટના અંતરે બેસી સામાન્ય વ્યકતિ ફરીયાદ કરી શકે. આવું ગૂડ ગર્વનન્સ દેશમાં કયાંય ઉપલબ્ધ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીનો ઉપયોગથી બધા જ જિલ્લા જોઇ શકે છે. કલેકટર ઓન લાઇન હોય છે.

અધ્યક્ષશ્રી : વસોયા, હું જોઇ શકું છું. Please do not disturb.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આ સ્વાગત કાર્યક્રમ છે એ જ કેટલો પારદર્શક અને સક્ષમ છે તેનો મેં જવાબ આપ્યો. આ કાર્યક્રમ કેવી રીતે કરવામાં આવે છે તો આજની તારીખે પણ રાજયની અંદર આવા પડતર પ્રશ્નો તેમજ લોકોને વારંવાર ધકકા ખાવા પડતા હોય તેવા પ્રશ્નો તે સ્વાગત કાર્યક્રમમાં આવે છે તેનો ઝડપથી નિકાલ થાય છે. મૈં કહ્યું તેમ આને નેશનલ એવોર્ડ મળેલા છે. આજે ભારત સરકાર પ્રગતિના નામથી આ કાર્યક્રમ દેશના માનનીય વડાપ્રધાન કરી રહ્યા છે, તે માનનીય ધારાસભ્યશ્રીઓની જાણ માટે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૨૦૧૬ ના ૩૩ અને ૨૦૧૭ ના ૪૯ પ્રશ્નો તો આ ૨૦૧૬ના માનનીય ધારાસભ્યશ્રી મહેશભાઇ પટેલે પ્રશ્ન પૂછયા પછી કેટલા પ્રશ્નનો નિકાલ કર્યો અને ૨૦૧૭ માં પણ પ્રશ્ન પૂછયા પછી કેટલાનો નિકાલ કર્યો ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં મેં આપી દીધું કે જે ચાર બાકી હતી તેનો નિકાલ કરી દીધેલ છે, લેખિત જવાબ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ પ્રશ્ન વિધાનસભામાં પૂછાયા પછી બે વર્ષે કેટલા પ્રશ્નનોનો નિકાલ કરવામાં આવ્યો ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : તમામે તમામ ૩૩ અને ૪૯.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સાહેબ પ્રશ્ન પૂછાયા બાદ કેટલાનો નિકાલ થયો એ જણાવે ? તો જ આપણને એ વાસ્તવિકતાનો ખ્યાલ આવે કે આ પ્રશ્ન પૂછાયા પછી આ પ્રશ્નનોનો નિકાલ થયો છે, એ પહેલાં નહીં.

અધ્યક્ષશ્રી : આમેય આજે બધો નિકાલ થવાનો છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય સભ્યશ્રીએ મારો જવાબ ધ્યાનથી સાંભળ્યો નથી. મેં અગાઉ તારીખ સાથે કહ્યું કે આ તારીખે પ્રશ્ન આવ્યો અને આ તારીખે એનો નિકાલ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય સભ્યશ્રી મહેશભાઇએ પ્રશ્ન પૂછ્યો હતો એમની ફરિયાદ એવી હતી કે ૨૪–૩–૨૦૧૭ના રોજ જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ થયો એ વખતે કોળી અમરાભાઇ રત્નાભાઇ કે જેની સીપુના ડૂબાણમાં જમીન ગઇ હતી એને સરકારશ્રી તરફથી જમીન પણ ફાળવવામાં આવી હતી એના લે આઉટ બહાર પડી ગયા, રસ્તા પાસ કરવામાં આવ્યા ત્યારબાદ રોડ રસ્તાનું અસ્તિત્વ રહ્યું નહિ અને રસ્તો જ કાપી નાખવામાં આવ્યો અને જે જમીન સોંપવાની હતી એ જમીન સોંપવામાં આવી નથી એ માનનીય સભ્યશ્રીની લાગણી છે. પાલનપુર તાલુકાના રામપુરા ગામના વતની છે અને બાટવાડા ખાતે એમની જમીન હતી તો માનનીય સભ્યશ્રીની લાગણી સમજીને આ બાબતમાં શું રીયાલિટી છે એ જણાવવા વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : મેં અગાઉ પણ જવાબ આપ્યો છે કે જેટલી પણ અમારી પાસે અરજીઓ આવી છે એનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. અમારી પાસે નિકાલમાં બાકી નથી. જો નિવારણ સમિતિ સમક્ષ ફરિયાદ આવશે તો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીને આશ્વાસન આપો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય સભ્યશ્રી પાસે માહિતી છે. લીગલી કાગળ છે તેથી માનનીય મંત્રીશ્રી સભ્યશ્રીને બોલાવીને વાત કરી લે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ૩૩ ફરિયાદોનો નિકાલ થઇ ગયો છે ત્યારબાદની બીજી ૪૯માંથી ૪૫ નો પહેલા નિકાલ થઇ ગયો હતો ત્યારબાદ ચાર ફરિયાદોનો પણ નિકાલ થઇ ગયો છે. તેમ છતાં બીજી માહિતી આપશે તો આગળ કાર્યવાહી કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : પુરાવા સાથે કહીએ છીએ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : અમે ચેક કરાવી લઇશું.

વડોદરા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા

* ૮૬૯૪ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૪૮૮૪. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૭૧૬. |

શ્રીમતી મનીષા વકીલ : આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ખેતીની જમીનના ગણોત સબંધી કેટલા કાયદાઓ અમલમાં છે અને આ કાયદાનો હેતુ શું છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ખેતીના ગણોત સબંધી કેટલા કાયદા અસ્તિત્વમાં હાલની તારીખમાં છે તો દેશ આઝાદ થયા બાદ ખેત ઉત્પાદનમાં દેશ સ્વાવલંબી બને એ હેતુને ઘ્યાને રાખીને જમીન ખેડનારના તે જમીન પરત્વે ચોક્કસ હક્કો જરૂરી હોવાથી ગણોતીયાના વધુ રક્ષણ અને ખેતીની જમીનનો કાર્યક્ષમ ઉપયોગ થાય એના ઉપર રાજય અસરકારક અંકુશ રાખે એ અંગેની ચોક્કસ નીતિ તથા વિચારસરણી લક્ષમાં રાખીને ખેતીની જમીન ઉપર રાજય સરકાર કાયદા ઘડી શકતું હોવાથી બૃહદ ગુજરાતની સ્થાપના પૂર્વેથી જૂના મુંબઇ રાજયના ગુજરાત વિસ્તાર, સૌરાષ્ટ્ર વિસ્તાર અને કચ્છ ક્ષેત્રમાં આ કાયદાઓની અલગ અલગ જોગવાઇઓ અમલમાં છે. આ કાયદાઓથી જમીન ધારણ કરનાર અને તેના ગણોતીયા વચ્ચેની તકરારો અંગે તેમજ ખેડૂતોને આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા તથા ખેતી માટે જમીનનો સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવાના હેતુ માટે આ કાયદાઓમાં જોગવાઇ કરવામાં આવી છે. આજે મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અસ્તિત્વમાં છે એ ફકત ગુજરાત રીજીયન એટલે સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાય. બીજો કાયદો સૌરાષ્ટ્ર ઘર ખેડ ગણોત પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ આ અમરેલી છોડીને સૌરાષ્ટ્ર માટે છે. ત્રીજો કાયદો મુંબઇ ગણોત અને ખેતીની જમીન વિદર્ભ ક્ષેત્ર અને કચ્છ પ્રદેશ ૧૯૫૮ જે કચ્છમાં લાગુ પડે છે. એટલે ગણોતિયાઓને સુરક્ષિત રાખવા, ગણોતિયાઓને ન્યાય આપવા માટે આજે ગુજરાતમાં ત્રણ પ્રકારના કાયદાઓ અસ્તિત્વમાં છે.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે ધારી તાલુકામાં નવી શરતના અસંખ્ય કેસો પડતર પડેલ છે. અધિકારીઓ પૈસા સિવાય આ પેન્ડીંગ કેસોનો કોઇ પણ પ્રકારનો નિકાલ લાવતા નથી. તો આ કેસોનો કયારે નિકાલ લાવવા માગો છો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વડોદરા જિલ્લાની વાત છે. વડોદરા જિલ્લાની માહિતી આપી શકું. ધારીની વાત આમાં નહીં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય કેતનભાઇ ઇનામદાર. ઠુંમરભાઇ, તમે શા માટે ઉભા થઇ જાવ છો?

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય અને ન ભરાયેલ હોય તેવા કેસોની તાલુકાવાર સંખ્યા કેટલી છે એ મારે જાણવું છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : વડોદરા જિલ્લામાં કુલ ૪,૮૮૪ કેસોમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ છે. એમણે તાલુકાવાર જે પૂછ્યું છે તેમાં વડોદરા ગ્રામ્યમાં ૮૭, બાકી કેસ શૂન્ય. વડોદરા શહેર (પશ્ચિમ) ૭, બાકી કેસ ૧, સાવલીમાં ૧૦૧૬, બાકી કેસ શૂન્ય, કરજણમાં ૭૬૫, બાકી કેસ ૧, પાદરામાં ૩૨૨, બાકી કેસ ૧૨, શિનોરમાં ૧૨૦, બાકી કેસ શૂન્ય, વાઘોડીયામાં ૧૭૭૯ બાકી કેસ શૂન્ય, ડભોઇમાં ૨૪૬, બાકી કેસ શૂન્ય, ડેસરમાં ૫૪૨, બાકી કેસ શૂન્ય. આજની તારીખે ફક્ત ૧૪ કેસો જ બાકી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : દક્ષિણ ગુજરાતમાં ગણોતની જમીન, સિલિંગની જમીન, ભૂદાનની અને સોસાયટીઓ દ્વારા મળેલી જમીન, તેને મીનીમમ ૫૦ વર્ષ થઇ ગયા તો તેને નવી શરતમાંથી જૂની શરત, ગણોતની જમીન સુઓમોટોથી નવી શરતમાંથી જૂની શરત કરેલી, પણ મોટા ભાગે અધિકારીઓએ સુઓમોટોથી કરવાની હોય એ કરેલી નથી. તો એવી જે બાકી હોય તે સુઓમોટોથી થઇ જવી જોઇએ અને સિલિંગ અને સોસાયટી, જેને એલોટમેન્ટ થયા પછી મીનીમમ ૫૦ વર્ષ થઇ ગયા તો તેને નવી શરતમાંથી જૂની શરત બનાવવાનું સરકારે કંઇ વિચારેલું છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ખેતીથી ખેતી માટે નવી શરતમાંથી જૂની શરત કરવામાં ૧૫ વર્ષ પછી સરકાર દ્વારા સુઓમોટો કરવામાં આવે છે. આ તો વડોદરા જિલ્લાની માહિતી છે પણ આખા રાજયની માહિતી પ્રમાણે ઘણા બધા કેસો સુઓમોટો થયા છે. કોઇ બાકી હોય તો સ્પેસિફિક લાવે તો તેની તપાસ કરીશું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : જે સિલિંગની છે એ નવી શરતમાંથી જૂની શરતમાં નથી થતી. ખેતીમાંથી ખેતીમાં. ઔદ્યોગિક હેતુ માટે નહીં, ખેતીમાંથી ખેતીમાં.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એના જે ચોક્કસ નિયમો છે એ પ્રમાણે કાર્યવાહી કરીશું.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, કબજા હક્કની ખરીદ કિંમતની મુદત લંબાવવા અંગેની જોગવાઇ ૩૨(એમ)ના જાહેરનામા બહાર પાડી કેટલી વાર મુદત લંબાવી અને હવે મુદત લંબાવવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ગણોતિયાઓ આ યોજનાનો, આ કાયદાનો લાભ લઇ શકે એટલે સરકાર પાસે રજૂઆત આવી ત્યારે તા. ૨૫–૭–૨૦૧૧ના જાહેરનામાથી કાયદામાં સુધારો કરી ગણોતધારાની કલમ ૩૨ (એમ) હેઠળ ખરીદ કિંમત ભરવા વખતોવખત નક્કી કરે તે તારીખ સુધી ભરી શકાય એવો સરકારે નિર્ણય લીધો છે. તા. ૨–૧–૨૦૧૨, તા. ૫–૧૨–૨૦૧૩, તા. ૧૪–૧૦–૨૦૧૪, તા. ૫–૧૨–૨૦૧૫, તા. ૨૫–૧૦–૨૦૧૬, તા. ૨૦–૯–૨૦૧૭, તા. ૩૧–૧૨–૨૦૧૭ અને મારી પાસે જે માહિતી છે તે પ્રમાણે જેને નોટિસો બજી ગઇ છે અને પૈસા ભરવાના છે એવા લગભગ ૫૨૦૦–૫૩૦૦ કેસ છે. તેની મુદત ૩૧ માર્ચે પૂરી થતી હતી. અમારા મુખ્યમંત્રીશ્રીએ એ નિર્ણય લઇને એ મુદત ૩૦–૬ સુધી લંબાવી આપી છે, એટલે બીજી ૩ મહિનાની મુદત વધારી છે. જે ખેડૂતોને નોટિસ મળી ગઇ છે. ખેડૂતોને કબજા હક્કની રકમ ભરવા માટે આઠ વખત મુદત વધારી છે અને આ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૩૦/૬/૨૦૧૮ સુધી ૩ મહિનાની મુદત વધારી છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારો પ્રશ્ન બીજા જિલ્લાનો છે. પરંતુ ગણોત ધારાનો વિષય છે એટલે આપના મારફત પ્રશ્ન પૂછું છું કે પાટડી તાલુકો છે ત્યાં પાટડી સ્ટેટ દ્વારા આજુબાજુના ખેડૂતોને જમીન આપવામાં આવેલ અને ગણોત ધારાની કલમ ૧૯૨ અને ૧૯૩ નીચે ગણોત ધારા જુની શરત તરીકે ગણાતી હતી અને એમની સાથે એ પ્રમાણેનો વ્યવહાર થતો હતો. પરંતુ છ મહિના પહેલા એનું જુદું અર્થઘટન કરીને એને તમામ જમીનો નવી શરતની કરી દેવામાં આવી છે અને પાટડી તાલુકાના ખેડૂતો હેરાન થઇ ગયા છે. બધાની જમીન નવી શરતની થઇ ગઇ છે. તો આ બાબતે સરકારે વિચારણા કરી ખેડૂતોને રાહત થાય એવું કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આ બાબતમાં આપનું સૂચન છે. એ કન્સીડર કરજો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આ પેન્સિલ એન્ટ્રી એટલે શું? પેન્સિલ એન્ટ્રીથી ગણોતીયો ગણોતીયો ઠરે કે ન ઠરે? પેન્સિલ એન્ટ્રી પડી હોય તો ગણોતીયો ગણોતીયો ઠરે કે ન ઠરે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હક્ક પત્રક અંગે રાજ્ય સરકારે ઐતિહાસિક નિર્ણય લીધો છે. એમાં બધી જ પેન્સિલ એન્ટ્રીઓ છે એને અમે કોમ્પ્યુટરરાઇઝ કર્યું છે. બધુ જ રેકર્ડ કોમ્પ્યુટરરાઇઝ થઇ ગયું છે. એટલે પેન્સિલ એન્ટ્રીનો સવાલ રહેતો નથી. કોઇ સ્પેશિફિક કેસ હોય તો બતાવે તો ધ્યાનમાં આવે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગણોતીયા જમીન ખેડતા હતા એ જમીનની ખરીદ કિંમત ભરે. એનો અર્થ એ થયો કે ગણોતીયા જમીન વગરના થઇ જવાના છે. આ જે ખેડૂતો ગણોતીયા છે એમના જમીનના હક્ક પ્રસ્થાપિત રહે તે માટે સરકાર શું કરવા માગે છે? ખેતીની જમીન ખેડતા જે ગણોતીયા છે એમની જમીન મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે? છૂપા ગણોતીયા સરકારે શોધવાના હોય છે. તો વડોદરા જિલ્લામાં સરકારે કેટલા ગણોતીયા તારવ્યા?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગણોતીયાઓને ન્યાય મળે અને હક્ક જળવાઇ રહે એના માટે તો આ કાયદો છે. એટલે ગણોતીયાને કલમ–૩૨ એચ મુજબ એ ગણોતીયો છે કે કેમ એ કૃષિ પંચ નક્કી કરે છે. એ પછી એણે કબજા હક્કની રકમ ભરવાની હોય છે. એને હક્ક અને ન્યાય મળે એના માટે આ કાયદો છે. એટલે એમાં બીજો કોઇ પ્રશ્ન નથી. બીજી એમણે વાત કરી કે જિલ્લાની અંદર આવા કેટલા બાકી છે? મેં કહ્યું એમ જે જે લોકોને કબજા હક્ક ભરવાની નોટિસો મળી છે એમને તા. ૩૦/૬ સુધી મુદત લંબાવી આપી છે. એટલે તેઓ એનો લાભ લઇ શકે છે.

### તાપી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ

* ૧૦૦૧૩ શ્રી સુનિલભાઇ ગામીત (નિઝર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી, | (૧) *પત્રક–૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને | (૨) *પત્રક–૨ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને પ્રિમિયમ પેટે કેટલી આવક થઇ ? | (૩) તાપી : રૂ.૩,૯૦,૬૦,૧૭૩/–<br>વલસાડ : રૂ.૧૩,૬૦,૪૯,૧૬૯/–. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આપવામાં આવેલી બિન ખેતી પરવાનગીમાં રહેઠાણના હેતુ માટે કેટલી અને ઔદ્યોગિક હેતુ માટે કેટલી બિન ખેતીની અરજીઓ આવી છે? એ પૈકી ૭૩(એ) પૈકીની કેટલી જમીનમાં શરતભંગ થયેલ છે?

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી અને વલસાડ જિલ્લામાંથી તાપીમાં વર્ષ ૨૦૧૬માં ૯૩ અરજીઓ મળેલી અને ૫૮ મંજૂર કરેલ અને ૩૪ નામંજૂર કરેલ અને એક જ અરજી પડતર છે. એ રીતે વર્ષ ૨૦૧૭માં ૧૦૩ અરજીઓ મળેલ, ૫૦ મંજૂર કરેલ અને ૪૪ નામંજૂર કરેલ છે. એટલે ૯ અરજીઓ પડતર છે. તાપીમાં કુલ ૧૯૬ અરજીઓ મળેલ અને ૧૦૮ અરજીઓ મંજૂર કરેલ છે અને ૭૮ નામંજૂર કરેલ છે અને ૯ પડતર છે. ૨૦૧૬ની હમણાં એક મંજૂર કરી દેવામાં આવી છે અને ૨૦૧૭માં જે ૯ છે એમાં ૪ મંજૂર કરી છે અને ૫ નામંજૂર કરી છે. તાપી જિલ્લામાં તમામ અરજીઓનો નિકાલ થયો છે. વલસાડમાં ૨૦૧૬માં મળેલી અરજીઓ ૪૨૧, મંજૂર કરેલી અરજીઓ ૩૦૮, નામંજૂર ૧૧૩ અને પડતર અરજી ૦. ૨૦૧૭માં મળેલી અરજીઓ ૨૮૬, મંજૂર કરેલી અરજીઓ ૧૯૬, નામંજૂર ૯૦, પડતર ૦. એટલે વલસાડ જિલ્લામાં ૭૦૭માંથી ૫૦૪ મંજૂર, ૨૦૩ નામંજૂર, એટલે ટોટલ જેટલી અરજીઓ આવી છે એનો નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં કયા કયા હેતુ માટે કેટલી બિનખેતીની મંજૂરી આપવામાં આવેલી છે અને બિન ખેતીની મંજૂરી આપવાથી સરકારશ્રીને કેટલી આવક થઇ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬માં રહેણાંક માટે ૩૮, ઔદ્યોગિક માટે ૬, વાણિજિયક માટે ૧૩ અને અન્ય ૧ એમ કુલ ૫૮ અરજીઓને મંજૂરી આપી છે. ૨૦૧૭માં ૨૩ રહેણાંક, ૧૫ ઔદ્યોગિક અને ૧૧ વાણિજિયક અને ૧ અન્ય એમ ૫૦ એટલે કુલ ૬૧ રહેણાંક, ૨૧ ઔદ્યોગિક, અને ૨૪ વાણિજિયક અને અન્ય ૨ એમ ૧૦૮ અરજીઓને મંજૂરી આપી છે. છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાંથી થયેલ આવકની એમણે વાત કરી છે. તાપી જિલ્લામાં ૨૦૧૬માં રૂપાંતર કર ૨૪.૦૧ લાખ, બિન ખેતી આકાર . ૯૭ લાખ એટલે ૨૪.૯૮ લાખ એ રૂપાંતર કરની આવક છે અને ૨૦૧૭માં ૩૧. ૪૫ લાખ રૂપાંતર કરની આવક, .૯૦ લાખ બિન ખેતી આકારની આવક એટલે ૩૨.૩૫ લાખ કુલ ૨૦૧૭માં સરકારને આવક થઇ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે બિન ખેતીની જે પદ્ધતિ છે એમાં મીનીમમ એક વખત બિનખેતી થયા પછી એને ફરી વખત રીન્યુ કરવી પડે છે એવું મારા ધ્યાનમાં આવ્યું છે તો અન્ય રાજયોની અંદર એક વખત બિનખેતીની થયા પછી એને ફરીવાર ૨૦ વર્ષે, ૨૫ વર્ષે, ૩૦ વર્ષે કરવી પડતી નથી. અને બીજા રાજયોની અંદર એને ફરી વખત રીન્યુ કરવાની પદ્ધતિ નથી તો જેમ શ્રી પ્રદિપસિંહજી જાડેજા હોટલ બાબતમાં લાવ્યા એવું આપણા મહેસૂલ વિભાગમાં બિન ખેતીમાં લાવવા માગો છો કે કેમ? ખાસ કરીને ગૃહના તમામ સભ્યોને અનુભવો હશે કે બિન ખેતી કરવા જાય ત્યારે નાયબ મામલતદાર એક શેરો લખી આપે એટલે બધાને ચકરાવે ચડાવી દે છે એટલે આ પદ્ધતિમાં સુધારો લાવવાની જરૂર છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ડીટેલ્સમાં જવાબ આ પ્રશ્નની બહાર છે પણ છતાં રાજય સરકારે તા. ૮-૪-૨૦૧૧ અને તા. ૧-૭-૨૦૦૮થી મલ્ટીપર્પઝ એન.એ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે સારું સૂચન કર્યુ છે આટલી જ વાત છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : મલ્ટીપર્પઝ એન. એ., એક વખત એન.એ. કરાવો પછી જયારે પણ એન.એ.માં આવવું હોય તો એના જુના ડોકયુમેંટ નહીં મંગાવવા એવું સરકારે ૨૦૦૮થી નકકી કરેલ છે. મલ્ટીપર્પઝ એન. એ. નું કર્યુ છે અને ચાલુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય પિયુષભાઇ, નારાજ નહીં થવાનું. સૌથી પહેલો હાથ મોહનભાઇ ઢોડીયાએ ઉંચો કરેલો એટલે મારે એમને તક આપવી પડે. અહીંયા એવું થાય તમને ખબર ના હોય કે અહીં મોહનભાઇએ પૂછયું છે. મારું ધ્યાન બધા ઉપર હોય છે કે કોણે કયારે હાથ ઉંચો કર્યો. જીતુભાઇ ચૌધરીએ પહેલા હાથ ઉંચો કર્યો. તો એમને મેં કીધું. હવે તમે નારાજ થાવ એ ના ચાલે, હવે પૂછી લો આપને શું પૂછવું છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આપનાથી કોઇ દિવસ નારાજ હોઇ જ ન શકાય. આપ આ ગૃહના સર્વોપરી છો.

અધ્યક્ષશ્રી : તમે સમજુ છો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે પહેલા ગમે તે એક હેતુ હોય, ધારો કે રેસીડેન્સ હોય, કોમર્શિયલ હોય કે ઇન્ડસ્ટ્રીઝ હોય ત્યારે એક જ હેતુ માટે પરમીશન આપવામાં આવતી હતી. હવે આ મલ્ટીપર્પઝ એન. એ. છે એનાથી શું લાભ થાય અને મલ્ટીપર્પઝ એન. એ. શું છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મલ્ટીપર્પઝ એન. એ.ની મેં હમણાં વાત કરી. આ ઠરાવની જોગવાઇ મુજબ નકકી કરાયેલ સક્ષમ અધિકારી દ્વારા રાજયમાં બિનખેતીની પરવાનગી આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. રાજયની અંતરમાળખાકીય સુવિધાઓ, ઉદ્યોગ, રહેણાંક વિસ્તારો, શહેરો તથા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે જમીનનો બિનખેતી ઉપયોગ કરવામાં આવે છે. બિન ખેતી થયેલ જમીન અન્વયે ધારકને જમીનનો વપરાશ કરવાનો, તેના પર બાંધકામ કરવાનો હક્ક મળે છે. અગાઉ કહ્યું એમ તા. ૧-૭-૨૦૦૮ના ઠરાવથી સરળ કાર્યપદ્ધત્તિ નક્કી કરવામાં આવી છે. વિભાગના તા. ૧૧-૩-૨૦૧૩ તથા તા. ૨૫-૭-૨૦૧૬ના પરિપત્રોથી બિન ખેતી પરવાનગી અને હેતુફેરમાં અભિપ્રાયો તથા ના વાંધા પ્રમાણપત્રો મેળવવામાં પુનરાવર્તન ટાળવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. આમાં સરકાર દ્વારા બિન ખેતી પરવાનગી મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવાના હેતુસર વખતો વખત નીતિ વિષયક ફેરફારો કરવામાં આવ્યા છે. એક મહત્વનો ફેરફાર એ કર્યો છે કે સરકાર દ્વારા ગુજરાત એક્ટ નં. ૩/૨૦૧૭થી ગુજરાત લેન્ડ રેવન્યુ કોડમાં સુધારો કરી જુદા જુદા

હેતુ માટે બિન ખેતી પરવાનગી એટલે કે બહુહેતુક બિન ખેતી મલ્ટીપર્પઝ એન.એ. આપવાની જોગવાઇઓ કરવામાં આવી છે. એની જોગવાઇઓ પણ ઘણી લાંબી છે કે મલ્ટીપર્પઝ કેવી રીતે કરાય. આટલી વાતમાં ધ્યાનમાં આવી જશે કે એકવાર બિન ખેતી કરાવ્યા પછી બીજા હેતુ માટે ઉપયોગ કરવાનો હોય તો ફરી એના એ જ કાગળો મોકલવાના હોતા નથી. એટલે આ મલ્ટીપર્પઝ બિન ખેતીની નીતિ અમે બનાવી છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : વલસાડ જિલ્લાનો મારો પ્રશ્ન છે. વલસાડ જિલ્લામાં વાપી અમારો ઇન્ડસ્ટ્રીયલ એરિયા છે. વલસાડ જિલ્લામાં ૨૦૧૬–૧૭માં કયા કયા હેતુ માટે મંજૂરી આપવામાં આવી અને એ મંજૂરી આપવાથી સરકારને કેટલી આવક થઇ છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : તાપી જિલ્લામાં ૨૦૧૬ અને ૨૦૧૭માં જે રીતે સેકટરવાઇસ એન.એ.ની પરમિશન આપી એ રીતે વલસાડ જિલ્લામાં ૨૦૧૬માં રહેણાંક માટે ૧૪૩, ઔદ્યોગિક માટે ૧૧૨, વાણિજ્યિક માટે ૫૧ અને અન્ય માટે ૨ એમ કુલ ૩૦૮ પરવાનગી આપવામાં આવી છે. ૨૦૧૭માં રહેણાંકની ૮૦, ઔદ્યોગિકની ૭૧, વાણિજ્યિકની ૪૧ અને અન્ય ૩ એમ કુલ ૧૯૬ પરમિશન આપવામાં આવી છે. એમણે સરકારને કેટલી આવક થઇ એ પૂછ્યું છે તો એમાં ૨૦૧૬માં રૂપાંતર કર ૨૫૫.૭૯ લાખ, બિન ખેતી આકાર ૪.૬૯ લાખ મળીને કુલ ૨૬૦.૪૮ લાખ અને ૨૦૧૭માં રૂપાંતર કરમાં ૧૨૮.૧૨ લાખ અને બિન ખેતી આકારમાં ૨.૩૭ લાખ મળીને કુલ ૧૩૦.૪૯ લાખની સરકારને આવક થઇ છે.

અધ્યક્ષશ્રી : હર્ષદભાઇ, તમે ના પાડ્યા છતાં હાથ ઉંચો રાખો છો. નહીં તો તમે નારાજ થઇ જશો. પૂછો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : પ્રશ્ન બિન ખેતીનો છે. જે ખેડૂતોએ વર્ષો પહેલાં જમીન વેચી હોય અને એ બિલ્ડરોએ જમીન લીધી છે. બિલ્ડરોએ ખેડૂતના નામે બિન ખેતી કરાવી અને પાવર ઓફ એટર્નીથી પ્લોટ વેચી નાખ્યા છે. વર્ષો પહેલાં બિન ખેતી કરાવી હોય પણ વેરો એના નામે આવે છે અને ખેડૂતોએ વેરો ભરવો પડે છે. બિલ્ડર ભાગી ગયો છે અને ખેડૂતો એના રસ્તાનો અને અન્ય વેરો ભરે છે. ખેડૂતની અત્યારની ખેતીની આવક છે એ વેરામાં જતી રહે છે એમાંથી એમને છોડાવવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : સૂચન છે. સ્પેસિફિક કેસ હશે તો વિચારીશું.

શ્રી જગદીશ પંચાલ : પ્રશ્ન લાંબો થયો છે પણ જ્યારે જમીન બિન ખેતી માટે મૂકીએ છીએ ત્યારે ખેડૂત પોતે કર ભરતો હોય છે. એ પછી ખેડૂતને અલગ અલગ ૭ જેટલા સર્ટિફિકેટ લાવવાના હોય છે. એ કર ભરે છે એ સરકારશ્રી પોતે જ વિભાગ દ્વારા મેળવી લે તો ખેડૂતોને તકલીફ ન પડે એ મારું સૂચન છે. બીજું કે, જ્યારે ટી.પી. પડતી હોય ત્યારે શહેરી વિકાસ સાથે સંકલન કરીને એન.એ. ને નાબૂદ કરવામાં આવે તો સરળ પ્રક્રિયા થાય છે. આ બે મુદા ધ્યાને લેવા જોઇએ. ટી.પી. પડે ત્યારે લગભગ સરકાર પોતે એન.એ. કરે છે તો આ સૂચનો ગ્રાહ્ય રાખવા જોઇએ.

અમદાવાદ શહેર અને જિલ્લામાં માનવ ગરિમા યોજના

* ૮૫૭૪ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ.૭૩૩.૧૬ લાખ. |
| (૨) તે હેઠળ ક્યા અને કેટલા સાધનો આપવામાં આવ્યા? | (૨) અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલા સાધનોની માહિતીનું *પત્રક ''અ'' તેમજ વિકસતી જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલા સાધનોની માહિતીનું *પત્રક ''બ'' સામેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, માનવ ગરિમા યોજના અંતર્ગત અપાતી સહાય માટે આવક મર્યાદા શહેર માટે ૬૮,૦૦૦ અને ગ્રામ્ય માટે ૪૭,૦૦૦ છે વધુ લાભાર્થીઓને લાભ મળે તે માટે આવક મર્યાદા વધારવા માગો છો કે કેમ? બીજું, માનવ ગરિમા યોજના અંતર્ગત સહાય મેળવવામાં છેલ્લા ૨ વર્ષમાં કેટલી અરજીઓ મળી? તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઇ અને મળેલી અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે? અને બીજું, આ માનવ ગરિમા યોજના અંતર્ગત પતંગ બનાવવાના ધંધાનો આની અંદર સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો જ પ્રશ્ન પૂછયો કે આવક મર્યદા ૬૭,૦૦૦ બતાવી. મને કહેતા આનંદ જાય છે કે, તા. ૧૭–૮–૨૦૧૭ ના ગુજરાતના લાડીલા મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબે આ ગરીબોની ચિંતા કરીને ગ્રામ્ય વિસ્તાર માટે ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦ ની આવક મર્યાદા કરવામાં આવી છે. બીજો એમણે પ્રશ્ન પૂછયો છે કે મળેલ અરજી પાછળ ટોટલ ખર્ચ કેટલો કરેલ છે તો ૭ કરોડ ૩૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ૧૨,૬૮૪ નામંજૂર કરવામાં આવેલી અરજીઓ છે એમાં જે કારણો બતાવવામાં

આવ્યા છે એ કારણોમાં વધુ આવક હોવાથી ૨,૦૦૧ અનુસૂચિત જાતિની અરજીઓ છે, ૫૦ વિકસતિ જાતિઓની અરજીઓ છે, અગાઉ લાભ મળેલ હોવાથી ૫,૦૨૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, ૧૯ વિકસતિ જાતિઓની નામંજૂર કરવામાં આવી છે, એક જ કુટુંબની બે અરજીઓ હોય એવી ૧૫ અરજીઓ વિકસતિ જાતિની નામંજૂર કરવામાં આવી છે, ચોથું ઉંમર વધુ હોવાથી, જરૂરી અન્ય આધાર–પુરાવા ના હોવાથી ૫,૫૭૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : પતંગના ધંધાનું કાંઇ કીધું નહિ.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, માનવ ગરિમા યોજનાનો હેતુ શું છે? છેલ્લા ૨ વર્ષમાં માનવ ગરિમા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી કિટ્સ આપવામાં આવી છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજનાનો હેતુ ગરીબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક રીતે પછાત વર્ગના લોકોનું જીવન ધોરણ ગરિમા પૂર્ણ રીતે જીવી શકે અને જાતે જ નાના વ્યવસાયો દ્વારા સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે અને આર્થિક રીતે આત્મનિર્ભર બને એવી ઉત્તમ માનવ ગરિમા યોજના હેઠળ ઉક્ત વર્ગના લોકોને સ્વરોજગારી શરૂ કરવા માટે સાધનો તથા ઓજારો સ્વરૂપે આની સહાય કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ તાલુકાવાઇઝ પ્રશ્ન પૂછયો છે ત્યારે દસક્રોઇમાં અનુસૂચિત જાતિની ૨૮૭ અરજીઓ મળી, વિકસતિ જાતિની ૧૬૦ અરજીઓ મળી, કુલ ૪૪૭ અરજીઓ મળી. માંડલમાં ૧૦૨ અરજીઓ અનુસૂચિત જાતિની મળી, ૧૬૦ વિકસતિ જાતિની મળી, કુલ ૨૬૨ અરજીઓ મળી. વિરમગામમાં ૨૦૦ અરજીઓ મળી, વિકસતિ જાતિની ૨૮૦ મળી કુલ ૪૮૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. દેત્રોજમાં અનુસૂચિત જાતિની ૮૭ અરજીઓ મળી અને ૧૬૦ કુલ ૨૪૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ધંધૂકામાં ૧૮૪ અનુસૂચિત જાતિની અને ૨૪૦ વિકસતિ જાતિની અરજીઓ કુલ ૪૨૪ અરજીઓ મળી. ધોલેરામાં ૬૦ અરજીઓ અનુસૂચિત જાતિની અને ૧૬૦ વિકસતિ જાતિની અરજીઓ કુલ ૨૨૦ અરજીઓ મળી. ધોળકામાં ૨૦૦ અને વિકસતિ જાતિની ૨૮૦ કુલ ૪૮૦ અરજીઓ મળી. સાણંદમાં ૩૪૪ અને અનુસૂચિત જાતિની અને વિકસતિ જાતિની ૨૪૦ કુલ ૫૮૪ અરજીઓ મળી. બાવળામાં ૩૮૯, ૧૬૦ કુલ ૫૪૯ અરજીઓ મળી. અમદાવાદ સીટીમાં ૭૨૧૨ અનુસૂચિત જાતિની અને ઓ.બી.સી.ની ૮૮૦, કુલ ૮૦૯૨ અરજી મળી અને મંજૂર કરવામાં આવી છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજના ખૂબ સારી છે જે સાચા લાભાર્થીઓ છે તે આ યોજનાથી એટલા માટે વંચિત રહી જાય છે કે ભારત સરકારનો ૨૦૧૧ નો એક સોસીયલ ઇકોનોમીક સ્ટડી સરવે હતો એને આધાર ગણીને લાભાર્થીઓને લાભ અપાય છે. એને રીવાઇઝ કરીને જે લાભાર્થીઓ વંચિત રહી જાય છે એને લાભ આપવામાં આવે તો આ યોજના મોટી આશીર્વાદરૂપ પુરવાર થશે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આને અપવાદ ગણીને લાભાર્થીઓને આ લાભ આપે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નીતિનભાઇની આ સરકારે આવા ગરીબ લોકોની ખૂબ ચિંતા કરી છે અને એમાં ૧૪૨ જે કોમો આવે છે. ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. એમાં બધાનો સમાવેશ કરવામાં આવ્યો છે એટલે આનાથી કોઇ વંચિત રહેતું નથી પણ આપની જે ચિંતા છે તેની સાથે અમે સંમત છીએ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૧–૨–૨૦૧૬ થી તા. ૩૧–૧–૨૦૧૮ સુધી અમદાવાદ જિલ્લા અને અમદાવાદ શહેરમાં કેટેગરીવાઇઝ કેટલી કિંમતની અને કેટલી કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્શશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછયું છે તા. ૧–૨–૧૬ થી તા. ૩૧–૧–૧૮ સુધી અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં કેટેગરીવાઇઝ કેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું? તો અનુસૂચિત જાતિ માટે ૯૦૬૫ કીટ, ૫૪૨,૭૬,૦૦૦ ખર્ચ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ માટે ૧૩૬૦ કીટ, ૯૫,૨૦,૦૦૦ ખર્ચ, ઓ.બી.સી.૮૨ કીટ, ૫,૭૪,૦૦૦ ખર્ચ, લઘુમતિ માટે ૧૯૦ કીટ, ૧૩,૩૦,૦૦૦ અને વિચરતી વિમુકત જાતિ માટે ૧૦૮૮ કીટ, ૭૬,૧૬,૦૦૦ ખર્ચ, કુલ મળીને ૧૧,૭૮૫ લાખનું એમને ચૂકવણું કરવામાં આવ્યું છે.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરકારશ્રી દ્વારા સાધન સામગ્રીની કીટ્સ જે આપવામાં આવે છે તેની નિયત કરેલી એજન્સી મારફત ખરીદી કરવામાં આવે છે જે ઘણી નબળી કક્ષાની હોય છે જેના બદલે રોકડ સહાય ચૂકવવામાં આવે તો એની ગુણવત્તા મુજબ સારી ખરીદી શકે તો એવું કંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું જે સમયે ધારાસભ્ય નહોતો તે સમયે તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાનશ્રી સુરત જિલ્લાના મહુવા તાલુકાના તરસાલી ગામે આ યોજનાનું વિતરણ કરવા માટે આવેલા અને એમેણે એવું કીધું હતું કે આ સાધન સહાયમાં જો આપને કોઇ ક્ષતિ દેખાય તો માત્ર એક ૧૫ પૈસાનું મને પોષ્ટકાર્ડ લખજો. આજ દિન સુધીમાં કોઇ પોસ્ટકાર્ડ આવ્યું નથી. આજ દિન સુધીમાં એક ૧૫ પૈસાનું પોસ્ટકાર્ડ આવ્યું નથી અને તમામે તમામ સાધન સહાયની વસ્તુઓ સારી ગુણવત્તાવાળી મળે છે. (અંતરાય)

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પણ આમાં આટલો બધો અવાજ કેમ? ખુશી હોઇ શકે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પહેલા આ બંધ બેસતી પાઘડી પંદર પૈસાવાળી છે કે રૂપિયો મોકલતા હતા અને પંદર પૈસા પહોંચતા હતા એટલે આ ૧૫ પૈસાનું નામ આવે એટલે બધા ઉંચાનીચા થઇ જાય છે. સાહેબ, મારો સીધો પ્રશ્ન છે કે બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં સાત કરોડથી વધારે સામગ્રીનું વિતરણ થયું છે. ગરીબ કલ્યાણ મેળા દ્વારા જાહેરમાં લાભાર્થીઓને લાભો મળ્યા છે. મારે મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે આ યોજના અંતર્ગત સહાય મેળવવામાં જે લાભાર્થીની વાતચીત થઇ તો એની પાત્રતાના માપદંડ શું છે અને લાભાર્થી આપણે કઇ રીતે શોધીને નકકી કરી શકીએ?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાકેશભાઇએ પ્રશ્ન પૂછ્યો માનવ ગરિમા યોજના અંતર્ગત સહાય મેળવવાને પાત્રતાના માપદંડો શું છે? આ યોજનાનો લાભ મેળવનાર વ્યક્તિ નિયત આવક મર્યાદા ધરાવતા હોવા જોઇએ. ગ્રામ્ય વિસ્તાર માટે ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦/- ની અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી વિચરતી વિમુક્ત જાતિ માટે આ યોજનામાં કોઇ આવક મર્યાદા રાખવામાં આવેલ નથી. અરજદારે સહાય મેળવવા માટે નિયત નમૂનામાં અરજી વિકસતિ જાતિ માટે સંબંધિત જિલ્લાના નાયબ નિયામક અને સમાજ કલ્યાણ અધિકારી, અનુસૂચિત જાતિ માટે જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, પંચાયતને અરજી કરવાની હોય છે. અરજદારે નિયત અરજી ફોર્મ સાથે જાતિનું પ્રમાણપત્ર અને ગત વર્ષની આવકના પ્રમાણપત્ર સાથે અને રેશનકાર્ડની ઝેરોક્સ નકલ સાથે બીડવાનું હોય છે. આવા કુલ ૪૨ પ્રકારના વ્યવસાય માટે કીટ આપવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ૧૫ પૈસાનું પોસ્ટકાર્ડ લખવાની વાત કરી. અગાઉ ગુજરાતની બહેનોએ ઘણા બધા પોસ્ટકાર્ડ લખ્યા, જે પરત આવ્યા હતા અને ૧૫ પૈસાનું પોસ્ટકાર્ડ વેલિડ નથી. એની કિંમત પણ વધી ગઇ છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

અધ્યક્ષશ્રી : આ જે તે વખતની વાત છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. આ યોજના નીચે જે સાધન સહાય આપવામાં આવે છે, એ સંપૂર્ણપણે હલકી ગુણવત્તાની આવે છે, આવે છે અને આવે છે. કોઇ પણ હોય. દા.ત. સીવવા માટેનાં સંચા તમે આપ્યા. પછી એ લોકો આજે પણ વાપરી શકતા નથી. હું આજે ગૃહની અંદર નમ્રતાપૂર્વક કહેવા માગુ છું કે સર્વ પક્ષીય સમિતિ બનાવીને જે અત્યાર સુધીમાં સાધન સહાય આપવામાં આવી છે એની તપાસ કરવા માગીએ છીએ કે કેમ? તો સાચી હકીકતનો, વાસ્તવિકતાનો ખ્યાલ આવે. આને હળવાશથી ન લેતા ગંભીરતાથી લો. જે સહાય આપવામાં આવી છે, તે અરજદારો સારી રીતે વાપરી શકે તે પ્રકારનાં સાધનો આપવામાં આવે તે જરૂરી છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપતાની સાથે સૌ પ્રથમ એવું કહ્યું જે સમયે હું ધારાસભ્ય ન હતો, તે સમયે કાર્યક્રમમાં ગયેલો, તે સમયે પોસ્ટકાર્ડ ૧૫ પૈસાનું જ મળતું હતું. માનવ ગરિમા યોજના હેઠળ જે કોઇ સાધન સહાયની ચીજવસ્તુ આપવામાં આવે છે તે તમામે તમામ આઇ.એસ.આઇ. માર્કાની હોય છે અને આવી જો કોઇ ચોક્કસ ફરિયાદ મને આપશો તો તેની ચકાસણી કરવા હું સંમત છું.

### બનાસકાંઠા ભારે વરસાદથી નુકશાન સામે સહાય

* ૧૦૧૭૦ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુલાઇ-૨૦૧૭ માં બનાસકાંઠા જિલ્લામાં થયેલ અતિભારે વરસાદથી માનવમૃત્યુ સહાય, ગંભીર ઇજાગ્રસ્તો માટે સહાય, કપડા અને ઘરવખરી સહાય અને કુટુંબદીઠ વધારાની સહાય પશુ મૃત્યુ સહાય ચૂકવવા સરકારે તા.૨૭-૦૭-૨૦૧૭ તથા તા.૦૧-૦૮-૨૦૧૭ના રોજ ઠરાવો કર્યા છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૧૫-૦૨-૨૦૧૮ ની સ્થિતિએ ઉપરોક્ત પૈકી વડગામ, દાંતીવાડા તથા ધાનેરા તાલુકામાં કેટલી સહાય ચૂકવવાની છે અને તે બાકી રહેવાના શા કારણો છે, અને | (૨) તા.૧૫-૦૨-૨૦૧૮ ની સ્થિતિએ વડગામ, દાંતીવાડા અને ધાનેરા તાલુકામાં કોઇ સહાય ચૂકવવાની બાકી નથી. |
| (૩) તમામ બાકી સહાય વહેલામાં વહેલી કઇ તારીખ સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આપણા દેશમાં અત્યારે અગ્રેરીયન ક્રાઇસીસ બહુ ડીપ છે. આખા દેશમાં ઇન્કલુડિંગ ગુજરાતમાં ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતોએ આત્મહત્યા કરી છે. બનાસકાંઠામાં પૂર આવ્યું, એના પરિણામે જમીનોને જે નુકસાન થયું, એમાં આખા બનાસકાંઠા જિલ્લામાં

એકંદરે કેટલી જમીનોને નુકસાન થયું અને તેના રિપેરિંગ માટે આ ખેડૂતવર્ગને સહાય કરવા માટે આપણે શું વિચાર્યુ છે? અને ઓવરઓલ કેટલી જમીનોને નુકસાન થયું, તેના માટે કોઇ સ્ટડી કે સરવે આપણે કન્ડક્ટ કર્યો છે કે કેમ? જો કર્યો હોય તો તેના બેઝીસ ઉપર કેટલી સહાય એકરદીઠ આપવા માગીએ છીએ? બીજું, એકંદરે બનાસકાંઠામાં જે પણ સહાય ચૂકવાઇ, જે પણ કેશડોલ્સ અને બીજી તેમાં સમાજમાં લાગણી એ છે કે હું વડગામનો ધારાસભ્ય છું. બનાસકાંઠામાં અનેક જગ્યાએ જતો હોઉં છું કે કયાંકને ક્યાંક ભ્રષ્ટાચારની ફરિયાદ ખૂબ જોવા મળી છે, તો આવી ફરિયાદો રાજ્ય સરકાર સમક્ષ આવી હોય કે જિલ્લા કલેક્ટર તંત્ર સમક્ષ આવી હોય, જેના અનુસંધાને સરકાર શું કરવા ધારે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ તારીખ ૨૩ અને ૨૪ જુલાઇ ૨૦૧૭ના રોજ આ ગુજરાત ઉપર અતિવૃષ્ટિની ગંભીર સમસ્યા ખાસ કરીને બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઉભી થઇ હતી. પ્રજા પણ ચિંતિત હતી અને અમારી સરકાર પણ ચિંતિત હતી. આ રાજયના મુખ્યમંત્રીશ્રી જયારે માહિતી મળી તે જ મિનિટે બનાસકાંઠા અને પાટણને મદદ કરવા માટે સતત પાંચ દિવસ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સાથે, આખું સચિવાલય, આખું સચિવાલય લઇને લોકોની સહાય, મદદ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ત્યાં પહોંચ્યા. સી.એમ. સાહેબે જન્મ દિવસ, તમે સાંભળો ભાઇ. તેમણે સવાલ પૂછયો છે એટલે જવાબ આપવાનો છે કેટલા રૂપિયા ખર્ચ્યા સાંભળો.

અધ્યક્ષશ્રી : બ્રિજેશભાઇ પાછું આપણે શરૂ કરવાનું છે. બધા પ્લીઝ કોઇ અવાજ ન કરશો. શાંતિથી સાંભળો. તમને યોગ્ય લાગે તો પ્રશ્ન પૂછો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર માટે પહેલી પ્રાયોરિટી લોકોના જાનમાલ બચાવવાની હતી. ૧૮૬૮૮ લોકોને રેસક્યુ કરી બચાવવાની અમારી પ્રાયોરિટી હતી. તે બચાવ કામગીરીમાં ભારત સરકારે અને દેશના વડાપ્રધાનશ્રી ૨૫ તારીખે આવ્યા. શું શું કામ, આમાં પહેલીવાર આપણે આવું આયોજન લોકોને બચાવવા કરવું પડયું. ૫૦ જેટલી મોટરાઇઝડ બોટો, ૩૨ જેટલી એનડીઆરએફની ટીમો, ૧૭ જેટલા ચોપર હેલિકોપ્ટર પહેલીવાર આ અતિવૃષ્ટિમાં ૧૭ જેટલા ચોપર હેલિકોપ્ટર લોકોને બચાવવા માટે લાવ્યા. પહેલી કામગીરી અમારે બચાવ માટેની હતી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. આપ પહેલાં જવાબ સાંભળી લો. જિજ્ઞેશભાઇ આપ બેસી જાઓ પ્લીઝ. બ્રિજેશભાઇ આપ બેસી જાઓ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩૮૭ કરોડ રૂપિયા....

અધ્યક્ષશ્રી : આપ કોઇ ઉભા થશો નહીં પ્લીઝ. જિજ્ઞેશભાઇ આપ બેસો. જિજ્ઞેશભાઇ આપ બેસી જાઓ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, એસડીઆરએફમાં ૧૩૨૯ કરોડ, એસડીઆરએફમાં રાજય બજેટમાં ૮૧૯ કરોડ, સ્પેશ્યલ સી.એમ. સાહેબે પોતાના ફંડમાંથી એસડીઆરફએફમાં કલેઇમ ન્હોતા થતા તેના માટે વધારાની રકમ, ધારો કે બે હેકટર સુધીનાને જ લાભ મળતો હતો તેના બદલે તેનાથી વધારે ધોવાણ થયું હોય તેને પણ પૈસા આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણામંત્રીશ્રીએ પૈસાની ચિંતા કરી નથી. લોકોને બચાવવા માટે ઉદાર થઇ કેટલા પેકેજ આપ્યા, કેટલા ઠરાવો કર્યા. ૨૦૧૫નો મૂળ ઠરાવ, ૨૭–૭–૨૦૧૭એ બીજો ઠરાવ, ૨૯–૭–૨૦૧૭ એ રોજ વધારે રાહતનું પેકેજ, ૧–૮–૨૦૧૭ એ જેમ જેમ મુશ્કેલીઓ ધ્યાનમાં આવી અમારી સરકારે લોકોને મદદ કરવા માટે નિર્ણયો લેવા માંડયા.

અધ્યક્ષશ્રી : તમે શું કામ ઉભા થાઓ છો. બેસો શાંતિ રાખો. શાંતિ રાખો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : તા. ૮–૧૦–૨૦૧૭, ૧૬–૧૦–૨૦૧૭, મૂંગા પશુઓને પહેલીવાર ઘાસ માટે, ઘાસ માટે મૂંગા પશુઓ માટે લોકોને, ખેડૂતોને વગર પૈસે કેવી રીતે ઘાસ અપાય તેની વ્યવસ્થા પહેલીવાર કરી છે. જમીન ધોવાણો માટે રકમો વધારી.

અધ્યક્ષશ્રી : થોડું થોડું ધીરે, શાંતિથી જવાબ આપો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમને સાંભળવું જ નથી. મારી પાસે આંકડા છે.

અધ્યક્ષશ્રી : આપ બોલ્યે રાખો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીન ધોવાણમાં એસડીઆરફએફમાં બે હેકટરથી નીચે લાભ મળે છે. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ બે હેકટરથી વધારે નુકસાન થયું હોય તેને ૮૦ હજાર રૂપિયા આપવાના નકકી કર્યા છે. દરેકમાં....

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્નનો જવાબ આવ્યો બેસો, બેસો તો ખરા.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેશડોલ્સ, પાક નુકસાન...

અધ્યક્ષશ્રી : બેસો તમે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક આઇટમમાં જૂના જે નિયમ હતા.

અધ્યક્ષશ્રી : આપ બેસો ચાલુમાં શા માટે ઉભા થઇ જાઓ છો. આપ બેસી જાઓ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ સાત પ્રકારના નવા ઠરાવો કરીને કોઇને મુશ્કેલી ન પડે, પશુ મૃત્યુ ન થાય, એસ.ડી.આર.એફ.માં ૪ લાખ રૂપિયા મળતા હતા, પી.એમ. સાહેબે એમની મુલાકાતે આવી બે લાખ રૂપિયા પી.એમ. ફંડમાંથી આપ્યા છે. પહેલી વખત. (અંતરાય)

અતારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : બધા ઉભા કેમ થઇ જાઓ છો? અરે પણ તમે શું કરવા ઉભા થઇ જાઓ છો? બેસો પ્લીઝ, બેસો. બેસો, બેસો. બેસો, આપ બેસો. આપ બેસી જાઓ પ્લીઝ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ભ્રષ્ટાચારની વાત કરી છે તો કેશડોલ્સ સિવાય તમામ પૈસા ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફરથી આપ્યા છે. કોઇ ભ્રષ્ટાચાર થયો નથી. ડાયરેકટ બેન્ક ટ્રાન્સફરથી પૈસા આપ્યા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી આપ પણ બેસી જાઓ. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**
**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

વિભાગ દ્વારા કેન્દ્રના મંત્રાલયને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને આવકવેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે કરેલ રજૂઆત

* ૯૯૨૫ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તા.૦૮–૦૪–૨૦૧૦ અને તા.૩૦–૦૬–૨૦૧૧ ના પત્રોથી સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને આવકવેરો ભરવામાંથી મુક્તિ આપવા વિનંતી/ રજૂઆત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ આ પ્રશ્નનો ઉકેલ આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ઉકેલ ન આવેલ હોય તો રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શું પ્રયત્નો કર્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગાંધીનગર અને મહિસાગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો

* ૯૯૧૯ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે,

(૧)

| જિલ્લો | કાર્યરત છાત્રાલયોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૩૯ |
| મહિસાગર | ૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા તાલુકાઓમાં કન્યા અને કુમાર છાત્રાલયો આવેલા છે અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨)

| જિલ્લો | છાત્રાલય ધરાવતા તાલુકાની સંખ્યા | છાત્રાલય ન ધરાવતા તાલુકાની સંખ્યા |
|---|---|---|
| ગાંધીનગર | ૦૪ | ૦૦ |
| મહિસાગર | ૦૬ | ૦૦ |

(૩) વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વધારાના છાત્રાલયો સરકાર દ્વારા શરૂ કરવા શું કાર્યવાહી કરી ?

(૩) ૦૩ છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે.

---------

ખેડા જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

* ૮૬૨૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૦૧–૨૦૧૮ની | (૧) ૨,૧૫,૬૨૦. |

સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૨,૧૪,૮૨૦.

(૩) કેટલી શિષ્યવૃત્તિ રકમ ચૂકવવામાં આવી ? — (૩) રૂ.૧૨,૮૬,૬૭,૬૦૦/-.

---------

પાટણ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના

* ૮૬૦૫ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) મળેલ અરજી<br>યુગલ - ૭૬<br>સંસ્થા - ૦૫ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) મંજુર અરજી<br>યુગલ - ૭૬<br>સંસ્થા - ૦૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ચુકવેલ સહાય<br>રૂ.૮.૮૫ લાખ. |

---------

તાપી જિલ્લામાં વારસાઇ હક્કો

* ૮૭૯૮ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વ્યારા | ૧૨૪૮ |
| ડોલવણ | ૭૦૧ |
| વાલોડ | ૫૦૩ |
| સોનગઢ | ૧૬૩૧ |
| ઉચ્છલ | ૨૯૩ |
| નિઝર | ૧૮૫ |
| કુકરમુંડા | ૧૭૫ |
| કુલ | ૪૭૩૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૪૭૩૬ | ૪૩૭૩ | ૩૬૦ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નામંજુર થવાના કારણોઃ

- સીધીલીટીના વારસદાર ન હોવાથી,
- સીધીલીટીના વારસો છુપાવેલ હોવાથી,
- મૃત ખાતેદારના નામમાં તફાવત હોવાથી,
- મરણ થનારના મરણ દાખલા રજુ થયેલ ન હોવાથી,
- કબજેદાર જે ગામે રહેતા હોય તે સિવાય અન્ય

ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે

અતારાંકિત પ્રશ્નો

સ્થળોનું પેઢીનામું રજુ કરેલ હોવાથી,

- કોર્ટ કેસ ચાલુ હોવાના કારણે,
- તકરારી કેસમાં થયેલ હુકમ આધારે.

---------

નવસારી જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા

* ૮૬૫૧ શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૧૧૦–કેસો |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૦૫–કેસો |

---------

ગીર–સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

* ૮૬૨૨ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર–સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫,૭૪૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫,૭૪૫ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૫,૭૪૫ |

---------

પાટણ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના

* ૮૬૪૭ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) મળેલ અરજીઓ<br>યુગલ–૭૬<br>સંસ્થા – ૦૫ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) મંજૂર અરજી<br>યુગલ – ૭૬<br>સંસ્થા – ૦૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ચુકવેલ સહાય<br>રૂ. ૮.૮૫ લાખ |

---------

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાઓમાં કેન્દ્ર તરફથી મળેલ રકમ

* ૯૯૩૪ શ્રી સોમાભાઇ કોળી પટેલ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | મળેલ રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|
| ૧. | તાઃ–૦૧/૦૧/૨૦૧૬ થી તાઃ–૩૧/૧૨/૨૦૧૬ | ૦.૦૦ |
| ૨. | તાઃ–૦૧/૦૧/૨૦૧૭ થી તાઃ–૩૧/૧૨/૨૦૧૭ | ૦.૦૦ |
| | કુલ | ૦.૦૦ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| ક્રમ | વર્ષ | કરેલ ખર્ચ રૂ.(લાખમાં) |
|---|---|---|
| ૧. | તાઃ-૦૧/૦૧/૨૦૧૬ થી તાઃ-૩૧/૧૨/૨૦૧૬ | ૧૦૧૭.૩૬ |
| ૨. | તાઃ-૦૧/૦૧/૨૦૧૭ થી તાઃ-૩૧/૧૨/૨૦૧૭ | ૧૪૨૭.૬૯ |
| | કુલ | ૨૪૪૫.૦૫ |

- વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૦૧૪-૧૫ની બચત રૂ.૭૪૩.૧૭ લાખ અને ૨૦૧૫-૧૬માં કેન્દ્ર સરકાર તરફથી મળેલ રૂ.૧૬૫૨.૩૮ લાખ સાથે કુલ રૂ.૨૩૯૫.૫૫ લાખની ગ્રાંટ રાજ્ય સરકાર પાસે બચત હતી.
- આ બચત ગ્રાંટમાંથી તાઃ-૦૧/૦૧/૨૦૧૬થી તાઃ-૩૧/૧૨/૨૦૧૭ સુધી ખર્ચ કરેલ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા તાઃ-૩૦/૧/૧૮ સુધી રાજ્ય સરકારને આ યોજનામાં રૂ.૧૧૦૧.૫૯ લાખની નવી ગ્રાંટ આપેલ છે.

----------

## મહીસાગર જિલ્લામાં વારસાઇ હક્કો

* ૮૭૮૯ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૭૧૧ |
| ખાનપુર | ૫૩૮ |
| સંતરામપુર | ૧૧૧૨ |
| કડાણા | ૪૯૧ |
| બાલાસિનોર | ૧૦૨૪ |
| વીરપુર | ૬૫૭ |
| કુલ | ૫૫૩૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૫૫૩૩ |
| મંજૂર નોંધો | ૫૨૬૬ |
| નામંજૂર નોંધો | ૨૪૮ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩)

૧. પુરતા પુરાવા રજુ કરેલ ન હોઇ.
૨. નોટીસ બજવણી ન થયેલ હોઇ.
૩. કબજેદારમાં નામ ફેરફાર હોવાથી.
૪. પેઢીનામામાં પુત્રીના નામ દર્શાવેલ ન હોવાથી.
૫. અધુરી વિગતો હોવાથી.
૬. મરણનો દાખલો રજુ કરેલ ન હોવાથી.
૭. પેઢીનામા એગંનું સોગંદનામુ રજુ કરેલ ન હોવાથી.
૮. ગુજરનારના નામમાં વિસંગતતા હોવાથી.
૯. પેઢીનામું રજુ કરેલ ન હોવાથી.

૧૦. અટક ફેર હોવાથી.
૧૧. પેઢીનામામાં તમામ વારસદારો દર્શાવેલ ન હોવાથી.
૧૨. કોર્ટ કેસ ચાલતો હોવાથી.
૧૩. તકરારી કેસના કારણે.

---------

## સુરત જિલ્લામાં વારસાઇ હક્કો

* ૮૮૦૫ શ્રી વી. ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અડાજણ | ૨૭૫ |
| મજુરા | ૩૭૬ |
| પુણા | ૬૩ |
| કતારગામ | ૭૩ |
| ઉધના | ૧૦૩ |
| ઓલપાડ | ૧૮૬૧ |
| ચોર્યાસી | ૬૬૯ |
| કામરેજ | ૭૯૭ |
| પલસાણા | ૫૭૨ |
| માંડવી | ૧૦૬૮ |
| મહુવા | ૧૦૯૭ |
| માંગરોળ | ૧૧૦૩ |
| ઉમરપાડા | ૨૯૩ |
| બારડોલી | ૯૨૬ |
| કુલ | ૯૨૭૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૯૨૭૬ | ૮૯૩૩ | ૨૯૧ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજુર થવાના કારણોઃ

- વારસાઇ અંગેની અરજીમાં નામ–સરનામાં અધુરા હોવાના કારણે, ૧૩૫–ડી ની નોટીસ પક્ષકારોને બજેલ ન હોય,
- તકરારી કેસમાં ફેરફાર નોંધ નામંજુર કરવા નિર્ણય લેવાયેલ હોવાથી, બીજા હકકમાં મનાઇ હુકમની નોંધ હોવાથી,
- મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી, મરણના દાખલા અને ૭/૧૨ માં ખાતેદારના નામમાં વિસંગતતા હોવાથી,
(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૬૧૩૪ |
| મંજુર નોંધો | ૧૫૨૪૭ |
| નામંજુર નોંધો | ૭૮૬ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.
૧. વારસાઈ માટે જરૂરી પેઢીનામુ રજુ કરેલ ન હોઈ અથવા અધુરી વિગતે રજુ કરેલ હોય.
૨. મરણના દાખલા રજુ કરેલ ન હોય.
૩. અન્ય કોર્ટમાં કેસ ચાલુમાં હોય.
૪. જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ ન હોય.

---------

વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૭૮૦ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વલસાડ | ૨૩૪૧ |
| પારડી | ૧૩૩૦ |
| વાપી | ૬૨૨ |
| ઉમરગામ | ૭૬૫ |
| ધરમપુર | ૮૫૨ |
| કપરાડા | ૭૮૨ |
| કુલ | ૬૬૯૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામા આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૬૬૯૨ | ૬૪૩૫ | ૨૦૧ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજુર થવાના કારણોઃ
- તલાટી–કમ–મંત્રીશ્રી રૂબરૂ પેઢીનામું રજુ થયેલ ન હોવાથી.
- મરનારના મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી, દાખલા પર તલાટી–કમ–મંત્રીશ્રીની સહી ન હોવાથી.
- પેઢીનામામાં તથા સોગંદનામામાં નામો સુસંગત ન હોવાથી.
- રેવન્યુ રેકર્ડમાં તથા મરણના દાખલામાં નામનો તફાવત આવતો હોવાથી,આધાર પુરાવા રજુ થયેલ ન હોય તેમજ અપુરતા પુરાવા રજુ થવાના કારણે.

---------

મહેસાણા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા

* ૮૬૫૬ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૧) ૧૬૭

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ?

(૨) ૨૯૮૬

---------

પાટણ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૮૧૫ શ્રી કિર્તીસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામા આવી, અને

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સાંતલપુર | ૭૩૮ |
| રાધનપુર | ૫૭૮ |
| સિધ્ધપુર | ૯૯૬ |
| પાટણ | ૧૧૬૦ |
| હારીજ | ૫૩૭ |
| સમી | ૬૮૮ |
| ચાણસ્મા | ૧૨૮૦ |
| શંખેશ્વર | ૪૩૨ |
| સરસ્વતી | ૯૮૬ |
| કુલ | ૭૩૯૫ |

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૭૩૯૫ | ૭૦૦૨ | ૩૫૯ |

(૩) નામંજુર થવાના કારણોઃ

- પેઢીનામામાં વિસંગતતા તથા અધુરી વિગત હોઈ.
- મરણનો દાખલો રજૂ થયેલ ન હોઈ.
- કબજેદારના નામમાં વિસંગતતા જણાતી હોઈ.
- સાધનિક કાગળો અપુરતા હોવાથી.
- આડીલીટીના વારસદારો હોવાથી.
- આરઓઆર સાથે સુસંગત ન હોવાથી.
- નોંધ તકરારી હોવાથી, વિગેરે કારણોસર

---------

સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૯૯૩૬ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| વર્ષ | સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | |
|---|---|---|---|
| | સુરેન્દ્રનગર જિલ્લો | મોરબી જિલ્લો | કુલ |
| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૩૭ | ૦૮ | ૪૫ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨- | ૧૯ | ૦૯ | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૭ | | | |
| કુલ... | ૫૬ | ૧૭ | ૭૩ |

(૨) જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને

(૨) *પત્રક–અ અને *પત્રક–બ મુજબ.

(૩) સરકાર દ્વારા આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ અને જો હા તો કેટલી રકમની સહાય આપેલ છે ?

(૩) આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવેલ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યમાં માઈનોરીટી કમિશનની સ્થાપના

* ૧૦૧૪૧ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પ્રત્યેક રાજ્યમાં માઈનોરીટી કમિશનની રચના ફરજીયાત કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આ કમિશનની રચના કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા તો તેના કારણો શું છે, અને

(૪) આ કમિશન ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

જવાબ

(૧) ના, જી. રાજ્યમાં માઈનોરીટી કમિશનની રચના કરવી ફરજીયાત નથી.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૭૯૫ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૩૪૮૬ |
| આણંદ (શહેર) | ૯૨ |
| ઉમરેઠ | ૧૫૦૯ |
| આંકલાવ | ૧૨૫૯ |
| બોરસદ | ૨૯૦૦ |
| ખંભાત | ૨૫૧૧ |
| તારાપુર | ૮૮૧ |
| સોજીત્રા | ૧૩૧૯ |
| પેટલાદ | ૨૧૭૭ |
| કુલ | ૧૬૧૩૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામા આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૬૧૩૪ |
| મંજૂર નોંધો | ૧૫૨૪૭ |
| નામંજૂર નોંધો | ૭૮૬ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજુર કરવાના કારણઓ નીચે મુજબ છે.

૧. વારસાઈ માટે જરૂરી પેઢીનામું રજુ કરેલ ન હોઈ અથવા અધુરી વિગતે રજુ કરેલ હોય.
૨. મરણના દાખલા રજુ કરેલ ન હોય.
૩. અન્ય કોર્ટમાં કેસ ચાલુમાં હોય
૪. જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ ન હોય.

---------

## અતારાંકિત પ્રશ્નો

### આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર વિભાગ હસ્તકની કચેરીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ

* ૯૯૮૩ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ઉકત સ્થિતિએ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ.

પ ત્ર ક

| સંવર્ગ | જિલ્લો | કચેરી | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|---|
| સમાજ કલ્યાણ નિરીક્ષક | આણંદ | અ.જા.ક | ૮ | ૬ | ૨ | ૧ જગ્યા–૨૦૧૦ થી<br>૧ જગ્યા–૨૦૧૭ થી |
| | | વિ.જા.ક | ૭ | ૪ | ૩ | ૧ જગ્યા–૧□૨□૧૫ થી<br>૨ જગ્યા–૩□૪□૦૭ થી |
| | ખેડા | અ.જા.ક | ૧૦ | ૪ | ૬ | ૧ જગ્યા–૨૦૦૪ થી<br>૧ જગ્યા–૨૦૧૦ થી<br>૧ જગ્યા–૨૦૧૪ થી<br>૧ જગ્યા–૨૦૧૬ થી<br>૧ જગ્યા–૨૦૧૭ થી |
| | | વિ.જા.ક | ૯ | ૭ | ૨ | ૧ જગ્યા–૧□૨□૧૫ થી<br>૧ જગ્યા–૨૬□૯□૦૬ થી |

(૩) ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

### વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વિભાગ હસ્તકની કચેરીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ

* ૯૯૮૦ શ્રી કાંતિભાઈ સોઢા પરમાર (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ.

પ ત્ર ક

મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ઉકત સ્થિતિએ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

| સંવર્ગ | જિલ્લો | કચેરી | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|---|
| સમાજ કલ્યાણ નિરીક્ષક | વડોદરા | અ.જા.ક | ૮ | ૪ | ૪ | ૩ જગ્યા– ૨૦૧૬ થી<br>૧ જગ્યા– ૨૦૧૭ થી |
| | | વિ.જા.ક | ૪ | ૩ | ૧ | ૧□૨□૨૦૧૫ થી |
| | પંચમહાલ | અ.જા.ક | ૪ | ૨ | ૨ | ૧ જગ્યા– ૨૦૧૫ થી<br>૧ જગ્યા– ૨૦૧૭ થી |
| | | વિ.જા.ક | ૬ | ૩ | ૩ | ૧જગ્યા– ૨૬□૯□૦૬ થી<br>૧ જગ્યા– ૭□૬□૧૪ થી<br>૧ જગ્યા– ૯□૯□૧૬ થી |

(૩) ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

છોટાઉદેપુર જિલ્લામાં સ્કેન કરવામાં આવેલ જુની નોંધો

* ૯૮૬૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ગામ નમૂના નં.૬ ની જુની નોંધો ક્યા તાલુકામાં કેટલા ગામોમાં સ્કેન કરવામાં આવી છે,

(૨) ઉકત સ્કેન કરેલ નોંધો પૈકી કેટલા ગામમાં ઓન લાઈન ઉપલબ્ધ થાય છે કેટલી નોંધો ઓન લાઈન ઉપલબ્ધ થવાની બાકી છે, અને

(૩) બાકી નોંધો કેટલા સમયમાં ઓનલાઈન થશે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નીચે મુજબના તાલુકાના ગામોમાં ગામ નમુના નં.૬ ની જુની નોંધો સ્કેન કરવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | સ્કેન કરવામાં આવેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૪૫ |
| ૨ | કવાંટ | ૧૩૩ |
| ૩ | જેતપુર પાવી | ૧૨૮ |
| ૪ | બોડેલી | ૧૫૨ |
| ૫ | સંખેડા | ૧૧૮ |
| ૬ | નસવાડી | ૨૧૬ |
| | કુલ | ૮૯૨ |

(૨) કુલ ૮૯૨ ગામો પૈકી ૮૯૧ ગામોની નોંધો ઓનલાઈન ઉપલબ્ધ છે. જ્યારે જેતપુર પાવી તાલુકાના ૧ ગામની ૯૭૩ સ્કેન નોંધો ઓનલાઈન ઉપલબ્ધ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) બાકી નોંધો એક માસમાં ઓનલાઈન ઉપલબ્ધ

ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે

અતારાંકિત પ્રશ્નો

કરવામાં આવશે.

---------

સુરત અને અમદાવાદ જિલ્લામાં જનસેવા કેન્દ્રમાં આવેલ અરજીઓ બાબત

* ૮૭૬૩ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અને અમદાવાદ જિલ્લામાં ૨૦૧૭–૧૮ના વર્ષમાં જનસેવા કેન્દ્રોમાં કેટલી અરજીઓ આવી, | (૧) અમદાવાદઃ– ૫૨૭૨૧૭<br>સુરતઃ– ૨૯૧૦૧૮ |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) અમદાવાદ<br>(નિકાલ): ૪,૯૫,૦૨૦<br>(પડતર) : ૩૨,૧૯૭<br>સુરતઃ–<br>(નિકાલ): ૨૯૦૪૮૫<br>(પડતર) : ૫૩૩ |
| (૩) નિકાલનું શું આયોજન છે? | (૩) બાકી અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

---------

આણંદ જિલ્લામાં બાળ મજુરો પકડવાના પ્રયત્નો

* ૮૫૮૩ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જીલ્લામાં બાળ મજુરોને શોધી કાઢવા માટે સરકાર દ્વારા શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને | (૧) સરકારશ્રી દ્વારા નીચે મુજબના પ્રયત્નો કરવામાં આવેલ છે. |

- જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને રચાયેલ જિલ્લા ટાસ્ક ફોર્સ સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી સાથે સંકળાયેલ સરકારશ્રીના વિવિધ વિભાગોના જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ સભ્ય છે.
- ટાસ્ક ફોર્સ સમિતિના માર્ગદર્શન હેઠળ દર માસે રેડ કરી બાળ શ્રમયોગીઓને કામના સ્થળેથી મુક્ત કરાવવામાં આવે છે.
- આવા મુક્ત કરાવેલ બાળ શ્રમયોગીઓનું શૈક્ષણિક પુનઃવસન તેમજ તેના માતા–પિતાનું આર્થિક પુનઃવસન કરવામાં આવે છે.
- જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં ૨૦ રેડ અને વર્ષ ૨૦૧૭માં ૧૪ રેડ કરવામાં આવી.
- રેડ ઉપરાંત સરકારી શ્રમ અધિકારીશ્રીઓ મારફત નિરીક્ષણો પણ કરવામાં આવે છે.
- બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી અંતર્ગત થયેલ કામગીરીની જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા અને રાજ્ય કક્ષાએ શ્રમ આયુક્તશ્રી દ્વારા સમીક્ષા કરવામાં આવે છે.

| વિગત | વર્ષ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૧૬ | ૨૦૧૭ | |
| રેડની સંખ્યા | ૨૦ | ૧૪ | ૩૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) વર્ષવાર કેટલા બાળમજુરો શોધી કાઢવામાં | (૨) વર્ષવાર મુક્ત કરેલ બાળમજુરો અને બાળમજુરોને |

આવ્યા, બાળ મજુરોને કામે રાખનાર સામે શા પગલાં લેવામાં આવ્યા?

કામે રાખનાર સામે નામદાર કોર્ટમાં દાખલ કરેલ ફોજદારી કેસોની સંખ્યાઃ

| વર્ષ | બાળશ્રમયોગીની સંખ્યા | સંસ્થાઓની સંખ્યા | ફોજદારી કેસોની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૦૩ | ૦૨ | ૦૨ |
| ૨૦૧૭ | ૦૭ | ૦૨ | ૦૨ |
| કુલ | ૧૦ | ૦૪ | ૦૪ |

---------

મુંદ્રા અને માંડવી તાલુકામાં મેરીટાઇમ બોર્ડ માટે ફાળવેલ પડતર જમીન

* ૧૦૧૮૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુંદ્રા અને માંડવી તાલુકામાં સરકારી પડતર જમીન મેરીટાઇમ બોર્ડ તેમજ મુંદ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) અંશતઃ સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલી જમીનો કોને, કયા ભાવે વેચાણથી કે ભાડાપટ્ટે આપવામાં આવી, અને

(૨) *પત્રક ‘અ’ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે સરકારને કેટલી આવક થઈ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

પાટણ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૮૧૧ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સાંતલપુર | ૭૩૮ |
| રાધનપુર | ૫૭૮ |
| સિધ્ધપુર | ૯૯૬ |
| પાટણ | ૧૧૬૦ |
| હારીજ | ૫૩૭ |
| સમી | ૬૮૮ |
| ચાણસ્મા | ૧૨૮૦ |
| શંખેશ્વર | ૪૩૨ |
| સરસ્વતી | ૯૮૬ |
| કુલ | ૭૩૯૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામા આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૭૩૯૫ | ૭૦૦૨ | ૩૫૯ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર થવાના કારણોઃ

- પેઢીનામામાં વિસંગતતા તથા અધુરી વિગત હોઈ,

- ➢ મરણનો દાખલો રજૂ થયેલ ન હોઈ,
- ➢ કબજેદારના નામમાં વિસંગતતા જણાતી હોઈ,
- ➢ સાધનિક કાગળો અપુરતા હોવાથી,
- ➢ આડીલીટીના વારસદારો હોવાથી,
- ➢ આરઓઆર સાથે સુસંગત ન હોવાથી,
- ➢ નોંધ તકરારી હોવાથી, વિગેરે કારણોસર

---------

આણંદ જિલ્લામાં વારસાઈ હક્કોની અરજીઓ

* ૮૭૯૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૩૪૮૬ |
| આણંદ (શહેર) | ૯૨ |
| ઉમરેઠ | ૧૫૦૯ |
| આંકલાવ | ૧૨૫૯ |
| બોરસદ | ૨૯૦૦ |
| ખંભાત | ૨૫૧૧ |
| તારાપુર | ૮૮૧ |
| સોજીત્રા | ૧૩૧૯ |
| પેટલાદ | ૨૧૭૭ |
| કુલ | ૧૬૧૩૪ |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૬૧૩૪ |
| મંજુર નોંધો | ૧૫૨૪૭ |
| નામંજુર નોંધો | ૭૮૬ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. વારસાઈ માટે જરૂરી પેઢીનામુ રજુ કરેલ ન હોઈ અથવા અધુરી વિગતે રજુ કરેલ હોય.
૨. મરણના દાખલા રજુ કરેલ ન હોય.
૩. અન્ય કોર્ટમાં કેસ ચાલુમાં હોય.
૪. જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ ન હોય.

---------

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા

* ૯૯૯૮ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી

જવાબ

(૧)

| દાહોદ | છોટાઉદેપુર |
|---|---|
| ૦૨ | ૦૦ |

(૨) પત્રક મુજબ

(૩) પત્રક મુજબ

ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) પત્રક મુજબ અને ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલદી ભરવામાં આવશે.

પત્રક

દાહોદ જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયો માટે મંજૂર થયેલ મહેકમની વિગત.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ કુલ જગ્યા | ભરાયેલ પૈકી | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતી | ફીક્સ પગારથી | |
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૦૨ | ૦૨ | ૦૧ | - | - |
| | કુલ | ૦૨ | ૦૨ | ૦૧ | - | - |

---------

સુરત અને નર્મદા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૧૦૦૦૯ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| વર્ષ | સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | |
|---|---|---|---|
| | સુરત જિલ્લો | નર્મદા જિલ્લો | કુલ |
| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૪૪ | ૨૯ | ૭૩ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | ૪૩ | ૨૧ | ૬૪ |

(૨) જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને

(૨) *પત્રક-અ અને *પત્રક-બ મુજબ.

(૩) સરકાર દ્વારા આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ અને જો હા તો કેટલી રકમની સહાય આપેલ છે ?

(૩) આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવેલ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

પાટણ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૮૧૩ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સાંતલપુર | ૭૩૮ |
| રાધનપુર | ૫૭૮ |
| સિધ્ધપુર | ૯૯૬ |
| પાટણ | ૧૧૬૦ |
| હારીજ | ૫૩૭ |
| સમી | ૬૮૮ |
| ચાણસ્મા | ૧૨૮૦ |

| | |
|---|---|
| શંખેશ્વર | ૪૩૨ |
| સરસ્વતી | ૯૮૬ |
| કુલ | ૭૩૯૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૭૩૯૫ | ૭૦૦૨ | ૩૫૯ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર થવાના કારણોઃ

- પેઢીનામામાં વિસંગતતા તથા અધુરી વિગત હોઈ,
- મરણનો દાખલો રજૂ થયેલ ન હોઈ,
- કબજેદારના નામમાં વિસંગતતા જણાતી હોઈ,
- સાધનિક કાગળો અપુરતા હોવાથી,
- આડીલીટીના વારસદારો હોવાથી,
- આરઓઆર સાથે સુસંગત ન હોવાથી,
- નોંધ તકરારી હોવાથી, વિગેરે કારણોસર.

---------

વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૭૮૧ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વલસાડ | ૨૩૪૧ |
| પારડી | ૧૩૩૦ |
| વાપી | ૬૨૨ |
| ઉમરગામ | ૭૬૫ |
| ધરમપુર | ૮૫૨ |
| કપરાડા | ૭૮૨ |
| કુલ | ૬૬૯૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૬૬૯૨ | ૬૪૩૫ | ૨૦૧ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજુર થવાના કારણોઃ

- તલાટી–કમ–મંત્રીશ્રી રૂબરૂ પેઢીનામું રજુ થયેલ ન હોવાથી.
- મરનારના મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી, દાખલા પર તલાટી–કમ–મંત્રીશ્રીની સહી ન હોવાથી.
- પેઢીનામામાં તથા સોગંધનામામાં નામો સુસંગત ન હોવાથી.
- રેવન્યુ રેકર્ડમાં તથા મરણના દાખલામાં નામનો તફાવત આવતો હોવાથી, આધાર પુરાવા રજુ

થયેલ ન હોય તેમજ અપુરતા પુરાવા રજુ થવાના કારણે.

---------

કચ્છ અને પાટણ જિલ્લામાં કર્મચારીઓને પ્લોટ

* ૧૦૧૬૯ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૦૧−૨૦૧૮ની સ્થિતિએ કચ્છ અને પાટણ જીલ્લાના કર્મચારીઓને ફાળવવામાં આવેલ રહેણાંકના પ્લોટોને નવી શરતોમાંથી જુની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ કલેક્ટરશ્રીઓની કચેરી, જીલ્લા મુલ્યાંકન સમિતિની કચેરીઓમાં પડતર છે, | (૧) કચ્છ જિલ્લામાં કુલ − ૧૩ અરજીઓ કલેક્ટર કચેરી ખાતે પડતર છે અને પાટણ જીલ્લામાં એક પણ અરજી કલેક્ટર કચેરી ખાતે પડતર નથી. જ્યારે કચ્છ અને પાટણ જિલ્લામાં એક પણ અરજી જિલ્લા મુલ્યાંકન સમિતિની કચેરીઓમાં પડતર નથી. |
| (૨) આ અરજીઓ ક્યારથી પડતર છે, પડતર રહેવાનાં કારણો શા છે, અને | (૨) કચ્છ જિલ્લામાં આ અરજીઓ તા.૦૨−૧૧−૨૦૧૭થી પડતર છે જે હાલ શરતભંગ અંગેની ચકાસણી હેઠળ હોવાના કારણોસર પડતર છે જ્યારે પાટણ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

ભાવનગર અને ગીર−સોમનાથ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૯૯૭૧ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને ગીર−સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| વર્ષ | સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | |
|---|---|---|---|
| | ભાવનગર જિલ્લો | ગીર−સોમનાથ જિલ્લો | કુલ |
| તા.૧−૧−૨૦૧૬ થી તા.૩૧−૧૨−૨૦૧૬ | ૨૮ | ૧૧ | ૩૯ |
| તા.૧−૧−૨૦૧૭ થી તા.૩૧−૧૨−૨૦૧૭ | ૧૭ | ૦૯ | ૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને | (૨) *પત્રક−અ અને *પત્રક−બ મુજબ. |
| (૩) સરકાર દ્વારા આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ અને જો હા તો કેટલી રકમની સહાય આપેલ છે ? | (૩) આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવેલ નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

નિયામક, વિકસતી જાતિ દ્વારા શિક્ષણ સહાય

* ૧૦૧૧૬ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી નિયામક, વિકસતી જાતિ મારફતે પુરી પાડવામાં આવતી શિક્ષણ સહાયની જુદી જુદી યોજનામાં યોજનાવાર | (૧) હા, જી. |

લાભાર્થીની આવક મર્યાદા અલગ અલગ છે તે હકિકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ વિસંગતતા દૂર કરવાનું શું આયોજન છે? — (૨) હાલ કોઇ આયોજન નથી.

---------

જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં ફળઝાડ માટે જમીન

* ૧૦૦૩૯ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષવાર, તાલુકાવાર કેટલા વ્યક્તિઓને ફળઝાડ માટે કેટલી જમીન અપાયેલ છે, | (૧) શૂન્ય. |
| (૨) સાંથણીમાં મળતી જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે તે મુજબ ફળઝાડ માટે ફાળવેલ જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે કે કેમ, | (૨) ના જી. |
| (૩) જો ના, તો તેના કારણો શું છે? | (૩) આ અંગે કોઇ નીતિ/જોગવાઇ નથી. |

---------

સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા

* ૯૯૩૯ શ્રી ઋત્વિકભાઇ મકવાણા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | (૧) સુરેન્દ્રનગર ૫<br>મોરબી ૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે, | (૨) અને (૩) સામેલ પત્રક મુજબ |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને | |
| (૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે. |

<u>પત્રક</u>

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ છાત્રાલયોના મહેકમની વિગત.

| ક્રમ | જગ્યાનું નામ (સંવર્ગ) | મંજુર જગ્યા | કુલ ભરાયેલ | ભરાયેલ જગ્યા | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતી | ફીક્સ પગારથી | |
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ | ૨ | ૦ | ૦ | ૩ |
| ૨ | કલાર્ક | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | વર્ગ–૪ | ૧૦ | ૧૦ | ૩ | ૦ | ૦ |
| | કુલ | ૧૬ | ૧૨ | ૩ | ૦ | ૪ |

મોરબી જિલ્લામાં આવેલ છાત્રાલયોના મહેકમની વિગત.

| ક્રમ | જગ્યાનું નામ (સંવર્ગ) | મંજુર જગ્યા | કુલ ભરાયેલ | ભરાયેલ જગ્યા | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતી | ફીક્સ પગારથી | |
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨ | કલાર્ક | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | વર્ગ–૪ | ૬ | ૬ | ૩ | ૦ | ૦ |
| | કુલ | ૯ | ૮ | ૩ | ૦ | ૧ |

---------

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### જુના ૭/૧૨ને ઓનલાઈન કરવાનું આયોજન

* ૮૭૭૨ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જુના ૭/૧૨ને ઓનલાઈન કરવાનું ૨૦૧૭–૧૮ના વર્ષમાં કોઇ આયોજન વિચારેલ છે, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો શું આયોજન કરવામાં આવેલ છે? | (૨) ગામ નમૂના નં. ૭/૧૨ની જૂની હસ્તલિખિત નોંધોને સ્કેન કરવા માટે વર્ષ ૨૦૧૮–૧૯ના અંદાજપત્રમાં પ્રાથમિક તબક્કે રૂ.૧૦ કરોડની નવી બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે. |

---------

### મહિસાગર જિલ્લામાં વારસાઇ હક્કો

* ૮૭૯૧ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૭૧૧ |
| ખાનપુર | ૫૩૮ |
| સંતરામપુર | ૧૧૧૨ |
| કડાણા | ૪૯૧ |
| બાલાસિનોર | ૧૦૨૪ |
| વીરપુર | ૬૫૭ |
| કુલ | ૫૫૩૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૫૫૩૩ |
| મંજૂર નોંધો | ૫૨૬૬ |
| નામંજૂર નોંધો | ૨૪૮ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩)

૧. પુરતા પુરાવા રજુ કરેલ ન હોઇ.

૨. નોટીસ બજવણી ન થયેલ હોઇ.

૩.કબજેદારમાં નામ ફેરફાર હોવાથી.

૪. પેઢીનામામાં પુત્રીના નામ દર્શાવેલ ન હોવાથી.

૫.અધુરી વિગતો હોવાથી.

૬.મરણનો દાખલો રજુ કરેલ ન હોવાથી.

૭.પેઢીનામા અંગેનું સોગંદનામુ રજુ કરેલ ન હોવાથી.

૮.ગુજરનારના નામમાં વિસંગતતા હોવાથી.

૯.પેઢીનામું રજુ કરેલ ન હોવાથી.

૧૦. અટક ફેર હોવાથી.

૧૧.પેઢીનામામાં તમામ વારસદારો દર્શાવેલ ન હોવાથી.

૧૨. કોર્ટ કેસ ચલતો હોવાથી.

૧૩. તકરારી કેસના કારણે.

---------

### મહેસાણા જિલ્લામાં સમાજ સુરક્ષા હસ્તકની બહેરા–મુંગાની શાળાઓ

* ૮૫૯૮ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને | (૧) પાટણ – ૦ (શૂન્ય) |

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| મહેસાણા જિલ્લામાં સમાજ સુરક્ષા હસ્તકની બહેરા–મુંગા શાળાઓ કેટલી આવેલી છે, | મહેસાણા – ૧ |
| (૨) ઉક્ત શાળાઓમાં કેટલા શિક્ષકોની જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ભરાયેલ જગ્યાઓ : ૦૮<br>ખાલી જગ્યાઓ : ૦૨ |
| (૩) ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કાયમી ભરાયેલ છે, કેટલી કરાર આધારિત કે હંગામી ધોરણે ભરાયેલ છે, અને | (૩) કાયમી ભરાયેલ જગ્યાઓ : ૦૫<br>કરાર આધારિત કે હંગામી ધોરણે ભરાયેલ જગ્યાઓ : ૦૩ |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) મદદનીશ શિક્ષકની કુલ–૩૦ જગ્યા સીધી ભરતીથી ભરવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માગણા પત્રક મોકલી આપવામાં આવેલ છે. ત્યારબાદની કાર્યવાહી મંડળે કરવાની રહે છે. |

---------

### રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણા નિગમને ચૂકવવાની થતી લોનનું વ્યાજ માફ કરવા બાબત

* ૯૯૧૭ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમની રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણા નિગમ, નવી દિલ્હીને ચુકવવાની થતી બાકી લોનનું વ્યાજ માફ કરવા બાબતે રાજ્ય સરકારના મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા દ્વારા તા.૧૪–૧૨–૨૦૧૧ના પત્રથી ભારત સરકારના માન. અલ્પસંખ્યક કાર્ય મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આ પ્રશ્નનો ઉકેલ આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી |
| (૩) જો ઉકેલ ન આવેલ હોય તો રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પ્રયત્નો કર્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા

* ૯૯૪૩ શ્રી પ્રવિણભાઇ મુસડિયા (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | .. (૧) જામનગર ૦૫, દેવભૂમિ દ્વારકા ૦૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે, | (૨) પત્રક મુજબ |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને | (૩) પત્રક મુજબ |
| (૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) પત્રક મુજબ અને ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલદી ભરવામાં આવશે. |

<u>પત્રક</u>

(૧) જામનગર જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયો માટે મંજૂર થયેલ મહેકમની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ | ભરાયેલ કુલ | ભરાયેલ પૈકી | ખાલી |
|---|---|---|---|---|---|

તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| | | જગ્યા | જગ્યા | સીધી ભરતીથી | ફીક્સ પગારથી | જગ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) | ૦૫ | ૦૧ | – | – | ૦૪ |
| ૨ | કલાર્ક | ૦૧ | ૦૧ | – | ૦૧ | – |
| ૩ | વર્ગ–૪ | ૦૨ | ૦૨ | ૦૨ | – | – |
| | કુલ | ૦૮ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૪ |

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયો માટે મંજૂર થયેલ મહેકમની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ કુલ જગ્યા | ભરાયેલ પૈકી | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતીથી | ફીક્સ પગારથી | |
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) | ૦૨ | ૦૨ | ૦૧ | – | – |
| | કુલ | ૦૨ | ૦૨ | ૦૧ | – | – |

---------

પાટણ જિલ્લામાં વારસાઇ હક્કો

* ૮૮૧૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સાંતલપુર | ૭૩૮ |
| રાધનપુર | ૫૭૮ |
| સિધ્ધપુર | ૯૯૬ |
| પાટણ | ૧૧૬૦ |
| હારીજ | ૫૩૭ |
| સમી | ૬૮૮ |
| ચાણસ્મા | ૧૨૮૦ |
| શંખેશ્વર | ૪૩૨ |
| સરસ્વતી | ૯૮૬ |
| કુલ | ૭૩૯૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામા આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૭૩૯૫ | ૭૦૦૨ | ૩૫૯ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર થવાના કારણોઃ

- પેઢીનામામાં વિસંગતતા તથા અધુરી વિગત હોઇ,
- મરણનો દાખલો રજૂ થયેલ ન હોઇ,
- કબજેદારના નામમાં વિસંગતતા જણાતી હોઇ,
- સાધનિક કાગળો અપુરતા હોવાથી,
- આડીલીટીના વારસદારો હોવાથી,
- આરઓઆર સાથે સુસંગત ન હોવાથી,
- નોંધ તકરારી હોવાથી, વિગેરે કારણોસર

---------

કચ્છ જિલ્લાના દરીયા કિનારે સરકારી જમીન ભાડાપટ્ટે/વેચાણ આપવા

* ૯૯૦૯ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં મુન્દ્રા-માંડવી વિસ્તારના દરીયા કિનારે બંદરીય વિકાસ, મીઠાના અગરો, પ્રવાસન તેમજ અન્ય હેતુ માટે ખાનગી એકમો/વ્યક્તિઓ અને મેરીટાઇમ બોર્ડને ઔધોગિક હેતુ માટે સરકારી જમીનો ભાડાપટ્ટે કે વેચાણ આપેલ છે તે હકીકત સાચી છે.

(૧) ના, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ક્યારે અને કેટલા ભાવે કયા હેતુસર કોને ફાળવવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ જમીનોમાં ઉપયોગ/હેતુફેર સબબે કોઈ મંજુરી આપવામાં આવી હોય તો મંજુરી મેળવનાર પાસેથી છેલ્લા બે વર્ષમાં પ્રિમિયમ કે ભાવ તફાવતની રકમ કેટલી રકમ મળેલ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વડોદરા અને ભરૂચ જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા

* ૧૦૦૦૪ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૧) વડોદરા ૦૬, ભરૂચ ૦૦

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) પત્રક મુજબ

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતીથી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૩) પત્રક મુજબ

(૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) પત્રક મુજબ અને ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે.

પત્રક

(૧) વડોદરા જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયો માટે મંજૂર થયેલ મહેકમની વિગત.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ કુલ જગ્યા | ભરાયેલ પૈકી | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતીથી | ફીક્સ પગારથી | |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૦૨ | - | - | - | ૦૨ |
| ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૦૬ | ૦૫ | - | - | ૦૧ |
| ૩ | કલાર્ક | ૦૨ | ૦૨ | - | - | - |
| ૪ | વર્ગ-૪ | ૦૨ | ૦૨ | ૦૧ | - | - |
| | કુલ | ૧૨ | ૦૯ | ૦૧ | - | ૦૩ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો

* ૯૯૧૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સામાજિક અને શૈક્ષણિક

(૧)

| જિલ્લો | કાર્યરત છાત્રાલયોની |
|---|---|

રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે,

| | સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૪૧ |
| સાબરકાંઠા | ૪૯ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા તાલુકાઓમાં કન્યા અને કુમાર છાત્રાલયો આવેલા છે અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨)

| જિલ્લો | છાત્રાલય ધરાવતા તાલુકાની સંખ્યા | છાત્રાલય ન ધરાવતા તાલુકાની સંખ્યા |
|---|---|---|
| અરવલ્લી | ૦૬ | ૦૦ |
| સાબરકાંઠા | ૦૭ | ૦૧ |

(૩) વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ ઉક્ત સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં વધારાના છાત્રાલયો સરકાર દ્વારા શરૂ કરવા શું કાર્યવાહી કરી?

(૩) ૦૩ છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે.

---------

આણંદ જિલ્લામાં વારસાઈ હક્કો

* ૮૭૯૪ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૩૪૮૬ |
| આણંદ (શહેર) | ૯૨ |
| ઉમરેઠ | ૧૫૦૯ |
| આંકલાવ | ૧૨૫૯ |
| બોરસદ | ૨૯૦૦ |
| ખંભાત | ૨૫૧૧ |
| તારાપુર | ૮૮૧ |
| સોજીત્રા | ૧૩૧૯ |
| પેટલાદ | ૨૧૭૭ |
| કુલ | ૧૬૧૩૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામા આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૬૧૩૪ |
| મંજુર નોંધો | ૧૫૨૪૭ |
| નામંજુર નોંધો | ૭૮૬ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) વારસાઇ માટે જરૂરી પેઢીનામુ રજુ કરેલ ન હોઈ અથવા અધુરી વિગતે રજુ કરેલ હોય.
(૨) મરણના દાખલા રજુ કરેલ ન હોય.
(૩) અન્ય કોર્ટમાં કેસ ચાલુમાં હોય.
(૪) જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ ન હોય.

---------

ભરૂચ જિલ્લામાં પવનચક્કીના હેતુ માટે ફાળવેલ જમીન

* ૮૬૬૦ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવનચક્કીના હેતુ માટે કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવનચક્કીના હેતુ માટે કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) ક્યા ભાવે જમીન ફાળવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં શરતભંગ થવાની ફરિયાદો

* ૯૯૯૦ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જમીનોમાં શરતભંગ થવા અંગેની ફરિયાદો સરકારને મળી,

(૧)

- ખેડા જિલ્લામાં જમીનોમાં શરતભંગ અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી.
- અમદાવાદ

| તાલુકો | જમીનનું ક્ષે. (ચો.મી.) |
|---|---|
| ઘાટલોડીયા | ૧૦–૪૪–૩૨ |
| સાબરમતી | ૦–૪૯–૩૧ |
| વેજલપુર | ૩–૭૦–૮૮ |
| દશક્રોઈ | ૪–૦૦–૧૫ |
| સાણંદ | ૦–૨૩–૭૮ |
| વટવા | – |
| અસારવા | – |
| મણીનગર | – |
| વિરમગામ | – |
| માંડલ | – |
| દેત્રોજ | – |
| ધોળકા | – |
| બાવળા | – |
| ધંધુકા | – |
| ધોલેરા | – |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનો સરકારી પડતર દાખલ કરવામાં આવી તથા કેટલી સરકારી પડતર જમીનના કબજા સરકાર દ્વારા લેવામાં આવ્યા?

(૨)

- ખેડા જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
- અમદાવાદ

| સરકારી પડતર દાખલ કરેલ જમીનનું ક્ષે.(ચો.મી.) | સરકાર દ્વારા કબજો લેવામાં આવેલ જમીનનું ક્ષે.(ચો.મી.) |
|---|---|
| ૦–૨૩–૭૮ | – |

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ

* ૯૯૨૩ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી,

(૧) * પત્રક ૧ મુજબ

(૨) તે પૈકી કેટલી જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને

(૨) * પત્રક ૨ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને પ્રિમિયમ પેટે કેટલી આવક થઈ?

(૩) અમદાવાદ : રૂ. ૧૧૫,૧૨,૩૦,૫૨૦ /–
ગાંધીનગર : રૂ. ૩૯,૦૫,૭૯,૭૪૭ /–

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને સહાય ચુકવવા બાબત

* ૮૫૫૪ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર અતિવૃષ્ટિના કારણે નિષ્ફળ ગયેલ પાકની કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે અને ક્યાં સુધીમાં તે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં અતિવૃષ્ટિના કારણે કોઈ નુકશાન થયેલ ન હોઈ સહાય ચુકવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે વર્ષ–૨૦૧૭માં થયેલ નુકશાન અને ચૂકવણી અંગેની વિગતો નીચે મુજબ છે.

વર્ષ – ૨૦૧૭

| અનુ. | તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૫૦૪૨ | ૬૮૦.૫૧ |
| ૨ | ચુડા | ૨૩૧૮ | ૧૬૦.૫૭ |
| ૩ | પાટડી | ૧૬૨૭૬ | ૨૧૦૯.૨૨ |
| ૪ | ધ્રાંગધ્રા | ૫૫૮૧ | ૭૮૩.૬૯ |
| ૫ | લખતર | ૪૯૯૨ | ૫૧૪.૩૯ |
| ૬ | લિંબડી | ૧૧૨૧૭ | ૧૩૫૧.૬૧ |
| ૭ | મુળી | ૫૩૩૦ | ૪૯૫.૭૩ |
| ૮ | સાયલા | ૩૦૬૪ | ૩૦૫.૩૭ |
| ૯ | થાનગઢ | ૧૩૬૬ | ૧૮૭.૪૩ |
| ૧૦ | વઢવાણ | ૭૩૭૮ | ૭૪૫.૨૩ |
| | કુલ | ૬૨૫૬૪ | ૭૩૩૩.૭૪ |

(૨) કોઈ ખેડૂતોને પાક નુકશાનીના ચુકવણા કરવાના બાકી રહેલ નથી.

---------

### ગાંધીનગર તાલુકામાં આંબેડકર આવાસ યોજના

* ૧૦૧૬૫ શ્રી સી. જે. ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને પ્લોટ ફાળવણી કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત બાબતે કેટલા લાભાર્થીને સનદ આપવામાં આવી છે અને કેટલા લાભાર્થી બાકી રહ્યા છે ?

**જવાબ**

(૧) ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને પ્લોટ ફાળવવામાં આવતા નથી, પરંતુ આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાબાર્થીઓને વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજકોટ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ

*૧૦૦૭૧ શ્રી કુંવરજીભાઇ બાવળીયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં વિકલાંગો (દિવ્યાંગો)ને શિષ્યવૃતિ આપવાની યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી અને

**જવાબ**

(૧) ૫૩૨

(૨) તે અન્વયે ૫૧૪ અરજીઓ મંજૂર કરી કુલ

કેટલી રકમની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી,

૩.૭,૫૯,૫૦૦/- (અંકે રૂપિયા સાત લાખ ઓગણસાઈઠ હજાર પાંચસો પુરા) ની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી.

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શું છે, અને

(૩) કુલ ૧૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી, તેના કારણો નીચે મુજબ છે.

| અનં | નામંજૂર કરવાના કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૪૦ ટકાથી ઓછા ગુણ હોવાથી | ૧૩ |
| ૨ | વિકલાંગતા ઓછી હોવાથી | ૦૫ |
| | કુલ | ૧૮ |

(૪) કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

(૪) એક પણ અરજી પડતર નથી.

---------

શ્રમ અને રોજગાર વિભાગમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

* ૧૦૧૪૯ શ્રી વજેસિંગ પણદા (દાહોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, કેટલી બઢતીથી અને કેટલી કરાર આધારિત ભરવામાં આવી,

(૧) પત્રક-૧ સામેલ છે

(૨) કરાર આધારિત જે જગ્યાઓ ભરવામાં આવી હોય તે પૈકી સંવર્ગવાર ૬૨ વર્ષ કરતા વધુ વયના કર્મચારીઓને નિમણુંક આપવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) હા, જી. ફક્ત એક કિસ્સામાં વર્ગ-૩ના નાયબ સેક્શન અધિકારીના સંવર્ગમાં અપાયેલ છે.

(૩) જો હા, તો કરાર આધારિત નિમણુંક આપવામાં આવેલ કર્મચારી/અધિકારીની ઉમર ઉક્ત સ્થિતિએ કેટલી છે, અને

(૩) એક નિવૃત્ત નાયબ સેક્શન અધિકારીને ૬૩ વર્ષની ઉંમરે કરાર આધારિત નિમણૂંક આપવામાં આવેલ હતી, જે કરારની મુદત તા. ૨૦-૧૦-૧૭ ના રોજ પૂર્ણ થઇ ગયેલ હતી.

(૪) આવી નિમણૂંક આપવાનાં કારણો શું છે?

(૪) તત્સમયે વિભાગમાં નાયબ સેક્શન અધિકારીઓ સંવર્ગની જગ્યાઓ ઘણા મોટા પ્રમાણમાં ખાલી હતી, અને સંબંધિત નિવૃત્ત નાયબ સેક્શન અધિકારીની તંદુરસ્તી, કામના બહોળા અનુભવને ધ્યાને લઇ અનિવાર્ય કારણોસર નાયબ સેક્શન અધિકારીની જગ્યા પર સક્ષમ કક્ષાએ અનુમતિ મેળવી નિમણૂંક આપવામાં આવેલ હતી.

પત્રક-૧

| સંવર્ગ | ભરવામાં આવેલ કાયમી જગ્યાઓ | બઢતીથી ભરાયેલ જગ્યાઓ | કરાર આધારિત ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| વર્ગ-૧ | | | |
| અધિક મુખ્ય સચિવ | - | - | - |
| નાયબ સચિવ | ૨ | ૨ | - |
| ઉપ સચિવ | ૧ | ૧ | - |
| અગ્ર રહસ્ય સચિવ (ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧) | - | - | - |
| | | | |
| વર્ગ-૨ | | | |
| સેક્શન અધિકારી | ૭ | ૩ | ૪ |
| અંગ્રેજી સ્ટેનોગ્રેડ-૧ | - | - | - |
| | | | |
| વર્ગ-૩ | | | |
| નાયબ સેક્શન અધિકારી | ૧૬ | - | ૩ |

| | | | |
|---|---|---|---|
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | – | – | – |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨ | – | – | – |
| કારકુન | – | – | – |
| ઓફીસ આસીસ્ટન્ટ | ૪ | – | – |
| ડ્રાઇવર | – | – | – |
| | | | |
| વર્ગ–૪ | | | |
| હવાલદાર | – | – | – |
| નાયક | – | – | – |
| પટાવાળા | – | – | – |
| હમાલ | – | – | – |
| કુલ | ૩૦ | ૬ | ૭ |

---------

મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા

* ૯૯૧૧ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | (૧) મહેસાણા ગાંધીનગર<br>૦૭ ૦૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૨) પત્રક મુજબ |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને | (૩) પત્રક મુજબ |
| (૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) પત્રક મુજબ અને ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલદી ભરવામાં આવશે. |

પત્રક

(૧) મહેસાણા જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયો માટે મંજૂર થયેલ મહેકમની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ કુલ જગ્યા | ભરાયેલ પૈકી | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતીથી | ફીક્સ પગારથી | |
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–3) | ૦૭ | ૦૪ | – | – | ૦૩ |
| ૨ | વર્ગ–૪ | ૦૫ | ૦૫ | ૦૨ | – | – |
| | કુલ | ૧૨ | ૦૯ | ૦૨ | – | ૦૩ |

(૨) ગાંધીનગર જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયો માટે મંજૂર થયેલ મહેકમની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ કુલ જગ્યા | ભરાયેલ પૈકી | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતીથી | ફીક્સ પગારથી | |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૨) | ૦૧ | ૦૧ | – | – | – |
| ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–3) | ૦૬ | ૦૩ | – | – | ૦૩ |
| ૩ | કલાર્ક | ૦૨ | ૦૧ | – | ૦૧ | ૦૧ |
| ૪ | વર્ગ–૪ | ૧૧ | ૧૧ | ૧૧ | – | – |
| | કુલ | ૨૦ | ૧૬ | ૧૧ | ૦૧ | ૦૪ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૯૯૫૨ શ્રી ભીખાભાઇ જોષી (જુનાગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| વર્ષ | સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | |
|---|---|---|---|
| | જુનાગઢ જિલ્લો | પોરબંદર જિલ્લો | કુલ |
| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | ૩૨ | ૨૧ | ૫૩ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૧૨ | ૧૬ | ૨૮ |

(૨) જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને

(૨) *પત્રક–અ અને * પત્રક–બ મુજબ.

(૩) સરકાર દ્વારા આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ અને જો હા તો કેટલી રકમની સહાય આપેલ છે ?

(૩) આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવેલ નથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**શોકદર્શક ઉલ્લેખ**

શ્રી વિજય રૂપાણી (સભાગૃહના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દિલીપસિંહજી પ્રતાપસિંહજી દેસાઇનું તા. ૪થી માર્ચ, ૨૦૧૮ના રોજ ૮૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ દેસાઇનો જન્મ ૨૮મી જુલાઇ, ૧૯૨૯ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી દેસાઇ પહેલી ગુજરાત વિધાનસભામાં વિરમગામ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલ હતા. તેઓશ્રીને સમાજ સેવા માટે ગુજરાતના તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૦ના રોજ સન્માનપત્ર આપ્યું હતું. તેઓશ્રી ૧૦૦ થી ૧૫૦ જેટલી ગાય–ભેંસો રાખીને ખૂબ સેવા કરતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવાતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રતનજીભાઇ બાલુભાઇ પટેલનું તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૭ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૭મી જુલાઇ, ૧૯૪૩ના રોજ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના કુડાદરા ગામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ–૭ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે નવમી ગુજરાત વિધાનસભામાં અંકલેશ્વર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પરેશ ધાનાણી(વિરોધ પક્ષના નેતાશ્રીઃ) માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા આ ગૃહના બે માજી ધારાસભ્ય સ્વર્ગસ્થ શ્રી દિલીપસિંહજી પ્રતાપસિંહજી દેસાઇ અને સ્વર્ગસ્થ શ્રી રતનજીભાઇ બાલુભાઇ પટેલના અવસાન અંગે જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થ દિલીપસિંહજી પ્રતાપસિંહજી દેસાઇનું ૪થી માર્ચ, ૨૦૧૮ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. સ્વર્ગસ્થ દેસાઇ પહેલી ગુજરાત વિધાનસભામાં વિરમગામ મત વિસ્તારનું આ સન્માનનીય ગૃહમાં પ્રતિનિધિત્વ કરતા હતા. પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા હતા અને તેમણે આ ગૃહમાં સામાન્ય માણસના પ્રશ્નોને વાચા આપવા માટે સતત પ્રયાસ કર્યો હતો ત્યારે તેમની ગેરહાજરીથી આ સન્માનનીય ગૃહે અને ગુજરાતે ઉમદા સેવક ગુમાવ્યાની લાગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, સદગતના આત્માને શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રભુને પ્રાર્થના કરીએ અને એમના પરિવારજનો પર આવેલ દુઃખને સહન કરવાની પ્રભુ એમને શક્તિ આપે. આપના

મારફત એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું અને ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ ગૃહના સભ્ય સ્વર્ગસ્થશ્રી રતનજીભાઇ બાલુભાઇ પટેલનું તા. ૩૦મી ઓકટોબર, ૨૦૧૭ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. રતનજીભાઇ પટેલ ખેડૂત હતા, ખેતી વ્યવસાય સાથે જોડાયેલા હતા, તેઓે અંકલેશ્વર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી અને છેવાડાના માણસની વાતને હંમેશા આ ગૃહમાં ઉઠાવતા રહ્યા હતા. તેઓની ગેરહાજરીથી આ ગૃહે અને ગુજરાતે એક ઉમદા સેવક ગુમાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રભુને પ્રાર્થના કરીએ અને એમના પરિવારજનો પર આવેલ દુઃખને સહન કરવાની પ્રભુ એમને શકિત આપે. આપના મારફત એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું અને ગૃહના નેતાશ્રી જે શોક સંદેશો લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી સૌરભ પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દિલીપસિંહજી દેસાઇ તે અમારા એક પરિવારના બહુ વડીલ સભ્ય હતા. મારા મધરના મોટાભાઇ હતા એટલે મામા હતા. તેઓ પહેલી વિધાનસભાની અંદર સભ્ય રહ્યા હતા અને ૨૮ વર્ષની ઉંમરે યંગેસ્ટ સભ્ય તરીકે એ વખતે ગૃહની અંદર તેમણે હાજરી આપી હતી. સ્વતંત્ર ઇન્ડિપેન્ડન્ટ કેન્ડીડેટ તરીકે ઉભા હતા અને એ વખતે રૂલિંગ પાર્ટીનો દબદબો હતો છતાં પચાસ હજારથી વધારે મતની લીડથી જીતીને સભ્ય બન્યાં હતા. ખૂબ ભણેલા હતા, પબ્લિક સ્કૂલમાં ભણતર અમદાવાદમાં લીધા પછી તેઓ ગાયકવાડ પરિવારના કુટુંબીજનો રણજીતસિંહ અને સંગ્રામસિંહ જોડે તેમણે વડોદરામાંથી પણ શિક્ષણ લીધુ હતું. લંડન સ્કૂલ ઓફ ઇકોનોમીમાં પણ તેમને એડમિશન મળ્યું હતું પણ તેઓ ત્યાં પરિવારના કારણોસર જઇ શકયા ના હતા. શિક્ષણમાં ભણવાના કારણે તેઓ પાટડીની અંદર ખાસ કરીને ખૂબ શિક્ષણની અંદર રસ લીધો હતો આજે જે સુરજમલ હાઇસ્કૂલ છે કદાચ દોઢસો વર્ષ જૂની સ્કૂલ હશે તેની અંદર પણ તેમણે વર્ષો સુધી સારા શિક્ષણમાં કે લોકોનું શિક્ષણ સુધરે તે માટે સેવા આપી હતી. રોજગારીની તકો કેવી રીતે ઉભી થાય અને ખાસ કરીને વિસ્તારમાં મીઠા ઉદ્યોગમાં કે પછી કપાસમાં સૌથી મોટી જીનીંગ ફેકટરી ત્યાં રોજગારીની તકો મળે તે માટે તેમણે ઉભી કરી હતી. અને સોલ્ટમાં ખાસ કરીને પાટડી અને આડેસર વિસ્તારમાં વધારેમાં વધારે ઉદ્યોગ કેમ વધે તેમ પાટા વધારે નાંખી અને લોકોને તે વ્યવસાયમાં લાવવા માટે એ વર્ષોમાં તેમણે ખૂબ મોટું યોગદાન આપ્યું હતું. એક મહિનો જેલમાં પણ રહ્યાં હતા કાઉ–સ્લોટર અંદર તેમણે લડત લડી હતી અને ઇન્દુલાલ યાજ્ઞિકથી માંડી અને બધા લોકો જોડે તેમણે કામ કર્યુ હતું એટલે અહીંયા મોટાભાગના સભ્યનો તો જન્મ નહોતો થયો, મારો પણ જન્મ નહોતો થયો તે વખતે તેમણે ધારાસભ્યશ્રી તરીકે કામગીરી કરી હતી. જે શોકદર્શક ઉલ્લેખ ઠરાવ લાવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને તેમના પરિવારના સભ્યોને શોકની લાગણી આપ થકી પહોંચે એવી મારી વિનંતી છે.

શ્રી બ્રિજેશ મેરજા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા આદરણીયશ્રી વિજયભાઇ, વિપક્ષના નેતા આદરણીયશ્રી પરેશભાઇ અને આદરણીય સિનિયર મંત્રીશ્રી સૌરભભાઇ શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે ત્યારે હું ગૃહના એક જુનિયર સભ્ય તરીકે મારી પણ લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાટડીના ગરિમા સભર રાજવી એવા પ્રતાપસિંહજીના પ્રતાપી પુત્ર એટલે દિલીપસિંહજી. બહુ ઓછાં રાજવીઓ હતા કે પાટીદારો જેનું એક પ્રજાવત્સલ રાજવી તરીકે કામ કરતા હતા. હમણાં અહીં આદરણીયશ્રી સૌરભભાઇ દ્વારા કહેવડાવ્યું કે કપાસના ઉત્પાદન માટે એ ચિંતિત હતા. હું એનો સાક્ષી છું ખેડૂત નેતા વલ્લભભાઇ પટેલ જયારે ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ કોટન ફેડરેશનના ઉપપ્રમુખ હતા ત્યારે આ દિલીપસિંહજી તેમના પાટડી બજાણા વિસ્તારમાં કપાસ દ્વારા ખેડૂતોને ઉન્નતિ આવે એ માટે તેમના દિલમાં સતત રટણ રહેતું હતું અને કપાસ દ્વારા ખેડૂતોને વધુ ભાવ મળે તે માટે તેમણે વલ્લભભાઇ સાથે પરામર્શ કરી અને માર્કેટીંગ કર્યુ હતું એવા આ પ્રજાવત્સલ રાજવી સ્વભાવે નરમ પણ સત્ય ભલભલાને કહી દે અને સત્ય સાંભળવાની પણ તેમની એક નેમ હતી એવા સદગત દિલીપસિંહજીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શકિત આપે. સાથો સાથ અંકલેશ્વરના એક સાદા ગાંધી સેવક જેને આ ગૃહમાં કામ કરતા મેં પરોક્ષ રીતે જોયેલા છે એવા રતનસિંહભાઇ પટેલ કે જેમણે સમાજસેવા માટે ફકીરી વહોરી લીધી હતી. તેઓ પણ એક આદર્શ લોક સેવકની વિભાવના રાખીને ગયા છે ત્યારે આપણાં જાહેર જીવનના આ બે મહામૂલા માનવીઓ એક પ્રજાના પ્રતિઘોષક એવા દિલીપસિંહજી બીજા પ્રજાના ઉદઘોષક એવા રતનસિંહજીને હું મારી બેઅદબ અંજલિ આપું છું અને ગૃહ મારફત આપના થકી એમના પરિવારને આ દુઃખ સહન કરવાની પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના કરું છું.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી અને વિપક્ષના નેતાશ્રી શોક સંદેશો લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સ્વર્ગસ્થશ્રી દિલીપસિંહજી પ્રતાપસિંહજી દેસાઇ અને પૂર્વ સભ્યશ્રી રતનજીભાઇ બાલુભાઇ પટેલ તેઓનું તારીખ ૩૦–૧૦–૨૦૧૭ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ રતનજીકાકા એ મારા પિતાશ્રીના નાના ભાઇ હતા.

સ્વર્ગસ્થશ્રી રતનજીકાકાનો જન્મ ૧૭મી જુલાઇ,૧૯૪૩ના રોજ કુડાદરા, તાલુકો હાંસોટ ભરૂચ મુકામે થયેલ. તેઓશ્રી ખેતી, પંચાયત, સહકાર તેમજ સમાજસેવા સાથે સંકળાયેલા હતાં. સ્વર્ગસ્થશ્રી રતનજીકાકા સને ૧૯૯૫ થી ૧૯૯૮ સુધી અંકલેશ્વર હાંસોટ વિધાનસભાના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. જાગૃત ધારાસભ્ય તરીકે સિંચાઇના પ્રશ્નો હોય, પીવાના પાણીના પ્રશ્નો હોય આ પ્રશ્નોને પણ વાચા આપી હતી. સ્વર્ગસ્થશ્રી રતનજીકાકાએ સામાજીક અને રાજકીય ક્ષેત્રે પણ અનેક હોદ્દાઓ ઉપર રહીને સેવાઓ આપેલ છે. સૌ પ્રથમ સને ૧૯૬૫ની અંદર ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે તેમની શરૂઆત થઇ. ૧૯૭૧ની અંદર ભરૂચ જિલ્લાના જનસંઘના ઉપપ્રમુખ બન્યા. ૧૯૭૬માં જીલ્લા પંચાયતના સદસ્ય બન્યાં ૧૯૮૦ થી ૨૦૧૭ સુધી રોહિદ સેવા સહકારી મંડળીના ચેરમેન તરીકે સેવા આપી. ૧૯૯૬માં ગુજરાત એગ્રોના ચેરમેન તરીકેની સેવા આપી. હાંસોટ માર્કેટીંગ યાર્ડમાં પણ છેલ્લી બે ટર્મથી ચેરમેન તરીકેની સેવાઓ આપી. એ જ રીતે ભરૂચ અને સુરત જિલ્લાની જીવાદોરી સમાન એવી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ પંડવાઇનો પણ પાયો નાંખ્યો અને આ સુગર ફેક્ટરીના ચેરમેન તરીકે પણ તેમણે સેવા આપી. ધી યશવંતરાય પ્રોસેસીંગ એન્ડ કો.ઓપ. સોસાયટી એટલે કે હાંસોટ જીનીંગ પ્રેસીંગના પણ છેલ્લા ૨૦ વર્ષથી ચેરમેન તરીકે રહીને ત્યાં પણ સેવા આપી છે. ક્રિભકોમાં પણ જિલ્લાના પ્રતિનિધિ તરીકે સેવા આપી છે એ જ રીતે ભરૂચ જિલ્લાના જમીન વિકાસ બેન્કની અંદર સભ્ય તરીકે તેમણે સેવા આપી. દક્ષિણ ગુજરાતના કોટન ફેડરેશનના પણ સભ્ય તરીકે તેમણે સેવા આપી. મને પણ સતત તેમનું માર્ગદર્શન અને હુંફ મળતાં આવ્યા છે. સામાજીક આગેવાન અને અમારા કુટુંબના મોભી–વડીલ એવા સ્વર્ગસ્થશ્રી રતનજીકાકા એક વિરલ વ્યકિતત્વ ધરાવતા હતા જેને ગુમાવ્યા છે તેનુ દુઃખ થાય છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : ગૃહના નેતા માનનીયશ્રી વિજયભાઇ જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે અને ગૃહના વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તેને સમર્થન કરીને સૂર પૂરાવ્યો છે. માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલ અને માનનીય સભ્યશ્રી બ્રિજેશ મેરજાએ પણ આ દિલસોજીના સંદેશામાં પોતાના સૂર આપ્યા છે. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દિલીપસિંહજી પ્રતાપસિંહજી દેસાઇ પહેલી ગુજરાત વિધાનસભામાં વિરમગામ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા હતા. તેઓનું દુ:ખદ અવસાન તારીખ૪થી માર્ચ, ૨૦૧૮ના રોજ થયેલ છે. જેમને સામાજિક સેવાઓ બદલ પૂર્વ મુખ્યમંત્રી, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સન્માનપત્ર પણ આપેલ. તેવી જ રીતે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રતનજીભાઇ બાલુભાઇ પટેલ નવમી ગુજરાત વિધાનસભામાંથી અંકલેશ્વર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યા હતા. તેઓનું તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઉપરોકત બન્ને માનનીય સભ્યશ્રીઓના અવસાનથી રાજયએ ઉમદા સંનિષ્ટ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને સદગતના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પણ આપણે મોકલીએ. આપણે સૌ આપણા સ્થાન પર ઊભા રહીને બે મિનિટનું મૌન પાળીશું. (બે મિનિટ મૌન બાદ) સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર
## અવિશ્વાસની દરખાસ્ત અંગે

શ્રી પરેશ ધાનાણી(અમરેલી): માનનીય અધ્યક્ષશ્રી, ૨૮મી તારીખે ગૃહના અમારા સદસ્ય શ્રી શૈલેષભાઇએ આ સન્માનનીય ગૃહના સચિવાલય સમક્ષ નિયમ–૧૦૩ અન્વયે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી અને એ વાતની ચર્ચાને લઇને ૨૦ મી તારીખે આપ સાહેબ પાસે અમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો અને એ ચર્ચામાં ભાગ લેતા ગૃહના નેતા અને સન્માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ લાગણીસભર રીતે જે વાત વિપક્ષ સમક્ષ મૂકી હતી.

અધ્યક્ષશ્રી : આપે અત્યારે એની ચર્ચા કરવાની છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર મારી વાત મૂકી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારી ગૃહને વિનંતી છે કે, માનનીય ગૃહના નેતાએ જે વાત મૂકી હતી એને અમે પણ સકારાત્મક રીતે સ્વીકારી છે. આ બાબતમાં બંને પક્ષના ખૂબ અનુભવી વરિષ્ઠ પક્ષના આગેવાનો દ્બારા આપણને જે સંસદીય પ્રણાલી વારસામાં મળી છે એને સાથે મળીને આપણે સાચવીએ, એનું સંવર્ધન કરીએ અને આ બાબતમાં અમને પણ એવું લાગ્યું કે, એ વારસામાં મળેલ પ્રણાલીનું સંવર્ધન કરવાની સત્તાપક્ષ અને વિપક્ષ બંનેની સામૂહિક જવાબદારી છે. ગુજરાત વિધાનસભાના નિયમો સન–૧૯૬૦ના મુંબઇ પુનર્રચના અધિનિયમની કલમ–૧૮ અન્વયે મુંબઇ વિધાનસભાના જે નિયમો અમલમાં હતા તે નિયમોમાં અધ્યક્ષશ્રીએ કરેલ સુધારા અને અનુકૂલનને પાત્ર રહીને ગુજરાત વિધાનસભાને લાગુ પાડવાના હતા. અધ્યક્ષશ્રીએ કરેલ અમુક સુધારા તથા અનુકૂલન સહિતની પહેલી આવૃત્તિ ગુજરાત વિધાનસભાને ૨ જી જૂન, ૧૯૬૦ના રોજ પ્રાપ્ત થઇ હતી. મારી તો આપના મારફત આ ગૃહને વિનંતી છે કે, ગૃહ સમક્ષ જે મુદ્દાઓ ઉપસ્થિત થયા એના કારણે આ વિધાનસભાના નિયમના સંવિધાન અને પરંપરાઓને ઉંડાણપૂર્વક સમજવાની મને તક પ્રાપ્ત થઇ અને મારું અવલોકન સામે આવ્યું કે, ગૃહના નેતાએ ગૃહ સમક્ષ, વિપક્ષ સમક્ષ જે વાત કરી હતી એ વાતમાં વિપક્ષે પણ સકારાત્મક રીતે આગળ ધપવું જોઇએ. આ નિયમ–૧૦૩ એ આ પદનું વિપક્ષ તરફ ધ્યાન આકર્ષણ કરવા માટે વિપક્ષને આપેલ અધિકાર છે. એ જ રીતે આ વિધાનસભાના નિયમથી આ ગૃહનું સુચારું

સંચાલન થાય અને એમાં ક્યાંય અનિયમિતતા ઊભી થાય તો પાંચ વર્ષનો સંસદીય કાળ, પાંચ વર્ષનું બજેટ સત્ર અને એક વર્ષમાં ૩૦-૩૨ દિવસ વિધાનસભા ચાલતી હોય અને એમાંય સત્ર સમાપ્તિ સુધીનું સસ્પેન્શન એ પણ એમાં ઠરાવ્યું હતું. માનનીય ગૃહના ઉપનેતા અને કોંગ્રેસ પક્ષના ઉપનેતા આપ બંને વડીલ છો. આપને વિનંતી કરવા માટે હું ઊભો થયો છું. સાહેબ, આ ગુજરાતના ઇતિહાસમાં આજ દિવસ સુધી ક્યારેય નિયમ- ૧૦૩ નીચે અત્યાર સુધીમાં કુલ ૧૮ વાર દરખાસ્તો રજૂ કરવામાં આવી, એમાંથી ૬ વખત આવી દરખાસ્તોને દાખલ કરવા માટેની ગૃહે પરવાનગી આપી. બે વખત તો એ દરખાસ્તો ચર્ચવા માટેનો સમય પણ ગૃહે ફાળવી દીધો, પણ તેમ છતાં આજ સુધીમાં આ ગુજરાત વિધાનસભાએ આ સન્માનનીય પદ, એ પદની ગરિમા જાળવવાની બધાની સામૂહિક જવાબદારી છે. આજ દિવસ સુધી આ ગૃહમાં ક્યારેય આવી દરખાસ્તો ઉપર ચર્ચા નથી થઇ અને નવી પ્રણાલી ન પડે, સૌ સાથે મળી અને આપણા લોકશાહીના મૂલ્યોનું સંવર્ધન કરીએ એના માટે અમારા કોંગ્રેસ પક્ષના ઉપનેતા ગૃહના સન્માનનીય સદસ્યએ ૨૮મી તારીખે જે અવિશ્વાસની દરખાસ્ત નિયમ- ૧૦૩ અન્વયે દાખલ કરી હતી. એ દરખાસ્ત એમણે પરત લેવી જોઇએ એવી હું વિનંતી કરૂં છું, અને એ જ રીતે આ ગૃહના ખૂબ અનુભવી માણસ સંસદીય બાબતોના જાણકાર અને ગૃહના ઉપનેતા માનનીય નીતિનભાઇને પણ હું વિનંતી કરવા માગું છું કે સાહેબ, આ વિધાનસભા ગૃહની અંદર ૧૯૬૦થી લઇ અને આજ દિન સુધી સમગ્ર દેશમાં વિધાનસભાના નિયમો અલગ છે.

ગુજરાત એ ગાંધીજી અને સરદારનું ગુજરાત, એને જે મળેલા મૂલ્યો છે એનું સંવર્ધન કરવાનું કામ કર્યું ત્યારે મારા અભ્યાસે ધ્યાન ઉપર આવ્યું છે કે, માનનીય અધ્યક્ષશ્રી આ નિયમોમાં આપણે સૌએ બહુમતીથી નહીં સર્વાનુમતે આ ગૃહનું સુચારૂ સંચાલન ચાલે એના માટેની વ્યવસ્થા, એમાં ક્યાંય વિક્ષેપ ઉભો થાય તો કોઇ સભ્યોનું જે સંસદીય આયુષ્ય છે એમાં કેટલી સજા કરવી જોઇએ એની પણ માનનીય અધ્યક્ષશ્રી, આ સજા એટલે કાયદા ઘડનારાઓનું આ ગૃહ છે. એમાં રખેને કોઇથી ભૂલચૂક થાય તો એને સુધરવાની તક મળે. આ ચર્ચાનો ફ્લોર છે, સંવાદનો ફ્લોર છે. આની અંદર માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું હતું કે, અહીંયાં શબ્દોના બાણ ચાલશે. અહીંયાં હાથપગ ચલાવવાની પદ્ધતિને ક્યારેય હરગીજ ચલાવી શકાય નહીં અને એટલે માનનીય નીતિનભાઇ સાહેબ, ૧૯૬૦થી આજ દિવસ સુધીમાં આ ગૃહે સત્ર સમાપ્તિથી વધુ સુધી કોઇપણ સભ્યએ રખેને ભૂલ કરી હોય તો આપણે એને ઠપકો આપીએ અને ભૂતકાળમાં સત્ર સમાપ્તિ સુધી આપણે સસ્પેન્ડ કર્યા હોય તો પણ સામૂહિક રીતે ચર્ચા કરીને આવા પગલાંઓને પાછા ખેંચ્યા છે, ત્યારે આપને પણ મારી વિનંતી છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે સકારાત્મક વાત ઉભી કરી હતી એમાં અમે પણ હકારાત્મક રીતે ખૂબ મંથન કર્યું છે. પરામર્શ કર્યો છે એટલે માનનીય શૈલેષભાઇને મારી વિનંતી છે કે, ગૃહમાં ક્યારેય અવિશ્વાસની દરખાસ્ત ચર્ચાઇ નથી તો આ પરંપરાને જાળવવાની જવાબદારી સમજી અને આ અવિશ્વાસની દરખાસ્ત પરત ખેંચવી જોઇએ અને માનનીય નીતિનભાઇ વડીલ છે તો વડીલ તરીકે મારી વિનંતી છે કે આ ગૃહમાં સત્ર સમાપ્તિથી વધુ આજ દિવસ સુધી કોઇ સભ્યને સસ્પેન્શન આપવામાં નથી આવ્યું ત્યારે નવી પ્રણાલી ઉભી ન થાય એટલે આપ પણ મોટું મન રાખી અને એ મર્યાદાઓની અંદર રખેને કોઇ સભ્યોની ભૂલ થઇ હોય તો એણે ક્ષમ્ય ગણી અને આપણે એનું સસ્પેન્શન સમાપ્ત કરવા, બંને વડીલોને આ મારી લાગણી છે અને એને માન આપી સકારાત્મક રીતે આ ગૃહમાં સંસદીય પ્રણાલીઓનું સંવર્ધન કરવા માટે સમર્થન આપશે એવી વિનંતી કરું છું અને હું શૈલેષભાઇને વિનંતી કરું કે, મારી વિનંતીનો સ્વીકાર કરે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમારા નેતા પરેશભાઇ ધાનાણીએ ગૃહ સમક્ષ જે માગણી મૂકી છે અને ભૂતકાળમાં સન્માનનીય ગૃહના નેતા વિજયભાઇ રૂપાણીજીએ પણ આ માટેની લાગણી અનુભવી હતી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની તારીખ ૨૨.૩.૨૦૧૮ના રોજ પરવાનગી મેળવીને નિયમ- ૧૦૩ અન્વયેના પ્રસ્તાવને પાછો ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે એવી વિનંતી કરું છું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહે મને સર્વાનુમતે મારો પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની અનુમતિ આપી છે તે બદલ સૌ સન્માનનીય સભ્યશ્રીઓનો અને આપનો પણ આભાર માનું છું અને હું નિયમ-૧૦૩ હેઠળની મારી દરખાસ્ત પાછી ખેંચી લઉં છું.

**પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાની જે આપણી ઉજ્જવળ પરંપરા છે એ પરંપરાઓ આ સન્માનનીય ગૃહમાં અગાઉ અનેક વખત પ્રસ્થાપિત થઇ ચૂકી છે. નાના- મોટા પ્રશ્નો બને, કોઇ વિવાદ ઉભો થયો હોય કે કોઇ ગંભીર પ્રકારનો બનાવ બન્યો હોય ત્યારે સ્વાભાવિક છે કે આ ગૃહનું સંચાલન સારી રીતે થાય, સરકાર સરકારનું કામકાજ સારી રીતે કરી શકે. વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ તેમની લાગણી અને માગણી વિધાનસભામાં સારી રીતે રજૂ કરી શકે અને સરકારનું ધ્યાન દોરી શકે તેટલી અનુકૂળતા આપણા નિયમોમાં આપણી કાર્યપદ્ધતિમાં મૂકવામાં આવી છે. અને મોટા ભાગે તમામ સત્રોમાં એ કામગીરી ખૂબ સારી રીતે અધ્યક્ષશ્રીના નેતૃત્વમાં અને માર્ગદર્શનથી આ ગૃહે નિભાવી છે. પરંતુ કયારેક કોઇ એવો બનાવ બની જતો હોય છે ત્યારે સરકારે પણ અનિચ્છાએ કડક પગલાં લેવા માટે દરખાસ્ત કરવી પડતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવના દિવસે આ દરખાસ્ત રજૂ કરી હતી ત્યારે મેં અને અમારા સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ ટેકો આપ્યો હતો, અમે બન્ને એ વખતે કહેલું કે અમે દુઃખની લાગણી સાથે આ દરખાસ્ત રજૂ કરીએ

છીએ. અમે પણ જાણીએ છીએ કે પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે અહીં આવે છે તેમના વિસ્તારની માગણી અને લાગણી રજૂ કરવા માટે આવે છે. ત્યારે સ્વાભાવિક એ દિવસનો જે બનાવ આપણે બધા જાણીએ છીએ અને વિપક્ષના નેતાશ્રીએ એ બનાવ બન્યો ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ, ઉપ નેતાશ્રી શૈલેષભાઇ, ભાઇશ્રી અલ્પેશભાઇ અને પાછળ બેઠેલા બધા મિત્રો એ બનાવ ન બને અને શાંતિ સ્થપાય તે માટે સુંદર પ્રયત્નો કર્યા હતા, સમજાવટ પણ કરી હતી પણ કમનસીબે પેલી કહેવત છે ને કોઇ કાળ ચોઘડીયું લાગી જાય, કાળ ચોઘડીયું લાગી ગયું હશે એટલે ન થવાનું એ દિવસે થઇ ગયું. એ દિવસથી મુખ્યમંત્રીએ આ વિધાનસભાગૃહમાં જે લાગણી વ્યકત કરી હતી, બધા સભ્યશ્રીઓ અવારનવાર, એવું જરૂરી નથી કે બધી ચર્ચા અહીંયાં જ થાય, લોંજમાં બેઠા હોઇ એ ત્યારે સભ્યશ્રીઓ તેમની લાગણી વ્યકત કરે, આપની ચેમ્બરમાં બેઠા હોઇએ ત્યારે પણ લાગણી વ્યકત થાય. અહીંયાં રીશેષના સમયે અને વિપક્ષના મિત્રો સાથે અલપ-જલપ કરતા હોઇએ તો પણ લાગણી વ્યકત થાય. અને બધાની લાગણી પણ હતી કે આ જે ગૃહમાંથી બહાર કાઢવાનો નિર્ણય બે સભ્યશ્રીઓને ત્રણ વર્ષ માટે અને એક સભ્યશ્રીને એક વર્ષ માટે કરવામાં આવ્યો છે, તેમાં સરકાર પુનઃવિચારણા કરે. અમે પણ અમારા ભૂપેન્દ્રસિંહજી, પ્રદિપસિંહજી તેમજ ઘણા મંત્રીશ્રીઓએ કેબિનેટમાં પણ ચર્ચા કરેલી અને અમારા પક્ષના ધારાસભ્યો સાથે પણ પરામર્શ કરેલો અને એ બધાની લાગણી હતી અને સરકારને લાગ્યું કે ગુજરાતની ઉજ્જ્વળ સંસદીય પ્રણાલી વધુ ઉજ્જ્વળ બને એ માટે સૌ સંમત થાય અને અમારા બધા જ સભ્યશ્રીઓએ સંમતિ આપેલી. માનનીય વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ, ઉપ નેતા શ્રી શૈલેષભાઇ તથા દંડકશ્રી અમિતભાઇ આજે ઉપસ્થિત નથી એમણે પણ આપની ચેમ્બરમાં એક બે વખત આવીને લાગણી વ્યકત કરેલી. એ જ રીતે ડોકટર જોષીયારા જેઓ સિનિયર મોસ્ટ ધારાસભ્ય છે. બીજા સિનિયર સભ્યશ્રી પુંજાભાઇ વંશ, માનનીય સોમાભાઇ પટેલે પણ મને ફોન કરીને કહ્યું હતું કે નીતિનભાઇ આ પ્રશ્નનું સારી રીતે નિરાકરણ લાવો. ડો. સી.જે. ચાવડા પરમ દિવસે રવિવારે અમે એક કાર્યક્રમમાં સાથે હતા એમણે પણ લાગણી વ્યકત કરેલી કે આ વાતને સારી રીતે પૂર્ણ કરવી જોઇએ. આ રીતે બધાની લાગણી ધ્યાને રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને બધા મંત્રીશ્રીઓએ નિર્ણય કર્યો એ પ્રમાણે બે ધારાસભ્યશ્રીઓ શ્રી પ્રતાપભાઇ દુધાત અને માનનીય સભ્યશ્રી અમરીષભાઇ ડેરને ત્રણ વર્ષ સુધીના સસ્પેન્સનની દરખાસ્ત મેં કરી હતી એમાં સુધારો કરીને ત્રણ વર્ષના બદલે આ સત્ર સમાપ્તિ એટલે કે આવતી કાલે સમાપ્ત થાય છે ત્યાં સુધી એટલે કે સત્ર સમાપ્તિ સુધી એમને ગૃહમાં હાજર ન રહેવા દેવા એવી સુધારેલી દરખાસ્ત મૂકું છું. હવે ત્રણ વર્ષ નહિ પરંતુ આવતી કાલ સુધી આ ગૃહમાં આ બજેટ સત્ર સમાપ્ત થાય ત્યાં સુધીની દરખાસ્ત કરી છે. એ જ રીતે માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર માટે એક વર્ષની દરખાસ્ત કરી હતી એમાં હવે સુધારો કરીને એમને પણ આવતી કાલ એટલે કે આ સત્ર સમાપ્ત થાય ત્યાં સુધીની સજા માટેની સુધારેલી દરખાસ્ત આ સભાગૃહ સમક્ષ રજુ કરું છું. હું આશા રાખું છું કે આ રીતે બજેટ સત્ર એક બનાવને બાદ કરતાં સારી રીતે પૂર્ણ થયો છે. તો આપણે બધા મીઠી યાદ સાથે આ સત્ર સમાપ્ત થયા બાદ ગુજરાતની પ્રજાની સેવામાં લાગી જઇએ. આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મને મારી દરખાસ્તમાં સુધારો કરવાની અનુમતિ આપે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે સુધારેલી દરખાસ્ત લઇને આવ્યા છે, એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોતાની વાતના ઉલેખમાં કહ્યું અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ જે એમના જ પક્ષના માનનીય ધારાસભ્યશ્રી શૈલેષભાઇ અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા હતા અને ગૃહમાં જે ઘટના બની હતી આ બધાથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ સન્માનનીય સભાગૃહને અપીલ કરી હતી કે બંને પક્ષના સભ્યશ્રીઓ સાથે બેસે અને એ પ્રશ્નનું નિરાકરણ લાવે ત્યારબાદ સભાગૃહની બહાર સત્તા પક્ષ અને વિપક્ષના સભ્યશ્રીઓ એમાં માનનીય પરેશભાઇ, માનનીય શૈલેષભાઇ, માનનીય ડો. જોષીયારાજી, માનનીય પુંજાભાઇ, માનનીય સી.જે. ચાવડા, માનનીય સોમાભાઇ, માનનીય ભીખાભાઇ આ બધા જ લોકો અમે અવારનવાર એક કરતાં વધારે વખત બેઠા અને જે ઘટના બની ગઇ, બન્યા પછી આ ગૃહનું વાતાવરણ ફરીથી સારી રીતે નિર્માણ થાય અને માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ જે અપીલ કરી છે એ અપીલને આપણા બધા જ લોકોની જવાબદારી છે કે આ વસ્તુને કેન્દ્રમાં રાખીને માનનીય પરેશભાઇએ જ શરૂઆત કરીને અવિશ્વાસની દરખાસ્ત પોતાના પક્ષના ધારાસભ્યશ્રી શૈલેષભાઇ દ્વારા પરત લેવાનો પ્રસ્તાવ મૂકયો એટલે સૌથી પહેલા પરેશભાઇએ આ નિર્ણય લેવડાવ્યો છે એ માટે વિપક્ષે ઉત્તમ પ્રકારનું કામ કર્યું છે. આપણે આ ૧૪મી વિધાનસભાની અંદર બધા જ ધારાસભ્યો જયારે ચૂંટાઇને આવ્યા હતા, શપથ લીધા ત્યારે મનમાં સમણા સાથે આવ્યા કે ગુજરાતની છ સવા છ કરોડની પ્રજાનું આસ્થાનું કેન્દ્ર લોકશાહીનું મંદિર એવા ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોની રજૂઆત કરીને એના માધ્યમથી ગુજરાતને દેશ અને દુનિયાનું પ્રથમ રાજય બનાવવા માટે સામૂહિક પ્રયાસ કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ સુમેળભર્યું વાતાવરણ નિર્માણ કરવા માટે બન્ને પક્ષો માટે અને આ વખતના વિપક્ષના સભ્યોની, એમના નેતાશ્રીની એમની સકારાત્મક ભૂમિકાની પણ હું પ્રસંશા કરું છું કે પરેશભાઇએ ત્યારે જે ઘટના બની હતી ત્યારે પણ હકારાત્મક અભિગમ સાથે એ ઘટનાને રોકવા માટેનો એમનો, શૈલેષભાઇનો એમના સાથી ધારાસભ્યોનો પ્રયાસ હતો, પણ ઘટના બની. આ ગુજરાતની છ કરોડની પ્રજાના વિશ્વાસનું સ્થાન છે. આ ગરિમાપૂર્ણ સ્થાન છે. આ ગરિમાપૂર્ણ સ્થાનમાં બનેલી ઘટનાથી માત્ર એ ઘટના પૂરતું નહીં પરંતુ ગુજરાતની પ્રજાના મનની અંદર પણ આપણાં માટે આપણને જે આશયથી મોકલ્યા છે એ આશય યોગ્ય રીતે પરિપૂર્ણ કરી શકીએ એવા પ્રકારનો એક સારો મેસેજ નીકળે એટલા માટે એમણે જે કહ્યું કે ૧૮ વખત અવિશ્વાસની દરખાસ્ત દાખલ થઇ છે. એક પણ વખત ચર્ચા નથી

થઇ. એ ઉચ્ચ પરંપરા અને સંસદીય પ્રણાલિકાઓનું જતન કરવા માટે વિપક્ષ દ્વારા જે અભિગમ અપનાવવામાં આવ્યો છે અને એ અભિગમના માધ્યમથી ગુજરાતની પ્રજાને સારો સંદેશ મળશે તેને હું હૃદયપૂર્વક આવકારું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે પ્રમાણે સુધારેલો પ્રસ્તાવ લાવ્યા છે અને આ સુધારેલા પ્રસ્તાવના માધ્યમથી તેને સમર્થન સાથે ફરી એક વખત આપણે બધા સાથી ધારાસભ્યો છીએ. ગુજરાતના વિકાસની સારી તક આપણને સૌને મળેલી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ બધી જ ઘટનાઓથી ઉપર ઉઠીને હૃદયની વિશાળતાથી આનો એક સારો ઉકેલ આવે એવો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે પ્રસ્તાવ મૂકેલો છે. અમારા પક્ષે પણ માનનીય ભૂપેન્દ્રસિંહજીના નેતૃત્વમાં અમે ઓછામાં ઓછા સાત–આઠ વખત મળ્યા. અમારા માનનીય દંડકશ્રી પંકજભાઇએ સાતત્યપૂર્ણ રીતે માનનીય વિપક્ષના લોકો સાથે પોતાની અંગત મિત્રતા છે તેને એક કરીને આખા ગૃહના વાતાવરણનું સારું નિર્માણ કરવાની આ સુધારેલા પ્રસ્તાવના માધ્યમથી આપણને તક મળી છે. આગામી પાંચે વર્ષોમાં ભાઇચારાના વાતાવરણથી એક ગુજરાતી તરીકે ગુજરાતના વિકાસ માટેની આપણી તક ઉત્તમ રીતે પરિપૂર્ણ કરીએ એના માટે તેમના સુધારેલા પ્રસ્તાવને હું સમથર્ન આપું છું.

અધ્યક્ષશ્રી : કોઇને કંઇ કહેવાનું છે? માનનીય પંચાલભાઇ.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના નેતા અને નીતિનભાઇ અને માનનીય પ્રદિપસિંહજીએ જે નિર્ણય લીધો છે એ નિર્ણયને હું યોગ્ય ઠેરવું છું અને પરેશભાઇ ધાનાણીનો અને સૌ વિપક્ષના મિત્રોનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા અને મિડિયાના માધ્યમ દ્વારા એટલું જ કહેવું છે કે જે ઘટના બની એ ખૂબ જ દુઃખદ ઘટના હતી. સાડા છ કરોડની જનતાના દિલ દુભાયા છે. આ હાઉસના સભ્યોના પણ દિલ દુભાયા છે. મારા અણછાજતા વર્તનના કારણે કદાચ કોઇના પણ દિલ દુભાયા હોય તો હું ક્ષમા–યાચના માગું છું અને સાથે હું એક વાત એ કહેવા માગું છું અને માનનીય અધ્યક્ષશ્રી, આપ પરવાનગી આપો તો આજના દિવસે એક એફિડેવીટ કરવા માગું છું કે મારા દ્વારા એ દિવસે કંઇ પણ અસંસદીય શબ્દો બોલાયા ન હતા. એવી એફિડેવીટ પણ કરવા માગું છું અને મિડિયાના માધ્યમ દ્વારા, આપ સૌના માધ્યમ દ્વારા ગુજરાતની સાડા છ કરોડની જનતાને પણ કહેવા માગું છું કે મારી ઉપર જે લાંછન લાગ્યું છે અને સમગ્ર જનતાનું દિલ દુભાયું છે કે જગદીશભાઇને આપણે વોટ આપીને ચૂંટીને મોકલ્યા છે. મારા મતદારોના મન ઉપર ખરાબ અસર પડી કે જગદીશભાઇ જેવી વ્યક્તિ હાઉસમાં અસંસદીય શબ્દો બોલ્યા છે તો મને પણ એનું ખૂબ દુઃખ થયું છે. પરેશભાઇ, શૈલેષભાઇ અને બીજાં જે સભ્યો દ્વારા કહેવામાં આવ્યું હતું કે જગદીશભાઇ દ્વારા પણ અસંસદીય શબ્દો કયાંક બોલાયા હતા. તો તેના માટે હું એફિડેવીટ કરવા તૈયાર છું અને મિડિયાના માધ્યમ દ્વારા પણ સમગ્ર હાઉસને કહું છું કે મારી ક્ષમા યાચના છે. નથી બોલાયા છતાં પણ કદાચ કયાંક મારાથી બોલાયા હોય તો હું સમગ્ર હાઉસ આગળ માફી માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ કંઇ કહેવા માગતો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સકારાત્મક અને હકારાત્મક, ખૂબ સારા વાતાવરણમાં અવિશ્વાસની દરખાસ્ત અને સભ્યો સામેનું સસ્પેન્શન. જે ચર્ચા થઇ છે. હું જગદીશભાઇનો પણ ખૂબ દિલથી આભાર માનું છું. પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિ. આ લોકશાહીના મંદિરમાં જયારે આ બનાવ બન્યો તેના માટે પોતે દિલગીરી વ્યક્ત કરી છે તેના માટે આપને પણ અભિનંદન આપું છું કે આપ બહુ ઉંચા મનના છો કે આ સંસદીય પ્રણાલિને આપે જાળવી રાખી અને અમારા ત્રણ સભ્યશ્રીઓ કે જેઓ સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્શન હેઠળ છે જે માટેની ઘોષણા કરી છે એટલે આ ત્રણ સભ્યશ્રીઓ શ્રી પ્રતાપભાઇ દૂધાત, શ્રી અમરિષભાઇ ડેર અને શ્રી બળવેદજી ઠાકોર હાલ આ હાઉસમાં હાજર નથી. પણ જ્યારે ચોમાસુ સત્રની શરૂઆત થશે અને એમની હાઉસમાં એન્ટ્રી થશે ત્યારે સો ટકા અમારા સભ્યશ્રીઓ પણ આ પરંપરાને જાળવી રાખશે, આ મંદિરની રક્ષા કરવા માટે, મંદિરનું નામ જાળવવા માટે અમે પણ દિલગીર છીએ અને એ સભ્યશ્રીઓ એ દિવસે હાઉસમાં પોતાની દિલગીરી વ્યક્ત કરશે એવી આ સભાગૃહમાં હું ખાતરી આપું છું.

અધ્યક્ષશ્રી : મારે થોડીક સ્પષ્ટતા કરવી જોઇએ. સ્પષ્ટતા એટલે સ્વચ્છતા. બોલો શ્રી વિક્રમભાઇ માડમ. આપ એમાં કન્સર્ન નથી એટલે આપને તક આપતો નથી. એ કન્સર્ન છે એટલે તક આપી છે. (અંતરાય) તમે ધમાલમાં હતા? બેસો હવે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આ આખો બનાવ બન્યો તેમાં ક્યાંકને ક્યાંક હું મારી જાતને દોષિત માનું છું. મારો હેતુ એવો નહોતો. લોકશાહીની મર્યાદામાં રહીને મારે મારી વાત કરવા સુધીની એક મર્યાદા હતી અને મને ખબર હતી કે કદાચ હું જે વાત કરવા જઇ રહ્યો છું એમાં મને એક દિવસનું સસ્પેન્શન મળશે. પરંતુ મારા નવા મિત્રો છે અને એમણે આવેશમાં આવીને જે ભૂલ કરી છે એનાથી ૧૪ તારીખથી અત્યાર સુધી મેં એકપણ પ્રશ્ન પૂછવા માટે આંગળી ઉંચી કરી નથી અને આ ગૃહમાં બોલ્યો પણ નથી. એટલા માટે કે દિલથી મને એમ થયું કે મારા હિસાબે ક્યાંકને ક્યાંક આ ગૃહનું વાતાવરણ બગડ્યું છે. એક સિનિયર સભ્ય હોવાના નાતે મેં હિન્દુસ્તાનની પાર્લામેન્ટમાં દસ વર્ષ સુધી, અલગ અલગ સભ્યોની પેનલો, ત્યાં તો અધ્યક્ષ તમામ પાર્ટીના, સાત–આઠ પાર્ટીની પેનલ છે ત્યાં પણ કામ કર્યું છે અને ત્યાંની પરંપરાઓ જોઇ છે અને મને દિલથી ફિલ થતું હતું કે આ ગુજરાતની પરંપરાઓમાં ક્યાંક દાગ લાગે છે અને એટલા માટે હું ખાતરી આપું છું આ ગૃહને કે પાંચ વર્ષ સુધી આ ગૃહનું સન્માન જળવાય, એનું માન જળવાય. ચોક્કસ મારા અધિકારો માટેની ક્યાંક વાત થશે તો મારી વાત રજૂ કરીશ અને એ વાત આપને યોગ્ય ન લાગે તો આપ તક ન આપતા. પરંતુ હું ખાતરી આપું છું કે મારા હિસાબે આવતા ચાર વર્ષમાં ક્યાંય પણ આ ગૃહનું વાતાવરણ નહીં બગડે, મારી જો કોઇ ભૂલ થતી હોય તો હું આખા ગૃહની અને ગુજરાતની પ્રજાની માફી માગું છું. મારો આવો કોઇ હેતુ હતો નહીં, હું પ્રજાનો માણસ છું. જમીનથી જોડાયેલો છું અને એક છેલ્લી વાત કરીને

મારી વાત પૂરી કરીશ. ખેડૂતનો દીકરો છું. મને જીવનમાં એક સૂત્રની ખબર છે કે જમીનમાં જે બી વાવશો એ જ ઉગવાનું છે. હું કોઇને માન કે સન્માન આપીશ તો માન કે સન્માન મળશે. પણ હું કોઇનું અપમાન કરીશ, મારો ક્યારેય કોઇ હેતુ કોઇનો અપમાન કરવાનો નથી, કોઇના સ્વમાનની સામે જવાનો નથી. આજે આ વાતનો હું માનું છું ત્યાં સુધી સુખદ અંત આવે છે અને ભવિષ્યમાં તમામને વિનંતી કરું છું કે આ ગૃહની ગરીમા જળવાય અને આપણે સૌ લોકોની નજરમાંથી ઉતરી ન પડીએ એવું કોઇ વર્તન ન કરીએ અને સાથે મળીને પાંચ વર્ષ સુધી ગુજરાતની જનતાની ચિંતા કરીએ. મને આપે મારા વિચારો વ્યક્ત કરવા માટે તક આપી એ બદલ આપનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રીઃ જી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિક્રમ માડમે આ ગૃહમાં જે વાત કરી એ જ વાત પાંચેક દિવસ પહેલા લોન્જમાં મને કરી હતી. આ જ વ્યથા, આ જ દુઃખ અને આજ એપોલોજી એમના શબ્દોમાં હતી. પણ આજે મારે એમને અભિનંદન એટલા માટે આપવા છે, અમારા સૌ વતી આપવા છે કે એમણે બહાર જે વાત વ્યક્તિગત રીતે કરી હતી એ આજે જાહેરમાં, રેકર્ડ ઉપર, આપની સમક્ષ કરી છે એટલે ખૂબ ઉદારતાથી, પ્રેમથી એમણે જે લાગણી વ્યક્ત કરી છે અને એમણે કહ્યું કે મારા નિમિત્તના કારણે આખો બનાવ બન્યો તો હું પણ એમાં દિલગીર છું એટલે એમની એ વિશાળતાને ખરેખર આપણે સૌએ અભિનંદન આપવા જોઇએ.

અધ્યક્ષશ્રી : મારે આ સન્માનનીય ગૃહ સમક્ષ સ્પષ્ટતા અને સ્વચ્છતા કરવી છે. પહેલી વાત કે અવિશ્વાસની દરખાસ્ત અને ત્યાર પછી બનેલી ઘટનાને કોઇ સંબંધ નથી. સત્તર વખત આ અગાઉ આવી અવિશ્વાસની દરખાસ્ત મૂકાઇ અને ચર્ચા વગર પરત ખેંચાઇ ગઇ છે. આ વખતે પણ માનનીય વિરોધ પક્ષે, માનનીય શૈલેષભાઇએ આ દરખાસ્તને ચર્ચા વગર પાછી ખેંચી છે એટલે હું અભિનંદન આપુ છું પણ એક વાત આ ગુજરાતના આપણા વિધાનસભા ગૃહના ઇતિહાસમાં લખાશે કે, અલગ અલગ બનેલી બે ઘટનાઓનું પરિણામ એક દિવસે આવ્યું. જે કાળો ડાઘ લાગ્યો છે આ ગુજરાતના વિધાનસભા ગૃહ ઉપર એ તમે અને અમે અહીં ભૂંસી લઇશું પણ ગુજરાતની પ્રજા એમના હૃદયમાંથી ક્યારેય નહીં ભૂંસી શકે, આ અંકિત થઇ ગયેલી વાત છે. આપણે ગાંધીજીના ગુજરાતની વાત કરીએ છીએ, અહિંસાની વાત કરીએ છીએ એ વખતે હિંસાને કોઇ જ સ્થાન હોઇ શકે નહીં અને તેમ છતાં આ ઘટના ઘટી એ દર્શાવે છે કે ગૃહ જે દિવસે મળ્યું એના એક મહિના પહેલાથી અખબારોમાં લખાતું હતું કે આ વખતે ગૃહ તોફાની બનશે. જો આપને સૌને હું રીમાઇન્ડ કરાવું અને આપ પાછલા છાપા કાઢીને જોશો તો એમની એવી ધારણા હતી અને એ ધારણા કોઇકે સાચી પાડી દીધી. વાસ્તવમાં આવું બનવું જ ના જોઇએ. મને યાદ છે અને મેં રેકર્ડ પરથી ગણતરી કરી છે કે સત્તાધારી પક્ષ કરતાં વિપક્ષના મિત્રોને સૌથી વધારે પ્રશ્નો પૂછવા દીધા છે. મારી પાસે એનો રેકર્ડ છે, પણ અત્યારે એની જરૂરિયાત નથી. મારે દુઃખ સાથે એટલા માટે કહેવું પડે છે અને મારા અધ્યક્ષ તરીકેના પ્રથમ પ્રવચનમાં જ મેં આ કીધું હતું અને જેનો આજે માનનીય વિપક્ષના નેતાશ્રી માનનીય પરેશભાઇએ ઉલ્લેખ પણ કર્યો કે, આપણે શબ્દોના બાણથી લડીએ અને કદાચ આ સભાગૃહના બધા સભ્યોને ખબર નહીં હોય, પત્રકાર મિત્રોને ખબર નહીં હોય કે વિપક્ષના સૌથી વધારે સભ્યોને મેં અંગત રીતે બોલાવીને અભિનંદન આપ્યા છે કે આજે તમારું ખૂબ સારું કન્ટેન્ટવાળું વકતવ્ય હતું. એમાં આટલો સુધારો કરવો જોઇએ. મારી એ ફરજ નહોતી, મારા એ ફરજના ભાગરૂપ આવતું નથી પણ નૈતિક રીતે જોઇએને તો જયારે હું બધાને સરખા સમજુ છું. મેં સત્તાધારી પક્ષના બે મિત્રોને પણ બોલાવીને કીધું. માનનીય પ્રધુમનસિંહજી જાડેજા આપણી સામે છે. એ જયારે વકતવ્ય આપતા હતા ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે એમનું કંઇ લખેલું દેખાતું નથી. કંઇ ચિત્ર જેવું દેખાય છે. એ વાતને મેં ઉજાગર કરી. મેં એમને વ્યકિતગત રીતે બોલાવીને પણ અભિનંદન આપ્યા કે આ તમારી સૂઝબૂઝ છે એ અભિનંદનીય છે. મેં તે વખતે એવું જોયું નથી કે આ કોંગ્રેસના મિત્ર છે કે ભા.જ.પ.ના મિત્ર છે. તમામ માટે મેં સમગ્ર સત્ર દરમિયાન એક સરખો ભાવ રાખ્યો છે. તટસ્થ ભાવ રાખ્યો છે અને મને એ વાતનું દુઃખ હવે નથી, પરંતુ થાત, જો આ અવિશ્વાસની દરખાસ્ત ચલાવી હોત. ખેર, ઘીના ઠામમાં ઘી. ફરી વાર આ સન્માનનીય ગૃહ સમક્ષ મારી વિનંતી છે કે તમામ જુનીયર સભ્યો વિશેષ કરીને જે પહેલી વખત ચૂંટાઇને આવ્યા છે એમણે આપણી વિધાનસભાના તમામ નિયમોના નિયમ વાંચી જવા જોઇએ. સમજી લેવા જોઇએ અને ઓછામાં ઓછું જે સીનીયર મિત્રો છે એમની પાસેથી આ વાતનું ફરીવાર ધ્યાન કરી લેવું જોઇએ. કોઇ આગ્રહ કે હઠાગ્રહ આ સભાગૃહમાં હોઇ જ ના શકે. તકરાર ત્યાંથી જ શરૂ થાય છે. ફરીવાર કહું છું કે, કોઇપણ પક્ષે અવિશ્વાસની દરખાસ્તના સંદર્ભમાં અને ખાસ કરીને અધ્યક્ષના અવિશ્વાસના પ્રસ્તાવના સંદર્ભમાં એકવાર હથિયાર બુઠ્ઠું થઇ ગયું તો આ તમારું બ્રહ્માસ્ત્ર કાયમને માટે મટી જશે. ૧૪ દિવસ અને પછીના ૭ દિવસ એમ ૨૧ દિવસ ગણીને અવિશ્વાસની દરખાસ્ત વિધાનસભા ગૃહમાં મૂકી દેવી, આ પ્રથા ન પડે તો સારું છે. ગમે તેટલું સારું થયું છે તેમ છતાં મેં મારો મત જ્યારે ત્યારે કોંગ્રેસના મિત્રો મારી પાસે વ્યકિતગત રીતે આવ્યા છે, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ એમની વાતની રજૂઆત કરવા મારી પાસે આવ્યા છે. જોષીજી ૩ સિનિયર સભ્યોને લઇને આવેલા એ દરેક વખતે મેં કહેલું કે અવિશ્વાસની દરખાસ્ત અને આ વાતને સાથે સાંકળો છો તેનું મને ખૂબ દુઃખ થાય છે. કોઇકવાર એવો પ્રસંગ બનશે, આ અવિશ્વાસની દરખાસ્ત ૧૮મી વખત પાછી ખેંચાઇ છે એ સારું છે, પણ ચલાવી લેવાય તો આ હથિયાર કશાય કામનું નહીં રહે. બીજી વાત જે ઘટના બનેલી એની આજે મારે સ્પષ્ટતા કરવી જોઇએ. જ્યારે બધા એકબીજાને માફ કરી રહ્યા છે ત્યારે આ ઘટનાનો વિડિયો મેં વારંવાર જોયો છે અને પછી કહું છું કે વિક્રમભાઇ માડમનો કોઇ વાંક હતો જ નહીં. નારાજ થવું એ એમનો અધિકાર હતો. એમને કહેવાનો અધિકાર હતો કે હું વોક–આઉટ કરું છું. એનું કોઇ દુઃખ મને આજે પણ નથી અને ત્યારે પણ ન હતું. પરંતુ

એમણે કરેલો હાથ મારા જોવામાં આવ્યો નહીં એટલે મારે એકવાર કહેવું પડ્યું છે. એક મિત્ર પાછળ બેઠા છે એમની હાઇટ ઓછી હોવાના કારણે એ હાથ કરે તો આગળવાળા ભાઇની હાઇટ ઉંચી છે એટલે દેખાતું નથી. એમને બોલાવીને કહેવું પડ્યું કે તમે તમારો ડાબો નહીં પણ જમણી બાજુનો હાથ ઉંચો કરો તો બન્નેની વચ્ચે દેખાય. ઘણાનો ન દેખાય. એવું બની શકે કે અધ્યક્ષનું ધ્યાન ન પડ્યું હોય અને આવું બને ત્યારે થોડી સહજતાથી લઇને મારું ધ્યાન દોરીએ. મારી જગ્યાએ કોઇપણ અધ્યક્ષ હોય તો એણે એ ધ્યાનમાં લેવું જોઇએ. આખી ઘટનામાં ક્યાંય માનનીય જગદીશભાઇ પંચાલ ગાળ બોલ્યા છે એવું ક્યાંય નથી. (અંતરાય) જે સાચું છે એ મારે ગૃહ સમક્ષ મૂકવું જોઇએ. આપણે બધાને માફ કરીએ છીએ ત્યારે સત્ય સામે આવવું જોઇએ. માનનીય અમરીશભાઇ ડેરને જ્યારે મેં કહ્યું કે તમારે માનનીય વિક્રમભાઇના પ્રશ્ન સાથે કાંઇ લાગતું વળગતું નથી. છતાં જે રીતે આવતા હતા જાણે કે ગલીમાં કોઇને મારવા કોઇ નીકળ્યું હોય. એ ધસમસતા આવતા હતા એટલે એમને અટકાવવા માટે ગૃહમાંથી એમને સસ્પેન્ડ કર્યા. સાત સાત સાર્જન્ટોથી ઝાલ્યા રહેતા ન હતા. આ મારું દુઃખ તો હું વ્યકત કરીશ જ. સાર્જન્ટ ભાઇઓ ગૃહમાંથી બહાર લઇ ગયા, સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા એટલે ફરીથી ગૃહમાં એમને આવવાની જરૂર ન હતી તેમ છતાં સામેના ભાગેથી આવીને હુમલો કર્યો એટલે આ ઘટનાની ગંભીરતા ઓર વધી જાય છે. તેમ છતાંય સત્તાધારી પક્ષને પણ અભિનંદન આપું છું અને વિપક્ષને પણ અભિનંદન આપું છું કે, વારંવાર ચર્ચાથી કોઇપણ પ્રશ્ન હલ થઇ શકે છે અને આ પ્રશ્ન તમે હલ કર્યો છે અને કાળો ડાઘ લૂંછવાનો પ્રયાસ કર્યો છે એ બદલ અભિનંદન આપું છું. હું આ દરખાસ્ત ભારે હૃદયે ગૃહ સમક્ષ મૂકું છું. સભ્યશ્રી પ્રતાપભાઇ દૂધાત અને સભ્યશ્રી અમરીશભાઇ ડેરનું સસ્પેન્શન ત્રણ વર્ષના બદલે સત્ર સમાપ્તિ સુધીનું કરવા તથા સભ્યશ્રી બળદેવજી ઠાકોરનું સસ્પેન્શન એક વર્ષના બદલે સત્ર સમાપ્તિ સુધીનું કરવા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલ પ્રસ્તાવ મત ઉપર મૂકું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે અને તે પ્રમાણે પ્રસ્તાવનો અમલ કરવાનો રહેશે. (અંતરાય) હવે એના ઉપર ચર્ચા નહિ કરવા દઉં પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : ચર્ચા નથી આપનો આભાર માનવો છે.

અધ્યક્ષશ્રી : આમાં શું આભાર. તમે બેય જણા ભેગા થયા છો.

શ્રી પરેશ ધાનાણી : આખા ગૃહની અંદર આપનું મન ભારે છે એટલે આખા ગૃહ વતી વિનંતી કરું કે સાહેબ, આપ પણ આજે પ્રફુલ્લિત મને આ પરંપરાનું સંવર્ધન થાય એના માટે પ્રફુલ્લિત મને નિર્ણય કરો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.

## શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)
## ફરજિયાત વિષય તરીકે ગુજરાતી ભણાવવા અંગે

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારી પણ વિનંતી છે કે આપ હળવાશ અનુભવો. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ સમક્ષ એક ખૂબ જ અગત્યના સાંસ્કૃતિક અને શૈક્ષણિક નિર્ણયનો પ્રસ્તાવ લઇને હું ઉપસ્થિત થયો છું. ભારતના બંધારણમાં રાજ્યોની રચના ભાષા પ્રમાણે કરવામાં આવી છે અને તેથી આજે આ ગૃહ સમક્ષ મને શ્રી વિજયભાઇ રૂપાણી સરકારનો નિર્ણય જાહેર કરતાં આનંદ થાય છે કે આ રાજ્યમાં ચાલતી કોઇ પણ બોર્ડ સાથે સંલગ્ન અન્ય માધ્યમની શાળાઓમાં પણ ગુજરાતી શીખવવામાં આવશે. કોઠારી પંચના અહેવાલ મુજબ પ્રથમ ભાષા તરીકે માતૃભાષા હોવી જોઇએ. પરંતુ રાજ્યમાં ગુજરાત સરકાર માન્ય અન્ય માધ્યમની પણ અનેક શાળાઓ આવેલી છે જેના વિદ્યાર્થીઓને રાજ્યની ભાષા-ગુજરાતી શીખવવામાં આવતી નથી. પરિણામે ગુજરાતનું બાળક પણ યોગ્ય રીતે ગુજરાતી બોલી કે સમજી ન શકે તેવું ઘણીવાર જોવા મળે છે. આથી જ બીજા બોર્ડ કે બીજા માધ્યમની શાળાઓ પણ ગુજરાતી ભાષા/સંસ્કૃતિથી પરિચીત થાય તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકારની માન્ય અન્ય બોર્ડ/માધ્યમની શાળાઓમાં પણ ગુજરાતી શીખવવું જોઇએ તેવું રાજ્ય સરકારનું માનવું છે. આ સત્રથી એટલે કે જૂન-૨૦૧૮ થી શરૂ થનાર સત્રથી અને જે કિસ્સામાં સત્ર વહેલું શરૂ થતું હશે તેવી શાળાઓમાં બીજા સત્રથી ગુજરાતી ફરજિયાત વિષય તરીકે ભણાવવામાં આવશે. આ નિર્ણય અંતગર્ત CBSC, ICSE, IB, CISCE, IGCSE વગેરે બોર્ડ ઉપરાંત ગુજરાત સરકાર માન્ય ગુજરાતી સિવાયના અન્ય માધ્યમની શાળાઓમાં ધોરણ-૧ થી ધોરણ-૮ માં ભણતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાથી પરિચીત કરાવવાનો આશય છે. જો કે આ નિર્ણયના અમલીકરણમાં કોઇ પણ પ્રકારની અગવડ ઊભી ન થાય એ માટે પહેલા અને બીજા ધોરણમાં પરિચયાત્મક ભાષા શિક્ષણ આપવામાં આવશે. તેમજ તજજ્ઞો અને ભાષાના નિષ્ણાતો-શિક્ષણકારો સાથે રહીને આ પહેલને વધુ સચોટ રીતે ક્રમશ: આગલાં ધોરણ માટે કાર્યાન્વિત કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૪ માં રચાયેલા કોઠારી પંચની ભલામણમાં પ્રાથમિક શિક્ષણ એ માતૃભાષામાં ભણાવવું જોઇએ એ ભલામણ હતી. મને એ વાતનો આજે આનંદ અને ગૌરવ છે કે ૧૯૬૪ ની ભલામણનો અમલ કરવા માટે વિજયભાઇની સરકાર અને હું શિક્ષણ મંત્રી તરીકે આજે નીમિત્ત બનું છું એનો મને આનંદ અને ગૌરવ પણ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૦% એક ગુજરાતી તરીકે આપણી માતૃભાષા ગુજરાતી બધાને આવડવી જોઇએ એ માટે આપ નિયમ-૪૪ હેઠળ જે નિવેદન લઇને આવ્યા છો એ નિવેદનને હું આવકારું છું. ગુજરાતી તરીકે મને ગૌરવ પણ છે અને આપને અભિનંદન પણ આપું છું કે આ સારી પરંપરા છે અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન પણ દોરવા માગુ છું કે અન્ય CBSC, ICSE, IB, અન્ય જે સ્કુલો છે. એમાં પણ ગુજરાતી ભાષાનું જ્ઞાન આપવામાં આવશે, ગુજરાતી

ભાષા શીખવાડવામાં આવશે. માનનીય મંત્રીશ્રી, જયારે આટલી હકારાત્મક, સકારાત્મક વાત કરી રહ્યો છું ત્યારે ગુજરાત સરકારે એ પણ સ્વીકારવું જોઇએ કે છેલ્લા ત્રણ વખતથી હું માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૦ના જે રિપોર્ટ મેં જોયા છે એમાં સૌથી વધારે ગુજરાતી ભાષામાં નપાસ થનારાની સંખ્યા પણ ગુજરાત બોર્ડમાં સૌથી વધારે છે માનનીય મંત્રીશ્રી આપ પણ જાણતા હશો એટલે એકબાજુ આપણે ભાષાને અપ કરવાની વાત છે એ આવકારીએ છીએ પણ બીજી બાજુ મંત્રીશ્રી, આપને હું એટલી વિનંતી પણ કરીશ કે જયાં ભાષા ઓલરેડી આપણી ચાલુ છે, જે પ્રાથમિક શાળાઓમાં, ત્યાં ગુજરાતી ભાષા હોવાછતાં પણ ધોરણ-૧૦માં સૌથી વધારે વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં નપાસ થયા છે. મારી પાસે એના આંકડા પણ છે તો મારી આપને વિનંતી છે કે એમાં પણ થોડો વધારે રસ લઇને આપણા જ વિષયોમાં વધારે માહિતી મળે અને લોકો વધારે રસ લઇને ગુજરાતીમાં પાસ થાય એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા વિપક્ષ કે શૈલેષભાઇની નથી, રાજય સરકારની પણ છે અને એમાં ક્રમશઃ કેવી રીતે સુધારો થાય અને વ્યક્તિગત રીતે શિક્ષણ મંત્રી તરીકે હું માનું છું કે ગુજરાતી તરીકે ગુજરાતી ભાષામાં નપાસ ન જ થવું જોઇએ એના માટે રાજય સરકાર ચિંતિત છે.

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નિયમ-૪૪ નીચે માતૃભાષાના સંવર્ધન માટેના એક સુંદર વિચાર સાથે સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું. માતૃભાષા દિવસે મેં આ ગૃહમાં એ વાત છેડી હતી કે માનો ખોળો એ જ મારી પાઠશાળા, જયાં માતૃભાષાનો જનમ થાય છે, માતૃભાષા છે વહાલનો દરિયો, ઇ મહાણ સુધી રેલાય છે. માણસ જન્મે ત્યારથી મરે ત્યાં સુધી માતૃભાષા એની સાથે જાય.

માતૃભાષા છે વહાલનો દરિયો ઇ મહાણ સુધી રેલાય છે
કલમથી કંડારેલા કાગળના ટુકડા કયારેક પસ્તી પણ બની જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બે દીકરીઓનો બાપ છું. ખૂબ મને ખુશી છે, આનંદ છે.

અધ્યક્ષશ્રી : નસીબદાર છો. જેને પણ દીકરી હોય ને એ ખૂબ નસીબદાર છે, કન્યાદાન કરવા મળે છે એને.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ છે મારે કયાંય પણ દાખલો આપવો હશે તો મારી જાતને એ મુદ્દાઓ સાથે તુલવીશ તો મને ખૂબ ગમશે. પરિવારની અંદર પણ કોઇપણ પરિવારનું બાળક શ્રેષ્ઠ શિક્ષણ લે, વિશ્વ કક્ષાની હરિફાઇમાં એ ટકવા સક્ષમ બને એટલે આંતરરાષ્ટ્રીય ભાષા, રાષ્ટ્રીય ભાષા એ નવી પેઢીના માબાપની પહેલી પસંદગી બનતી જાય છે. કમનસીબે આંતરરાષ્ટ્રીય હરિફાઇમાં, રાષ્ટ્રીય હરિફાઇમાં ટકવા માબાપનું જે ઘેલછાપણું છે ત્યાં જ માતૃભાષા કયાંક લુપ્ત થતી જતી હોય, ઘસાતી જતી હોય એનો અનુભવ એ બે દીકરીઓના બાપ તરીકે, વાલી તરીકે મેં પણ કર્યો છે. માનનીય મંત્રીશ્રી મને ગૃહની બહાર મળ્યા તો પણ મેં વાતને સમર્થન આપ્યું હતું અને અહીંયા પણ હું સમર્થન આપું છું કે હું ગુજરાતી છું એનું મને ગૌરવ છે, ગુજરાતી મારી માતૃભાષા છે એનું પણ મને ગૌરવ છે અને આપણે માતાનું અને માતૃભાષાનું બંનેનું રક્ષણ કરવું જોઇએ. આપે જે નિયમ-૪૪ થી નિવેદન કરી રાજયમાં ચાહે CBSE હોય, ICSE હોય, IB હોય, CISCE હોય, IGCSE હોય કે વિવિધ બોર્ડ હોય એની અંદર બાળક અંગ્રેજીમાં ભણશે એ ગમશે, વિશ્વની હરિફાઇ કરતું થશે. હિન્દીમાં ભણશે એ ગમશે. એ રાષ્ટ્રીય કક્ષાએ એનું પ્રતિનિધિત્વ ખીલશે પણ એની સાથે માના ખોળામાં જે ભાષા વારસામાં મળી છે એ લુપ્ત ન થઇ જાય, આવતી પેઢીનું ગુજરાતી, એને ગુજરાતી બોલવામાં તકલીફ ન પડે, ગુજરાતી લખવામાં તકલીફ ન પડે. ગુજરાતી સમજવામાં કે વાંચવામાં તકલીફ ન પડે, એટલે પ્રાથમિક શિક્ષણની અંદર માતૃભાષાને ફરજિયાત બનાવવાની વાત છે, એને વિપક્ષ તરીકે અમે આવકારીએ છીએ અને સમર્થન આપીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે તે મીડિયમમાં બાળક દાખલ થતું હોય એ મીડિયમમાં ભણવાનું હોય એ જ પોતાની ભાષા શીખવાનું હોય ત્યારે મતલબ કે ૧લું ધોરણ એ જ વખતે ગુજરાતી ભાષા પરિચયાત્મક રીતે એટલે એના માટે તો બંને ય ભાષા સરખી જ થવાની છે, ત્યારથી શરૂઆત આપણે કરવાના છીએ. એટલી જ સ્પષ્ટતા સાથે આપ સૌનો આભાર માનું છું.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન વર્ષ ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલો

પરબતભાઇ સ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં

### સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ,સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં.

### ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ

તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

શ્રી સૌરભ પટેલ ( બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યો.

**સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૩-૧૪નો ઓડિટ અહેવાલ**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૩-૧૪ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં.

**સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૩-૧૪નો ઓડિટ અહેવાલ**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૩-૧૪ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં.

**તા. ૨૦-૩-૨૦૧૮ ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૦-૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતા-૧૪, અગ્રતા-૧૫૬ અને અગ્રતા-૨૧૧ ના અપાયેલ લખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે ૩ સરકારી વિધેયકો અને ૨ બિન-સરકારી સંકલ્પો હાથ ઉપર લેવાના છે. એટલે ૧ કલાક અને ૧૦ મિનિટ જેવો સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) રિસેસ પછીનો સભાગૃહનો સમય ૧ કલાક અને ૧૦ મિનિટ લંબાવવામાં આવે છે.

ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે

ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૮

વિધેયક ( સરકારી)

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક– ૨૫.

**ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૮**

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સને ૨૦૧૮ના વિધેયક ક્રમાંક– ૨૫ સન ૨૦૧૮ના ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૫ સન ૨૦૧૮ના ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મહેસૂલ વિભાગમાં અનેક અલગ અલગ વિભાગો છે. એમાં..

અધ્યક્ષશ્રી : પ્રભારી મંત્રીશ્રી, એક વિનંતી કે આપ છેલ્લે બધા સભ્યોને સાંભળીને પણ બોલવાના છો. તો અત્યારે જે મુખ્ય મુદ્દાઓ છે તે આપ લઇ લેશો. હું આપને અટકાવી શકું નહીં તેમ છતાં વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પછી તો એમના વ્યક્તિગત પ્રશ્નો હશે તેના જવાબો આપવા પડશે. આ બિલ લાવવાનો મુખ્ય હાર્દ...

અધ્યક્ષશ્રી : એ વાત આપ સારી રીતે મૂકો કે જેથી સભ્યોના ધ્યાનમાં આવે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ અમારો વિભાગ છે તે રાજયની આવકની દૃષ્ટિએ સૌથી અગત્યનો છે. રાજયની પ્રજાની મિલકતની તબદિલી, ફેરફારો તેના હકકો માટે અગત્યનો વિભાગ છે. આમાં બે–ત્રણ સામાન્ય સુધારા છે. એક તો ભારત સરકારનો કંપની એકટ ૧૯૫૬ છે. તે ભારત સરકારે કંપની એકટને બદલીને ૨૦૧૩નો નવો એકટ બનાવ્યો છે. આપણો સ્ટેમ્પ એકટ ૧૯૫૮નો છે. આમાં ૧૯૫૬ની જગ્યાએ કેન્દ્ર સરકારે ૨૦૧૩ કર્યુ એટલે આપણે પણ ૧૯૫૬ની જગ્યાએ ૨૦૧૩ શબ્દો બધી જગ્યાએ ઉમેરવા પડે. આ એક સુધારો છે. એ જ રીતે ૧૯૫૬ની અંદર મેમોરેન્ડર ઓફ એસોસિએશન, આર્ટિકલ ઓફ એસોસિએશનના લેખ જે કરવામાં આવે છે તેના અનુસંધાને કેન્દ્ર સરકારે જે સુધારા કર્યા છે તેના આમાં સુધારા કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ જ રીતે કલમ.૭, ૮, ૧૨ અને ૩૫માં નફા માટે નહીં રચાયેલી કંપની માટેની જે જોગવાઇઓ છે તે એઝ ઇટ ઇઝ રાખવામાં આવે છે. ભારત સરકાર દ્વારા મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીનો કાયદો અમલમાં લાવવામાં આવેલ છે. તેનો પણ સુધારો છે. ભારત સરકાર લાવી છે તેનો આપણે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની જોગવાઇ દાખલ કરવાનો સુધારો અને કાયદો અનુરૂપ થવા માટે કર્યો છે. એટલે ભારત સરકારના જે કાયદા બદલાયા છે અને તેમાં જે સુધારા કર્યા છે તે આપણે આમાં આમેજ કરવાના છે. આમાં શબ્દોની અંદર ૧૯૫૬ લખેલ છે ત્યાં હવે આપણે ૨૦૧૩ લખવું પડશે. મર્યાદિત ભાગીદારીવાળી છે અને તેમાં ભારત સરકારે જે સુધારો કર્યો છે તે સુધારો આમાં આમેજ કરવાનો છે. એટલે મારી દ્રષ્ટિએ અગત્યનો વિભાગ છે, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ એ સરકારની આવક સાથે સંકળાયેલ છે અને આમાં આપણે ડ્યૂટીમાં કોઇ ફેરફાર કરતા નથી કે કોઇને એમાં ઇન્વોલ્વ નથી કરતા કે નવી આઇટમ નથી લાવતા. કેટલાક સુધારા જરૂરી છે અને તે સુધારા કરવાથી કેટલીક બાબતોને કાયદાકીય પીઠબળ મળે અને આવનારા દિવસોમાં અર્થઘટનના પ્રશ્નો ન રહે, સરળતા આવે તેના માટે આ સુધારો લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કે આ સુધારાને લગતું બિલ છે, ગુજરાતની આવકને લગતી બાબત છે એટલે આપણે બધા મળીને આ પસાર કરીએ એવી વિનંતી કરું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી મુંબઇ સ્ટેમ્પ સુધારા વિધેયક લઇને આવ્યા છે તે સુધારો યોગ્ય છે. કારણકે કંપની અધિનિયમ ૧૯૫૭ હતો તે કંપની અધિનિયમ ૨૦૧૩ બન્યો છે એટલે બધી જગ્યાએ આ શબ્દો ઉમેરવા પડે. પણ આટલું જ ઉમેરવામાં ૨૦૧૩ થી ૨૦૧૭ સુધી આવી ગયા. થોડું વહેલું થવાની જરૂર હતી. થોડું વહેલું થવાની જરૂર હતી. જો કે આમાં કોઇ સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો ઘટાડો થતું હોય એવું કાંઇ લાગતું નથી કારણ કે, શબ્દો જ ઉમેરવામાં આવે છે અને ખાસ કરીને ભાગીદારી પેઢીના અનુસંધાને જે સુપ્રિમ કોર્ટ અને લો ટ્રિબ્યુનલે ચૂકાદો આપ્યો છે એ ચૂકાદા અનુસંધાને ભાગીદારી એકટની વ્યાખ્યામાં પુનઃરચના કરવાની થઇ છે એના કારણે આ સુધારાઓ લાવ્યા હોય એમ લાગે છે એટલે કાલે માનનીય નીતિનભાઇ સાહેબના હૃદયમાં રામ વસ્યા હતા એમ માનનીય મહેસૂલ મંત્રીશ્રીના હૃદયમાં પણ મને લાગે છે કે રામ વસ્યા છે અને ગુજરાતની પ્રજાની આવકમાં વધારો થાય, ગુજરાત સરકારની આવકમાં વધારો થાય અને ભવિષ્યમાં વ્યાખ્યાઓને કારણે કોઇ લિટિગેશનો ઉભા ન થાય અથવા જૂના કાયદા અને નવા કાયદાની વ્યાખ્યાના કારણે લિટિગેશનો ઉભા ન થાય એ ચિંતા કરીને જે સુધારો લાવ્યા છે એ પ્રસંશનીય છે એટલે આમાં કોઇ વિરોધ કરવા જેવું નથી.

---

* વિધેયક ૨૦૧૮ના માર્ચ મહિનાની ૯મી તારીખે ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિરોધ પક્ષે બધો વિરોધ જ કરવો એવું પણ નથી કારણ કે, કેટલીક સારી કામગીરી સરકાર કરતી હોય તો એ સારી બાબત છે. ખાલી એટલું જ છે કે ઝડપથી કર્યું હોત તો પણ થઇ શકે એમ હતું એટલે આને હું ટેકો આપુ છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ સાહેબ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૫–ગુજરાત સ્ટેમ્પ ( સુધારા ) વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં નાગરિકની સ્થાવર મિલકત એટલે કે, રહેઠાણના મકાનો હોય, કોમર્શીયલ મકાન હોય, ખેતીની જમીન હોય, બિન ખેતીની જમીન હોય એને જે પ્રમાણે ૧૯૫૮ના કાયદા પ્રમાણે કોઇ વેચાણ આપે અથવા તો વેચાણ લે એને વખતો વખત સરકારના નિયમોને આધિન રહી ફરજિયાત રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પમાં નોંધાવવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય કૌશિકભાઇ જે સુધારો લાવ્યા છે તે આ પ્રોપર્ટીમાં પણ કેન્દ્ર સરકારની જે પ્રમાણેની ૨૦૧૩માં ભાગીદારી પેઢી અથવા તો લિમિટેડ કંપની અથવા તો પ્રાઇવેટ લિમિટેડ કંપની અને જે નવા નિયમ પ્રમાણે લિમિટેડ લાયાબિલિટી એટલે કે લિમિટેડ કંપનીમાં જે આ કાયદામાં સુધારો લાવ્યા છે તેમાં હું મારું સમર્થન આપુ છું. સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશન વિભાગમાં અલગ અલગ વ્યવસ્થા રાજય સરકારમાં કરવામાં આવી છે એમાં તાલુકા કક્ષાએથી લઇ અને જયાં જયાં જરૂર પડે એ પ્રમાણે વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાં ૨૮૭ જેટલી સબ રજિસ્ટ્રારની ઓફીસ અને સાથે સાથે ૩૫ જેટલી ડેપ્યુટી કલેકટર એટલે કે મૂલ્યાંકન અધિકારી તરીકેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પહેલા આપણે જાતે જઇ એટલે કે લખાણથી એક દસ્તાવેજોની નોંધણી કરાવતા હતા પણ પછી સમયાંતરે જે પ્રમાણે ગુજરાતનો વિકાસ આગળ તેજ ગતિથી વધ્યો એ પ્રમાણે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે એને ઓનલાઇન પદ્ધતિ એટલે કે, કોમ્પ્યુટરથી રજિસ્ટ્રેશન કરાવવાનો સુધારો કર્યો છે. આની સાથે સાથે જે પ્રમાણે આજે વિડિયોગ્રાફીથી કોઇ પણ દસ્તાવેજની જયારે નોંધણી કરવી હોય ત્યારે એને લેનાર અને વેચનારની સમક્ષ એને રૂબરૂ સબ રજિસ્ટ્રારની ઓફીસમાં વિડિયોગ્રાફીથી નોંધણી કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારો લાવ્યા છે એમાં રાજય સરકારમાં વર્ષે ૧૦ લાખ જેટલા દસ્તાવેજોની નોંધણી થાય છે અને એ સ્ટેમ્પ ડ્યુટીના આધારે છેલ્લા દસ પંદર વર્ષથી રાજય સરકારની આવકમાં ખૂબ મોટો વધારો થયો છે. આજે છેલ્લે તારીખ ૨૧–૩–૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારની મહેસૂલી આવક સ્ટેમ્પ ડ્યૂટી નોંધણીમાં ૬૮૦૮.૯૯ કરોડ રૂપિયાની થઇ છે. આમાં આપના માધ્યમથી મારે માનનીય મંત્રીશ્રીને એક સૂચન પણ કરવું છે કે, ૨૦૦૮ અને ૨૦૧૩માં જે પણ જમીન માલિકે પોતાની માલિકીની જમીન ધરાવતા હોય અને એ વખતે જ્યારે એને ડેવલપમેન્ટ કરવાનું થાય, ભાગીદારી પેઢી તરીકે એને જ્યારે ડેવલપમેન્ટ કરવાનું થાય ત્યારે નિયમ પ્રમાણે પહેલાં એક ટકો સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવતી હતી પણ એમાં સુધારો કરીને જંત્રી પ્રમાણે ૪.૯૦ ટકા જે સ્ટેમ્પ ડ્યૂટી લગાવવામાં આવે છે એમાં એ જમીન માલિક પોતે ડેવલપમેન્ટ કરતો હોય તો અગાઉ પ્રમાણે એને લાભ આપવો એવું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે અને સાથે સાથે આ ભાગીદારી પેઢીમાં સંજોગોવશાત ક્યાંક કોઇક ભાગીદાર વીથડ્રો થાય અને નવા ભાગીદાર તરીકે એમાં દાખલ થાય તો પણ એમાં ફરીથી જે પ્રમાણે સબ રજિસ્ટ્રારના અધિકારીઓ એવું નાનું મોટું અર્થઘટન કરીને ક્યાંક નિયમમાં પણ ન આવતું હોય એવું જ્યારે થાય છે તો માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે, જે નિયમ થાય, જે કાયદો બને એમાં એનું સ્પષ્ટીકરણ પુરેપૂરું થાય એવી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું અને આ જે સુધારો લાવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક માનનીય મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ દ્વારા લાવવામાં આવ્યું છે તેને હું મારું અનુમોદન આપું છું. દરેક ગરીબમાં ગરીબ વ્યક્તિનું જીવનમાં એક સ્વપ્નું હોય છે એનું ઘરનું ઘર હોય અને કમનસીબે આ ગરીબને ઘર માટેના ખોટાં સ્વપ્ના બતાવી કોંગ્રેસે લોકોને *(×××) હતા, ગુજરાતની જનતા આજે પણ એનો હિસાબ માગે છે કે ક્યાં છે ઘરના ઘર માટેના ફોર્મ અને ક્યાં છે ઘરના ઘર માટેના ફોર્મના ભરેલા રૂપિયા? ગરીબમાં ગરીબ વ્યક્તિ, મધ્યમ વર્ગની વ્યક્તિ, નાની વ્યક્તિ કે જેનો માલિકી હક્ક એક ઘર લે એટલે એને મનમાં હોય કે મારો માલિકીનો હક્ક એમાં રહે. આપણે ગરીબમાં ગરીબ વ્યક્તિનું માલિકીનો હક્ક પ્રસ્થાપિત થાય એના માટે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

અધ્યક્ષશ્રી : તમે ઉભા થઇ જાઓને અમે ક્યાં ના પાડીએ છીએ? સારું એ કાઢી નાંખીએ છીએ બસ.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેમ્પ એક્ટ, ૧૯૫૮ હેઠળ મુખ્યત્વે એગ્રીમેન્ટ અથવા કરાર, એનો લેખ, માલિકીનું વેચાણ ખત, લીઝ, ડીડ, ભાડાપટ્ટો, ગીરોખત, ભાગીદારી પેઢીનો લેખ, પાવર ઓફ એટર્ની, ફારગતીનો લેખ આ લેખો ઉપર યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી વાપરેલ છે કે કેમ એના માટે કલમ–૩૨(ક) છે. આપ સાહેબ એડવોકેટ છો એટલે આપને ખબર છે કે સ્ટેમ્પ ડ્યૂટીની અંદર કલમ –૩૨(ક) હેઠળ ભૂતકાળમાં ૧૯૮૪ના દસ્તાવેજો જે થઇ ગયેલા હતા, એ દસ્તાવેજો થઇ ગયેલાના દસ વરસ પછી પણ ૧૯૯૪ માં ૩૨(ક)ની નોટિસ આવે, સાહેબ આ વહીવટ ભૂતકાળમાં ગુજરાતે જોયો છે અને એટલા માટે મારે કહેવું છે કે તે સમયે મિલકતની જે કિંમત નક્કી થઇ ગયેલી હતી, દસ્તાવેજ થઇ ગયેલો હતો પરંતુ ફેરઆકારણી થઇ અને અવાસ્તવિક કિંમત નક્કી થઇ એના કારણે ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડે આ પ્રકારે ૧૯૮૪થી ૧૯૯૪ દરમિયાન ભયંકર ભ્રષ્ટાચાર થયો હતો. લોકોને મુસીબત ઉભી થઇ હતી, મુશ્કેલી પડી હતી અને ત્યારે મારે તો એ પણ વાત કરવી છે કે,

* આ શબ્દો માનનીયઅધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તે વખતે દસ રૂપિયાના સ્ટેમ્પ, વીસ રૂપિયાના સ્ટેમ્પ, પચાસ રૂપિયાના સ્ટેમ્પ મળે નહિ, લોકોને ફરજ પડે ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ લેવાની, અને સ્ટેમ્પ ખરીદવા પડે એટલું જ નહિ એ માટેના સ્ટેમ્પ વેન્ડર પણ સમયસર ઉપલબ્ધ થાય નહિ. વેન્ડર સિવાય તે જમાનામાં કોઇ સ્ટેમ્પ વેચતું ન હતું, પરંતુ મારે એ વાત પણ કરવી છે કે તે વખતે નાસિક અને હૈદરાબાદથી આ સ્ટેમ્પનું ડિસ્ટ્રિબ્યુશન આખા દેશમાં થતું હતું અને એવા સમયે તે વખતની સરકારમાં જે તેલગી કૌભાંડ થયું છે એમાં તો કદાચ એવુ બને કે પાકિસ્તાનના આઇ.એસ.આઇ.ના એજન્ટ નેપાળની બોર્ડર ઉપર જઇને એ ડૂપ્લીકેટ નોટ, હિંદુસ્તાનનું ચલણ છાપે અને વેચે અને આપણે નોટબંધીના કાયદાથી એને નેસ્તનાબૂદ કરી શકીએ પરંતુ તે વખતે આ જે બોગસ સ્ટેમ્પ પેપર છાપવામાં આવ્યા એના કારણે સ્ટેમ્પ પેપર ઉપરનો કોઇનો માલિકીનો દસ્તાવેજ હોય, કોઇનો મોર્ટગેજ ડીડ હોય આ ખોટાં ઠરે તો આખા દેશનું અર્થતંત્ર છિન્નભિન્ન થઇ જાય, અર્થતંત્ર તૂટી જાય એ પરિસ્થિતિ પેદા થઇ હતી. તેવા વખતે મારે કહેવું છે કે, સમગ્ર અર્થતંત્ર ન તૂટી પડે, આવા આર્થિક વિશ્વનું મોટામાં મોટું કૌભાંડ ન થાય તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સ્ટેમ્પ ડ્યૂટી બાબતે અનેક સુધારા કર્યા છે. ડીજીટલાઇઝેશનની નીતિ લાવ્યા છે અને મહિલા જો પ્રોપર્ટી ખરીદે તો એના માટે રજિસ્ટ્રેશન ફી પણ માફ કરી છે. મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૬૮૦૮ કરોડ રૂપિયાની રકમ, ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટી નહિ સાહેબ આ સ્ટેમ્પ ડ્યૂટીની આવક થઇ છે. કારણ કે આપણે ત્યાં તો પહેલાં કિંમત નક્કી થઇ જાય છે, દસ્તાવેજ થઇ જાય છે, ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટીનો કોઇ પ્રશ્ન રહેતો નથી. આવા સમયે આપણે અનેક સ્ટેમ્પ વેન્ડરોને પરવાનગી આપી, અનેક ફ્રેન્કીંગ મશીનો બેન્કોમાં મૂકવા માટે એસ્ટાબ્લીશ કરી શક્યા. અનેક ઇ–સ્ટેમ્પીંગ દ્વારા સ્ટેમ્પ પેપરની સુવિધા ઉભી કરી, ઇ–પેમેન્ટ દ્વારા પણ આ સુવિધા ઉભી કરી છે. આ જે સુધારો લાવ્યા છે અમારા મંત્રીશ્રી તે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઇમાં કંપની એકટ અને ભાગીદારી દસ્તાવેજ એ એકટ અન્વયે સંબંધિત કલમો ૨–જી–૪ તથા કલમ–૭, તેમજ સાત આર્ટીકલો પહેલો ૭ બીજો ૮ નંબર, ત્રીજો બાર નંબર ચોથો વીસ નંબર પાંચમો પાંત્રીસ નંબર, છઠ્ઠો ૪૪ નંબર અને સાતમો ૫૩ નંબર એ પ્રમાણે ત્રણ પ્રકારના સુધારા લઇને આવ્યા છે આ સ્ટેમ્પ એકટમાં. પહેલું કે આ આર્ટીકલ અને ફેરફારના કારણે સ્ટેમ્પ ડ્યૂટીની વસૂલ કરવાની અર્થઘટન બાબતે કાયદાનો વિવાદ ઉભો ન થાય એનો ફાયદો થશે. બીજું સ્ટેમ્પ ડ્યૂટીની આવક વધશે. કલીયારિટી થશે અને સ્ટેમ્પ ડ્યૂટી ખોરંભે ન જાય એનું પણ કલીયરન્સ થશે અને ત્રીજું પ્રવર્તમાન અધિનિયમમાં આ જે પારદર્શકતા છે એ પણ કલીયર થશે. આમ, આ ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જે સુધારો છે તે યોગ્ય છે અને એ સુધારાને હું મારું સમર્થન કરું છું અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી દ્વારા આ જે સ્ટેમ્પના સુધારા લાવવાના કારણે હવે સબ રજિસ્ટ્રાર કચેરીની અંદર આપણે પૂરેપુરો એને ન્યાય આપી શકીએ છીએ અને સ્ટેમ્પ ડ્યૂટીનો સૌથી ઓછામાં ઓછો દર લેવામાં આવે છે ૪.૯ ટકા લેવામાં આવે છે. એટલુ જ નહીં મુળ તો ૩.૫૦ ટકા છે જે આખા દેશના તમામ રાજ્યમાં જે પ્રમાણે પ્રોપર્ટીના દસ્તાવેજની અંદરનો સ્ટેમ્પ ડ્યૂટીનો દર સૌથી ઓછામાં ઓછો ૩.૫૦ ટકા આપણે ત્યાં છે. ૪૦ ટકા સરચાર્જ થવાના કારણે કુલ ૪.૯૦ ટકાનો સ્ટેમ્પ ડ્યૂટીનો દર છે ત્યારે અને અનેક સુધારા આપણે સબ રજીસ્ટ્રાર કચેરીમાં લાવ્યા છીએ ત્યારે મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ સુધારા થવા જરૂરી છે અને ફરીથી સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં વધારો એ જી.એસ. ટી પછી આપણી સૌથી મોટી મહેસૂલની આવકની અંદર વધારો હોય ત્યારે આ આવક વધારવા માટે, પ્રોત્સાહિત કરવા માટે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે આ ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક લાવ્યા છે એને હું અનુમોદન આપું છું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ(મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૫૮ ના સ્ટેમ્પ એકટમાં જે સુધારા લઇને હું આવ્યો છું એમાં માનનીય સભ્યશ્રી ડો. સી. જે. ચાવડા, અરવિંદભાઇ, પૂર્ણેશ મોદી એમ ત્રણ માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યક્ત કર્યા છે. માનનીય સી.જે. ચાવડાએ જે ચિંતા વ્યક્ત કરી છે એ સાચી છે પણ એમને માહિતી આપવા માટે જણાવું કે આ કાયદો, ૨૦૧૩માં ભારત સરકાર લાવી હતી અને એનું અમલીકરણ તારીખ ૧૫–૧૨–૨૦૧૬થી કર્યું છે. એટલે એ સમય મર્યાદામાં છે.

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષની અનુમતિથી આ બિલ પૂરું થાય ત્યાંસુધી રિસેસ સમય લંબાવીએ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવિંદભાઇએ ખાસ કરીને ભાગીદારી પેઢીમાં અને જે ડેવલપરો છે એની ચિંતા વ્યક્ત કરી છે.

એટલે આ સુધારામાં મેં કહ્યું એમ બીજા સુધારાને સંલગ્ન સુધારા છે. જ્યારે વ્યવસ્થાનો ભાગ આવશે ત્યારે અમારા વિભાગ દ્વારા એમણે જે ચિંતા વ્યક્ત કરી છે એને પણ અમે ધ્યાને લઇશું. છેલ્લા કેટલાક દિવસોમાં આદરણીય વિજયભાઇના નેતૃત્ત્વમાં, આદરણીય નીતિનભાઇના નેતૃત્ત્વમાં સ્ટેમ્પ વિભાગમાં સિસ્ટમમાં ઝડપ લાવવા માટે, પારદર્શકતા લાવવા માટે જે નિર્ણયો લીધા છે એની પૂર્ણેશભાઇએ વાત કરી છે. ૨૦૧૬–૧૭માં રાજ્ય સરકારે અમને ૫,૭૦૦ કરોડનો લક્ષ્યાંક આપ્યો હતો. એની સામે ૫,૭૬૭ કરોડનો લક્ષ્યાંક અમે સિદ્ધ કરેલ છે એટલે કે અમે ૧૦૦ ટકા ટાર્ગેટ પૂરો કર્યો છે. એ જ રીતે ૨૦૧૭–૧૮માં ૭,૧૦૦ કરોડનો લક્ષ્યાંક આપ્યો છે એમાં અમે ફેબ્રુઆરી સુધી ૬૮૪૮ કરોડનો લક્ષ્યાંક પૂરો કર્યો છે. એટલે આ વખતે પણ ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂરો થવાનો છે. મારે આપના દ્વારા સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, સૌથી ઓછી સ્ટેમ્પ ડ્યુટી ગુજરાતમાં છે. કર્ણાટકમાં ૮.૮ ટકા, મધ્ય પ્રદેશમાં ૭.૫ ટકા, મહારાષ્ટ્રમાં ૫ ટકા, તામિલનાડુમાં ૮ ટકા અને ગુજરાતમાં ૪.૯૦ ટકા છે. બીજું એ કે, અમારી સરકાર તા. ૧/૪/૨૦૦૩ થી દર વર્ષે ઉત્તરોત્તર સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરતી આવી છે અને એની સાથે – સાથે આવકમાં ઘણો વધારો થયો છે. એના આંકડા પણ હું આપના માધ્યમથી આપવા માગું છું. તા. ૧/૪/૨૦૦૩માં ૧૪.૮૦ ટકા દર હતો જે અમે ૧૧.૨૦ કર્યો. ત્યારબાદ ૨૦૦૪માં ૮.૪૦, તા. ૧/૪/૨૦૦૬માં ૫.૯૫ કર્યો

અને આજે ૪.૯૦ કર્યો છે. એટલે સતત ડ્યુટીમાં પણ અમે ઘટાડો કરતાં આવ્યા છીએ અને ૧૦૦ ટકા ટાર્ગેટ પણ પૂરો કરતા આવ્યા છીએ. વધારાની બાબતમાં આ વખતના બજેટમાં અમારા વિભાગમાં ૧૯ જિલ્લાની ૨૨ સબરજીસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરીઓ બનાવવાની છે. એની પણ અમે નવી બાબતમાં જોગવાઇ કરી છે. એ જ રીતે અમારા વિભાગમાં 'ગરવી' સોફ્ટવેર બનાવ્યું છે જેથી જે લોકો દસ્તાવેજનું રજીસ્ટ્રેશન કરવા જાય એને સરળતા થાય અને એની માહિતી મેળવવી હોય તો સોફ્ટવેરના આધારે કરવાથી ઝડપ આવે છે. બાકી પૂર્ણેશભાઇએ ઇ–સ્ટેમ્પિંગની વાત કરી છે, સ્ટેમ્પ પેપરની વાત કરી છે, ફ્રેન્કીંગ મશીનની વાત કરી છે. ભૂતકાળમાં સ્ટેમ્પ પેપરની બૂમો પડતી હતી. અમે એવું આયોજન કર્યું છે કે, બહુ જૂજ કેસોમાં સ્ટેમ્પ પેપરની બૂમો આવે છે. અમારો વિભાગ સરકારની આવક માટે અને પબ્લિકને પડતી મુશ્કેલીઓ માટે સરળતા કરી રહ્યો છે. આજે આ ગૃહ સમક્ષ ૨–૩ ટેકનિકલ સુધારા, બીજા ભારત સરકારને આનુષાંગિક શાબ્દિક સુધારા છે એ સરળ કરીને વિરોધ પક્ષના નેતા આજે હાજર છે તો સર્વાનુમતે રાજ્યના હિતની અને પ્રજાના હિતની વાત છે, તો આપણે સૌ સાથે મળીને આ બિલને સમર્થન આપીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૮નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક ૨૫નું (સુધારેલા રૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક– ૨૫ નું (સુધારેલા રૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**( વિરામ– બપોરે ૧.૩૬ થી ૨.૩૦ )**

**સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૭

**રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૮**

ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ વધુ સુધારવા
બાબત વિધેયક

શ્રી કૌશિકભાઇ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે પહેલું બિલ લઇને આવ્યો હતો તે સ્ટેમ્પ એકટને લગતું હતું. અત્યારે આ બિલ લઇને આવ્યો છું તે સ્ટેમ્પ ઉઘરાણી માટે કોણ કોણ સ્ટેમ્પ રજીસ્ટ્રેશન કરી શકે, તેની અંદર બે સુધારા લઇને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં મુખ્ય દસ્તાવેજો અત્યાર સુધી સબ રજીસ્ટ્રાર ઓફિસમાં રૂબરૂ આપતા હતા અને ચેક થતા હતા. એના બદલે ઇલેકટ્રોનિક સાધનોથી એ દસ્તાવેજો મોકલી શકાશે અને મોકલ્યા પછી એ દસ્તાવેજોનું એ અધિકારીઓ વેરીફીકેશન કરશે, અને પછી બોલાવશે એટલે જે વિલંબ થતો હતો એટલા માટે ઇલેકટ્રોનિક સિસ્ટમ દાખલ કરવા માટે આ વિધેયક લઇને આવ્યો છું. હવે ઇલેકટ્રોનિક સિસ્ટમ દાખલ કરીએ એટલે તેના નિયમો અને રૂલ્સ બધા બનાવવાના હોય છે. એના માટે સત્તા આપવા માટે એના નિયમો બનાવવા માટે પણ સુધારો લઇને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી કબજા સાથેના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત હતી. આના સિવાય જે દસ્તાવેજો થતા હતા તે નોટરી મારફતે થતા હતા અને આ જે પાવર ઓફ એટર્નીના આધારે થતા હતા તેમાં થતા ખોટા અને બનાવટી દસ્તાવેજોની નોંધણી પર નિયંત્રણ લાવવા તથા મૂળ માલિકોના માલિકી હકકો સુરક્ષિત રાખવા માટે સ્થાવર મિલકતના કબજા સિવાયના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત કરવામાં આવી છે. પહેલા કબજા સાથેના પાવર ઓફ એટર્ની હતી જે નોંધાતા હતા, આના સિવાયની જે પાવર ઓફ એટર્ની આવતી હતી તે નોંધાતા ન હતા, એમાં ચેડાં થતાં હતાં અને છેતરપીંડી થતી હતી, એ પણ નોંધવાના ફરજીયાત કર્યા છે.

---

• વિધેયક તા.૨૦મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ચૈત્ર ૬, ૧૯૪૦ શાકે

## રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, નોંધણી અધિનિયમ ૧૯૦૮ ની કલમ–૩૨, ૩૪ અને ૩૫ માં જે દસ્તાવેજો કોણે અને કઇ જગ્યાએ રજૂ કરવા એની વ્યાખ્યા આપી છે અને કેવી રીતે કરવા એ સિસ્ટમ આપી છે. તે અંગે તથા દસ્તાવેજ રજૂ થયા બાદ સબ રજીસ્ટ્રારશ્રીએ કરવાની થતી કાર્યવાહી અંગે જોગવાઇ કરવામાં આવી છે. નવી જોગવાઇ મૂજબ ઇલેકટ્રોનિક સાધનો દ્વારા દસ્તાવેજ રજૂ કરી શકાશે તથા પક્ષકારોની ઓળખાણના પૂરાવા મેળવી શકાશે. કેટલીક સૂચનાઓ અત્યારે પરિપત્રથી ચાલતી હતી. હવે એને કાયદાનું પીઠબળ આપીએ છીએ એટલે ઓળખાણના પૂરાવા એને કાયદાનું પીઠબળ મળતાં ફરજીયાત બનશે. પક્ષકાર દસ્તાવેજ કરી હા– પાડે તેવા દસ્તાવેજોની એટલે કે જયારે દસ્તાવેજો મેન્યુઅલી કરવા જતા હતા, ત્યારે પક્ષકારો કોઇ હા– પાડે કોઇ ના– પાડે વિગતો ખોટી હોય તો એ જ રીતે ઇલેકટ્રોનિકની અંદર પણ આ દસ્તાવેજ મોકલ્યા પછી સક્ષમ અધિકારી ચેકીંગ કરશે, આ ચેકીંગ કર્યા પછી તેમાં પક્ષકારો હા– કે – ના પાડશે તો એ પણ નહીં નોંધે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બે સુધારા, એક તો કબજા સાથેના જે પાવર ઓફ એટર્ની થતા હોય તેને નોંધવાના અને તેના વગરના પણ નોંધવાના ઇલેકટ્રોનિક સિસ્ટમ દાખલ કરવાની અને ઇલેકટ્રોનિક સિસ્ટમ દાખલ કરવાના નિયમો બનાવવાના. આ મુખ્ય ત્રણેક સુધારા લઇને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું, અગાઉ પણ મેં વિનંતી કરી હતી અને ફરીથી પણ વિનંતી કરું છું કે, આની અંદર વહીવટી સુધારણા છે, લોકોને હાલાકી ન પડે અને ઇલેકટ્રોનિક સિસ્ટમ દાખલ કરી છે એટલે એ ઇલેકટ્રોનિક સિસ્ટમથી લોકોના કામ ઝડપી થાય અને સમયનો બગાડ ન થાય અને રજીસ્ટ્રેશન થાય તેના માટે આ સુધારો લઇને હું આવ્યો છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : મનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી રજિસ્ટ્રેશન એકટ ૨૦૧૮માં સુધારો લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

આ પહેલા રજિસ્ટ્રેશન વિધેયક ૨૦૧૬માં સુધારા થયા છે. એ પહેલા સન ૨૦૦૮માં પણ આ ગુજરાત રજિસ્ટ્રેશન એકટમાં આ સરકારે સુધારા રજૂ કર્યા છે. ૨૦૦૮ અને ૨૦૧૮ એમ દસ વર્ષ સુધીમાં જે કંઇ ખામીઓ જણાઇ અથવા જે કંઇ પ્રશ્નો ઉદભવ્યા એના કારણે વખતો વખત આ સુધારા રજુ થતાં હોય છે. મેઇન સુધારો પાવર ઓફ એટર્નીનો સુધારો છે. આ પાવર ઓફ એટર્નીથી દસ્તાવેજ કરવાના થાય ત્યારે જે પ્રશ્નો ઉદભવ્યા એના કારણે આ સરકાર જાગૃત બની અને આ સુધારાઓ લઇને આવે છે. અમે તો એમ કહીએ છીએ કે પાવર ઓફ એટર્નીના બે ભાગ પાડવા જોઇએ. એક એવી કે ઘણી વખત ગામડાંમાં લોકો અશકત હોય, વૃદ્ધ હોય વિધવા હોય કે ગરીબ હોય છે જે તાલુકાની કચેરી સુધી આવી શકતા નથી તો ફકત એવું પાવર ઓફ એટર્ની કરે કે જે કામગીરી કરવા માટેનું હોય, મામલતદાર, પ્રાત, કલેકટર કે કોર્ટમાં લડવા માટેનું આવું પાવર ઓફ એટર્ની રજૂ કર્યું હોય તો એનું રજિસ્ટ્રેશન કરવાની જરૂરિયાત જણાતી નથી. પણ એમાં સ્પષ્ટ લખ્યું હોય કે મિલ્કત ઉપર તબદીલી પર ગીરો મુકવાના પણ અધિકાર હશે તો એવું પાવર ઓફ એટર્ની હંમેશા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી બને છે. આ પાવર ઓફ એટર્ની રજિસ્ટ્રેશન કરાવો, પહેલા પાવર ઓફ એટર્નીના બે ભાગ પાડ્યા, પહેલા તો પાવર ઓફ એટર્ની સિવાય દસ્તાવેજ ન થઇ શકે એવું પણ ગુજરાત સરકારે કહેલું, પરંતુ સુપ્રીમ કોર્ટના ચૂકાદાના હિસાબે પાવર ઓફ એટર્ની વેલીડ થયું જે પાવર ઓફ એટર્ની કરીને લોકો ધંધાદારી બન્યા છે. ઘણા જમીનના ધંધા સાથે કે એની લે વેચ સાથે સંકળાયેલા નથી, ફકત પાવર ઓફ એટર્ની સાથે સંકળાયેલા છે, કેવી રીતે ફેક પાવર ઓફ એટર્ની ઉભી કરવી કેવી રીતે માણસને છેતરવો, ખેડૂત પાસેથી કેવી રીતે સહી કરાવી લેવી, પાછળથી કેવી રીતે શબ્દો ઉમેરવા આ બધી વાતો લઇને પાવર ઓફ એટર્ની ઉભી કરીને આખી જમીનની લે–વેચમાં પડીને જે ભૂમાફિયાઓ છે એની સાથે ભળી જઇને ગરીબ ખેડૂતોને ગરીબ જમીન માલિકોને છેતરવાનું કામ આ લોકો અત્યાર સુધી કરતાં આવ્યા છે. એમાં થોડુંક કડક બનવાનું કામ આ ગુજરાત સરકાર સુધારો લઇને આવી છે. પરંતુ મેં કહ્યું એમ પાવર ઓફ એટર્નીના બે ભાગ પાડે. જેમાં જમીનની લે વેચની વાત હોય ત્યાં જ પાવર ઓફ એટર્નીનું રજિસ્ટ્રેશન કરવાનું આવે તો વધુ ઉચિત રહેશે. અને આ પાવર ઓફ એટર્નીથી કબજા સાથેનું અને કબજા વગરનું બે પાવર ઓફ એટર્ની થઇ શકે છે. કબજા સાથેનું પાવર ઓફ એટર્ની હોય તો ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડતું હતું એવું ૨૦૧૬નો સુધારો છે પણ કબજા વગરનું પાવર ઓફ એટર્ની હોય તો એનું રજિસ્ટ્રેશન ફરજિયાત નહોતું પણ સો રૂપિયાના સ્ટેમ્પ ઉપર નોટરી પાસે જાય નોટરાઇઝ કરાવી દે અને નોટરાઇઝ અને આ ગીરો નોટરાઇઝ પાવર ઓફ એટર્ની કરનાર ભેગા થઇ જાય, ખરા ખોટા ગીરો ખત ઉભા કરી નાખે દસ્તાવેજ કરાવી નાખે પછી કોર્ટ મેટર થાય પછી એમાં કોણ સાચો કયુ સાચું પાવર ઓફ એટર્ની સાચી કે ફિંગર પ્રિન્ટ આવા અનેક કોર્ટ મેટરોના કારણે ખેડૂત આખી જિંદગી એમાં અટવાઇ પડતો હતો એમાંથી બહાર નીકળવાના પ્રયાસો સો ટકા થયા છે તેમ છતાં આવા લોકોના કારણે આવા ગણ્યા ગાઠ્યા લોકો જમીનની સાથે આવી છેતરપિંડી કરે છે એના કારણે આવા એક બે ટકા હોય છે તમામ લોકો આવા નથી હોતા. એક બે ટકા આવી ચોરી કરીને ભૂમાફિયા સાથે ભળીને કૌભાંડો કરીને એના કારણે ગુજરાતની સમગ્ર પ્રજા હેરાન થાય એવા કાયદાઓથી આપણે બચવું જોઇએ. અને ગુજરાતના સામાન્ય ખેડૂતો, ગરીબ ખેડૂતો,વિધવા બહેનો ગામડાંમાં રહેતા લોકો તાલુકા કક્ષા સુધી પહોંચી ન શકતા લોકો હેરાન ન થાય એનાથી બચવું જોઇએ એટલે ફકત કામગીરી કરવાની જવાબદારી સોંપતું પાવર ઓફ એટર્ની હોય એને આમાંથી બાકાત રાખવું જોઇએ અને જે લે વેચ કરી શકશે ગીરો ખત કરી શકશે એવા અધિકાર આપ્યા હોય એટલાનું રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત થાય એ વધુ ઉચિત રહેશ. આમાં બીજા કલોઝનો સુધારો છે મહેસૂલી અધિકારી કોઇ વેચાણ ખત આપે અથવા વેચાણપત્ર આપે તો એનું રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત નથી. આ કાયદામાં એવો સુધારો થાય. દા.ત. ધારાસભ્યોને પહેલા રાહતદરના પ્લોટ આપતા હતા. કલેકટરશ્રી હુકમ કરે અને પાટનગર યોજના વિભાગ હુકમ કરે કે રાહત દરે પ્લોટ આપવામાં આવે છે. પછી નોંધણી કરાવતી

વખતે દસ્તાવેજ એના નાયબ સચિવ કે કલેકટરશ્રીએ અધિકૃત કરેલ અધિકારી કોર્ટમાં આવું રજિસ્ટ્રેશન કરાવતા હતા અને તેની રજિસ્ટ્રેશન ફી ભરવાની થતી હતી. હવે આમાંથી બાકાત આપ્યું છે કે વેચાણ ખત એટલે એક પત્ર. અધિકાર પત્ર આપી દે તો રજિસ્ટ્રેશન કરાવવાની જરૂરિયાત નથી. આનાથી ઘણી વખત ખોટા પત્રો પણ ઉભા થતાં હોય છે. આ રાજ્યમાં જેટલા કાયદાઓ લઇને આવીએ છીએ તેમાં કાયદાથી ખોટું કરનાર વ્યકિત બે પગલાં આગળ હોય છે કે આમાં કઇ રીતે ખોટું કરવું. એમાં કોઇ વખતે મને બરાબર અનુભવ છે કે મામલતદાર કચેરી ગાંધીનગરમાંથી મામલતદારના ખોટા સિક્કા મારીને ખોટા કાગળો ઉભા કરીને બોરીજ અને આદિવાડાની જે પાટનગર યોજનાની જમીન છે તેના હુકમો પણ થઇ ગયા. એનું એન.એ. થઇ ગયું. એના પ્લોટ પણ વેચાઇ ગયા. એના મકાનો બની ગયા અને હવે તપાસ ચાલે છે અને આખું કૌભાંડ બહાર આવ્યું છે. તેમાં શું વાંધો છે? વેચાણખત આપ્યા પછી પણ જેને રાહત દરે જમીન મળી છે અથવા તો હરાજીમાં લીધી છે એને જેટલી સ્ટેમ્પ ડ્યૂટી ભરીને, સરકારમાં સ્ટેમ્પ ડ્યૂટી જમા કરાવીને રજિસ્ટ્રેશન થશે તો તેને વધુ કાયદાકીય હક્કો મળશે અને વધુ આંટીઘૂંટીમાંથી બહાર નીકળશે. તો આ સુધારો કરવાની જરૂર મને જણાતી નથી. આ મારો વ્યકિતગત અભિપ્રાય છે કે વેચાણખત આપ્યા પછી પણ તેનું રજિસ્ટ્રેશન થવું જોઇએ. રજિસ્ટ્રેશન એકટ મુજબ તેનો સ્ટેમ્પ બનવો જોઇએ અને સ્ટેમ્પની નોંધણી થવી જોઇએ. જેથી લેનાર વ્યકિતને પણ ભવિષ્યમાં સરકારની સામે, કલેક્ટરની સામે કે અધિકારીની સામે લડવાના ખરા ખોટા પ્રસંગો ઉભા ન થાય. એટલે તેનું પણ સ્ટેમ્પ ડ્યૂટી રજિસ્ટ્રેશન થવું જોઇએ એમ મારું અંગત મંતવ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ ગીરો ખત કે ગીરો આપનાર કે ઇ–સ્ટેમ્પીંગ. ઇ–સ્ટેમ્પીંગ દ્વારા પણ નોંધણીની અહીંયા વાત થઇ છે અને સુધારો આવી રહ્યો છે. કલમ–૧૭ પ્રમાણે કોઇ પણ વ્યક્તિએ દસ્તાવેજની નોંધણી કરાવવી હોય તો રજિસ્ટ્રારની સમક્ષ જવું પડે છે. રજિસ્ટ્રાર સમક્ષ જઇને તેની પોતાની ફીંગર પ્રિન્ટ, તેનો પોતાનો ફોટો ત્યાં પડાવવો પડે છે. જેના કારણે થોડા ખોટા દસ્તાવેજો ભૂતકાળમાં થતાં હતા એ ન થાય તેના માટે આવા સુધારા ધીરેધીરે આવતા જાય છે. હવે ઇ–સ્ટેમ્પીંગનો જમાનો આવ્યો. ૨૧મી સદી આવી. કોમ્પ્યુટરાઇઝેશનનો જમાનો આવ્યો. ટેક્નોલોજી આગળ વધી તો ઇ–સ્ટેમ્પીંગ દ્વારા પણ નોંધણી થઇ શકશે અને પછી ૩૦ દિવસની અંદર આ બધા આધાર પુરાવા અથવા તો પક્ષકરને ત્યાં જવું પડશે અથવા તો તેનું વેરીફીકેશન કરશે. આ બધું હોવા છતાં, સરકારની આટલી કડકાઇ હોવા છતાં અધિકારીઓ અને બધા ભેગા થઇને ઘણા બધા નાના મોટા કૌભાંડો કરતા હોય છે. તો તેના માટે હજુ પણ, આ જમીન કિંમતી થતી જાય છે. અમદાવાદ હોય કે ગુડા હોય કે સુડા હોય તેની આજુબાજુની જમીનો એટલી બધી કિંમતી થાય છે અને આપે જે જંત્રીના દર નક્કી કર્યા છે. જંત્રીના દર પણ એટલા ઉંચા હોય છે કે બજાર કિંમત તેનાથી પણ ઉંચી હોય છે. એક ચોરસફૂટની કિંમત થવા માંડી. એક ચોરસવારની લાખો રૂપિયા કિંમત થવા માંડી ત્યારે માણસો કઇ રીતે ખોટું કરવું તેમાં સ્હેજ આગળને આગળ વધતાં જાય છે ત્યારે ઇ–સ્ટેમ્પીંગ કરતા પહેલાં વેરીફિકેશન કરવામાં આવે. પછી પણ કરવું છે. પછી પણ કરવાનું થાય છે તો ઇ–સ્ટેમ્પીંગ નોંધણી થતાં પહેલાં વેરિફીકેશન કરીને જ નોંધણી કરે. મોકલી શકે, ઇ–સ્ટેમ્પીંગથી દસ્તાવેજ મોકલી શકે. દસ્તાવેજ જોઇ શકે પણ નોંધણી કરતા પહેલાં આ બધું વેરિફીકેશન થાય એ જરૂરી છે. નહીં તો આપણે ગમે તેટલા કાયદાઓ બનાવીએ પણ કાયદાનું ઉલ્લંઘન કરનારા વ્યક્તિઓ અને કાયદાને ઘોળીને પી જનારા વ્યકિતઓ કાયદાથી આગળ હોય છે અને કેમ ખોટું કરવું, કઇ રીતે ખોટું કરે છે એ ખોટાની સમજણ પડતા પણ સરકારને અને આપણને બધાને પાંચ–દસ વર્ષ નીકળી જાય છે એટલા માટે ૨૦૦૮માં સુધારો થયો, ૨૦૧૬માં સુધારો થયો અને આજે ૨૦૧૮માં સુધારો થયો છે. જો કે માનનીય મહેસૂલ મંત્રી અનુભવી છે. પોઝીટીવ અભિગમ ધરાવતા વ્યક્તિ છે એટલે જે કંઇ સુધારા થશે એ પ્રજાના હિતમાં જ કરતા હશે, પણ પ્રજાના હિતમાંથી છ કરોડની જનતામાંથી કેટલીક વ્યકિતઓ એવી વધારે પડતી હોંશિયાર હોય છે કે આખા સ્કેન્ડલો રચતી હોય છે. તો આવા વ્યકિતઓ સ્કેન્ડલો રચીને સામાન્ય ખેડૂત કે સામાન્ય વ્યકિતને કોર્ટની આંટીઘૂંટીમાં નાખીને પોતાની જમીન ઉપરના હક્કો દૂર થવા સુધીની પ્રક્રિયા કરે છે એમાંથી આપણે બધા ભેગા થઇને, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અભ્યાસ કરીને આ સુધારાઓ લઇને આવશે તો મારો જરૂર ટેકો છે અને ટેકો રહેશે, પણ આમાં જે ફરજીયાત નોંધણી કરાવવાનું કબૂલાતનામું, હક્ક આપ્યા પછી પણ, કલેકટરના હુકમ પછી પણ, પાટનગર યોજનાના હુકમ પછી પણ ફરજીયાત નોંધણી–રજિસ્ટ્રેશન થાય અને સરકારને આવક થશે અને આટલી સસ્તા દરે જમીન લેશે અથવા તો હરાજીમં ભાગ લઇને લાખો રૂપિયાની જમીન લેતા હશે તેને ૪.૯૦ ટકા સ્ટેમ્પ ડ્યૂટી ભરવામાં મુશ્કેલી હોઇ શકે નહીં. એટલે અત્યારે એની ફરજીયાત નોંધણી છે એ ચાલુ રાખવામાં આવશે તો મારો આમાં ૧૦૦ ટકા ટેકો છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૦૮ને વધુ સુધારવા બાબત વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૮૯(૬) તેની અંદર કોઇ જોગવાઇ નહોતી. તેમાં જોગવાઇ કર્યા પછી લાભ થવાનો. લાભ એ થવાનો કે રજિસ્ટ્રેશન કાયદાનો હેતુ દસ્તાવેજોની નોંધણીને કાયદેસરતા મળશે. બનાવટી અને નકલી દસ્તાવેજો દ્વારા થતી છેતરપીંડી અટકશે. રજિસ્ટ્રેશન ઓફિસની અંદર કોઇ એમ લખે કે સાહેબ, મારા નામે કોઇએ પાવર ઓફ એટર્ની કરી છે અને એ પાવર ઓફ એટર્ની ખોટી છે અને મારી સહી નથી. તો રજિસ્ટ્રેશન ઓફિસમાં થયું હોય પણ સબ રજિસ્ટ્રારને એની જાણ થતી નથી. માટે સબ રજિસ્ટ્રાર એમાંથી છટકી જતા હતા. આના લીધે પહેલા એવું થતું હતું કે સબ રજિસ્ટ્રાર એને તો ખ્યાલ ન હોય, જમીન કે મિલકત બાબતે કોઇ ખોટા પાવર ઓફ એટર્ની કરી અને તેના નામે જમીન કરી દેતા ત્યારે કોઇને ખબર પણ ન હોય, જાણ પણ ન હોય, એટલું જ નહીં એ પરદેશમાં રહેતા હોય, એને ખબર પણ ન હોય કે એની ખોટી સહીથી ફ્રોડ કરીને

પાવર ઓફ એટર્ની બનાવી છે. એ વ્યક્તિ લેખિતમાં સબ રજિસ્ટ્રારને જાણ કરે છતાં તેની નોટિસ રજિસ્ટ્રાર શાખામાં પડી રહેતી. મેં હમણાં વાત કરી એ રીતે. સબ રજિસ્ટ્રારને એની જાણ ક્યારેય થતી નહોતી અને એના લીધે સબ રજિસ્ટ્રાર છૂટી જતા હતા. હમણાં એક દાખલો બન્યો છે, એનો પૂરાવો છે. જાસપુર ગામ કલોલ તાલુકામાં આવેલ છે. પાર્ટી અમેરીકામાં રહે છે. એના નામનો ૮૫ વિઘાનો ખોટો દસ્તાવેજ થઇ ગયો. પાર્ટીએ મને જાણ કરી, એની સિસ્ટર મારી સાથે ભણતી હતી. એના માટે અમે રજિસ્ટ્રારને મળ્યા, કોર્ટમાં કેસ કર્યો, રજિસ્ટ્રાર જામીન ઉપર છૂટ્યા. તો આની અંદર પણ અધિકારીએ કાળજી રાખવાની જરૂર છે. ખોટા દસ્તાવેજો થઇ જાય નહીં અને થઇ જાય પછી ખૂબ લાંબી પ્રોસીઝર છે. આની પ્રોસીઝર એટલી બધી છે કે મારી સહી નથી. પાર્ટી અમેરીકા રહેતી હોય અને પેલાએ કબજો કરી દીધો હોય, દસ્તાવેજ થઇ ગયો હોય, એની એન્ટ્રી પડી ગઇ હોય અને એમ કહે કે મારી જમીન છે. ખોટું કામ કરનાર તો જમીન હડપ કરે, મિલકત હડપ કરે એનો કબજો કરે અને જેની મિલકત છે એને કોર્ટમાં લડવાનું. એટલે એમાં એ કહે કે મારી સહી નથી. એની સહી નથી એના માટે એ કોર્ટમાં જાય, કોર્ટમાં ક્યારે લડે અને ક્યારે એનો નિકાલ આવવવાનો! આ કાયદાથી આના માટે નિયમાનુસાર ફાઇલ થશે. હવે પરિસ્થિતિ એવી થવાની કે સબ રજિસ્ટ્રાર ઓફિસની અંદર ૩૨(ક)ની ફાઇલ હશે અને કોમ્પ્યુટરમાં ડેટા નાખેલા હશે જે દસ્તાવેજ કરવા જાય એના. માનો કે જ્યારે કોઇએ એનું ખોટું બાનાખત કર્યું હોય, કોઇએ ખોટી અરજી કરી હોય, કંઇપણ કર્યું હોય તો જે તે નંબરનું એ સબ રજિસ્ટ્રાર એનો રેકર્ડ જોશે અને એને એમ લાગશે કે આમાં વાંધા છે તો એને જાણ કરશે અને દસ્તાવેજ થતો અટકશે. એને જાણ કર્યો પછી એને નોટિસ આપવામાં આવશે અને પછી એનું નિરાકરણ આવશે ત્યારે એનો દસ્તાવેજ થશે. આનાથી ઘણો ફાયદો થવાનો છે. આના લીધે ખૂબ નાના-મોટા ખેડૂતોને, નાની મિલકતની સાચવણી થશે. આ સરકારે સુધારા કર્યા છે. મને કહેતા આનંદ થાય છે કે આ સરકારે દસ્તાવેજ કરતી વખતે સામેવાળાને પૂછે છે કે તમને પૈસા મળ્યા? તને આટલા મળ્યા, આમ મળ્યા, તેમ મળ્યા. સામ સામે બેસીને પૂછવામાં આવશે. કોઇ પાવરવાળો હોય અને એમ કહે કે મેં એને પૈસા આપ્યા છે, એ કહે કે મેં લીધા આની ખાતરી સબ રજિસ્ટ્રારને થાય છે. માટે આ વિધેયક લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું અને આમાં બધાની મિલકતોની સાચવણી થશે. હવે મિલકતોમાં ખોટું કરી શકાશે નહીં એના માટે વિધેયક લઇને આવ્યા છે એને અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા સૂચનો કરવા માટે ઉભો થયો છું. મારા પહેલાના બન્ને સભ્યશ્રીઓએ એમાં સૂચનો રજૂ કર્યા છે, ગુજરાતના લોકોની ચિંતા વ્યક્ત કરી છે. એમાં પણ હું સંમતિ આપું છું. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે પરિપત્ર આધારીત જે આ રજીસ્ટ્રેશનના કામો ચાલતા હતા તેના બદલે કાયદાનું સ્વરૂપ આપવા માટે માનનીય મંત્રીશ્રી સુધારો લઇને આવ્યા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીનું પણ ધ્યાન દોરવા માગુ છું. માનનીય મંત્રીશ્રીએ એમના ઉદ્દેશોમાં જણાવ્યું છે કે હાલમાં, સદરહુ કેન્દ્રીય અધિનિયમમમાં, મિલકતના માલિકી હક્કની તપાસ માટે કોઇપણ જોગવાઇ નથી. તેથી, મિલકત ઉપર સ્થિર અને બાંયધરીકૃત માલિકી હક્ક પૂરો પાડવા અને અનધિકૃત વ્યકિતઓને મિલકત પર ખોટો માલિકી હક્ક ઉભો કરતાં અટકાવવા માટે, કલમ ૩૪માં નવી પેટા-કલમ (૧-ક ) દાખલ કરવા ધાર્યું છે. સારી વાત છે. મેં કલમોનો પણ અભ્યાસ કર્યો છે. સરકારનું આ એક મહત્વનું આવક ખાતુ છે. ગુજરાતના અનેક લોકોની ચિંતા કરવા માટે આર્થિક બાબતો બહુ જરૂરી છે. ગુજરાતની વિકાસની પ્રક્રિયા માટે પણ આવકની જરૂરિયાત છે ત્યારે આવું એક સરસ મજાનું બિલ લઇને આવ્યા છે. એમાં માનનીય મંત્રીશ્રીએ તો રજીસ્ટ્રેશન કરનાર અધિકારી તેનો સ્વીકારવાનો ઇનકાર કરી શકશે તેવો સુધારો લઇને આવ્યા છે. એનો અર્થ એવો થયો કે કોઇ અધિકારી ત્યાં બેઠા હશે તો એની મનસુફી ઉપર કામગીરી ચાલશે. એમણે ઇંગ્લીશમાં પણ સરસ વિગતવાર જણાવ્યું છે, "The Registering officer may refuse to accept non-testamentary documents" એનો અર્થ એવો કે અધિકારીને એમ લાગે કે આ જે ડોકયુમેંટ છે એ ખોટા છે તો એ એને રીફ્યુઝ કરી શકશે પણ એને કયાંક લાગવગ ઉભી થઇ ગઇ, તો એ ન પણ કરે તો શું? ત્યારે કાયદામાં અત્યાર સુધીની અસ્પષ્ટ જે જોગવાઇઓ હતી એ જોગવાઇને કારણે અનેક દસ્તાવેજો થયા છે એ સરકારે ફલોર ઉપર સ્વીકાર્યુ છે. માનનીય ધારાસભ્યશ્રી બાબુભાઇએ પણ સ્વીકાર્યુ, આવા અનેક બનાવો બન્યા છે જેના કારણે લોકોની સહી ઓળખાવા માટેની ઘણી બધી વિટંબણા થાય છે. જયારે કોઇપણ વ્યકિત પોતાની સહી ખોટી કરે એને ઓળખાવા માટે આપણે લેબોરેટરીમાં મોકલીએ છીએ. લેબોરેટરીમાં એટલી બધી સહીઓ પડી છે કે એને ઓળખાવા માટે ઘણો બધો સમય જતો હોય છે. પોતાની મિલકત બીજાના નામે ચડી જાય અને પોતાને કોર્ટમાં જવું પડે એના માટે પણ સભાગૃહના સભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી ત્યારે, માનનીય મંત્રીશ્રીને હું એમ કહેવા માગુ છું કે , તમે સ્વીકારવાનો ઇન્કાર કરી શકશે એના બદલે સ્વીકારી શકશે જ નહીં. શા માટે May? It Should. એને કમ્પલઝન હોવું જોઇએ. જયારે તમે એવું કમ્પલઝન નહીં આપો તો કોઇ અધિકારીને કયાંકને કયાંક નાની મોટી લાગવગ ઉભી થઇ ગઇ, કોઇક એના સંબંધીઓ કંઇક કરવા આવ્યા અને એનું ખોટું કરવું હશે તો કરવા માટેનો એનો એક રસ્તો ખુલ્લો થયો છે. પછી પાછળથી હમણાં જ વાત થઇ, બાબુભાઇએ કહ્યું કે એક અધિકારીએ પણ જેલમાં જવું પડયું હતું. જેલ તો બહુ જુદી વાત છે. કોઇપણ વ્યકિતની મિલકત, અભણ વ્યકિતની મિલકત પચાવી પાડવાના જયારે આપણે દ્વાર બંધ કરવા માગીએ છીએ ત્યારે, may ને બદલે it should હોવું જોઇએ એવું હું માનુ છું અને આવા કાયદામાં સુધારો કરવા માટેના અનેક સુધારા થયા છે, આ એક સુધારો નથી થયો. આવા ઘણા સુધારા થયા ત્યારે માનનીય મંત્રીશ્રીને હું પોતાનું બિલ સ્પષ્ટ શબ્દો સાથે અને કોઇ એમને

કયાંય છટકબારી ના મળે તે પ્રકારના બિલ સાથે આવવું જોઇએ તેવી મારી લાગણી વ્યકત કરુ છું. બીજા જે સુધારાઓ કર્યા છે, અમારા શ્રી સી.જે. ચાવડા રેવન્યુ ખાતા સાથે જોડાયેલા છે અને એમણે બહુ અભ્યાસ કરીને ૮૯ના સુધારા માટે ચર્ચાઓ કરી છે એને અનુમોદન આપુ છું પરંતુ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે, જયારે આવા સરસ સુધારા લઇને આવ્યા છે અને એ તિજોરીમાં આવક ઉભી કરનારા છે. થોડાક દિવસ પહેલાં હું ધારાસભ્ય બન્યો પછી મારી એક મિલકતનો દસ્તાવેજ કરવા માટે રાજકોટ ગયો, ગોજારીયા અને વાવડીનો દસ્તાવેજ. દસ બાય દસની ઓરડીમાં દસ્તાવેજ થાય. બેસવાની પણ જગ્યા નહીં. વકીલો બેસે નહીં. આવડી મોટી આવક ઉભી કરનાર તમારું સ્ટેમ્પ ડયૂટી છે એને કમસેકમ સારી ઓફીસ તો આપો. આટલી બધી આપણે વિકાસની વાતો કરીએ છીએ કે અમારો વિકાસ આમ છે, અમારો વિકાસ આમ છે. વિકાસની વાતો કરીએ છીએ ત્યારે આવક આપતી, રેવન્યુ આપતી મહત્વની સ્ટેમ્પ ડયૂટીની જે બાબત છે એના દસ્તાવેજ કરનાર હોય છે એમાં ઘણી વખત એવું થાય છે કે પોતાને પોતાની મિલકત વેચવી નથી, એની મજબૂરી છે અને વેચવા જાય છે ત્યારે રડતી આંખે પોતાને દસ્તાવેજ કરવો પડતો હોય છે. એમના સ્ટેમ્પ આપવા પડતા હોય છે. એમને દુઃખ હોય છે. એક નાની ઓરડીમાં આ બધુ બહુ મુશ્કેલ પડે છે ત્યારે તમે આવી સ્ટેમ્પ માટેની જે વ્યવસ્થાઓ છે એમાં બેસવા માટેની પણ વ્યવસ્થા થાય. લેનારને બેસવા માટેની વ્યવસ્થા થાય અને વેચવારને પણ બેસવા માટેની વ્યવસ્થા થાય, વકીલો પણ કામગીરી કરતા હોય છે સ્ટેમ્પ ડયુટીનું પણ કામ કરતા હોય છે એના માટેની પણ સગવડતા ઉભી થાય તેવી લાગણી સાથે આ મારા સૂચનો માનનીય મંત્રીશ્રી સ્વીકારશે તેવી હું આપના વતી વિનંતી કરુ છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ સાહેબ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત)સુધારા વિધેયક ગુજરાત રાજ્યને લાગું પડતું હોય તેટલા સુધારા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૦૮નું સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નોંધણી અધિનિયમ ૧૯૦૮ની જોગવાઇઓને આધીન નોંધણી માટે રજૂ થતા દસ્તાવેજોમાં કલમ ૧૭ મુજબ જે દસ્તાવેજો ફરજિયાત નોંધણી કરવામાં આવે છે તેમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ આ પ્રમાણેના દસ્તાવેજો કરવામાં આવે છે. આ નોંધણી દસ્તાવેજોમાં કલમ–૧૭ માં પાવર ઓફ એટર્ની તથા સેલ્ફ સર્ટિફિકેશન સંબંધી દસ્તાવેજોથી નોંધણી કરવામાં આવે છે તેમાં આજે માનનીય મંત્રીશ્રી જે સુધારા લઇને આવ્યા છે તે બાબતની ચર્ચા કરવા માગું છું. જે પ્રમાણે માનનીય મંત્રીશ્રીએ વાત કરી, રજૂઆત કરી એમાં કબજા સાથોસાથ મિલકતમાં પાવર ઓફ એટર્ની જેને પણ આપવામાં આવે છે તેનો ઉપયોગ થાય છે ત્યારે જંત્રી પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટીનો નિર્ણય પરિપત્રમાં કર્યો છે એ પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી સાથે એ મિલકતમાં દસ્તાવેજમાં અમલ કરવામાં આવે છે. આ પાવર ઓફ એટર્ની વખતે સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવામાં આવે છે અને પછી જ્યારે દસ્તાવેજ કરવામાં આવે ત્યારે એ અગાઉની સ્ટેમ્પ ડ્યૂટી એમાં મજરે આપવામાં આવે છે. એ પ્રમાણે વિદેશમાં રહેતા હોય અને અહીંયા કોઇને પાવર ઓફ એટર્ની આપવાની થાય તો એમાં પણ સ્પષ્ટતા છે કે એ અહીંથી પાવર ઓફ એટર્ની બનાવી વિદેશમાં મોકલે અને તે અધિકૃત અધિકારી પાસે સહી–સિક્કા કરાવી અહીં આવે અને અહીંના અધિકૃત અધિકારી પાસે મંજૂર કરાવે અને ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર અમલી કરવામાં આવે છે. અત્યારે સુધારો લાવ્યા છે એ જે મિલકતમાં, સ્થાવર મિલકતમાં વહીવટ, સંચાલન અને કોઇ પ્રકારે બીજાના નામે કરવાની થતાં કુલમુખત્યારનામું કરે એની અંદર સ્ટેમ્પ ડ્યૂટી રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે અને સાથોસાથ અગાઉ ચર્ચા થઇ કે કોઇને વહીવટમાં કોઇ વ્યક્તિ અશક્ત હોય અથવા ત્યાં જઇ શકતી ન હોય ત્યારે એ પાવર આપે ત્યારે એ વેચાણ ન આપતા હોય પણ વહીવટી માળખામાં ક્યાંક કોર્ટ કેસ માટે અથવા બીજી પ્રક્રિયા માટે એ જ્યારે પાવર ઓફ એટર્ની આપતા હોય ત્યારે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. પણ એની અંદર જે પ્રમાણે એકબીજા સાથેનો ઉલ્લેખમાં જંત્રીની સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવે છે એ આની અંદર સ્પષ્ટતા થાય એવી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી અને સૂચન છે. આ પ્રમાણે ઘણી બધી વાતો થઇ. પહેલાં જે પ્રમાણે પાવર ઓફ એટર્ની નોટરાઇઝ કરાવી ઘણા ભૂમાફિયાઓ ઘણાની જમીનો હડપ કરતા હતા એમાં રૂકાવટ આવશે અને ખૂબ મોંઘી મિલકતો એટલે કે એ પ્રકારે મિલકતો જતી અટકશે. આ નિર્ણય અમારી ભારતીય જનતા પાર્ટીએ કરીને સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને તેને અનુમોદન આપું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનીય મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭, રજિસ્ટ્રેશન (ગુજરાત) સુધારા વિધેયક લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં પારદર્શક અને મૈત્રીપૂર્ણ વહીવટ આપીને બદલાતા પરિણામોનો ઉકેલ લાવી શકે તેવી નીતિઓ ઘડવી અને સેવાઓમાં સરળીકરણ કરવું એ નેમ છે. એના આધારે વખતો વખત નિયમોમાં એવા સુધારાઓ કરાય કે જેથી કરીને ગુજરાતની જનતાનું ભલું થાય, લોકોને તકલીફ ઓછી થાય અને એમને સગવડ મળે. લોકોને તકલીફ ઓછી પડે અને લોકોને સગવડ વધે. આદરણીય સભ્યશ્રી સી. જે. ચાવડા સાહેબે કહ્યું કે અગાઉ પણ સુધારા થયા છે અને સુધારા સમયાનુસાર જ્યારે લોકોને તકલીફ પડે અને સમય જ્યારે બદલાતો હોય ત્યારે સુધારા જરૂરી હોય છે તો આની અંદર કલમ ૩૫ ની જે જોગવાઇ છે. અત્યારે હાલની જોગવાઇ છે કે દસ્તાવેજની નોંધણી અર્થે રજૂ થતા સબરજિસ્ટ્રારશ્રીએ ઉપસ્થિત થયેલા પક્ષકારો દ્વારા કરવામાં આવેલ સ્વીકાર અને ઇનકાર બાદ થતી કાર્યવાહી તો એની અંદર સ્વીકાર અને ઇનકાર બાદ થતી

કાર્યવાહી અંગેની જોગવાઇમાં સુધારો દાખલ કરી ઈલેક્ટ્રોનિક સાધનો દ્વારા રજૂ થયેલા દસ્તાવેજમાં પક્ષકારોની સબરજિસ્ટ્રાર સમક્ષ ઉપસ્થિતિ અને કરેલ નિયમો મુજબ કાર્યવાહી કરવા સુધારો કરવો જરૂરી છે અને આ સુધારાના કારણે ઘણી બધી એની અસરો અને એના ફાયદાઓ થશે એ એવા છે કે દસ્તાવેજોની નોંધણી કરાવવા ઇચ્છતા પક્ષકારો દસ્તાવેજ કરી આપ્યાની કબૂલાત સિવાયની તમામ કાર્યવાહી ઇન્ટરનેટ મારફત ઘર બેઠા કરી શકશે એના કારણે એમના સમયનો ખૂબ બચાવ થશે. ઓન લાઇન અપોઇન્ટમેન્ટ પણ મેળવી શકશે એટલે ધક્કા પણ નહીં ખાવા પડે. ઓન લાઇન સિસ્ટમ દ્વારા નક્કી થયેલ મિલકતની બજાર કિંમત પક્ષકાર જાણી શકશે અને પક્ષકારોને સમયમાં બચત થશે. દસ્તાવેજમાં ભરવાની થતી સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની રકમ અંગે પક્ષકારોને જાણ થશે. આ બધા આના ઘણાં બધા ફાયદા થશે. એટલે હું આ વિધેયકને ટેકો આપું છું અને મારું સમર્થન કરું છું.

શ્રી પુર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું રિજસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ દ્વારા લાવવામાં આવ્યું છે જેને મારું સંપૂર્ણ અનુમોદન છે. ઘર, મકાન, ફ્લેટ, જમીન કે સ્થાવર મિલ્કત હોય પરંતુ એને માલિકી હક પ્રસ્થાપિત કરવા માટે લેખિત દસ્તાવેજ હોવો જરૂરી છે અને લેખિત દસ્તાવેજ કરતા પણ વધુ જરૂરી છે નોંધણી કરાવવાની. ભારતીય નોંધણી ધારા અધિનિયમ હેઠળ દસ્તાવેજોની નોંધણી થયેલ હોવી ખૂબ જરૂરી છે. આ નોંધણી થયેલા દસ્તાવેજના કારણે અનેક ફાયદા થતા હોય છે. રજિસ્ટર નોંધાયેલા દસ્તાવેજથી માલિકી હક્ક મજબૂત બને છે. ગેરકાયદેસર અને ખોટી વ્યક્તિ માલિકીનો દાવો કરે તો તેની સામે ખરીદનાર વ્યક્તિ એ મિલકતના સાચા માલિકને રક્ષણ મળે છે. દસ્તાવેજ નોંધણીના કારણે લેનાર, વેચનાર, સાક્ષી અને વકીલ આ બધા પક્ષકારોની સહી, અંગૂઠો, ફોટા, આઇ-કાર્ડ, પુરાવા બધી જ કાર્યવાહી આ નોંધણી અધિકારી સબ-રજિસ્ટ્રાર દ્વારા થાય છે. સમગ્ર હાલની પરિસ્થિતિમાં આ કાયદો લાવવાથી હવે એનું કોમ્પ્યુટરાઇઝેશન થવાનું છે અને લેનાર, વેચનાર, સાક્ષી, પક્ષકારો એમાં કોઇ ખોટા તો નથીને એની ઓળખ પણ વકીલે આપવાની હોય છે. એટલે દસ્તાવેજ એક મજબૂત પુરાવો ગણાય છે જેના કારણે ખોટી વ્યક્તિ માલિક ના હોય તેવી વ્યક્તિ જો વેચનાર તરીકે પણ ઉપસ્થિત થાય તો એ પકડાય જાય છે. આ પ્રકારે આપણી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કોઇ પણ પ્રકારના ભૂ-માફિયાને ચલાવી લેવા માગતા નથી એનું આ એક પ્રમાણપત્ર છે. દસ્તાવેજ નોંધણીના કારણે માલિકી હક બાબતે દસ્તાવેજ ચેલેન્જ થતો નથી અને જો દસ્તાવેજ ચેલેન્જ થાય તો એ વ્યક્તિને પણ નોંધણી કરેલો દસ્તાવેજ હોય તો એને મજબૂતાઇ મળે છે અને સામેવાળો ફાવી શકતો નથી. દસ્તાવેજ નોંધણીના કારણે ઘર, મકાન, ફ્લેટ, જમીન કે સ્થાવર મિલ્કત હોય એના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ બને છે જેથી બેંકમાં લોન લેતી વખતે સદર મિલકત ગીરો આપી શકે અને મિલકત મોર્ગેજમાં મૂકી શકે. આ પ્રકારે નોંધણીવાળા દસ્તાવેજના કારણે એને લોન લેવાનું પણ સરળ બને છે. દસ્તાવેજ નોંધણીના કારણે દસ્તાવેજવાળી મિલકતથી વેચનારને બજાર કિંમત પૂરેપૂરી મળે છે અને સારી રકમ મળે છે. દસ્તાવેજ નોંધણીને કારણે મિલકત કે ઘર કે મકાન કે કોઇપણ સ્થાવર મિલકત વેચવી હોય તો એની પ્રક્રિયા ઝડપી બને છે. દસ્તાવેજ નોંધણીના કારણે જો કોઇ ક્ષેત્રફળની બાબતની તકરાર હોય તો પણ નોંધણી થયેલ દસ્તાવેજથી એને રક્ષણ મળે છે. દસ્તાવેજની નોંધણીના કારણે માલિકીના દાવાને નકારતો જો કોઇ કોર્ટમાં કેસ થાય તો નોંધણી થયેલ દસ્તાવેજની વિશ્વસનિયતા વધુ મજબૂત બને છે અને દસ્તાવેજ નોંધણીને કારણે સક્ષમ ઓથોરીટીમાં મકાનના પ્લાન પાસ કરાવવા માટે પણ ખૂબ જ ઉપયોગિતા રહે છે. દસ્તાવેજ નોંધણીના કારણે પક્ષકારો પાસે ઘર, જમીન કે મકાનનો દસ્તાવેજ ખોવાઇ જાય તેવા સંજોગોમાં પણ સબ રજીસ્ટ્રાર દ્વારા એને દસ્તાવેજની ડુપ્લીકેટ નકલ પણ મળી રહે છે. દસ્તાવેજ નોંધણીના કારણે ખૂબ મોટા ફાયદા છે. હમણા વાત કરી વિરજીભાઇએ પરંતુ પહેલાના વખતમાં સબરજીસ્ટ્રારની કચેરીમાં સહી કરવા બેસવાની જગ્યા ન હતી. પહેલાના વખતમાં મેન્યુઅલી પદ્ધતિ હતી. અંગુઠો જુના રજીસ્ટરમાં લેવામાં આવતો હતો. મત્તુ જુદી જગ્યાએ મારવામાં આવતું હતું. કોઇ ફોટા લેવામાં આવતા નહોતા. તે વખતે દરેક પાને પાને સહી લેવામાં આવતી નહોતી. માત્ર છેલ્લા પાને સહી લેવામાં આવતી હતી આના કારણે, પાને પાને સહી ન લેવાને કારણે અમુક પાના બદલાઇ જતા હતા અને એમાં પણ મિલકતના વર્ણનમાં જે છેલ્લે શિડયૂલ આવે છે એ શિડયૂલના વર્ણનમાં કયાંક કોઇકે અડધી જમીન વેચી હોય એની જગ્યાએ આખી જમીન વેચાઇ જાય અને ખેડૂતને રાતા પાણીએ રોવાનો વારો આવે એ સ્થિતિ પેદા થતી હતી. આવા છીંડા હતા, ભૂતકાળમાં આવા અનેક છીંડા હતા સાહેબ, એ તો વાત જવા દો. આપણે દસ્તાવેજ રજીસ્ટર્ડ કરીએ તો ૨૦ વર્ષ પછી આપણને અસલ દસ્તાવેજ પાછો મળે આ કઇ જાતની વાત? આ પ્રકારની સ્થિતિ હતી. દસ્તાવેજ નોંધણી વખતે પાછળથી કોર્ટ મેટર અને દાવા થાય, પોલિસ કેસ થાય અને ખેડૂતોની જમીન પચાવી પાડતા હોય ત્યારે આ પ્રકારે ઘણા કિસ્સાઓમાં મિલકતના વેચાણની અંદર (અંતરાય) ભાઇ, આ તમારા મેન્યુઅલ વખતની વાત કરું છું. તમારે તો સાંભળવું જોઇએ. આમાંથી પ્રેરણા લેવી જોઇએ. સાહેબ, મારે એ કહેવું છે ખેડૂતોની જે આત્મહત્યા થતી હતી એના કારણોમાંનુ આ એક કારણ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ વિરજીભાઇને ના કહેશો, જેને કહેવું હોય એ મને કહો.

શ્રી પુર્ણેશ મોદી : સાહેબ, ટાઇટલ સબંધે સર્ચ લેવા પહેલા જતા હતા અમે તો સબ રજીસ્ટ્રારમાં કોઇ રેકર્ડ ઉપલબ્ધ ન હોય, દસ્તાવેજમાં વેચનારાની સહી ન હોવાને કારણે દસ્તાવેજમાં અનેક પ્રકારના ચેડા થતા હતા. આ પરિસ્થિતિ ભૂતકાળમાં આપણે જોઇ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ખરીદનારને અસલ દસ્તાવેજની નોંધણી કરી ત્યાંને ત્યાં જ ફકત બે મિનિટમાં આપી દેવામાં આવે છે. સબ રજીસ્ટ્રારની કચેરીમાં આધુનિકતા, સબ રજીસ્ટ્રારની કચેરીમાં બેસવા માટેની, સહી કરવા માટેની જગ્યા ફાળવવામાં આવે છે. તમામ પક્ષકારોની સહી, અંગુઠો, ફોટો, ઓળખકાર્ડ તમામ પુરાવા કોમ્પ્યુટરાઇઝ લેવામાં

આવે છે અને વેચનારાની પણ સહી લેવામાં આવે છે અને આમાં ચેડા થતા નથી અને આના કારણે આપણે દસ્તાવેજની અંદર નિયમિત કરી શકીએ છીએ એટલા માટે આને વિકાસ કહેવાય. આ પ્રકારની પ્રકૃતિ માત્ર ને માત્ર ભારતીય જનતા પાર્ટીમાં છે. મારે એ કહેવું છે મિલકતની અંદર ભૂતકાળમાં આવા અનેક છીંડા હોવાને કારણે અહીંયા ગૃહમાં નિરવ મોદીની વાત થઇ છે, લલીત મોદીની વાત થઇ છે. વિજય માલ્યાની વાત થઇ છે તો આવા જ છીંડાને આધારે આ લોકોએ જયારે લોન લીધી ત્યારે લોનની કિંમત જેટલી મિલકત એણે મોર્ગેજમાં આપવાની હોય તો મોર્ગેજમાં જે તે વખતે ચેડા કરવામાં આવે. મોર્ગેજ લેખમાં ચેડા કરવામાં આવે. મોર્ગેજ વખતે પૂરેપૂરી કિંમતની એની ખોટી આકારણી કરવામાં આવે. આવું તમારા શાસનમાં અપાયું છે. તમે અમને નિરવ મોદીની વાત કરો છો, અમે તો આ લોકોને પકડયા છે. નિરવ મોદીને અમે પકડયા છે. અમે લલીત મોદીને પકડયા છે. અમે વિજય માલ્યાને પકડયા છે. આ પ્રકારે દસ્તાવેજમાં છેતરપીંડી અને જયારે નિરવ મોદીની વાત કરીએ તો એણે સિક્યોરીટીમાં જે મોર્ગેજમાં મિલકત આપી હતી એની કિંમત અને લોનની કિંમત વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. આ તમારા વખતમાં લોન અપાઇ છે. અમારા વખતમાં આવા કાયદા લાવવામાં આવે છે. કે જેથી કોઇ ગુનેગાર છટકી ન જાય અને પૂરેપૂરો ન્યાય મળે અને સરકારના પૈસા, બેંકના પૈસા સલામત રહે, એટલા માટે મોર્ગેજ પાવર ઓફ એટર્નીમાં પૂરેપૂરા ન્યાયથી કામ કરવા માગીએ છીએ. લોનની રકમની સાથે સાથે આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કુલમુખત્યાર નામાની વાત થઇ. તો કુલમુખત્યાર નામામાં પાછળથી કુલમુખત્યાર નામું લખી આપનાર ફરી જાય છે, ઇન્કાર કરે છે, એના કારણે સમસ્યા ઉત્પન્ન થાય છે. એટલે આ કાયદાના કારણે એણે ફરજિયાત પાવર ઓફ એટર્ની કુલમુખત્યાર નામાનો ઉલ્લેખ રજિસ્ટર કરવાના કારણે ઘણી બધી વિશ્વસનીયતા આવશે અને કુલ મળીને આમાં જે મિલકત ખરીદનાર છે. આવા કિસ્સામાં એમને પૂરેપૂરો ન્યાય મળશે. રજિસ્ટ્રેશન નોંધણી અધિનિયમ ૧૯૦૮ કલમ–૧૭ (૧) ના પેરા–૬ માં સુધારો કરીને આવા ખોટા કુલમુખત્યારનો ઉપયોગ કરે તો ફ્રોડ કરતો અને એના દસ્તાવેજ નોંધણીનો પ્રતિબંધ લાગુ પડે એ પ્રકારની વાત છે, ત્યારે આદરણીય કૌશિકભાઇ આ વિધેયક લઇને આવ્યા છે, એની અંદર મારે એટલું જ કહેવું છે કે હમણા હમણા અમારા કેન્દ્રના નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો કે એમાં જે બાળકોનાં માતા–પિતાની મિલકતો હોય એ માતા–પિતાની મિલકતો બાળકોએ પચાવી પાડેલ હોય, વડીલોપાર્જિત હોય, વંશ પરંપરાગત આવતી હોય, માતા–પિતાની ખરીદ કરેલ મિલકત હોય એવા સંજોગોમાં પુત્ર મિલકતમાં ઘૂસી જાય અને મા–બાપનું નામ કાઢી નાખે અને પોતાનું નામ દાખલ કરે અને મા–બાપને વૃદ્ધાશ્રમમાં રહેવું પડે તો આવા સંજોગોમાં ફરીથી મા–બાપને મિલકત મળે આ પ્રકારનો કાયદો નરેન્દ્ર મોદી સાહેબની અમારી સરકાર લાવવા જઇ રહી છે. કૌશિકભાઇ જે રજિસ્ટ્રેશન વિધેયક લાવ્યા છે, એને અનુમોદન આપું છું. આવનારા દિવસોમાં સ્ટેમ્પ ડ્યૂટીમાં અને આ વિધેયકના કારણે જડબેસલાક એવી વ્યવસ્થા થાય કે કોઇપણ ભૂમાફિયા આ એવિડન્સ એક્ટ આઇ.પી.સી. કલમ–૪૬૭, ૪૬૮ લાગે ત્યારે ખોટા દસ્તાવેજો કરવાની કોઇ હિમત ન કરે તેવી એક પરંપરા લાગુ કરવા જઇ રહ્યા છે ત્યારે અભિનંદન આપું છું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં નોંધણી અધિનિયમ ૧૯૦૮ સુધારા લઇને હું આવ્યો છું. આ સભાગૃહના માનનીય સભ્યશ્રી સી.જે. ચાવડા, બાબુભાઇ, વિરજીભાઇ, અરવિંદભાઇ, સુરેશભાઇ અને પૂર્ણેશભાઇએ એમના વિચારો વ્યક્ત કર્યા છે. પૂર્ણેશભાઇ, સુરેશભાઇ, અરવિંદભાઇ એમ ત્રણેય મિત્રો છેલ્લાં વીસેક વર્ષથી ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા છે, ત્યારે આ અગત્યનું વિધેયક સ્ટેમ્પ ડ્યૂટી અને સબ રજિસ્ટ્રાર ઓફિસ એટલે સરકારની આવક સાથે સંકળાયેલ છે, લોકોની મિલકત, હક્ક, લોકોનો ન્યાય સંકળાયેલ છે, ત્યારે એની અંદર છેતરપિંડી ન થાય, ગેરરીતિ ન થાય, સકારની આવક સચવાઇ રહે, લોકોને સાચો ન્યાય મળે, મિલકતને સુરક્ષા મળે તે આશયથી ૨૦૦૧ થી સતત માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં, વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં અનેક પ્રકારના સુધારા, ટેકનોલોજીનો ઉપયોગ કરીને જેમ વિરજીભાઇએ વાત કરી અધિકારીઓમાં ગેરરીતિ થાય છે. આ ગેરરીતિ રોકવી હોય તો ઇલેક્ટ્રોનિક સિસ્ટમનો જેટલો ઉપયોગ કરી શકાય તે કરી આ બધુ રોકી શકાય, એટલે છેલ્લા વર્ષોમાં આ વિભાગમાં ભરપૂર ઇલેક્ટ્રોનિક સિસ્ટમનો ઉપયોગ કર્યો છે. જેથી ગેરરીતિ, ચોરી રોકી શકાય. બજેટની અંદર આ વખતે ૧૯ જિલ્લામાં ૨૨ સબ રજિસ્ટ્રાર ઓફિસો હું નાણામંત્રીનો આભાર માનું છું કે અમારા મહેસૂલ વિભાગની બધી નવી બાબતો ઓ.કે. કરી આપી છે. તેમાની એક બાબત ૭ કરોડ રૂપિયાના ખર્ચે અમે ૧૯ સબ રજિસ્ટ્રાર ઓફિસ મોડેલ બનાવવા જઇ રહ્યા છીએ, એટલે આ બધુ રોકી શકાય. સી.જે.ચાવડાએ જે વાત કરી છે આ સૂચિત સુધારામાં આ બિલમાં દરેક પાવર ઓફ એટર્ની ફરજિયાત નથી. માત્ર જમીનની વ્યવસ્થા, વહીવટ અને તેની તબદિલી અંદર બિલમાં પાંચમી લાઇનમાં લખેલ છે. સ્થાવર મિલકત વેચાણના કબજા સિવાયના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજિયાત કરવા માટેનો સુધારો છે. સ્થાવર મિલકત એટલે તમારી જે ચિંતા છે કે વિધવા બહેનો હોય, ત્યકતા બહેનો હોય, ગરીબો હોય, સામાન્ય માણસો હોય તેમનો આમાં સમાવેશ કરેલો છે. બીજી આપણે વાત કરી કે હાલ મહેસૂલી અધિકારી દ્વારા આપવામાં આવતા વેચાણ પ્રમાણપત્રો. જેવા કે કલેકટર, પ્રાંત અધિકારી, મામલતદાર દ્વારા આપવામાં આવેલ વેચાણ પ્રમાણપત્રોની નોંધણી હાલ મરજિયાત છે. આપણે તે સુધારો લાવ્યા છીએ. તેના બદલે ફરજિયાત નોંધણીપાત્ર તરીકે પેટા કલમ–ડી ઉમેરવાથી ખરીદનાર પક્ષકારને અને આમાં શું છે કે દસ્તાવેજ થાય એટલે કલેકટર, પ્રાંત અધિકારીએ જે હુકમો કર્યા હોય તે પણ નોંધાય. એટલે ખરીદનારને ખબર પડે કે આ મિલકતનું ખરેખર શું છે. એટલે આવો સુધારો લાવ્યા છીએ. વીરજીભાઇએ વાત કરી છે કે અધિકારી હા પાડે કે ના પણ પાડે. એવું નથી. બની શકે કે કોઇ સ્પેસીફીક હોય તો ચર્ચા થઇ શકે. બિલમાં જે સુધારો લાવ્યા છીએ તેમાં એ છે કે પક્ષકાર દસ્તાવેજ કરી આપ્યાનું ના પાડે,

પક્ષકાર ના પાડે અને કોઇ એમ કહે કે આ ખોટો પાવર ઓફ એટર્ની છે, કોઇ પુરાવા લઇ આવે અને પક્ષકાર ના પાડે તો જ અધિકારી દ્વારા તેવા દસ્તાવેજોની નોંધણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ ખાસ સુધારો મેન્યુઅલી તો અત્યારે થાય છે. જયારે ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ આપણે દાખલ કરીએ છીએ ત્યારે તેની અંદર તમે જે ચિંતા વ્યક્ત કરી છે કે તેની ખરાઇ થશે કે નહીં? એટલે આમાં પહેલાં ખરાઇ કરવામાં આવશે પછી જ નોંધણી કરવામાં આવશે. મેન્યુઅલ થાય છે તે રીતે ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમમાં આ દાખલ કર્યુ છે. નાના મોટા વહીવટી સુધારા હોય તો નિયમો બનાવવાના છે. તેની જોગવાઇ આમાં કરી છે. તો જે કંઇ સૂચનો આવ્યા છે તે નિયમોના આધારે આપણે આમાં આમેજ કરી શકીશું. મેં વાત કરી કે આ વિભાગમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરકાર અને પ્રજાનું હિત કેવી રીતે જળવાય તેના માટે ઇન્ટીગ્રેટેડ ઇ–ગવર્નન્સ સિસ્ટમ દાખલ કરી છે. તેના દ્વારા દસ્તાવેજ નોંધણી થતાની સાથે જ કોમ્પ્યુટર થકી મિલકતના હકકપત્રમાં નોંધો પડે એટલે ગાંધીનગર ખાતે તેનો પાયલોટ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. ઇન્ડેક્ષ–બીની વિગતો ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે. જેના કારણે સબરજીસ્ટ્રાર ઓફિસ અને પક્ષકારે પોતાની મિલકત દસ્તાવેજની નોંધણી અંગેની વિગતો મેળવવા સબરજીસ્ટ્રાર કચેરીમાં જવાની જરૂર રહેશે નહીં તથા મિલકતની ખરીદી કરતી વખતે વેચનાર દ્વારા પૂરા પાડવામાં આવેલ કાગળો ઇન્ડેક્ષ–ર ની નકલની વિગતની શકયતા વિશે ખરીદનાર સબરજીસ્ટ્રાર કચેરીમાં ગયા સિવાય પોતાની જાતે ખરાઇ કરી શકશે. આ બધું ટેકનોલોજીનો ઉપયોગ કરીને કર્યુ છે. ઇ–પેમેન્ટ સિસ્ટમ કરી છે એટલે ત્યાં જવું ન પડે. ખેતી તથા બિનખેતીના દસ્તાવેજોમાં પક્ષકારોનું વિડિયો રેકોર્ડીંગ કરવામાં આવે છે. એમાંય કયાંય ગેરરીતિ ન થાય. પક્ષકારોનું વિડિયો રેકોર્ડીંગ થાય. આ વિભાગની અંદર ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરકારની આવક અને લોકોનું હિત જળવાઇ રહે તથા બે–ત્રણ ઇલેકટ્રોનિકસ સિસ્ટમ દાખલ કરવાના, સ્થાવર મિલકતને લગતા કબજા સિવાયના પાવર ઓફ એટર્ની છે તેમને તેની અંદર લાવવાના અને નિયમો બનાવવાના સુધારા લઇને હું આવ્યો છું તો ફરીથી શૈલેષભાઇને ખાસ કરીને વિનંતી કે આ પ્રજાહિતનું અને સરકારના હિતનું કામ હોવાથી આને પણ સર્વાનુમતે પાસ કરે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો મેઇન પ્રશ્ન એ છે કે, કોઇ ઔદ્યોગિક એકમને એમ.ઓ.યુ. થાય એટલે જમીન તમે રાહત દરે આપી. દાખલા તરીકે દસ હજાર રૂપિયા એક ચોરસ મીટરનો ભાવ ચાલે છે અને તમે ઉદ્યોગનો વિકાસ કરવા માટે એક હજાર રૂપિયે તે જમીન આપી તેની સામે વાંધો નથી. સરકારે, મહેસૂલી અધિકારીએ હુકમ કર્યો અને તે જમીન આપી. મહેસૂલી અધિકારીને હુકમ નોંધવાની વાત કરો છો. હું એમ કહું છું કે દસ હજારના ભાવની જમીન ભલે તમે એક હજાર રૂપિયામાં આપી. તેનો દસ્તાવેજ કરો તો તેમાં દસ હજાર રૂપિયા જ કિંમત લખાશે. તો આમાં સ્ટેમ્પ ડયૂટી આવશે તો આવા ઔદ્યોગિક એકમને સ્ટેમ્પ ડયૂટી આપવામાં શું વાંધો હોય? આ સુધારો ન કરો ત્યાં સુધી અમે સર્વાનુમતે પસાર કરવા માગતા નથી.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી સી.જે. ચાવડાનું સૂચન છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૯

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

* વિધેયક તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમાં હરિફાઇ થાય તો જ ગુણવત્તા વધે એને ધ્યાનમાં રાખીને માનનીય નરેન્દ્રભાઇ જયારે મુખ્ય મંત્રી હતા એ વખતે એમણે આ વિચારનો અમલ કર્યો અને ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપવાની પ્રથા શરૂ થઇ. ૨૦૦૯માં બિલ લાવવામાં આવ્યું એ પહેલા આ કાયદો ઘડવામાં આવ્યો એ પહેલા ૬ ખાનગી યુનિવર્સિટી જુદા જુદા અધિનિયમથી કરવામાં આવી હતી ત્યાર બાદ અત્યાર સુધીમાં કુલ ૩૩ યુનિવર્સિટીઓને આપણે પરવાનગી આપી છે અને ગુજરાતમાં આ બધી જ યુનિવર્સિટીઓ અલગ અલગ વિષય, એમાં સ્ટાર્ટઅપ યુનિવર્સિટી દાખલા તરીકે સ્કીલ યુનિવર્સિટી આ બધી જ યુનિવર્સિટીઓ એક બીજાની હરિફાઇ અને ઇન્ટરનેશનલ લેવલ ઉપરનું શિક્ષણ આપવા માટે વાતાવરણ, તક, પ્રોત્સાહન એ બધું જ એક બીજાની હરિફાઇમાં પૂરું પાડવામાં આવે છે અને રાજય સરકાર પણ જયાં જરૂરિયાત ઉભી થાય છે ત્યાં સરકારી યુનિવર્સિટીઓ શરુ કરે છે. આજે એક આત્મીય યુનિવર્સિટીનો સુધારો લઇને હું આવ્યો છું. આ આત્મીય યુનિવર્સિટીના પુરસ્કર્તા એવા સર્વોદય કેળવણી સમાજ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં છેલ્લાં ૧૫ વરસ કરતાં પણ વધારે સમયથી કામ કરે છે. અમે જ્યારે આ મંજૂરી માટે આવીએ છીએ ત્યારે કેટલા કાર્યકાળથી સમાજમાં કેવા પ્રકારની કેટલી સેવા કરે છે એને પણ ધ્યાનમાં રાખીએ છીએ. ટ્રસ્ટ પાસે ૨૩ એકર કરતાં પણ વધારે જમીન છે અને પચાસ કરોડ રૂપિયા જેટલું રોકાણ ઉચ્ચ શિક્ષણમાં કર્યું છે. ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં ૧૦,૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં ફાર્મસી, મેનેજમેન્ટ, કોમર્સ, સાયન્સ, ઇજનેરી, અભ્યાસક્રમો પણ આ સર્વોદય કેળવણી ટ્રસ્ટ દ્વારા ચાલતી અલગ અલગ પ્રકારની સંસ્થાઓમાં ચાલી રહ્યા છે. આ સંસ્થાએ ઝાયડસ કેડિલા, ઇન્ફીનીટી, વોકહાર્ડ, આઇ.બી.એમ. જેવી ખ્યાતનામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ સાથે પોતાનું સ્તર ઉંચું લાવવા માટે એમ.ઓ.યુ. પણ કરેલા છે. એનું કોલોબરેશન પણ કરેલ છે. સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ સંચાલિત તેના હયાત કેમ્પસમાં ઇજનેરીમાં ૨૦૪, મેનેજમેન્ટમાં ૧૩, કોમ્પ્યુટરમાં ૯, ફાર્મસીમાં ૭, સાયન્સમાં ૧૦૮નો શૈક્ષણિક સ્ટાફ પણ ફરજ બજાવે છે અને બિનશૈક્ષણિક અને સપોર્ટીંગ સ્ટાફ પણ ૪૮૩ જેટલો છે. ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે કે અહીંયા ઘરે બેઠેલા ઇન્ટરનેશનલ કક્ષાનું શિક્ષણ તમામ સુવિધાઓ સાથે ગુજરાતના વિદ્યાર્થીઓને મળી શકે તે માટે ૨૦૦૦ કરતાં વધુ કોમ્પ્યુટર, ૧૨૦૦ સી.સી.ટી.વી. કેમેરા, ૩૦ કોમ્પ્યુટર સાથેની એક એવી ૩૬ કોમ્પ્યુટર લેબ પણ એમની પાસે છે. શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત યુનિફોર્મ કોડ પણ અસ્તિત્વમાં રાખવામાં આવેલ છે. લાયબ્રેરી ૩૮૮૦૦ ચોરસમીટર જેટલા વિસ્તારમાં પથરાયેલી છે. જે અત્યારે નોલેજ ઇઝ મની, નોલેજ ઇઝ વેલ્થ કહેવામાં આવે છે અને આ નોલેજ એ લાયબ્રેરીમાંથી પ્રાપ્ત થાય છે. અને જેની પાસે નોલેજ છે એની આવતી સદી છે એવું કહેવાય છે તો આ સંસ્થા પાસે ખૂબ મોટી અધતન ૩૮૮૦૦ ચોરસમીટરમાં પથરાયેલી લાયબ્રેરી છે જેમાં દરેક વિદ્યાશાખાના પુસ્તકો, પ્રિન્ટ, જર્નલ્સ ઉપલબ્ધ છે, સાથોસાથ ઇ–બુક્સ પણ એમની પાસે છે. સમગ્ર કેમ્પસમાં ઇકો–ફ્રેન્ડલી વાતાવરણ છે. આ ખૂબ મહત્વનું છે. અત્યારે પ્રદૂષિત વાતાવરણની ચર્ચા જ્યારે આપણે કરીએ છીએ ત્યારે ઇકો–ફ્રેન્ડલી હોય એ અત્યંત જરૂરી બનતું જાય છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓનો ગુણોત્તર ૧:૨૫નો છે. ટ્રસ્ટ સંચાલિત વિવિધ કોલેજોમાં શૈક્ષણિક સ્ટાફ, પોસ્ટ ડોકટરેટ ૭ છે, પી.એચ.ડી. ૬૭ છે, એમ.ફીલ ૨૬ છે, નેટ, સ્લેટ, ગેટ, ૪૩ છે જેનું પી.એચ.ડી. ભણવાનું ચાલું હોય એવા ૬૩ છે. એમ.ફીલ. જેના ચાલુ હોય એવા ૨ છે. ટ્રસ્ટ સંચાલિત કેમ્પસમાં ૨૦૧૭–૧૮ની સ્થિતિએ કુલ બાંધકામ ક્ષેત્રફળ ૧,૯૬,૦૦૦ ચોરસમીટરનું છે અને હયાત બિલ્ડીંગોમાં કુલ ૧૭ બિલ્ડીંગો છે. ખાનગી યુનિવર્સિટી કરવા માટે જે કંઇ જરૂરિયાત છે એ બધી જ જરૂરિયાતો આ યુનિવર્સિટી પૂર્ણ કરે છે. એટલા માટે પુરેપુરી પ્રાપ્તતા ધરાવે છે અને આ યુનિવર્સિટી ભવિષ્યમાં ખૂબ સારું કામ કરી શકે એવા પ્રકારે એમણે અત્યારસુધી કામ કર્યું છે એના કારણે અમે એમને ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવા માટે હું આ બિલ લઇને આવ્યો છું. મારી ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી છે અને આ સંસ્થા એ એક ખૂબ પ્રખ્યાત સ્વામિનારાયણ સંસ્થા સાથે પણ જોડાયેલી છે અને જે સંસ્કારનું કામ કરે છે, શિક્ષણનું કામ કરે છે, યુવકોના ઘડતરનું કામ કરે છે એવી આ સમાજને જ્યારે જરૂરિયાત છે એવી તમામ પ્રવૃત્તિઓ આ સંસ્થા કરતી હોય ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે, આ બિલને સર્વાનુમતે આપ સૌ પસાર કરો.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો હું શિક્ષણ મંત્રી આદરણીયશ્રી બાપુનો આભાર એટલા માટે માનીશ કે થોડાં દિવસ પહેલાં અમે ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો લઇને તેમની પાસે ગયા હતા જે અમારુ સંગઠન હતું તે તમામને મોટાભાગના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી છે તે માટે તેમનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીયશ્રી ચુડાસમા સાહેબ સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક– ૨૯, ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક–૨૦૧૮, ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એમેન્ડમેન્ડ બિલ ૨૦૧૮ લઇને આવ્યા છે તે માટે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભારતની અંદર અંગ્રેજોનું શાસન હતું અને અંગ્રેજોને એમ લાગ્યું કે હવે અંગ્રેજોનું શાસન લાંબા સમય સુધી ચાલવાનુ નથી એટલે તેમણે લોર્ડ મેકેલો નામના એક શિક્ષણ શાસ્ત્રી હતા તેમને બોલાવ્યા અને તેમણે કહ્યું કે ભારતની અંદર અંગ્રેજોનું શાસન લંબાવવું હોય અને વધુ મજબૂત બનાવવુ હોય તો શું કરવુ જોઇએ ? એ વખતે લોર્ડ મેકેલોએ કહેલુ, If you want to develop any nation or any country you should improve its education system. And if you want to destroy any nation you do not need any enemy, only destroy its education system. એટલે કે કોઇપણ દેશને તમારે વેગંવતો બનાવવો હોય તો તેની એજયુકેશન સીસ્ટમમાં સુધારો લાવવો

જોઇએ. જે યુ.જી.સી.એક્ટ–૧૯૫૬ છે તેની કલમ–૨૬માં સુધારો કરી ૨૦૦૩ની અંદર એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યુ અને નોટિફિકેશનના આધારે આ દેશની અંદર ખાનગી યુનિવર્સિટીની જોગવાઇ કરવામાં આવી. અને એમાં સ્પષ્ટ લખ્યું છે કે જયારે પણ આવી ખાનગી યુનિવર્સિટીની મંજૂરી આપવામાં આવે, માન્યતા આપવામાં આવે તો જે શિક્ષણ સાથે સંકળાયેલી બધી સંસ્થાઓ જેવી કે, યુ.જી.સી., એન.સી.ટી., એમ.સી.આઇ., બી.સી.આઇ., આ તમામ સંસ્થાઓના નિયમોનું પાલન કરવુ પડશે. ગઇકાલે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ કહ્યું સુપ્રીમ કોર્ટની વાત કરી. હું અભિનંદન આપુ છું સુપ્રીમ કોર્ટના આદેશોનું પાલન કરવા માટે, પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટની અંદર petition નંબર–૧૯/૨૦૦૪ પ્રો.યશપાલ v/s સ્ટેટ ઓફ છત્તીસગઢ. તેમાં એક પીટીશન થયેલી અને petition ના આધારે સુપ્રીમ કોર્ટે દેશના રાજયોને એક ગાઇડ લાઇન આપી અને તે ગાઇડ લાઇનના આધારે ગુજરાત સરકારે પણ ૨૦૦૫ની અંદર એક પરિપત્ર કરેલો હતો. અને એ પરિપત્રની અંદર ખાનગી યુનિવર્સિટીઓ માટે જોગવાઇઓ કરવામાં આવી હતી. હું આપના માધ્યમ દ્વારા જણાવવા માગુ છું કે, ખાનગી યુનિવર્સિટીને જે પણ માન્યતા આપવામાં આવે છે તેની અંદર આ સુપ્રીમ કોર્ટે ગાઇડ લાઇન આપી છે અને જે પરિપત્ર થયો છે તેનુ પાલન થાય છે કે નહીં તે પણ જોવાની જરૂર છે. ગુજરાતની અંદર ૩૨ કરતા વધુ ખાનગી યુનિવર્સિટીઓ છે આ ખાનગી યુનિવર્સિટીઓનું લીસ્ટ યુ.જી.સી.ની વેબસાઇટ ઉપર મૂકવામાં આવ્યુ છે. આ ૩૨ યુનિવર્સિટીમાંથી ૧૫ યુનિવર્સિટી એવી છે કે તેના રજીસ્ટ્રાર કોણ છે, વાઇસ ચાન્સેલર કોણ છે તેની કોઇ માહિતી આ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે જે નવી યુનિવર્સિટીને માન્યતા આપવામાં આવે તેના પણ જે યુ.જી.સી.ના ધારા–ધોરણ હોય તે ધારા–ધોરણો સચવાય રહે. જે ૩૨ યુનિવર્સિટીઓ હતી એ ૩૨ યુનિવર્સિટીમાંથી ૧૬ જેટલી યુનિવર્સિટીઓની યુ.જી.સી.ની ટીમે મુલાકાત લીધેલ હતી અને એના રીપોર્ટમાં યુ.જી.સી.ની ટીમે લખ્યું છે કે, આ ૧૫ યુનિવર્સિટીઓની અંદર અપૂરતી સુવિધાઓ છે, લાયકાત વગરના અધ્યાપકો છે અને આ યુનિવર્સિટીઓ રોજગારી આપવામાં, પ્લેસમેન્ટ આપવામાં સફળ થઇ નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, આ જે ખાનગી યુનિવર્સિટી બિલ લાવ્યા છો અને જો યુનિવર્સિટીને માન્યતા આપવામાં આવે તો આ નિયમોનું પાલન થાય. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ૨૦૧૮માં ગાંધીનગરની જી.ટી.યુ. યુનિવર્સિટીમાં આપણા આદરણીય રાજ્યપાલશ્રી અને શિક્ષણશાસ્ત્રી એવા શ્રી ઓ.પી.કોહલી સાહેબે કોન્વોકેશન વખતે એક સ્પીચ આપેલ હતી. *(×××)

ધ્યક્ષશ્રી : રાજ્યપાલ અંગે આપણે કશી જ ટીકા–ટિપ્પણી કરી શકીએ નહિ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે આવું કહ્યું છે બહુ ગંભીરતા પૂર્વક કહ્યું છે.

અધ્યક્ષશ્રી : તમારું રાજ્યપાલ અંગેનું કોઇપણ નિવેદન કાઢી નાખવામાં આવશે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલ જે બોલ્યા છે એ મેં ક્વોટ કર્યું છે. એમણે જે પ્રવચન આપ્યું છે એ પ્રવચન હું બોલ્યો છું અને મારી પાસે એનો પુરાવો છે. એ સારું બોલ્યા છે. ગુજરાતના એજ્યુકેશન માટે એ સારું બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : એક વક્તવ્ય થઇ ગયું હોય એનો આધાર લઇને પણ ટીકા ન થઇ શકે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ટીકા નથી કરી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગવર્નર સાહેબે જે સ્પીચ આપી હતી એ સ્પીચ જ બોલ્યા છે. ગવર્નર સાહેબ કે સરકારની કોઇની ટીકા નથી કરતા.

અધ્યક્ષશ્રી : સ્પીચને ટાંકીને પણ એનો ભાવાર્થ ટીકાનો નીકળતો હોય તો એ ન બોલી શકાય.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નર સાહેબનું સ્ટેટમેન્ટ મૂકીને ટીકા કરી છે એટલે એનો આધાર પણ ન લઇ શકાય.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી ખાનગી યુનિવર્સિટીઓની વાત કરી ગુજરાતમાં હાયર એજ્યુકેશનના સુધારાની વાત કરી તો ૨૦૧૭માં એમ.એચ.આર.ડી. અને એ.એસ.એચ.ઇ. એટલે કે annual survey of higher education એ એના રીપોર્ટ પ્રાઇવેટ યુનિવર્સિટી માટે બહુ ગંભીર છે. ગુજરાતનો જી.ઇ.આર. એટલે કે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો હાલ ૧૬.૫ ટકા છે. સમગ્ર દેશની અંદર આ જી.ઇ.આર. રેશિયો ૨૦.૮ ટકા છે. એની સામે ગુજરાતનો રેશિયો ૧૬.૫ ટકા છે. જ્યારે આપણે હાયર એજ્યુકશેનના સુધારાની વાત કરતા હોઇએ ત્યારે આ રેશિયો, આ આંકડા પણ આપણે જોવાની જરૂર છે. એમ.એચ.આર.ડી.એ ૨૦૧૭માં ભારતની ટોપ ૧૦૦ યુનિવર્સિટીઓનું લિસ્ટ જાહેર કર્યું છે એમાં ૧ થી ૧૦૦ યુનિવર્સિટીઓમાં ગુજરાતની માત્ર બે જ યુનિવર્સિટી છે. અત્યાર સુધી ગુજરાતની ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટીનો દેશની અંદર નંબર હતો. આજે વીર નર્મદ યુનિવર્સિટી ૧૧૦મા નંબરે, એમ.એસ. યુનિવર્સિટી ૧૨૧માં નંબરે અને ગુજરાત યુનિવર્સિટી ૧૩૩મા નંબરે ધકેલાઇ ગઇ છે. દેશની ટોપ ૧૦૦ યુનિવર્સિટીઓમાં ગુજરાતની માત્ર બે જ યુનિવર્સિટીઓ છે. જેમાં નિરમા યુનિવર્સિટી ૬૦ ટકા સાથે ૧૫મા સ્થાને અને ડી.ડી.આઇ.ટી. ૪૯ ટકા સાથે ૩૮મા સ્થાને છે. ઓવરઓલ રેન્કીંગ જોઇએ તો આઇ.આઇ.એમ., અમદાવાદ ૧૭મા સ્થાને અને આઇ.આઇ.ટી., ગાંધીનગર ૭૮માં સ્થાને છે. ગુજરાતમાં નવી નવી યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી રહી છે. નવી યુનિવર્સિટીને માન્યતા આપવામાં આવી રહી છે ત્યારે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮

ગુજરાતની મોટા ભાગની સરકારી યુનિવર્સિટીઓ છે એની અંદર સ્ટાફ નથી, એની અંદર ટીચીંગ સ્ટાફ અને નોન ટીચીંગ સ્ટાફ ૫૦ ટકા કરતાં પણ ઓછો છે. જે કુલપતિની નિમણૂક કરવામાં આવી, પણ છેલ્લા કુલપતિની નિમણૂક બાબતે હાઇકોર્ટની અંદર પીટીશનો થઇ છે. શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ, આ બિલમાં સરકારી યુનિવર્સિટીની કોઇ વાત નથી, આ ખાનગી યુનિવર્સિટી માટેનું બિલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એના સ્કોપમાં વાત કરીએ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે વાત કરવા માગું છું કે, જયારે ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપતા હોય ત્યારે આપણે એ પણ જોવાની નૈતિક ફરજ બને છે કે, આપણી જે સરકારી યુનિવર્સિટીઓ છે એની હાલ શું પરિસ્થિતિ છે એ હું આ ગૃહના ધ્યાન ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ અત્યારે એનો વિષય નથી. અત્યારે તો ખાનગી યુનિવર્સિટીના સંદર્ભનો વિષય છે. માનનીય મંત્રીશ્રીએ સાચુ જ ધ્યાન દોર્યું છે .

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ નાણા મંત્રીશ્રી છે અને એ અમારા વિસ્તારના છે, ઉત્તર ગુજરાતના છે એટલે અમારી..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, નાણા મંત્રીશ્રી આખા ગુજરાતના છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : સાહેબ, અમારી થોડીક લાગણી હોય એટલે મારી વિનંતી...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમારી બાજુ ખેંચી જશો તો અમારી બાજુ નહીં રહે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : સાહેબ, અમારી યુનિવર્સિટીની મારી એક વિનંતી હતી, બે મિનિટ, સાહેબ, અમારી લાગણી યુનિવર્સિટીની હતી કે, ગુજરાત યુનિવર્સિટીમાંથી જયારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અલગ થઇ. એ વખતે ૧૯૮૬ની અંદર લગભગ ૪૨ કોલેજો હતી તેની સામે ૨૩,૭૮૦ વિદ્યાર્થીઓ હતા. સાહેબ, આપને વિનંતી છે કે..

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીને કહું છું કે, તમે ઉત્તર ગુજરાતમાં બીજી કોઇ ખાનગી યુનિવર્સિટી માટે આવજો, હું વિચારીશ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટી નહીં પણ સરકારી યુનિવર્સિટી માટે ...

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બિલ ખાનગી યુનિવર્સિટીનું છે.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આમ તો આપે આ વિષયમાં ઘણુ બધુ કહી દીધું છે. હવે, ટ્રેક જરાક ચૂકાય છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી નમ્ર વિનંતી છે કે અમારી યુનિવર્સિટીની અંદર છેલ્લા વીસ વર્ષથી આટલી બધી કોલેજોનો વધારો થયો. ૩૬૦ કોલેજો થઇ, આમ છતાં અમારી યુનિવર્સિટીમાં માત્ર ૮૪નો સ્ટાફ છે એટલે માનનીય નાણા મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, આજે માગવા ઉભો થયો છું . છેલ્લો દિવસ છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગોવિંદભાઇ પટેલ, માનનીય કિરીટભાઇ આપ બેસી જાઓ, પ્લીઝ.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ખાનગી યુનિવર્સિટી અંગેનું બિલ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પછાત હતું. હું ૧૯૬૮-૬૯ની વાત કરું છું, અને એ સમયે જે તે વખતના પૂર્વ કુલપતિ હસમુખભાઇ સંઘવી, જયંતિભાઇ કુંડલીયા અને લાભભાઇ ત્રિવેદી જેઓ શિક્ષણ સંસ્થા સાથે સંકળાયેલા હતા અને એમણે ચિંતા વ્યક્ત કરી અને સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ નામે સંસ્થા બનાવેલી. આ સંસ્થા બનાવ્યા પછી જે તે વખતે સરકારી નીતિના કારણે જમીન મળી, અને વિરાણી અમારા દાતા હતા રાજકોટના, દાતા દ્વારા વિરાણી કોલેજની સ્થાપના થઇ. એ સ્થાપના થયા પછી ૨૦ વર્ષ સુધી એ લગડધગડ કોલેજ ચાલી પણ સંસ્થાના જે સ્થાપકો હતા, એમાંથી કોઇ વિદેશ ગયા, કોઇ હાજર ન હતા એના કારણે એ સંસ્થાની વિદ્યાર્થીની સંખ્યા ઘટતી ગઇ. ૧૯૮૮માં આ સંસ્થાના સંચાલકોએ જે તે વખતે આત્મીય સંકુલના સંચાલક હરીપ્રસાદ સ્વામીજીને વિનંતી કરી કે આ અમારું શૈક્ષણિક સંકુલ છે, તમારા જેવો કોઇ સંચાલક આમાં જો મદદ કરે અને આમાં આવે તો સારામાં સારી આ વ્યવસ્થા થઇ શકે અને ૧૯૮૮માં આ સર્વોદય સંકુલમાં હરીપ્રસાદ સ્વામી અને સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના લોકો એમાં સામેલ થયા. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૮માં શરૂ કરેલી આ કોલેજમાં ધીરે ધીરે પ્રગતિ થતાં મને કહેતાં આનંદ થાય છે કે આજે ૧૫-૧૭ વર્ષમાં સૌરાષ્ટ્રમાં જેને કહી શકાય તેવું સારામાં સારું શિક્ષણનું હબ આ એ આત્મીય કોલેજ બની છે. આ આત્મીય કોલેજમાં માત્ર શિક્ષણનું અક્ષરજ્ઞાનની નહીં, પરંતુ ચોપડાના થોથાં ભણાવીને પોપટીયો થઇ શકે તેવું નહીં, પણ સંસ્કાર સાથેનું શિક્ષણ મળે, અને સંસ્કાર સાથેનું શિક્ષણ મેળવી એ આવતી કાલનો સમાજ બનાવવાની જે કલ્પના છે. શિક્ષણ વગરનો માણસ જેમ પશુ સમાન છે એ રીતે સંસ્કાર વગરનો માણસ પણ પશુ સમાન છે. શિક્ષણ સાથે સંસ્કારને જોડીને આ કોલેજ અત્યારે ચાલે છે અને એમાં હજારો વિદ્યાર્થીઓ આ સંસ્થામાંથી જયારે બહાર નિકળે છે ત્યારે અનેક એવી સંસ્થાઓ, રાષ્ટ્રી કક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એની સાથે કોલોબ્રેશન કર્યા છે એની સાથે એમ.ઓ.યુ. કર્યાં છે, એની સાથે કોલોબ્રેશન કર્યા પછી એનો લાભ લઇને વિદ્યાર્થીઓને સારામાં સારું શિક્ષણ મળે તેની ચિંતા આ કોલેજ મારફતે થાય છે. ૫૫ વિદ્યાર્થીઓની સંખ્યાથી શરૂ થયેલી આ કોલેજ આજે ૧૨ હજાર વિદ્યાર્થીઓને સારામાં સારું શિક્ષણ આપતી કોલેજ બની છે.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, કોલેજની અંદર વિદ્યાર્થીઓ યુનિફોર્મ પહેરે તેવું ભાગ્યેજ તમને દેખાશે, આ એક જ કોલેજ એવી છે કે જેનો વિદ્યાર્થી યુનિફોર્મ પહેરે છે. આ વિદ્યાર્થી અને વિદ્યાર્થીની બહાર આવે તો ખ્યાલ આવે કે આ આપની કોલેજનો વિદ્યાર્થી કે વિદ્યાર્થીની છે. સૌરાષ્ટ્રમાં જયારે બાયોટેકનોલોજી, બાયો સાયન્સની વ્યવસ્થા એક મહિલા કોલેજમાં હતી, એમ.વી.એમ. મહિલા કોલેજ માતૃશ્રી વીરબાઇ મહિલા કોલેજ હતી અને એમાં માત્ર દીકરીઓ જ ભણતી હતી. જો છોકરાઓને અભ્યાસ કરવો હોય તો તેમને સૌરાષ્ટ્ર છોડીને ગુજરાતમાં અમદાવાદ, વડોદરા કે વલ્લભ વિદ્યાનગર જવું પડતું હતું. આ સંસ્થા શરૂ થયા પછી બાયોટેકનોલોજી અને બાયોસાયન્સના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને માટે સંપૂર્ણ વ્યવસ્થા આ કોલેજમાં થઇ છે. સમયની સાથે ચાલવા માટે, સમય જે રીતે બદલાતો રહે છે, સાયન્સ અને ટેકનોલોજીના આ યુગની અંદર આગામી દિવસોમાં, આગામી સમયની અંદર આપણા સમાજમાં વિદ્યાર્થીઓને જે જરૂરીયાત પડવાની છે, તેને ધ્યાનમાં લઇને આ કોલેજના સંચાલકોએ કમ્પ્યુટર અને ઇનફો ટેકનોલોજીના ક્ષેત્રમાં આવેલી ક્રાંતિના એંધાણ પારખીને કોમ્પ્યુટર એપ્લીકેશન અને ઇનફરમેશન ટેકનોલોજીના અભ્યાસક્રમો બી.સી.એ અને બી.એસ.સી. આઇ.ટી. સમગ્ર રાજયમાં શરૂ કરનાર સૌ પ્રથમ આ કોલેજ હતી. આ કોલેજમાંથી અભ્યાસ કરીને જે વિદ્યાર્થીઓ નિકળે તે સારામાં સારું એજયુકેશન લઇને નિકળેલા આ વિદ્યાર્થીઓને સારી સોસાયટીમાં નોકરી મળે એના માટે આવી સંસ્થાનઓ એને નોકરી આપવા માટે આવે છે, એમાં પ્લેસમેન્ટમાં ટી.સી.એસ., વીપ્રો, રિલાયન્સ, એસ.આર., ઇસરો, જાયડસ, સીપ્લા, રેનબક્ષી, નોવાસીસ અને ફાલ્કન જેવી કંપનીઓ આ કોલેજમાંથી પોતાને જોઇતા માનવ ધન લેવા માટે આ કોલેજના કેમ્પસની અંદર આવે અને તેને જોઇતા વિદ્યાર્થીઓને લઇ જાય છે. આ પ્રકારની એક યુનિવર્સીટી બનવા જઇ રહી છે ત્યારે તેના મૂળની અંદર જે માનવીય મૂલ્યોનું શિક્ષણ અને વ્યકતિમાં રહેલા માનવીય ગુણોને ખીલવવામાં નીમિત બને તે માટે પોતે શું કરી શકે અને શું કરવું જોઇએ? તેની સમજ વિદ્યાર્થીમાં વિકસે અને પોતાની જાતને વફાદાર રહેવા ઉપરાંત પરિવાર અને સમાજમાં તેને વિશ્વાસ કેળવાય તેવું આચારણ જીવનમાં સહજ બને, પોતાની યોગ્યતા ઉપયોગીતાના સંતુલન સાધીને યોગ્ય જીવન વ્યવહાર કરતાં વિદ્યાર્થી શીખે તે આ યુનિવર્સીટીના પાયામાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થી અભ્યાસ દરમ્યાન જે કૌશલ્ય કેળવે, તેમાં માનવીય અભિગમ સાથે કંઇક જીવન વ્યવહારમાં અપનાવી શકે તે જીવન વિદ્યા શીખવાડે છે. આજે વ્યકિત, પરિવાર અને સમાજમાં જે વિરોધાભાસો જોવા મળે છે, તેનું મૂળ કારણ વ્યવહારમાં માનવીય મૂલ્યોની અભિવ્યકિતનો અભાવ છે. જેના કારણે વ્યકિત હતાશ, તણાવ, અનિદ્રા, ભય અને ઉશ્કેરાટ વગેરેનો ભોગ બને છે. તેથી શારીરિક અને માનસિક સ્વાસ્થય બગડે છે. માનવીય મૂલ્યોના શિક્ષણના અભાવે વિદ્યાર્થીઓ ભણીને પૈસા કમાવાની હોડમાં લાગી જાય છે તેથી જે શિક્ષણ મેળવ્યું છે એનો પણ દુરપયોગ કરતો થઇ જાય છે. આમ સમજ વગરનો મનુષ્ય પરિવાર સમાજ અને પ્રકૃતિમાં અસમતુલન પેદા કરે છે. જો આમને આમ ચાલતું રહે તો આવનાર વર્ષોમાં સમાજ કેવો હશે તેની કલ્પના પણ થઇ શકતી નથી. ભાવિના આ એંધાણને પારખીને આ સંસ્થા આ પ્રકારના વ્યકિતત્વનું નિર્માણ કરતી સંસ્થા બની છે ત્યારે એને આપણે સૌ યુનિવર્સિટીનો દરજ્જો આપીને મંજૂર કરીએ તેવી વિનંતી કરું છું. સો સભ્યો એને અનુમોદન કરે તેવી વિનંતી કરું છું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૯ સુધારા વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય મંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી બિલ લાવ્યા છે એ આત્મીય યુનિવર્સિટી યોગીધામ કેમ્પસ ખૂબ જ સારી સંસ્થા છે જે સમાજ માટે સારુ અને શ્રેષ્ઠ કામ કરી રહી છે. એક સરસ્વતિનું મંદિર બનાવીને સારા સંસ્કારો આપવાનું પ્રેરણાદાયક કામ કરી રહી છે એવા વખતે કોંગ્રેસ પક્ષ હરહંમેશા પોતાના રચનાત્મક અભિગમ સાથે જે લોકો સમાજ માટે સારું કામ કરતા હોય કે સારી સેવા કરતાં હોય એનો સમાજને લાભ મળતો હોય ત્યારે અમારા પક્ષનો હંમેશા સાથ જ હોય. આજે જયારે દુનિયા વૈશ્વિકરણના યુગમાં આગળ વધી રહી છે ૨૧મી સદીના ભારતના નિર્માણની વાત કરતા હોય, ચીન સાથે સ્પર્ધા કરીને આગળ ચાલી રહ્યા હોય ત્યારે આજના સમયની અંદર બાળકોનું ભવિષ્ય ઘડવા માટે સૌથી પાયાની જરૂરિયાત હોય તો એ શિક્ષણ છે. શિક્ષણની અંદર આજે ખાનગી યુનિવર્સિટીઓ આવીને સારું કામ કરી રહી છે એને સરકાર પરમિશન આપે છે એ જુદી વાત છે. પણ એની સાથે સાથે ગુજરાતની અંદર જે રીતે સામાન્ય માનવી કોમન મેનમાં શિક્ષણ માટેની જાગૃતિ વધી છે, છેવાડાનો માનવી હોય એનું નાનુ કુટુંબ હોય, પરિવાર હોય એ દરેક વ્યકિતની ઇચ્છા હોય કે મારું બાળક સારું શિક્ષણ મેળવે અને એ મેળવીને દેશનો સારો નાગરિક બને, શ્રેષ્ઠ શિક્ષણ મેળવીને એ નોકરી કે ધંધો કરી શકે એવા આશય સાથે દરેક વાલી, દરેક પરિવાર કે દરેક કુટુંબની ઇચ્છા હોય છે ત્યારે સરકારની એટલી ફરજો બનતી હોય કે જે રીતે ખાનગી યુનિવર્સિટી આવી રહી છે એને આપણે બિરદાવીએ છીએ પરંતુ સાથે સાથે સરકાર પણ હજારો કરોડો રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચ કરી રહી છે ત્યારે પણ લોકો એના લાભથી વંચિત રહી જાય છે. આપણો સમાજ અને યુવાધન જે ભાવિ પેઢી છે એ એનો લાભ લઇ શકતી નથી. તો હું માનું છું કે સરકારે તેમાં જાગૃત થઇને કયાંક વધારે અસરકારક પગલાં લેવાની જરૂર છે. અત્યારે આપણી જી.ટી.યુ. એક સંસ્થા છે તેના માધ્યમથી શૈક્ષણિક પ્રોફેશનલ કોર્સ બધા ચાલતા હોય છે. ત્યાં પણ તેની જરૂરિયાતો મર્યાદિત છે. આજે ૧૦૦ એકર જમીનની જરૂરિયાત છે. અત્યાર સુધી સરકારે ફાળવી નથી. બીજી અનેક માળખાકીય સુવિધાઓ છે. મારું કહેવાનું એ છે કે ખાનગી યુનિવર્સિટીઓનો જે રીતે વિકાસ થઇ રહ્યો છે તેની સાથે સાથે જે કોઇ પણ સરકારી સંસ્થાઓ છે એ સંસ્થાઓને આપણે અસરકારક બનાવીએ. તેમાં જે ત્રુટિઓ છે તેનું સંશોધન કરીને કઇ રીતે તેમાં આપણે આગળ વધી

શકીએ. આજે આપણી અનેક સંસ્થાઓ એવી છે કે ત્યાં જગ્યાઓ ભરાતી નથી. સીટો ખાલી રહી જતી હોય છે. જયારે એવી ખાનગી યુનિવર્સિટીઓ છે કે જેમાં લોકોને આર્થિક રીતે ન પોસાય તો પણ ત્યાં મોટી ફી આપીને, ડોનેશન આપીને એડમિશન લેવું પડતું હોય છે. સરકાર કેમ ન વિચારે કે આપણી સંસ્થાઓ સારી બને, ત્યાં સારું શૈક્ષણિક કાર્ય ચાલે. સારા પ્રોફેસરો, સારી સાધન–સંપન્ન સુવિધાઓ સાથે આપણે લોકોને સારું શિક્ષણ આપી શકીએ એ દિશામાં આપણે ચિંતા કરવાની જરૂર છે. પાયાથી આપણે ચિંતા કરીએ. જો આપણો પાયો જ કાચો હશે તો આપણાં બાળકોનું ભવિષ્ય છે તેમાં આપણે તેને શિક્ષણથી વંચિત રાખવા માગીએ છીએ કે આપણે સારું શિક્ષણ આપવા માગીએ છીએ. શિક્ષણની બાબતમાં સરકાર તરફથી આપણે જે પણ આયોજન કરીએ, જેટલું આયોજન કરીએ એટલું અત્યારે ઓછું પડે એવું છે. કેમ કે દરેક બાળક, દરેક વિદ્યાર્થી ઇચ્છે છે કે મને સરકારી શાળા–કોલેજોમાં એડમિશન મળે, ગ્રાન્ટેબલ શાળા–કોલેજોમાં મને એડમિશન મળે, કે જેનાથી તેને આર્થિક ભારણ ન પડે, એને ફીના ધોરણો પોસાય અને સરકારી લાભો મળી શકે. તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે રીતે ખાનગી યુનિવર્સિટીઓ આગળ વધી રહી છે તે રીતે સરકારી યુનિવર્સિટીઓ છે, એજયુકેશનના સરકારી માધ્યમો છે ત્યાં જે પ્રોફેસરોની ઘટ છે. સ્ટાફની ઘટ છે. એ બધી અનેક એવી સમસ્યાઓ છે, માનનીય મંત્રીશ્રી, હું લોકોની વેદનાને અનુભવું છું અને ધારાસભ્ય તરીકે ચૂંટાયો છું તો ચોક્કસ આ વખતે શૈક્ષણિક વર્ષ પૂરું થશે અને નવા વર્ષની શરૂઆત થશે તો હું આપને કહીશ કે એડમિશન માટે જે પણ રાજકીય પક્ષો હોય, ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય. જયારે એડમિશનની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે તેના ઘરે જે મેળાવડો લાગે છે, પરિવારજનોની જે મુશ્કેલીઓ થાય છે. તેમાં લોકોનો આગ્રહ એવો હોય છે કે અમારે સરકારી શાળા–કોલેજોની અંદર એડમિશન લેવું છે, અમારી આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને. તો મારું એ કહેવું છે કે ખાનગી યુનિવર્સિટીઓ આવે, સારી યુનિવર્સિટીઓ આવે, સારી સંસ્થાઓ આવે, એને અમે બિરદાવીએ છીએ પણ સરકાર પોતાની જવાબદારીમાંથી મુક્ત ન થઇ જાય, સરકાર પોતાની જવાબદારી ગંભીરતાથી નિભાવે અને તેના લાભો ગુજરાતની પ્રજાને, ભાવિ પેઢીને, વિદ્યાર્થીઓને મળે એવું સરકારે વિચારવું જોઇએ એટલી વાત કરીને વિરમું છું. આભાર.

શ્રી અરવિંદ રૈયાણી(રાજકોટ–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતિય સુધારા વિધેયક ૨૦૧૮માં આત્મીય યુનિવર્સિટી રાજકોટને નવી ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવાનું માનનીય મંત્રીશ્રી દ્વારા વિધાનસભા ગૃહમાં બિલ રજૂ કરવામાં આવ્યું છે. જેને હું મારું સમર્થન આપું છું અને આવકારું છું. સાથે સાથે મારે આ ગૃહમાં આ ટ્રસ્ટની થોડીક વાતો પણ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વોદય કેળવણી સમાજ રાજકોટ દ્વારા આ સૂચિત યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે રાજય સરકારને દરખાસ્ત કરવામાં આવી છે તે ટ્રસ્ટ પાસે યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ અને નાણાકીય ભંડોળ પૂરતા પ્રમાણમાં સર્વોદય કેળવણી સમાજ પાસે ઉપલબ્ધ છે ત્યારે તે અંગેની નીચેની વિગતો હું ગૃહ સમક્ષ રજૂ કરતાં ખુશી અનુભવું છું.

ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ સંસ્થાઓના નાના મોટા સંશોધન કાર્યક્રમો હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં અલગ અલગ સરકારી એજન્સીઓ તરફથી રૂ. ૪૬૫.૨૭ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. જેમાં ૧૨૦ લાખ રૂપિયાનું અનુદાન સર્વોદય કેળવણી સમાજ તરફથી પ્રાપ્ત થયેલ છે. ટ્રસ્ટ સંચાલીત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય ૧૨, રાષ્ટ્રીય ૫૪–એ બૂક ૭ અને બૂક ૩૦ પ્રકાશિત કરવામાં આવેલ છે. પી.એચ.ડી. ગાઇડની સંખ્યા ૧૨ છે, પી.એચ.ડી. અભ્યાસક્રમમાં ૬૫ વિદ્યાર્થીઓનું રિજસ્ટ્રેશન કરવામાં આવેલ છે. તેમાં ૧૪ વિદ્યાર્થીઓને પી.એચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવેલ છે. ખાનગી યુનિવર્સિટી અધિનયમ ૨૦૦૯ અને ત્યારબાદ ૨૦૧૧–૨૦૧૨–૨૦૧૩–૨૦૧૪–૨૦૧૫–૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૮ના સુધારા વિધેયકોની કુલ મળીને ૨૭ ખાનગી યુનિવર્સિટીની રાજ્યમાં રચના કરવામાં આવી છે. એમાં સમાવેશ થવાથી ઉચ્ચ શિક્ષણ ઇચ્છુક વિદ્યાર્થીઓને લાભ થશે તેમ મારું મંતવ્ય છે. કોઇપણ રાષ્ટ્રનો વિકાસ સાધવો હશે તો તેણે કેટલીક પાયાની ચીજોની કાળજી લેવી પડતી હોય છે. શિક્ષણ મેળવેલ સમાજ, કેળવાયેલો સમાજ ઉંચાઇઓ પ્રાપ્ત કરી શકતો હોય છે અને વિકાસ સાધી શકતો હોય છે. અગર કોઇએ સમાજને સમર્પિત બનવું હોય તો તેણે શિક્ષણની ઉપાસના કરવી પડતી હોય છે. ઉપાસના કહેતા હું માળાના મણકાને ફેરવવાની વાત કરતો નથી. પણ શિક્ષણ આપતી આવી યુનિવર્સિટીઓની ખૂબ જ જરૂર હોય છે ત્યારે સમગ્ર સભાગૃહને દ્વિતિય સુધારા વિધેયકને સર્વાનુમતે મંજૂરી આપવા માટે મારી વિનંતી છે. સાથેસાથે સભાના દરેક સભ્યને વિનંતી કરું છું કે આ કોલેજને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે બધાને મારી વિનંતી છે.

લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮ વિધેયક ક્રમાંક–૨૯ જે ખાનગી યુનિવર્સિટીને માન્યતા આપવાનું શિક્ષણ મંત્રીશ્રી લાવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાપુએ એમના ભાષણમાં કહ્યું કે હરિફાઇ એ બહુ જ મહત્વની છે. આમાં હું કહેવા એ માગું છું કે હરિફાઇ ચોક્કસ થાય છે. પણ શિક્ષણ આપવાની નહીં, ફી કેટલી વધારે લેવી એની યુનિવર્સિટીઓમાં હરિફાઇ થાય છે. માનનીય બાપુનું ધ્યાન દોરવા માગું છું. એક જમાનો હતો બાપુ, શ્રી કે.પી.શાહ હોય, શ્રી ગુલાબચંદ તિલકચંદ શેઠ હોય, કે શ્રી શામજી વેલજી વિરાણી હોય આ બધા મહાપુરુષો, મહાજનો આ સંસ્થાઓ ઉભી કરતા એમનું ધ્યેય માત્ર શિક્ષણ આપવાનું હતું. અત્યારે આપણે ગમે તે યુનિવર્સિટીને પરમિશન આપીશું પરંતુ બાપુ, એનું ધ્યેય શિક્ષણ આપવાનું છે કે નફો કરવાનું છે? લોકોની સુખાકારી માટે આપણે સરકાર ચલાવવી છે. સરકારનું ધ્યેય વેપાર કરવાનું થઇ જાય તો શું પરિસ્થિતિ થાય? આપનું હું એ ધ્યાન દોરવા માગું છું. આ બધી સંસ્થાઓ છે એનો મુળ હેતુ, આજે એનો મુળ હેતુ માત્રને માત્ર પ્રોફિટ કરવાનો છે. એને

કોઇપણ સેવાકીય પ્રવૃત્તિ કરી, લોકોને શિક્ષણ ઉજાગર કરવા કે લોકોને અભ્યાસ અપાવવા માટેનો આવો કોઇ ધ્યેય નથી. હું આપને એટલા માટે યાદ કરાવું છું. હમણાં મારા વડીલ મુરબ્બીશ્રી ગોવિંદભાઇ બોલ્યા હતા. એમણે શ્રી લાલભાઇ ત્રિવેદીને યાદ કર્યા. શ્રી લાલભાઇ ત્રિવેદીની છાપ ગુરૂજીની હતી. આખા રાજકોટમાં એમને ગુરૂજી તરીકે ઓળખતા હતા. અમે પણ પ્રાથમિક શિક્ષણ ગામડાંમાં લીધું છે. અમારા પ્રાથમિક શિક્ષક ક્યાંક ભેગા થઇ જાય તો અમે એમને પગે લાગીએ છીએ. તેઓ ગૌરવથી કહે છે કે અમારો સ્ટુડન્ટ અહીંયાં બેઠો છે. શિક્ષકોમાં આજે આ ભાવ જતો રહ્યો છે. ગામડાંમાં અને બધી જગ્યાએ શિક્ષકો ભણાવવા માગતા નથી માત્ર પગાર લેવા માટે આવે છે. બાપુ, હું એક વાત ઉપર આપનું ધ્યાન દોરું છું. ૨૦૧૭માં આપણી સામાન્ય ચૂંટણી થઇ. એની અંદર જે નોકરીયાત વર્ગ હતા એમણે બેલેટ પેપરથી પત્ર દ્વારા મતદાન કર્યુ. એની અંદર ૮૦ ટકા શિક્ષકો હતા કે જેને બેલેટ પેપર થ્રુ મતદાન કર્યુ. એ મતદાનના ૨૫ ટકા મત રદ થયા. તમે ગુજરાત પંચમાં જોઇ લેજો બાપુ. જો એ શિક્ષકોને મતદાન કરતા નથી આવડતું એ છોકરાઓને ભણાવશે કેવું? આ પરિસ્થિતિ છે એટલે હું આપનું એ ધ્યાન દોરવા માગુ છું જે શામજી વેલજી વિરાણી કોલેજ હતી, હમણાં ગોવિંદભાઇએ વાત કરી એમ આપણા ગૃહના નેતા પણ એવી જ સંસ્થામાં રાજકોટમાં ભણ્યા છે. તે દિવસે રાજકોટની બહાર નહોતું જવું પડતું ગોવિંદભાઇ. આપણા ગૃહના નેતા પણ વિરાણી કોલેજમાં ભણ્યા છે. હું આ સંસ્થા અંગે એક ધ્યાન દોરવા માગુ છું, અમે સ્વામીનારાયણ ગુરૂકૂળમાં ભણ્યા છીએ. સ્વામીનારાયણ ગુરૂકૂળ સંસ્થા એ પર ડે ૧ રૂપિયા ટોકનમાં અમને ભણાવતી. ૩૬૦ રૂપિયા એ એનું લવાજમ હતુ. શાસ્ત્રી ધર્મજીવનદાસ સ્વામીએ સ્થાપેલી આ સંસ્થા અને આ એ જ સ્વામીનારાયણ સંસ્થા છે કે જયાં ૨૫,૦૦૦-૫૦,૦૦૦ રૂપિયા ફી લેવામાં આવે છે. એટલે આપનું હું એક ધ્યાન દોરવા માગુ છું કે દરેક ધાર્મિક સંસ્થા આજે એ સમાજ સેવા કરવા માટે નીકળી છે એટલા માટે એને ખાનગી યુનિવર્સિટી જોઇએ છે? તો ના, એને પણ નફો કરવો છે. આવું જ બાપુ, એક બીજું ધ્યાન દોરું કે વર્ષો પહેલાં આ જગ્યા ઉપર શામજી વેલજી વિરાણી સાયન્સ કોલેજ હતી. આ સાયન્સ કોલેજની અંદર આ જમીન શામજી વેલજી વિરાણી ટ્રસ્ટે આ સર્વોદય ટ્રસ્ટને આપી. આ સર્વોદય ટ્રસ્ટમાં હેતુફેરનો કલેકટર પાસે કેસ પેન્ડિંગ છે. આપ અભ્યાસ કરજો. આના કલેકટર પાસે લીટીગેશન પણ આ સંસ્થા ઉપર ચાલે છે એટલે આપશ્રીને હું એ કહેવા માગુ છું કે આ બધી જે સંસ્થાઓ છે એનો જો ખરેખર ધ્યેય શિક્ષણ આપવાનો થાય અને શિક્ષણને પ્રોત્સાહન મળે એવું આપ સાહેબ કંઇક કરો. સાહેબ, હું વિષયથી બહાર બહુ નથી જતો પણ અમારા ગામડાંમાં પ્રાયમરી સ્કૂલમાં આજે વિદ્યાર્થીઓ ખાલી થવા મંડયા છે. છોકરાઓ નથી મળતા. તમે જોજો અને અભ્યાસ કરજો. બહુ જાજી વાત નથી કરવી પણ હું આપને વિનંતી કરુ છું કે આ બધી સંસ્થાઓનો લક્ષ્ય શિક્ષણ આપવાનો હોય, પ્રોફીટ કરવાનો ના હોય એવી ભાવના રાખે.

શ્રી ધનજીભાઇ પટેલ (વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું કહેવા માગુ છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક- ૨૯ અને સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીનું દ્વીતીય સુધારા વિધેયક લાવવામાં આવેલ છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત કરવા માગુ છું. લલિતભાઇએ વાત કરી કે ટીચરો છે એ વોટ કરે છે એ રીજેકટ થાય છે એ ભણાવતા હશે કેવું? પણ એટલા માટે જ આ ખાનગી યુનિવર્સિટીઓ આવી રહી છે. આપના માધ્યમથી સન્માનનીય ગૃહને જણાવવા માગુ છું કે ગુજરાતમાં પહેલા ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત બહાર જવું પડતું હતું તે ઘણું ખર્ચાળ અને કષ્ટદાયક હતું. પરંતુ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સેવાભાવી સંસ્થાઓને ઉચ્ચ શિક્ષણ આપવા માટે અલગ અલગ છ ટ્રસ્ટને ખાનગી યુનિવર્સિટી આપવામાં આવી. હું આ છ યુનિવર્સિટીના નામ જણાવું છું. ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટયૂટ, નિરમા યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટી, સેપ્ટ યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વ વિદ્યાલય આ બધી યુનિવર્સિટી શાળા અભ્યાસક્રમ કરાવે છે. આપને જણાવું કે ૨૦૧૯માં આ યુનિવર્સિટી ઓછી પડવા લાગી ત્યારે વર્ષ ૨૦૦૯માં એ વખતના સી.એમ. અને હાલના ભારતના માનનીય વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯, તા. ૨૪-૭-૦૯ના જાહેરનામાથી અમલમાં આવ્યો. તે અંતર્ગત અત્યાર સુધીમાં ૩૩ યુનિવર્સિટીઓની રચના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. જેનાથી ઉચ્ચ અભ્યાસ માટે બીજા રાજ્યમાં વિદ્યાર્થીઓએ જવું પડતું નથી. હું જણાવીશ કે ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટી માટે દ્વિતિય સુધારા અધિનિયમ ૨૦૧૮માં સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ સંચાલિત આત્મીય યુનિવર્સિટીની ગુજરાતમાં રચના કરવાની અનુમતિ માગવામાં આવી છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વોદય કેળવણી સમાજ ટ્રસ્ટની વાત કરવામાં આવે તો છેલ્લા ૧૫ વર્ષથી કામ કરે છે. આ ટ્રસ્ટ પાસે ૨૩ એકર કરતા વધારે જમીન છે. ટ્રસ્ટ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં ૧૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરી રહ્યા છે. જેમાં ફાર્મસી, મેનેજમેન્ટ, સાયન્સ અને એન્જિનિયરીંગને લગતા અભ્યાસોનો સમાવેશ થાય છે. આ શિક્ષણ સંકુલમાં એકંદરે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ માટે ફરજિયાત યુનિફોર્મ, પૂરતા પ્રમાણમાં વર્કશોપ, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. આ સંકુલમાં કુલ અલગ અલગ ૧૮ ફેકલ્ટીનો સમાવેશ થનાર છે. જેમાં સ્નાતક, અનુસ્નાતક, ડોકટર, પોસ્ટ ડોકટર કક્ષાના શૈક્ષણિક કાર્યોનો સમાવેશ થાય છે. આ ટ્રસ્ટના કેમ્પસમાં આવેલી શ્રીમતી એન.વી. વિરાણી સાયન્સ કોલેજને નેશનલ યુનિવર્સિટી રેન્ક ફ્રેમ વર્ક માન્ય સંશોધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં ૩૭મો રેન્ક પ્રાપ્ત થયેલ છે. સાથે સાથે સંસ્થા દ્વારા એ ગ્રેડ તા. ૨૧-૨-૨૦૧૪ના રોજ આપવામાં આવેલ છે. કે.સી.જી. કચેરી દ્વારા તા. ૬-૬-૨૦૧૩ના રોજ આ ટ્રસ્ટને તેના ઉત્તમ દેખાવ બદલ પ્રથમ રેન્ક એનાયત કરવામાં આવેલ છે.

આ ટ્રસ્ટને યુ.જી.સી. નવી દિલ્હી દ્વારા ઓટોનોમી દરજ્જો ૬ વર્ષ માટે આપવામાં આવેલ છે. આ બધી બાબત સર્વોદય કેળવણી સમાજ, રાજકોટની ઉચ્ચ શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ દાખલ થયેલ દ્વિતિય સુધારા વિધેયક ૨૦૧૮ને માનનીય ગૃહની સર્વાનુમતે મંજૂરી મળે તેવી મારી લાગણી વ્યક્ત કરું છું. માનનીય મંત્રીશ્રીને જણાવીશ કે યુરોપ અને અમેરિકા જેવા દેશોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેના અભ્યાસ સાથે જ કલાક જેટલો સમય ઓફિસ અથવા ફેક્ટરીમાં કામ કરે છે. જેનાથી વિદ્યાર્થીને આર્થિક મદદ મળે છે તેમજ અનુભવ પણ મળે છે. અભ્યાસ પૂરો કરી જ્યારે તે પોતાનો ધંધો કરે ત્યારે એને અનુભવ કામમાં લાગે છે. તેના ફિલ્ડમાં પણ મેળવેલ અનુભવ કામ લાગે છે. આપણા ગુજરાતમાં પણ આવી બાબત અમલી બને તેવી કાર્યવાહી કરવામાં આવે તેવું માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર માનનીય કિરીટભાઇ, ગોવિંદભાઇ, હિંમતસિંહભાઇ, લલિતભાઇ અને ધનજીભાઇએ વિચારો વ્યક્ત કર્યા છે. કિરીટભાઇએ ટીકા કરી છે. લલિતભાઇ, તમારા ગામમાં નવી વ્યવસ્થા આવે છે અને તમે ટીકામાંથી બહાર ન આવ્યા. તમે વિરોધ કરો છો? તમારા ગામમાં અમે વ્યવસ્થા આપીએ છીએ. હિંમતસિંહભાઇએ એકદમ કહી દીધું કે (અંતરાય) ટીકા કરી છે. પૂરેપૂરા યુ.જી.સી.ના ધારા–ધોરણો સરકારી અને ખાનગીમાં જળવાય છે જ અને જળવાઇ રહે એટલા માટે અમે મોનિટરીંગ સેલની પણ વ્યવસ્થા કરી છે. આ ક્વાર્ટર્લી અને ૬ મહિને અમે મળીએ પણ છીએ અને ક્યાંય પણ ચૂકની ફરિયાદ આવે તો અમે એ રિપેર કરવા માટે પણ જણાવીએ છીએ. જી.ઇ.આર.માં કિરીટભાઇએ કહ્યું કે, ભૂલી ગયા લાગે છે. ગુજરાતનો જી.ઇ.આર. ૨૧ ટકાનો છે. અને રાષ્ટ્રીય જીઇઆર ૧૯% નો છે. એમણે ગુજરાતનો ૧૪% કહ્યો છે એ વાત સાચી નથી. આ બધી જ યુનિવર્સિટીઓ, કિરીટભાઇ આવી ગયા. જરા સુધારી લેજો. જીઇઆર ૨૧% નો છે અને રાષ્ટ્રીય જીઇઆર ૧૯% નો છે. આપણો ૧૪% નો નથી અને તમારી માહિતી માટે કહું અમે બધી જ યુનિવર્સિટીમાં આમ તો ફરીવાર રિપીટ કરવાની જરૂર ના હોય પણ તમે શરૂઆતમાં મારો આભાર માન્યો એટલા માટે (અંતરાય) હવે બેસી જાવ. હું જોઇને જ બોલું છું કે તમને સાંભળ્યાં અને આભાર માન્યોને એટલે હું ફરીવાર બોલ્યો. ફરીવાર પણ આપણો અને ગયા પાંચ વર્ષ તમારા બધા જ લોકોને સાંભળીને બધા જ પ્રશ્નો સોલ્વ કરેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્લેસમેન્ટ બાબતમાં તો બધી ખાનગી યુનિવર્સિટી હરિફાઇ કરે છે. સારું શિક્ષણ આપવું અને પછી વધારેમાં વધારે ત્યાંના પાસ થયેલા યુવાન દીકારા–દીકરીઓને પેકેજ સાથે નોકરી મળે એ પ્રકારની, કારણ કે સારી સંસ્થા હોય, આપણે ત્યાં પણ સરકારી યુનિવર્સિટીમાં પણ હમણાં જ ગયા રવિવારે એસ.એસ.આઇ.પી. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી માનનીય સુરેશપ્રભુની હાજરીમાં અમે લોંચ કરી. એટલે સરકારી યુનિવર્સિટી પણ કોઇએ વાત કરી તો મારે એ પણ કહેવું છે કે ખાનગી યુનિવર્સિટી જેટલી અથવા એનાથી વધારે સારી કામગીરી ગુજરાતની હાલની બધી યુનિવર્સિટીઓ પણ કરી રહી છે અને એ ગુજરાત યુનિવર્સિટીએ સરકાર સાથે રહીને ૬૦ સ્ટાર્ટ અપ કર્યા છે માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં ક્યાંય ૬૦ સ્ટાર્ટઅપ થયા નથી એ પણ સરકારી યુનિવર્સિટી ગુજરાતમાં કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું હિંમતસિંહભાઇનો, ગોવિંદભાઇનો, અરવિંદભાઇનો અને ધનજીભાઇનો આભાર માનું છું, આમ તો ભાગ લીધા છે એ બધાનો આભાર માનું છું. હિંમતસિંહભાઇએ જે થોડું ધ્યાન દોર્યુ છે. એમને એ પણ કહું કે સરકારી યુનિવર્સિટીઓ પણ જરૂર લાગે ત્યાં અમે કરીએ જ છીએ. હમણાં તાજેતરમાં જ ૨૦૧૬–૧૭ માં અમે ગુરુ ગોવિંદ યુનિવર્સિટી કરી અને કેવા વિસ્તારમાં કરી? ગોધરાને હેડ ક્વાર્ટર બનાવીને ગોધરા–દાહોદના બધા વિદ્યાર્થીઓને અહીંયા ગુજરાત યુનિવર્સિટી સુધી આવવું પડતું હતું એ બધાને સ્થાનિક સગવડતા મળી રહે એટલા માટે અમે ત્યાં પણ વ્યવસ્થા ઊભી કરી છે અને નરસિંહ મહેતા સૌરાષ્ટ્રમાંથી અલગ કરીને એ પણ સરકારી યુનિવર્સિટી તાજેતરમાં જ, હમણાં જ કરી છે. સરકારી યુનિવર્સિટીમાં હિન્દુસ્તાનમાં ના હોય, સમાજને જરૂરિયાત હોય એવા વિષય સાથે ધારો કે સંસ્કૃત્ત યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, યોગ યુનિવર્સિટી. માનનીય અધ્યક્ષશ્રી, આજકાલ યોગનો એક ટ્રેન્ડ થઇ ગયો છે. પણ એ શીખવાડવા માટે જાણકાર માણસ જો સમાજને મળેને તો સારું, નહિતર જાણકાર ના મળે અને પેલો માણસ તો ભાઇ જેવું તેવું શીખવાડી દે અને પૈસા લઇ લે. સમાજને જાણકાર માણસો મળે એટલા માટે નરેન્દ્રભાઇએ ૨૦૧૨–૧૩ માં વૈશ્વિક સ્તર પર હરિફાઇ કરી શકે. આજે એ સરકારી યુનિવર્સિટીની અંદર વિશ્વના લોકો યોગ ભણવા માટે આવે છે. હિન્દુસ્તાનમાં કોઇ ચિલ્ડ્રન યુનિવર્સિટી નથી. આ સરકારી યુનિવર્સિટીની વાત કરું છું. એક ચિલ્ડ્રન યુનિવર્સિટીનો કોઇએ ઉલ્લેખ કર્યો છે એટલે રેકર્ડ ઉપર જવાબ આપું, લલિતભાઇ કોઇ વધારે ફી ના લઇ જાય એટલા માટે ૨૦૧૧ થી બધી જાણકારી માટે આપણે એફ.આર.સી. ફી નિયમન કમિટીની રચના કરેલી છે. બોલાવે છે એનું વાજબીપણું એ રજૂ કરે છે. એમાં હાઇકોર્ટના નિવૃત્ત જજ હોય છે અને બીજા બધા વિષયને જાણકાર એવા અધિકારીઓ અને પદાધિકારીઓ હોય છે. એ આખું એમનું રિઝલ્ટ જુએ છે, એમની સગવડતા જુએ છે, એમનું એજ્યુકેશન જુએ છે, એમની ક્વોલિટી જુએ છે, પ્લેસમેન્ટ બધું જ જોયા પછી એમને યોગ્ય લાગે કે હા, એમને આટલી ફી પરવડે એ ધ્યાને રાખીને એટલે ક્યાંય પણ કોલેજમાં તો અત્યાર સુધીમાં અને શાળા માટે મેં ગઇકાલે કહ્યું હતું એમ અત્યારે એ સુપ્રીમ કોર્ટમાં પડતર છે, એમાં પણ એ દિશામાં જ કોઇ ગુજરાતમાં મનમાની ના કરી શકે, મનફાવે તેમ ના જ કરી શકે એના માટે જ એમાં તમારા બધાનો સાથ અને સહકાર જોઇએ છે. ખાનગી યુનિવર્સિટીનો ગુજરાતમાં કેવો સારો અનુભવ છે. આજે નિરમા એ ઇન્ટરનેશનલ નામ છે કે નહિ? ગણપત હજુ હમણાં જ કહીએ કે ૧૦–૧૨ વર્ષ પહેલા જ થયેલી યુનિવર્સિટી. પણ સ્વર્ગસ્થ અનિલભાઇનું માર્ગદર્શન મળ્યું. ગણપતભાઇનું માર્ગદર્શન મળ્યું એટલે ખાનગી બધું જ ખરાબ એ કહેવું વ્યાજબી નથી. અનિલભાઇ અને ગણપતભાઇની જોડીએ અદભૂત કામ કર્યું. ચાંગા યુનિવર્સિટી છે અમારા પરિવારના જ છે. મેરિટમાં કેટલું ધ્યાન રાખે છે એનો મારે એક દાખલો આપવો છે. સુરેન્દ્રકાકા અમારા પરિવારના છે એના

સંચાલક છે એ યુનિવર્સિટીમાં મેરિટનું કેટલું ધ્યાન રાખવામાં આવે છે, જેટલું સરકારમાં રાખીએ છીએ એટલું જ ધ્યાન. એમના કુટુંબની કોઇ દીકરીને બે માર્ક માટે એડમિશન નહોતુ આપ્યું. એટલે ખાનગી યુનિવર્સિટીવાળા બધા જ જે કામ કરે છે નિરમા, ગણપત, કડી, ધીરૂભાઇ અંબાણી આવી અનેક યુનિવર્સિટીઓ અને મારે આ તબકકે કહેવું જોઇએ કે ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાય છે એ સંપ્રદાયે ગુજરાતને ખૂબ આપ્યું છે. સંસ્કાર પણ આપ્યા છે, ધર્મ પણ આપ્યો છે, સગવડતાઓ પણ આપી છે, પૂર, દુષ્કાળ વખતે મદદ પણ આપી છે અને એવી સંસ્થાઓ જયારે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરે છે અને હું આ બધી જ સંસ્થાઓ એ બી.એ.પી.એસ. હોય, કાલુપુર હોય, વડતાલ હોય, ગુરુકૂળ હોય આ બધી જ સંસ્થાઓ સાથે ઘનિષ્ઠ સબંધ ધરાવું છું. એમણે શૈક્ષણિક ક્ષેત્રે પણ ખૂબ સુંદર કામગીરી કરી છે. એમાંની એક કામગીરીનો  કરવા માટે હું લઇને આવ્યો છું ત્યારે મારી ગૃહને વિનંતી છે કે સર્વાનુમતે આ બિલને મંજૂરી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કોંગ્રેસ પાર્ટી શિક્ષણનું ખાનગીકરણ થતું હોય એમાં પોતાના વિચારો રજૂ કરે છે અને વિરોધ પણ કરે છે પણ ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલી આ સંસ્થા છે એટલે અમારી કોંગ્રેસ પાર્ટી સર્વાનુમતે આ બિલને મંજૂરી આપે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૯ – સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને કલમ–૧, દીર્ઘ સંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૯ – સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આદરણીય વિપક્ષ તરફથી સર્વાનુમતે રજૂઆત હોઇ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**બિનસરકારી સંકલ્પ**

**શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવા બાબત.**

ડો. આશા   પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સરકારી શાળા–કોલેજો ઘટવા લાગી છે અને સેલ્ફ ફાઇનાન્સ શાળા કોલેજો વધી રહી છે . આવી ખાનગી શાળા કોલેજોમાં ડોનશનના નામે લાખો રૂપિયા લેવાઇ રહ્યા છે તેથી રાજયના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને આવી શાળા કોલેજોમાં અભ્યાસ કરવો શકય નથી ત્યારે રાજયમાં થતું શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે ખ્યાતિ મેળવે તેવા સંશોધકો અને વૈજ્ઞાનિકો બને તે પ્રકારનું શિક્ષણનું સરકારી માળખું અને વાતાવરણ ઉભું કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

ડો. આશા   પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩–૩ વર્ષથી ચાલતી વિજ્ઞાનની કોલેજોમાં લેબોરેટરીની સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓને એક પણ પ્રયોગ કરાવવામાં આવતો નથી. છતા વિદ્યાર્થીઓ પાસ કરી આગળ મોકલવામાં આવે છે. સાયન્સનો વિદ્યાર્થી પ્રયોગો વગર કેવી રીતે કૌશલ્ય  પ્રાપ્ત કરે? ૩ વર્ષથી ચાલતી આવી કોલેજોમાં સ્ટાફ નથી, લેબ નથી, છતા યુનિવર્સિટી દ્વારા કાયમી જોડાણો યુ.જી.સી.ના નિયમ વિરુદ્ધ કેમ આપવામાં આવે છે? આ સરકારની કેવા પ્રકારની નીતિ ગણવી? જે તાલુકા અને જિલ્લા વિકસિત છે, ત્યાં સરકારી સાયન્સ કોલેજોને બદલે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોને જ મંજૂરી આપવામાં આવે છે. શું આ તાલુકાના બાળકોને મફત ઉચ્ચ શિક્ષણ મેળવવાનો અધિકાર નથી? દા.ત. ઊંઝા, વિજાપુર, સિદ્ધપુર આ સરકારી વાણિજ્ય, વિનયન અને વિજ્ઞાન કોલેજો શરૂ કરે તેવા વિસ્તારમાં અને શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં મદદરૂપ થાય તેવો સંકલ્પ કરવા સભાગૃહને હું વિનંતી કરું છું. આ સરકારે પ્રાથમિક શાળામાં ધોરણ–૧ થી ૫ અને ધોરણ–૬ થી ૮ એમ બે ભાગમાં વહેંચ્યું છે અને કામ કરવાનું વિચાર્યુ છે. ધોરણ ૧ થી ૫ ભણાવનાર શિક્ષકો અને ધોરણ–૬ થી ૮ ભણાવનાર તમામ શિક્ષકોને સમાન પગાર ધોરણ આપવામાં આવે છે. જ્યારે લાયકાત અલગ હોય અને બીજા રાજ્યોમાં પણ બંને શિક્ષકોના પગાર ધોરણ અલગ હોય તો ગુજરાતમાં કેમ નહિ? ૬ થી ૮ ધોરણમાં નોકરી કરતા શિક્ષકોનો ગ્રેડ–પે બદલવામાં આવે અને તેમને ન્યાય મળે તે જરૂરી છે. આ બાબતે સભાગૃહ સરકારશ્રીના ધ્યાને મૂકે. અન્ય વિભાગોમાં ફિક્સ પગારની નોકરીના ૫ વર્ષને સળંગ ગણવામાં આવે છે. જયારે પ્રાથમિક અને માધ્યમિક વિભાગોમાં આ સર્વિસને સળંગ ગણવામાં આવતી નથી, તે માટે યોગ્ય વિચારણા કરવામાં આવે તેવું હું સભાગૃહ દ્વારા સરકારના ધ્યાને મૂકું છું. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૯ વર્ષ પગાર વિસંગતતા બાબતે વાત કરું ત્યારે ઉંઝા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ જેવી સમગ્ર ગુજરાતમાં જૂજ નગરપાલિકાઓ છે. જેમાં કેળવણી નિરીક્ષકની પ્રમોશનની પોસ્ટ ન હોવાથી પાંચમાં પગાર પંચનો ૩૦૦ શિક્ષકોનો પગાર વિસંગતતાનો પ્રશ્ન ઉદભવ્યો છે. આ પૈકી કેટલીક નગરપાલિકા હાલ જિલ્લા શિક્ષણ સમિતિમાં સામેલ થઇ ગઇ છે. મહાનગર પાલિકાની શાળાઓ અને જિલ્લા પંચાયતની શાળાઓમાં આ પ્રશ્ન નથી. માત્ર જૂજ

નગરપાલિકાઓનો આ પ્રશ્ન છે. આ અંગે પગાર ધોરણમાં કલમ-૩(ક) કેળવણી નિરીક્ષકની પોસ્ટની કલમ જો દૂર કરવામાં આવે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૯ વર્ષનો પ્રશ્ન હલ થઇ જાય. સમાન કામ અને સમાન વેતનની નીતિ જળવાય. એક જ સંસ્થામાં કામ કરતાં ૨ શિક્ષકોમાં અસમાનતા પેદા થયેલ છે, ત્યારે સભાગૃહ સરકારના ધ્યાને મૂકે. સરકારશ્રી શિક્ષણમાં ગંભીરતા લેતી નથી, તેનો દાખલો જોઇએ તો હાલમાં ધોરણ-૧૦ ની પરીક્ષા લેવાઇ, તેમાં ગણિત વિષયમાં લગભગ ૩૫ થી ૪૦ ટકા એટલે કે ૧૫ માર્કસનું લગભગ સિલેબસ બહારનું પૂછાયું હતું. તો આ બાળકને ૧૫ માર્કનું ગ્રેસિંગ મળવું જોઇએ અને આવી સમસ્યા ઊભી ન થાય તે માટે કાયમી ધોરણે ઉપાયો કરવા જોઇએ. Annual Status of Education Report 2017 is Poor Learning Levels Amongst the Students in Rural Areas of Gujarat H.O.D. Report 2017 માં ૩૫ રાજ્યોમાં આપનું ગુજરાત એ ૧૯ માં નંબરે છે, તે પણ એક ચિંતાનો વિષય છે. આપણે શિક્ષણનું તો ખાનગીકરણ કર્યુ. શિક્ષણ કમિશનના નામે શિક્ષણનું બિલ લાવ્યા. પરંતુ એમ.સી.આઇ.ના બદલે એન.એમ.સી. કરવા જઇ રહ્યા છો, ત્યારે ચિંતા વ્યક્ત કરું છું કે ડોકટરી વ્યવસાય એ માણસની પીડા દૂર કરનાર વ્યવસાય છે. નવું જીવન બક્ષવા સમાન વ્યવસાય છે. આ અભ્યાસક્રમના ધોરણો જાળવવા માટે હાલ તબીબી નિષ્ણાતોની એમ.સી.આઇ. બનેલ છે, જે તબીબી શિક્ષણની સમસ્યાઓ સમજી શકે છે, પરંતુ હાલમાં નેશનલ મેડિકલ કમિશનની રચના કરવાનું બિલ ભારત સરકાર લાવી રહી છે, તેના કારણે ખાનગીકરણ તરફ આ સેવા દોરવાઇ જશે તો આ બિલ એન્ટી પુઅર અને એન્ટી પીપલ પુરવાર થશે તો આ સભાગૃહ રાજ્ય સરકારને ભારત સરકારમાં રજૂઆતનો સંકલ્પ કરે. શાળા ફી નિયમન મુદે સરકારની બેશરમ અને બેધારી નીતિની વાત કરું તો સરકારે..

અધ્યક્ષશ્રી : માનનીય આશાબેન, મેં આપને સૂચના આપેલી, વિનંતી પણ કરેલી એ શબ્દો આપ પાછા ખેંચી લો.

ડો. આશા પટેલ : ઓ.કે. સર. સરકારે શાળા ફી નિયમનનો ધારો બનાવ્યો છે. પણ આ સરકારે બનાવેલ કાયદાથી શિક્ષણ માફિયાઓના ઇરાદા ઉપર કાબૂ આવ્યો નથી, જેના કારણે આ ભાજપ સરકાર ઉપરથી લોકોનો વિશ્વાસ ઉઠી ગયો છે. આના કારણે લોકોમાં આપણા નેતાઓની છાપ સ્વાર્થી સ્વરૂપે દેખાઇ આવી છે. વચન કેવાં ને વાત કેવી? વચન કેવાં ને વાત કેવી? હું ભલો ને મારી ખુરશી ભલી. તેમાં રાચતા થઇ ગયા હોય તેવી છાપ પ્રજામાં ઉપસે છે. સૌને શિક્ષણ, ચાલો ભણીએ ભણાવીએના સૂત્રો આપે, શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિની ગુલબાંગો મારતી આ સરકાર શાળા ફી વધારાના મામલે સાવ નિષ્ફળ, બેજવાબદાર અને અણઘડ પુરવાર થઇ હોય તેવી છાપ લોકોમાં ઉભી થઇ છે. દુઃખ તો એ વાતનું છે કે.. તમે બોલો છો ત્યારે ભાઇ અમે સાંભળીએ છીએ. દુઃખ તો એ બાબતનું છે કે *(×××)

અધ્યક્ષશ્રી : તમારા આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખવામાં આવે છે.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓ કહે તે ફી ભરી દો, શાળાઓ કહે તે ફી ભરી દો તેમ કહીને નીતિમત્તા અને પ્રજા પ્રત્યે વફાદારીના બંધન તોડી નાખ્યા છે. જે પ્રજાનો દ્રોહ અને વચનભંગ કરવા બરાબર છે. એકતરફ પ્રજાને વચનોથી બાંધી રાખીને બીજી તરફ શાળા સંચાલકોની *(×××)

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખવામાં આવે છે.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે રાજયભરમાં ફી વધારો હાર્યો. એક સમયે રાજયભરમાં ફી વધારો હાર્યો અને ગુજરાત જીત્યું ના સરકારશ્રીના વખાણના વિશાળ હોર્ડિંગ્સ પ્રજાના પૈસે ઠેરઠેર ઉભા કરવામાં આવ્યા હતા અને કહેવત છે ને *(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખવામાં આવે છે. બહેન હવે વારંવાર આવું ન બોલશો. તમે તમારી વિગત કહો. બહુ સરસ છે તમારી વિગત.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાલીઓને શાળાની મરજી મુજબ ફી ભરી દેવાનું કહેનારને શું કહેવું તે સમજ પડતી નથી. અમે બહુ સાંભળીએ છીએ. રાજયભરમાં વાલીઓ રોજ પ્રદર્શન કરી રહ્યા છે. સરકાર મૂકપ્રેક્ષક બની આ પાશવી મુકાબલો જોઇ રહી હોય તેવી છાપ આ સમાજમાં ઉભી થઇ છે. આમ શિક્ષણમાં ખાનગીકરણ કરીને સરકાર જાણે સંચાલકોના હવાલે થઇ ગઇ હોય તેવી છાપ ઉભી થઇ છે. આ રાજયના નિષ્ઠાવાન ઉચ્ચ શિક્ષણના અધિકારીઓએ કડક કાયદા બનાવ્યા પણ રાજયના શિક્ષણ માફીયાઓ કે જે ચેરીટેબલ ટ્રસ્ટના ઓથા હેઠળ શિક્ષણની ભાગીદારી પેઢીઓ ચલાવે છે તેને આ સરકારના ઉચ્ચ અધિકારીઓ નિષ્ઠાથી બનેલ કાયદાનો દૂરુપયોગ કરી લૂંટ ચલાવી રહ્યા છે તેમાંથી વાલીઓને બચાવે તેવી આ સભાગૃહ સમક્ષ સંકલ્પ કરે. ફી નિર્ધારણ કાયદો માર્ચ ૨૦૧૭માં આ સન્માનનીય સભાગૃહમાં ઘડાયો. તેનો અમલ જુન ૨૦૧૭થી કરવાનો હતો. આ કાયદો પસાર થયા પછી તે સમયથી ભાજપા સરકારે મોટા મોટા હોર્ડિંગ્સ રાજયમાં લગાવી પ્રાથમિકની ૧૫ હજાર, માધ્યમિકની ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિકની ૨૭ હજારની ફી..

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપ મહિલા છો, બહેન છો, સન્માનનીય સભ્ય છો. ગઇકાલે સુપ્રીમ કોર્ટનું મેં વર્ઝન વાંચ્યું અને એક પ્રોફેસર જો વાત ન સમજી શકે તો તમારી સમજશક્તિ ઉપર મને દયા આવે છે. શરમજનક છે, દયા આવે છે તમારી ઉપર. આવું ચાલતું હશે.

ડો. આશા પટેલ : દયા કરવાની જરૂર નથી.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીવાર ટોકવાના હોય. ગઈકાલે મેં વિગતવાર સુપ્રીમ કોર્ટનું વર્ઝન વાંચીને હું બોલ્યો છું. તોંય પછી એની એ જ વાત કરવાની.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આપ સાચા છો હું ના નથી પાડતો. આપ સાચા છો. આપે ગઇકાલે સુપ્રીમ કોર્ટનું વર્ઝન આપ્યું તે સૉ ટકા સાચું છે તેમાં કોઇ સંદેહ નથી. મારી વાત સાંભળો. ડો.આશાબેન જે બોલી રહ્યા છે કે આપે ચૂંટણીની અંદર મોટા હોર્ડિંગ્સ લગાવ્યા હતા અને તેમાં ફીનું ધોરણ લખ્યું હતું તે બોલે છે. આપ સાંભળો સાહેબ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વચન પાળવામાં નિષ્ફળ ગયા છો તેવું બોલે છે. અમે તો વચન પાળવા માટે કટિબદ્ધ છીએ. બહેન તમે તમારી મર્યાદામાં રહો. માનનીય અધ્યક્ષશ્રી, બહેનને મર્યાદામાં રહેવાનું સૂચન કરો.

અધ્યક્ષશ્રી : બહેન તમારું પ્રવચન પૂરું થાય છે. શ્રીમતી મનિષાબેન વકીલ. આપનું પ્રવચન પૂરું થાય છે. આપ વારંવાર એ જ બોલો. સમજાવવા છતાં ભૂલ કરો તો મારે તમારું પ્રવચન કમ્પલસરી બંધ કરવું પડે. એ સમયનો સવાલ નથી. તમે વારંવાર આવું કરો તો મારે તમને રોકવા પડે બહેન.

શ્રીમતી મનીષા  વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, બાળક જયારે સ્કૂલ  જાય ત્યારે તેની નવી જિંદગીનો આરંભ થાય છે. તે નવી જિંદગી એ ગુજરાતની આવતીકાલ બનતી હોય છે. કોઇપણ સમાજ શિક્ષણ અને સંસ્કાર માટે ઉદાસીન હોય તો તે સમાજનું કોઇ ભવિષ્ય નથી હોતું અને તેનો વિનાશ નિશ્ચિત  હોય છે. એટલે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર શિક્ષણને પ્રાયોરિટી આપે છે. મને લાગે છે કે, માનનીય આશાબેન ખૂબ નારાજ છે. બની શકે તેમને ઈર્ષ્યા પણ આવતી હોય. તે ઈર્ષ્યા એટલા માટે કહું છું કે, તેમણે જયારે સ્કૂલમાં પ્રવેશ કર્યો હશે ત્યારે કોઇ મુખ્યમંત્રી, કાં તો કોઇ ધારાસભ્યશ્રી કાં તો કોઇ અધિકારીશ્રી તેમને સ્કૂલે મૂકવા નહીં ગયા હોય.

અધ્યક્ષશ્રી :  બહેન વ્યક્તિગત નહીં.

શ્રીમતી મનીષા  વકીલઃ  માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના સમયના કેટલાય મિત્રો એવા હશે કે એણે ચાર ચાર પેઢી સુધી સ્કૂલના દરવાજા નહીં જોયા હોય. આપણા વડા પ્રધાન અને તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ શાળા પ્રવેશોત્સવ શરું કર્યો અને વિવિધ સમાજના લોકોને પ્રેરીત કર્યા અને એમણે બાળકોની સ્કૂલે જઇને જાતે તાપમાં ફર્યા છે અને નાના નાના ભૂલકાઓની આંગળી પકડીને નિશાળે લઇ ગયા છે એને લીધે જ રાજયમાં ૨૦૦૪-૦૫માં  ધોરણ ૧ થી ૫ નો ડ્રોપ આઉટ રેટ ૧૦.૧૬ હતો એ વર્ષ ૨૦૧૬-૧૭માં ૧.૫૪ ટકા એટલે  કે ધોરણ ૧ થી ૭ માં જે ૧૮.૭૯ ટકા હતો એ ૨૦૧૬-૧૭માં ૬.૦૬ ટકા થઇ ગયો. સમાજને આગળ લઇ જવો હોય તો અહીંયા બેસીને નિવેદનો ના કરવાના હોય ગામડાંઓમાં જઇને આ નાના નાના ભૂલકાઓને એમની આંગળીઓ પકડીને સ્કૂલમાં મૂકવા જવું પડે અને એના શિક્ષકો કેવી રીતે ભણાવે છે એનું ધ્યાન રાખવું જોઇએ નહીં કે અહીં બેસીને નિવેદનો કરવા જોઇએ. આ પવિત્ર કામ છે એમાં વિરોધ શેનો? હું તો એમ કહું છું કે, તમારે પણ આમાં જોડાવું જોઇએ એમાં કોઇએ ના નથી પાડી અને અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તથા અમારા શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ ચૂડાસમા તો ખૂબ દયાળુ અને ઉદાર છે તમને ના નહીં પાડે એટલે પ્લીઝ તમે પણ આમાં જોઇન્ટ થજો. કોંગ્રેસના સમયમાં દીકરીઓ ભણતી ન હતી ૧૦૦ માંથી માંડ ૪૦ દીકરીઓ નિશાળે જાય ૬૦ દીકરીઓ તો એવી હોય કે જે જન્મીને, પરણીને મોટી થઇને ગુજરી ગઇ હોય તો પણ એમણે સ્કૂલનો દરવાજો ન જોયો હોય. એમાં પણ થોડા દિવસ એવા હોય કે જે ૪૦ દીકરીઓ હોય એ અર્ધા મહિનેથી એ પણ ઉઠી જતી હોય કે સ્કૂલે જતી બંધ થઇ જતી હોય અને એનું એક કારણ હોય તો એ હતું કે સ્કૂલમાં શૌચાલય ન હોય. એ બૈઝિક સુવિધા ન હોય એના માટે થઇને સ્કૂલે નહોતી જતી. કન્યા કેળવણી દ્વારા દીકરીઓના નામાંકનમાં વધારો થયો છે, મારે વિપક્ષના મિત્રોને કહેવું છે કે, કાયમ વાઇબ્રન્ટ ગુજરાત ઉત્સવની વાત કરે છે, એની ટીકા કરે છે એ બે વર્ષમાં એક વાર આવે છે પણ આ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી પ્રવેશોત્સવ દર વર્ષે સાત દિવસ માટે ઉજવાય છે ત્યારે તમને આ વસ્તુ કેમ યાદ નથી આવતી? મારે વિપક્ષના મિત્રોને કહેવું છે કે, શબ્દોના શણગાર તો હંમેશા સારા લાગે છે, કોરા કાગળ પણ રંગીન લાગે છે પણ માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર તો કુમળા બાળકોના જીવનમાં રંગ કેવી રીતે પૂરવો અને એમનું જીવન કેવી રીતે સુધારવું એની ચિંતા કરે છે. સાયન્સ, આર્ટસ, કોમર્સ, એન્જિનિયરીંગ, મેડીકલ આ બધી ઘણી કોલેજો દરેક સ્ટેટમાં હોય છે પણ માનનીય વડા પ્રધાન અને તત્કાલિન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી હંમેશા આઉટ ઓફ બોક્સ વિચારતા, યુનિક અને ક્રીએટીવિટી એમનામાં હતી અને ક્રીએટીવ થીંકીંગના લીધે જ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, પશુધન યુનિવર્સિટી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને ગુરુ ગોવિંદ યુનિવર્સિટી કાર્યરત કરવામાં આવી આ ક્રીએટીવિટીવ્સ એન્ડ એજયુકેશન કહેવાય. એજયુકેશન ઉપરાંત તમે બાળકો માટે કાંઇક વિશેષ કરો અને વિશેષ રીતે તૈયાર કરતા હોવ તો એને ક્રીવેટીવિટીવ્સ એન્ડ એજયુકેશન કહેવાય. વર્ષ ૨૦૧૦ સુધી માત્ર ૯ સરકારી અને ૧ પ્રાઇવેટ યુનિવર્સિટી હતી. હાલમાં સરકારી યુનિવર્સિટીઓમાં ત્રણ ગણો વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર ડીઝીટલ ઈન્ડિયાના કાર્યક્રમ થકી વધુને વધુ ઉંચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ટરનેટ સેવાઓ આપી રહી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. માનનીય લલીતભાઇ વસોયા, આપની પાસે ૬ મિનિટ છે, એક વધારાની મિનિટ આપી છે આપને.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮
## બિનસરકારી સંકલ્પ

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ડો.આશાબેન પટેલ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એના વિશે હું મારા વિચારો રજૂ કરું છું. શિક્ષણ વિશે બંને પક્ષના લોકોએ ઘણીબધી ચર્ચાઓ કરી. આશાબેને એવું કહ્યું કે *(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખ્યા છે.

શ્રી લલીત વસોયા : કાઢી નાખ્યા તો વાંધો નહીં.

અધ્યક્ષશ્રી : તમારે ખાતરી કરવાની જરૂર નથી. તમે તમારું જ બોલો.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું જ બોલું છું.

અધ્યક્ષશ્રી : તમારું જ બોલો તો સારા લાગો.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આંગળી પકડીને વિદ્યાર્થીઓને સ્કૂલે મૂકવા એટલા માટે જવું પડે છે કે, સરકારી શાળાઓની અંદર, સરકારી પ્રાથમિક શાળાઓની અંદર રૂમના ઓરડાઓની ઘટ છે. સરકારી પ્રાથમિક શાળાઓની અંદર પીવાલાયક ચોખ્ખું પાણી મળતું નથી અને શિક્ષણનું સ્તર...

અધ્યક્ષશ્રી : સામે કોઇએ કોઇ જવાબ આપવાની જરૂર નથી. જયારે તમારું વકતવ્ય આવે ત્યારે બોલજો બધા. મારી સામે જુઓ.

શ્રી લલીત વસોયા : શિક્ષણનું સ્તર...

અધ્યક્ષશ્રી : તમે એમને જોઇને કહો છો, મને કહો, મને કહો. આ વ્યવહારમાંથી પાછો તહેવાર ઉજવાઇ જાય પાછો.

શ્રી લલીત વસોયા : શિક્ષણનું સ્તર ગુજરાતમાં એટલું બધું નીચું ગયું છે કે, એન્યુઅલ સ્ટેટ ઓફ એજયુકેશન રિપોર્ટ.

અધ્યક્ષશ્રી : પાછું એ બાજું.

શ્રી લલીત વસોયા : જોઇશ તો તમારી સામે. સાહેબ જોઉં તો શું વાંધો છે?

અધ્યક્ષશ્રી : મારી સામે જુઓ મારો આદેશ છે તમને. એવો નિયમ છે. તમે બોલો તો વાંધો નહીં. તકરાર ન થાય.

શ્રી લલીત વસોયા : ગુજરાતની અંદર ધોરણ પના પ૩ ટકા વિદ્યાર્થીઓ ધોરણ ૨ ની બૂક વાંચી નથી શકતા. ધોરણ ૮ના ૧૩.૩ ટકા વિદ્યાર્થીઓ ધોરણ ૧ની બૂક વાંચી નથી શકતા. ધોરણ પ ના ૩પ ટકા વિદ્યાર્થીઓ આંકડાને ઓળખી નથી શકતા. ૧૪.પ ટકા વિદ્યાર્થીઓ ભાગાકાર અને ગુણાકાર નથી કરી શકતા. આ કેન્દ્ર સરકારના રિપોર્ટમાં ગુજરાતના શિક્ષણ વિશેની વાત કરી છે. આંગળી પકડીને મૂકવા એટલા માટે જવું પડે છે કે, ગુજરાતની અંદર ૧૬ હજાર શાળાના ઓરડાઓની ઘટ છે. કમરાઓની ઘટ છે. હું મારા મત વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારમાં ૧૨૭ શાળાઓ આવેલી છે. ૧૨૭ પ્રાથમિક શાળાઓ આવેલી છે તેમાંથી ૨૮ પ્રાથમિક શાળાઓની અંદર પીવાના પાણીની વ્યવસ્થા નથી તે આ ગૃહની અંદર જે પ્રશ્ન પૂછયો છે તેના જવાબમાં મને કહેવામાં આવ્યું હતું.

અધ્યક્ષશ્રી : આ વ્યવહાર વધારશો નહીં ભાઇ.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી શાળાઓની વાત કરીએ તો ધોરાજીમાં આ સરકારે વિદ્યાનગરીનું ઉપનામ આપ્યું છે. આ વિદ્યાનગરીની અંદર ૧પ૦ વર્ષ જૂની ગોંડલ સ્ટેટના રાજવી ભગવતસિંહના વખતની...તમે આપ્યું છે. તે ૧પ૦ વર્ષ જૂની સરકારી કન્યાશાળા અને ભગવતસિંહજી હાઇસ્કૂલ છે. દસ વર્ષ પહેલાં આ સરકારી કન્યા શાળાની અંદર ૩પ૦૦ બહેનો અભ્યાસ કરતી હતી. આ વખતે ચાલુ વર્ષે ફકત ૩૯૨ બહેનો અભ્યાસ કરે છે. ૩૯૨ દીકરીઓ અભ્યાસ કરે છે તે દીકરીઓને આંગળી પકડીને લઇ આવવામાં આવે છે અને તે એટલા માટે કે ત્યાંના શિક્ષકો ફાજલ ન થાય. શાળા બંધ ન થાય એટલા માટે આંગળી પકડીને લઇ આવવાની વાત આવે છે. આરટીઇ હેઠળ ખાનગી શાળાઓની અંદર ૧પ ટકા ગરીબ વિદ્યાર્થીઓને, જે આર્થિક રીતે, તમે ગૃહમાં મારી માહિતીમાં આંકડા આપ્યા છે તે આપું છું. આરટીઇ હેઠળ ૧પ ટકા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવે છે. સારી શાળાઓની અંદર ઉંચી ફી આપી શાહુકાર લોકોના દીકરા દીકરીઓ ત્યાં ભણતા હોય છે. આવી ખાનગી શાળાઓની અંદર મધ્યાહન ભોજન યોજનાની અમલવારી આપણે કરતા નથી. જે પૈસાપાત્ર લોકોના બાળકો છે તે ત્યાં રિશેસની અંદર સારો એવો ભાગ લઇને ખાતા હોય છે.

શ્રીકુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આશાબહેન જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મિત્રો અહીંયા ગૃહમાં બહુ ચર્ચા થઇ પણ સ્વાવલંબન પર કોઇ વાત કરશે એવુ મેં વિચાર્યુ પણ મારી આશા ઠગારી નીવડી છે કોઇએ તેની વાત કરી નથી. હું આપના માધ્યમથી કહેવા માગુ છું કે, મારે બે જ મુદ્દા કહેવા છે કેન્દ્ર સરકારની એક યોજના ૧૯૮૮-૮૯માં આવી હતી વ્યવસાયલક્ષી પ્રવાહ. અને પૂરા ગુજરાતમાં આ વ્યવસાયલક્ષી પ્રવાહમાં સ્કૂલો ખોલવામાં આવી અને ડિગ્રી વગરના તાલીમી શિક્ષકોની ભરતી ના કરી અને બી.એસ.સી. તાલીમ વગરના શિક્ષકો ભર્યા અને તેમાં ૪૪૨ જેટલા શિક્ષકો ફાજલ થયા હતા. એ ફાજલ શિક્ષકોનુ રક્ષણ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યુ અને એ સમયે ફાજલ થયેલા શિક્ષકો બધા ભર્યા અને તેના પછી આ વ્યવસાયલક્ષી શિક્ષણની જે સ્કૂલો હતી તે

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બધી બંધ થઈ. ત્યાર બાદ આ સરકારમાંથી તમે પણ ફાજલ થયા અને આજે પણ જનતાએ તમને ફાજલનું રક્ષણ નથી આપ્યુ. મિત્રો મારે સાથે સાથે એ પણ કહેવુ છે કે, કોંગ્રેસના શાસનમાં આદિવાસી સમાજ માટે કોઇ ઉચ્ચ શિક્ષણની કલ્પના મિત્રો નહોતી. હું જયારે સંતરામપુરમાં ૧૯૯૩-૯૪માં બી.એ. થયો પછી ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ. કરવા માટે આખા ગુજરાતનું પરીક્ષાનું સેન્ટર માત્ર એક જ હતું. મેં ૧૯૯૩-૯૪માં એકસ્ટર્નલ પરીક્ષા પાસ કરી અને હું પ્રોફેસર બન્યો છું. ૨૦૦૫ પછી અમારી સરકાર આવ્યા પછી દરેક ગુજરાતના દરેક ગામડાંની કોલેજોમાં પી.જી.ના સેન્ટરો આપ્યા. બી.એસ.સી.અને આર્ટસની કોલેજો ખુલી અને આજે આદિવાસી સમાજ અને મધ્યમ વર્ગનો સમાજ આ બી.એ.અને એમ.એ. કરતો થયો છે. સાથે સાથે ભાજપની સરકારમાં ગોવિંદગુરુ ગોધરા યુનિવર્સિટી ખુલી અને બિરસા મુંડા યુનિવર્સિટી પણ ખોલવાની છે તેમાં ૧૦૦ કોલેજોનું જયારે સંકલન થવાનુ છે ત્યારે આદિવાસી સમાજના બાળકોને ઘર-આંગણે શિક્ષણ મળવાનું છે એટલે રાજય સરકારને હું અભિનંદન આપુ છું.

મિત્રો ૧૯૯૫ પહેલાં ગુજરાતમાં આપણી માત્ર ૯ સરકારી કોલેજો હતી અને સાથે સાથે અનુદાનિક ૮ કોલેજો હતી. તેના પછી હાલમાં ભાજપની સરકાર આવ્યા પછી ૧૯૯૫ પછી ૩૧ સરકારી સાયન્સ કોલેજ થઇ અને ૨૫ અનુદાનિક, ૧૮૨ સ્વનિર્ભર, આર્ટસ કોલેજો હતી માત્ર ૨૬ અને અનુદાનિક ૩૦૦ કોલેજો હતી તેમાં વધારો થવાની ૧૦૭ સરકારી કોલેજો બની અને ૩૫૬ અનુદાનિક કોલેજોની મંજૂરી અમારી સરકારે આપી છે અને તેનું પરિણામ એ આવ્યુ કે ૨૦૦૨થી ભારત સરકારના શ્રમ અને રોજગારનો જે રિપોર્ટ આવ્યો છે કે ગુજરાત રોજગારી આપવામાં પ્રથમ નંબરે છે તેનું કારણ અમારું આ હાયર એજયુકેશન છે એના કારણે ગુજરાત રોજગારી આપવામાં પૂરા દેશમાં પ્રથમ નંબરે છે. સાથે સાથે દેશમાં પરિવર્તન યુવાનો દ્વારા જ લાવી શકાય તેના માટે સ્કીલ ઈન્ડિયાના માધ્યમથી યુવાનોને પ્રોત્સાહન આપવાનુ કામ અમારા પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નના આધારે કર્યુ છે. બદલાવ યુવાનો દ્વારા આવતો હોય છે પહેલા પેનની જરૂર હતી પરંતુ આજે ટેકનોલોજીના યુગમાં કદમથી કદમ મિલાવવા ટેબલેટની જરૂર છે. અમારે સ્લેટનું શિક્ષણ દૂર કરીને અમારી સરકારે નેટનું શિક્ષણ અમારા ટોટલી ગુજરાતના યુવાનોને આપ્યુ છે. સાથે સાથે ગુજરાતમાં જે યુવાનો ભણે છે તેમને તમે તો બેકારી ભથ્થું આપવાની વાત કરી હતી, યુવાનોને આળસુ બનાવવાની વાત કરી હતી પણ અમારી સરકારે પ્રતિ વર્ષ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને દસ હજારનું ટેબલેટ માત્ર એક હજારના ટોકન ભાવથી અમારી સરકારે આપ્યુ છે. અને એ ટેબલેટમાં પાંચ હજાર પુસ્તકો ડાઉન લોડ કરેલા છે એટલે તેને લાયબ્રેરીમાં જવાની જરૂર નથી. અને સાથે પાંચ હજાર પુસ્તકોમાં તેનો જે કંઇ અભ્યાસક્રમ હોય તે અભ્યાસક્રમ બધો તેમાં ડાઉન લોડ કરેલો છે. એ ઘરે બેઠાં પણ હાયર એજયુકેશન મેળવી શકે છે. એનુ નામ નમો ટેબલેટ છે પણ નમો ટેબલેટ એટલે આ બધા એવુ સમજે છે કે, આ નરેન્દ્ર મોદીનું નામ છે. પણ નમો ટેબલેટનું નામ છે New Avenue of Modern Education Troi Tablet1 અને તેમાં ત્રણ લાખ વિદ્યાર્થીઓને અમારી સરકારે આ નમો ટેબલેટ આપ્યા છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇ પટેલનું સ્વપ્ન છે કે અમે ગુજરાતના યુવાનોને ન્યુ એઈજ વોટર નહીં ન્યુ એઈજ પાવર બનાવવાના છે. અને મિત્રો કહેવત છે કે એક વર્ષનું આપણે આયોજન કરવુ હોય તો ખેતી કરવી પડે અને દસ વર્ષનું આયોજન કરવુ હોય તો વૃક્ષો વાવવા પડે. પણ આપણે એક વર્ષનું નહીં, દસ વર્ષનું નહીં પણ સો વર્ષનું આયોજન કરવાનુ છે આખી પેઢીનું આયોજન કરવાનુ છે તેના માટે આપણાં ગુજરાતના યુવાનોને એજયુકેશન આપવુ પડે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, આશાબેન જે સંકલ્પ લાવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને હમણાં મારા અગાઉના સાથી સભ્યશ્રીએ એમ કહ્યું કે, ભૂતકાળમાં યુનિવર્સિટીની અંદર એક્સટર્નલ પરીક્ષા આપીને હું પ્રોફેસર બન્યો છું. એમણે આનંદ લેવો જોઇએ કે, કોંગ્રેસની સરકારમાં તમે એક્સટર્નલમાં પ્રોફેસર બન્યા છો. અત્યારે તો પી.એચ.ડી. થયેલા પણ બેરોજગાર ફરે છે. કોંગ્રેસના શાસનમાં AIMS, IIT, IIM અને સેંકડો વિશ્વ વિદ્યાલયો અને સંસ્થાઓ બની હતી. સરકારી શાળા-કોલેજો ઘટતી જાય છે. એના ભાગરૂપે શિક્ષણનું સ્તર પણ ઘટતું ગયું છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, શિક્ષણનું વેપારીકરણ થતું ગયું છે. ધો.૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ ભણવા જાય છે અને ૧૦મા ધોરણ સુધી પહોંચે છે ત્યારે ૨૬ ટકા અને ધો.૧૨ સુધી પહોંચે છે ત્યારે ૫૬ ટકા ડ્રોપ આઉટ રેશિયો છે. ધો.૧૦ અને ૧૨મા લેવાતી પરીક્ષા માટે મારું એક સૂચન છે કે, ધો.૧૦ની પરીક્ષા ચાલતી હોય છે ત્યારબાદ એક રજા આવે છે અને ધો.૧૨ની પરીક્ષા બપોરે લેવાય છે. એના બદલે ધો.૧૦ની સવારે અને ધો.૧૨ની પરીક્ષા બીજા દિવસે લેવાય તો પરીક્ષાનો ખર્ચ ઘટી શકે છે. સરકારી માધ્યમિક શાળાઓ દિવસે-દિવસે ઘટતી ગઇ છે. એના કારણે નોન ગ્રાન્ટેડ શાળાઓ વધતી જાય છે. ગ્રામ્ય વિસ્તારોની વાત કરું તો પાંચથી સાત કિ.મિ.ના રેશિયામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે. વસતિ વધતી ગઇ છે પણ સંસ્થાઓ ત્યાંને ત્યાં જ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સૂચન કરવા માગું છું કે, આમાં કંઇક સુધારો કરીને ત્રણ કિ.મી. સુધીનો રેશિયો કરીને અને એનાથી પણ વધુ જ્યાં જરૂર હોય ત્યાં માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા આપવામાં આવવી જોઇએ કારણ કે, આ સરકારમાં ઘણી બધી એસ.ટી. બસો ઘટતી જાય છે. ગામડાંમાં એસ.ટી. બસો જતી નથી અને વિદ્યાર્થીને પાંચથી આઠ કિ.મી. સુધી ભણવા જવું પડે છે. મારું એક બીજું સૂચન છે કે, પ્રાથમિક શાળામાં શિક્ષણનું સ્તર ઘટતું ગયું છે. ત્યારે ધો.૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે આજુબાજુના જાહેર ટ્રસ્ટોની શાળાઓને ત્યાં શિક્ષણ માટેની જવાબદારી સોંપવામાં આવે અને જો એનું સ્તર ઊંચું આવતું હોય તો આખા ગુજરાતમાં એનું અનુકરણ કેમ ન કરવું જોઇએ. સાથે-સાથે જ્યારે આપણે કુમળા બાળકોની ચિંતા કરતા હોઇએ ત્યારે કુમળા બાળકોની ચિંતા કરતાં-કરતાં કુપોષિત

બાળકોની ચિંતા કરવી ખૂબ જરૂરી છે. અરવલ્લી જિલ્લાની વાત કરું તો અમારે અરવલ્લી–સાબરકાંઠા જિલ્લાના કોલેજમાં ભણતા વિદ્યાર્થીને કામ પડે તો પાટણ યુનિવર્સિટીમાં જવું પડે છે અને ત્યાં જવા માટે ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ થઇ જતો હોય છે ત્યારે હું આપના માધ્યમથી સરકારને પૂછવા માગું છું કે, અરવલ્લી, સાબરકાંઠામાં એક યુનિવર્સિટી કેમ આપવામાં ન આવવી જોઇએ. એક ધક્કાથી આ સરકારમાં કામ થતું નથી અને પાટણ યુનિવર્સિટી જવા માટે ગરીબ વિદ્યાર્થીને ૧,૦૦૦, ૧૫૦૦ અને ૨૦૦૦ સુધીનો ખર્ચ થતો હોય છે. તો મારી વિનંતી છે કે, અરવલ્લી જિલ્લામાં એક યુનિવર્સિટી આપો. બીજી વાત કરું તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જેટલા પણ વિદ્યાર્થીઓ છે એના માટે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા અમે શ્રી રામ યુનિવર્સિટીની માગણી કરી છે. હમણાં જ સાહેબે કીધું કે યુનિવર્સિટી માગો તો અમે આપીએ. ભારતીય જનતા પાર્ટીના એસ.સી., એસ.ટી. બક્ષીપંચ અને આદિવાસી સમાજના જેટલા પણ ધારાસભ્યો છે એમને પણ હું વિનંતી કરું છું કે, આપ અમારા વતી ભલામણ કરો કે શ્રી રામ યુનિવર્સિટીની મંજૂરી આપે તો ગરીબ વિદ્યાર્થીને કંઇ ફાયદો થાય. બીજી વાત વ્યાયામ અને ચિત્રના શિક્ષકોની કરવા માગું છું. પ્રાથમિક શાળામાં પ્રવાસી શિક્ષક તરીકે ભરતી કરવાની સરકારે મંજૂરી આપી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૧૫ સ્કૂલો વચ્ચે એક શિક્ષક આપવામાં આવે છે. આ શિક્ષકોની ભરતી ૧૧ મહિના માટે કરવામાં આવે છે અને એમાં પણ શિક્ષકો શાળામાં નથી જતા. ડાયરેક્ટ ભરતી કરેલી હોય છે એટલે પગાર પડી જાય છે પણ શિક્ષક સંસ્થામાં નથી જતા અને ૧૫ સ્કૂલોમાં ફરવાની શક્યતા બહુ ઓછી છે. આથી આપના માધ્યમથી હું વિનંતી કરવા માગું છું કે, એવું આયોજન કરવામાં આવે કે આ શિક્ષકોની કાયમી ધોરણે ભરતી કરવામાં આવે અને સ્કૂલોની સંખ્યા ૧૫ની જગ્યાએ ૫ કે ૧૦ કરવામાં આવે જેથી કરીને શિક્ષણનું સ્તર ઊંચું આવે. વ્યાયામ શિક્ષક એટલે શાળાનું એક હૃદય કહેવાય છે. આપ બધા જ ભણ્યા છો, આપને ખબર હશે કે શાળાનું ડીસીપ્લીન એક વ્યાયામ શિક્ષક અને ચિત્ર શિક્ષક દ્વારા થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભરતી પ્રક્રિયાની વાત કરું તો, ૨૦ વર્ષ સુધી આપણા ગુજરાતની અંદર વિદ્યાર્થીઓ સરકાર તરફથી ડીગ્રી મેળવે છે. વિદ્યાર્થીઓ ડીગ્રી મેળવ્યા પછી આપણી ડીગ્રીનું મહત્વ નથી રહ્યું કારણ કે એના ભાગરૂપે આજે એન્ટ્રન્સ ટેસ્ટ ભરતી પ્રક્રિયામાં થઇ ગયો. ગમે તેટલા ટકા લાવીએ પરંતુ જયારે એન્ટ્રન્સ ટેસ્ટ આપવા બેસે છે અને એમાં જે માર્ક્સ મેળવે છે એના આધાર ઉપર આજે રોજગારી મળતી હોય છે પરંતુ એમાં પણ આજે ચેડાં થઇ રહ્યાં છે. ભરતી પ્રક્રિયાના ઘણાય કિસ્સાઓ ખૂલ્યા છે અને સરકારને એમાં તકલીફ પડી હતી અને સરકારને એમાં વિચાર કરવાની જરૂર પડી હતી અને એમણે એકશનો લીધેલાં છે. આપના માધ્યમથી હું કહેવા માગું છું કે, ભૂતકાળમાં ૨૦૦૮માં બોગસ સર્ટિઓ થયા હતા, એમાં જામનગર, વડોદરા અને ખેડા જિલ્લાની અંદર ૨૨૫થી વધુ બોગસ સર્ટિઓ નીકળ્યા હતા અને એના ભાગરૂપે આપણે ૨૨૫ જેટલા શિક્ષકો ઉપર એકશન લેવા પડ્યાં હતાં. મારે દુઃખ સાથે એક વાત એ કરવાની છે કે, માત્ર ૩ જિલ્લામાં ૨૨૫ શિક્ષકો હોય તો બાકીના જિલ્લાઓની અંદર કેટલા હશે?

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : સાહેબ, એક બે મિનિટ આપો એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : અર્ધી મિનિટ.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : સાહેબ, ૩ જિલ્લામાં ૨૨૫ જેટલા શિક્ષકો ખોટા નીકળ્યા હોય તો ૨૬ જિલ્લાઓની તપાસ કરીએ તો ઘણા શિક્ષકો આવા નીકળી શકે એવી વાત છે. તા. ૨૧.૧૨.૨૦૦૯ના ભરતી પ્રક્રિયાની વાત કરું તો, ખેડા જિલ્લામાં જે લોકોએ અરજી નહોતી કરી, એવા શિક્ષકોને આપણે નોકરી આપી દીધી. અરજી નથી, મેરીટ લિસ્ટમાં નામ નથી, એવા શિક્ષકોને પણ આપણે ત્યાં નોકરી મળી ગઇ છે. એક અધિકારીના બે દીકરાઓને નોકરી મળી ગઇ છે અને વેઇટીંગવાળાને નોકરીનો ઓર્ડર નથી કરવામાં આવ્યો. અનામતની જાળવણી કરવામાં નથી આવી. મહિલા સશક્તિકરણની વાત કરીએ છીએ...

અધ્યક્ષશ્રી : તમને પૂરી એક મિનિટ આપી. માનનીય જગદીશભાઇ..

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સાથી સભ્યશ્રી માનનીય આશાબેન ગુજરાતના કથળતા શિક્ષણ અંગે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. કદાચ મને એવું લાગે છે કે, ભાજપ પક્ષમાંથી અને કોંગ્રેસ પક્ષમાંથી, એમ બંને પક્ષમાંથી આ શિક્ષણ વિશેની વાતો કરી ત્યારે હું જોઇ રહ્યો હતો કે, સાથી પક્ષના સભ્યો દ્વારા જે ગુજરાતના શિક્ષણની વાતો કરવામાં આવતી હતી કદાચ મને એવું લાગે છે કે, ગુજરાતના શિક્ષણ તરફ અથવા જે સરકારી શાળાઓ છે, કદાચ એમનું ધ્યાન ચોક્કસ ઓછું હશે. માનનીય લલીતભાઇ કહેતા હતા અને જે રીતે તેઓ રજૂઆત કરતા હતા ત્યારે દુઃખ થાય કે, શાળાએ બાળકને આંગળી પકડીને લઇ જતા હતા. અરે, ભાઇ શાળા પ્રવેશ, કન્યા શાળા પ્રવેશ મહોત્સવ એ મહોત્સવને નાના બાળકોને, વિદ્યાર્થીઓને એક મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ જયારે બાળકને આંગળી પકડીને જેમ મા–બાપ આંગળી પકડીને શાળાએ લઇ જાય, આ રીતનો અભિગમ જયારે દેશના વડાપ્રધાન આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ આપણા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી હતા અને એમણે જયારે આ અભિગમ અપનાવ્યો, ત્યારે ક્યારેય કલ્પના નહીં આવી હોય કે ગુજરાતને આટલા વર્ષો પછી કે આવો અભિગમ, આટલો બીઝી વ્યક્તિ, સાડા છ કરોડ જનતાનો વ્યક્તિ એક સામાન્ય પરિવારના ગરીબ બાળકને, છેવાડાના માનવીના બાળકને શિક્ષણ મંત્રીશ્રી પોતે જઇ અને ચાલીને આંગળી પકડીને શાળાએ લઇ જાય એની તમે હસી મજાક ઉડાવો છો? શરમજનક વાત છે. માનનીય પુનમભાઇ, દેખાવની વાત નથી. આ લાગણીસભર સરકાર છે અને લાગણીથી જોડાયેલી

સરકાર છે. નાના અને છેવાડાના માનવીની ચિંતા કરતી સરકાર છે, એટલા માટે આ અભિગમથી સરકાર વિચારી રહી છે. છેવાડાના ઘર ઘર સુધી અભ્યાસ પહોંચાડવાની અમારી નેમ છે કે ગુજરાતની એક પણ વ્યક્તિ, એક પણ બાળક અશિક્ષિત ના રહે એટલા માટે ગુજરાત સરકારની નેમ છે પુનમભાઇ, અને આપણે બધાયે, હું તો કહું છું અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને રજૂઆત કરું છું કે, આ વખતે જયારે આપણો શાળા મહોત્સવ થાય ત્યારે આપણે પણ એમને જોડીએ અને તમે પણ અમારા અભિગમમાં જોડાઓ, ખૂબ સારું લાગશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવની વાત કરીએ તો અમારા શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય વિજયભાઇ ગુણોત્સવની અંદર શાળામાં પોતે જાય છે કે, મારો વિદ્યાર્થી, મારું બાળક શું ભણી રહ્યું છે એની ચકાસણી માટે જાય છે, અધિકારીઓ પોતે જાય છે, ધારાસભ્યશ્રીઓ પોતે જાય છે કે બાળક કેટલું ભણ્યો છે કેવું લખે છે એના અક્ષર કેવા આવે છે, એ કેટલું વાંચી શકે છે, બાળકોનું આ લેવલે ધ્યાન રાખવામાં આવે છે..

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ, એવું લાગે છે કે, પંચાલભાઇને અહીંથી જ બધા હેરાન કરે છે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ દરેકની વિચારસરણી અલગ અલગ હોય છે. આપણે વિચારસરણીમાં નથી પડવું, પણ છતાંય કહું છું કે, કદાચ કોઇક બાળકને વાંચવામાં તકલીફ પડતી હોય તો માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ સરસ વાત કરી કે બાળકને વાંચવામાં તકલીફ પડે છે તો તેના ચશ્માના નંબર ચેક કરાવો. તે ત્યાં ચેક કરવામાં આવે છે અને બાળકોને કોઇ પણ જાતની તકલીફ ન પડે તે માટે સ્વાસ્થ્ય સાથે જોડાયેલી તમામ બાબતોની સરકાર દ્વારા ચકાસણી કરવામાં આવે છે. જે દિવસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી તે દિવસથી ડ્રોપ આઉટ રેશીયો પણ ઘણો ઘટયો છે. ડ્રોપ આઉટ રેશીયાની મર્યાદામાં ઘણો બધો ઘટાડો થયો છે. કદાચ એવું કહેતાં મને ક્ષોભ નહીં થાય કે ઝીરો લેવલનો ડ્રોપ આઉટ રેશીયો થઇ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે સર્વશિક્ષા અભિયાનમાં જે બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી ગયા હોય તેવા બાળકોને માટે રાત્રિ શિક્ષણ માટેની સુવિધા કરી સર્વશિક્ષા અભિયાન હેઠળ એને ભણાવવા માટેની વ્યવસ્થા કરી આપી. હું કદાચ મારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓની માહિતી આપું તો અમદાવાદ કોર્પોશેનની હદમાં લગભગ ૩૭૧ જેટલી શાળાઓ છે અને આમાં ગરીબ અને જરૂરીયાતમંદ પરિવારના ૧,૨૪,૦૦૦ બાળકો ભણે છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે, માનનીય શિક્ષણ મંત્રીશ્રી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, આટલા ગંભીર વિષય ઉપર જયારે એક પ્રોફેસર બિન-સરકારી સંકલ્પ લઇને આવે ત્યારે

અધ્યક્ષશ્રી : બધા ભેગા થઇને બહાર ચર્ચા કરજો.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ સાથે હું બ્રીફીંગ માટે બેઠો અને પૂછયું કે કોનો સંકલ્પ છે, તો કહ્યું કે આશાબેનનો સંકલ્પ છે. એટલે મારા મનમાં એમ હતું કે આટલા ભણેલા-ગણેલા છે, પ્રોફેસર છે તો આપણે બરાબર તૈયારી કરો. કોઇ ચિંતા વ્યકત કરશે, સૂચન વ્યકત કરશે, (ડો.આશાબેન બેઠાં બેઠાં બોલતાં) બોલવાનું નહીં બેન, હું નહોતો બોલ્યો, સાહેબ.

અધ્યક્ષશ્રી : બહેન બોલવા દીધા આપને હવે ના બોલશો.

શ્રીભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા સિવાય કોંગ્રેસના બધા જ ધારાસભ્યશ્રીઓએ કરેલા પ્રવચનોમાં માત્ર રાજકીય અવલોકનો સિવાય કાંઇ જ નહોતું. રાજયના શિક્ષણ મંત્રી તરીકે એની મને ચિંતા છે. તમે એમાં કમસે કમ કાંઇ સૂચન તો કરો. હું લખતો હતો ભાઇ, અમારા બધા મંત્રીશ્રીઓ તમે જયારે બધા બોલતા હોવ છો ત્યારે અમે લખતા હોઇએ છીએ. હું કોઇ રાજકીય અવલોકન નથી કરવા માગતો, પણ કેટલી ગંભીરતાથી વિરોધપક્ષને લઇએ છીએ અને માનનીય નરેન્દ્રભાઇ હતા ત્યારે અને આ વખતે કેબીનેટમાં વિજયભાઇએ પણ અમને કહ્યું છે કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી જે પશ્નો આવે છે તે બધાનું કમ્પાઇલ કરો અને એમાં જયાં શકય હોય, સરકારની કોઇ ભૂલ હોય, કંઇ કરવા જેવું હોય તો ત્રણ-ચાર કલાક સુધી મંત્રીશ્રી પોતાના વિભાગના અધિકારીઓ સાથે વિરોધપક્ષના સભ્યશ્રીઓના પ્રશ્નોની ચર્ચા કરે છે, એમાંથી કંઇક કાઢે. જયારે સત્તા પક્ષ તરફથી અમે સરકાર પોતે અમે એની ચિંતા કરતા હોઇએ ત્યારે જે વાતની સ્પષ્ટતા ગઇ કાલે થઇ ગઇ હોય, આજે છાપામાં આવી ગયું હોય, મીડીયામાં આવી ગયું હોય, ત્યારે વધારે ચર્ચા કરવી એ ઉચિત નથી એવું હોય. આપે માનનીય અધ્યક્ષશ્રી બે-ચાર વખત ટોકયા હોય, તેમને બે-ચાર વખત કહ્યું હોય ત્યારે મને દયા આવે છે કે બાળકને આપણે એકવાર, બે વાર, ચાર વાર કહીએ તો સમજયા હવે, એકવાર, બેવાર, ચારવાર પણ કોઇ પ્રોફેસરને એકવાર, બેવાર, ચારવાર કહેવું પડે માનનીય અધ્યક્ષશ્રી, આ મારા માટે ચિંતાનો વિષય છે. કોઇક બાળકને કહીએ તો બરાબર છે, પણ કોઇ પ્રોફેસરને કહેવું કે આ સબજયુડીસ મેટર છે, એટલે પ્રોફેસર તો સમજી જ જાય કે સબજયુડીસ મેટર હોય એટલે બોલાય જ નહીં, એના બદલે માફીયાગીરી, શિક્ષણ માફીયા, ખાનગી કરણ અને તો તમે લોકોના બદલે ત્યાં જઇને કપીલ સીબ્બલને કહોને. ત્યાં જઇને કહો. ફી ભરી દો નહીં તો આમ થશે અને તેમ થશે, ગઇ કાલે મેં બધી જ વાત કરી છે. એટલે હું મારા વિભાગની વાત મને મળેલા મારા સમયમાં કરીશ. તમારા શાસનની અંદર ૨૦૦૦ સુધીમાં ૭૫ ટકાનું જ નામાંકન હતું. ૪૦ વર્ષના તમારા શાસનની અંદર આ સમાજના માત્ર ૭૫ ટકા જ બાળકો શાળાએ જતા હતા, ૨૫ ટકા બાળકો શાળાએ જતાં નહોતા અને એ ૨૫ ટકા બાળકો માનનીય અલ્પેશભાઇ બક્ષી પંચ, ગરીબ કે જેના મા-બાપ પોતે પણ મજૂરીએ જાય પોતે

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

## બિનસરકારી સંકલ્પ

ગરીબ હોવાને કારણે શિક્ષણનું મહત્વનું શું છે એની ખબર ન હોય અને સવારે ઉઠીને ખેતર, બસ સ્ટેન્ડ કે રેલ્વે સ્ટેશન પર મજૂરી કરવા જાય એ એના બાળકને ભણાવે નહિ એવા બાળકોની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. તમે જેની હાંસી ઉડાવો છો તમે જે કાર્યક્રમની મજાક કરો છો એનું પરિણામ શું આવ્યું છે એણે તો પાયાનું કામ કર્યું છે. માનનીય નરેન્દ્રભાઇએ વિચાર્યું કે જે સમાજના ૭૫ ટકા જ બાળકોનું નામાંકન થતું હોય, એ વખતે નિર્ણય કર્યો કે ૨૧મી સદીના ઉમરે આપણે ઉભા હતા કે આ ગુજરાતને લઇને મારે ચાઇના, જાપાન કે ફ્રાંસની હરિફાઇ કરવા જવાની છે. પ્રથમ કમસેકમ પ્રાથિમક શિક્ષણ તો મજબૂત બનાવું. કેવા બાળકો જેના મા-બાપ ભણેલા નથી એના મા-બાપ અભણ છે, સાવ ગરીબ છે એવા ૨૫ ટકા બાળકો અમે એ વખતે એ કોના મતદાર છે એની ચિંતા નથી કરી અને રાજયના મુખ્મંત્રીશ્રી એમ કહે કે હું ભિક્ષુક છું મને ભિક્ષામાં તમારી દીકરી ભણવા મોકલો. આ સમજવાની પણ ઇચ્છા શકિત જોઇએ અને સમજ શકિત બંને જોઇએ. આજે હું શિક્ષણ મંત્રી તરીકે કહી શકું કે તમારા વખતે ૭૫ ટકાનું નામાંકન હતું આજે એ સો ટકા નામાંકન થયું છે. આજે સમાજનું એક પણ બાળક જેનું નામાંકન ન થયું હોય કોઇ પણ જ્ઞાતિ જાતિના ભેદભાવ સિવાય આ પાયો મજબૂત કર્યો છે. એ પાયો એ પ્રવેશ મહોત્સવ અને પછી ગુણોત્સવ અને શાળાએ જતાં વિદ્યાર્થીઓ પણ ચાર ધોરણ ભણે અને મા-બાપ ઉઠાવી મૂકે એનું પણ અમે ધ્યાન આપ્યું છે. એ ડ્રોપ આઉટ રેશીયો જે તે વખતે વારસામાં ૩૭ ટકા અને ૩૫ ટકા હતો એ આજે બે ટકા અને ત્રણ ટકા લાવીને મૂકયો છે. એના માટે ધખધખતા ઉનાળામાં અમારા મુખ્યમંત્રી, મંત્રીશ્રીઓ, આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓ કલ્પના તો કરો? આઇ.એ.એસ., આઇ.પી.એસ. અધિકારીઓ ગામડાંમાં જઇને ૪૫ ડીગ્રી તાપમાં જઇને શા માટે એમ કહે કે તારી દીકરીને ભણવા લઇ જઉં છું? આંગળી પકડીને લઇ જાય છે એની તમે મશ્કરી કરો છો. ૨૨ વર્ષથી અમે છીએ અને હવે ૨૭ વર્ષ થશે એનું મૂળ કારણ હોય એ જ કાર્યક્રમની તમે મજાક ઉડાડો છો એ આ કાર્યક્રમ છે. પેલો ઢોલી હોય, પેલો ખેત મજૂર હોય એને ખબર છે કે મારા બાળકને આ કમળ વાળાએ ભણાવ્યું છે એટલા માટે કમળને મત આપે છે.

મારે થોડી સરખામણી પણ કરવી છે. ૧૯૯૫-૯૬માં ૨૦ વર્ષ પહેલાની વાત કરું તો સરકારી કોલેજો ૨૦ હતી અત્યારે ૧૦૭ છે. અનુદાનિત કોલેજો ૨૩૮ હતી અત્યારે ૩૫૬ છે. સરકારી સાયન્સ કોલેજો ૯ હતી અત્યારે ૩૧ છે. અનુદાનિત સાયન્સ કોલેજો ગ્રોન્ટેડ ૪૫ હતી આજે ૪૭ છે. ઇજનેરી કોલેજો ૨૦ હતી અત્યારે ૧૩૮ છે. બેઠકોની સંખ્યા ઇજનેરીમાં ૧૪૦૨૯ હતી અત્યારે ૧ લાખ ૬૯ હજાર છે. જે બાકીના લોકોને કર્ણાટક કે મુંબઇ ભણવા જવું પડતું હતું, મા-બાપથી દૂર જવું પડતું હતું, પૈસા ખર્ચવા પડતા હતા હવે રાજય સરકારે અહીંયા વ્યવસ્થા કરી એના પરિણામે ઘણો ફાયદો થયો છે. એમના વખતે પોલિટેકનિક કોલેજો ૪૯ હતી એ આજે ૧૧૫ છે. ડીગ્રી એન્જિનિયરીંગમાં વિદ્યાર્થીઓની ક્ષમતા ૨૨૯૫ હતી અત્યારે ૭૦ હજારની છે. ડિપ્લોમાં અભ્યાસક્રમમાં તમારા વખતે ૬૦૨૦ બાળકોની ક્ષમતા હતી એ આજે ૫૭ હજારની થઇ છે. જે તે વખતે નાણાંની જોગવાઇ ૧૮૩૩ કરોડની હતી આજે ૨૭૫૦૦ કરોડ રૂપિયાની છે. તમે શાળાના ઓરડાની વાત કરો છો એ વાત કરું તો જે તે વખતે ૧ લાખ ૪૧ હજાર હતા આજે ૫૭ ટકાના વધારા સાથે બે લાખ ૨૨ હજાર છે. પ્રાથમિક શિક્ષણમાં ૯૮ ટકા, આર.ટી.ઇ. કહે છે કે દસ ટકા ઘટ હોય તો ચાલે. ૧૦ ટકા ઘટ હોય તો ચાલે. આજે અમે ૯૮ ટકા શિક્ષકોની ભરતી ગુજરાતમાં કરી છે. હું માનું છું કે એક તલાટી બે ગામ, પાંચ ગામનું ધ્યાન રાખી શકે. પણ એક શિક્ષક બે વર્ગનું ધ્યાન ન રાખી શકે, હું એવું માનનારો શિક્ષણ મંત્રી છું અને એટલા માટે એક પણ વર્ગમાં બીજું, ત્રીજું, ચોથું, એક શિક્ષક કેવી રીતે કરી શકે? તો એ જગ્યાઓ માટે જયાં સુધી ભરતી ન થાય, જયાં સુધી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકોની વ્યવસ્થા કરી છે. જે બેકાર છે તેને કામ મળી જાય અને વર્ગખંડને શિક્ષક મળી જાય. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકમાં પણ આ જ પ્રકારે વ્યવસ્થા કરી છે, છેલ્લા સાત વર્ષમાં અમે ૪૪૬ માધ્યમિક શાળાઓને મંજૂરી આપી છે. કલ્પના કરો. વધુમાં આગામી વર્ષે પણ અમે ૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ આપવા જઇ રહ્યા છીએ. આર.ટી.ઇ.ના અમલમાં કાલે અમારા સાથી બેને ખૂબ સુંદર જવાબ આપ્યો હતો. આખા દેશમાં કયાંય નથી. કોઇ ધ્યાન નથી રાખતું. ૧૦,૦૦૦ ઉપરાંત ૩,૦૦૦ આખા દેશમાં કોઇ નથી આપતું. અમે સંવેદનશીલ છીએ એટલા માટે વિદ્યાર્થીને લઘુતાગ્રંથિ ન લાગે, ગાડીમાં આવતા બાળકની પાસે હોય એવી બેગ તેની પાસે હોય, એવી વોટરબેગ હોય, એવો લંચબોક્સ હોય. હું ગરીબ છું એટલા માટે મારી પાસે નથી એવી લઘુતાગ્રંથિ બાળકને ન લાગે એટલા માટે રાજય સરકારે બાળકના માં-બાપના મનની વાત જાણીને દર વર્ષે ૩,૦૦૦ રૂપિયા. એવું નથી કે પહેલાં ધોરણમાં ભણે એટલે ૩,૦૦૦ રૂપિયા આપ્યા. આઠમાં ધોરણ સુધી એ જ લંચ બોક્સ ચાલે. કંઇ વાંધો નહીં, જેમ કારમાં આવતા વિદ્યાર્થી નવો લંચબોક્સ લઇને આવે છે એમ તું પણ લઇને જા. વર્ષે ૩,૦૦૦ રૂપિયા વધારાના.

માનનીય અધ્યક્ષશ્રી, એન.સી.આર.ટી. ગુજરાતનો બાળક રાષ્ટ્રીય હરિફાઇ કરી શકે એવું માનીએ છીએ. તો તેના માટે તેને તૈયાર તો કરવો પડશે ને? આ ઉપરનું તૈયાર કરીએ છીએ તેની સાથે સાથે નીચેથી ૧૦૦ ટકા અને ડ્રોપ આઉટ રેશિયો, ૮ ધોરણ, ૧૦ ધોરણ, ૧૨ ધોરણ એન.સી.આર.ટી.ના પુસ્તકો આ વખતથી પહેલાં ધોરણથી માંડીને, આ કોઇ નાની વાત નથી. આગામી દિવસોમાં ગુજરાતના બાળકો માટે અમે એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ કર્યો છે જ્ઞાનકુંભનો. સ્માર્ટ કલાસ. ગયા વખતે ૩૧૭૩ વર્ગખંડોમાં ૨,૮૫,૦૦૦ બાળકોને અમે સ્ક્રીન ઉપર ભણાવ્યા. ઇન્ફર્મેશન-ટેક્નોલોજીના આધારે ભણાવ્યા. અમારા શિક્ષકો ટ્રેઇન થયા. ત્રણ-ત્રણ દિવસની ટ્રેનીંગ આપી. આ વખતે માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાણાં મંત્રીશ્રીએ ૪,૦૦૦માંથી આ વખતે ૮,૦૦૦ વર્ગોને મંજૂરી આપી છે. નરેન્દ્રભાઇની એક દેન હું ઘણીવાર ગણાવું છું, ઇન્ફોસિટી નરેન્દ્રભાઇની દેન, બાયસેગ. એક મિત્ર તરીકે જે રસ ધરાવે છે એમને હું વિનંતી કરું છું કે એકવાર તમે બાયસેગમાં આવો. અહીંયા બેઠાં બેઠાં આખા રાજયના શિક્ષકો સાથે વાત કરી શકીએ. સરપંચો સાથે વાત કરી શકીએ. વિદ્યાર્થીઓ સાથે વાત કરી

શકીએ બાયસેગમાં, અને ધોરણ ૬ થી ૧૨ સુધી ડાયરેક્ટ ટુ હોમની વ્યવસ્થામાં બધાં નિષ્ણાત પ્રોફેસરો છે, શિક્ષકો છે તેનું રેકોર્ડીંગ કરીને લાઇવ ઘરે બેઠાં. એટલે ટયૂશનના પૈસા ખર્ચવા ન પડે એવી પણ વ્યવસ્થા અમે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગણિત–વિજ્ઞાનના પ્રદર્શન. એક જ વાત કરીને મારી વાત પૂરી કરીશ. જે વાત ઉપર કોંગ્રેસ વારંવાર વાત કરે છે, એક સંસ્થા છે જે અમાન્ય છે. તમારી જાણ માટે કહું છું, તમે બન્ને કિરીટભાઇ અને આશાબેન, તમે અંધારામાં ન રહેતા. એ સ્પષ્ટતા કરું છું, સાબિતી સાથે કહું છું. જે સંસ્થા છે, મને પર્સનલી મળજો તો નામ કહીશ. જે સંસ્થા અમાન્ય છે એ સંસ્થાએ એક સરવે કરાવ્યો. એક જિલ્લાનો સરવે કરાવ્યો. ૬૦ ગામનો સરવે કરાવ્યો. ૯૬૨ ઘરનો સરવે કરાવ્યો અને ૧૧૨૪ વિદ્યાર્થીઓનો, તેની સામે તમે આનો ઉલ્લેખ કરો છો અને હું જે ઉલ્લેખ કરું છું એ દેશમાં પહેલી વાર ૧૩મી ડિસેમ્બરે ૨૦૧૭માં આખા દેશમાં નેશનલ અચિવમેન્ટ સરવે. તમે એક જિલ્લા ઉપર કૂદો છો અને આખા રાજયનું શિક્ષણ નબળું થયું એવું કહો છો. ગુજરાતના ૩૩ જિલ્લાની ૫૭૦૦ શાળાઓમાં ૧,૭૧,૦૦૦ બાળકોનું મૂલ્યાંકન થયું અને એમાં રેકગ્નાઇઝ, માન્ય સંસ્થાઓએ કહ્યું કે ગુજરાતમાં એકંદરે ૯ ટકાનો સુધારો થયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય આશાબેન તમે તમારો સંકલ્પ પાછો ખેંચો છો?

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચવા માગતી નથી.

અધ્યક્ષશ્રી : ઓ કે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે છે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી– સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાના નિર્માણ બાબત**

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

''સને ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારે અનેક રજવાડાઓથી ટૂકડાઓમાં દેશ વહેંચાયેલો હતો. આવા દેશી રજવાડાઓના સમૂહવાળા દેશને ભારત માતાના પનોતા પુત્ર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની વહીવટી કુનેહ, આત્મસૂઝ અને દ્રઢ નિર્ણય શકિતના બળે, આ રજવાડાઓને એક છત હેઠળ લાવી અશકયને શકય બનાવી એક અખંડ ભારતનું નિર્માણ કર્યું. આવા મહાન સપૂતની યાદમાં સરદાર સરોવર યોજનાના બંધના સ્થળેથી આશરે ૩ કિ.મી. દૂર હેઠવાસમાં નર્મદા નદીમાં આવેલ સાધુ બેટ ઉપર ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સાથેના સ્મારકના નિર્માણનો સરકારે જે સંકલ્પ કર્યો છે તે ખરેખર પ્રશંસનીય છે. રાષ્ટ્રીય સ્મારક નિર્માણ સાથે પ્રતિમા તથા હયાત રસ્તાને જોડતો પુલ, રાષ્ટ્રીય સ્મારકથી કેવડીયા સુધી પાકો રસ્તો, મેમોરીયલ વિઝીટર સેન્ટર, મેમોરીયલ ગાર્ડન, હોટલ અને કન્વેન્શન સેન્ટરની પણ કામગીરી થશે. દુનિયામાં હાલની પ્રતિમાઓ કરતાં સૌથી ઉંચી એટલે કે ૧૮૨ મીટરની ઉંચાઇ ધરાવતી પ્રતિમા સ્થાપિત કરવા માટે કવોલિટી એન્ડ કોસ્ટ બેઇઝ પ્રવૃત્તિ તેમજ આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા નિષ્ણાત ઇજનેરોની મદદ પણ લેવાશે આ સ્મારકના નિર્માણ કાર્યમાં ભારતના દરેક ગામમાંથી વપરાયેલ ખેતઓજારના એકઠા કરેલ લોખંડના ઉપયોગની સાથે ભારતના ખેડૂતોની ભાવનાને પણ લક્ષમાં લેવામાં આવી છે. સીમાચિન્હરૂપ આ પ્રતિમા તથા રાષ્ટ્રીય સ્મારકના નિર્માણ કાર્ય સાથે, કેવડીયા કોલોની તથા આસપાસના આદિવાસી વિસ્તારમાં પ્રવાસનની સવલતોનો વિકાસ થશે અને તેને પરિણામે સ્થાનિક આદિવાસી લોકોને આજીવિકાના સાધનો ઉપલબ્ધ થશે. આથી આ "ICON BASED DEVELOPMENT" પ્રોજેકટ પૂર્ણ થશે ત્યારે ગુજરાતના વિશ્વના મહાનત્તમ સ્થળોની ગણનામાં સ્થાન પામશે. સ્ટેચ્યુના બાંધકામ અંગે ટેકનીકલ ઇવેલ્યુએશન અને ફાયનાન્સીયલ કમ્પેરીઝનની પ્રકિયાને અનુસરીને સ્ટેચ્યુના બાંધકામની કામગીરી થશે. ભારતના પનોતા પુત્ર સરદાર પટેલની સ્મૃતિને ચિરંજીવ રાખનાર આ સ્મારકની સાથોસાથ નવી પેઢીને એક ઉત્તમ અને અનુકરણીય વારસો આપવા સાથે માત્ર ગુજરાત કે દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ આવા મહાન વ્યકિતત્વથી પરિચિત થાય અને આ સ્મારક સ્વયં અખંડિતતાનો એક આગવો સંદેશ પ્રસરાવે તે માટે જરૂરી અસરકારક પગલાં લેવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.''

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત કહેતા કહેવું છે કે એક ભારત, શ્રેષ્ઠ ભારત એ સાચા અર્થમાં કોઇ એક વ્યક્તિએ સાકાર કર્યું હોય તો આપણા લોહ પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ છે અને આપણા ગુજરાતના આ હાઉસમાં બેઠેલા તમામને ગૌરવ થાય કે આપણે એવા પનોતા પુત્રના વારસાના વારસદારો છીએ. આપણને બધાને ગર્વ થાય કે વિશ્વમાં સૌથી ટોલેસ્ટ સ્ટેચ્યુ છે. એ સરદાર સરોવર બંધથી લગભગ ૯૩.૩૨ કિ.મી. દૂર નિર્માણ થવાનું છે ત્યારે અમેરીકાના સ્વાતંત્ર્ય દેવી સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં લગભગ બે ગણી જેવી ઉંચાઇ છે. વિશ્વની પ્રતિમા સ્પ્રિંગ ટેમ્પલ ઓફ બુદ્ધા કે જે ચાઇનામાં આવેલી છે તેની હાઇટ માત્ર ૧૫૩ મીટર છે. ઉષીકુ ડાઇબુટસુ જાપાનમાં જે પ્રતિમા આવેલી છે એની ઉંચાઇ ૧૨૦ મીટર જેવી છે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની ૯૩ મીટર ઉંચાઇ છે. મધર લેન્ડ કોલ્સ રશિયામાં જે સ્ટેચ્યુ આવેલું છે એની ૮૫ મીટર ઉંચાઇ છે. ક્રાઇસ્ટ ધ રેડીમર જે બ્રાઝિલમાં સ્ટેચ્યુ છે એની ૩૮ મીટર ઉંચાઇ છે. જ્યારે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલનની પ્રતિમાની ૧૮૨ મીટર ઉંચાઇ છે. માત્ર એમની ઉંચાઇ જ નહીં, તેમની વિચારસરણી અને વિચારો પણ ઘણા ઉચા હતા. એવી જ સિમ્પલ લિવીંગ એન્ડ હાઇ થીંકીંગ એવી ઉંચાઇનું સ્ટેચ્યૂ બનાવવાનો સંકલ્પ કર્યો હોય તો ભારતીય જનતા

પાર્ટીના શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે અને આવનાર દિવસોમાં એનું લોકાર્પણ થશે. ગામે ગામથી લોખંડના ટૂકડાઓ લાવીને, લોખંડનો ટૂકડો કોંગ્રેસવાળા કહેતા હતા પણ મને કહેતા આનંદ થાય છે કે જે લોકોના પરસેવાની કમાણીનું અને આજીવીકાનું સાધન છે એ દેશના ખૂણા ખૂણામાંથી ઉઘરાવીને સરદાર વલ્લભભાઇ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં વપરાવાનું છે. આ ભાવાર્થ સાથે જોડાયેલ કામ અમારી આ સરકાર પૂર્ણ કરવા જઇ રહી છે. તેમના માટે લોકોના ખેતરમાં વપરાયેલા પાવડા, કોદાળી, દાતરડા જેવા પોતાના આજીવીકાના સાધનો લોકોએ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા માટે અર્પણ કર્યા છે. ખેડૂતોના ભાવ અને પ્રતિમા સાથે આ ખૂબ મોટું યોગદાન છે ત્યારે દુનિયામાં કોઇ વ્યકિતત્વ છે જે લોખંડી પુરૂષ કહેવાય તો માત્ર સરદાર વલ્લભભાઇ પટેલ. ૧૮૨ મીટરની ઉંચાઇની પ્રતિમા કોઇની હોય તો એ માત્ર સરદાર વલ્લભભાઇ પટેલની છે. આયર્ન મેન ઓફ ઇન્ડિયા તરીકે જો વિશ્વમાં પ્રસિદ્ધ બનેલ હોય તો એકમાત્ર વ્યકિત શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ. સમગ્ર દેશના ૫૬૫ રજવાડા એક કરે એવું દુનિયાનું એક એવું વ્યકિતત્વ ઉભું થયું છે એ છે માત્ર સરદાર વલ્લભભાઇ પટેલ. આ એક જ એવું વ્યકિતત્વ છે કે જેમણે પોતાના પક્ષ અને દેશના હિત માટે પોતાનું વડાપ્રધાન પદ છોડી દીધું અને આ એવું વ્યકિતત્વ છે કે જેમણે પોતે સાદગીથી જીવન જીવ્યું અને આ વ્યકિતત્વના કપડા કયારેય ફોરેનમાં ધોવડાવવા નહોતા જતા. ફોરેનમાં કોના કપડા ધોવા જતા હતા, કોના કપડા ડ્રાયકલીનીંગમાં જતા હતા એ સમગ્ર દેશ અને જનતાને ખબર છે. એવા હાઇલી (અંતરાય) સંકલ્પને લેવા દેવા એટલા માટે છે કે સરદાર વલ્લભભાઇ પટેલ સીમ્પલ લીવીંગ અને હાઇ થીંકીંગ જીવ્યા છે, એના માટે આ સંકલ્પ લેવામાં આવ્યો છે. મારી સમગ્ર સભાગૃહને વિનંતી છે કે આ સંકલ્પને સર્વ સંમતિથી માન્ય રાખે.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઇ પંચાલ જે સરસ મજાનો સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

અધ્યક્ષશ્રી : મને એવું થાય છે કે જે છ સભ્યો ટોકતા હતા શ્રી જગદીશભાઇ પંચાલના પ્રવચન દરમિયાન એમણે ઓછામાં ઓછી નોંધ લેવી. આટલું છોડી દઉ છું હું. વીરજીભાઇ આપ પ્રવચન ચાલુ કરો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના એક પનોતા પુત્ર અને વર્ષો સુધી કોંગ્રેસના પ્રમુખ તરીકે જેઓ કામગીરી કરી ચૂકયા છે એવા સરદાર વલ્લભભાઇ પટેલનું સરદાર સરોવર ઉપર સ્ટેચ્યુ મૂકાય એ એક પાટીદાર તરીકે મને ગૌરવ છે. સરદાર વલ્લભભાઇ એક એવી તાકાત હતી....

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (બેઠા બેઠા ) ભારતીય તરીકે કહોને. સરદાર વલ્લભભાઇ પટેલને નાના શું કામ બનાવો છો?

શ્રી વિરજીભાઇ ઠુંમર : હું નાના નથી બનાવતો. ભારતીય તરીકે પણ ગૌરવ છે. ગુજરાતી તરીકે પણ મને ગૌરવ છે. સરદાર વલ્લભભાઇ પટેલ એટલે એક એવું વ્યકિતત્વ, આ દેશના આટલા રજવાડા એકત્રિત કર્યા અને હૈદરાબાદના નિઝામ આપણી સાથે જોડાતા નહોતા. હું જે વિસ્તારમાંથી આવુ છું એ જુનાગઢના નવાબ હિન્દુસ્તાનમાં જોડાતા ન હતા અને ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલે એક સંદેશો મોકલ્યો હૈદરાબાદના નિઝામને એક સંદેશો મોકલ્યો કે, મારે કદાચ હૈદરાબાદ આવવું પડશે અને બીજા દિવસે હૈદરાબાદના નવાબ, તે વખતના નિઝામ ભાગી ગયા. આજ સુધી હિન્દુસ્તાન નથી આવી શકયા એ તાકાત સરદાર વલ્લભભાઇ પટેલની તાકાત છે. આ દેશના એક નાયબ વડાપ્રધાન તરીકે એમણે કામગીરી કરી અને આ દેશમાં કોમી ઝેર ફેલાવનારા આર.એસ.એસ.ને રોકવાનું જો કોઇએ કામ કર્યુ હોય તો આ સરદાર વલ્લભભાઇ પટેલે કામ કર્યુ છે. આ સરદાર વલ્લભભાઇ પટેલ એક એવી તાકાત હતી કે જેના કારણે દેશમાં કોઇ કોમી પરિબળો ઉભા થઇ શકતા નહોતા અને આવડું મોટું નર્મદા સરોવરનું નામ જો સરદાર સાથે જોડયું હોય તો તે વખતના અમારા શાસકો જવાહરલાલ નહેરૂને પણ મારે યાદ કરવા છે. યોજનાનું ખાતમૂહુર્ત કર્યુ અને સરદારના નામ સાથે આ યોજનાને જોડી અને આપણા ગુજરાતની જીવાદોરી સમાન આ યોજના બની છે. આ આપણી ગુજરાતની જીવાદોરી સમાન યોજના બની છે. હું આમાં સરદાર વલ્લભભાઇ પટેલને કયાંય જુદા નહીં પાડું પણ પાટીદાર તરીકે મને ગૌરવ એટલા માટે છે કે અમારા સમાજમાંથી આવતા હતા અને હિન્દુસ્તાનને એક બનાવ્યું છે. ગુજરાતને નેતૃત્વ આપ્યું છે એટલું જ નહીં પરંતુ હિન્દુસ્તાનને નેતૃત્વ આપ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અંદરો અંદર વાત નહીં પ્લીઝ..

શ્રી વિરજીભાઇ ઠુંમર : તેઓ આ દેશમાં જયારે લોકશાહી નહોતી અને અંગ્રેજોનું.. (અંતરાય) પ્લીઝ મને બોલવા દો. હિન્દુસ્તાનમાં જયારે અંગ્રેજોનું આપણી ઉપર રાજય ચાલતું હતું ત્યારે ગુજરાતના બે પનોતા પુત્ર ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલ હિન્દુસ્તાનમાં આવ્યા અને મોતીલાલ નહેરૂને મળવા ગયા. મોતીલાલ નહેરૂએ આ દેશ માટે કંઇક કરવું છે એમ કહ્યું ત્યારે સરદાર પટેલ સાહેબે વિનંતી કરી કે અમને ૨૫ હજાર રૂપિયા જેવી રકમ આપવામાં આવે તો અમે દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરવા માગીએ છીએ. એમની આત્મકથામાં આ લખ્યું છે. આ સરદાર પટેલનું એવું નેતૃત્વ, મોતીલાલ નહેરૂએ બન્નેને એમ કહ્યું કે, યુવાનો હું તમને અભિનંદન આપું છું કે આ દેશમાંથી અંગ્રેજો જાય અને દેશમાં સ્વતંત્રતા આવે. ૨૫ હજાર પૂરતું મર્યાદિત નહીં મારી કોરી ચેકબૂકમાં સહી કરીને આપું છું અને આ દેશમાંથી અંગ્રેજોને કાઢો. અંગ્રેજોને કાઢવાનું કામ કર્યું. આ દેશમાં આનો ઇતિહાસ મોજૂદ છે. આ સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ મૂકાઇ રહ્યું છે. (અંતરાય) સાંભળવું પડશે. મને દુઃખ થાય છે કે ચાઇના જેવો દેશ કે જે આપણ દેશને કોરી ખાઇ રહ્યો છે. આપણા દેશને નબળો પાડી રહેલો કોઇ દેશ હોય તો ચાઇના છે, આપણા દેશનો દુશ્મન દેશ આ સરદારનું સ્ટેચ્યુ બનાવી રહ્યો છે એનું મને બહુ દુઃખ થઇ રહ્યું છે. તમે લોખંડ એકત્ર કર્યું અને એ લોખંડમાંથી કોઇ હિન્દુસ્તાનની કંપનીએ સ્ટેચ્યુ બનાવ્યું હોત, યુ.કે. કે અમેરિકા જેવા

કોઇ દેશની કંપનીએ બનાવ્યું હોત તો દુઃખ નહોતું. પણ ચાઇના જેવો દેશ કે જે દુનિયામાં હિન્દુસ્તાનનો મોટામાં મોટો દુશ્મન દેશ છે. આ ચાઇના, અને એ સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવે? શાસકોને ખબર નહોતી કે આ આપણો દુશ્મન દેશ સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ બનાવી રહ્યો છે? અમને ગર્વ હતો, ખેડૂતોને ગર્વ હતો, ગુજરાતના અને દેશના નાનામાં નાના માણસને ગર્વ હતો. અમે લોખંડ નહીં, અમારો ભંગાર નહીં, અમારું કલેજું આપ્યું છે. જ્યારે એકત્ર કરવા આવ્યા ત્યારે અમે જોયું ન હતું કે ભારતીય જનતા પાર્ટી આ કામ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી લાગણી સાથે આ કામગીરી કરી રહી હતી. અમે ક્યારેય આમાં રાગ-દ્વેષ નથી રાખ્યો. અમારા સરદારનું આવડું મોટું સ્ટેચ્યુ મૂકાઇ રહ્યું હોય એ માટે હું જગદીશભાઇ પંચાલને અભિનંદન આપું છું. એમણે જે વર્ણન કર્યું કે આવડી મોટી પ્રતિમા દુનિયામાં પ્રથમ વખત હિન્દુસ્તાનમાં અને ગુજરાતમાં ઉભી થઇ રહી છે એટલા માટે અમે અમારા કાળજાના કકરાવેલા દાતરડાને ભંગાર તરીકે નહીં પણ એનું પૂજન કરીને આપ્યા છે. એમાંથી આ સ્ટેચ્યુ થાય છે કે કેમ? (અંતરાય) ના, મારો ફોટો પણ હશે. આના માટે આજે પણ ગૌરવ છે. કદાચ નીતિનભાઇ, તમે પણ જો સરદાર પટેલ માટે લેવા આવો તો વિરજી ઠુમ્મર આજે પણ એક લાખ રૂપિયા દેવા તૈયાર છે. અમને સરદાર વલ્લભભાઇ પટેલનું ગૌરવ છે. એટલા માટે કે આ દેશની લોકશાહીમાં સરદાર પટેલે નામ રોશન કર્યું છે. એના માટે કોઇ વાદ-વિવાદ ન હોઇ શકે. અમારી કોંગ્રેસનું આટલા વર્ષ સુધી એમણે પ્રમુખપદ રાખ્યું અને આ દેશના વડાપ્રધાન પણ બની શકે તેમ હતા પરંતુ સરદાર વલ્લભભાઇ પટેલે પોતે કહ્યું કે એમનો અધિકાર જતો કર્યો. આ દેશની લોકશાહી માટે જવાહરલાલ નહેરૂનો એટલા માટે અધિકાર થતો હતો કે જવાહરલાલ નહેરૂ અને મોતીલાલ નહેરૂએ જો તે વખતે અમને પૈસા ન આપ્યા હોત તો આ દેશમાંથી આજે પણ અંગ્રેજોને કાઢી ન શક્યા હોત. એમને કાઢવા માટેની જો કોઇએ અમને તાકાત આપી હોય, અમને કોઇએ મોરલ સપોર્ટ આપ્યો હોય તો તે વખતે મોતીલાલ નહેરૂએ આપ્યો હતો. એના કારણે આ શક્ય બન્યું છે. માનનીય જગદીશભાઇ પંચાલ આ સરસ મજાનો સંકલ્પ લઇને આવ્યા છે. નીતિનભાઇ અને વિજયભાઇ રૂપાણી જો કદાચ અહીંયા હાજર હોય તો તેઓ પણ હાજર રહે અને આ સંકલ્પને સર્વાનુમતે સ્વીકારે. આ કોઇ ભાજપનો કે કોંગ્રેસનો સંકલ્પ નથી. દેશના એક તાકાતવર વ્યક્તિના વ્યક્તિત્વને ઉંચું કરવાનો આ સંકલ્પ છે. આ સંકલ્પમાં હું કોઇ રાજકારણ કરવા માગતો નથી. જે ઇતિહાસમાં લખાયેલી વાતો છે એ રેકર્ડ ઉપર મૂકવા માગું છું. માત્ર ગુજરાતના નહીં પણ સમગ્ર દુનિયાના લોકો, જ્યારે અમે બહાર જઇએ છીએ. હું અનેક વખત ઇફકોના ડાયરેક્ટર તરીકે ફોરેન ગયો છું. હું જાઉ છું ત્યારે કહું છું કે હું ગુજરાત સ્ટેટ સે આયા હૂં. I am coming from Gujarat. I am coming from India. તો એ લોકો કહે, ગુજરાત? સરદાર પટેલ? જેમ કદાચ તમે કહેતા હોય કે મોદી સાહેબનું નામ લેવાય છે. એમ ગાંધી અને સરદાર પટેલનું ગુજરાત આજે પણ દુનિયામાં પ્રચલિત થયું છે. આખા હિન્દુસ્તાનમાં નહીં, દુનિયામાં એક એવું વ્યક્તિત્વ છે કે જેની આખી દુનિયામાં જન્મજયંતિ ઉજવાતી હોય તો એ આપણા પૂજ્ય મહાત્મા ગાંધીની જન્મજયંતિ આખી દુનિયાના દેશો ઉજવી રહ્યા છે. આ આપણું ગૌરવ છે. એ ગૌરવ એટલા માટે છે કે ૨૦૦ વર્ષનું અંગ્રેજોનું શાસન, અમારા વડવાઓ કહેતા હતા, મારા ફુઇઓએ ગાંધીજીની સાથે કામ કર્યુ હતું. એ કહેતા હતા હિન્દુસ્તાનમાં જે તાકાત હતી. એક ચોરણી પહેરતા હતા. ચોરણી મૂળ તો દેખાતી નહીં એની ઉપર થીગડું માર્યુ હોય, એની ઉપર બીજું થીગડું લાગે, એની ઉપર ત્રીજું થીગડું લાગે અને છતાં પણ અમારે વજે લઇને જાવું પડતું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મારા બાપા વજે લઇને પણ ગયા છે. વજે એટલે અમારું જે પાક ઉત્પાદન આવતું હતું એ ખળાવડમાંથી ભેગું કરવું પડે અને એ ખળાવડમાં જ્યારે રાજા આવે ત્યારે અમારા ભાગ પડે અને ભાગ પડ્યા પછી એના ભાગમાં આવતો હિસ્સો અમારા માથા ઉપર વજે લઇને રાજવીરોના ઘરે પહોંચાડવો પડતો હતો. એ તાકાતમાંથી જો કોઇએ છોડાવવાનું કામ કર્યુ હોય તો આ સરદાર વલ્લભભાઇ પટેલે કર્યુ છે એના ગૌરવ સાથે આપણે બધા સ્વીકારીએ માનનીય વિજયભાઇ પણ અહીંયા ઉપસ્થિત રહે અને સર્વાનુમતે આ જગદીશભાઇ પંચાલનો સંકલ્પ છે એને અનુમોદન આપીને હું એમને આવકારું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઇ પંચાલ જે સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા અંગે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર વલ્લભભાઇ પટેલની પૂણ્ય ભૂમિ ત્યાંનો હું વતની હોઉં અને એ નાતે હું મારી જાતને એક ગૌરવ અનુભવું છું કે, આ સન્માનનીય ગૃહની અંદર આ વિષય જ્યારે હું વાત કરતો હોઉં ત્યારે પોતાની જાતને ધન્યતા અનુભવું છું. લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ ભારતના ઘડવૈયા, એક પ્રખર રાષ્ટ્ર ભક્ત જેણે બ્રિટિશ રાજના અંત પછી ભારતના ૫૬૨ જેટલા રજવાડાઓને રાષ્ટ્રના મુક્ત પ્રવાહની અંદર સાંકળવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક કુશળ વહીવટકર્તા જેમણે નવા આઝાદ હિન્દુસ્તાનને સ્થિર અને સુદ્રઢ બનાવ્યું છે. એક અનોખા મહામાનવ જેમણે પથદર્શક બનીને દેશની એકતાની રાહ પર દિશા બતાવીને સમગ્ર રાષ્ટ્રના શાશ્વત પ્રતિક બન્યાં. સમગ્ર વિશ્વમાં સન્માનીત સરદારને ઉચ્ચત્તમ ભાવાંજલિ અર્પણ કરવા માટે ગુજરાત સરકાર સર્જી રહ્યું છે સરદારની ઉચ્ચત્તમ પ્રતિમા. માનનીય અધ્યક્ષશ્રી, આ યોગ્ય સ્મારક બનાવવાની કલ્પના, એની ઇચ્છા શક્તિ અને એનું સ્વપ્ન જો કોઇએ લીધું હોય તો આ વિઝનરી લીડર આ દેશના વડાપ્રધાન હું એમને નરેન્દ્ર મોદી નહિ કહું પણ ખાલી મોદી કહીશ MODI MEN OF DEVELOPPING INDIA – આ વિચાર એમને આવ્યો. માનનીય વિરજીભાઇ કહેતા હતા કે, આ ગુજરાત રાજ્યના બે સપુતો મારે યાદ કરાવવું છે કે ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું નિર્માણ કરીને સરકારે દેશને મહાન રાષ્ટ્રને પક્ષીય ભેદભાવ ભૂલીને નવી પેઢીનું પ્રેરણા તિર્થ પણ આ ગુજરાતમાં બન્યું છે. આ વિરાટ સ્મારક એમના શબ્દની અંદર વાત કરું તો, નરેન્દ્ર મોદી સાહેબના શબ્દોની વાત કરું તો આ પ્રતિમાની ઊંચાઇ મીટરમાં નહિ, ફૂટમાં નહિ એક શૈક્ષણિક લાયકાત તરીકે એક ઐતિહાસિક, એક રાષ્ટ્રીય, એક આધ્યાત્મિક મૂલ્યોના સંદર્ભથી પણ અધિક છે. આવનારી સદીઓ માટે

તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮

બિનસરકારી સંકલ્પ

આ સ્થળ એક પ્રેરણા સ્ત્રોત બની રહેનાર છે. ગુજરાત અને ભારતના પનોતા પુત્ર સરદાર પટેલના દેશપ્રેમ વહીવટી સૂઝ, આત્મસૂઝ, સાદગીપૂર્ણ જીવન, એક કિસાન પૂત્ર એવા લોખંડી પુરુષ આવનારી પેઢીઓ માટે પ્રેરણા બનશે અને તે માટે ગુજરાત સરકારે ૨૦૧૦ની અંદર વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એટલે ૧૮૨ મીટરની પ્રતિમા સાથે સ્મારક નિર્માણનો સંકલ્પ કર્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટી એ આવતીકાલે ભારતનું પ્રતિક બનનાર છે અને આ સ્મારકને એમ કહી શકાય કે An Icon of Unity તરીકે પ્રસ્થાપિત થશે. સરદાર વલ્લભભાઇ પટેલ આ મહામાનવને ઉચ્ચત્તમ ભાવાંજલિ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરું તો સરદાર પટેલના વ્યક્તિત્વને વર્લ્ડને સાક્ષાત્કાર કરાવવા માટે પ્રત્યેક કિસાન, પ્રત્યેક નાગરિક ભારતવાસી તરીકેનું સ્વાભિમાન લઇ શકે એવા ઉત્તમ સંકલ્પ સાથે વિશ્વનું આ સૌથી ઊંચી પ્રતિમાનું નિર્માણ થનાર છે. સાચા અર્થમાં આ પ્રતિમા ભારતના ભાવાત્મક એકતાનું આવનારા દિવસોમાં સ્મારક બનનાર છે. આજે રાષ્ટ્રની પ્રત્યેક સમસ્યાના સમાધાન માટે એવું કહેવાયું છે કે સરદાર ફોર્મ્યુલા આ એક સાચું હથિયાર છે એવો વિશ્વાસ એમના પ્રભાવની અને લોખંડની ઓળખ છે. સરદારની છેલ્લી એક વાત કરી દઉં. સરદારનું હુલામણું નામ કેવી રીતે પડયું? ૧૯૨૮માં જયારે અંગ્રેજોએ ખેડૂતો ઉપર ૩૦ ટકા ટેકસ નાખ્યો હતો ત્યારે વલ્લભભાઇ પટેલ ૧૯૨૮માં બારડોલી ગયા અને તે સમયે રેલવે સ્ટેશન ઉપર ઉતર્યા અને ત્યારે એક મહિલાએ એમને કીધું કે તમે અમારા સરદાર છો અને ત્યારથી સરદાર વલ્લભભાઇ પટેલે એ ભૂમિ ઉપરથી બારડોલી સત્યાગ્રહ કર્યો અને એ સમયે બારડોલીનો એક પણ ફોજદારી ગુનો નોંધાયેલો ન હતો અને તે માટે એમણે ના કર નો સત્યાગ્રહ કરેલો અને બારડોલીને પસંદ કરેલું અને ત્યારથી વલ્લભભાઇ પટેલને વિશ્વમાં સરદાર તરીકેના હુલામણા નામે ઓળખતા થયા છે. સરદાર વલ્લભભાઇની પ્રતિમા સરદારની જેમ ફરી એકવાર સમગ્ર રાષ્ટ્રને એક કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડશે. આ પ્રતિમા દેશની ભાવિ પેઢી માટે પ્રેરણા સ્ત્રોત બનનાર છે. ભારતના ખૂણેખૂણામાં રહેતા લોકો વચ્ચે સબંધ બંધાશે. ભારતની દ્રઢતા, એકતા અને ક્ષમતાનો વિશ્વમાં પરિચય આવનારા દિવસોમાં કરાવશે અને છેલ્લી વાત કરું તો એન્જિનીયરીંગ સ્ટુડન્ટ અને તજજ્ઞ માટે અભ્યાસનો વિષય બનશે અને આજુબાજુના વિસ્તારનો વિકાસ થવાનો છે. સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણની જવાબદારી સોંપવામાં આવી છે અને આ ટ્રસ્ટ દ્વારા એજયુકેશન, બુનિયાદી સુવિધાઓ, જનજાતિય કલ્યાણ, હેલ્થ, સોશ્યલ.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા (વિસાવદર) : માનનતીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. હું જે જિલ્લામાંથી આવું છું એ જુનાગઢ જિલ્લો છે. મારે સરદાર સાહેબને એટલા માટે યાદ કરવા પડે કે જો સરદાર સાહેબ ન હોત તો અહીંયા અમારે આવવા માટે વીઝા લેવા પડત. આ દેશ આઝાદ થયો, અમારું જુનાગઢ સૌથી છેલ્લે આઝાદ થયું હતું. એમાં સિંહફાળો હોય તો આ સરદાર વલ્લભભાઇ પટેલનો હતો. તે માટે મારે તેમને યાદ કરવા પડે. ૧૯૪૭માં આ દેશ જયારે આઝાદ થયો ત્યારે ૫૬૨ જેટલા  નાના મોટા રજવાડાઓનો એક સમૂહ હતો પણ જયારે ભારત માતાના પનોતા પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ જેમ ભાઇએ વાત કરી એમ પોતાની વહીવટી કુનેહ, આત્મસૂઝ અને દ્રઢ નિર્ણય શકિતના બળે આ બધા રજવાડાને એક કર્યા. સાધુબેટ ઉપર ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનો વિચાર જેને આવ્યો છે એને હું ખરેખર અભિનંદન આપું છું.  જેને આવ્યો હોય એને પણ રૂ. ૩૦૦૦ કરોડની આસપાસનો આ પ્રોજેકટ છે. તા. ૩૧-૧૦-૨૦૧૪ ના રોજ તેનું બાંધકામ ચાલુ થયું છે. વાતો બહુ થતી હતી ત્રણ મહિનાના સમયગાળામાં આ દેશના છ લાખ ગામડાં ફરીશું અને ભંગાર ભેગો કરીશું. (અંતરાય) ઓજારો, (અંતરાય) ઓજારો બોલ્યો. ભંગારેય આવશે. કોઇએ ત્રિકમ આપ્યું, કોઇએ કોદાળી, કોઇએ પાવડો આપ્યો છે. કોઇએ દાતરડું આપ્યું, કોઇએ ઓપનરની સંત્રી આપી, કોઇએ ઓપનરની પૂલી આપી, કોઇએ ડીઝલ એન્જિનના મશીનની પૂલી આપી છે. અમારો ખેડૂત ત્યાં અમને પૂછે છે કે અમે બધા ઓજારો આપ્યા એ કયાં છે? હું પુછવા માગુ છું કે આ ઓજારો કયાં ગયા છે? પણ મારો કહેવાનો મતલબ એ છે કે આ ઓજારો કરતા તેમાં ખરેખર સ્ટેનલેસ સ્ટીલ સારું મટીરિયલ વપરાય. કહેવાનો ભાવાર્થ છે સરદાર સાહેબનું સ્ટેચ્યું છે એમાં સારું મટીરિયલ વપરાય તેવું સૂચન છે. મેં વાત સાંભળી કે આમાં કોન્ટ્રાકટ આપણે એલ. એન્ડ ટી. ને આપ્યો છે. અને એલ.એન્ડ ટી.એ પેટામાં ચાઇનાવાળાને કોન્ટ્રાકટ આપ્યો છે. ચાઇનાનું તો આપણે બધા જાણીએ છીએ. મારા એક મિત્રે થોડી ખુરશીઓ લીધી એમાં અમારા ગીરના સાગના ફીગર હતા. તે ખુરશી ઘરે લઇ આવ્યો અને અઠવાડિયું થયું અને ખુરશી તૂટી ગઇ. ત્યાં જઇને વેપારીને કહ્યું કે ૮ દિવસમાં જ ખુરશી તૂટી ગઇ. આપ તો સાગની કહેતા હતા ને? એ વેપારી કહે કે એ સાગની નહોતી, ચાઇનાની હતી. ચાઇનાનું મટીરિયલ બહુ ખરાબ હોય છે એ આપણે બધા જાણીએ છીએ. એમાં ખુરશીની અંદર ભૂંસું હોય છે, જે તકલાદી હોય છે. થોડું ઘ્યાન રાખવું એ સૂચન છે. થોડું ઘ્યાન રાખીએ તો સારું. કાલે આપણે જોયું કે ૧૩૫ કરોડ રૂપિયાના ખર્ચે રિનોવેશન કર્યુ એમાં બે ટાઇલ્સ પડી. આ બધું ઘ્યાન રાખીએ. આ ગુજરાતમાં સરકારી કાર્યક્રમ હોય અને કોઇ યુવાન ઉત્સાહમાં આવી જાય અને જય સરદારનો નારો બોલાવે, તો આપણે પોલીસને મોકલીએ અને ઢોર માર મારીએ. આ ન હોવું જોઇએ. એના ઉપર કેસ કરીએ. સરદાર આખા દેશના હોય. આવું શું કરવા કરવું જોઇએ? આપણે સામે જય સરદાર બોલોને તમને એમાં વાંધો શું છે? જય સરદાર. પણ એના ઉપર ખોટા કેસ થાય એ વ્યાજબી નથી. સરદાર સાહેબ બારડોલીની અંદર ખેડ સત્યાગ્રહનું આંદોલન જે રીતે કર્યુ હતું. ખેડે એની જમીન. સરદાર સાહેબ ખેડૂતોના મસીહા હતા. ખેડે એની જમીન. ખેડ સત્યાગ્રહ બારડોલીમાં લઇને આવ્યા. મારે દુઃખ સાથે કહેવું પડે આજે સરદાર સાહેબના ખેડૂતો પ્રત્યેના વિચારો હતા. આજે એ વિચારોને સાર્થક કરવાવાળો દેશમાં કોઇ નથી. સરદાર સાહેબના વિચારો કિસાન આબાદ તો દેશ આબાદ. કિસાન બરબાદ

તો દેશ બરબાદ. કિસાન કી જો બાત સુનેગા, વહી દેશ પે રાજ કરેગા.(અંતરાય) હવે ખબર પડી ગઇ છે. એકવાર આપી દીધું. હવે જોજો. હવે ખબર પડશે.

અધ્યક્ષશ્રી : એ સાચી વાત કહેતા હોય તો તમને કઇ વાંધો છે? તો પછી અવાજ ન કરો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : જય સરદાર. એટલે કિસાનોની વાત સરદાર સાહેબના વિચારો છે. એના ઉપર ઉપર ચાલ્યા હોત ને તો આ *(×××) દેવાના ડુંગરમાં દબાઇ ગયો છે ને એ ન દબાત.

અધ્યક્ષશ્રી : આ ખેડૂતને *(×××) કહેવો ઠીક નથી. એ શબ્દ કાઢી નાખીએ છીએ. આપનું પ્રવચન પૂરું થાય છે. તમે ટેકો કરો છો કે શું કરો છો? એ તો કઇ બોલ્યા નહીં. સમર્થન.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલ જે સંકલ્પ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું. લોકલાડીલા, ભારત ગૌરવ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી હંમેશાં શ્રેષ્ઠતમનો વિચાર કરતા હોય છે. દુનિયમાં જે થતું હોય તેના કરતાં ભારતમાં કઇ રીતે સવાયું થાય તેની તેઓ હંમેશાં ચિંતા કરતા હોય છે. સરદાર સાહેબના સ્ટેચ્યુ ઓફ યુનિટીનો વિચાર તે તેનું ઉત્તમ ઉદાહરણ છે. હમણાં જગદીશભાઇ પંચાલે હાઇટની વાત કરી. ૧૮૨ મીટરની સરદાર સાહેબની પ્રતિમાની ઉંચાઇ છે એટલે કે ૬૦૦ ફૂટની ઉંચાઇ છે. વિશ્વના કોઇપણ દેશને આટલા ઉંચા સ્ટેચ્યુનો અનુભવ નથી. દ્રઢ ઇચ્છાશક્તિવાળા નરેન્દ્રભાઇ મોદી સાહેબ પડકારને પરિણામની દિશામાં લઇ ગયા છે. વિશ્વમાં ઘણી ઇમારતો આનાથી ખૂબ ઉંચી હોય છે. તેવી ઇમારતોની અંદર નીચેનો બેઇઝ એટલે કે નીચેનો પાયો, ભાગ પહોળો હોય અને પછી ઉંચાઇએ જતાં સાંકડો થતો હોય છે. આ પ્રતિમાની અંદર ઇજનેરી કૌશલતા એ છે કે સરદાર સાહેબના પગ સાંકડા છે. સરદાર સાહેબની છાતીનો ભાગ પહોળો છે અને બે હાથ છૂટા છે છતાં પણ પવન અને ભૂકંપના પરિબળોને ધ્યાનમાં રાખી સ્ટ્રકચરલ એન્જિનિયરીંગનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે. ૪૫૦ ફૂટની ઉંચાઇએ આપણી વિઝયુઅલ ગેલેરી છે. જેમ વાત થઇ તે પ્રમાણે એલ એન્ડ ટી કંપની કામ કરે છે. પી.એમ.સી. તરીકે મલ્ટી નેશનલ કંપની મેસર્સ ટર્નર પ્રોજેક્ટ મેનેજમેન્ટ ઇ.પ્રાઇવેટ લિમિટેડ, સિંગાપોરની મેનહાર્ટ અને માઇકલ ગ્રીવ્સ જેવી કંપનીઓ છે. પ્રૂફ કન્સલટન્ટ તરીકે ફ્રાન્સની મેસર્સ ઇજીસ તથા ટાટા કન્સલટીંગ એન્જિનિયર્સ છે. અત્યારે પ્રગતિની વાત કરું તો સ્ટેચ્યુની કોડવેલ વોલ જે આવરણ હોય તથા કપ્લીંગની કામગીરી પૂર્ણ થયેલ છે. બ્રોન્ઝ ક્રેડીંગ બેસાડવાની કામગીરી પ્રગતિમાં છે. મેમોરિયલ વિઝીટર્સ સેન્ટર, સર્વિસ બિલ્ડીંગ, એપ્રોચ બ્રીજના કામોનું સિવિલ કામ પૂર્ણ થયેલ છે. મિકેનિકલ, ઇલેક્ટ્રીકલ અને પ્લમ્બીંગના કામો પ્રગતિમાં છે. સ્ટેચ્યુથી એટલે કે પ્રતિમાથી શ્રેષ્ઠ ભારત ભવનનો રસ્તો અને તેના કામો અને એસટીપીના કામો પ્રગતિમાં છે. માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલના સંકલ્પને હું સમર્થન આપું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇશ્રી જગદીશભાઇ પંચાલ માનનીય ધારાસભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું હ્રદયપૂર્વક ટેકો આપું છું. આ દેશના લોખંડી પુરુષ કોઇ સમાજ કે કોઇ રાજય કે કોઇ પક્ષના નેતા નહીં પણ સમગ્ર દેશના બિસ્માર્ક અને લોખંડી પુરુષ હતા. ૧૮૨ મીટર ઉંચાઇની પ્રતિમા અને તે પ્રતિમાનું નિર્માણ કરવાનો વિચાર આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આવ્યો અને આજે સંકલ્પ લાવવાનો વિચાર માનનીય જગદીશભાઇને આવ્યો ત્યારે ખરેખર હું ગૌરવ અનુભવું છું. એટલા માટે ગૌરવ અનુભવું છું કે, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ અને વડોદરા સ્ટેટના સંયાજીરાવ ગાયકવાડ કે જેમણે ડો. બાબા સાહેબ આંબેડકરને પરદેશ ભણવા મોકલ્ય હતા. એવી ગુજરાતની ત્રણ વિશ્વ વિભૂતિઓ માટે અને એમણે જે વિચારો મૂક્યા અને પક્ષે આઝાદી અપાવી, કોંગ્રેસે અપાવી કે કોંગ્રેસની મહાન વિભૂતિઓએ અપાવી, એમના જે વિચારો હતા એ આ પૃથ્વી ઉપરથી એમણે વિદાય લીધા પછી પણ આખા વિશ્વમાં ફેલાવા લાગ્ય અને એ વિચારોની અસર ભલભલા લોકોમાં થઇ અને એ વિચારોની અસર ફકત કોંગ્રેસ પક્ષ પૂરતી કે દેશ પૂરતી મર્યાદિત ન રહી પણ ભારતીય જનતા પર્ટીના નેતાઓમાં પણ એ વિચારધારાની અસર ઉદભવી અને આજે સરદાર વલ્લભભાઇ પટેલની ૧૮૨ મીટરની પ્રતિમા બનાવવાનું નક્કી થયું. મને એવો પણ વિચાર આવે છે કે, ૧૮૨ મીટરની જ ઉંચાઇ રાખી છે તો એવું તો નહીં હોય કે અહીંયા વિધાનસભાના સભ્યોની સંખ્યા ૧૮૨ છે એટલે ૧૮૨ ધારાસભ્યો એક થઇને આ પ્રતિમાનું કાર્ય છે એ પૂર્ણ કરાવે. આઝાદી પછી અને આઝાદીની પહેલા અમે જેને અમારા નેતાઓ કહેતા હતા મહાત્મા ગાંધીજી જેને કોંગ્રેસ પક્ષના અમારા નેતા ગણતા હતા, સરદાર વલ્લભભાઇ પટેલ જે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ૨૫ વર્ષ સુધી પ્રમુખ રહ્યા એને અમારા નેતા ગણતા હતા, ડો. બાબાસાહેબ આંબેડકર બંધારણના ઘડવૈય એને અમારા નેતા ગણતા હતા પણ અમે પણ એમ વિચાર્યું આ આપણા જ નેતા નથી, કોંગ્રેસ પક્ષના નેતા નથી, સમગ્ર દેશના જ નેતા નથી પણ સમગ્ર વિશ્વ વિભૂતિઓ છે અને આ ત્રણેય નેતાઓની નોંધ આજે વિશ્વના દેશો લઇ રહ્યા છે. અહીંસા માટે મહાત્મા ગાંધીજીને આજે વિશ્વના દેશો યાદ કરે છે, આખા વિશ્વમાં સુંદરમાં સુંદર અને ગરીબલક્ષી બધાને ઉપયોગી થાય એવું બંધારણ આપ્યું એવા બાબાસાહેબ આંબેડકરને પણ યુનો જેવી સંસ્થા આજે યાદ કરે છે અને આજે એવા જ બિસ્માર્ક લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને પણ તમામ લોકો આ પક્ષના હોય કે પેલા પક્ષના પક્ષીય વિચારધારા ભૂલીને તમામ પક્ષના લોકો આ આપણો લોખંડી પુરુષ હતો, આપણો બિસ્માર્ક હતો એ રીતે યાદ કરે છે એટલે અમે જેટલું ગૌરવ અનુભવીએ એટલું ઓછું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે મારે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને પણ યાદ કરવા છે. માનનીય અધ્યક્ષશ્રી,

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮
## બિનસરકારી સંકલ્પ

સરદાર વલ્લભભાઇ પટેલ અને કૃષ્ણકુમારસિંહજીની વિચારધારા એકમેક થઇ અને કૃષ્ણકુમારસિંહજીના મનમાં એક વિચાર ઉદભવ્યો કારણ કે પ્રિન્સેસ ઓફ ધ ઇન્ડિયાના તેઓ પ્રમુખ હતા એટલે કે જેટલા દેશી રજવાડાઓ હતા એના પ્રમુખ હતા અને એમણે વિચાર્યું કે જયારે સરદાર વલ્લભભાઇ પટેલ આપણા ગુજરાતનો સપૂત અને ભારતનો નાયબ વડા પ્રધાન અને ગૃહ પ્રધાન જયારે દેશી રજવાડાઓનું એકીકરણ કરવા નીકળ્યો છે અને આજે પ્રજાની માગ છે, પ્રજા જયારે ઇચ્છી રહી છે કે આઝાદી આવે, પ્રજા જયારે ઇચ્છી રહી છે પોતાનું રાજ સ્થપાય, પોતે રાજ કરે, પોતાના વડે સરકાર ચાલે ત્યારે એ વિચારમાં અને સરદાર વલ્લભભાઇ પટેલના વિચારમાં અને દેશના વિચારમાં આપણે જોડાવું જોઇએ. સમગ્ર દેશમાં સૌ પહેલું દેશી રજવાડું ભાવનગરનું ૧૮૦૦ પાદરનો ધણી એણે પોતાના રજવાડાને આ દેશને અર્પણ કર્યું હતું ત્યારે એમને પણ આજે આ તકે હું યાદ કરું છું. વિચારોની એકતા લાવવા, અખંડિતતા લાવવા સરદાર વલ્લભભાઇ પટેલે બહુ મોટું પ્રદાન કરેલું એ વિચાર કેટલો મજબૂત હશે સરદાર વલ્લભભાઇ પટેલના વિચારો કે એમના સ્વર્ગવાસ થયા પછી પણ ૬૦ થી ૭૦ વરસ વીતી ગયા છે તે પછી પણ આપણા દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના મનમાં પણ એક વિચાર ઉદભવ્યો કે આવી મહાન વ્યક્તિ કે જેમણે લીડીંગ કર્યું છે દેશ માટે, એમની કયાંક આખા વિશ્વમાં વિખ્યાત થાય એવી પ્રતિમા બનવી જોઇએ ને એ પ્રતિમા આજે બનવા જઇ રહી છે. હું પેલામાં પડવા નથી માગતો કયાંથી લોખંડ ભેગું કરો છો, શું છે, કયાં આપ્યું, કયાં બનાવવા આપી છે, કોણ બનાવે છે? એ અગત્યનું નથી. ચાઇના બનાવે, અમેરિકા બનાવે કે ઇન્ડિયા બનાવે, ઓજારમાંથી બનાવે, રસમાંથી બનાવે કે લોખંડ સિવાયની બીજી ધાતુઓ ભેગી થઇને પણ બને. પણ જે કંઇ બને છે એ આખા વિશ્વમાં આ દેશની જેમણે લીડરશીપ કરી હતી એ વ્યક્તિની બનાવી રહ્યા છીએ ત્યારે આપણે એમને અભિનંદન આપીએ અને મોદીસાહેબના વિચારથી જગદીશભાઇ પંચાલના મગજ સુધી આ વિચાર જયારે ઉદભવ્યો છે ત્યારે આ દેશમાં કે આ રાજયમાં હવે કોઇ વિરોધી વિચાર રહે જ નહીં એટલે એને હું હૃદયપૂર્વક ટેકો આપુ છું અને જગદીશભાઇ પંચાલ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પને હું હૃદયપૂર્વક ટેકો આપુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ વિધાનસભામાં ઉપસ્થિત સર્વ માનનીય ધારાસભ્યશ્રીઓ, આપણે સૌ એક ઐતિહાસિક વ્યક્તિને, એક મહામાનવને અને જેમણે ભારતને એક કર્યું, અનેક રજવાડાંઓને એકત્ર કર્યા એવા મહાન પુરુષનું એવું જ મહાન કામ કરનાર આપણા વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૧૦માં જે વિચાર વ્યક્ત કર્યો એને જ્યારે આપણું આ ગૃહ મૂર્તિમંત કરવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલની સરદાર સરોવર ડેમની નજીકમાં જે ડેમ બનાવવાનું લગભગ ૧૯૪૭માં સરદાર વલ્લભભાઇ પટેલે એક સ્વપ્ન જોયું હતું અને જોગાનુજોગ જૂઓ કે જે વડાપ્રધાન નરેન્દ્રભાઇ એટલે કે એ વખતના મુખ્યમંત્રી, જ્યારે પાટીદાર નામની કોઇ વાત બોલતા ન હતા, કોઇ શબ્દ બોલતા નહોતા, કોઇને કંઇ ખબર પણ નહોતી એ બધા તો પાછળથી નીકળ્યા. ૨૦૧૦માં સાહેબ, હું આ એટલા માટે કહું છું કે, ઘણી વખત રાજકારણમાં કોઇ બનાવ બને એટલે એનો લાભ લેવા દરેક વ્યક્તિઓ જોડાઇ જતી હોય છે, પણ નરેન્દ્રભાઇએ ૨૦૧૦માં આ સંકલ્પની મનોકામના કરી અને વિશ્વની ઉંચામાં ઉંચી, આપણે બધા જાણીએ છીએ કે, નરેન્દ્રભાઇને નાના નાના કામ એ બહુ ફાવતા નથી, જે કરવું એ શ્રેષ્ઠ કરવું, જે કરવું એ ઉત્તમ કરવું, જે કરવું એ પ્રજાને ઉપયોગી કરવું અને જે કરવું એ સદીઓ સુધી લોકો યાદ કરે એવું કરવું, એટલા માટે નરેન્દ્રભાઇએ ૧૮૨ મીટરની સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનું નિર્માણ કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો, એનું ખાતમૂહુર્ત પણ કર્યું અને સરદાર સરોવર જે આપણી ડેમ બનાવતી કંપની છે સરદાર સરોવર નિગમ એને એની કામગીરી સરકાર તરફથી સોંપી. ૧૮૨ મીટરની હાઇટ એ ટેકનીકલ રીતે પણ છે કે સરદાર વલ્લભભાઇએ જે સ્વપ્ન સેવ્યું હતું એ સ્વપ્ન પણ વચ્ચે અહીંયા કહેવાયું કે જવાહરલાલ નહેરૂએ ખાતમૂર્હુત કર્યું વિગેરે વિગેરે, પણ ૧૯૬૧માં ખાતમૂર્હુત થયું પછી એ વચ્ચેનો સમય બ્લેન્ક ગયો, ખાલી ગયો, કોરો ગયો, નકામો ગયો અને સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન એ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નર્મદા ડેમ પૂરૂં કરવાનું, કોઇની તાકાત નહોતી વચમાં એ સ્વપ્ન પૂરૂં કરવાની. એટલે સરદાર સરોવરની સામે મોદી સાહેબે નક્કી કર્યું કે પ્રતિમા સાધુ બેટ પર બનાવવી અને જે સ્વપ્ન નરેન્દ્રભાઇએ જોયું હતું એ આજીવન એ જોયા કરે જ્યાં સુધી દુનિયાનું અસ્તિત્વ રહે ત્યાં સુધી સરદાર વલ્લભભાઇ સંતૃપ્ત રહે એ રીતે એની ૧૮૨ મીટરની હાઇટ ટેકનીકલ રીતે એ સ્થળ અને ડેમ આખો દેખાય એ રીતેની એમાં કલ્પના છે. આદરણીય સી.જે. ચાવડાનો વિચાર પણ બરાબર છે કે ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો હોય તો દરેક ધારાસભ્ય એક એક મીટરની ઉંચાઇ આપે એટલે ૧૮૨ મીટર ઉંચાઇ પણ થઇ જાય, અને એ પણ યાદ રહેશે કે આ ક્યારે બન્યું હતું કે જ્યારે ગુજરાત વિધાનસભાના સભ્યોની સંખ્યા ૧૮૨ હતી. આમ તો વસતિ વધતી જાય છે, ભવિષ્યમાં ૨૦૦ પણ થાય અને ૨૨૫ પણ થાય, પણ આપણને યાદ રહેશે કે ૧૮૨ની સંખ્યા ધારાસભ્યશ્રીઓની હતી ત્યારે તે વખતે આ પ્રતિમા બની હતી. હું અભિનંદન આપીશ માનનીય જગદીશભાઇને કે આજે પ્રસ્તાવનો ડ્રોમાં નંબર લાગ્યો ત્યારે એમણે અમારા પ્રદીપસિંહજી, ભુપેન્દ્રસિંહજી મુખ્યમંત્રી બધા સાથે ચર્ચા કરી અને અમે નિર્ણય કર્યો કે એવો સંકલ્પ પંકજભાઇ અમારા દંડકશ્રી, આમ તો સરદાર વલ્લભભાઇનું મોસાળ જ એમને ત્યાં થાય. અમે તો એકલા સરદાર વલ્લભભાઇને નહિ એમના મોસાળના ભાઇને પણ લઇને બેઠાં છીએ. એટલે અમારી પાસે છે જ બધું. જીન્સ છે એમના. દુષ્યંતભાઇ પણ એમના પરિવારમાંથી, વતનમાંથી આવે છે, આમ તો આખું ગુજરાત એમનું છે, આખો દેશ એમનો છે. એમના આપણે ભાગ નહિ પાડીએ, સમાજ, જ્ઞાતિ, વિસ્તાર. આ તો મહામાનવી છે, જગદીશભાઇને અભિનંદન આપીશ કે અમે બધાએ નક્કી કર્યું અને આવો સુંદર સંકલ્પ એમણે જે રજૂ કર્યો. નહિતર માનનીય અધ્યક્ષશ્રી, કેવા કેવા સંકલ્પો ભૂતકાળમાં આવ્યા છે એ આપણને બધાને ખબર છે. પણ

બિનસરકારી સંકલ્પ

બધાએ સારામાં સારો રસ લઇ અને પોતાના વિચારો વ્યકત કર્યા છે. વિરજીભાઇ, હવે આવી જાઓ કોઇ ચોપડી ના વાંચતા, જે કંઇ હાથમાં હોય તે મૂકી દેજો. (અંતરાય) તેઓ મોબાઇલ જુએ છે શું ? તમારું આજનું બધુ ફેસબૂક ઉપર આવી ગયું. તેમણે મૂકી દીધુ હશે સાહેબ બોલો. બહુ પ્રસિદ્ધિમાં ના પડો સુવાસ એવી કરો કે આપો આપ ફેલાયા કરે ફુલ ઉપર અત્તર ના નાંખવુ પડે એ તો તેની સુવાસ ઓટોમેટીક આપે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરજીભાઇએ ઘણા સારા વિચારો વ્યકત કર્યા પણ તેમણે બે–ત્રણ ટીકાઓ પણ કરી. તેમણે જે ટીકા કરી તે ચીનના વિશે કરી. ચીન સાંભળી અને મને થોડો જૂનો ભૂતકાળ યાદ આવી ગયો. આમેય મને ઈતિહાસ વાંચવાનો, સાંભળવાનો, સમજવાનો બહુ શોખ છે અને ભૂતકાળમાં ઘણું વાચ્યું છે. સરદાર વલ્લભભાઇના જીવન વિશે જે લોકોએ વાચ્યું હશે અને સરદાર વલ્લભભાઇના જે અનુયાયીઓ હતા મણીબેનથી માંડીને તેમના પી.એ. સુધીના બધાના પુસ્તકો નવજીવન આપણાં પબ્લિકેશનમાંથી જ પ્રસિદ્ધ થયેલા છે. એમાં એવુ ફલિત થાય છે કે, જયારે જવાહરલાલ નહેરૂ વડાપ્રધાન હતા ત્યારે ચીન સાથે એમને બહુ પ્રેમ આવી ગયેલો, અને હિંદી ચીની ભાઇ ભાઇ, પછી પેલી એક પંચશીલની નીતિ એટલે તેમને વિશ્વનેતા થવાનો એક અભરખો થયેલો, અને એમને એ વખતે (અંતરાય) ઇચ્છા થયેલી અભરખો માંડી વાળો, ઇચ્છા રાખો. હું સન્માન સાથે જ કહું છું હું આ એ જ ઈતિહાસ કહું છું મારું નથી કહેતો. મારો તો જન્મ પણ નહોતો થયેલો અને અહીંયાં બેઠેલાં મોટાભાગનાનો જન્મ નહોતો થયો ત્યારની હું વાત કરું છું. તમે તો અમારા કરતાં પણ બહુ મોડા જન્મ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇએ એ વખતે પંડિત જવાહરલાલ નહેરૂજીને અને હું એ ચોખવટ કરી લઉં કે જવાહરલાલ નહેરૂ પ્રત્યે મને બહુ માન છે, બહુ સન્માન છે એટલા માટે કે તેમણે આખી જિંદગી દેશ માટે આખા પરિવારે આપી છે. તેમાં કોઇ વાંધો નથી અમારે જૂની કોંગ્રેસ જોડે વાંધો જ નથી અમારે વાંધો ભાગલા પછીની કોંગ્રેસ જોડે છે. તમે કહો અમે આઝાદી અપાવી, અમે આઝાદી અપાવી ભાઇ, અમારા બધાના બાપદાદા તે બધા કોંગ્રેસમાં જ હતા. કોઇ ઓછા હતા તો કોઇ વધુ હતા આ તો તમે લઠ્ઠુ લઇને બેઠા છો કારણ કે દેશને આઝાદી અપાવવા હમણાં બે દિવસ પહેલાં જ બહુ સરસ પેપરોમાં આવેલુ હ્યૂંગ નામના અંગ્રેજે કોંગ્રેસની સ્થાપના કરી હતી અને તેને એક સોસાયટી તરીકે આ કામ કર્યુ હતું, અને તેમાં ધીમે ધીમે બધા જોડાતા ગયા અને અનેક મહાન લોકો તેમાં જોડાયા. એ મહાન લોકોમાં અમારા પૂર્વજો પણ હતા, કોંગ્રેસ એટલે આ બે ભાગનું પીકચર હોય એવુ છે. પહેલો ભાગ ૬૯માં ભાગલા પડયા ત્યાં સુધીની મોરારજીભાઇ દેસાઇ સાથેની કોંગ્રેસ એ સાચી કોંગ્રેસ કહેવાય, પછી તો તમે મોરારજીભાઇ દેસાઇને કાઢી મૂકયા, બીજા મોટા મોટા નેતાઓને કાઢી મૂકયા સાહેબ, કોંગ્રેસ પ્રમુખને જ કાઢી મૂકયા હતા, અને સાહેબ તે વખતે, નવા લોકોને ખબર નહીં હોય અભ્યાસ કરજો કોંગ્રેસમાં એટલી બધી જબરજસ્ત જૂથબંધી હતી કે કોંગ્રેસે અધિકૃત રીતે (અંતરાય ) સાંભળો, નિરંજનભાઇ સાંભળવા જેવુ છે, શીખવા મળશે. સાહેબ ઇતિહાસ છે અને આ ઇતિહાસને કોઇ બદલી નહીં શકે. નીજલીંગપા હતા તેમને કોંગ્રેસ પક્ષે રાષ્ટ્રપતિ તરીકે ઉભાં રાખ્યા હતા. ઇંદિરા ગાંધીએ તે વખતે બળવો કર્યો અને વી.વી.ગીરીને ઉભા રાખ્યા અને બળવો કરી મોરારજીભાઇ જેવા સિનિયર નેતા જેમણે કોંગ્રેસના ઉમેદવાર અધિકૃત ઉભા રાખ્યા હતા. સાહેબ, તેમને હરાવી દીધા અને કોંગ્રેસના ભાગલાં પડયા આખું ગુજરાત મોરારજીભાઇ, બાબુભાઇ જશભાઇ, હિતેન્દ્રભાઇ દેસાઇ આ સાચા સારા જે ગુજરાતીઓ અને કોંગ્રેસીઓ હતા તે આ બાજુ રહ્યા અને પછી નહોતું પત્યું તે ૭પમાં કટોકટી આવી એટલે પાછા બધાને જેલમાં પૂરી દીધા હતા આ તમારી જૂની કોંગ્રેસ અને આ નવી કોંગ્રેસ. આ બે ભાગનું પીકચર છે સાહેબ હવે કાયમ યાદ રાખજો જૂની કોંગ્રેસ ૬૯ પહેલાંની એટલે આખા દેશની કોંગ્રેસ અને એ પછીની કોંગ્રેસ એટલે બધુ વધ્યું, ઘટ્યું ભેગું થયેલુ એ કોંગ્રેસ. માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સરદાર વલ્લભભાઇ પટેલની વાત ઉપર આવું. નૌશાદ ભાઇ તમને પણ કહું. તમને પણ ઝટકો લાગે એવી વાત કહું. શાંતિથી બેસી રહો. વચ્ચે ડિસ્ટર્બ ના કરો. ડો.સી.જે.ચાવડાએ એ બે મહાન નેતાઓ એક સરદાર વલ્લભભાઇ પટેલ અને બીજા ડો.બાબાસાહેબ આંબેડકરનો ઉલ્લેખ કર્યો. એક ગુજરાતમાં જન્મ્યા અને ગુજરાતી હતા અને બીજા ગુજરાતમાં મોટા થયા અને સર સયાજીરાવે જેમને શિષ્યવૃત્તિ આપી અને ભણાવ્યા અને દેશનું બંધારણ ઘડવા સુધીની તાકાત, શકિત અને વિદ્વતા આપી. આ કોંગ્રેસના લોકો ભારત રત્ન એવોર્ડની વાત કરે છે. એ એવોર્ડ કોંગ્રેસે સરદાર વલ્લભભાઇ પટેલ ને પણ નહોતો આપ્યો અને ડો.બાબાસાહેબ આંબેડકરને પણ નહોતો આપ્યો. વિરજીભાઇ વારંવાર બોલે છે કે હું ૧૦ વર્ષ સુધી સંસદ સભ્ય રહ્યો છું. ૧૦ વર્ષ સંસદ સભ્ય રહ્યા તો કોંગ્રેસે કેમ હજી સુધી સરદાર વલ્લભભાઇ પટેલને ભારત રત્ન નથી આપ્યો એવા કોંગ્રેસના નેતાને તમે કોઇ પત્ર લખ્યો હોય કે લોકસભામાં પ્રશ્ન પૂછ્યો હોય તો લાવજો તો તમને સાચા પાટીદાર ગણીશ. અત્યારે શેના પાટીદારની વાતો કરો છો. સરદાર વલ્લભભાઇ પટેલને ભારત રત્ન કેમ ન આપ્યો એ પ્રશ્ન કેમ પૂછતા નથી. ડો.બાબાસાહેબ આંબેડકરને ભારત રત્ન કેમ ન આપ્યો એ પ્રશ્ન કેમ પૂછતા નથી. અમારા નરેન્દ્ર ભાઇએ મુંબઇમાં ડો.બાબાસાહેબ આંબેડકરરની ઐતિહાસિક જગ્યા છે એને કરોડો રૂપિયાના ખર્ચે ખરીદી અને ડો.બાબાસાહેબ આંબેડકરનું સારામાં સારું સ્મારક બનાવવાનું કામ અમારી સરકારે કર્યું છે. તમે બધા વાતો બંધ કરો. તમે ચૂંટણીલક્ષી, વૉટ લક્ષી છો. સમય–સંજોગો પ્રમાણે પલટી મારનારા લોકો છો. તમને ડો.બાબાસાહેબ આંબેડકરનું નામ લેવાનો કે સરદાર વલ્લભભાઇનું નામ લેવાનો કોઇ હક્ક નથી. (આ તબક્કે શૈલેષભાઇ કંઇક બોલતા. ) શૈલેષભાઇ તમારી વાત નથી. મારે તો વિરજીભાઇને કહેવું છે કે તમે કેમ સરદાર વલ્લભભાઇનું નામ ના લીધું?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ જે બોલી રહ્યા છે એ હું શાંતિથી સાંભળી રહ્યો છું. મારે ટોકવા હોત તો ત્રણ વખત ટોકી શક્યો હોત. તમે 'ઝેર ઓકવા' અને બીજા બે – ત્રણ શબ્દો એવા બોલો છો કે મારે નાછૂટકે ઊભું થવું પડ્યું.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮
## બિનસરકારી સંકલ્પ

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ વ્યક્તિ વિશે જ બોલીશ. જે બોલે છે એના માટે હું કહું છું. મેં કેમ ડો.સી.જે.ચાવડાને અભિનંદન આપ્યા. કારણ કે, એ સાચું બોલ્યા. હજી મારે એક વાત કરવાની છે. કડવી લાગશે પણ સરદાર વલ્લભ ભાઇએ આ રજવાડાઓને એકત્ર કર્યા. મોદી સાહેબ હંમેશા કહે છે કે, કોઇ ખેડૂતના ખેતરમાં એનો સગો ભાઇ થૂલિયું બાજુમાં મૂકે તો પણ મારા–મારી થઇ જાય છે, ખૂનામરકી થઇ જાય છે. ત્યારે ભાવનગરના મહારાજા હોય, ગોંડલના મહારાજા હોય, રાજકોટના મહારાજા હોય કે વડોદરાના મહારાજા હોય એવા તો સેંકડો મહારાજાઓ વચ્ચે સરદાર વલ્લભ ભાઇએ પ્રેમ કેળવ્યો હતો. એમની સાથે વિશ્વાસ કેળવ્યો હતો અને એમના રજવાડા ફક્ત એક વ્યક્તિના વિશ્વાસ ઉપર, એક વ્યક્તિના વચન ઉપર એ જમાનામાં અબજો રૂપિયાની મિલકત ભારત દેશ બનાવવા માટે, અખંડ ભારતનું સર્જન કરવા માટે સરકારને સહી કરીને આપી દીધી હતી. સગા ભાઇને જો એક ઘર આપવાનું હોય તો કોર્ટ કેસ ચાલે છે. સગા ભાઇને બે વિઘા જમીનમાં ભાગ આપવાની વાતમાં કોર્ટમાં ફરી જાય છે. હું નમન કરું છું એ રાજા–રજવાડાઓને કે જેમણે એમની અબજો રૂપિયાની મિલકત સરદાર વલ્લભભાઇના કહેવાથી આ દેશના ચરણે ધરી દીધી. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇ પટેલ આ રાજા રજવાડાંઓને વચન આપ્યું હતું કે તમે ચિંતા ના કરતા, હું તમને સાલિયાણાં ભારત સરકાર તરફથી રાજા–રજવાડાંને આપીશ. રાજા– રજવાડાંએ સાલિયાણાં સ્વીકાર્યાં હતાં, એમના માટે એ રકમની મોટી વાત ન હતી. આજે અબજો અબજો રૂપિયાની મિલકતો દેશ અને દુનિયામાં મોટા મોટા રજવાડાંઓની છે, પણ એક સ્વમાનનો, ગૌરવનો સવાલ હતો. ટોકન કિંમત, સાલિયાણાં એ ટોકન વાત હતી. સાહેબ, જેમના નામે વાત કરે છે, હું નામ દઇશ તો કદાચ નહીં ગમે, પણ કહેવું કે ના કહેવું વિચારું છું. હું નહીં કહું, સમજી લેજો. સાહેબ, સરદાર વલ્લભભાઇએ જે વચન સાલિયાણાં આપવા માટે આપ્યું હતું પણ કોંગ્રેસના એક પૂર્વ વડાપ્રધાને લોકપ્રિયતા મેળવવા માટે આ સરદાર વલ્લભભાઇનું વચન તોડી નાખ્યું, અને મહારાજાઓને, રજવાડાંઓને જે સાલિયાણાં આપતાં હતાં એ રદ કરી દીધાં. શા માટે રદ કર્યાં? અમે એવું માનીએ છીએ કે, સરદાર વલ્લભભાઇનું કશું રહેવું ના જોઇએ. નામોનિશાન ના રહેવું જોઇએ. કેમ પ્રતિમા ના બનાવી? સાહેબ, ઇતિહાસ તો એવું કહે છે કે, સરદાર વલ્લભભાઇ મુંબઇમાં ગુજરી ગયા ત્યારે એમની સ્મશાનયાત્રામાં મોટા નેતાઓ ના આવે, એની પણ મોટા નેતાઓએ એ વખતે કાળજી રાખી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઇતિહાસ કહે છે કે, સરદાર વલ્લભભાઇએ સોમનાથ મંદિરનું નિર્માણ કર્યું, ભગવાન સોમનાથની પ્રતિષ્ઠા બિરાજમાન કરી, એટલે એકલો ધર્મ નહીં, ભારત દેશની પ્રતિષ્ઠા જે મહમદ ગજનવી જેવા આતંકીઓએ વારંવાર લૂંટી હતી, એ પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરી. સરદાર વલ્લભભાઇએ એ વખતે જીર્ણોધ્ધાર કરેલ મંદિરના જે જામનગરના મહારાજા દિગ્વિજયસિંહ, મોરારજીભાઇ, આપણા ગુજરાતના અનેક એ વખતના કોંગ્રેસના નેતાઓએ, બધાયે સપોર્ટ આપ્યો હતો, ઉદ્યોગપતિઓએ સપોર્ટ આપ્યો હતો, એ મંદિરના જીર્ણોધ્ધારા માટે સપોર્ટ આપ્યો હતો. મંદિર તૈયાર થઇ ગયું, એ વખતે સરદાર વલ્લભભાઇએ એ વખતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદજીને એ મંદિરનું ઉદ્દઘાટન કરવા પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં પધારવા આમંત્રણ આપ્યું. સાહેબ, આજે પણ ભારત સરકારના પત્ર વ્યવહારો ઇતિહાસના પુસ્તકોમાં છે. અહીં બેઠેલો કોઇ કહે હું ખોટો હોઉં તો. જવાહરલાલ નહેરુએ સલાહ આપી, કોને? રાષ્ટ્રપતિજીને, કે આપણો દેશ બિનસાંપ્રદાયિક દેશ છે. તમે આ સોમનાથ મંદિરના ઉદ્દઘાટનમાં ના જશો. સાહેબ, મને આનંદ છે કે, આજે વર્ષો પછી આખો દેશ ડો.રાજેન્દ્ર પ્રસાદજીને એટલા માટે નમન કરે છે કે, જવાહરલાલની સલાહને અવગણીને રાજેન્દ્ર પ્રસાદજી સોમનાથ મંદિરના જીર્ણોધ્ધાર પછીના ઉદઘાટન માટે આવ્યા હતા. એક વખતે બિન સાંપ્રદાયિકતાની વાત કરી, સરદાર વલ્લભભાઇનું નામ હતું, માટે રાજેન્દ્ર પ્રસાદજીને ના પાડી. હવે એ જ પરિવારમાંથી એક નેતા દર દર ભટકે છે, મંદિર– મંદિર જાય છે, મસ્જિદ –મસ્જિદ જાય છે, ચર્ચ –ચર્ચ જાય છે, તો આ ચૂંટણીનું રાજકારણ છે. દાદાએ ના પાડી હતી, પૌત્ર ઘેર ઘેર જાય છે. કયાંથી ક્યાં ગઇ તમારી બિન સાંપ્રદાયિકતા? એવા સરદાર વલ્લભભાઇને સાહેબ, અમર કરવા માટે અમારા વીર પુરુષ ભારતના સપૂત નરેન્દ્રભાઇ મોદીજીએ જે વિરાટ પ્રતિમા ઉભી કરી છે. ચીનને એનું કામ નથી આપ્યું, એનું કામ ભારતની પ્રખ્યાતમાં પ્રખ્યાત કંપની એલ એન્ડ ટીને આપ્યું છે. એણે જુદી જુદી કામગીરી જુદા જુદા લોકોને આપી છે. મોટા ભાગનું કામ ભારતીય લોકો કરે છે, ભારતીય કંપનીઓ કરે છે. કામ લગભગ પૂર્ણતાના આરે છે. હું તમામ સભ્યશ્રીઓને આમંત્રણ આપું છું નર્મદા વિભાગના મંત્રી તરીકે કે, તમે સરદાર સરોવર ડેમ ઉપર પધારો અને જે આ ભવ્ય પ્રતિમાનું અત્યારે કામ ચાલે છે એની મુલાકાત લો. ત્યાં ફોટા પડાવો. ઇતિહાસના તમે સાક્ષી થઇ જશો કે, અમે જયારે ૨૦૧૮માં ધારાસભ્ય હતા ત્યારે આ પ્રતિમાનું કામ ચાલતું હતું અમે જોવા ગયેલા, અત્યારે યાદ નહીં આવે, પણ આપણાં છોકરાંઓ યાદ કરશે કે અમારા દાદા, અમારા પપ્પા, આ મુર્તિની કામગીરી જોવા ગયેલા, એટલે હું કહું છું અને આમંત્રણ આપું છું કે, બધા આવો, બધી વ્યવસ્થા હું સરકાર તરફથી અમારા નિગમ તરફથી માનનીય શૈલેષભાઇ કરી આપીશ. આપને પણ મારું આમંત્રણ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જરા, વિષયની બહાર જાય છે, સારામાં સારું બોલે છે પણ સમય પૂરો...

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, હવે પૂરું થઇ ગયું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સારામાં સારી પ્રતિમા છે. વિશ્વની ઉંચામાં ઉંચી બને છે ત્યારે માનનીય જગદીશભાઇ આ જે સંકલ્પ લાવ્યા છે તે બદલ હું એમને અભિનંદન આપું છું અને ભાઇ, દુષ્યંતભાઇ, ભાઇ વિવેકભાઇ અને સી.જે. ચાવડા આ ધારાસભ્યશ્રીઓએ જે સ્પષ્ટ સમર્થન આપ્યું, ભાઇ હર્ષદભાઇ એ થોડુંક ઇલું ઇલું બોલ્યા

પણ પછી સમર્થનમાં જ બોલ્યા. વીરજીભાઇ બોલ્યા પણ એ પણ સમર્થનમાં બોલ્યા. એ બધાને આ સંકલ્પને સમર્થન આપવા બદલ અને મેં જે કહ્યું છે તે ઘરે જઇને યાદ રાખવા અને એના ઉપર મનન કરવા વિનંતી કરું છું. એ વાત રીપીટ કરી લઉં કે, આંદોલનો પછીથી થયાં નરેન્દ્રભાઇ મોદીએ સરદાર વલ્લભભાઇની વિશ્વની ઉંચામાં ઉંચી પ્રતિમા ૨૦૧૦માં બનાવવાનું શરૂ કરી દીધું હતું. એટલું જ તમે યાદ રાખજો અને પછી તમે બધા આવ્યા અને કયાં ગયા એ ઇતિહાસમાં દેખાશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક નાની વાત કરી લઉં કે, આ જે કામ ચાલે છે તે ૨૦૧૯માં લગભગ પૂર્ણ થાય એ પ્રમાણે અમારું આયોજન છે. સભ્યશ્રી જગદીશભાઇનો સંકલ્પ સરકાર સ્વીકારે છે અને અમે આ સંકલ્પ પ્રમાણે આ ગૃહે જે સંકલ્પ કર્યો છે, ૧૮૨ ધારાસભ્યશ્રીઓએ સંકલ્પ કર્યો છે, તે પરિપૂર્ણ કરવા માટે તન, મન અને ધનથી સંપૂર્ણ નિષ્ઠાથી, દેશભકિતથી, સરદાર ભકિતથી કામ કરીશું.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પાર્લામેન્ટરી એસોસીએશનની ખાસ સામાન્ય સભાની બેઠક અંગે**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, આજરોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની ખાસ સામાન્ય સભાની બેઠક વિધાનસભા ભવનમાં ચોથા માળે આવેલા શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે, તેમાં દરેક સભ્યશ્રીઓએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬–૧૭ વાગ્યે પૂરું થતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ, બુધવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા

## બુધવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮
## ચૈત્ર ૭, ૧૯૪૦ શાકે

## સભાગૃહ સવારના ૯.૩૦ કલાકે મળ્યું
## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને

### તારાંકિત પ્રશ્નો

અમરેલી અને સુરત જીલ્લામાં સીસીટીવી કેમેરા

* ૧૦૪૦૯ જે.વી.કાકડીયા (ધારી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને સુરત જીલ્લામાં પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવેલ સીસીટીવી કેમેરા પૈકી કેટલા બંધ હાલતમાં છે, | (૧)<br>– અમરેલી જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં મુકવામાં આવેલ ૨૩૪ કેમેરા માંથી ૪ કેમેરા બંધ છે<br>– સુરત ગ્રામ્યના પોલીસ સ્ટેશનોમાં મુકવામાં આવેલ ૧૪૮ કેમેરા માંથી ૭ કેમેરા બંધ છે<br>– સુરત શહેરના પોલીસ સ્ટેશનોમાં મુકવામાં આવેલ ૩૭૭ કેમેરા માંથી ૧૩ કેમેરા બંધ છે |
| (૨) તમામ બંધ સીસીટીવી કેમેરા કયાં સુધીમાં ચાલુ કરવામાં આવશે, અને | (૨) સત્વરે |
| (૩) સીસીટીવી કેમેરાના મેઇન્ટેનન્સ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩)<br>– આ પ્રોજેક્ટમાં માલની ડીલીવરી, ઇન્સ્ટોલેશન, કમિશનીંગ અને પાંચ વર્ષના એ.એમ.સી. (મેઇન્ટેનન્સ) તમામ બાબતોના સમાવેશ સાથે કરાર કરવામાં આવેલ છે.<br>– આથી અલગથી મેઇન્ટેનન્સ ખર્ચની વિગત આપી શકાય તેમ નથી. |

શ્રી જે. વી. કાકડિયા **:** માનનીય અધ્યક્ષશ્રી, સીસીટીવી કેમેરા ફીટ કરવા માટે અને મેન્ટેનન્સ માટેનો વાર્ષિક કોન્ટ્રાકટ અમરેલી અને સુરત પોલીસ સ્ટેશનમાં આપેલ છે. એમાંથી ૫૦ ટકા સીસીટીવી કેમેરા બંધ છે. અમરેલી જિલ્લા અને સુરત જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં અમૂક જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવેલા નથી એનું કારણ શું, અને સીસીટીવી કેમેરાનું કયારે ક્યારે ચેકિંગ કરવામાં આવે છે અને સીસીટીવી કેમેરાનું મોનિટરીંગ કોણ કરે છે અને આના માટે કેટલો ખર્ચ થયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે સીસીટીવી કેમેરાના સંદર્ભમાં પ્રશ્નન પૂછ્યો છે એમાં મારે એમાં એવું કહેવું છે કે, અમરેલીમાં કુલ ૨૧ પોલીસ સ્ટેશનમાં ૨૩૪ જેટલા કેમેરા લગાડવામાં આવ્યા છે અને તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ધારીમાં બે, જાફરાબાદમાં એક અને રાજુલામાં એક, આમ કુલ ૪ કેમેરા માત્ર બંધ હતા, એટલે ૯૮.૨૯ ટકા કેમેરા ચાલુ હતા અને આજની તારીખે સોએ સો ટકા કેમેરા ચાલુ છે. આ જે આખુ ટેન્ડર હતું, એ ટેન્ડરની અંદર ઇન્સ્ટોલેશન, ડીલીવરી, એન્યુઅલ મેઇન્ટેનન્સ આ બધાનો સાથે એનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે, અને એના આધાર ઉપર જે તે વખતે આમાં મેન્ટેનન્સની આવશ્યકતા હોય તો એ જે તે કંપનીને કહીને આપણે સમય ઉપર રિપેર કરાવતા હોઇએ છીએ.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશન હેઠળ કઇ કઇ જગ્યાએ સીસીટીવી કેમેરા મૂકવામાં આવેલા છે તેમજ નાના અને મોટા પોલીસ સ્ટેશનમાં કેમેરાની સંખ્યામાં કોઇ ફેરફાર છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશની અંદર માત્ર ગુજરાત જ એવું રાજય છે કે જેના ૬૫૧ જેટલા બધા જ પોલીસ સ્ટેશનો એ સીસીટીવી કેમેરા સાથે સજ્જ કરવામાં આવ્યા છે. માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે પોલીસ સ્ટેશનમાં આવેલા બંને લોકઅપો આ સીસીટીવી હેઠળ આવરી લેવામાં આવે છે. પોલીસ સ્ટેશનની એન્ટ્રી અને

એક્ઝીટનો વિસ્તાર એમાં આવરી લેવામાં આવે છે. પોલીસ સ્ટેશનની આજુબાજુનાં સમગ્ર વિસ્તારને સીસીટીવી કેમેરાથી આવરી લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશન બે પ્રકારના હોય છે કેટલાક નાના પોલીસ સ્ટેશનો હોય છે અને કેટલાક મોટા પોલીસ સ્ટેશનો હોય છે. મોટા પોલીસ સ્ટેશન હોય એમાં ૧૫ કેમેરાનો સેટઅપ જેમાં બહારના ભાગે એન્ટ્રી ગેટ, એક્ઝીટ ગેટ, બિલ્ડીંટ એન્ટ્રી–એક્ઝીટ, પુરુષ લોકઅપ, મહિલા લોકઅપ, પી.એસ.ઓ., પાસપોર્ટ સર્વિસીસ, નાગરિક સુવિધા કેન્દ્ર, લોબી, ક્રાઇમ રૂમ, મુદ્દામાલ એરિયા અને પોલીસ સ્ટેશનની અન્ય જગ્યા આમ, ૧૫ સ્થાનો ઉપર અને જે નાના પોલીસ સ્ટેશનના મકાન હોય એમાં નવ થી દસ જગ્યાએ આ જ પ્રમાણે કેમેરાઓનું સેટઅપ ગોઠવવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, પોલીસ સ્ટેશન સીસીટીવી પ્રોજેક્ટ પાછળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જવાબમાં કહ્યું તેમ આખા રાજ્યભરના ૬૧૯ પોલીસ સ્ટેશનો માટેનું આ ટેન્ડર હતું. એમાં ૭,૩૬૧ કેમેરા કરવામાં આવ્યા અને આ કામ બે કંપનીઓને આપવામાં આવ્યું હતું, એમાં એક ગોદરેજ કંપની, જેને અમદાવાદ રેન્જ, અમદાવાદ શહેર, ગાંધીનગર રેન્જ, રેલવે અને વડોદરા રેન્જ, વડોદરા શહેર અને સુરત રેન્જ, સુરત શહેર એમ ૩૭.૨૮ કરોડનો પ્રોજેક્ટ ગોદરેજને સોંપવામાં આવ્યો હતો અને બાકીની જે રેન્જ છે એના માટે વિપ્રોને ૨૪.૭૩ કરોડનું આમ જે તે વખતે ૬૨.૦૩ કરોડ રૂપિયાના માધ્યમથી આ ૬૧૯ પોલીસ સ્ટેશનને સીસીટીવીથી સજ્જ કરવામાં આવ્યા છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ જે સીસીટીવી કેમેરા પોલીસ સ્ટેશનોમાં લગાવવામાં આવે છે એનું ચેકિંગ કરવા માટેના કોઇ ધોરણો કર્યા છે કે કેમ? કારણ કે જયારે કોઇ પોલીસ અધિકારીશ્રીને એમ લાગે કે મારું આ રેકર્ડ ન થાય એટલા માટે સી.સી.ટી.વી. કેમેરા બંધ કરે છે અને પોતાનું કામ કરે છે, તો અંગે સરકાર શું કરવા માગે છે? અને મેઇન્ટેનન્સના ખર્ચની વિગત આપી શકાય તેમ નથી તો તે નહીં આપી શકવાના શું કારણો છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ તેની જે આખે આખી ટેન્ડર કંડીશન હતી, તેમાં ડીલીવરીથી માંડીને ઇન્સ્ટોલેશની માંડીને એન્યુઅલ મેઇન્ટેનન્સ આ બધા કોમ્પોનન્ટ એક સાથે કંસીડર કરવામાં આવ્યો હતો. એટલે એન્યુઅલ મેઇન્ટેનન્સના ખર્ચનો અલગ રેઇટ કે અલગ રીતે કંસીડર કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે કોઇ નાની–મોટી એરર કે કોઇ પ્રોબલેમ્સ હોય તો એ પોલીસ સ્ટેશનના મુખ્ય અધિકારી જે કંપનીના હોય તેને જાણ કરીને તાત્કાલિક રીપેર કરાવે છે જેથી કરીને આ લાંબા સમય સુધી બંધ રહે તેના સંદર્ભમાં ઉપરી અધિકારીઓ દ્વારા પણ એને પૂછવામાં આવે છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમરેલી અને સુરતમાં સી.સી. ટી.વી. કેમેરાઓની વાત થઇ, પરંતુ રાજ્ય સરકારે આગામી દિવસોમાં યાત્રાધામોમાં આવા સી.સી.ટી.વી. કેમેરા મૂકવાનું કોઇ આયોજન કર્યું છે કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનીય અધ્યક્ષશ્રી, આ સી.સી.ટી.વી. કેમેરા એક એવું માધ્યમ છે કે, ગુનાખોરીની પ્રિવેન્શન અને ગુનાખોરી અટકાવવા માટે આ સી.સી.ટી.વી.ના માધ્યમથી જેટલા પણ ગુનાઓ થાય છે, તેને ડીટેકટ કરવા માટે સી.સી.ટી.વીનો એક ઉત્તમ રોલ છે. માનનીય અધ્યક્ષશ્રી અત્યાર સુધીમાં આ સી.સી. ટી.વી. માટે સી.એસ.આઇ. ટી. એમ. એસ. પ્રોજેક્ટ હેઠળ ૬ મહાનગરોમાં આ કામગીરી ચાલુ છે તે પૈકીના પ્રથમ તબકકામાં અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટમાં પૂર્ણ થઇ છે અને સુરત, વડોદરા અને રાજકોટમાં બીજા તબકકાની કાર્યવાહી ચાલે છે. આ છ મહાનગરો ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા આ ગુના નિવારવા માટે અને રોકવા માટે આખા રાજ્યની અંદર ૩૪ જિલ્લા અને ૬ ધાર્મિક સ્થળોની અંદર સી.સી.ટી.વી.નું નેટવર્ક સારી રીતે તૈયાર થાય તેના માટે આખા રાજ્યમાં ૭૪૬૩ કેમેરા અને ૧૨૩૮ તેના જંકશન ઉપર ૩૩૫ કરોડ રૂપિયાનો કોન્ટ્રાકટ હમણાં મંજૂર કર્યો છે અને આગામી દિવસોમાં ઝડપથી તે સ્ટાર્ટ થઇ જશે જેના કારણે આખા રાજ્યની અંદર ખાલી અરબન સીટીઝ નહીં પણ ૩૩ જિલ્લા સ્થાનો અને ૬ યાત્રાધામોની અંદર ૩૩૫ કરોડના માધ્યમથી સી.સી.ટી.વી.નું જાળું આપણે ગોઠવી રહ્યા છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની ટેકનોલોજીને આધિન જે રીતે માનનીય મંત્રીશ્રીએ વાત કરી, તેમાં મારે એટલું જાણવું છે કે જે રીતે અત્યારે સુરત અને અમરેલીની વાત છે, તો કોઇ પણ પોલીસ સ્ટેશનમાં કે જેલોમાં જયારે સી.સી.ટી.વી કેમેરા લગાડવામાં આવે છે. અમદાવાદ શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા અને તેનું મૂહુર્ત થયું જેથી કરીજે એક જગ્યાએથી આખા અમદાવાદની માહિતી મેળવી શકે તો આ રીતે તમામ જિલ્લામાં અને શહેરોમાં પોલીસ સ્ટેશનોમાં કે જેલોમાં આવી રીતે સી.સી.ટી.વી. કેમેરા રાખ્યા હોય તો તેનું કોઇ એક જગ્યાએથી મોનેટરીંગ થઇ શકે છે ખરું ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે પહેલાં એવું નહોતું, પરંતુ હવે રાજ્યના ૬૧૯ પોલીસ સ્ટેશનમાં જે જિલ્લામાં જે સી.સી.ટી.વીનું નેટવર્ક છે તે પોલીસ સ્ટેશનની કનેકટીવીટી જે જિલ્લાના એસ.પી. સાથે અને એ શહેરમાં હોય તો તેની તમામ પોલીસ સ્ટેશનનું કનેકટીવીટી તેની સી.પી. કચેરીમાં હોય, આ

બધાનું મોનેટરીંગ સ્ટેટની અંદર હોય એટલે આ સી.સી.ટી.વી. એ પોલીસ સ્ટેશન પૂરતા જ સીમીત નહીં, પરંતુ એ જિલ્લાના એસ.પી.ને અથવા મહાનગરના પોલીસ કમિશનરને સાહેબ એ પોલીસ સ્ટેશનની ગતિવિધિ સી.સી.ટી.વી.ના નેટવર્કના માધ્યમથી જોવી હોય તો જોઇ શકે તેવી ટેકનીકલ સ્કુટીની તૈયાર કરી દીધી છે અને આગામી ત્રણ મહિનાની અંદર એ સંપૂર્ણ સિસ્ટમ કાર્યરત થઇ જશે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : મારો જવાબ આવી ગયો છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશનમાં તહોમતદારોને હેરાનગતિ અને ટોર્ચીંગ ન કરવામાં આવે એટલા માટે આ સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવ્યા છે, તો ઘણા પોલીસ સ્ટેશનોમાં એવું બને છે કે ઇરાદાપૂર્વક આ સી.સી.સી. ટી.વી. કેમેરા બંધ કરી દેવામાં આવે છે તો આ માટે સરકાર કાંઇ વિચારવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રી બાબુભાઇ વાજા તહોમતદારની ચિંતા કરે છે. આ તહોમતદારો તો સમાજને રંજાડતા હોય છે એની ચિંતા આપ ન કરો પોલીસ એની ચિંતા કરીને ગુના શોધવાનું કામ કરી રહી છે. આ રાજયમાં પોલીસ દ્વારા કોઇ જગ્યાએ ટોર્ચરીંગ કરવામાં આવતું નથી. ગુનેગારની ચિંતા ન કરો એના માટે પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે.

શ્રી બાબુભાઇ કા. વાજા : તહોમતદાર એટલે કોઇ ગુનેગાર નથી. એને ખોટી રીતે ફોજદારી ગુનામાં પૈસા પડાવવા માટે થઇને ફરિયાદ કરતા હોય છે. ફરિયાદી કે તહોમતદાર એમ કોઇ પક્ષમાં ન હોય એવા માણસોને પણ સંડોવી દેવામાં આવતા હોય છે હું એની વાત કરી રહ્યો છું. જે તહોમતદાર હોય કે ગુનેગાર હોય એ આવા સારા માણસોને સંડોવી દેતા હોય છે. હું કોઇ તહોમતદાર કે ગુનેગારનો પક્ષ લેતો નથી પરંતુ ઘણી વખત સીધા સાદા માણસોને સંડોવી દેવામાં આવતા હોય છે અને પછી એની પાસેથી પૈસા ખંખેરવામાં આવતા હોય છે. પેલા જે ગુનેગારો હોય છે એ તો મારી ખાતા હોય છે. પણ સારા માણસોને હેરાન કરવામાં આવતા હોય છે એવે વખતે સી.સી.ટીવી કેમેરા બંધ કરી દેવામાં આવતા હોય છે તો એના માટે શું કરવા માગો છો?

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સી.સી.ટીવી કેમેરાનો ડેટા સાચવવામાં આવે છે એ કેટલા સમય માટે સાચવવામાં આવે છે? કોઇ ત્રાહિત વ્યકિત આ ડેટા માગે તો એ આપવા માટેની કોઇ જોગવાઇ છે ખરી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ ડેટા ૩૦ દિવસ સુધી પોલીસના ઉપયોગ માટે જ રાખવામાં આવે છે.

### અમદાવાદ જિલ્લાનાં એકમોને વ્યાજ સહાય

* ૯૨૩૭ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી **(**ઉદ્યોગ**)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ (**Micro, Small & Medium Enterprise**) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, | (૧) ૩,૪૧૧ એકમોની |
| (૨) કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૧૬– ૧,૦૦૯ એકમોની<br>વર્ષ ૨૦૧૭– ૧,૦૭૩ એકમોની |
| (૩) કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૪૧૨ એકમોને રૂ.૮૨૬.૪૯ લાખ |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર લઘુ અને મધ્યમ ઉદ્યોગનો સારી રીતે વિકાસ થાય અને એના દ્વારા મહત્તમ રોજગારી મળે એ માટે પ્રોત્સાહન આપવા કટિબદ્ધ છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ એમએસએમઇ એકમોની વાત છે એમાં અરજી કરવાની પ્રોસિઝર શું છે? વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે ૩૮૨૧ અરજીઓ પૈકી ૩૩૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૨૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી તો એ નામંજૂર કરવાના કારણો શું છે, અને આ યોજના નીચે કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : આ યોજનાની પ્રોસિઝર છે કે માઇક્રો સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝ એટલે કે માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝની અંદર માઇક્રો મેકસીમમ ૨૫ લાખ સુધીનો પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી રોકાણ હોવું જોઇએ. સ્મોલમાં મેકસીમમ ૨૫ લાખથી પાંચ કરોડ રૂપિયા સુધીનું પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી રોકાણ હોવું જોઇએ. અને મિડિયમમાં પાંચ કરોડથી દસ કરોડ રૂપિયા સુધીનું પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી રોકાણ કરેલું હોવું જોઇએ. એમાં જે વ્યાજ સહાય આપવામાં આવે છે એ માટેની યોજનાઓ રાજય સરકારે બનાવી છે. એમણે વ્યાજના દરો માગ્યા છે એ વાર્ષિક પાંચ ટકા મેકસીમમ ૨૫ લાખ સુધી પર ઇયર, પાંચ વર્ષ સુધી, મ્યુનિસિપલ કોરપોરેશનમાં એ ઉદ્યોગ સ્થાપિત થયેલ હોય અને કોરપોરેશનની બહાર થયો હોય તો એને ૭ ટકા લેખે ૩૦ લાખ સુધી પર ઇયર આપવામાં આવે છે. એક ટકા એસ.સી, એસ.ટી., હેન્ડીકેપ્ટ અને વિમેન એન્ટરપ્રાઇઝને એક ટકો વધારે આપવામાં આવે છે. યંગ એન્ટરપ્રિનિયોર હોય એ ૩૫ વર્ષની ઉંમરની નીચે હોય તો બીજો એક ટકા આપવામાં આવે છે. આ પ્રમાણે વ્યાજની સહાય આપવામાં આવે છે. પ્રોસિઝરમાં એ લોકોએ ગુજરાત સરકારની વેબસાઇડ ઉપર ઓન લાઇન દરખાસ્ત કરવી પડે છે અને દરખાસ્તમાં એલીઝેબલ એકસ્પેન્ડીચરનું ચેકિંગ

કરવામાં આવે છે. હાર્ડકોપી આપવામાં આવે છે. સેંકશન લેટર આપવામાં આવે છે એ બધું વેરિફિકેશન કર્યા પછી એનું ડી.આઇ.સી. ડિસ્પેટમેન્ટ કરતી હોય છે. નામંજૂર થવાના કારણો શું છે. તો નામંજૂર કરવાના કારણો છે એની અંદર એક વર્ષની મર્યાદાની અંદર એણે લોન લીધી હોય એમાં એક વર્ષની અંદર અરજી ન કરી હોય તો એ રદ કરવામાં આવે છે. બીજું કે પ્રોડકશન થયું હોય અને એક વર્ષ સુધીમાં ન કર્યું હોય તો પણ રદ કરવામાં આવે છે. નોન ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યુશન જયારે લોન સેંકશન કરી હોય તો રદ કરવામાં આવે છે. પ્રોડકશન પાંચ વર્ષમાં બંધ કર્યું હોય તો પણ રદ કરવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૨૦૧૬માં ૧૨૧૮ એકમો માટેની અરજી આવી જયારે ૨૦૧૭માં ૧૦૮૨ એકમોની અરજીઓ આવી. આમાં કેટલા એમ. એસ.એમ.ઇ. અપગ્રેડ માટેની અરજીઓ હતી અને કેટલી નવા એકમો માટેની અરજીઓ હતી? આના માટેની કોઇ માર્ગદર્શન શિબિરોનું આયોજન કરવામાં આવે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આમાં જેટલા એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગ હોય એ આઇધર નવા ઉદ્યોગો હોય છે કે એ પછી એક્સપાન્શન હોય કે મોર્ડનાઇઝેશન હોય તેના માટે હોય છે. તેનું જે લોન ડિસ્બર્સમેન્ટ હોય છે એ લોન ડિસ્બર્સમેન્ટના આધાર ઉપર તે લોકોને વ્યાજ સહાય આપવામાં આવે છે. જે સભ્યશ્રીએ કહ્યું કે આમાં નવા ઉદ્યોગો કેટલા છે અને કેટલા એક્સપાન્શન અને મોર્ડનાઇઝેશન છે. એ બહુ મોટી સંખ્યા છે તો તેની વિગત હાલમાં મારી પાસે નથી.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદ્યોગો અને રોજગારીને પ્રોત્સાહિત કરતી યોજના છે તો અમદાવાદ જિલ્લામાં ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ તાલુકાવાઇઝ કેટલી અરજીઓ મળી હતી અને તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી છે?

શ્રી સૌરભ પટેલ : ૨૦૧૬–૧૭માં જે ટોટલ ડિસ્બર્સમેન્ટ થયું છે એ તાલુકાવાઇઝ જોઇએ તો અમદાવાદ શહેરમાં ૨૦૧૬માં ૧૫૬૫ અરજીઓ મળી હતી અને ૧૦૧૩ સેંકશન થઇ છે. ૨૦૧૭માં ૧૨૨૬ મળી હતી તેમાંથી ૮૯૫ સેંકશન થઇ છે. એટલે કુલ ૨૭૯૧માંથી ૧૯૦૮ અમદાવાદ સિટીમાં થઇ છે. એવી રીતે બાવળામાં બન્ને વર્ષનું ભેગું કરીએ તો ૬૪માંથી ૪૩ અરજી સેંકશન થઇ છે. દસક્રોઇમાં ૨૯૮માંથી ૧૮૬ થઇ છે. ધંધુકામાં ૫ માંથી ૨ થઇ છે. ધોળકામાં ૨૬ માંથી ૧૭ થઇ છે. માંડલમાં ત્રણે થઇ છે. સાણંદમાં ૨૧૨ માંથી ૧૩૨ થઇ છે. વિરમગામમાં ૧૪ માંથી ૬ થઇ છે. કુલ ૩૪૨૧ અરજીઓ આવી છે. તેમાંથી ૨૩૦૦ અરજીઓ આપણે સેંકશન કરી છે અને જો તાલુકાવાઇઝ ડિસ્બર્સમેન્ટ ગણીએ તો ૫૯ કરોડ અને ૩૫ લાખ છે તેમાં અમદાવાદ શહેરમાં ૨૮.૪, બાવળામાં ૩ કરોડ ૧૦ લાખ, દસક્રોઇમાં ૫ કરોડ ૨૨ લાખ, દેત્રોજ–રામપુરામાં ૩ કરોડ ૧૦ લાખ, ધંધુકામાં ૮ કરોડ ૬૪ લાખ, ધોળકામાં ૮૮ કરોડ, માંડલમાં ૨ કરોડ ૭૦ લાખ, સાણંદમાં ૯ કરોડ ૯૭૫, વીરમગામમાં ૧૭.૩૪ એમ ૫૯.૩૫ કરોડ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે કુલ ૧૬૨૮ એકમોને ૫૯.૩૫ કરોડની જે વ્યાજની સહાય ચૂકવવામાં આવી છે તો જો માનનીય મંત્રીશ્રી પાસે આંકડા હોય તો તેમાં મિડિયમ, સ્મોલ અને માઇક્રોમાં કેટલા એકમો છે અને એ એકમો પૈકી કેટલી કેટલી રકમની સહાય ચૂકવી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કહ્યું કે આ યોજનાની ડિટેઇલ છે એ માઇક્રો, સ્મોલ અને મિડિયમ ત્રણેની વિગતો ભેગી છે. તેમાં આ બધા જ યુનિટો આવી ગયા છે. માઇક્રો એટલે ૨૫ લાખથી ઓછા, સ્મોલ એટલે ૨૫ લાખથી ૫ કરોડ હોય અને મિડિયમ ૫ કરોડથી ૧૦ કરોડ છે. એટલે એની અંદર જ કરવામાં આવ્યું છે. વિષય એ છે કે આ પાંચ વર્ષની યોજનાઓ છે. એટલે ૫ વર્ષની યોજના સુધી તેને પૈસા મળતા હોય છે. એટલે જરૂરી નથી કે છેલ્લા બે વર્ષમાં જ આની અંદર સ્કીમમાં આપેલ હોય. આગલી સ્કીમો કરેલી હોય તો તેની પણ તે લોકોને વ્યાજ સહાય ચાલુ હોય છે એટલે સ્વાભાવિક છે કે માઇક્રોના કેટલા, મધ્યમ કેટલા આ છૂટું પાડવું થોડું અઘરું છે. હાલમાં ૩૫૦૦ જેવી સંખ્યા છે. એટલે મારી પાસે એ માહિતી નથી.

### મોરબી અને કચ્છ જિલ્લામાં લીઝના ખાડાઓનું ફીલીંગ ન કરવા બાબત

* ૧૦૨૮૯ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી **(**ખાણ–ખનિજ**)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ખાણ ખનીજની લીઝોમાંથી ખનીજ કાઢી લીધા બાદ તે ખાડાઓને ફીલીંગ કરી તે જમીન ઉપર વૃક્ષોનું વાવેતર કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પરંતુ તેમ કરવું ફરજિયાત નથી. |
| (૨) જો હા, તો મોરબી અને કચ્છ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાડાઓમાં ફીલીંગ ન કરવામાં આવ્યું હોય તેવા કેટલા કિસ્સા બહાર આવ્યા, અને | (૨) શૂન્ય |
| (૩) આવા લીઝ ધારકો સામે શા પગલાં ભરવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં એમ કહ્યું છે કે લીઝોનું ખનિજ કાઢી લીધા પછી ખાડાઓનું ફીલીંગ કરવું અને જમીન સમથળ કરીને વૃક્ષોનું વાવેતર કરવું એ હકીકત સાચી છે. પછી જવાબમાં એમ લખ્યું છે કે ફરજીયાત નથી, તો ખાડાઓનું ફીલીંગ કરી જમીન ઉપર વૃક્ષોનું વાવેતર કરવાનું ફરજીયાત નથી તો આને સરકારશ્રી

ફરજીયાત કરવા માગે છે કે કેમ અને ૪૦-૪૦ ફૂટથી વધારે ઉંડા ખાડાઓ થઇ ગયા હોય છે તેમાં અત્યાર સુધી કોઇ અકસ્માતો થયા હોય તો તેની વિગતો શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ચોક્કસ આ બાબતમાં ચિંતિત છે. ફરજીયાત ન હોવા છતાં પણ સરકારે પગલાં લીધેલાં છે. મેજરમાં કેન્દ્ર સરકાર આધારિત થતું હોય છે અને માઇનોર મિનરલ્સમાં રાજ્ય સરકાર કરતી હોય છે. રાજ્ય સરકારે ૨૫-૨-૨૦૧૫માં ફરજીયાત માઈનીંગ પ્લાન આપવાની વ્યવસ્થા ગોઠવી છે અને આ માઈનીંગ પ્લાન આપવામાં આવે ત્યારે માઈનીંગ પ્લાનમાં આઇધર લીઝ સરન્ડર કરવામાં આવે કે લીઝનું ખાણકામ પૂરું થાય ત્યારે લીઝ હોલ્ડરે આની અંદર માઈનીંગ પ્લાનની અંદર દર્શાવવું પડતું હોય છે કે એ શું કરવા માગે છે અને એના આધાર ઉપર સંપૂર્ણપણે રાજ્ય સરકાર પગલાં ભરતી હોય છે. માનનીય ધારાસભ્યશ્રીએ આજે જે વિષયની વાત કરી છે એમાં ખાસકરીને કોઇ ફરિયાદ એવી આવી નથી અને જેટલી લીઝો સરન્ડર થઇ છે કે જેટલી લીઝોમાં માઇનીંગ એક્ટીવીટીનો ટેન્યોર પૂરો થયો છે એની અંદર નિયમ પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાના ખૂબ મોટા ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં લેતાં રાજ્ય સરકારે ખાણ ખનીજની નક્કી કરેલ કામગીરીની વહિવટી સરળતા માટે કોઇ પગલાં લીધેલા છે કે કેમ? જો લીધેલા હોય તો ક્યા પ્રકારના પગલાં લીધેલા છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતની અંદર સૌથી વધારે મિનરલ્સ કચ્છ જિલ્લાની અંદર છે. કચ્છ જિલ્લાના મિનરલ્સ માટે આપણે વહીવટી દ્રષ્ટિએ જોવા જઇએ તો ત્રણ ભાગોની અંદર એની ઓફિસો ડિવાઇડ કરવામાં આવી છે. એક છે જુનું સેટઅપ હતું એ. બીજી- કચ્છ ઇસ્ટ અંજાર ઓફિસ કરી છે અને કચ્છ વેસ્ટ ભુજમાં ઓફિસ કરી છે. એટલે આ બે કરવાના કારણે એકની જગ્યાએ બે એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ કરવામાં આવી છે. એટલે એમાં સ્ટાફ સેટઅપ પણ વધશે, ઓફિસરો પણ વધશે અને વધારે સારી કામગીરી થઇ શકશે. મિનરલ્સનો ઉદ્યોગ પણ વધારે થાય, એકસપ્લોરેશન પણ વધારે થાય, એક્સપોર્ટ પણ વધારે થાય, રેવન્યૂ પણ વધારે થાય, રોજગારી પણ વધારે થાય એ રીતે વહિવટી રીતથી આ પ્રમાણે પગલાં રાજ્ય સરકારે લીધા છે.

અધ્યક્ષશ્રી : તમારી બાજુ ચાર સભ્યશ્રીઓના હાથ ઉંચા થયા છે એટલે પહેલા શ્રી ઋત્વિકભાઇ મકવાણા.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે વાત કરી એ લીઝ લીધેલી હોય એના માટેની સંપૂર્ણ વ્યવસ્થા છે. પરંતુ મોરબી અને કચ્છ જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાઓમાં પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં ખનીજ ચોરી થાય છે. એના જે ખાડા છે એમાં ઘણી વખત અકસ્માતો થતા હોય છે અને એના આવા પ્રસંગો માટે અનેક વિભાગો પેકેજ લેતા હોય છે. તો આવા ફિલીંગ માટે કોઇ પેકેજ આ વિસ્તાર માટે આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માઇન્સ અને મિનરલ્સ માટે એની રોયલ્ટીમાંથી અમુક રકમ જે તે જિલ્લા વહિવટી તંત્રને ફંડ તરીકે ફાળવવામાં આવે છે. તો મોરબી જિલ્લામાં આ મિનરલ્સ ફંડમાં અત્યારે કેટલી રકમ છે અને આવા કામ માટે કેટલી રકમ ફાળવી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખાડા ફિલીંગનો છે. સભ્યશ્રી કહે છે એમની વાત ચોક્કસ સાચી છે. જિલ્લા લેવલ ઉપર અને સરકાર દ્વારા જુદા જુદા ફંડો દ્વારા પૈસા આપવામાં આવે છે. પગલાંને ડાયરેક્ટ મદદ કરવામાં આવે છે. ચોક્કસપણે શું કામગીરી કરી શકાય અને ક્યા ક્યા કામો એની અંદર લેવાય એ બાબતે ચોક્કસ સરકાર વિચારશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જે પૂછ્યો છે એ ખાડા ફિલીંગ કરવાનો પૂછયો છે અને જવાબ આપ્યો છે એમાં હા, જી અને તેમ કરવું ફરજિયાત નથી. એટલે સરકાર બેધારી નીતિઓ ઉપર ચાલે છે. સરકાર નીતિ તો સ્પષ્ટ કરે કે તમે કઇ નીતિને આધારે ચાલવા માગો છો? હકીકત એ છે કે આ માઇનનો ઉપયોગ થઇ ગયા પછી ખાડાઓ હોય છે એ ખાડાઓમાં ચોમાસા દરમિયાન પાણી પણ ભરાય છે. પાણી ભરાયા પછી અકસ્માતના બનાવો વારંવાર બને છે. ત્યારે તમે આ બન્ને જવાબો આપ્યા છે. એ બેધારી નીતિમાંથી એક ધારી નીતિ કરીને પહેલો જવાબ જે હા, જી છે એને નક્કી કરીને આ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે હવે બહુ ડિટેઇલમાં સભ્યશ્રીને માહિતી આપવી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ડિટેઇલમાં માહિતી જોઇતી નથી. તમે આમાં બે જવાબો આપ્યા છે, હા, જી અને ફરજિયાત નથી. તેનો અર્થ એ થયો કે સરકારની નીતિ સ્પષ્ટ નથી. તો તમે હા, જી માં કરવા માગો છો કે નથી માગતા એટલો જ મારો સવાલ છે.

અધ્યક્ષશ્રી : હા, કે નામાં જવાબ ન હોઇ શકે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમને ટૂંકમાં જવાબ જોઇતો હોય તો ટૂંકમાં આપું. માઈનીંગના રૂલ્સ પ્રમાણે જે લીઝ છે એમાં જે શબ્દો છે એની અંદર મેન્ડેટરી લખ્યું નથી, નંબર વન. નંબર-ટુ, સરકાર બધા ખાડાઓ માટે નિયમ પ્રમાણે કામગીરી કરવા માગે છે અને એ પ્રમાણે ૨ વર્ષમાં જે સરન્ડર થયા છે. એમાં હું ડીટેઇલમાં કહું. માનનીય ધારાસભ્યશ્રીઓને થોડીક વધારાની માહિતી જરૂર લાગે છે. હું આપને કહું "The clause says, wherever possible waste rock or overburden or other rejects shall be used for back filling the worked out quarry or mines

where the minerals has been recovered up to the optimum depth with a view to restore the land to its original use or desired alternate use. Where the back filling is not feasible the waste dumps shall be scientifically vegitated by suitable native species to prevent erosion and surface run off. આની અંદર પાણી ભરવાનો કોઇ વિષય અત્યારે આવતો નથી. નંબર- ૮, Wherever back filling of waste rock in the area excavated during mining operations is not possible the waste dumps shall be suitably terraced and stabilised through vegitation or otherwise એટલે surface erosion .. અને erosion ન થાય એના માટેનો આ કાયદો બનાવેલો છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર, ત્રીજું છેલ્લા ૨ વર્ષની અંદર ૩૪ લીઝોની અંદર સરન્ડર અને ટેન ઇયર કલોઝર કંમ્પલીટ થયા છે. આ ટેન ઇયર કલોઝરની અંદર જે ૩૭ થયા છે એમાં ૩ મોરબી અને ૩૪ કચ્છ. આની અંદર આજની તારીખમાં જે સરન્ડર થયા છે અને જે lease tenure કંમ્પલીટ થઇ છે એની અંદર આજની તારીખમાં પણ મીનરલ્સ છે એટલે જયારે મીનરલ્સ હોય ત્યારે ખાડા હોય એને ફરીથી રીઓકશન કરવું પડે, જેથી રાજય સરકારની ખરીદની કિંમત પૂરતી મળે. માત્ર બે જગ્યા એવી હતી કે જયાં સરકારને યોગ્ય લાગ્યું તો એની અંદર વોટર હાર્વેસ્ટીંગ માટેની વ્યવસ્થા ગોઠવી અને વોટર હાર્વેસ્ટીંગ માટેની બે સાઇટ ઉપર થઇ છે. બાકીની સાઇટ ઉપર આપણે ઓકશન કરી અને પાછું જે lease tenure છે એ પૂરી રહ્યા છીએ એ પાછું લોકોને આપીશું અને એમાંથી ખાણ ખનીજ કાઢીશું.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એમાં જમીન ઉપર વૃક્ષોનું વાવેતર કરવાનું હોય છે. સામાન્ય રીતે બે પ્રકાર હોય છે. એક લીઝ ધારક કાયદેસરના હોય છે. ઘણી જગ્યાએ લીઝ ધારક ન હોય ત્યાં માટી વગેરેની ચોરી થતી હોય છે. હું એ જાણવા માગુ છું કે જો પર્યાવરણની જાળવણી ખરેખર આપણે કરવા માગતા હોઇએ તો જયારે લીઝ આપવામાં આવે છે ત્યારે એમાં શરતો હોય છે કે આટલા વૃક્ષ તમારે ઉછેરવા અને ઉગાડવાની શરતે તમને આ લીઝ આપવામાં આવે છે. મોટા ભાગના લીઝ ધારકો છે એ વૃક્ષો ઉછેરવાની કોઇ શરતોનું પાલન કરતા નથી તો એના માટે પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને આવા લીઝ ધારકો હોય એને અને કયાંક ચોરી કરતા પકડાય એવા લોકોને પણ પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું ફરજીયાતપણે વાવેતર થાય અને પર્યાવરણની જાળવણી થાય એના માટે કોઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો સુધી નિયમોમાં સ્પષ્ટતા નહોતી એટલે ૨૦૧૫માં સ્પેસીફીક માઇન્સ કલોઝર પ્લાન લાવ્યા. એટલે માઇન્સ કલોઝર પ્લાન શું હોય કે હાલમાં જે હોય અને ફયુચરમાં જે આપવાના હોય એટલે છેલ્લા દસ વર્ષથી ચાલતી લીઝો ઉપર પણ રાજય સરકારે માઇન્સ કલોઝર પ્લાન ફરજીયાત કર્યો એટલે જેટલી માઇનીંગ એકટીવીટી ચાલતી હતી એ બધાએ એક વર્ષના ટાઇમ પીરીયડની અંદર પોતે જયારે લીઝ બંધ કરશે ત્યારે કઇ જાતની વ્યવસ્થા ગોઠવશે એના માટે માઇનીંગ કલોઝર પ્લાન આપ્યો અને જેટલી નવી લીઝ આપીએ છીએ એની અંદર માઇનીંગ કલોઝર પ્લાન ફરજીયાત કર્યો. હવે માઇનીંગ કલોઝર પ્લાનની અંદર બધી વિગતો ડીટેલમાં લખી છે કે, એમણે શું કરવું, શું ના કરવું અને એ પ્રમાણે એમણે કાર્યવાહી કરવી પડે. બીજું જોડે જોડે એમણે પરફોર્મન્સ ગેરંટી આપવી પડે છે એટલે પરફોર્મન્સ ગેરંટીની અંદર ડીપોઝીટ તરીકે પૈસા લેવામાં આવે છે અને ડીપોઝીટની એમાઉન્ટ એક લાખ રૂપિયા પર હેકટર લેવામાં આવે છે. મેજરમાં વધારે લેવામાં આવે છે અને અગર એ માઇનીંગ કલોઝર પ્લાનની અંદર જે એન્વાયર્મેન્ટેડ રીલેટેડ ઇશ્યુસ કરવાના કીધેલા હોય એને કે બીજી કોઇપણ કામગીરી કરવાની કીધેલી હોય એ માઇનીંગ કલોઝર પ્લાન પ્રમાણે ન થઇ હોય તો એની ડીપોઝીટ ફોરફીટ કરવાની રાજય સરકારે આ નિયમોની અંદર જોગવાઇ કરેલી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, દરેક ચૂંટણી આવે એટલે ભાષણમાં સરકારના પ્રતિનિધિઓ ખાડા પૂરવાની વાત કરે છે. સભ્યશ્રીએ સ્પષ્ટ પ્રશ્ન પૂછયો હતો કે આ સરકાર ખાડા ખોદી રહી છે, હવે સરકાર ખાડા બૂરશે કે નહીં? તો કીધું કે ખાડા ખોદવાની જવાબદારી ખરી પણ પૂરવાની જવાબદારી મરજીયાત છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ખાણના ખાડા છે એ ઉંડા થતા જાય છે. આબરુ પણ ખાડામાં ગઇ છે. નીતિ પણ ખાડામાં ગઇ છે. પ્રતિષ્ઠા પણ ખાડામાં ગઇ છે. સેવા પણ ખાડામાં ગઇ છે. માત્ર દેવાનો ડુંગર ચણાયો છે. ત્યારે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ તમે ૨૨ વર્ષથી ખાડા ખોદો છો એ પાછા ભરવાની જવાબદારી અમારે નિભાવવાની? આ ખાડાઓ પૂરાય અને એના ઉપર વૃક્ષોનું વાવેતર કરી હરિયાળું ગુજરાત બનાવવાનો આપણે સામૂહિક પ્રયત્ન ન કરી શકીએ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીએ પ્રતિષ્ઠા વિશે વાત કરી. આપણે જાણીએ છીએ કે યુ.પી.એ. સરકારમાં લોકોએ કોલસાની ખાણો વેચી નાખી. ૪૦ વર્ષ થયા પણ યાદ ન આવ્યું કે લીઝ ઓકશન કરીએ. એક પણ લીઝ ઓકશન નથી કરી. તમે નથી કરી. આ રાજય સરકાર ઓકશન કરીને પારદર્શિતા લાવી. તમે લોકોએ કોલસાની ખાણો લોકોને આપી દીધી. આજે સી.બી.આઇ.ની ઇન્કવાયરી ચાલે છે અને સુપ્રીમ કોર્ટમાં બાબત ચાલુ છે. આ રાજય સરકારે, પરેશભાઇ (અંતરાય) સાંભળો. આ મેઝર મિનરલ કચ્છમાં લાઇમસ્ટોનનું ખાણ–ખનિજ કરી સિમેન્ટ માટે અને રોયલ્ટી પેટે એડિશનલ પ્રિમિયમ મળ્યું એ વધારે છે. અમે ધાર્યું હોત તો એ પ્રમાણે કરી શક્યા હોત. અમારી દાનત અને નીતિ સારી છે. તમારા જેવી આબરુ નથી કે અમારે ચિંતા કરવાની હોય. (અંતરાય)

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : રજી અને ૪જી કહ્યું હતું. તમે ઇન્ટરનેશનલ ઓક્શન કર્યું. (અંતરાય)

શ્રી ભગાભાઇ ધા. બારડ : મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ લીઝની અંદર પથ્થરો કાઢી લીધા પછી ચોમાસામાં પાણી ભરાય છે. એના કારણે એની અંદર ઘણી વખત પાણીમાં ડૂબી જવાથી માનવ મૃત્યુ થાય છે અને પશુઓના પણ મૃત્યુ થાય છે તો એ જવાબદારી લીઝ ધારકની છે કે સરકારની છે? એમાં શું વળતર આપવામાં આવે છે અને વળતર આપવામાં આવતું હોય તો સરકાર આપે છે કે લીઝ ધારક આપે છે?

શ્રી સૌરભ પટેલ : આ સરકારે ભલભલાને ઠેકાણે પાડી દીધા છે. અમે લોકોએ કોઇને આવા ભાગીદાર બનાવ્યા નથી કે ઘાસ ચારામાં પકડાયા હોય અને ચાર–ચાર વાર સુપ્રીમ કોર્ટે આદેશ કર્યા છે તો પણ એમની સાથે રહ્યા છે. આવા લોકો સાથે બેસી અમને સલાહ આપવા બેઠા છો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આજે છેલ્લો દિવસ છે. માનનીય પરેશભાઇ, આપ તો વિપક્ષના નેતા છો, આપે ઘડી ઘડી ઉભા ન થવાનું હોય (અંતરાય) આશાબેનને પૂછવા દો. ભગાભાઇ, (અંતરાય) આવી ગયું. પ્લીઝ, બેસી જાઓ, પાછા તમને ચેપ લાગ્યો? બેસી જાઓ.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારનું રાજ છે અને મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં એક પણ લીઝ નથી. એનો જવાબ શૂન્ય આપેલો છે. વધુમાં અમારા મહેસાણા જિલ્લામાં પુષ્પાવતિ વિસ્તારમાં ખાણ ખનિજ થતું હતું, કોતરો મોટા મોટા થતા ગયા છે. ત્યાં કોઇ પુરાણ થયું નથી કે ઝાડ વાવ્યા નથી. મામલતદાર દ્વારા (અંતરાય) પૂછવા તો દો. લાંબી લાંબી વાતો કરે છે. (અંતરાય) •(×××)

અધ્યક્ષશ્રી : આઠ જણાને પૂછવા દીધું છે.

ડો. આશા પટેલ : મારી વાત તો થવા દો.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ ફરીવાર કાઢશો નહીં.

ડો. આશા પટેલ : પૂષ્પાવતી નદીમાં આવડી મોટી કોતરો થઇ ગઇ છે. મારા આટલા વિસ્તારમાં જ્યારે આ ખાણ–ખનન થતું હતું ત્યારે મામલતદાર દ્વારા ઉનાવામાં કેસ થયો હતો અને સાધનો પકડીને અત્યારે ઉનાવા પોલીસ સ્ટેશનમાં જમા છે તો આ બાબતમાં સરકાર કડક પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મોરબી અને કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે એટલે માનનીય સભ્યશ્રીને વિનંતી કરવાની કે આ વિસ્તારનો પ્રશ્ન પૂછે અને મને બીજી નોટિસ આપે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સામ–સામે જવાબ ના આપો.

### અમદાવાદ જિલ્લામાં ગુણવતા સુધારણા હેઠળ સહાય

* ૯૨૪૭ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી **(**ઉદ્યોગ**)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ (**Micro, Small & Medium Enterprise**) એકમોને ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી**,** | (૧) ૫૧૫ એકમોની |
| (૨) કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી**,** અને | (૨) વર્ષ ૨૦૧૬– ૭૮ એકમોની<br>વર્ષ ૨૦૧૭– ૧૫૫ એકમોની |
| (૩) કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૫૧૨ એકમોને રૂ.૨**,**૮૫૧.૨૪ લાખ |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ૨૨–૨૨ વર્ષ થયા એવા તો કેવા ખાડા કરીને ગયા હતા કે અમારી ભાજપ સરકારને ૨૨ વર્ષે પણ હજી ખાડા પૂરી શકી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તા સુધારણા સહાય યોજના શું છે? તથા યોજના હેઠળ સરકાર દ્વારા કયા હેતુ માટે કેટલી મદદ કરવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નાના ઉદ્યોગો માટેની યોજના બનાવેલી છે. આજના હરિફાઇના યુગની અંદર ખૂબ અગત્યનું છે કે જ્યારે તમે મેન્યુફેકચરિંગ કરતા હોય તો તમારે ક્વોલિટી પ્રોડક્ટ બનાવવી પડે, તમે એક્ષપોર્ટ કરતા હોય તો માર્કેટિંગ હોવું જોઇએ, અગર તમારે સારી ફાયનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ હોય, રેકગ્નાઇઝ ઈન્સ્ટિટ્યૂટ હોય એ લોકો પાસે સર્ટિફિકેટ હોય અને તમે જ્યારે માલ વેચતા હોય અને તમારે ત્યાં લેવા આવે તો એને આ સર્ટિફિકેટ બતાવો તો એને એમ લાગે કે ના, ભાઇ ચોક્કસપણે આ કંપની એ રેકગ્નાઇઝ કંપની છે. એટલે નાના લોકોને મદદ કરવા માટે આપણે આ યોજના બહાર પાડી છે અને આની અંદર છે એ.એસ.આઇ., ડબલ્યુ.એચ.ઓ., જી.એમ.પી., હોલમાર્ક સર્ટિફિકેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સર્ટિફિકેટ, ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, ઇ.આર.પી. આવા જુદા જુદા સર્ટિફિકેટો અને વ્યવસ્થા માટે આપણે સહાય કરીએ છીએ. આની અંદર મુખ્ય એ છે કે ફી આપીએ છીએ પછી ઇ.આર.પી. સિસ્ટમ કરતા હોય તો એપ્રૂવ્ડ બાય ઇન્ડસ્ટ્રીઝ એનો ખર્ચ આપે છે, કોસ્ટ ઓફ ટેસ્ટિંગ ઇક્વીપમેન્ટ આપે છે, કેલીબ્રેશન ચાર્જીસ આપે છે, કન્સલ્ટન્સી ફી આપીએ છીએ. બીજું, આ ઉપરાંત છે એમાં મર્યાદા રાખીએ છીએ. એ મર્યાદાની ઇ.આર.પી. સિસ્ટમ હોય એમાં કોસ્ટ ઓફ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ ૫૦ લાખ, ૨ કરોડ આવી જુદી જુદી વ્યવસ્થાઓ ગોઠવી છે. સૌથી વધારે ૧,૦૦,૦૦૦ સુધી આપી શકીએ છીએ. ઇન્ફરમેશન ટેકનોલોજીમાં ૫,૦૦,૦૦૦ સુધી આપીએ છીએ. આઇ.એસ.ઓ. સર્ટિફિકેટમાં ૫૦,૦૦૦ આપીએ છીએ. પછી ડબલ્યુ.એચ.ઓ. અને બીજા બધા સર્ટિફિકેટમાં ૫,૦૦,૦૦૦ સુધી આપીએ છીએ. એટલે આ બધા સર્ટિફિકેટ માટે સરકારે આ પ્રમાણેની વ્યવસ્થા મદદ માટે ગોઠવી છે.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ સેઇમ પ્રશ્ન છે. પ્રશ્ન નં.૨ માં જે માહિતી આપી છે અને પ્રશ્ન નં.૪ માં જે માહિતી આપી છે એમાં માનનીય મંત્રીશ્રી મને એટલું જ સમજાવે કે આ માઇક્રો, સ્મોલ અને મિડિયમમાં લખેલું છે કે કેટલી અરજીઓ મળી? એમાં લખ્યુ છે ૩,૪૨૧ અરજીઓ મળી પ્રશ્ન નં.૨માં જ્યારે પ્રશ્ન નં.૪ માં ૫૧૫ લખ્યું છે તો બંનેમાં ડિફરન્સ આવે છે અને એને આધીન કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે? પ્રશ્ન નં.૨ માં ૧,૨૧૮ અરજીઓ રજૂ કરવામાં આવી જ્યારે પ્રશ્ન નં.૪ માં ૭૮ છે. એવી રીતે ૨૦૧૭ માં ૧,૦૮૨ અરજીઓ મંજૂર કરવામાં આવી પ્રશ્ન નં.૨ માં અને પ્રશ્ન નં.૪ માં ૧૫૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને બંનેની ફિગર સરખી છે એટલે આમાં મને મંત્રી સમજાવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરું કે ૨ નંબરનો પ્રશ્ન છે એમાં પહેલો પ્રશ્ન છે એ વ્યાજ સહાયનો છે ત્યારે આમાં પહેલો પ્રશ્ન છે એ ગુણવત્તા સુધારણાનો છે. એટલે સ્વાભાવિક છે કે વ્યાજ સહાયનો જે જવાબ છે એ ૩,૪૨૧ છે અને ગુણવત્તા સહાયનો ૫૧૫ જવાબ છે. બીજું, બીજા નંબરમાં જે ત્રીજો સવાલ પૂછ્યો છે કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય મળી? એની અંદર લખ્યું છે ૧,૬૨૮. એ જ પ્રમાણે આમાં પણ ત્રીજો નંબરમાં લખ્યું છે વ્યાજ સહાય એટલે ૧,૬૨૮. એટલે ચાર નંબરનો પ્રશ્ન છે એમાં ગુણવત્તાનું પણ પૂછ્યું છે અને વ્યાજ સહાયનું પૂછ્યું છે એટલે આંકડા જુદા છે અને આની અંદર માત્ર વ્યાજ સહાયનું પૂછ્યું છે એટલે એ પ્રમાણે છે આંકડાની અંદર કોઇ ભૂલ નથી.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બહુ કલીયર છે. હું મંત્રીશ્રીને ડિસ્ટર્બ કરવા માગતો નથી પણ પ્રશ્ન નં. ૨ માં બહુ કલીયર લખેલું છે કે તા. ૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અમદાવાદ જિલ્લામાં માઇક્રો, સ્મોલ, મિડીયમ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી આ પ્રશ્ન નં. ૨ માં લખેલું છે અને સેઇમ પ્રશ્ન નં. ૪ માં લખેલું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન વાંચી જઉં? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના. એમને સંતોષ થાય એટલા માટે કે આમાં શબ્દોમાં ફરક છે એને લીધે છે. યોજના જુદીજુદી છે વ્યાજ સહાય અને ગુણવત્તા.

શ્રી ભુપેન્દ્રભાઇ  ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ સહાય મેળવવાની પદ્ધતિ શું છે અને આ ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવાથી ઔદ્યોગિક એકમને શું લાભ થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રોસીઝર છે એની અંદર ડી.આઇ.સી. ને એ લોકોએ ફોર્મેટમાં એપ્લાય કરવું પડે અને એક વર્ષની અંદર કરવું પડે કવોલીટી સર્ટીફીકેશન મળ્યા પછી અને ઇ.આર.પી. સોલ્યુશન આવ્યા  પછી ડી.આઇ.સી. એનું ઇન્સ્પેકશન કરે છે અને ઇન્સ્પેકશનના ૧૫ દિવસની અંદર એને ઓ.કે. કરાવે છે અને સેંકશન હોય તો સેંકશન અને રીજેકશન હોય તો રીજેકશનની કામગીરી કરે અને પછી તાત્કાલીક જે પ્રમાણે વ્યવસ્થા ગોઠવાય એ પ્રમાણે એને પેમેન્ટ આપવામાં આવે છે અને જુદીજુદી  યોજનાઓ દ્વારા જુદી જુદી એમાઉન્ટનું સેંકશન એમને મળતું હોય છે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ  દ્વારા મંત્રીશ્રીને, આ ગૃહના નેતા વિજયભાઇને અને નીતિનભાઇને અભિનંદન આપીશ કે જયારથી ભા.જ.પ.ની સરકાર આવી ત્યારથી ઉદ્યોગોમાં ખૂબ મોટો વિકાસ થયો છે અને જે પ્રકારે માઇક્રો સ્મોલ ઇન્ડસ્ટ્રીઝને સહાય આપવામાં આવે છે ગુણવત્તા નિયંત્રણ માટે આઇ.ઓ.સી. ૯૦૦૧, સી.ઇ. માર્કસ આ બધા જે માર્કસ છે. મારી કંપનીમાં પણ મશીનરી સી.ઇ. માર્કસ તરીકે વેચાય છે. મારી કંપની આઇ.ઓ.સી. ૯૦૦૧ છે. આ બધા સર્ટીફીકેશનમાં જે સહાય આપો છો તો દર બે કે ત્રણ વર્ષે એમાં રીન્યુઅલ કરાવવાનું હોય છે અને એની પણ ફી ચાર્જ થતી હોય છે તો એમાં પણ બે કે ત્રણ વર્ષે ફરીથી કોમ્પેન્સેશન આપવા માગો છો કે કેમ? સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ  પટેલ : ચોકકસ, સૂચન સારું છે અને રીન્યૂઅલ ચાર્જીસના સર્ટીફીકેશન આપણે અત્યારે જોગવાઇમાં નથી પણ ચોકકસ નીતિની અંદર પણ ફેરફાર લાવી શકીએ આપણે ઓરીજીનલી જયારે ૨૦૦૯માં હતી ત્યારે એમાઉન્ટમાં મર્યાદા હતી. ૨૦૧૫માં એમાં સુધારો કર્યો હતો. એટલે આવતી વખતે પણ આ સારા સૂચનો લઇ અને વધારેમાં વધારે લાભ કેવી રીતે મળે એનું ચોકકસ ધ્યાન રાખીશું.

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી? કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પેન્ડીંગ છે? અને પેન્ડીંગ રહેવાના કારણો શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ મળી છે એમાં અમદાવાદ શહેરમાં ૪૫૬માંથી ૧૯૨ એપ્રુઅલ થઇ છે. બાવળામાં બારેબાર થઇ છે. દસક્રોઇમાં ૩૫માંથી ૧૭, ધંધુકામાં ત્રણેત્રણ થઇ છે. ધોળકામાં બધી થઇ છે ચારેચાર, સાણંદમાં ત્રણ થઇ છે, વિરમગામમાં બે થઇ છે. ૫૧૫માંથી ૨૩૩ અરજીઓ કુલ થઇ છે. પેન્ડીંગ એપ્લીકેશનો છે એ ૨૮૨ છે એના ઘણાબધા કારણો હોય છે એક તો ડોયુમેન્ટસની ઇનકમ્પ્લીટ માહિતી મોકલી હોય તો થઇ હોય, એલીજીબીલીટી ક્રાઇટ એરીયાની અંદર ફોલ ન થતા હોય, સમયમર્યાદા પૂરી થઇ ગઇ હોય, જે સર્ટીફીકેટ એજન્સી છે એ સરકારે કવોલીટી કન્ટ્રોલ ઓફ ઇન્ડીયાએ રેકગ્નાઇઝેશન ન આપ્યું હોય અને એનું સ્ટેચ્યૂટરી રીકવાયરમેન્ટ હોય તો જે ફરજીયાત છે એ ફરજીયાત રીકવાયરમેન્ટ માટે રાજય સરકાર પૈસા આપતી નથી. ઓન્લી જે વોલંટરીલી હોય એની અંદર જ પૈસા આપે છે.

### ભાવનગર અને જુનાગઢ જિલ્લામાં ચુનાના પથ્થરનું ખોદકામ

* ૧૦૩૮૦ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી **(**ખાણ-ખનિજ**)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર અને જુનાગઢ જિલ્લામાં ચુનાના પથ્થરો (લાઇમસ્ટોન) ના કેટલા જથ્થાનું છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખોદકામ થયું**,** | (૧) |

| જિલ્લો | ખોદકામ થયેલ ચુનાના પથ્થરનો જથ્થો (મે.ટનમાં) | |
|---|---|---|
| | તા.૦૧/૦૨/૨૦૧૬થી તા.૩૧/૦૧/૨૦૧૭ | તા.૦૧/૦૨/૨૦૧૭થી તા.૩૧/૦૧/૨૦૧૮ |
| ભાવનગર | ૫,૩૫૩ | ૯૫૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) લાઇમ સ્ટોન/ચુનાના પથ્થરને સિમેન્ટ બનાવવા ઉપયોગમાં લેતા એકમો દ્વારા છેલ્લા બે વર્ષમાં ઉત્પાદન સામે પ્રતિ ટન ચુનાના પથ્થરના વપરાશનું પ્રમાણ ગણી માઈનીંગ રોયલ્ટીની કેટકેટલી વસુલાત કરવામાં આવી**,** અને | (૨) લીઝ વિસ્તારમાંથી નિકાસ થતાં લાઇમ સ્ટોનના જથ્થા ઉપર રોયલ્ટી લેવામાં આવે છે. સિમેન્ટ ઉત્પાદન પર રોયલ્ટી લેવામાં આવતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સિમેન્ટ એકમો પૈકી માઈનીંગ રોયલ્ટી કે ખાણકામ સબબે કોની કોની પાસે કેટલી રકમની વસુલાત બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રવિણભાઇ ન. મુસડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગામડાંમાં જે આ લાઇમ સ્ટોનના ધંધા, ચૂનાના પથ્થર સાથે જે આ મજૂરો જોડાયેલા હોય છે વંશપરંપરાગત તો આવા લોકોને એની રોજગારી ચલાવવા માટે એમને પ્રાયોરીટીના ધોરણે, અગ્રિમતાના ધોરણે વંશ પરંપરાગત રીતે ચૂનાના પથ્થરના ધંધામાં જોડાયેલ હોય તેમને અગ્રીમતાના ધોરણે લીઝ આપવામાં આવે છે કે કેમ? અને નથી આપવામાં આવતી તો શા માટે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** સરકારી નીતિ સાફ છે. કોઇને પણ હવે માઇનોર કે મેજર લીઝ આપવાની હોય તો આપણે ઓક્શન કરીને આપીશું. ઓક્શન કરીને જે પ્રોસિઝરમાં કોઇ વ્યક્તિ આવશે એને લીઝનો લાભ મળશે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી**,** મારા જૂનાગઢમાં ખાણના ધંધાથી વધારે ખાડા પડે છે. આ ગૃહે આ બાજુ કે આ બાજુ બધાએ ખાડાની ચિંતા કરી છે. આ ખાડાના કારણે અકસ્માત થવાનો ભય રહે છે. સરકાર નવું સુધારણા બિલ લઇ આવીને આ ખાડા પુરાવીને વન્ય વૃક્ષો વાવવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : મેં આગલા સવાલમાં જવાબ આપ્યો કે માઇનિંગ પ્લાન્ટ ક્લોઝર ફરજિયાત કર્યુ છે. માઇનિંગ પ્લાન્ટ ક્લોઝરમાં બધી વિગતો મૂકેલી છે. આ વિગતોના આધાર ઉપર જ આપણે કરીશું. જે બીજો સભ્યશ્રીનું સૂચન હતું કે ડી.એમ.એફ. ફંડ દ્વારા કેવી રીતે મદદરૂપ થાય એ પણ કરીશું. સભ્યશ્રીનું ધ્યાન દોરવાનું છે કે એક ખાડો પુરવા માટે બીજો ખાડો ખોડાય નહિ. એમાં સિસ્ટેમેટીકલી રીતથી એનું પ્લાનિંગ કરવું પડે. સ્ટેપ્સ હોય તો સ્ટેપ્સ બનાવવા પડે અને સ્ટેપ્સના આધાર ઉપર ખાડા પુરવાની કામગીરી આપણે કરવી પડે અને તો જ આ બધાનો આપણને લાભ થાય.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી**,** હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે જુદા જુદા લાઇમસ્ટોન ખનીજ ઉપરની રોયલ્ટીના દરો શું છે? તથા રોયલ્ટી વસૂલ કરવાની પદ્ધતિ શું છે? બીજો પ્રશ્ન એ છે કે તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં છેલ્લાં ૨ વર્ષમાં ભાવનગર**,** જૂનાગઢ જિલ્લામાં લાઇમસ્ટોનની કેટલી લીઝોમાંથી કેટલી રોયલ્ટીની આવક થઇ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રોયલ્ટી છે એ લાઇમસ્ટોનની અંદર લો સિલિકા ગ્રેડ એટલે લેસધેન ૧.૫ સિલિકા ગ્રેડ કન્ટેન્ટ હોય તો ૯૦ રૂપિયા લેવામાં આવે છે. અને બાકીનામાં ૮૦ રૂપિયા લેવામાં આવે છે. મેજર મિનરલ્સની સંપૂર્ણપણે રોયલ્ટી છે એ કેન્દ્ર સરકાર નક્કી કરતી હોય છે. માઇનરનું છે એમાં બિલ્ડિંગ લાઇમસ્ટોન છે એની રોયલ્ટી ૫૦ રૂપિયા છે અને આની રાજ્ય સરકાર નક્કી કરતી હોય છે. સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે કુલ કેટલી લીઝો આવે છે? કેટલું પ્રોડક્શન છે અને કેટલી રોયલ્ટીની ઇન્કમ? ભાવનગર જિલ્લામાં ૨૦૧૬-૧૭ માં ૫,૩૫૩ મેટ્રિક ટન બે વર્ષમાં પ્રોડક્શન થયું. ૨૦૧૭-૧૮ માં ૯૫૩ મેટ્રિક ટનનું થયું. કુલ ૬,૩૦૬ મેટ્રિક ટનનું થયું. ૧૦ લીઝો ત્યાં છે. કુલ રોયલ્ટી ઇન્કમ બન્ને વર્ષે ભેગી કરીને ૨.૬૬ લાખની થાય છે. જૂનાગઢમાં મોટું પ્રમાણ છે. મેજર અને માઇનોર ભેગું કરીએ તો ૧૨૭ છે. પ્રોડક્શન ૨૦૧૬-૧૭ માં ૧૧,૪૬,૧૨૭ આવ્યું. અને ૨૦૧૭-૧૮ માં ૧૨,૧૨,૩૫૫ આવ્યું. કુલ ૨૩,૫૮,૪૮૨ ટનનું આવ્યું. આવક જોવા જઇએ તો બંને વર્ષની ભેગી કરીને ૧૫ કરોડ ૧૮ લાખની આવક આ બે જિલ્લાઓની અંદર થઇ છે.

અધ્યક્ષશ્રી : દેવાભાઇ માલમ. જવાબ આવી ગયો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રોયલ્ટીની વસૂલાત કરવામાં આવે છે. એ ગુજરાત જી.એમ.આર.ડી.સી. છે, એના કર્મચારીઓનું મુખ્ય કામ હોય છે એ મિનરલ ટેસ્ટિંગ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટનું કામ હોય છે. આ સોસાયટીના કર્મચારીઓને રાજ્ય સેવક ગણી અને આમની પાસે માઇન્સ સુપરવાઇઝર કે નાકા ક્લાર્ક ગણી એમની પાસે આ વસૂલાતનું કામ કરાવવામાં આવે છે, તે હકીકત સાચી છે? જો સાચી હોય તો આવા કેટલા કર્મચારીઓ આ જી.એમ.આર.ડી.સી. ના છે જેની સેવા તમે લઇ રહ્યા છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે સરકારના કર્મચારીઓ અને આ સંસ્થાના કર્મચારીઓનું કામ જુદું હોય છે. આ લોકોને વધારેમાં વધારે એક્ષ્પ્લૉરેશનની એ બધી એક્ટિવિટીમાં રાખતા હોઇએ છીએ. જયાં નાણાકીય વહીવટ હોય ત્યાં સંપૂર્ણપણે રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા જ કરવામાં આવે છે. બીજું, આસિસ્ટંટ તરીકે કોઇ જગ્યાએ લઇ જાય છે. એ કામનું ટોટલ રોયલ્ટીના વિષયમાં હોય ત્યાં આ લોકોને જવાબદારી આપવામાં આવતી નથી. મારી પાસે આજની તારીખમાં એવી કોઇ લેખિત ફરિયાદ આવી નથી કે જ્યાં અધિકારીઓને આવી કામગીરી આપેલી હોય.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ કર્મચારીઓની પાસે જ આ વસૂલાતની કામગીરી કરાવવામાં આવે છે તે હું એક ધારાસભ્ય તરીકે ગંભીરતાથી કહી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : માહિતી આપી દેજો. માનનીય પ્રદ્યુમનસિંહ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બરાબર રીતે તે લોકોને જે કામગીરી કરવાની હોય તે જ કામગીરી સોંપાય તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવીશું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, ખાણ ખનીજમાં જે ખોદાણ કરી તેના ઉપર પુરાણ કરીને જે વૃક્ષો વાવવામાં આવે છે તેમાં માણસોની તાસીર છે તેવી જ રીતે જમીનની પણ તાસીર હોય છે. જે જમીનમાં ધારો કે અમારી કચ્છની સીમ છે તેમાં પીલુ, બોરડી, ખેર, બાવળના ઝાડ વાવે છે. તે ઝાડો વાવવા જોઇએ, બીજા ઝાડો ઘણા વાવે છે પણ થતા નથી તો જે જમીનને જે ભાવે તે જ ઝાડ વાવવા જોઇએ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદ્યુમનસિંહ તમે જેટલા પ્રશ્નો પૂછો છો અને તે પ્રશ્નો જે લખો છો તે બધા કાગળ સંગ્રહી રાખજો.

### આણંદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

*** ૯૦૯૪ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા, અને | (૧) પત્રક મુજબ |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલા આરોપીઓની ધરપકડ કરી અને કેટલા આરોપીઓની ધરપકડ બાકી છે? | (૨) |

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|
| ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
| ૫૦૫ | ૩૯ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | |
| ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
| ૨૮૩ | ૬૨ |

પત્રક

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

તારાંકિત પ્રશ્નો

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકા | ખૂન | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર |
| આણંદ | ૭ | ૨૪ | ૭ | ૪૬ | ૬ |
| ઉમરેઠ | ૦ | ૬ | ૧ | ૯ | ૧ |
| પેટલાદ | ૪ | ૭ | ૧ | ૧૧ | ૨ |
| બોરસદ | ૨ | ૩ | ૫ | ૧૯ | ૨ |
| આંકલાવ | ૩ | ૩ | ૧ | ૧૧ | ૧ |
| ખંભાત | ૧ | ૧ | ૬ | ૧૨ | ૨ |
| સોજીત્રા | ૨ | ૦ | ૨ | ૮ | ૦ |
| તારાપુર | ૦ | ૪ | ૨ | ૧ | ૦ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | | | | | |
| તાલુકા | ખૂન | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર |
| આણંદ | ૧૧ | ૧૧ | ૫ | ૪૮ | ૯ |
| ઉમરેઠ | ૨ | ૧ | ૨ | ૧૩ | ૨ |
| પેટલાદ | ૧ | ૦ | ૦ | ૧૩ | ૫ |
| બોરસદ | ૨ | ૩ | ૩ | ૧૪ | ૬ |
| આંકલાવ | ૦ | ૧ | ૦ | ૧૦ | ૪ |
| ખંભાત | ૧ | ૨ | ૧ | ૭ | ૨ |
| સોજીત્રા | ૧ | ૦ | ૦ | ૯ | ૦ |
| તારાપુર | ૧ | ૧ | ૦ | ૫ | ૦ |

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના છેલ્લા દિવસે છેલ્લો પ્રશ્ન મારો આવ્યો છે. અત્યાર સુધી આવતો ન હતો, પણ મુખ્ય પ્રશ્ન હતો તે માર્યો ગયો છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આણંદ જિલ્લાની અંદર છેલ્લા બે વર્ષમાં ૧૦૧ ગુનેગારો પકડાયા નથી. તો ગુનેગારો ન પકડાવાના કારણો શું છે? બીજું કે જગ્યાઓ ખાલી હોવાથી આ ગુનેગારો પકડવામાં વિભાગને તકલીફ પડે છે અને ત્રીજું કે આણંદ તાલુકાની અંદર એટલા બધા ગુના બન્યા છે તો તેના માટે કોઇ અલાયદી વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નિરંજનભાઇની ઇચ્છા આજે એક બિલ લાવવાની હતી. બધાની ઇચ્છા હતી. આણંદની અંદર ૨૦૧૬ અને ૨૦૧૭ના કુલ ૪૧૯ ગુનામાં ૭૮૮ આરોપીઓ પકડાયા છે. તે પૈકીના ૨૦૧૬માં ૩૯ અને ૨૦૧૭માં ૬૨ જેટલા આરોપીઓ પકડવાના બાકી છે. આના માટે આણંદની અંદર પોલીસના મહેકમની કોઇ સમસ્યા નથી. તેના માટે પોલીસે વિશિષ્ટ પ્રયાસો કરીને નાઇટ રાઉન્ડ ડ્રાઇવ રાખે છે. ઉપરી અધિકારીઓ દ્વારા તેનું સતત નિયમન કરવામાં આવે છે. ખાનગી બાતમીદારો દ્વારા સંપર્ક કેળવવામાં આવે છે. જિલ્લા પોલીસ, એલ.સી.બી, પેરોલ, ફર્લો આ ઉપરાંત જેલ મુલાકાતો દરમ્યાન જે ધ્યાનમાં આવે છે તેનું નિયમન કરવામાં આવે છે. તેમણે એવું કહ્યું કે આણંદની અંદર ગુનાના પ્રમાણમાં વધારો ઘટાડો શું થયો? તો આણંદની અંદર ૨૦૧૬ અને ૨૦૧૭માં જોઇએ તો આણંદની અંદર ૨૦૧૬ કરતાં ૨૦૧૭માં ખૂનમાં કોઇ વધારો થયો નથી. લૂંટની અંદર ૨૦૧૬ કરતાં ૨૦૧૭માં ૬૦ ટકાનો ઘટાડો થયો છે. ધાડની અંદર ૨૦૧૬ કરતાં ૨૦૧૭માં ૧૪ ટકાનો ઘટાડો થયો છે. અપહરણની સંખ્યા ૧૧૬ હતી તે ૧૧૯ થઇ છે. આમ આણંદની અંદર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિમાં કોઇ સમસ્યા રહી નથી. આખા દેશની અંદર ગુજરાત એક એવું રાજય છે કે, દેશના કુલ ૩૫ રાજયોમાં ગુજરાતનો ખૂનની અંદર પાછળના ક્રમેથી ૨૭મો ક્રમ છે. ખૂનની કોશિશમાં ૨૯ મો ક્રમ છે. બળાત્કારમાં આખા દેશમાં ગુજરાતનો ૩૦ મો ક્રમ છે. અપહરણની અંદર ૨૩મો ક્રમ છે. આમ ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યૂરોના આંકડા પ્રમાણે માનનીય નિરંજનભાઇ સારા પ્રકારની છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી

અધ્યક્ષશ્રી : માનનીય યોગેશભાઇ કાલે વોક આઉટ કરેલો, એવું કંઇ થયેલું? નથી થયો ને?

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના જી. આણંદ જિલ્લામાં ૨૦૧૬ અને ૨૦૧૭માં

અધ્યક્ષશ્રી : ના, એટલે સમાચાર ખોટા છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ૨૦૧૬ અને ૨૦૧૭માં લૂંટ અને ધાડના ૧૦૩ બનાવો બન્યા છે. આ ગુનાઓમાં જિલ્લા બહારના કેટલા ગુનેગારો ઉપર કેસ નોંધાયા છે. લૂંટ અને ધાડની ઝપાઝપીમાં કેટલા લોકો જખ્મી થયા છે અથવા મૃત્યુ પામ્યા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુનેગારનું રાજયના કે રાજય બહારના એવું કોઇ સ્પેસિફિક વર્ગીકરણ કરતા નથી. ગુનેગાર એ માત્ર ગુનેગાર હોય છે એમાં જિલ્લા, જ્ઞાતિ કે પ્રદેશના આધાર ઉપર એનું કોઇ વર્ગીકરણ હોતું નથી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, બે વર્ષમાં ૬૭ લૂંટના ગુનાઓ આણંદમાં બન્યા એમાં મારે એટલું જ કહેવું છે કે, લોકો વચ્ચે સામાન્ય ઝગડા થતા હોય અને મારા મારી થતી હોય ત્યારે પોલીસ તંત્ર ખિસ્સામાંથી પૈસા કાઢી લીધા, દોરો તોડી લીધો એવી કલમો લગાડીને જે ગુનાઓ દાખલ કરે છે એના માટે સરકાર કડક કામ કરી અને આવા ખોટા ગુનાઓ દાખલ ન થાય એના માટે કાંઇ કરવા માગે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જયારે કોઇ પણ ફરિયાદી ફરિયાદ આપવા આવે અને ફરિયાદી પોતાની ફરિયાદનો હાર્દ કહેતો હોય એ અમારા આઇ.ઓ. દ્વારા એનો ફરિયાદમાં સમાવેશ કરવામાં આવે છે પરંતુ એ ફરિયાદ સાચી છે કે ખોટી છે એ આગળ અમારા ઇન્વેસ્ટીગેશન ઓફીસર તપાસ કરીને એની યોગ્યતાના આધાર ઉપર જો આવશ્યકતા ન લાગે તો એ ફરિયાદના એટલા પાર્ટને ડીલીટ પણ કરી દેતા હોય છે. એટલે કદાચ ફરિયાદીએ આવી બાબત લખાવી હોય પણ તપાસ કરતી વખતે એ બાબતમાં એની ચોક્કસ ચિંતા કરવામાં આવે છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં આણંદ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના ૪૧૯ ગુનામાં જે કુલ ૭૮૮ આરોપીઓ પકડાયા છે તે પૈકી કયા કેસના કેટલા આરોપીઓ પકડવાના બાકી છે? આરોપીઓ પકડવા માટે લીધેલા પગલાંની વિગતો માનનીય મંત્રીશ્રી આપે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેશભાઇએ જે વિગતો માગી છે એ પ્રમાણે ૨૦૧૬માં મારી પાસે જે વિગત છે એ પ્રમાણે ખૂનના કુલ ૩૫ આરોપીઓની ધરપકડ કરી છે ૪ની બાકી છે, લૂંટમાં ૯૨ આરોપીઓની ધરપકડ કરી છે ૯ની બાકી છે, ધાડમાં ૨૩૮ આરોપીઓની ધરપકડ કરી છે ૨ની બાકી છે, અપહરણમાં ૧૧૩ આરોપીઓની ધરપકડ કરી છે ૨૪ની બાકી છે. આમ બળાત્કારમાં જેટલા હતા એ તમામની ધરપકડ કરી છે. એજ પ્રમાણે ૨૦૧૭ની અંદર ખૂનમાં તમામ આરોપીઓની ધરપકડ કરી છે, લૂંટમાં તમામ આરોપીઓની ધરપકડ કરી છે, ધાડમાં ૪૫ પૈકીના ૨૦ની બાકી છે, અપહરણમાં ૧૦૨માં ૩૪ આરોપીની ધરપકડ બાકી છે. આમ જે કુલ ગુનાઓમાં ધરપકડમાં બાકી રહેલા આરોપીઓમાં આ જે અપહરણના કિસ્સાઓમાં ૧૪ થી ૧૮ વર્ષની અંદરના યુવક-યુવતીઓ છે કે જે લગ્ન કરવાના ઇરાદે ઘરેથી નીકળી ગયા હોય છે અને જયારે એની ફરિયાદ તેઓના પરિવાર તરફથી લખાવવામાં આવે છે ત્યારે એની અંદર અપહરણની ફરિયાદ પણ લખાવે છે અને પછી એ લોકો લગ્ન કરી લેતા હોય છે એટલે મને લાગે છે કે, આરોપીઓને પકડવાની સ્થિતિ છે એ આણંદમાં સંતોષકારક છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પેટા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, ખૂનમાં બરાબર છે, લૂંટના કોઇ ગુના વધ્યા નથી, ધાડમાં સપ્રમાણ છે, અપહરણમાં પણ બરાબર છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સલામતીની વાત કરી છે એનો જવાબ આપે આપ્યો નહીં. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬માં બળાત્કારના ૧૪ કિસ્સાઓ બન્યા અને ૨૦૧૭માં એ વધીને ૨૮ થઇ ગયા એટલે ડબલ ગુનાઓ બળાત્કારના બન્યા છે એટલે મહિલાઓને સલામતી આપવામાં આ સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઇ છે આ બાબત રેકર્ડ ઉપર છે. બળાત્કારના કિસ્સાઓ ૨૦૧૬માં ૧૪ બન્યા છે અને ૨૦૧૭માં ૨૮ બન્યા છે તો એ વખતે શું આપનો ગૃહ વિભાગ કાયદોને વ્યવસ્થાની અસરકારક જાળવણી કરે છે કે આણંદ જિલ્લામાં ડબલ બળાત્કારના કેસો નોંધાયા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬ની અંદર ૨૭ જે ગુના હતા એ ૨૭માંથી તમામ આરોપીઓની ધરપકડ કરી છે અને જે ૨૦૧૭ની અંદર ૫૫ હતા એ પૈકીના ૮ની ધરપકડ કરી છે. ડબલ ગુના બનવા પાછળનું કારણ મેં કહ્યું એ કે ૧૪ થી ૧૮ વર્ષની ઉમર દરમ્યાન યુવક અને યુવતીઓ એમાં ખાસ કરીને યુવતીઓના પ્રેમ પ્રકરણના પ્રસંગ હોય છે અને પ્રેમ પ્રકરણના કારણે જયારે કોઇ યુવતી પોતાનું ઘર છોડીને અન્ય યુવક સાથે ચાલી જાય છે ત્યારે એ યુવતીના પરિવાર દ્વારા જે ફરિયાદ લખાવવામાં આવે છે એ ફરિયાદની અંદર આ પ્રમાણેનો ઉલ્લેખ કરવામાં આવતો હોવાના કારણે આ બનાવો વધારે બન્યા છે એવું દેખાય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નોત્તરી**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

દેવગઢ બારીયામાં ભૂગર્ભ ગટર યોજના

* ૯૨૬૭ શ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવગઢ | (૧) રૂ. ૧૬.૮૩ કરોડ |

બારીયા શહેરની ભુગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજુરી આપવામાં આવેલ છે,

(૨) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ યોજનાના બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) રૂ. ૨૧.૦૫ કરોડ

(૩) ઉક્ત યોજનાના **STP** સિવાયના કામો મે-૨૦૧૭માં પૂર્ણ થયેલ છે.

---------

વિકાસલક્ષી અને યોજનાકિય પ્રકાશનો

* ૧૦૪૦૨ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૭માં વિકાસલક્ષી અને યોજનાકીય બાબતોના માહિતી ખાતા દ્વારા ૧૬ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા વિકાસલક્ષી અને કેટલા યોજનાકીય પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવેલ, અને

(૩) તેની પાછળ તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ પ્રકાશનવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૬ વિકાસલક્ષી અને ૧૦ યોજનાકીય પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(૩)

| વિકાસલક્ષી પ્રકાશનો | | |
|---|---|---|
| ક્રમ | પ્રકાશનનું નામ | ખર્ચ |
| ૧ | સંવેદનશીલ સરકારના નિર્ણાયક પગલાં પુસ્તિકા | ૫,૩૫,૭૫૮/- |
| વિકાસલક્ષી પ્રકાશનો | | |
| ક્રમ | પ્રકાશનનું નામ | ખર્ચ |
| ૨ | સંકલ્પથી સિધ્ધિ- સમૃધ્ધિનો સાક્ષાત્કાર જનજનનો વિશ્વાસ ફોલ્ડર | ૮,૬૩,૨૦૯/- |
| ૩ | પરિણામલક્ષી નિર્ણયો- ફાસ્ટટ્રેક નિર્ણયો પુસ્તિકા | ૨૮,૬૯,૪૨૭/- |
| ૪ | નિર્ણાયક સરકારના જનહિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણયો પુસ્તક | ૩,૩૯,૪૭૫/- |
| ૫ | ગરીબ કલ્યાણમેળા મુખ્યમંત્રીશ્રીનો સંદેશો પેમ્ફલેટ | ૧,૫૦,૬૬૩/- |
| ૬ | ૧૦૦ દિનમે લીયે ૧૨૫ મહત્વપૂર્ણ નિર્ણયો | ૧,૮૩,૧૯૩/- |
| યોજનાકીય પ્રકાશનો | | |
| ક્રમ | પ્રકાશનનું નામ | ખર્ચ |
| ૧ | વનબંધુના મુખ પર રેલાયુ વિકાસનું સ્મિત પુસ્તક | ૨૨,૧૨,૧૭૨/- |
| ૨ | અનુસુચિત જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ પુસ્તક | ૧૬,૨૪,૯૩૭/- |
| ૩ | ગુજરાતના વનબંધુઓની સફળ વાર્તા પુસ્તક | ૨૦,૨૬,૯૮૦/- |
| ૪ | દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ | ૧૧,૮૧,૫૫૭/- |
| ૫ | અનુસુચિત જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ પોકેટબુક | ૧૦,૬૮,૯૪૪/- |

| | | |
|---|---|---|
| ૬ | વિકાસનો ઉજાસ વિકસતી જાતિ કલ્યાણ વિવિધ યોજનાઓ પુસ્તિકા | ૧૪,૧૪,૦૦૫/- |
| ૭ | વિકાસ ગુંજન પુસ્તિકા | ૩૬,૨૫,૯૨૫/- |
| ૮ | વનબંધુ કલ્યાણ યોજનાઓ પુસ્તક | ૧૪,૧૨,૧૧૩/- |
| ૯ | સોલાર પાવર રૂફટોપ યોજના ફોલ્ડર | ૧,૫૬,૮૦૦/- |
| ૧૦ | અનુસુચિત જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ ફોલ્ડર | ૧૦,૯૫,૯૦૫/- |

---------

ભરૂચ જિલ્લામાં ગુણવત્તા સહાય હેઠળ અરજી

* ૯૨૯૪ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી **(**ઉદ્યોગ**)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુણવત્તા સહાય હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૫ એકમોની |
| (૨) આ એકમો થકી કેટલું મુડી રોકાણ ઉભુ થયું ? | (૨) આ એક ગુણવત્તા પ્રમાણપત્ર યોજના છે, આ યોજના હેઠળ કોઈ નવું મુડી રોકાણ થતું નથી, પરંતુ એકમની ઉત્પાદીત આઈટમની ગુણવત્તામાં સુધારો થાય છે. |

---------

સદરપુર ખાતે ઘન કચરાના નિકાલ / વ્યવસ્થાપનની કામગીરી

* ૧૦૦૪૭ શ્રી કાંતીભાઈ ખરાડી (દાંતા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેરના ઘનકચરા નિકાલ તથા વ્યવસ્થાપન માટેનાં મોજે સદરપુરના સર્વે નં. ૮૫માં સ્થપાયેલ પ્લાન્ટમાં ઘન કચરાનો નિકાલ તથા વ્યવસ્થાપન થતું નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. સર્વે નં. ૮૫ સેનેટરી લેન્ડ ફીલ સાઈટ છે. સેનેટરી લેન્ડ ફીલ સાઈટમાં ઘન કચરાનું પ્રોસેસીંગ થયા બાદનો વધેલો કચરો જે ફરીથી રીસાઈકલ કે પ્રોસેસ કરવા માટે યોગ્ય ન હોય તેવો કચરો નાંખવાનો રહે છે પરંતુ પાલનપુર નગરપાલિકા પાસે પ્રોસેસીંગ પ્લાન્ટ ન હોઈ ઘનકચરાનો નિકાલ અને વ્યવસ્થાપન થતું નથી. |
| (૨) ઉક્ત પ્લાન્ટમાં ઘનકચરા નિકાલ અને વ્યવસ્થાપન કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ? | (૨) નગરપાલિકાની ઘન કચરા પ્રોસેસિંગ પ્લાન્ટ માટેની નાણાંકિય જરૂરીયાતોનો અભ્યાસ કર્યા બાદ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવી ઘનકચરા પ્રોસેસીંગ પ્લાન્ટ સ્થાપવા બાબતે વિચારણા કરવામાં આવશે. |

---------

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે આણંદ અને નવસારી જિલ્લામાં એમ.ઓ.યુ.

* ૧૦૪૧૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે તા. ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ આણંદ અને નવસારી જિલ્લામાં કેટલા રોકાણકારોએ કયા કયા પ્રોજેક્ટમાં કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ, | (૧)<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫માં આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૯ સેક્ટરમાં ૨૦૧૧૫.૧ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૪૪૧ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ- |

૨૦૧૫માં નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૬ સેક્ટરમાં ૨૮૯૮.૧૩ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૨૬૩ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૯ સેક્ટરમાં કુલ ૫૩૧ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૩ સેક્ટરમાં કુલ ૨૩૪ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણમાં ગયા, અને

(૨)

- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫માં આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૨૨૫ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં
  રૂ. ૩૮૭.૬૬ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૧૫૦ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૬.૩૯ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫માં નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૯૫ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૩૨૫.૬૧ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૪૭ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૨૮.૫૧ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૫૬ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૧૭૦.૫૨ કરોડના મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૬૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૨.૮૨ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૧ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૦.૬૪ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૮૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૦.૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

(૩) કેટલા રોકાણકારો પ્રોજેક્ટમાંથી ખસી ગયા ?

(૩)

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં આણંદ જિલ્લામાં ૫૭ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં નવસારી જિલ્લામાં ૧૦૧ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં આણંદ જિલ્લામાં ૧૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં નવસારી જિલ્લામાં ૦ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

---------

અમદાવાદ શહેરમાં સ્માર્ટસીટી યોજના

* ૯૨૫૪ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડીયા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં સ્માર્ટસીટી યોજના હેઠળ કુલ કેટલી રકમના કામો મંજુર કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં સ્માર્ટસીટી યોજના હેઠળ રૂ. ૧૨૨૮ કરોડના ૮ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલા છે. |
| (૨) આ પૈકી કેટલી રકમના કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) ઉપરોક્ત પૈકી રૂ. ૨૩.૦૦ કરોડનો એક પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલી રકમના કામો પ્રગતિ હેઠળ છે ? | (૩) રૂ. ૧૨૦૫ કરોડના ૦૭ કામો પ્રગતિ હેઠળ છે. |

---------

ધરમપુર નગરપાલિકાને સફાઇ માટે સહાય

* ૯૨૫૯ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા.૨૫/૦૨/૨૦૧૪ ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લાની ધરમપુર નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલા રૂપિયા સહાય આપવામાં આવેલ છે ? | (૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે વલસાડ જિલ્લાની ધરમપુર નગરપાલિકાને વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ. ૧૫,૫૦,૩૨૬/– સહાય આપવામાં આવેલ છે. |

---------

બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા

* ૯૨૨૦ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કોઇ પગલા લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે શું પગલા લેવામાં આવ્યા? | (૨)<br>• રાજ્યમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના બાયોટેકનોલોજી મિશન દ્વારા છેલ્લા ૨ (બે) વર્ષોમાં, કુલ રૂા.૧૧૮ લાખના ખર્ચે રાજ્યની ૧૨ |

(બાર) શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને બાયોઇન્ફોર્મેટીક્સ લેબની રચના માટે સહાય આપવામાં આવેલ છે.

- જીવવિજ્ઞાનના બાયોઇન્ફોરર્મેટીક્સ ક્ષેત્રે સુપર કોમ્પ્યુટીંગ ફેસેલીટી રાજ્યની ૩ (ત્રણ) જુદી–જુદી સંસ્થાઓમાં સ્થાપવામાં આવી છે.
- બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે રાજ્ય સરકારે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની રચના કરી છે. જેમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે સંશોધન માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરનો શેર્ડ ફેસેલીટી તરીકે વિકાસ કરવામાં આવી રહેલ છે.

---------

જામનગર જિલ્લામાં મંજુર સ્પિનીંગ એકમ

* ૯૨૯૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી–૨૦૧૨ અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્પિનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૬ (છ) |
| (૨) આ સ્પિનીંગ એકમોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે, અને | (૨) ૬૬,૭૪૫.૭૦ લાખ |
| (૩) આ સ્પિનીંગ એકમોમાં કેટલી સ્પીન્ડલ્સ સ્થાપિત થયેલ છે ? | (૩) ૧,૯૧,૯૫૨ |

---------

જુનાગઢ જિલ્લાના શહેરી વિસ્તારમાં સફાઈ કામદારના મૃત્યુ સામે વળતર

* ૪૩૧૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર સુપ્રીમ કોર્ટે સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, રીટ પીટીશન (સીવીલ) નં. ૫૮૩/૨૦૦૩ ના કેસમાં ગટર સફાઈ માટે ઉતારવામાં આવતા સફાઈ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ. ૧૦,૦૦,૦૦૦/–નું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો જુનાગઢ જિલ્લાના શહેરી વિસ્તારમાં ૩૧મી ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ મૃત્યુ પામેલ કેટલા સફાઈ કર્મચારીઓના કિસ્સામાં રૂ. ૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે, | (૨) કોઈ નહી. |
| (૩) આ વળતર બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી રહેલ તમામ વળતર ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લા નગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ

* ૧૦૦૫૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં આવેલ નગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | (૧)<br>(રૂ઼ા. લાખમાં) |

ચુકવવામાં આવેલ છે,

| | જુનાગઢ જિલ્લો | ગીરસોમનાથ જિલ્લો |
|---|---|---|
| ૦૧-૦૧-૨૦૧૬થી ૩૧-૧૨-૨૦૧૬ | રૂા. ૧૩૬૮.૪૬ | રૂા. ૧૭૭૭.૪૦ |
| ૦૧-૦૧-૨૦૧૭થી ૩૧-૧૨-૨૦૧૭ | રૂા. ૧૨૫૯.૪૧ | રૂા. ૧૭૩૯.૨૭ |

(૨) આ નગરપાલિકાઓને દર મહિને ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટનો હપ્તો ચુકવવામાં આવે છે કે કેમ,

(૨) હા, જી.

(૩) જો ના, તો આવી નગરપાલિકાઓને દર માસે ઓક્ટ્રોય ગ્રાન્ટનો હપ્તો ન મળવાના કારણો શું છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) દર મહિને નિયમિત હપ્તો મળે તે માટે સરકારે શું કાર્યવાહી કરી ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કેશોદ નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૯૨૬૩ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને

(૨) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ જુનાગઢ જિલ્લાની કેશોદ નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવેલ છે?

જવાબ

(૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા. ૨૫-૦૨-૨૦૧૪ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે.

(૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે જુનાગઢ જિલ્લાની કેશોદ નગરપાલિકાને વર્ષ-૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ. ૧૧,૬૫,૨૭૮/- સહાય આપવામાં આવેલ છે.

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં ભાગેડુ વ્યક્તિઓ

* ૧૦૪૨૨ શ્રી કાંતિભાઈ સોઢા પરમાર (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા કેટલી વ્યક્તિઓને ભાગેડુ જાહેર કરવામાં આવેલ છે,

જવાબ

(૧)

| જિલ્લા | વ્યક્તિઓ |
|---|---|
| આણંદ | ૦ |
| વડોદરા | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ભાગેડુ જાહેર કરેલ વ્યક્તિઓને પકડવા શું પ્રયાસો કરવામાં આવેલ છે, અને

(૨) સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ કાર્યવાહી કરી સંબંધિત કોર્ટમાંથી વોરંટ મેળવી ભાગેડુ આરોપીને પકડવા માટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં મોકલી આપવામાં આવેલ છે. સી.આર.પી.સી. કલમ-૮૨ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. અવાર-નવાર કોમ્બીંગ નાઈટનું આયોજન કરવામાં આવેલ છે. આરોપીઓ ગુન્હો કર્યા બાદ નાસતા ફરતા હોય અને આરોપીના રહેણાંક સરનામે, મિત્ર વર્તુળ, સગા સબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરવામાં આવેલ છે. તેમજ જે આરોપીઓના મોબાઈલ નંબર મળે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરવામાં આવેલ છે અને ભાગેડુ રહેલ બાકી આરોપીઓને ત્વરીત પકડી પાડવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલા ભાગેડુ વ્યક્તિઓને વર્ષવાર પકડવામાં આવેલ છે ?

(૩) એક પણ નહીં.

---------

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નોત્તરી

## અમરેલી જિલ્લામાં ચુનાના પથ્થરનું ખોદકામ

* ૧૦૩૮૫ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામ જોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ચુનાના પથ્થરો (લાઈમસ્ટોન)ના કેટલા જથ્થાનું છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખોદકામ થયું,

(૨) લાઈમસ્ટોન/ચુનાના પથ્થરને સિમેન્ટ બનાવવા ઉપયોગમાં લેતા એકમો દ્વારા છેલ્લા બે વર્ષમાં ઉત્પાદન સામે પ્રતિ ટન ચુનાના પથ્થરના વપરાશનું પ્રમાણ ગણી માઈનીંગ રોયલ્ટીની કેટકેટલી વસુલાત કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સિમેન્ટ એકમો પૈકી માઈનીંગ રોયલ્ટી કે ખાણકામ સબબે કોની કોની પાસે કેટલી રકમની વસુલાત બાકી છે?

**જવાબ**

(૧)

| સમયગાળો | ખોદકામ કરેલ લાઈમસ્ટોનનો જથ્થો (લાખ મે. ટન) |
|---|---|
| તા.૦૧–૦૨–૨૦૧૬ થી તા.૩૧–૦૧–૨૦૧૭ | ૫૨.૦૬ |
| તા.૦૧–૦૨–૨૦૧૭ થી તા.૩૧–૦૧–૨૦૧૮ | ૪૬.૫૨ |

(૨) લીઝ વિસ્તારમાંથી નિકાસ થતાં લાઈમ સ્ટોનના જથ્થા ઉપર રોયલ્ટી લેવામાં આવે છે. સિમેન્ટ ઉત્પાદન પર રોયલ્ટી લેવામાં આવતી નથી.

(૩) કોઈ રકમ વસુલવાની બાકી નથી.

---------

## અમદાવાદ શહેરનું કર્ણાવતી નામ કરવા રજૂઆત

* ૧૦૩૪૦ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી શું પ્રતિભાવ મળ્યા?

**જવાબ**

(૧) કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જામનગર અને પોરબંદર જિલ્લામાં ચુનાના પથ્થરનું ખોદકામ

* ૧૦૩૭૦ શ્રી પરસોત્તમભાઈ સાબરીયા (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં ચુનાના પથ્થરો (લાઈમસ્ટોન)ના કેટલા જથ્થાનું છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખોદકામ થયું,

**જવાબ**

(૧)

| જિલ્લો | સમયગાળો | જથ્થો મે. ટન |
|---|---|---|
| જામનગર | તા.૧–૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | ૬,૪૩,૬૧૩ |
| | તા.૧–૨–૧૭ થી તા.૩૧–૦૧–૧૮ | ૯,૬૯,૭૯૦ |
| પોરબંદર | તા.૧–૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | ૩૧,૪૫,૦૯૮ |
| | તા.૧–૨–૧૭ થી | ૪૦,૮૦,૫૯૧ |

**પ્રશ્ન**

(૨) લાઈમસ્ટોન/ચુનાના પથ્થરને સિમેન્ટ બનાવવા ઉપયોગમાં લેતા એકમો દ્વારા છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૨) લીઝ વિસ્તારમાંથી નિકાસ થતાં લાઈમ સ્ટોનના જથ્થા ઉપર રોયલ્ટી લેવામાં આવે છે. સિમેન્ટ ઉત્પાદન પર

| | |
|---|---|
| ઉત્પાદન સામે પ્રતિ ટન ચુનાના પથ્થરના વપરાશનું પ્રમાણ ગણી માઈનીંગ રોયલ્ટીની કેટકેટલી વસુલાત કરવામાં આવી, અને | રોયલ્ટી લેવામાં આવતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સિમેન્ટ એકમો પૈકી માઈનીંગ રોયલ્ટી કે ખાણકામ સબબે કોની કોની પાસે કેટલી રકમની વસુલાત બાકી છે? | (૩) કોઈ રકમ વસુલવાની બાકી નથી. |

---------

વાલીયા તાલુકામાં માઈનીંગ લીઝ માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત

* ૧૦૩૫૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સમક્ષ ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના ગામોના કુલ ૧૨૫૧ હેક્ટર વિસ્તારમાં મે. ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિ. ની લિગ્નાઈટ અને લાઈમસ્ટોન માઈનીંગ લીઝ અરજીને કેન્દ્ર સરકારના કોલ મંત્રાલયની પૂર્વ મંજૂરી બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો કરવામાં આવી, અને | (૧) શૂન્ય |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રતિભાવ મળ્યા? | (૨) કેન્દ્ર સરકારના કોલ મંત્રાલય દ્વારા તેઓના તા.૧૭/૦૨/૨૦૧૬ના પત્રથી વાલીયા લિગ્નાઈટ બ્લોક એમએમડીઆરની કલમ ૧૭(એ)(૨) મુજબ જીએમડીસી માટે અનામત રાખવામાં આવેલ છે. |

---------

બાયોઈન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા

* ૯૨૨૧ શ્રી કરસનભાઈ સોલંકી (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાયોઈન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કોઈ પગલા લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે શું પગલા લેવામાં આવ્યા? | (૨)<br>• રાજ્યમાં બાયોઈન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના બાયોટેકનોલોજી મિશન દ્વારા છેલ્લા ૨ (બે) વર્ષોમાં, કુલ રૂા.૧૧૮ લાખના ખર્ચે રાજ્યની ૧૨ (બાર) શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને બાયોઈન્ફોર્મેટીક્સ લેબની રચના માટે સહાય આપવામાં આવેલ છે.<br>• જીવવિજ્ઞાનના બાયોઈન્ફોર્મેટીક્સ ક્ષેત્રે સુપર કોમ્પ્યુટીંગ ફેસેલીટી રાજ્યની ૩ (ત્રણ) જુદી–જુદી સંસ્થાઓમાં સ્થાપવામાં આવી છે.<br>• બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે રાજ્ય સરકારે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની રચના કરી છે. જેમાં બાયોઈન્ફોર્મેટીક્સ ક્ષેત્રે સંશોધન માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરનો શેર્ડ ફેસેલીટી તરીકે વિકાસ કરવામાં આવી રહેલ છે. |

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---

### અમરેલી જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

*** ૧૦૨૬૦ શ્રી કાંતિભાઇ બલર (સુરત–ઉત્તર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ'ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવી? | (૨) ૩૪૮૩ |

---

### આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યક્રમ

*** ૧૦૪૨૫ શ્રી પુનમભાઇ પરમાર (સોજીત્રા) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ક્લાઇમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ દ્વારા શા કાર્યક્રમો હાથ ધરાયા, અને

જવાબ

(૧) આણંદ અને વડોદરા જિલ્લામાં ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા.

સન ૨૦૧૬ નાં કાર્યક્રમોઃ–

- આણંદ જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાનભઠ્ઠી, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રુફટોપ સિસ્ટમ, પ્રચાર અને પ્રસાર માટે હોર્ડીંગ્સ અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.
- વડોદરા જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાનભઠ્ઠી, સોલાર વોટર હીટીંગ સિસ્ટમ, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રુફટોપ સિસ્ટમ, લોકજાગૃતી માટે પ્રદર્શન, ઉર્જા વાન દ્વારા નિદર્શન, પ્રચાર અને પ્રસાર માટે હોર્ડીંગ્સ અને વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

સન ૨૦૧૭ નાં કાર્યક્રમોઃ–

- આણંદ જિલ્લામાં સુધારેલ સ્મશાનભઠ્ઠી, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રુફટોપ સિસ્ટમ અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું તેમજ ક્લાઇમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઉર્જા અંગેનું ત્રિદિવસીય પ્રદર્શન લોકજાગૃતી માટે યોજવામાં આવેલ.
- વડોદરા જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાનભઠ્ઠી, બેટરી સંચાલિત દ્વીચક્રીય વાહન, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રુફટોપ સિસ્ટમ, પ્રચાર અને પ્રસાર માટે હોર્ડીંગ્સ અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું તેમજ ક્લાઇમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઉર્જા અંગેનું ત્રિદિવસીય પ્રદર્શન લોકજાગૃતી માટે યોજવામાં આવેલ.

પ્રશ્ન

(૨) આ કાર્યક્રમો પાછળ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૨) આ કાર્યક્રમો પાછળ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | વર્ષ | જિલ્લો | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | આણંદ | ૬૬.૫૯ |
| | | વડોદરા | ૨૩૪.૩૮ |
| ૨ | ૨૦૧૭ | આણંદ | ૭૫૩.૦૫ |

| | | | |
|---|---|---|---|
| | | વડોદરા | ૨૫૦૦.૭૨ |

---------

બનાસકાંઠા જિલ્લામાં યુવતીઓને ભગાડી જવાના કિસ્સા

* ૧૦૨૯૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૬ અને ૨૦૧૭ના વર્ષમાં પુખ્ત વયની કન્યાઓ/યુવતીઓને ઇરાદાપૂર્વક ભગાડી જવાની કેટલી ગુનાહિત ઘટનાઓ બનવા પામી, | (૧) ૭૯ |
| (૨) ઉક્ત ઘટનાઓ પૈકી કેટલી ઘટનાઓમાં પોલીસે એફ.આઇ.આર લેવાનો ઇન્કાર કર્યો અને ફક્ત જાણવા જોગ ફરિયાદો સ્વીકારી, અને | (૨) એફ.આઇ.આર લેવાનો કોઇ ઘટનામાં ઇન્કાર થયેલ નથી પરંતુ કુલ ૭૯ પૈકી ૨૩ ઘટનામાં જાણવા જોગ નોંધેલ જેમાં તપાસમાં ગુનાહીત હકીકત જણાતા ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાબતે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગો માટે ગ્રાન્ટ

* ૯૨૨૮ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી કરવા સરકારે કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે? | (૨) |

| અનુ | તાલુકો | ફાળવેલ રકમ (કરોડમાં) |
|---|---|---|
| ૧ | માંડવી | ૩.૩૬ |
| ૨ | માંગરોળ | ૦.૨૬ |

અન્ય તાલુકામાં કોઇ રકમની ફાળવણી કરેલ નથી.

---------

સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગો માટે ગ્રાન્ટ

* ૯૨૩૦ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી કરવા સરકારે કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે? | (૨) |

| તાલુકો | ફાળવેલ રકમ (કરોડમાં) |
|---|---|
| માંડવી | ૩.૩૬ |
| માંગરોળ | ૦.૨૬ |

અન્ય તાલુકામાં કોઇ રકમની ફાળવણી કરેલ નથી.

---------

અમરેલી જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૧૦૨૬૨ શ્રી વિનોદભાઇ મોરડીયા (કતારગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને ‘‘સ્ટુડન્ટ પોલીસ કેડેટ’’ ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૨) ૩૪૮૩ |

અમરેલી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવી ?

---------

વડોદરા જિલ્લામાં ગુણવત્તા સહાય હેઠળ અરજી

* ૯૨૯૬ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુણવત્તા સહાય હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૫ એકમોની. |
| (૨) આ એકમો થકી કેટલું મૂડી રોકાણ ઉભું થયું ? | (૨) આ એક ગુણવત્તા પ્રમાણપત્ર યોજના છે, આ યોજના હેઠળ કોઈ નવું મૂડી રોકાણ થતું નથી. પરંતુ, એકમની ઉત્પાદીત આઈટમની ગુણવત્તા સુધારો થાય છે. |

---------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મુખ્ય ખનિજ લીજ

* ૧૦૩૮૯ શ્રી ભીખાભાઈ જોષી (જુનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા મુખ્ય ખનીજોની કેટલી લીઝ/બ્લોક હરાજીથી આપવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) ઉકત હરાજીમાંથી કેટલી આવક પ્રાપ્ત થયેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે ખેડા અને નર્મદા જિલ્લામાં એમ.ઓ.યુ.

* ૧૦૪૨૭ કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે તા. ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ખેડા અને નર્મદા જિલ્લામાં કેટલા રોકાણકારોએ કયા કયા પ્રોજેક્ટમાં કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ, | (૧)<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫માં ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૯ સેક્ટરમાં ૪૨૯૪.૦૪ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૧૬૧ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫માં નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૦૯ સેક્ટરમાં ૧૦૪૦.૮૪ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૬૨ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૨૦ સેક્ટરમાં કુલ ૨૬૮ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૦૫ સેક્ટરમાં કુલ ૪૯ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ- |

૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણમાં ગયા, અને

(૨)
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૭૬ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૭૩૯.૬૩ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૪૮ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૭૪૯.૩૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૨ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૬૦.૨૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૦૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૫૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૮ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૧૩૨.૬૩ કરોડના મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૩૪ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૬૩૧.૨૪ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૦૫ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૦.૭૯૪ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૦૭ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૦.૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

(૩) કેટલા રોકાણકારો પ્રોજેક્ટમાંથી ખસી ગયા ?

(૩)
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ખેડા જિલ્લામાં ૧૫ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં નર્મદા જિલ્લામાં ૨૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ખેડા જિલ્લામાં ૧૦ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં નર્મદા જિલ્લામાં ૦૫ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

---------

રાજ્યમાં ડી.વાય.એસ.પી. (એટ્રોસીટી) ની ખાલી જગ્યા

*** ૧૦૨૯૭ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લાઓમાં ડી.વાય.એસ.પી. (એટ્રોસીટી) ની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) રાજ્યમાં ડી.વાય.એસ.પી. (એટ્રોસીટી)નું નામાભિધાન ધરાવતી કોઈ જગ્યા નથી. પરંતુ એટ્રોસીટીની કામગીરી સાથે સંકળાયેલી આ જગ્યાઓ નાયબ પોલીસ અધીક્ષક (એસ.સી. એસ.ટી. સેલ), વર્ગ–૧ તરીકે |

દર્શાવવામાં આવે છે.
તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ, રાજ્યમાં નાયબ પોલીસ અધીક્ષક (એસ.સી. એસ.ટી. સેલ), વર્ગ-૧ સંવર્ગની જગ્યાઓ, નીચે દર્શાવેલ જિલ્લા/શહેરમાં કોલમ-૩માં દર્શાવેલ તારીખથી ખાલી પડેલ.

| અ.નં. | જિલ્લો/શહેર | ક્યારથી ખાલી પડેલ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | છોટાઉદેપુર | તા.૧-૧૨-૨૦૧૭ થી |
| ૨ | ભરૂચ | તા.૧૬-૧૦-૨૦૧૭ થી |
| ૩ | પંચમહાલ | તા.૧-૧૨-૨૦૧૭ થી |
| ૪ | મહીસાગર | તા.૮-૧૨-૨૦૧૭ થી |
| ૫ | સુરત ગ્રામ્ય | તા.૧-૧૨-૨૦૧૭ થી |
| ૬ | તાપી વ્યારા | તા.૨૪-૧૦-૨૦૧૭ થી |
| ૭ | ડાંગ આહવા | તા.૧૭-૧૦-૨૦૧૭ થી |
| ૮ | બોટાદ | તા.૧૭-૧૦-૨૦૧૭ થી |
| ૯ | અમરેલી | તા.૮-૧૦-૨૦૧૭ થી |
| ૧૦ | જૂનાગઢ | તા.૧૪-૧૦-૨૦૧૭ થી |
| ૧૧ | પોરબંદર | તા.૧૦-૧૦-૨૦૧૭ થી |
| ૧૨ | જામનગર | તા.૧૭-૧૦-૨૦૧૭ થી |
| ૧૩ | સુરેન્દ્રનગર | તા.૧-૧૧-૨૦૧૭ થી |
| ૧૪ | બનાસકાંઠા | તા.૧૪-૧૦-૨૦૧૭ થી |
| ૧૫ | કચ્છ-પશ્ચિમ | તા.૧૫-૧૦-૨૦૧૭ થી |
| ૧૬ | અમદાવાદ શહેર | તા.૨૪-૧૦-૨૦૧૭ થી |
| ૧૭ | સુરત શહેર | તા.૧૭-૧૦-૨૦૧૭ થી |
| ૧૮ | વડોદરા શહેર | તા.૧-૧૧-૨૦૧૭ થી |
| ૧૯ | રાજકોટ શહેર | તા.૧-૧૨-૨૦૧૭ થી |
| ૨૦ | પશ્ચિમ રેલ્વે, વડોદરા | તા.૨૪-૧૦-૨૦૧૬ થી |

(૨) ઉકત ખાલી રહેલી તમામ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

(૨) ઉકત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

---------

સિધ્ધપુર નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૯૨૬૨ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને

(૨) વર્ષ ૨૦૧૭-૧૮ માં ઉકત સ્થિતિએ પાટણ જિલ્લાની સિધ્ધપુર નગરપાલિકાને ઉકત યોજના હેઠળ કેટલા રૂપિયા સહાય આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા.૨૫-૨-૨૦૧૪ ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે.

(૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે પાટણ જિલ્લાની સિધ્ધપુર નગરપાલિકાને વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ.૨૯,૦૩,૭૮૫/- સહાય આપવામાં આવેલ છે.

---------

ભાવનગર જિલ્લા જેલમાં યોગ દિવસ

* ૧૦૨૫૪ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લા જેલમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૭માં ભાવનગર જિલ્લા જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે, અને | (૨) ૨૬૩ કેદીઓ.<br>૩૩ કર્મચારીઓ. |
| (૩) તે પૈકી કેટલા મહિલા કેદીઓ અને કર્મચારીઓ છે ? | (૩) ૧૩ મહીલા કેદીઓ.<br>૦૧ મહીલા કર્મચારી. |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે તાપી અને સુરત જિલ્લામાં એમ.ઓ.યુ.

* ૧૦૪૬૧ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે તા. ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં કેટલા રોકાણકારોએ કયા કયા પ્રોજેક્ટમાં કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ, | (૧)<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૦૯ સેક્ટરમાં ૪૮૪.૭૬ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૭૩ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૫ સેક્ટરમાં ૧૭૫૭૯૮.૭ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૨૬૭૮ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૦૬ સેક્ટરમાં કુલ ૬૮ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૧ સેક્ટરમાં કુલ ૩૦૨૩ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણમાં ગયા, અને | (૨)<br>• તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૪ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૬૭.૫૪ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૦૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૮૨.૮૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે. |

- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૩૪૬ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૧૧૮૫૬.૮ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૧૦૧ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૩૦૫૧૫.૪ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૦૫ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૪.૪૮ કરોડના મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૧૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૦.૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૬૮૬ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ.૯૩૨૩.૮૭૩ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૩૦૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૧૮૮૪.૬૩ કરોડનું મૂડીરોકાણ થયેલ છે અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

(૩) કેટલા રોકાણકારો પ્રોજેક્ટમાંથી ખસી ગયા ?

(૩)
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં તાપી જિલ્લામાં ૪૦ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં સુરત જિલ્લામાં ૧૮૫ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં તાપી જિલ્લામાં ૧૮ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં સુરત જિલ્લામાં ૨૩ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

---------

બનાસકાંઠા જિલ્લા નગરપાલિકાઓને મેઈન હોલ સફાઈ માટે સાધનો

* ૧૦૩૪૮ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ના.હાઈકોર્ટના પ્રવિણ રાષ્ટ્પાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં મેઈન હોલ સફાઈ માટે ફરજીયાત પણે આધુનિક સાધનો વસાવવા તથા તેમાંથી સફાઈ કરાવવા તે માટેના સાધનોની ખરીદી કરવા માટે નગરપાલિકાને પુરતી રકમની સહાય કરવા હાઈકોર્ટે તા.૧૫–૨–૨૦૦૬ના રોજ આપેલ ચૂકાદામાં સરકારને આદેશ આપ્યો હતો તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લાની ધાનેરા તથા દાંતીવાડા નગરપાલિકાને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉકત સાધનોની સહાય આપવાની બાકી છે, | (૨) બનાસકાંઠા જિલ્લાની ધાનેરા નગરપાલિકાને મેઈન હોલ તથા ભૂગર્ભ ગટર લાઈનની સાફ સફાઈ કરવા માટે જેટીંગ કમ સક્ષન મશીન, ડીસીલ્ટીંગ મશીન તથા જેટીંગ મશીનના સાધનોની ખરીદી કરી નગરપાલિકાઓને સોંપી આપવામાં આવેલ છે, જ્યારે દાંતીવાડા નગરપાલિકા |

(૩) તે બાકી રહેવાના શાં કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે, અને

(૪) ઉકત સહાય માટે બાકી રહેલી રકમ ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે ?

ન હોઈ સાધનોની સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) દાંતીવાડા નગરપાલિકા ન હોઈ સાધનોની સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

બારડોલી નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૯૨૫૮ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને

(૨) વર્ષ ૨૦૧૭–૧૮ માં ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લાની બારડોલી નગરપાલિકાને ઉકત યોજના હેઠળ કેટલા રૂપિયા સહાય આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા.૨૫–૨–૨૦૧૪ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે.

(૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે સુરત જિલ્લાની બારડોલી નગરપાલિકાને વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ.૭૩,૪૮,૩૧૩/– સહાય આપવામાં આવેલ છે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં પોલીસ સ્ટેશનનું મહેકમ

* ૯૮૬૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટમાં પોલીસનું સંવર્ગવાર કેટલું મંજૂર મહેકમ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે ?

જવાબ

(૧) અને (૨) *પત્રક–અ મુજબ.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમમ ર્યાદા નિયત કરી શકાય નહીં.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

સુરત અને વડોદરા શહેરમાં ઝોન ફેરફાર બાબત

* ૧૦૪૫૧ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને વડોદરા શહેરમાં કેટલી જમીનોમાં ઝોન ફેરફાર કરવાની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી, અને

(૨) ઝોન ફેરફાર થવાના કારણે કેટલી જમીનોમાં હેતુફેર કરવામાં આવ્યા ?

જવાબ

(૧) સુરત કુલ – ૧
વડોદરા કુલ – ૮.

(૨) સુરત કુલ – ૧
વડોદરા કુલ – ૮.

---------

કે. જી. બેઝિનમાં હિસ્સેદારો

* ૧૦૩૧૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કે. જી.

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કે. જી.

બેઝીનમાં કોનો-કોનો કેટલો હિસ્સો છે,

બેઝીનમાં નીચે મુજબની હિસ્સેદારી છે.
ઓએનજીસી ૮૦%
જીએસપીસી ૧૦%
જેઓડીપિએલ ૧૦% હિસ્સો (જુબીલન્ટ ઓફશોર ડ્રીલીંગ)

(૨) ઉક્ત સ્થિતિએ હિસ્સેદારો દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન જીએસપીસીનો ૮૦% હિસ્સો ઓએનજીસીને વેચાણ કરવામાં આવ્યો અને જીજીઆરનો ૧૦% હિસ્સો જીએસપીસી દ્વારા હસ્તગત કરવામાં આવ્યો જેના પરિણામે કે. જી. બેઝીનમાં ઉપર મુજબની હિસ્સેદારી છે.

હિસ્સેદારીમાં ફેરબદલ પહેલા ભાગીદારો દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબનો મૂડી ખર્ચ કરવામાં આવ્યો.

| હિસ્સેદારનું નામ | હિસ્સો | વર્ષ ૨૦૧૫-૧૬ | વર્ષ ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|
| જીએસપીસી (હાલમાં ઓએનજીસી) | ૮૦% | રૂ.૭૯૮.૭૫ કરોડ | રૂ.૫૮૪.૯૯ કરોડ |
| જીજીઆર વતી જીએસપીસીએ કરેલ ખર્ચ | ૧૦% | રૂ.૯૯.૮૪ કરોડ | રૂ.૭૩.૧૨ કરોડ |
| જેઓડીપિએલ | ૧૦% | રૂ.૯૯.૮૪ કરોડ | રૂ.૭૩.૧૨ કરોડ |
| કુલ | ૧૦૦% | રૂ.૯૯૮.૪૩ કરોડ | રૂ.૭૩૧.૨૩ કરોડ |

(૩) છેલ્લા બે વર્ષમાં ઉત્પાદિત ગેસનું ક્યા ભાવે વેચાણ કરવામાં આવ્યું અને વર્ષવાર કેટલી આવક થઇ ?

(૩) ભારત સરકારના પેટ્રોલીયમ અને કુદરતી ગેસ મંત્રાલયના તા.૨૧ માર્ચ, ૨૦૧૬ ના પરિપત્ર ક્ર.નં. **O-22013/27/2012/ONG-D-V(Vol-II)** ના આદેશ અનુસાર કે. જી. બેઝીનમાંથી ઉત્પાદિત ગેસનું વેચાણ, પેટ્રોલીયમ પ્લાનીંગ અને એનાલીસીસ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ ગેસ વેચાણ કિંમત પ્રમાણે કરવામાં આવે છે.

છેલ્લા બે વર્ષમાં ઉત્પાદિત ગેસનું નીચે મુજબના ભાવે વેચાણ કરવામાં આવ્યું.

એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર ૨૦૧૬ ૬.૬૧ **USD/MMBTU**
ઓક્ટોબર ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૭ ૫.૩૦ **USD/MMBTU**
એપ્રિલ ૨૦૧૭ થી સપ્ટેમ્બર ૨૦૧૭ ૫.૫૬ **USD/MMBTU**
ઓક્ટોબર ૨૦૧૭ થી ડીસેમ્બર ૨૦૧૭ ૬.૩૦ **USD/MMBTU**

અને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ કુલ આવક થઇ
વર્ષ ૨૦૧૬-૧૭ રૂ.૧૦૫.૧૭ કરોડ
વર્ષ ૨૦૧૭-૧૮ રૂ.૫૭.૪૩ કરોડ
(તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી)

---------

અમદાવાદ જિલ્લાનાં એકમોને વ્યાજ સહાય

***** ૯૨૪૯ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં એમએસએમઇ **(Micro, Small & Medium Enterprise)** એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૧) ૩,૪૧૧ એકમોની.

(૨) વર્ષ ૨૦૧૬ – ૧,૦૦૯ એકમોની
વર્ષ ૨૦૧૭ – ૧,૦૭૩ એકમોની.

(૩) ૪૧૨ એકમોને કુલ રૂ.૮૨૬.૪૯ લાખ.

---------

રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૩, ઘંટેશ્વરની આરોગ્ય ચકાસણી

* ૧૦૧૯૬ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૩, ઘંટેશ્વર, રાજકોટના સેનાપતિશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૨૧૧૬. |

---------

માંડવી નગરપાલિકાને સફાઇ માટે સહાય

* ૯૨૬૮ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે તા.૨૫-૦૨-૨૦૧૪ ના ઠરાવથી સફાઇવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭-૧૮ માં ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલા રૂપિયા સહાય આપવામાં આવેલ છે ? | (૨) સફાઇવેરા પ્રોત્સાહક યોજના અન્વયે કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકાને વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ કુલ રૂ.૧૯,૦૧,૬૬૭/- સહાય આપવામાં આવેલ છે. |

---------

ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં કાર્યક્રમ

* ૧૦૩૯૬ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ક્લાઇમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ દ્વારા શા કાર્યક્રમો હાથ ધરાયા, અને

જવાબ

(૧) ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા.

- સન ૨૦૧૬ નાં કાર્યક્રમોઃ
  - ગીર સોમનાથ જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાન ભઠ્ઠી, સોલાર વોટર હીટીંગ સિસ્ટમ, ઓફ ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ, પાણી ખેંચવાની પવનચક્કી લગાડવામાં આવ્યા.
  - પોરબંદર જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાન ભઠ્ઠી, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ

ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ, પાણી ખેંચવાની પવનચક્કી અને પ્રચાર–પ્રસાર માટે હોર્ડીંગ્સ લગાડવામાં આવ્યા.

- ૨૦૧૭ નાં કાર્યક્રમોઃ
  - ગીરસોમનાથ જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ, પાણી ખેંચવાની પવનચક્કી અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું તેમજ ક્લાઈમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઊર્જા અંગેનું ત્રી દિવસીય પ્રદર્શન લોકજાગૃતી માટે યોજવામાં આવેલ.
  - પોરબંદર જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ, પાણી ખેંચવાની પવનચક્કી અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું તેમજ ક્લાઈમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઊર્જા અંગેનું ત્રી દિવસીય પ્રદર્શન લોકજાગૃતી માટે યોજવામાં આવેલ.

(૨) આ કાર્યક્રમો પાછળ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) આ કાર્યક્રમો પાછળ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | વર્ષ | જિલ્લો | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ગીરસોમનાથ | ૨૨.૭૯ |
| | | પોરબંદર | ૩૬.૯૩ |
| ૨ | ૨૦૧૭ | ગીરસોમનાથ | ૬૭.૮૮ |
| | | પોરબંદર | ૬૬.૭૯ |

---------

સુરત જિલ્લાનાં એકમોને વ્યાજ સહાય

* ૯૨૩૯ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં એમએસએમઇ **(Micro, Small & Medium Enterprise)** એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૧) ૮,૮૯૦ એકમોની.

(૨) કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) વર્ષ ૨૦૧૬ – ૧,૮૩૩ એકમોની
વર્ષ ૨૦૧૭ – ૨,૯૩૭ એકમોની.

(૩) કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૪,૭૭૦ એકમોને કુલ રૂ.૭,૫૯૮.૯૬ લાખ.

---------

અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજના

* ૯૨૫૩ શ્રી અરવિંદભાઇ પટેલ (સાબરમતી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજના હેઠળ કુલ કેટલી રકમના કામો મંજુર કરવામાં આવેલ છે.

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સ્માર્ટ સીટી અમદાવાદ દ્વારા રૂ.૧૨૨૮ કરોડના ૮ પ્રોજેક્ટને સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલપમેન્ટ લિ. **(SPV)** દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

(૨) આ પૈકી કેટલી રકમના કામો પુર્ણ થયેલ છે, અને

(૨) આ પૈકી રૂ.૨૩ કરોડનો એક પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે.

| | |
|---|---|
| (૩) કેટલી રકમના કામો પ્રગતિ હેઠળ છે ? | (૩) રૂ.૧૨૦૫ કરોડના ૭ કામો પ્રગતિ હેઠળ છે. |

---------

વડોદરા જિલ્લામાં એકમોને વ્યાજ સહાય

* ૯૨૪૨ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં એમએસએમઈ (**Micro, Small & Medium Enterprise**) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, | (૧) ૪૦૨ એકમોની |
| (૨) કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૧૬– ૧૫૭ એકમોની<br>વર્ષ ૨૦૧૭– ૧૬૮ એકમોની |
| (૩) કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૫૦૫ એકમોને રૂ.૧,૨૮૫.૬૪ લાખ |

---------

ઉંઝા નગરપાલિકાને સફાઇ માટે સહાય

* ૯૨૬૧ શ્રી ઋષિકેશભાઇ પટેલ (વિસનગર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે તા.૨૫/૦૨/૨૦૧૪ ના ઠરાવથી સફાઇવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લાની ઉંઝા નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલા રૂપિયા સહાય આપવામાં આવેલ છે? | (૨) સફાઇવેરા પ્રોત્સાહક યોજના અન્વયે મહેસાણા જિલ્લાની ઉંઝા નગરપાલિકાને વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ. ૩૪,૮૪,૫૬૨/- સહાય આપવામાં આવેલ છે. |

---------

રાજકોટ ખાતે રમાયેલ આઈપીએલ મેચ પેટે મનોરંજન કરની આવક

* ૯૦૦૬ શ્રી સોમાભાઇ કોળી પટેલ (લીંબડી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| એપ્રિલ–૨૦૧૭માં રાજકોટ ખાતે રમાયેલ આઇપીએલ મેચમાંથી રાજ્ય સરકારને મનોરંજન કર પેટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી આવક થઈ ? | એપ્રિલ–૨૦૧૭માં રાજકોટ ખાતે રમાયેલ આઇપીએલ મેચમાંથી રાજ્ય સરકારને મનોરંજન કર પેટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કોઇ આવક થઇ નથી. |

---------

કચ્છ જિલ્લામાં ગુણવત્તા સહાય હેઠળ અરજી

* ૯૨૯૫ માલતી મહેશ્વરી (ગાંધીધામ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુણવત્તા સહાય હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૩ એકમોની. |
| (૨) આ એકમો થકી કેટલું મુડી રોકાણ ઉભું થયું ? | (૨) આ એક ગુણવત્તા પ્રમાણપત્ર યોજના છે, આ યોજના હેઠળ કોઈ નવું મુડી રોકાણ થતું નથી, પરંતુ, એકમની ઉત્પાદીત આઈટમની ગુણવત્તામાં સુધારો થાય છે. |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે ભરૂચ અને વડોદરા જિલ્લામાં એમ.ઓ.યુ.

* ૧૦૪૫૪ શ્રી સંજયભાઇ સોલંકી (જંબુસર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ ભરૂચ અને વડોદરા | (૧)<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨– |

જિલ્લામાં કેટલા રોકાણકારોએ કયા કયા પ્રોજેક્ટમાં કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ,

૨૦૧૭ની સ્થિતિએ ૩૧ સેક્ટરમાં ૯૨૮૪૯.૧૧ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૧૯૩૨ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૭ સેક્ટરમાં ૨૮૩૨૮.૮૬ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૨૦૮૨ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૦ સેક્ટરમાં કુલ ૨૦૭૫ પ્રોજેક્ટના ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૯ સેક્ટરમાં કુલ ૨૨૦૧ પ્રોજેક્ટના ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણમાં ગયા, અને

(૨)

- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૨૧૮ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૧૨૮૮૭.૨ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૯૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૫૦૨.૯૯ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૬૯૭ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૬૭૦૭.૬૪ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૧૦૪ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૭૫૦.૧૬ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૮૩ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૬૪૮.૯૭ કરોડના મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૨૬૧ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૯૫.૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૨૪ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૧૨૭.૯૯ કરોડનું મૂડીરોકાણ થયેલ

છે. ઉપરાંત ૬૪૯ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૮૮૨૨.૪૮ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

(૩) કેટલા રોકાણકારો પ્રોજેક્ટમાંથી ખસી ગયા ?

(૩)
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ભરૂચ જિલ્લામાં ૫૨૭ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં વડોદરા જિલ્લામાં ૨૫૫ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ભરૂચ જિલ્લામાં ૧૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં વડોદરા જિલ્લામાં ૧૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

---------

સુરત શહેરમાં એફ.એસ.આઇ. વધારવા બાબત

* ૧૦૩૫૧ ડૉ. અનીલ જોષીયારા (ભિલોડા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ સુરત શહેરમાં શહેરી વિકાસ વિભાગનો ૧૯૭૬ની કલમ ૨૯–૧ હેઠળ જુદી જુદી નગર રચના યોજનાઓમાં એફ.એસ.આઇ. વધારી વધુ માળ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી દરખાસ્તો આવી, | (૧) –તા.૩૧/૦૧/૧૬ થી તા.૩૦/૦૧/૧૭ સુધીમાં –૭૨<br>–તા.૩૧/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૮ સુધીમાં –૬૫<br>કુલ –૧૩૭ |
| (૨) એમાંથી વર્ષવાર કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, | (૨) –તા.૩૧/૦૧/૧૬ થી તા.૩૦/૦૧/૧૭ સુધીમાં –૪૭<br>–તા.૩૧/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૮ સુધીમાં –૩૨<br>કુલ –૭૯ |
| (૩) અને કેટલી દરખાસ્તો ઉક્ત સ્થિતિએ કેટલા સમયથી પડતર છે, અને | (૩) –એક વર્ષ સુધીની પડતર –૨૪<br>–એક વર્ષથી વધુ બે વર્ષ સુધીની –૨૩<br>–પરત કરેલ –૧૧ |
| (૪) અને એના પડતર રહેવાના કારણો શા છે **?** | (૪) ચકાસણી હેઠળ |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં એમ.ઓ.યુ.

* ૧૦૩૩૯ શ્રી લાખાભાઇ ભરવાડ (વિરમગામ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા રોકાણકારોએ કયા કયા પ્રોજેક્ટમાં કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ, | (૧)<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૩૦ સેક્ટરમાં ૬૪૮૬૧૬.૧ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૩૨૭૨ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૬ સેક્ટરમાં ૩૯૮૬૫.૪૩ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૮૨૯ |

ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૪ સેક્ટરમાં કુલ ૪૨૦૪ પ્રોજેક્ટના ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૧ સેક્ટરમાં કુલ ૯૯૧ પ્રોજેક્ટના ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણમાં ગયા, અને

(૨)

- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૮૦૦ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૭૧૩૬૮.૦૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૪૧૨ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૬૫૮૬.૦૬ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૮૧ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૬૧૬૭.૫૩ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૩૯૮ પ્રોજેક્ટ અમલીકણ હેઠળ છે. જેમાં ૩૫૪૯ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૩૨૪ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૬૬૯.૫૪ કરોડના મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૪૭૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૭૫૯૫.૨૮ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૩૧ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૮૯.૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૭૦ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૨૨૩૯.૯૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

(૩) કેટલા રોકાણકારો પ્રોજેક્ટમાંથી ખસી ગયા ?

(૩)

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–

૨૦૧૫માં અમદાવાદ જિલ્લામાં ૯૦૮ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં ગાંધીનગર જિલ્લામાં ૧૩૨ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં અમદાવાદ જિલ્લામાં ૧૪૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં ગાંધીનગર જિલ્લામાં ૧૯ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

---------

તરસાડી નગરપાલિકાને સફાઇ માટે સહાય

* ૯૨૫૭ શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ (વાઘોડીયા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે તા.૨૫/૦૨/૨૦૧૪ ના ઠરાવથી સફાઇવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ તરસાડી નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલા રૂપિયા સહાય આપવામાં આવેલ છે ? | (૨) સફાઇવેરા પ્રોત્સાહક યોજના અન્વયે તરસાડી નગરપાલિકાને વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ.૩૦,૦૧,૧૫૪/- સહાય આપવામાં આવેલ છે. |

---------

મહિસાગર જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૧૦૨૫૮ શ્રી કુબેરભાઇ ડીંડોર (સંતરામપુર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર જિલ્લામાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૧૭૩૧ |

---------

સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતોને ફાળવેલ રેતી રોયલ્ટીના હિસ્સાની રકમ

* ૯૨૩૬ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાન–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સાની રકમ સંબંધીત જીલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ જીલ્લા પંચાયતોને ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૮.૩૦ કરોડ |

---------

સોશ્યલ મીડીયાનાં ઉપયોગ માટે કોન્ટ્રાકટ

* ૧૦૪૧૫ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નોત્તરી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માહિતી ખાતા દ્વારા સોશ્યલ મીડીયાનો ઉપયોગ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા પ્રકારનો સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરવામાં આવે છે, | (૨) ફેસબુક પેજ અને ટવીટર હેન્ડલ દ્વારા સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) તે માટે કોઈ ખાનગી એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે કે કેમ ? | (૩) ના, જી. |
| (૪) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ ખાનગી એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વલસાડ અને ડાંગ જીલ્લામાં સી.સી.ટી.વી. કેમેરા

* ૧૦૪૬૯ જીતુભાઈ ચૌધરી (કપરાડા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જીલ્લામાં પોલીસ સ્ટેશનોમાં મૂકવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી કેટલા બંધ હાલતમાં છે, | (૧)<br>– વલસાડ જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં મુકવામાં આવેલ ૧૭૨ કેમેરા માંથી ૨૦ કેમેરા બંધ છે<br>– ડાંગ જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં મુકવામાં આવેલ ૪૦ કેમેરા માંથી ૮ કેમેરા બંધ છે. |
| (૨) તમામ બંધ સી.સી.ટી.વી. કેમેરા કયાં સુધીમાં ચાલુ કરવામાં આવશે, અને | (૨) સત્વરે |
| (૩) સી.સી.ટી.વી. કેમેરાના મેઈન્ટેનન્સ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩)<br>– આ પ્રોજેક્ટમાં માલની ડીલીવરી, ઈન્સ્ટોલેશન, કમિશનીંગ અને પાંચ વર્ષના એ.એમ.સી. (મેઈન્ટેનન્સ) તમામ બાબતોના સમાવેશ સાથે કરાર કરવામાં આવેલ છે.<br>– આથી અલગથી મેઈન્ટેનન્સ ખર્ચની વિગત આપી શકાય તેમ નથી. |

---------

અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજના

* ૯૨૫૫ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજના હેઠળ કુલ કેટલી રકમના કામો મંજુર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજના હેઠળ રૂ.૧૨૨૮ કરોડના ૮ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલા છે. |
| (૨) આ પૈકી કેટલી રકમના કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી રૂ. ૨૩ કરોડનો એક પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલી રકમના કામો પ્રગતિ હેઠળ છે ? | (૩) રૂ.૧૨૦૫ કરોડના ૦૭ કામો પ્રગતિ હેઠળ છે. |

---------

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ભાગેડુ વ્યક્તિઓ

* ૧૦૪૩૯ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા કેટલી વ્યક્તિઓને ભાગેડુ જાહેર કરવામાં આવેલ છે, | (૧) એક પણ નહી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ભાગેડુ જાહેર કરેલ વ્યક્તિઓને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પકડવા શું પ્રયાસો કરવામાં આવેલ છે, અને | |
| (૩) તે પૈકી જિલ્લાવાર કેટલા ભાગેડુ વ્યક્તિઓને વર્ષવાર પકડવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### થાનગઢ ગોળીબારમાં મૃત્યુ પામેલ ઈસમોનાં વારસદારોને ખનીજ લીઝ

* ૯૮૧૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) થાનગઢ પોલીસ ગોળીબારમાં મૃત્યુ પામેલ ઈસમોના વારસદારોને રાજ્ય સરકારે ખાણ ખનીજની લીઝો આપવા બાંહેધરી આપેલ હતી તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી લીઝો આપવામાં આવી, અને | (૧) શૂન્ય |
| (૨) કેટલી લીઝો આપવાની બાકી છે? | (૨) શૂન્ય |

---------

### સુરત અને વડોદરા શહેરમાં ઝોન ફેરફાર બાબત

* ૧૦૪૫૭ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને વડોદરા શહેરમાં કેટલી જમીનોમાં ઝોન ફેરફાર કરવાની મંજુરી સરકાર દ્વારા આપવામાં આવી, અને | (૧) સુરત કુલ-૧<br>વડોદરા કુલ-૮ |
| (૨) ઝોન ફેરફાર થવાના કારણે કેટલી જમીનોમાં હેતુફેર કરવામાં આવ્યાં? | (૨) સુરત કુલ-૧<br>વડોદરા કુલ-૮ |

---------

### સુરત જિલ્લાનાં એકમોને વ્યાજ સહાય

* ૯૨૪૦ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં એમએસએમઈ (**Micro, Small & Medium Enterprise**) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, | (૧) ૮,૮૯૦ એકમોની |
| (૨) કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૧૬- ૧,૮૩૩ એકમોની<br>વર્ષ ૨૦૧૭- ૨,૯૩૭ એકમોની |
| (૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે તા. ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ પાટણ અને કચ્છ જિલ્લામાં કેટલા રોકાણકારોએ કયા કયા પ્રોજેક્ટમાં કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ, | (૧)<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૨ સેક્ટરમાં ૪૦૧૩.૩૯ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૧૭૩ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૪ સેક્ટરમાં ૭૦૩૫૨.૧૧ કરોડના સુચિત મૂડીરોકાણના કુલ ૮૨૧ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૨ સેક્ટરમાં કુલ ૧૯૪ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>• વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૦ સેક્ટરમાં કુલ ૮૫૪ પ્રોજેક્ટના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણમાં ગયા, અને | (૨)<br>• તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૨૪ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૪૪૩.૪૨ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૦૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૧.૫૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.<br>• તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ |

સમિટ–૨૦૧૫માં કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૪૪૯ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૩૭૦૮.૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૪૯ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૩૯૨.૭૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે, અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૬ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૯૭૬.૩૨ કરોડના મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૧૪ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૦.૦૫ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.
- તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૫૮ પ્રોજેક્ટ કમીશન્ડ થયા જેમાં રૂ. ૧૦૧૯.૩૯ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરાંત ૩૮ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેમાં ૪૭૬૮.૬૧ કરોડનું મૂડીરોકાણ થયેલ છે અને મૂડીરોકાણની પ્રક્રિયા ચાલુ છે.

(૩) કેટલા રોકાણકારો પ્રોજેક્ટમાંથી ખસી ગયા ?

(૩)
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં પાટણ જિલ્લામાં ૩૪ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫માં કચ્છ જિલ્લામાં ૨૫૪ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં પાટણ જિલ્લામાં ૧૮ પ્રોજેક્ટ ડ્રોપ થયા.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં કચ્છ જિલ્લામાં ૩૮ પ્રોજેક્ટ ડ્રોપ થયા.

---------

મહીસાગર અને નર્મદા જિલ્લામાં દારૂનાં પરવાના

* ૧૦૪૩૫ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) **:** માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર અને નર્મદા જિલ્લામાં વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે, | (૧) એક પણ નહિ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરવાનેદારો દ્વારા કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પરવાનેદારદીઠ કુલ કેટલી આવક સરકારને મળી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કાર્યક્રમ.

* ૧૦૪૪૧ શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (કલાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ દ્વારા શા કાર્યક્રમો હાથ ધરાયા,અને

(૧) દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા.

- સન ૨૦૧૬ નાં કાર્યક્રમોઃ
  - દાહોદ જિલ્લામાં સુધારેલ સ્મશાનભઠ્ઠી, બેટરી સંચાલિત દ્વિચક્રીય વાહન, ગ્રીડ કનેક્ટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવ્યા.
  - પંચમહાલ જિલ્લામાં સુધારેલ સ્મશાનભઠ્ઠી, સોલાર વોટર હીટીંગ સિસ્ટમ ઓફ ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ અને પ્રચાર અને પ્રસાર માટે હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યા.
- સન ૨૦૧૭નાં કાર્યક્રમોઃ
  - દાહોદ જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાનભઠ્ઠી, સોલાર વોટર હીટીંગ સિસ્ટમ, ગ્રીડ કનેક્ટેડ સોલર રૂફટોપ સિસ્ટમ, ઉર્જા કાર્યક્ષમ પંખા તથા એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું તેમજ ક્લાઈમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઉર્જા અંગેનું ત્રીદિવસીય પ્રદર્શન લોકજાગૃતી માટે યોજવામાં આવેલ.
  - પંચમહાલ જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલ સ્મશાનભઠ્ઠી, સોલાર વોટર હીટીંગ સિસ્ટમ, ગ્રીડ કનેક્ટેડ સોલર રૂફટોપ સિસ્ટમ, ઉર્જા કાર્યક્ષમ પંખા તથા એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ અને લોકજાગૃતી માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું તેમજ ક્લાઈમેટ ચેન્જ અને પુનઃપ્રાપ્ય ઉર્જા અંગેનું ત્રીદિવસીય પ્રદર્શન લોકજાગૃતી માટે યોજવામાં આવેલ.

(૨) આ કાર્યક્રમો પાછળ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) આ કાર્યક્રમો પાછળ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | વર્ષ | જિલ્લો | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | દાહોદ | ૧૦.૭૪ |
| | | પંચમહાલ | ૨૯.૪૩ |
| ૨ | ૨૦૧૭ | દાહોદ | ૨૪૩.૭૬ |
| | | પંચમહાલ | ૩૧૬.૭૦ |

---------

રાજ્યની એફ.એસ.એલ.માં સાયબર ક્રાઈમના ઉકેલની અદ્યતન ટેકનોલોજી

* ૧૦૨૦૫ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સાયબર ક્રાઈમના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં અદ્યતન ટેકનોલોજી વસાવવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા જી

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર ક્રાઈમના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કયા પ્રકારની અદ્યતન

(૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સાયબર ક્રાઈમના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં નીચે મુજબની અદ્યતન પ્રકારની ટેકનોલોજીઓ

| | |
|---|---|
| ટેક્નોલોજીઓ વસાવવામાં આવેલ છે ? | વસાવવામાં આવેલ છે.<br>૧. માલવેરના પૃથ્થકરણ માટેની સીસ્ટમ<br>૨. પાસવર્ડ રીકવરી કરવાની ટેક્નોલોજી<br>૩. મોબાઇલ ફોનના પૃથ્થકરણ માટેની સીસ્ટમ<br>૪. ઇન્ટરનેટના માધ્યમથી આચરેલ ગુન્હાના ઉકેલ માટેની સીસ્ટમ<br>૫. સી.ડી, ડીવીડીના પૃથ્થકરણ માટેની સીસ્ટમ<br>૬. વિવિધ પ્રકારના કોમ્પ્યુટર સ્ટોરેજ ઉપકરણોનું પૃથ્થકરણ કરવા માટેની ટેક્નોલોજી<br>૭. વીડીઓ ફૂટેજ એન્હેસ કરવા માટેની સીસ્ટમ |

---------

ગાંધીનગર જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૦૩૪૫ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર તાલુકામાં આવેલી જી.આઈ.ડી.સી.માં કેટલા યુનિટો બંધ હાલતમાં છે ? | ગાંધીનગર શહેરમાં ૫૯<br>ભાટ વસાહતમાં ૦૨<br>ગાંધીનગર તાલુકામાં કુલ ૬૧ |

---------

રાજકોટ જિલ્લા/શહેરમાં હથિયાર પરવાના

* ૧૦૧૭૭ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લા/શહેરમાં રિવોલ્વર/હથિયાર પરવાના મેળવવા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી,

(૧)

| | ૨૦૧૬ | ૨૦૧૭ | ૩૧/૦૧/૨૦૧૮ સુધી |
|---|---|---|---|
| શહેરમાં આવેલ અરજીઓ | ૧૬૭ | ૪૪૮ | ૩૭ |
| જિલ્લામાં આવેલ અરજીઓ | ૧૩૫ | ૧૦૬ | ૦૬ |

(૨) તે પૈકી કયા પ્રકારના કેટલા હથિયાર પરવાનાને મંજુરી આપવામાં આવી,

(૨)

| | | ૨૦૧૬ | ૨૦૧૭ | ૩૧/૦૧/૨૦૧૮ સુધી |
|---|---|---|---|---|
| શહેરમાં મંજુર કરેલ અરજીઓ | | ૮૨ | ૨૩૩ | ૦૦ |
| જિલ્લામાં મંજુર કરેલ | સ્વરક્ષણ | ૧૨ | ૦૪ | ૦૦ |
| | પાકરક્ષણ | ૫૭ | ૨૩ | ૦૧ |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) શહેર – ૨૫૮
જિલ્લો – ૬૨

(૪) તેના નિકાલ માટે સરકારે શું કાર્યવાહી કરી ?

(૪) શહેર/જિલ્લો – તપાસ માટે સંબંધિત કચેરીઓના અહેવાલ બાકી છે. તેઓને યાદીપત્ર પાઠવવાની તેમજ રૂબરૂ સાંભળવા માટેની રોજિંદી કાર્યવાહી ચાલુ છે.

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં દારૂના પરવાના

* ૧૦૩૧૩ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને | (૧) ૦૭ |

બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૨)

| વિદેશી દારૂ (કિલો લીટર) | બીયર (કિલો લીટર) |
|---|---|
| ૧૩૩.૧૨૭ | ૧૪૩૪.૦૧૮ |

(૩) ઉક્ત સ્થિતિએ પરવાનેદારદીઠ કુલ કેટલી આવક સરકારને મળી?

(૩)

| પરવાનેદાર | આવક (રૂ. લાખમાં) |
|---|---|
| હોલીડે વિલેજ રિસોર્ટ પ્રા. લી., કચ્છ | ૧૪.૮૪ |
| હોટલ આરતી ઈન્ટરનેશનલ, કચ્છ | ૧૦.૯૫ |
| હોટલ ઈલાર્ક કટીરા હોટલ્સ પ્રા.લી., કચ્છ | ૧૮.૧૧ |
| હોટલ પ્રિન્સ, ભુજ | ૪૩.૯૫ |
| મે.સી.એલ.શર્મા રિસોર્ટ પ્રા. લી., કચ્છ | ૧૪.૩૬ |
| રાજવી રિસોર્ટસ &હોટલ્સ પ્રા.લી., કચ્છ | ૧૬.૭૪ |
| સેવન સ્કાય એન્ટરટેઈનમેન્ટ, કચ્છ | ૧૦૯.૫૮ |

---------

નવસારી અને વલસાડ જિલ્લામાં દારૂના પરવાના

* ૧૦૪૬૭ શ્રી અનંતકુમાર પટેલ (વાસંદા) **:** માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે, | (૧) એક પણ નહિ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરવાનેદારો દ્વારા કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પરવાનેદારદીઠ કુલ કેટલી આવક સરકારને મળી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજકોટ શહેર પોલીસનાં રહેણાંક મકાન

* ૧૦૨૬૫ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ શહેરમાં પોલીસ માટે કુલ કેટલા રહેણાંક મકાનો પુર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ-૮૦ રહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૧૦૪૬.૦૦ લાખ |

---------

**( આ તબક્કે ગૃહમાં માનનીય અમિતભાઇ ચાવડા દાખલ થતાં પાટલી થપથપાવીને તેમનું સ્વાગત કરવામાં આવ્યુ)**

અધ્યક્ષશ્રી : આપણાં પૈકીના જ સભ્યની પ્રગતિ થઇ છે એટલે આપણે પણ પાટલીઓ થપથપાવીએ, અમિતભાઇ અભિનંદન.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સદસ્ય, અમારા સિનિયર સાથી અમારા વિધાનસભા કોંગ્રેસ પક્ષના મુખ્ય દંડકશ્રી અમિતભાઇ ચાવડા ગુજરાત કોંગ્રેસના નવા સુકાની તરીકે રાષ્ટ્રીય નેતૃત્વએ તેમની ઉપર વિશ્વાસ મૂકીને જવાબદારી સોંપી છે ત્યારે સમગ્ર વિધાનસભા કોંગ્રેસ પક્ષ વતી તેમને હૃદયપૂર્વક

અભિનંદન આપી અને આ ગૃહની અંદર તેમને આવકારું છું અને તેમની જવાબદારીઓમાં એ ખૂબ સફળ નીવડે એવી અંતરની ઉર્મિઓથી શુભેચ્છા પાઠવું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ એક સદભાગી ગૃહ છે કે આ ગૃહ તરફથી દેશને વડાપ્રધાન મળ્યા છે આ ગૃહમાંથી જ દુનિયાની સૌથી મોટી પાર્ટી એવા ભારતીય જનતા પક્ષને રાષ્ટ્રીય અધ્યક્ષ મળ્યા છે અને આજે આ ગૃહના જ એક સભ્ય અને આપણાં નેતા રહી ચૂકેલા એવા આનંદીબેન એ ગવર્નર બન્યા છે અને નાણામંત્રી રહી ચૂકેલા, સૌથી વધુ વખત જેમણે નાણાં બજેટ રજૂ કર્યુ એવા માનનીય વજુભાઇ વાળા પણ કર્ણાટકના ગવર્નર બન્યા છે એટલે અહીંયા આ બધુ ખૂબ સારું થાય છે એટલે આજે તેમાં વધારો થયો છે. શ્રી અમિતભાઇ ચાવડા કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે ગઇકાલે નીમાયા છે. સમગ્ર ગૃહ વતી અમારા સાથીઓ વતી, સરકાર વતી હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા પ્રમુખ જીતુભાઇ વઘાણી સાહેબ પણ આ જ ગૃહના સભ્ય છે એટલે હવે તો અહીંયાથી જ બધુ નક્કી થઇ જાય તો બહાર બહુ કરવાનુ નહીં રહે. અમારા જીતુભાઇ સંમતિ આપે, અમિતભાઇ સંમતિ આપે, મુખ્યમંત્રીશ્રી સંમતિ આપે તો સવા છ કરોડનો વિકાસ, પ્રગતિ, સુખ સુવિધા બધુજ આપણે કરી શકીએ એટલે બહાર બધુ ઓછું કરીશું અહીં સારું કરીએ એવી શુભેચ્છા.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અમારા મુખ્ય દંડક કે જેઓની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના યુવાન પ્રમુખ તરીકે નિમણૂક થઇ છે ત્યારે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અમિતભાઇના ચાર ટર્મનું તેમનુ પોતાનુ ધારાસભ્ય પદ અને હર-હંમેશ દરેક ચૂંટણીમાં પોતાની લીડમાં વધારો કરનારા એવા અમિતભાઇ જયારે આ વિધાનસભા ગૃહના એક સભ્ય તરીકે સૌથી જૂની પાર્ટી એવા કોંગ્રેસ પક્ષના એ જયારે પ્રમુખ બનવા જઇ રહ્યાં છે ત્યારે, તેમની નિમણૂક થઇ ગઇ છે તે માટે તેમને હું અભિનંદન આપું છું અને હું ગૌરવ અનુભવુ છું કે આપણી પાસે તે ભારતીય જનતા પાર્ટી હોય કે કોંગ્રેસ હોય બન્ને પાર્ટીના જે પ્રમુખ છે તે યુવાનોને નેતૃત્વ આપ્યું છે તેનુ અમને ગૌરવ છે અને આવનારા દિવસોમાં તે ભારતીય જનતા પાર્ટી હોય કે કોંગ્રેસ હોય આ બન્ને યુવાન પ્રમુખો તે આવનારી પેઢી માટે ગુજરાતની છ કરોડની જનતા માટે ખૂબ સુંદર મજાનું કામ કરશે તે રીતની હું મારી શુભેચ્છાઓ પાઠવું છું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારી ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી જીતુભાઇ વાઘાણી પણ ખૂબ નાની ઉંમરે પ્રમુખ બન્યા અને એવી જ રીતે અમારા જૂના બૃહદ જિલ્લાના શ્રી અમિતભાઇ ચાવડા છેલ્લી ચાર ટર્મથી ચૂંટાય છે અને ખાસ કરીને સમાજમાં એમની કામગીરી ખૂબ સારી રહી છે અને એમને પ્રદેશ પ્રમુખ બનાવવા બદલ હું આ ગૃહ વતી આભાર માનું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા કોંગ્રેસ પક્ષના યુવા ધારાસભ્ય એવા અમિતભાઇ ચાવડા ૪૨ વર્ષની ઉંમરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે કોંગ્રેસ પાર્ટીએ એમને જવાબદારી સોંપી છે ત્યારે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગઇકાલે આ ગૃહમાં શ્રી જગદીશભાઇ પંચાલનો સંકલ્પ હતો ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલ જે પાર્ટીનું નેતૃત્ત્વ કર્યું છે એ પાર્ટીના એક વારસદાર તરીકે અમિતભાઇ ચાવડાની નિમણૂક કરી છે અને સત્તાપક્ષે પણ શુભેચ્છા પાઠવી છે ત્યારે હું પણ અમિતભાઇ ચાવડાને ખૂબ-ખૂબ હ્રદયપૂર્વક શુભેચ્છા અને શુભકામના પાઠવું છું કે તેમને જે જવાબદારી સોંપી છે એ સુપેરે નિભાવશે અને ગુજરાતની છ કરોડની જનતાના પ્રશ્નોને અસરકારક રીતે વાચા આપી ગુજરાતને એક નવી ઉંચાઇ ઉપર લઇ જાય અને એમાં પણ સૌ સામૂહિક રીતે જવાબદારી નિભાવીએ એવી શુભકામનાઓ સાથે મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇ ચાવડાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમણૂક થઇ છે. સૌથી વધારે તો મને ગૌરવ છે કેમ કે, અમિતભાઇ અને હું એક જ સોસાયટીમાં રહીએ છીએ. ભરતભાઇ અને અમે પણ એક જ સોસાયટીમાં રહીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇ અને હું સાથે ધારાસભ્ય બન્યા હતા. એમને ચાર ટર્મ થઇ અને મને પાંચ ટર્મ થઇ અને નિરંજનભાઇને છ ટર્મ થઇ ત્યારે હું ખાસ અભિનંદન એટલા માટે આપું છું કે, એક યુવા નેતૃત્ત્વ ગુજરાતને મળ્યું છે અને પાર્ટીને પણ મળ્યું છે. જીતુભાઇ વાઘાણી પણ યુવા પ્રમુખ છે. ત્યારે બ્રિજેશ ભાઇએ કહ્યું એમ 'બંને યુવાનોને એક બેંચ પર બેસાડો' એ સૂચનની આપે નોંધ લીધી છે. હું અમિતભાઇને ખૂબ અભિનંદન આપું છું અને તમામ પક્ષ વતી, બંને પાર્ટી વતી ગુજરાતની જનતાનું કામ સુપેરે થાય એવી હું આપને વિનંતી કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે મારી વરણીને મારા પક્ષના નેતા આદરણીય પરેશભાઇ, આદરણીય નીતિનભાઇએ અભિનંદન આપ્યા છે એ બદલ સમગ્ર ગૃહનો આભાર માનું છું અને સાથે-સાથે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ જે આઝાદીની લડાઇથી માંડીને આજ દિન સુધી દેશની એકતા અને અખંડિતતા માટે સદાય કાર્યક્રમો દ્વારા સમર્પિતતાના દર્શન કરાવનારો પક્ષ એવા પક્ષમાં એક સામાન્ય કાર્યકર તરીકે અને ખૂબ નાની ઉંમરે પ્રદેશ પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે એ બદલ અમારી પાર્ટીના અધ્યક્ષ આદરણીય રાહુલજીનો પણ આભાર માનું છું અને આદરણીય નીતિનભાઇએ ગૃહના ગૌરવવંતા ઇતિહાસની વાત કરી એ વાતને દોહરાવતા એટલું જ કહીશ કે માત્ર ૨૮ વર્ષે પહેલીવાર ગૃહમાં સભ્ય બનવાનો મોકો મળ્યો હતો ત્યારે અત્યારે તમે નવા સભ્યોને ટકોરો છો એવી અમને પણ ઘણા બધા માનનીય અધ્યક્ષશ્રીઓ તરફથી ટકોર પણ મળી છે પણ આજે અનુભવોમાંથી પસાર થતા સંગઠન અને ચૂંટાયેલ પાંખ વચ્ચેનો સમન્વય કરવો એ દરેક પાર્ટીમાં ખૂબ અઘરો અને મહત્ત્વનો વિષય હોય છે. આજે માનનીય નીતિનભાઇએ આનંદ વ્યક્ત કર્યો અને બંને પાર્ટીના અધ્યક્ષ ગૃહમાં છે અને બંને પાર્ટીના નેતાઓ પણ આ ગૃહના સભ્યશ્રીઓ છે ત્યારે આવનારા

સમયમાં ગુજરાતના વિકાસ માટે, ગુજરાતની પ્રગતિ માટે, ગુજરાતમાં એકતા અને ભાઇચારો વધે અને કોઇપણ જ્ઞાતિ જાતિ, ધર્મના ભેદભાવ વગર દરેક વિસ્તારના લોકોને આગળ વધવાની તક મળે એવો સરકારનો જ્યાં પણ અભિગમ હશે કોંગ્રેસ પક્ષ સદાય આ અભિગમને ટેકો આપશે અને આપણે સૌ સાથે મળી ગુજરાતનો જે ગૌરવવંતો ઇતિહાસ રહ્યો છે એવું જ ગૌરવવંતુ ભવિષ્યનું નિર્માણ થાય એવો પ્રયત્ન કરીશું અને ફરીથી ગૃહના તમામ સભ્યશ્રીઓનો અને આપશ્રીનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહમાં આ વિરલ ઘટના યાદ રહેશે કે, બંને પક્ષના અધ્યક્ષો, નેતાઓ, બંને પક્ષના અધ્યક્ષ ધારાસભ્ય હોય, આવી ઘટના કદાચ જોવા નહીં મળે એટલું જ નહીં પરંતુ બંને પક્ષના નેતા, અધ્યક્ષ યુવાન હોય અને સારા તમામ લોકોની પ્રગતિ થાય અને જ્યારે આપણા પૈકીના તે હોય ત્યારે ખૂબ ખુશી થાય છે. માનનીય અમિતભાઇ રાજ્યના લોકોની ખૂબ ચિંતા કરે માટે હું શુભેચ્છા આપું છું અને આપનું સ્વાસ્થ્ય એને માટે ખૂબ સારું રહે, સારું છે અને સારું રહે એવી પ્રાર્થના ઇશ્વરને કરું છું.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**સુરતના કતારગામમાં સેફ ડિપોઝીટ વોલ્ટમાં હીરા મૂકવા જતા મેનેજરનું મૃત્યુ નિપજાવવાની કોશિક બાબત**

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તા. ૧૪.૦૩.૨૦૧૮ના રોજ સાંજના સમયગાળા દરમિયાન રૂપિયા ૨૦ કરોડના હીરાનું જોખમ લઇને સુરતના કતારકામમાં સેફ ડિપોઝિટ વોલ્ટમાં મૂકવા જતા મેનેજરને અજાણ્યા ઇસમોએ કપાળના ભાગે ઇજા પહોંચાડી હીરાથી ભરેલો થેલો આંચકી લઇ રીવોલ્વર જેવા સાધનથી ફોર વ્હીલ ગાડી પર ફાયરીંગ કરી મૃત્યુ નિપજવવાની કોશિશનો ગંભીર ગુનો બન્યો છે. આથી આ વિસ્તારના લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. "

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સુરતની ગ્લો સ્ટાર ડાયમંડ ફેક્ટરીના કર્મચારીઓ તા. ૧૪/૦૩/૨૦૧૮ના રોજ સાંજે આશરે સવા સાતેક વાગ્યાના અરસામાં તેમની કંપનીના આશરે ૧૨ કરોડની કિંમતના ૨૨૦૦ કેરેટના કાચા સેમી-પ્રોસેસ-પોલીસ્ડ હીરા લઇ સુરતના કતારગામ ગોઘાણી સર્કલ પાસે આવેલ બંબાવાડી વિસ્તારના કતારગામ સેફ ડીપોઝીટ વોલ્ટમાં મૂકવા જતા હતા. સેફ ડીપોઝીટ વોલ્ટની નજીક તેઓએ તેમની કાર પાર્ક કરી ચાલીને જતા હતા તે દરમ્યાન પાંચ અજાણ્યા શખ્સોએ મેનેજરના પગના ભાગે તથા ફરિયાદીના કપાળના ભાગે શોક બેટન જેવા સાધનથી ઇજા પહોંચાડી હીરાના થેલાની લૂંટ કરેલ. આરોપીઓ પૈકી એક વ્યક્તિએ ફરિયાદીની પાર્ક કરેલી કાર ઉપર બે રાઉન્ડ ફાયરીંગ કરેલ. ફાયરીંગથી કોઇને ઇજા થયેલ નથી.

આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ, ક્રાઇમ બ્રાન્ચ, એસ.ઓ. જી. ની ટીમે સ્થળ પર પહોંચી બનાવની વિગતો મેળવેલ. સમગ્ર વિસ્તારમાં તુરત જ રેડ એલર્ટ જાહેર કરવામાં આવેલ. ઉપરાંત પોલીસ દ્વારા નાકાબંધી અને સઘન કોમ્બીંગ કરવામાં આવેલ હતું. સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા અલગ અલગ ટીમો બનાવી બનાવની આજુબાજુના વિસ્તારના સી.સી.ટી.વી. ફૂટેજ મેળવવામાં આવ્યા, કોલ ડેટા રેકર્ડ પ્રાપ્ત કરવામાં આવ્યા તથા આવા ગુના સંબંધમાં અગાઉ પકડાયેલ આરોપીઓની પુછપરછ હાથ ધરવામાં આવી.

ફરિયાદીની ફરિયાદના આધારે કતારગામ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૮૭/૨૦૧૮થી ઇ.પી.કો.કલમ ૩૯૫, ૩૯૭, ૩૦૭, ૧૨૦(બી), ૩૪ તથા જીપી એકટ કલમ ૧૩૫ તેમજ આર્મ્સ એકટ કલમ ૨૫(૧) (બી) (એ), ૨૭ (૧)મુજબનો ગુનો તા.૧૪/૩/૨૦૧૮ના રોજ ૨૧.૧૫ કલાકે રજીસ્ટર થયેલ છે. ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેકટરશ્રી દ્વારા કરવામાં આવી રહેલ છે.

સી.સી.ટી.વી. ફૂટેજ તથા શંકાસ્પદ મોબાઇલ નંબરોના એનાલિસિસ કરીને ગુનામાં વપરાયેલ વાહનોની હકીકત મેળવી સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગણતરીના કલાકોમાં આ ગુનાનો ભેદ ઉકેલી મૂળ ઉત્તર પ્રદેશના બે આરોપીઓને તા.૧૭/૩/૨૦૧૮ના રોજ અટક કરવામાં આવ્યા છે. તેઓની પાસેથી ગુનાના કામે લૂંટમાં ગયેલ રૂપિયા ૧૨ કરોડ ૬૮ લાખ ૮૦ હજાર ૫૧૧ના કુલ ૨૫૪૧ કેરેટના હીરા કબજે કરવામાં આવ્યા છે. બંને આરોપીઓને સક્ષમ કોર્ટ દ્વારા પાંચ દિવસના રીમાન્ડ મંજૂર કરવામાં આવ્યા. તેઓની સઘન પુછપરછ દરમ્યાન અન્ય સહ આરોપીઓના નામ ખુલેલ છે. જેનાં આધારે સુરત ક્રાઇમ બ્રાન્ચની બે ટીમોને ઉત્તરપ્રદેશ ખાતે મોકલવામાં આવેલ. આ ટીમો દ્વારા ૬ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. જેમના ૬ દિવસના રીમાન્ડ મળેલ છે. આમ અત્યાર સુધીમાં કુલ ૮ આરોપીઓ પકડાયા છે. આ ગુનાની તપાસ ચાલુ હોય વધારે ધરપકડની શકયતાઓ છે.

આ બનાવની ગંભીરતા ધ્યાને લેતા ભવિષ્યમાં આવા બનાવો ન બને તે હેતુસર ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ડાયમંડ એસોસિએશનના પદાધિકારીઓ સાથે બેઠક યોજી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવેલ. તેમજ સુરત પોલીસ દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) હીરા બજાર ચાલુ થવાના અને બંધ થવાના સમયે ખાસ પેટ્રોલિંગ વ્યવસ્થા.

(૨) હાલની કાર્યરત પોલીસ ચોકીમાં વધુ ફોર્સ અને સાધનો પૂરા પાડી અસરકારકતા વધારવામાં આવી.

આ ઉપરાંત

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

(૩) હીરા બજાર તથા હીરા ઉદ્યોગના તમામ યુનિટોમાં સી.સી.ટી.વી. કવરેજ વધારવા વિચારણા કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા, રાજયની પોલીસ દ્વારા ત્વરિત પગલાં લેવાના કારણે સંપૂર્ણ મુદ્દામાલ સાથે ગુનો ઉકેલવામાં આવેલ છે અને ભવિષ્યમાં આવા પ્રકારના બનાવો ન બને તે માટે તમામ આવશ્યક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે, સુરત શહેરમાં જયારે આવડી મોટી લૂંટનો જે બનાવ બન્યો છે. તેને આટલા ટૂંકા ગાળામાં જે શોધી કાઢવામાં આવ્યું છે, ત્યારે સુરતની જાબાંઝ પોલીસ, તમામ અધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ અને તમામ પોલીસ વિભાગને હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય ગૃહમંત્રીશ્રીને પણ, એમની ટીમને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું, અને અભિનંદન સાથે મને એ જાણવામાં રસ છે કે, આટલી ગણતરીની કલાકોમાં સફળતા કેવી રીતે મળી અને આ ગુનાની તપાસ દરમિયાન કોઇ ગુનામાં આરોપીઓ સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું કે કેમ, અને જો હા, તો આ ગુનાની અન્ય ગુનામાં સામેલ હોય એની વિગત આપવા બાબત અને માનનીય મંત્રીશ્રીને આ સાથે સાથે મારું એક સૂચન પણ કરવા માગું છું કે, હીરા ડાયમન્ડ બજાર બહુ મોટું છે અને કરોડો અબજો રૂપિયાનો વ્યવહાર ત્યાં થતો હોય છે ત્યારે હીરા બજારની અંદર પોલીસ ચોકી છે, પરંતુ વરાછાની અંદર થોડીક દૂર છે, જો એની સાથે નજીક સરદાર ચોકમાં લાવવામાં આવે તો આવનારા દિવસોમાં આવી ઘટનાઓને પણ રોકી શકાય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા ૧૧૬ ના માધ્યમથી સભાગૃહનું જે ધ્યાન આકર્ષિત કર્યું છે, આ ઘટનાના સંદર્ભમાં મારે એટલું કહેવું છે કે, આ ઘટનાના જયારે સમાચાર મળ્યા ત્યારે એ રાજયના પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ માટે એક મોટી ચેલેન્જ હતી. ઘટનાની વિગતો માટે એમણે કહ્યું છે તો કહું કે ૧૪ મી તારીખે સાંજના ૭.૦૦ વાગ્યે ગ્લો સ્ટાર ડાયમન્ડ કંપનીના માલિક અને મેનેજર વિજયભાઇ અને પ્રકાશભાઇ એમના ૧૨ કરોડ રૂપિયાના હીરા કતાર ગામ ખાતેના સેઇફ ડીપોઝીટ વોલ્ટ ખાતે મૂકવા જતા હતા, જયાં મૂકવાના હતા તે જગ્યાએ ટ્રાફિક જામ હોવાના કારણે એમણે પોતાની ગાડી દૂર સુધી મૂકી અને ત્યાંથી ચાલતા ચાલતા આગળ વધતા હતા ત્યારે એમને રસ્તામાં કેટલાક અજાણ્યા લોકોએ એ શોક બેટન આવે છે તે શોક બેટન લાકડી મારે એટલે કરંટ લાગે આ શોક બેટનની લાકડીથી આ વિજયભાઇ અને પ્રકાશભાઇ પર હુમલો કર્યો, અને એમની જે હીરા ભરેલી થેલી હતી અને પાઉચ હતું તે લઇને નાસી ગયા. એ વખતે એમનો ડ્રાઇવર ત્યાં ગાડીમાં બેઠો હતો એટલે એ લોકોને એમ લાગ્યું કે એ અમારો પીછો કરશે એટલે આ ડ્રાઇવરની ગાડીના ટાયર ઉપર એમણે ફાયર કર્યું. આ ઘટનાની જેવી ૭.૧૫ વાગે ખબર પડી એટલે તરતજ ૭.૩૦ વાગ્યે પોલીસને જાણ થઇ અને ૭.૪૫ વાગ્યે સ્થાનિક પી.આઇ. અને અમારા ડી.સી.પી ત્યાં પહોંચી ગયા અને અમારી એસ.ઓ.જી અને ક્રાઇમ બ્રાંચના લોકો ત્યાં પહોંચી ગયા, પોલીસ ઇમીજેટ એકશનમાં આવી અને રેડએલર્ટ જાહેર કર્યું અને નાકાબંધી કરી અને રાજયના પોલીસ વડા અને સી.પી. બધાના માર્ગદર્શન હેઠળ આખે આખો બનાવ હાથ પર લીધો. સૌથી પહેલાં સી.સી.ટી.વીના ફૂટેજ જોવાનું શરૂ કર્યું અને સી.સી.ટી.વી.ના ફૂટેજમાં એમને એવું લાગ્યું કે, બે શખ્સ શંકાસ્પદ હાલતમાં અહીંયાં ફર્યા કરતા હોય છે એટલે પછી એ સી.સી.ટી.વીના બેક ફૂટેજ જોઇ અને તે કઇ ગાડીમાં હતા એ પકડી અને એ કોની ગાડી હતી એ પકડી અને ગાડીના માલિકને પૂછ્યું કે આ ગાડી તો એમણે પાંડેને વેચી છે તેમ જણાવે તો એને પકડયો અને એના માધ્યમથી સુરતના પોલીસ દ્વારા આ ૧૨ કરોડ રૂપિયા કરતાં વધારે રૂપિયાની લૂંટ પકડી છે, એટલું જ નહીં પરંતુ આ તમામે તમામ હીરા રીકવર કર્યા છે અને તેના કારણે હું ગુજરાતના સુરતના પોલીસ તંત્રને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા અભિનંદન એટલા માટે આપું છું કે, આ એક લૂટ નહીં પણ પોલીસે પોતાની કૂનેહથી, કુશળતાથી શાર્પ ઇન્ટ્રોગેશનના કારણે એ બીજા બે ગુનાઓની અંદર સંડોવાયેલા હતા આ બે બીજા ગુનાઓમાં સંડોવાયેલા હતા તેમાં કતાર ગામનો લૂંટનો એક ગુનો હતો તે લૂંટની અંદર ૧૫.૪૦ લાખની બેગ એ લોકોએ આંચકી હતી, પરંતુ સાચી કિંમત એની ૧.૮૫ કરોડ રૂપિયા હતી, એની અંદરથી પણ ૫૩ લાખ રૂપિયાનો બીજો ગુનો પણ આ જ ગુનેગારો પાસેથી રીકવર કરીને પકડયો. એ જ પ્રમાણે આ ગુનેગારો પાસેથી ત્રીજો ગુનો એટલે કે તા.૭.૧૦.૨૦૨૦૧૭ નારોજ વરછામાં પાંચ આરોપીઓ એક ઓફિસની અંદર ઘુસીને પીસ્તોલ જેવું હથિયાર બતાવીને મોટી લૂંટ કરવાના આશયથી આવ્યા હતા સદનસીબે ત્યાંથી હીરાની લૂંટ કરવામાં એ સફળ નહોતા રહ્યા. આ બધા જ આરોપીઓ આ જ ગુનાની અંદર સંડોવાયેલા હતા. એક ગુનામાંથી ૧૨ કરોડની રીકવરી અને તેના આધારે બીજો ગુનો પણ ૧.૮૫ કરોડની લૂંટનો ભેદ અને ૫૩ લાખ રૂપિયાની રીકવરી અને ત્રીજો ગુનો પકડી લીધો એટલા માટે સુરતની પોલીસે ઉત્તમ પ્રકારની કૂનેહ બતાવી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ જયારે આખી ઘટનાની વાત કરવામાં આવી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતની પોલીસ એ સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરની પોલીસ છે, લૂંટના ગુનાઓ ભેદ ઉકેલવાવાળી પોલીસ છે, અને આ રીતે એમણે કરેલી ઉત્તમ કામગીરીને પ્રશસ્તી પત્ર આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આજે પોલીસની ટીમો આની સાથે સંકળાયેલી છે, તે સુરતની પોલીસને ૧૦ લાખ રૂપિયાનું ઇનામ આપવાનું રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા નકકી કરવામાં આવ્યું છે.

શ્રી અરવિંદ શાં. રાણા : સુરત શહેરમાં ૧૨ કરોડ રૂપિયાની કિંમતની હીરાની લૂંટના આરોપીઓને માત્ર ત્રણ દિવસમાં શોધીને પકડી પાડવામાં આવ્યા છે તથા આ ગુનો ડીટેકટ કરીને તમામ મુદ્દામાલ કબજે કરવા બદલ સુરત પોલીસ અને રાજય સરકારને દિલથી અભિનંદન આપું છું. હમણાં અઠવાડિયા પહેલા જ એ વર્લ્ડ ફલેસ નામની નેશનલ વેબસાઇટ છે એણે દેશના ટોપ ટેન સુરક્ષિત શહેરોની યાદી પ્રસિદ્ધ કરી છે એમાં ગુજરાત રાજયમાં સુરત શહેર ટોચના પ્રથમ ક્રમે અને અમદાવાદ

શહેર બીજા ક્રમે આવેલ છે એ બદલ હું રાજય સરકાર અને પોલીસ તંત્રનો ખૂબ જ આભાર માનું છું. આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત અને અમદાવાદ જેવા મહાનગરોમાં હીરા ઉપરાંત મોટી માત્રામાં રોકડ રકમ પણ વાનમાં લાવવા લઇ જવામાં આવે છે. હમણાંજ અમદાવાદમાં એક કેસ વાનમાંથી રોકડ રકમની લૂંટ થઇ હતી તેનો ગુનો ડીટેકટ થયેલ છે કે કેમ એની માહિતી મંત્રીશ્રી આપે તેવી વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ગુજરાતની પ્રજાની શાંતિ સલામતી અને સુરક્ષા એ ગુજરાત સરકારના અને ગુજરાતના પોલીસ વિભાગનું ધ્યેય છે. ઘટનાઓ તો બને છે પરંતુ ઘટનાઓ બન્યા બાદ પોલીસ તંત્ર તાત્કાલિક એકશનમાં આવીને જેમ સુરતની ઘટનામાં તમામ આરોપીઓને પકડવાની દિશામાં આગળ આપણે સફળતા મેળવી છે. માનનીય સભ્યશ્રીની ચિંતા છે કે હમણાં અમદાવાદમા રાજપથ કલબ પાસે એચ.ડી.એફ.સી. બેંકના કેશ વાનમાંથી ૯૮ લાખ ૧૦ હજાર ભરેલ લોખંડની ટ્રક ચોરી જવાનો બનાવ બન્યો હતો. એમાં ગુનો ભલે અમદાવાદ શહેરનો હોય પણ રાજયની તમામ પોલીસ પોતાની પાસે જે ડેટા છે એના આધાર ઉપર એક શહેર બીજા શહેરવાળાને મદદરૂપ થઇને આ પ્રમાણેના ગુનાઓનો ભેદ ઉકેલવા મદદ કરતાં હોય છે. આની અંદર પણ તાત્કાલિક એસ.ઓ.જી., ક્રાઇમબ્રાન્ચ, સાઇબર સેલ,વાહન ચેકીંગ, આસપાસના સીસીટીવીના ફુટેજ આ બધાના આધારે જે ફરિયાદી કંપની સી.એમ.એસ. ઇન્ફોસિસ્ટમ કે જે આ રીતે લોખંડની ટ્રકની અંદર જે કેસ હોય એનું મુવમેન્ટ કરવાની કામગીરી સંભાળે છે. એનો જે ડ્રાઇવર હતો એને રસ્તાની અંદર કોઇએ ચાની અંદર કેફી પીણું પીવડાવવાના કારણે એની સાથેના લોકો હતા એ બેભાન થયા અને પછી આ આરોપી હતો એમાંથી આ આખી કેશવાન લઇને ત્યાંથી આગળના ભાગમાં એક બીજા આરોપીને લઇને મોટર સાઇકલ ઉપર થેલામાં નાખીને લઇ ગયા હતા. આમાં પણ અમદાવાદ શહેરની પોલીસ દ્વારા એનું સી.ડી.આરનું એનાલીસીસ અને બાકીની બધી જ સિસ્ટમના માધ્યમથી એ ટેકનિકલ ઇન્ટેલીજન્સ અને મેન્યુઅલ માહિતીના આધારે એના બે આરોપીઓને પકડયા છે અને પકડીને હાલનું એનું ઇન્ટ્રોગેશન ચાલે છે. આ ૯૭ લાખ રૂપિયાનો અઘરો કેસ હતો છતાં એના આરોપીઓને પકડવામાં અમદાવાદ શહેરની પોલીસ સફળ રહી છે.

શ્રી વિવેક ન. પટેલ : સલામત ગુજરાત, સલામત સુરત. સુરતમાં કરોડોના હીરાની લૂંટ કરનારને ગણતરીના કલાકોમાં સંપૂર્ણ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા. ગતિશીલ ગૃહ વિભાગને અને સુરતની પોલીસને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારી જન્મભૂમિ મહેસાણા જિલ્લાનું વિસનગર છે અને કડીની સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરેલો છે અને હવે સુરત એ મારી કર્મભૂમિ છે. આપના માધ્મથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લાના કડી ખાતે લૂંટની બનેલ ઘટનામાં શું પગલાં લેવામાં આવ્યા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય ધારાસભ્યશ્રીના પોતાના વતન એવા કડીમાં ગુનો બન્યો હતો એના કારણે અમે બધા પણ ચિંતામાં હતા. કડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદી પટેલ ધર્મેન્દ્રભાઇ ભાઇચંદભાઇ પોતાના મોટર સાઇકલ ઉપર ૩૬ લાખ રૂપિયા લઇને પોતાની ઓફિસ જતાં હતા ત્યારે રસ્તામાં એક નંબર વગરની મારૂતી ઇકો ગાડીએ એને ટક્કર મારી નીચે પાડીને એ ગાડીમાંથી ત્રણ શખ્સોએ એમના મોઢે કપડું બાંધીને ઘાતક હથિયાર બતાવીને ૩૬ લાખ રૂપિયાની લૂંટ કરીને એ આરોપીઓ નીકળી ગયા હતા. પરંતુ આ બનાવનું સી.સી.ટી.વી. ફૂટેજ અને સેલ આઇ.ડી.ના ડિટેઇલનું એનાલિસીસ કરીને ખાનગી બાતમીદારો પાસેથી માહિતી મેળવીને પોલીસે કુશળતાથી એ આરોપીઓની ધરપકડ કરીને ૨૯,૯૫,૪૬૦ રૂપિયા રીકવર કર્યા અને ઇકો ગાડી અને મોબાઇલ સહિત ૩૩,૯૬૦ રૂપિયા કડીની આ લૂંટમાંથી રાજયનું પોલીસ તંત્ર તેને શોધવામાં સફળ રહ્યું છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, દુનિયામાં અનેક જગ્યા પર સૌથી સેઇફેસ્ટ દેશ હોય છે તેમાં પણ અનેક ગુનાઓ થતાં હોય છે. મારું સુરત શહેર લાખો લોકોને રોજગારી આપવાવાળું શહેર છે. આ શહેરમાં લાખો લોકો પોતાની રોજગારી પામવા આવતા હોય ત્યારે આવી નાની મોટી ઘટનાઓ થતી હોય છે તેની સામે જે પ્રકારે અમારે ત્યાં ગુનાનો ઉકેલ લાવવા માટે રાજયનો ગૃહ વિભાગ જે પ્રકારે નાના નાના વિષયો પર ધ્યાન આપે છે તે માટે રાજયના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજીને અમે અભિનંદન આપવા માગીએ છીએ. સુરત શહેરની સૌ જનતા વતી આ સરકારને અભિનંદન આપવા માગીએ છીએ. રાજયના પોલીસ વડાને અભિનંદન આપવા માગીએ છીએ. રાજયનો પોલીસ સ્ટાફ છે તેને અભિનંદન આપવા માગીએ છીએ. અમારા સુરત શહેરના સૌ પોલીસના જવાનોને અને પોલીસ કમિશ્નરશ્રી અને તમામ સ્ટાફને અમે અભિનંદન આપવા માગીએ છીએ. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમારા સુરતમાં પી.પી.પી.ના મોડલના માધ્યમથી સી.સી.ટી.વી.નું ખૂબ જ મોટા પાયે વિસ્તરણ કરવામાં આવેલું છે. સુરત શહેરી ગલી ગલીઓમાં ગુનેગારો માટે કોઇ જગ્યા બાકી રહી નથી. જયાં જોઇએ ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવ્યા છે. સી.સી.ટી.વી. કેમેરા ખૂબ જ ઉપયોગી થયેલા છે. આના માધ્યમથી આવા કેટલાય ગુનાઓ ભૂતકાળમં ઉકેલાયેલા છે. આવા કોઇ ખાસ ગુનાઓ ઉકેલાયા હોય તો તેનું જે નેટવર્ક મજબૂત કરવાનું આયોજન કરેલું છે એ કઇ રીતે કરેલું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હવે બદલાતા સમયમાં રાજયના પોલીસ તંત્રની એફિશિયન્સીનો આધાર તેના મહેકમ ઉપર નથી રહેવાનો. એનો આધાર પોલીસ તંત્રના મોર્ડનાઇઝેશન ઉપર રહેવાનો છે. મોર્ડનાઇઝેશન આ સી.સી.ટી.વી. જેવી ટેક્નોલોજીના માધ્યમથી પ્રિવેન્શન, ક્રાઇમ માટેનું આપણે ઉત્તમ પ્રકારનું કરી શકીએ. માનનીય ધારાસભ્યશ્રીએ જે કહ્યું છે કે સુરત એ ફાસ્ટ ગ્રોઇંગ સિટી છે. ડાયમન્ડ અને ટેક્ષ્ટાઇલનું આખા દેશનું હબ છે અને સુરત આખા ગુજરાતમાં ફાયનાન્શન્સીયલ હબ ઉપરાંત કોસ્મો કલ્ચર. સુરતમાં દેશભરના લોકો રહે છે. આના માટે સિટી સર્વેલન્સ એન્ડ

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ઇન્ટેલિજન્સ ટ્રાફિક મેનેજમેન્ટની સિસ્ટમના આધાર ઉપર સી.સી.ટી.વી.ની નેટ આખા વિસ્તારની અંદર ગોઠવવામાં આવી છે અને મેં સવારના જવાબમાં કહ્યું તે રિપીટ કરું છું કે ૩૩૫ કરોડના ખર્ચે સાત ઝોનના પ્રોગ્રામ હેઠળ ૩૪ જીલ્લા, ૬ ધાર્મિક સ્થળો ઉપર ૧૨૩૮ લોકેશનો ઉપર ૭,૬૪૩ કેમેરા લગાવવાનું પણ આયોજન છે. સુરતમાં ૨૦૧૬-૧૭ના જે ગુના છે, ૮ લૂંટના ગુના સી.સી.ટી.વી.ના માધ્યમથી પકડાયા. ૯ ઘરફોડની ચોરીઓ સી.સી.ટી.વી.ના માધ્યમથી પકડાઇ. અન્ય નાની મોટી ૭૧ ચોરીઓ પણ આના માધ્યમથી પકડાઇ. આ ઉપરાંત સુરત તેના બેસ્ટ પોલીસીંગના કારણે, બેસ્ટ મેનેજમેન્ટ ઓફ પોલીસ સિસ્ટમના કારણે હમણાં ૨૦૧૬માં આખા દેશના ૧૯ મેગા સિટી છે તેના ક્રાઇમ રેઇટની સરખામણી આવી હતી. મને કહેતા ગૌરવ થાય છે કે દેશના કુલ ૧૯ મેગા સિટીમાં લૂંટની અંદર સુરતનો નંબર છેલ્લેથી બીજો એટલે કે ૧૭મો છે. એ રીતે ધાડમાં આખા દેશમાં આટલું મોટું પ્રોસ્પરસ આપણું મેગા સિટી હોવા છતાં પણ ધાડમાં સુરતનો નંબર ૧૫મો છે. કુલ ૧૯માં ઘરફોડ ચોરીમાં પણ તેનો નંબર ૧૭મો છે અને ખાલી ચોરીમાં કુલ ૧૯ પૈકી સુરતનો નંબર ૧૬ છે. આમ, સુરત સી.સી.ટી.વી. નેટના માધ્યમથી અને બેસ્ટ પોલીસીંગના કારણે આટલું મેગાસિટી હોવા છતાં પણ ગુનાની દ્રષ્ટિએ પાછળ સ્થાન ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક જાહેરાત કરવા માગું છું કે આપણે સી.સી.ટી.વી.નું નેટ આખા રાજયમાં પોલીસ સ્ટેશનોમાં કરીએ છીએ અને ગુનાને રોકવા માટે પણ કરીએ છીએ. ટ્રાફિક મેનેજમેન્ટ માટે પણ ઇ-ચલણ આપવા માટેની પ્રોસેસ આપણે કરી હતી. આપણો આશય એવો છે કે લોકોમાં ટ્રાફિકની સેન્સ વધે અને અકસ્માતનું પ્રમાણ ઘટે, લોકોની જીંદગી બચાવી શકીએ. તેના માટે આપણે ઇ-ચલણના માધ્યમથી તેને દંડ આપવાનું નક્કી કર્યું હતું. એ સિસ્ટમમાં પણ કેટલીક ટેક્નિકલ એરર હતી. તેના કારણે આપણે એ સિસ્ટમ બંધ કરી હતી. ગઇકાલે જ અમે એ સિસ્ટમ રિવ્યૂ કરી છે અને આગામી દિવસોમાં જે ટ્રાફિકના નિયમનો ભંગ કરે, મોટર વ્હીકલ એક્ટનો ભંગ કરે એમને આગામી ૧૫મી એપ્રિલથી ફરીથી ઇ-ચલણથી નોટિસ આપવાની કામગીરી કરીને ટ્રાફિક મેનેજમેન્ટ અને અકસ્માત ઘટે એના માટેની પ્રક્રિયા શરૂ કરવાના છીએ.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં લૂંટ થઇ હતી એ રીતે અમદાવાદમાં હિરા લઇને જતા વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. તો આ ગુનામાં આરોપીઓને પકડવા માટે પોલીસ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં આશ્રમ રોડ ઉપર આંગડીયાના હાથમાંથી થેલો ઝૂંટવીને એ જ વખતે પોઇન્ટ બ્લેન્કથી ગોળીબાર કરીને એની ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. એના કારણે તાત્કાલિક પોલીસ એક્શનમાં આવી અને એની અંદર જે સીસીટીવી ફૂટેજ અને બાકીના માધ્યમથી ઉત્તર પ્રદેશમાંથી જેણે આમાં હત્યા કરી હતી એ હત્યારાને પકડવામાં આવ્યો હતો અને આ ગુનેગારો પૈકીના છ ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે અને એની અંદર આરોપીઓ પાસેથી ૧ પિસ્તોલ, બે દેશી તમંચા, ૧૦ કારતુસ, રૂ.૪૨/- લાખનો માલ રીકવર કરવામાં આવ્યો છે. આરોપીઓને હાલ ૧૦ દિવસના રિમાન્ડ ઉપર રાખેલ છે અને ડિટેઇલ્સ ઇન્ટ્રોગેશન ચાલુ છે. અમદાવાદ શહેરના આશ્રમ રોડ ઉપર આંગડીયાની લૂંટનો ગુનો બન્યો હતો એમાં તમામ આરોપીઓને પકડવામાં ગુજરાતની પોલીસને સફળતા મળી છે.

અધ્યક્ષશ્રી : ચાર-પાંચ સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવા દીધા છે. આ ૧૧૬ની નોટિસ છે, આ પ્રશ્નોત્તરી નથી. જે સભ્યશ્રીઓએ નોટિસ આપેલ એમને પ્રશ્નો પૂછવા દીધેલ છે. પ્લીઝ, બેસી જાઓ. નેક્સ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**સન ૨૦૧૬-૧૭ના નાણાકીય હિસાબો અને કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ઓડિટ અહેવાલો**

શ્રી નીતિનભાઇ ર. પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૬-૧૭ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (અંગ્રેજી અને ગુજરાતી)

(ખ)ગુજરાત સરકારના સન ૨૦૧૬-૧૭ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી અને ગુજરાતી)

(ગ)ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬-૧૭ના વર્ષનો ઓડિટ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ)ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬-૧૭ના વર્ષનો ઓડિટ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ)ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬-૧૭ના વર્ષનો ઓડિટ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૬-૧૭ના ઓડિટ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ.નો અહેવાલ,**

શ્રી પરબતભાઇ સ. પટેલ (રા.ક.ના જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.ના વાર્ષિક અહેવાલ**

ચૈત્ર ૭, ૧૯૪૦ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ ટિપ્પણ અને સમિક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૧૬–૧૭ના ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સુધારેલા અંદાજો અને ૨૦૧૭–૧૮ના અંદાજો**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૬–૨૦૧૭ ના સુધારેલ અંદાજો તેમજ સન ૨૦૧૭–૧૮ના અંદાજો તથા આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૬–૧૭ના અને ૨૦૧૭–૧૮ના અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૧૬નો ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૬નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૬નો વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શિક્ષણ વિભાગના જાહેરનામા**

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ અન્વયેના,

(૧)તા.૨૪–૮–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–જીએ/એસએચ/૮૨/બીએમએસ/૧૧૧૭/૮૩ /છ

(૨) તા.૩–૧૦–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–જીએ/એસએચ/૮૬/બીએમએસ/૧૧૧૭/૮૩/ છ

(૩) તા. ૨૮–૨–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–જીએ/એસએચ/૦૬/બીએમએસ/૧૧૧૮/૮૩/ છ

સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંગળવાર, તા.૨૦–૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૨૨૪, અગ્રતા–૪૦, તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૯૩, અગ્રતા–૪૨, તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૩૩, અગ્રતા–૫૪, તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૦૦, અગ્રતા– ૧૫૭, તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૨૩,અગ્રતા– ૨૨૧, તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૧૨, અગ્રતા–૨૨૫ અને તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૯, અગ્રતા–૨૦૭માં અપાયેલ લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૯૦૫(અગ્રતા–૧)ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૭–૦૩/૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાના ''જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ગુમ થયેલ બાળકો'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૯૦૫(અગ્રતા–૧)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું બુધવાર તા.૧૪/૩/૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૬૩૭૯, અગ્રતા–૧૮, અને તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૬૪૦૦, અગ્રતા–૨૩૬માં અપાયેલ લેખિત જવાબોમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી,હું બુધવાર, તા.૨૧/૦૩/૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંક–૮,૫૩૮, અગ્રતા–૭૪, અને પ્રશ્ન ક્રમાંક–૮,૯૭૯, અગ્રતા–૧૦૩માં અપાયેલ લેખિત જવાબોમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૪**

**ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.**

**અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અથવા અન્યા પછાત વર્ગની વ્યક્તિઓને જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, * રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન–૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ ઐતિહાસિક દિવસ છે અને એસ.ટી., એસ.સી., અને ઓ.બી.સી.ના લોકોના અધિકારો માટેનો આજનો દિવસ એ સુવર્ણ અક્ષરે લખાશે. ગુજરાત સરકારના ત્રણ વિભાગો એટલે આદિજાતિ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને પછાતવર્ગોનું કલ્યાણ વિભાગ દ્વારા સંયુક્ત રીતે અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગોને પ્રમાણપત્રો આપવા અને તેની ખરાઇ માટેનું બિલ આ ગૃહમાં લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પહેલાની વિવિધ વર્ગોની સામાજિક અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઇને તેઓ દેશમાં પાછળ ન રહી જાય અને પછાત સમાજોને પણ આગળ લાવવા અને તેઓને મુખ્ય ધારામાં જોડવાના શુભ આશયથી બંધારણના ઘડવૈયાઓએ અનામત પ્રથાની જોગવાઇ કરી હતી. અનામત પદ્ધત્તિનો મુખ્ય ઉદેશ એ વંચિત સમુદાયોના સામાજિક અને શૈક્ષણિક દરજ્જામાં સુધારો કરવાનો છે. તેમની જીવનશૈલીમાં સુધારો કરાવીને ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક કારણોસર અનામત આવશ્યક છે. અનામત ઐતિહાસિક રીતે વંચિત વર્ગોનું સંવર્ધન કરવાનું કામ કરે છે. આ વ્યવસ્થાને લીધે સમાજમાં સૌના માટે સમાન તકો ઉભી થાય, ઉચ્ચ–નીચના ભેદભાવ ઘટે અને સૌને શિક્ષણ તથા સરકારી નોકરીઓ મેળવવા માટેની સરખી તકો પ્રાપ્ત થાય છે. આમાં બંધારણે આપેલ અનામતના અધિકારો તે સમાજના લોકો માટે મૂળભૂત અધિકારો જેટલું જ મહત્ત્વ ધરાવે છે. હાલમાં સમગ્ર દેશમાં અને ગુજરાતમાં કેટલાક ભાગોમાં બનેલી જાતિ દાખલા અંગેની ઘટનાઓ સરકારશ્રીના ધ્યાને આવેલ છે. જે અનુસાર કેટલાક લોકો જાતિ અંગેના ખોટા પ્રમાણપત્રો મેળવીને અનામત પ્રથાના મળતા લાભો ગેરકાદેસર રીતે ભોગવે છે. આ બાબત સાચા લોકોના અધિકારો ઉપર તરાપ મારવા સમાન છે. જેનાથી સાચી વ્યક્તિઓને પોતાના હક્કથી વંચિત રહેવું પડે છે. આથી આ સરકાર આવા ગેરકાયદેસર પ્રવૃત્તિને ગુના પ્રવૃત્તિ તરીકે ઠરાવીને તેનો સમૂળગો નાશ કરવાનો ઇરાદો કરીને આ ગૃહમાં આવી છે. આવી ગેરરીતિ અને ઉભી થયેલ અવ્યવસ્થા મૂળમાંથી અટકે અને કોઇ ઉમેદવાર સરકારી નોકરી ઉપર લાગે એના કરતાં શરૂઆતમાં જ એના જાતિ પ્રમાણપત્રની ખરાઇ કરવામાં આવે તો ભવિષ્યમાં ઉભી થતી મુશ્કેલીઓ અટકાવવા માટે આ કડક કાયદો લાવવાની જરૂર પડી છે. હાલની સ્થિતિમાં આ અંગે કોઇ ચોક્કસ કાયદો ન હોવાના કારણે ખોટું કરનારા લોકો ઉપર કોઇ ડર રહેતો નથી. આ કાયદો આવવાથી ખોટું કરનારા ઉપર કાયદાની સજાનો ડર ઉભો થશે. ખોટું કરનારા ખોટું કરતાં પહેલાં સો વાર વિચાર કરશે. આ કાયદા અંગે હું સ્પષ્ટતા પણ કરું છું કે આ બિલ એ કોઇ જ્ઞાતિને અનામતમાં ઉમેરવા માટે કે કોઇ જ્ઞાતિને અનામતમાંથી કાઢવા માટેનું બિલ નથી. આ તો માત્રને માત્ર જાતિના દાખલાઓનું વેરિફિકેશન કરવા અંગેનું બિલ છે. આમ પણ એસ.ટી. અને એસ.સી. સમાજ માટે તો કોઇ જ્ઞાતિને અનામતમાં ઉમેરવી કે કમી કરવી એ રાજ્ય સરકારને અધિકાર પણ મળ્યો નથી, ત્યારે આ વિધેયક કોઇ લોકોને ચોક્કસ ટાર્ગેટ કરીને લાવવામાં આવ્યું છે એવું હરગિજ નથી. આ કાયદો સમાજની નાની વ્યક્તિઓ માટે લાવવામાં આવ્યો છે. આથી આ કાયદાને અહીં વિધાનસભામાંથી આપણે પસાર કરી દઇએ પણ કદાચ ખોટું કરનારા મોટા લોકો હોય તો કોર્ટમાં જઇને પણ

* વિધેયક તા.૯મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

કાયદો રદ કરાવે. કોર્ટમાં જઇને કાયદો રદ ન કરી શકાય એટલા માટે રાજ્ય સરકારે ખૂબ ચોક્કસાઇ રાખી છે અને આ કાયદા માટે ખૂબ તકેદારી રાખવામાં આવી છે. છેલ્લા બે મહિનાથી અમારા લોકલાડિલા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આ કાયદાની ખૂબ ચિંતા કરી છે અને આ કાયદો બનાવવા માટે માત્ર એકલા કોઇ આદિજાતિ વિભાગે કાયદો બનાવ્યો છે, સમાજ કલ્યાણ વિભાગે કાયદો બનાવ્યો છે એવું નથી. કાયદો બનાવવામાં ક્યાંય પણ ચૂક ના રહી જાય એના માટે આદિજાતિ વિભાગ, સામાજિક ન્યાય વિભાગ, પછાત વર્ગોનું કલ્યાણ વિભાગ, ગૃહ વિભાગ, વૈધાનિક વિભાગ, કાયદા વિભાગ આ બધા વિભાગો સાથે મળીને આ કાયદામાં શું શું જોગવાઇ કરવી જોઇએ એના માટે ચિંતા કરીને આખો કાયદો તૈયાર કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત પણ અમે જે કાયદાના નિષ્ણાંતો છે એ નિષ્ણાંતોની પણ કાયદો બનાવતી વખતે અનેકવાર સલાહ-મસવરા કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહી શકીશ કે, આ કાયદો બનાવવામાં રાજ્ય સરકારને કદાચ પહેલીવાર આટલી મહેનત કરવી પડી હશે એવો અમારા સૌનો અનુભવ છે. આ કાયદો બનાવવા માટે સુપ્રીમ કોર્ટના જે જજમેન્ટો છે એનો પણ અમે બધાએ વિગતવાર અભ્યાસ કર્યો છે અને આવનારા દિવસોમાં મને વિશ્વાસ છે કે ભારતમાં કોઇ પણ રાજ્યમાં આ કાયદો ભવિષ્યમાં બનાવવાની જરૂર પડશે તો ગુજરાતના કાયદાને નમૂનારૂપ ગણીને અન્ય રાજ્યો કાયદો બનાવશે. સન ૧૯૬૧થી શરૂ કરીને સન ૨૦૧૭ સુધીમાં આ ગૃહે અનેક કાયદા પસાર કર્યા છે. પરંતુ આજનું આ ગૃહ એ પછાત જ્ઞાતિઓના કલ્યાણ માટેની અનામતનું સંવર્ધન થાય, રક્ષણ મળે એના માટેનો હું કાયદો લઇને આવ્યો છું ત્યારે ગુજરાતમાં લગભગ ૩૬ જેટલી અનુસૂચિત જાતિઓ અને ૨૭ જેટલી અનુસૂચિત જનજાતિઓ અને ૧૪૬ કરતા વધારે બક્ષીપંચની જ્ઞાતિઓ મળીને કુલ લગભગ ૨૦૦ કરતા પણ વધારે જ્ઞાતિઓને રક્ષણ આપતું અને કરોડો લોકોની વસતિના બંધારણના અધિકારના રક્ષણ માટેનું આ જાતિ પ્રમાણપત્ર બાબત સાથે સંકળાયેલો કાયદો આપણે સૌ આજે પસાર કરવા જઇ રહ્યાં છીએ. હું ગુજરાત રાજ્યના લોકલાડિલા આદરણીય મુખ્યમંત્રીશ્રીનો અને નીતિનભાઇ પટેલ સાહેબનો પણ આભાર માનું છે કે જ્યારે આ કાયદો લાવવાનું નક્કી થયું ત્યાર પછી જ્યારે જ્યારે કેબિનેટની અમારી બેઠકો થાય ત્યારે આ બંને મહાનુભવો પૂછતા કે એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.નો કાયદો બનાવવાનું કામ તમે કેટલે લાવ્યા છો, કેટલે પહોંચ્યું છે એ દર કેબિનેટની બેઠકમાં મારી પાસે હિસાબ લેતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ આગળ વધીને વાત કરું તો આ બિલની જે જોગવાઇઓ છે એ આપણને બધાને સમગ્ર અનામતના કાયદાની જોગવાઇઓ અંગે વિગતવાર બધા જ માનનીય સભ્યશ્રીઓ ખૂબ નિષ્ણાંત છે, જ્ઞાની છે પણ આ જ્યારે આપણે કાયદો લાવવા જઇ રહ્યાં છીએ ત્યારે અનામતનો અધિકાર કેવી રીતે મળ્યો એના ઉપર પણ આપણે બધાએ ધ્યાન આપવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ સમક્ષ એ ધ્યાનમાં મૂકવા માગુ છું કે ગુજરાત અને સમગ્ર ભારતમાં ૧૯૫૦ થી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને અનામતનો લાભ આપવામાં આવ્યો હતો. ગુજરાતમાં ૧૯૭૮ થી ઓ.બી.સી. સમાજને અનામતનો લાભ આપવામાં આવ્યો હતો અને સમગ્ર ભારતમાં ઓ.બી.સી. સમાજને ૧૯૯૪ થી અનામતો લાભ આપવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. આ પછાત વર્ગોનો ઈતિહાસ પણ એટલો જ ગૌરવશાળી છે. અગાઉ પણ મેં ગૃહમાં અનેકવાર વાત કરી છે કે, આઝાદીની લડાઇમાં આટલા જ લોકોનું યોગદાન છે, આટલા જ લોકોએ બલિદાન આપ્યું છે એવું નથી. આઝાદીની લડાઇમાં પણ એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ના લોકોએ અનેક બલિદાનો આપ્યા છે અને અંગ્રેજોની સામે ઝઝૂમીને હસતા મૂખે શહાદત વ્હોરી છે. આજના દિવસે એ પૂર્વજોને પણ યાદ કરવા પડે કે જેમણે માનગઢની અંદર ખૂબ મોટું બલિદાન આપ્યું. અમારા વિજયનગરમાં પાલડવાલમાં આદિવાસી સમાજે બલિદાન આપ્યું. ડાંગના રાજાઓ અંગ્રેજો સામે સતત લડતા રહ્યા અને કયારેય પણ અંગ્રેજોને ડાંગમાં ઘૂસવા ન દીધા. આજે પણ દેશમાં આવા અનેક વીરોના ઈતિહાસ પાના ઉપર નોંધાયેલા છે. તેઓની શહાદત, લોહીથી આજે પણ ગુજરાત કે અન્ય દેશના ઈતિહાસના પાનાઓ રકતરંજીત છે. આમ પણ આ પ્રજા ખૂબ જ શૌર્ય અને ગોરવશાળી પ્રજા છે. દેશની આઝાદી વખતે એસ.સી.એસ.ટી. અને ઓ.બી.સી. જાતિઓ, પછાત વર્ગની જાતિઓ દયાજનક સ્થિતિમાં હતી. દેશના બંધારણના ઘડવૈયાઓ એ વખતના મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, વિશેષ કરીને ડો. બાબાસાહેબ આંબેડકરે આ સમાજોની ચિંતા કરી હતી. ચિંતા એ હતી કે આઝાદી મળ્યા પછી કરોડોની વસતિ ધરાવતા સમાજો જે પછાત રહી ગયા છે એને ભવિષ્યમાં આકાર લેનારા આપણા બંધારણમાં શું વ્યવસ્થા કરવાની રહેશે કે જેથી આટલા વિશાળ સમુદાયની રાજકીય, સામાજિક, શૈક્ષણિક, આર્થિક ભાગીદારી સુનિશ્ચિત કરી શકાય. આ ભારતના કરોડો ગરીબોની પીડાનો પડઘો ડો. બાબાસાહેબ આંબેડકરે અને અન્ય બંધારણના ઘડવૈયાઓએ બંધારણ સભામાં પાડયો અને સન ૧૯૪૬ થી ૧૯૪૯ સુધી ચાલેલી બંધારણીય સભામાં આર્ટીકલ-૧૫, આર્ટીકલ-૧૬, આર્ટીકલ-૩૩૦, આર્ટીકલ-૩૩૨, આર્ટીકલ-૩૩૮, આર્ટીકલ-૩૪૦, આર્ટીકલ-૩૪૧ અને આર્ટીકલ-૩૪૨ બંધારણમાં દાખલ કર્યા. બંધારણના ચોથા ભાગમાં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઇઓ કરીને ભારતના બંધારણના ઘડવેયાઓએ ઉના કરારની ભાવનાઓ પણ ધ્યાનમાં રાખી અને આ જ્ઞાતિઓને રાજકીય, સામાજિક, શૈક્ષણિક, આર્થિક ભાગીદારી સુનિશ્ચિત કરવા અનામતની જોગવાઇઓ રાખવામાં આવી. એસ.ટી. એસ.સી. ને જે તે રાજયોની વસતિના પ્રમાણમાં અનામત આપવામાં આવે છે. ગુજરાતમાં હાલમાં ૧૮૨ જેટલી આપણી વિધાનસભાની બેઠકો છે તેમાં એસ.ટી.એસ.સી. મળીને ૪૦ જેટલી બેઠકો એમના માટે અનામત રાખવામાં આવી છે. ભારતના ૨૯ રાજયો, કેન્દ્ર શાસિત પ્રદેશો મળીને કુલ ૪૦૩૩ જેટલી જે વિધાનસભાની બેઠકો છે એમાંથી ૬૦૭ બેઠકો એસ.સી. સમાજને ફાળે જાય છે અને ૫૫૪ બેઠકો એસ.ટી. સમાજને ફાળવવામાં આવી છે. એ જ રીતના સંસદની અંદર પણ

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

કુલ બેઠકો ૫૪૩ છે એમાં કેન્દ્ર શાસિત પ્રદેશો મળીને, ૨૯ રાજ્યો મળીને ૮૪ બેઠકો એસ.સી. સમાજના ભાગે જાય છે અને ૪૭ બેઠકો એસ.ટી. સમાજના ફાળે જાય છે. એ જ પ્રમાણે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પણ એસ.ટી. સમાજ, એસ.સી. સમાજ અને ઓ.બી.સી. સમાજ માટે અનામતની જોગવાઇઓ રાખવામાં આવી છે એના માટે ભારતના બંધારણના આર્ટીકલ–૭૩ માં, ૭૪માં બંધારણીય સુધારાઓથી આ જગ્યાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે અને ગુજરાતની ૩૩ જેટલી જિલ્લા પંચાયતો, ૨૫૦ કરતા વધારે તાલુકા પંચાયતો, ૧૪૨૦૦ જેટલી ગ્રામ પંચાયતો, ૧૫૯ જેટલી નગરપાલિકાઓ, ૮ જેટલી મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પણ એસ.ટી.એસ.સી. ઓ.બી.સી.ને માટે અનામતની જોગવાઇ રાખવામાં આવી છે. લોકસભા અને વિધાનસભાની અનામત ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં પણ તમામ કક્ષાએ બધા રાજયો હેઠળ રાષ્ટ્રકક્ષાએ આર્ટીકલ–૧૫. આર્ટીકલ ૧૬ હેઠળ અનામતના મૂળભૂત અધિકારોનો ભાગ બનાવવામાં આવ્યો છે. અને ગુજરાત રાજ્યમાં એસ.સી. સમાજ માટે ૭ ટકાનું રિઝર્વેશન, એસ.ટી. સમાજ માટે ૧૪ ટકાનું રિઝર્વેશન અને ઓ.બી.સી. સમાજ માટે ૨૭ ટકાનું રિઝર્વેશન રાખ્યું છે. આ ઐતિહાસિક બાબતોમાં એટલા માટે જવા માગુ છું કે આ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અનામતોનો આ બંધારણીય અધિકાર કેટલા મહત્વના અને કેટલા મૂલ્યવાન છે. કેટલાય લોકોના પરિશ્રમ અને કેટલીય પૂર્ણ આત્માના ત્યાગ અને બલદાન પછી આ અધિકારો એમને આપવામાં આવ્યા છે. તે બાબત સારી રીતે ઉજાગર થાય. આમ જોઇ શકીએ છીએ કે દરેક મોરચે મળતી અનામત સાચા માણસોને મળે, ખોટા સર્ટીફિકેટના આધારે કોઇ લાભ ન લઇ જાય અને સાચા લોકોને રક્ષણ કરવાનું કામ એ આપણા સૌના ભાગે આવ્યું છે. જ્યારે હું આ અંગેનું બિલ લઇને આવ્યો છું, ત્યારે સુપ્રીમ કોર્ટના પણ ઘણા બધા જજમેન્ટો કેટલાક વર્ષોમાં ઐતિહાસિક કહી શકાય એ પ્રકારના ચુકાદા પણ આવ્યા છે. મહારાષ્ટ્રમાં માધુરી પાટીલ વિરુદ્ધ મહારાષ્ટ્ર, તા. ૨–૯–૧૯૯૪ માં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો. અને આ ચુકાદામાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે તાલુકા અને જિલ્લા કક્ષાએ ઇસ્યુ થયેલ એસ.સી.,એસ.ટી., ઓ.બી.સી. ના પ્રમાણપત્રો અનામતના હેતુ માટે જ્યારે ઉપયોગ થાય તે પહેલા એનું વિશ્લેષણ સમિતિ દ્વારા ચકાસ્યા પછી જ અનામતના હેતુ માટે એનો ઉપયોગ થવો જોઇએ. આ માધુરી પાટીલના જજમેન્ટમાં કહેવામાં આવ્યું છે એ પ્રમાણે બીજો મહારાષ્ટ્રનો એક કિસ્સો એમાં સુપ્રીમ કોર્ટમાં નિર્ણય થયો. મિલિંદ વિરુદ્ધ મહારાષ્ટ્ર, એ પણ ૨૦૦૦ નો ચુકાદો છે. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે બંધારણના આર્ટીકલ ૩૪૧ અને ૩૪૨ હેઠળ ભારત સરકારની સંસદમાં કાયદા દ્વારા તૈયાર કરેલ એસ.સી.,એસ.ટી.ની યાદીમાં સંસદ સિવાય કોઇ રાજ્ય સરકારો ફેરફાર કરી શકશે નહીં. એટલા માટે મેં પહેલા કહ્યું આ બિલ એ કોઇ જ્ઞાતિ ઉમેરવા માટે કે કોઇ જ્ઞાતિ કમી કરવા માટેનું નથી. ત્યારપછી ત્રીજું જજમેન્ટ ૨૦૦૪ માં સુપ્રીમ કોર્ટમાં આવ્યું. આર.વિશ્વનાથન પીલ્લાઇ કેરાલમાં આ બનાવ બન્યો અને સુપ્રીમ કોર્ટે નિર્ણય કર્યો અને ઠરાવ્યું કે ખોટા એસ.સી.ના પ્રમાણપત્રના આધારે ડાયરેકટ ડી.વાય.એસ.પી. થયેલ પીલ્લાઇ આઇ.પી.એસ.નું પણ નોમીનેશન મેળવીને ૨૭ વર્ષની નોકરી પછી આઇ.જી.પી. સુધી પહોંચ્યા હતા. તેમના બે દીકરા એસ.સી. ના પ્રમાણપત્રના આધારે મેડિકલ ઇજનેર ડિગ્રી મેળવી ૨૭ વર્ષ સુધી આઇ.જી.પી. પીલ્લાઇનું જ્યારે એસ.સી.નું પ્રમાણપત્ર રદ થયું ત્યારે એમને ડિસમીસ કરવામાં આવ્યા અને પીલ્લાઇએ તેમને ડિસમીસ કરતા પહેલાં બંધારણના આર્ટીકલ ૩૧૧ હેઠળ તેમણે સુપ્રીમ કોર્ટમાં રક્ષણ માગ્યું. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે પીલ્લાઇનું જાતિ પ્રમાણપત્ર રદ કરતી વખતે થયેલ ઇન્કવાયરી પૂરતી છે. તેમને નોકરીમાંથી છૂટા કરવા અલગથી બચાવની તક આપવાની જરૂર નથી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું ૨૭ વર્ષની સેવા બદલ તેમને પેન્સન પણ મળવાપાત્ર નથી. કારણ કે પીલ્લાઇનો નોકરીનો પ્રવેશ જ આખો ગેરકાયદેસર હતો. પગાર પણ વસૂલ કરવો જોઇએ તેવો ચુકાદો આપ્યો અને છેલ્લો ચુકાદો ૨૦૧૭ માં આવ્યો. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો છે. ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર એફ.સી.આઇ. વિરુદ્ધ જગદીશ બલારામ બાહિલા. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ના ખોટા પ્રમાણપત્રના આધારે શૈક્ષણિક પ્રવેશો, સરકારી નોકરીઓ, રાજકીય હોદ્ા મેળવાની બાબતમાં બંધારણ વિરુદ્ધનું ષડયંત્ર ગણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે આ બંધારણ વિરુદ્ધનું ષડયંત્ર છે અને આવા ખોટા પ્રમાણપત્રના આધારે લીધેલા નાણાકીય લાભ શૈક્ષણિક અનામતને.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીવાર ૧૨–૦૦ કલાકે મળશે અને પ્રવચન ટૂંકાવશો એવી અપેક્ષા છે.

**( વિરામ ૧૧–૩૦ થી ૧૨–૦૦ )**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી..

શ્રી ગણપતસિંહ વે. વસાવા (ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો ૨૦૧૭ના છેલ્લા ચુકાદાની. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે એવું કહ્યું છે કે, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના ખોટા પ્રમાણપત્રોના આધારે શૈક્ષણિક પ્રવેશ, સરકારી નોકરીઓ, રાજકીય હોદ્દા મેળવવાની બાબતને બંધારણ વિરુદ્ધના ષડયંત્ર તરીકે સુપ્રીમ કોર્ટના જજમેન્ટમાં જણાવ્યું છે. ખોટા પ્રમાણપત્રોને આધારે લીધેલા નાણાંકીય લાભો, શૈક્ષણિક અનામતના લાભો, રાજકીય હોદ્દા ઉપરથી તાત્કાલિક તેમને રદ કરવાના અને લાભો પરત લેવાના ડિગ્રી પણ રદ કરવાની વાત ૨૦૧૭ના સુપ્રીમ કોર્ટના ચુકાદામાં લખ્યું છે. નોકરી કોઇપણ તબક્કે હોય પણ તેમને ડિસમીસ કરવા જોઇએ. આ ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્રનો જે કાયદો છે તે કાયદાનું પણ વિશ્લેષણ કર્યુ હતું અને આવો કાયદો સારો છે તેમ નોંધીને આવા કાયદાન કારણે ખોટું કરનારાઓને સજા કરી શકાય અને ખોટું ન કરવા માટેનો ભય પેદા કરી શકાય તેવો ઉલ્લેખ સુપ્રીમ કોર્ટન જજમેન્ટમાં કરવામાં આવ્યો છે. આ બિલ લઇને જયારે હું

આવ્યો છું ત્યારે આમ તો બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓ ખૂબ અનુભવી છે અને ઘણા દિવસ પહેલાં બિલ અભ્યાસ માટે વિધાનસભા મારફતે પહોંચાડયું છે. એમના સારા સૂચનો આવશે, તંદુરસ્ત ચર્ચાઓ થશે. રાજય સરકાર આ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. સમાજના અનામતના રક્ષણ માટે બિલ લઇને આવી છે ત્યારે તે બિલની મુખ્ય જોગવાઇઓ, હેતુઓ, કલમોની વાત કરું તે પહેલાં ફરીવાર રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે આ ચિંતા તેમણે પછાત વર્ગના લોકો માટે કરી છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી.ના વર્ગોને મળેલા બંધારણીય હકકોનું રક્ષણ કરવા અને કોઇપણ ખોટા દાખલા લેવાનો પ્રયાસ કરશે અથવા ખોટા દાખલા લેશે તો તેને સખતમાં સખત સજા કરવાની કાર્યવાહી કરવાનો મુખ્ય આશય છે. આ કાયદાની અંદર, આ બિલની અંદર કુલ ૧૯ જેટલી કલમો છે. જે જોગવાઇઓ છે તેની મુખ્ય બાબતો આપની સમક્ષ અને ગૃહમાં આ બધા સભ્યશ્રીઓ સમક્ષ જણાવવા માગુ છું. કલમ-૧ અને ૨ એ તો કાયદાની ટૂંકી સંજ્ઞા અને વ્યાખ્યાઓ આપવામાં આવી છે. કલમ-૩ છે તે જાતિનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજીની બાબત છે. જે આપણા બંધારણમાં અનુચ્છેદ ૧૫ અને ૧૬ માં નોકરી મેળવવા માટે દાખલા કઢાવવા ઇચ્છતા હોય તેમણે નિયત નમૂનામાં અરજી કરવી પડે તે અંગેની કલમ છે. કલમ-૪ છે તે સત્તા અધિકારીએ જાતિનું પ્રમાણપત્ર કાઢી આપવા બાબતની છે. જેમાં જાતિનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી કાઢી આપશે અથવા નામંજૂર કરવું હોય તો તેના કારણો આપીને નામંજૂર કરવું પડશે. કલમ-૫ અપીલ માટેની છે. આપણા સત્તાધિકારીએ કોઇને જાતિનો દાખલો ન આપ્યો અને અરજદારે કોઇ જગ્યાએ અપીલ કરવી હોય તો નમૂના પ્રમાણે અપીલ ૩૦ દિવસમાં અપીલ અધિકારીને કરવાની રહેશે અને આ અપીલ અધિકારીએ બધા જ પુરાવા ચકાસીને ત્રણ મહિનામાં સાચો છે કે ખોટો છે, જો નીચલા અધિકારીએ પ્રમાણપત્ર ન આપ્યું હોય અને તે ખોટો હતો તો તેને ખોટો જણાવવામાં આવશે અને એમ લાગે કે સાચો છે અને પ્રમાણ પત્ર નથી મળ્યું તો એ સત્તા અધિકારીને સાત દિવસમાં જાતિનું પ્રમાણ પત્ર આપી દેવાનો આદેશ પણ કરી શકશે. એટલે આમાં કોઇ સાચાને અન્યાય ન થાય એ માટે અપિલ કરવાની પણ તક છે. એજ રીતે કલમ-૬ છે એ ચકાસણી સમિતિ દ્વારા જાતિના પ્રમાણ પત્રની ખરાઇ કરવા માટેની આ કલમ છે અને આ કલમ-૬ છે એ ખૂબ મહત્વની છે. આ જોગવાઇ અનુસાર જાતિના દાખલાઓની ચકાસણી માટે વિશ્લેષણ સમિતિઓ રાજય સરકારે બનાવવાની રહેશે અને જરૂરિયાત પ્રમાણે હમણા તો રાજયની એક વિશ્લેષણ સમિતિ છે પણ જે પ્રમાણે જરૂરિયાત પડશે એ પ્રમાણે એક કરતા પણ વધારે વિશ્લેષણ સમિતિઓ રાજય સરકાર બનાવી શકશે અને આ ખૂબ મહત્વની કમિટી એટલા માટે કહેવાય છે કે, આ કમિટીમાં જે નિર્ણય લેવાશે તે નિર્ણયને પડકારવો હોય તો માત્ર હાઇકોર્ટ સિવાય બીજી કોઇ જગ્યાએ એને પડકારી શકાશે નહીં. એટલે ખૂબ મહત્વની આ કલમ-૬ છે અને એમાં જોગવાઇઓ કરવામાં આવી છે કે નોકરી લાગી હોય તો એણે સામેથી પ્રમાણ પત્ર લેવાનું છે અને આખી જિંદગીમાં જન્મથી લઇને મરણ સુધી માત્ર એક વાર વેરિફિકેશનવાળું પ્રમાણ પત્ર લેવાનું રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના ડિપાર્ટમેન્ટ હોય કે અન્ય કોઇ વિભાગ હોય ત્યાં એસ.ટી.ના નામે પ્રવેશ લીધો હોય કે નોકરી મેળવી હોય એણે તો ખરાઇ વાળું પ્રમાણ પત્ર રજૂ કરવાનું જ રહેશે પણ જે તે સંસ્થાને પણ ધ્યાનમાં આવે કે આ ખરાઇ કરેલું પ્રમાણ પત્ર નથી તો સંસ્થા પણ સમગ્ર વિગતો સમિતિને મોકલશે કે અમારે ત્યાં આટલા લોકોને નોકરીમાં લેવાના છે માટે એમનું ખરાઇ કરેલું પ્રમાણ પત્ર અમને રજૂ કરો. એ પ્રકારના કલમ-૬માં અધિકારો આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે કલમ-૭ છે એ આરંભ પહેલા અને આરંભ પછી, અત્યારે બધાના મનમાં એજ શંકાઓ છે કે, આ કાયદો આવવાથી નવી કોઇ બાબતોમાં ગેર અનામતના લોકો આનો લાભ તો નથી જ મેળવી શકવાના કારણ કે આની ચકાસણી થવાની છે. પણ બધાની ચિંતા એ પણ છે કે, અગાઉની જૂની બાબતોનું શું હશે? કલમ-૭માં એનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આ જોગવાઇઓ અનુસાર નવા પ્રમાણ પત્ર ઉપરાંત જૂના પ્રમાણ પત્રોની પણ ચકાસણી કરવાનો અધિકાર એ કલમ-૭માં આપવામાં આવ્યો છે. પાંચ વર્ષ પહેલા, દસ વર્ષ પહેલા કે વીસ વર્ષ પહેલા પણ ખોટું પ્રમાણ પત્ર રજૂ કરીને નોકરી મેળવી હશે તો એને પણ નવા કાયદા પ્રમાણે એટલી જ સજા થવાની, એટલો જ દંડ થવાનો એટલે નવા અને જૂનાની ચિંતા કલમ-૭માં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે કલમ-૮ છે એ ખોટું જાતિનું પ્રમાણ પત્ર જપ્ત કરવા અને રદ કરવા બાબતની છે. આ જોગવાઇ અનુસાર જો કોઇ વ્યક્તિએ કપટપૂર્વક ખોટું પ્રમાણ પત્ર મેળવ્યું હશે તો તેનું જૂનું હોય કે નવું પ્રમાણ પત્ર હોય તે રદ થશે, જપ્ત થશે અને સરકારી નોકરીમાંથી નિમણૂક સત્તા અધિકારીને આ અંગેની જાણ કરવામાં આવશે. ચકાસણી સમિતિના નિર્ણયને હાઇકોર્ટ સિવાય કોઇ જગ્યાએ એને પડકારી શકાશે નહીં. એજ પ્રમાણે કલમ-૧૦ છે એમાં સક્ષમ સત્તામંડળ અપિલ અધિકારીને અને ચકાસણી સમિતિને દિવાની કોર્ટની સત્તા આપવામાં આવી છે એટલે આ એક પ્રકારની દિવાની કોર્ટ બની રહેશે કે જેને આધારે આ ચકાસણી સમિતી દિવાની કોર્ટની જેમ જ વ્યકિતને સમન્સ પણ કાઢી શકશે. જો કોઇ દસ્તાવેજ શોધી કાઢવાનો હશે તો એના માટેનું પણ ફરમાન કરી શકશે, સોગંદનામા ઉપર પૂરવા લઇ શકશે, જાહેર રેકોર્ડો પણ મંગાવી શકશે અને જરૂર જણાય તો સાક્ષી અને દસ્તાવેજો તપાસ કરવા માટે કમિશન નિમવાનો પણ અધિકાર કલમ-૧૦માં આપવામાં આવ્યો છે. તેનાથી આગળ વધીને કલમ-૧૧ ખોટું જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા કેવી રીતે ખેંચવા તે કલમ-૧૧માં બતાવવામાં આવ્યુ છે. આ જોગવાઇ અનુસાર કોઇ વ્યકિતએ મેળવેલ જાતિનું પ્રમાણ ખોટું સાબિત થશે તો જો તેણે શિક્ષણ સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હશે તો તેનો પ્રવેશ રદ થશે, તેને અપાયેલી ડિગ્રી પણ રદ થશે, તેને

અપાયેલી સ્કોલરશિપ કે અન્ય કોઇ લાભો મેળવેલાં હોય તો એ પણ પરત લેવાના રહેશે અને ના જમા કરાવે તો મહેસૂલી રાહે બાકી તરીકે વસૂલ કરવાના રહેશે. એ જ પ્રમાણે સરકારી નોકરી મેળવી હશે તો સરકારી નોકરીમાંથી પણ બરતરફ કરવામા આવશે અને તેમણે મેળવેલા અન્ય લાભો તે જમીન મહેસૂલી બાકી તરીકે તેને પણ પાછા પરત વસૂલ કરવાના રહેશે અને કોઇ વ્યકિત આવા ખોટાં જાતિના પ્રમાણપત્રોના આધારે ચૂંટણી લડયા હોય અને ચૂંટાઇ ગયા હોય અને જો દાખલો ખોટો નીકળશે તો તેને ગેરલાયક ઠરાવવામાં આવશે એટલે ચૂંટાયેલો તેને રદ કરવામાં આવશે અને તેણે પણ જે કંઇ લાભો મેળવ્યા હશે તે મહેસૂલી રાહે પરત જમા કરવા પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૨ ગુના અને દંડ માટે છે. ખોટાં દાખલા મેળવનારને જે વ્યકિતએ ખોટો દાખલો મેળવ્યો છે તે સાબિત થશે તો એને છ માસથી ત્રણ વર્ષ સુધીની જેલની સજા થશે તેમજ દસ હજારથી લઇને પચાસ હજાર રૂપિયા સુધીનો તેને દંડ કરવામાં આવશે અને કોઇ અધિકારીએ ઇરાદાપૂર્વક ખોટો દાખલો આપ્યો હશે તો એ અધિકારીને પણ છ માસથી લઇને ત્રણ વર્ષ સુધી સજા થશે. દસ હજારથી લઇને પચાસ હજાર રૂપિયા સુધીનો દંડ તે અધિકારીને પણ કરવામાં આવશે. અને ખોટાં દાખલાના આધારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, નગરપાલિકા કે કોઇ કો–ઓપરેટીવ સેકટરમાં કોઇ હોદ્દા ઉપરથી ચૂંટણી લડયા હોય અને જીત્યા હોય તો એ હોદ્દા ઉપરથી પણ તેમને દૂર કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૩ છે કે જેમાં આ ગુનો બિન જામીનપાત્ર છે તે અંગેની જોગવાઇ છે. કલમ–૧૪ છે તે ખોટું જાતિ પ્રમાણપત્ર કાઢી આપવા માટેનો દંડ આ જોગવાઇ અનુસાર કોઇ અધિકારી ઇરાદાપૂર્વક ખોટું પ્રમાણપત્ર કાઢી આપ્યું હશે તો તેને પણ છ માસથી લઇને ત્રણ વર્ષ સુધીની જેલની સજા થશે અને દસ હજારથી લઇને પચાસ હજાર રૂપિયા સુધીનો દંડ થશે અને ખોટું પ્રમાણપત્ર કાઢી આપવામાં જે વ્યકિતએ મદદ કરી હશે તેને પણ છ મહિનાથી લઇને ત્રણ વર્ષ સુધીની સજા અને તેને પણ દસ હજારથી લઇને પચાસ હજાર સુધીનો દંડ એટલે મદદ કરનારને પણ આ કાયદામાં છોડવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૫ દીવાની કોર્ટની હકુમતને બાદ. (અંતરાય ) ટૂંકુ છે હવે પૂરું થઇ ગયુ છે બે–ત્રણ કલમ જ બાકી છે. આ તો બધાના ધ્યાનમાં આવે એટલે.

અધ્યક્ષશ્રી : પછી માનનીય મંત્રીશ્રી બોલવાના નથી એટલા માટે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : પછી તો બહુ લાંબુ છે.

અધ્યક્ષશ્રી : પછી તો પ્રશ્નો જ હશે, પ્રશ્નોના જ જવાબ હશે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આ તો બધાની લાગણી છે એટલે,

અધ્યક્ષશ્રી : પંદર અને પાંચ વીસ સભ્યો કુલ બોલવાવાળા છે. પોતાની જાતે બધા બે–બે મિનિટ બોલવાનુ નક્કી કરીએ, સ્વેચ્છાએ. છેલ્લા દિવસે કો–ઓપરેટ કરવાનુ હોય.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ, આ બધા છેલ્લા દિવસે આજે ગંગામાં નહાઇને પવિત્ર થઇ જવાના છે એવો આ કાયદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કલમ–૧૫ છે તે કલમમાં આ જોગવાઇ અનુસાર ચકાસણી સમિતિ આવો કેસ ચાલુ હોય ત્યારે દીવાની કોર્ટમાં કોઇ જઇ શકશે નહીં ચકાસણી સમિતિના નિર્ણયના વિરુદ્ધમાં માત્ર હાઇકોર્ટમાં જઇ શકશે. એ જ પ્રમાણે કલમ–૧૬ છે એ પણ ખૂબ મહત્વની કલમ છે કે શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાં કોઇ અધિકારી જોગવાઇ અનુસાર જે કોઇ અધિકારીને પોતાની ફરજના ભાગ સ્વરૂપે નિર્ણય લીધા હોય તો દાખલા લેવા વાળા કદાચ મોટા માણસ હોય, અધિકારીની વિરુદ્ધમાં ખોટાં આક્ષેપો કરે, આ અધિકારીની વિરુદ્ધમાં ખોટી ફરિયાદો થાય તો શુદ્ધબુદ્ધિથી જેણે પગલાં લીધા હોય તેને પણ આ કલમમાં રક્ષણ આપવામા આવ્યુ છે કે તેમની સામે કોઇ કાનુની કાર્યવાહી થઇ શકશે નહીં. અને એને કાયદાનું રક્ષણ આપીશું. એટલે ખોટા આપનારને પણ છોડવા નથી અને શુદ્ધ બુદ્ધિથી આપ્યા હોય તો એને પૂરેપૂરું રક્ષણ આપવાની વાત પણ આ જોગવાઇમાં કરી છે. એ જ પ્રમાણે કલમ – ૧૮ જેટલી કાયદો બનાવવમાં મહેનત કરી છે એટલી જ એની અમલવારી કરવામાં, નિયમો બનાવવામાં પણ આપણે મહેનત કરવી પડે છે. કારણ કે, આ નિયમો બનાવવા માટે ખૂબ ઝીણી–ઝીણી બાબત ધ્યાનમાં લેવી પડશે કે કોઇ સાચો રહી ન જાય અને કોઇ ખોટો લઇ ન જાય. એના માટે ખૂબ ઝડપથી નિયમો પણ બનાવીશું. બીજું મારા એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નો આ કાયદો બની રહ્યો છે ત્યારે સ્વાભાવિકપણે શરૂઆતમાં અમલ કરીશું ત્યારે નાની–મોટી મુશ્કેલીઓ ઊભી થશે પણ એમાં પણ કોઇએ ચિંતા કરવાની જરૂર નથી. કલમ – ૧૯માં સ્પષ્ટ જોગવાઇ કરી છે કે કાયદાનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો ત્રણ વર્ષ સુધી આપણે એમાં ફરિયાદ કરી શકીશું કે કાયદાનું સારી રીતે અમલ થાય ત્યારે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર એ એસ.સી., એસ.ટી. ઓ.બી.સી.ના અધિકારીઓના રક્ષણ માટે આ બિલ લઇને આવી છે ત્યારે નાના માણસનું રક્ષણ કરનારો આ ઐતિહાસિક કાયદો છે ત્યારે ગૃહના તમામ સભ્યો એમાં સૂર પુરાવે અને સર્વસંમતિથી આ કાયદો પસાર કરે એવી વિપક્ષના મિત્રોને મારી નમ્ર વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ પરમાર એમણે ગંગામાં નાહિ લીધું છે હવે તમારે માત્ર ડૂબકી જ મારવાની છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું તો ગંગામાં પણ જઇ આવ્યો હતો. મારી પર આ વિતેલી છે એટલે આમાં મારે બોલવું ખૂબ જરૂરી છે. આ આખી પ્રક્રિયામાંથી પસાર થયેલો છું. ગણપતભાઇ વસાવા ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગના જાતિના પ્રમાણપત્ર કાઢી આપવાની ખરાઇ કરવા અંગેનું જે

ચૈત્ર ૭, ૧૯૪૦ શાકે

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

વિધેયક ક્રમાંક – ૨૪, ૨૦૧૮ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ડો.બાબા સાહેબ આંબેડકરે જ્યારે આ દેશનું બંધારણ ઘડ્યું ત્યારે એમના પર પોતે વિતેલી એ બીજા પર ના વિતે એ બંધારણનો એમનો નિચોડ હતો. કારણ કે, ડો.બાબા સાહેબ આંબેડકર પોતે વડોદરા નોકરી કરવા માટે આવ્યા ત્યારે એમને રહેવા માટે કોઇએ મકાન નહોતું આપ્યુ અને ત્યારબાદ એ પોતે બીજા નામથી એક લોજમાં રોકાયા હતા અને લોજમાં રોકાયા પછી જ્યારે કોઇને ખબર પડી કે એસ.સી. સમાજના આ વ્યકિત બીજા નામે આ લોજમાં રહે છે ત્યારે લોજમાંથી પણ એમને કાઢી મૂકવામાં આવ્યા હતા અને બરોડાની એ સંકલ્પ ભૂમિ સાક્ષી છે કે ઝાડ નીચે બેસીને ડો. બાબા સાહેબ આંબેડકર ખૂબ રડ્યા હતા. ભૂખ્યા અને તરસ્યા બેઠા હતા અને એમણે નિર્ણય લીધો કે હું આટલો ભણેલ–ગણેલ છું, આટલો વેલ–એજ્યુકેટેડ છું તેમ છતાં પણ જો મારા પર આ વિતતી હશે તો મારા સમાજ ઉપર શું વિતતી હશે. એટલે એમણે સંકલ્પ કર્યો અને પછી એમને બંધારણ ઘડવાનો જ્યારે અવસર પ્રાપ્ત થયો ત્યારે એ અવસરના સ્વરૂપમાં એ ઐતિહાસિક બંધારણ માટે એમ કહેવાય કે, ગીતાસે હિન્દુ ચલતા હૈં, કુરાનસે મુસલમાન, બાઇબલસે ખ્રિસ્તી ચલતા હૈં, ઔર મેરે બાબાકે બંધારણસે પૂરા હિન્દુસ્તાન, આવું ઐતિહાસિક બંધારણ છે અને બંધારણ ઘડ્યા પછી ખાસ કરીને ૧૯૫૦માં જ્યારે અમલમાં આવ્યું ત્યારે એસ.સી. અને એસ.ટી. માટે સાત ટકા અને ચૌદ ટકા મુજબ એમણે બંધારણની જોગવાઇ કરી. આજે હું એ કોંગ્રેસ પાર્ટીનો સભ્ય છું, ચોથી વખત ધારાસભ્ય બન્યો છું. પાર્ટીએ મને પાંચ વખત ટીકીટ આપી, લોકસભાના ઉમેદવાર તરીકે પણ હું ચૂંટણી લડ્યો અને આ હાઉસમાં આજે જયારે કોંગ્રેસ પક્ષના ઉપનેતા તરીકે હું વાત કરી રહ્યો છું ત્યારે એનો જો જશ કોઇને જતો હોય તો ડો. બાબાસાહેબ આંબેડકરને જાય છે. બંધારણ ઘડ્યા પછી અનામતની જોગવાઇ કર્યા પછી જે રીતે સમય બદલાયો, સંજોગો બદલાયા, સરકારો બદલાઇ, નિયમો બદલાયા, પણ તેમ છતાં આજે કોઇ જગ્યાએ કંઇક કાચું કપાતું હોય એવું ચોક્કસપણે આપણને દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખાસ કરીને જયારે ગુજરાતની વાત કરું, ત્યારે પહેલાં ગુજરાત રાજય ન હતું, મુંબઇ રાજય અને સૌરાષ્ટ્ર રાજય બે રાજયો હતાં અને ૧૯૬૦માં મુંબઇ રાજય એટલે કે મહારાષ્ટ્ર રાજયમાંથી ગુજરાત જૂદું પડયું અને સૌરાષ્ટ્ર ભળ્યું અને ગુજરાત રાજયની સ્થાપના થઇ અને એ સ્થાપના થયા પછી એસ. સી. અને એસ. ટી. ના જે સાચા હક્કદારો છે એમને હક્ક કેવી રીતે મળે, એ શિક્ષણની બાબતમાં કે નોકરીની બાબતમાં હોય, એ લોકો આગળ આવ્યા અને એનો લાભ લેતા થયા. બંધારણમાં ચોક્કસ લખેલું છે કે, દસ વર્ષ સુધી આ જોગવાઇને જોવામાં આવે અને આ સમાજ બીજા સમાજ સાથે સરભર થઇ જાય, બીજા સમાજ સાથે આંખો મીલાવીને ચાલે, બીજા સમાજ સાથે બેસી ઉઠી શકે એનું સ્વમાન જો વધ્યું હોય તો આ જોગવાઇ રદ કરવામાં આવે અને અમે સમય સાથે ચોક્કસ માનીએ છીએ કે, ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલું અમારું આ બંધારણ કે જે બંધારણના ભાગરૂપે સમાજના બધા જ અલગ અલગ વર્ગોમાં એ વાત થતી હોય કે, ડો. બાબાસાહેબ આંબેડકરશ્રીએ આપેલું બંધારણ અને ખાસ કરીને શિક્ષણ અને નોકરીઓમાં એના ટકા મેડીકલ લાઇનમાં કે એન્જિનીયરીંગ લાઇનમાં ઓછા આવે છે, અનામતનો આ વિદ્યાર્થી છે. તેમ છતાં ટકા ઓછા આવે છે તેમ છતાં એ ડોક્ટર બની જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહમાં કહેવું છે કે, સો ટકા એ સમય હતો, એ સંજોગો હતા, પણ છેલ્લા દસ વર્ષથી હું જે જોઇ રહ્યો છું એ એસ.સી. હોય કે એસ.ટી. હોય એનો વિદ્યાર્થી સ્કૂલમાં ભણતો હોય કે કોલેજમાં ભણતો હોય અને જયારે મેડીકલ લાઇન કે એન્જિનીયરીંગની લાઇન આવે છે ત્યારે એને ઓપન કેટેગરી સાથે એસ.સી. અને એસ. ટી. કેટેગરીનું લિસ્ટ તમે તપાસો તો કદાચ એક ટકો કે અર્ધા ટકાનો ફરક આવશે, આ ફરક એસ.ટી. અને એસ.સી. વિદ્યાર્થીઓની અંદર આવેલો છે. જે રીતે માનનીય મંત્રીશ્રી ખૂબ સાચા એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. ના જે સાચા હક્કદારો છે, જે સાચા વારસદારો છે એવાં જાતિનાં પ્રમાણપત્રથી વંચિત ન રહી જાય અને બીજા ખોટા લોકો આનો લાભ ન લઇ જાય એ હેતુસર આ બિલ લઇને આવ્યા છે. હું પોતે અનુસૂચિત જાતિ, વણકર સમાજમાંથી આવું છું. મારા પિતાશ્રી આ વિધાનસભા ગૃહના ચાર વખત સભ્ય રહી ચૂકયા છે. આ વિધાનસભા ગૃહમાં ત્રણ વખત કેબીનેટ મંત્રી તરીકે રહી ચૂકયા છે. આ વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષશ્રી તરીકે અને કાર્યકારી અધ્યક્ષશ્રી તરીકે પણ મારા પિતાશ્રી રહી ચૂકયા છે. હું જે જગ્યાએ બેઠો છું આજે ઉપનેતા તરીકે એ સ્થાને મારા પિતાશ્રીના સ્વર્ગવાસ થયા પહેલાં તેઓ પણ કોંગ્રેસ પક્ષના ઉપનેતા તરીકે રહી ચૂકયા છે.

આજે મારે બોલવા માટેનો જે સ્વાર્થ છે અને બોલવા માટે જે ઉભો થયો છું, જે પરિવારે પૂરી જીંદગી જે સમાજ સાથે વિતાવી હોય જેના પિતાનું એ સમાજ સાથે યોગદાન હોય એના પછી હું ધારાસભ્ય તરીકે આવ્યો અને ત્યારે કોઇ વ્યકિતએ અરજી કરી, અને આ અરજી કર્યા પછી મારા ઉપર જે વીતી છે, તે વાત આપને કહેવા માગું છું.

આ સભાગૃહના ધારાસભ્ય હોય અને સમાજ કલ્યાણ વિભાગ જે સર્ટિફિકેટ આપે છે અને જયારે મારા પિતાશ્રી આઠ વર્ષ સુધી આ વિભાગના મંત્રી રહી ચૂકયા હોય, જે સમાજના સુધારા મારા પિતાશ્રી લઇને આવ્યા હોય તેમ છતાં પણ મારા પર જે વીતી છે એ માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે જે મારા પર વીતી એ મારા સમાજના અનેક લોકો પર વીતતી હશે, મારા સામે અને મારી વિરૂદ્ધ જયારે અરજી થઇ ત્યારે છાપમાં બીજા દિવસે હેડીંગ આવ્યા, ટી.વી.ના માધ્યમોમાં આવ્યું, છતાં પણ હું હલ્યો નહીં કારણ કે હું સાચો હતો. અમારા એસ.સી.ના સર્ટિફિકેટ માટે ૧૯૫૦ નો દાખલો જોઇએ. સરકારશ્રીએ પણ માનનીય અધ્યક્ષશ્રી, એક ધારાસભ્ય તરીકે અને એક કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય તરીકે મારું સર્ટીફીકેટ ખોટું છે એમ આવ્યું ત્યારે શાસક પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટીએ કોઇ જગ્યાએ તપાસ કરવામાં કોઇ જાતની પાછી પાની કરી નથી.

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

માનનીય અધ્યક્ષશ્રી, હું સુરેન્દ્રનગર જિલ્લાના એ વખતનો લીંબડી તાલુકો અને અત્યારનો ચૂડા તાલુકાના (અંતરાય) નીતિનભાઇ મારા ઉપર વીતી છે, નીતિનભાઇ હું ધારાસભ્ય હોઉં કે ન હોઉં માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ એ બીજા પર ન વીતે એટલા માટે હું આ વાત કરું છું. એ ચુડા તાલુકાના કંથારીયા ગામનો વતની છું. રાજેન્દ્રસિંહ રાણા પૂર્વ અધ્યક્ષ તેઓ પણ એ ગામના છે. એ ગામનો વતની છું એ ગામમાં આજે પણ મારું મકાન ત્યાં છે. ભૂતકાળમાં મકાન છે કે નહીં તેની તપાસ કરી, મારા દાદા વણાટનું કામ કરતા હતા, મારું મકાન ખોલ્યું તો તેમાંથી વણાટની જે શાળ કહેવાય તે શાળ પણ મળી અને મારા ફાધર જે સ્કૂલમાં ભણ્યા હતા (અંતરાય) આપના ઉપર વીતાવતો નથી,બાપુ, હું એક દલિત તરીકે મારા પર જે વીતી છે, તેવી બીજા પર ન વીતે એટલા માટે મારા સમાજ માટે બોલી રહ્યો છું, મારા માટે નથી બોલી રહ્યો. મારા ફાધરનું સર્ટીફીકેટ ચેક કરવામાં આવ્યું અને બીજી ઘણી બધી પ્રોસેસ થઇ. મને દુઃખ એ વાતનું છે કે, જે રીતે જૂના નિયમો છે એ જૂના નિયમો મુજબ સરકાર તરફથી કોઇ જાતિય દાખલો આપવામાં આવે છે ત્યારે તેની સામે કોઇ અરજી કરે, આ અરજી કર્યા પછી એ વિશ્લેષણ કમિટીમાં અરજી આવે છે. આ વિશ્લેષણ કમિટીમાં અરજી આવ્યા પછી બન્ને પક્ષોને બોલાવવામાં આવે છે અને સાંભળવામાં આવે છે. બન્ને પક્ષને બોલાવ્યા પછી આ વિશ્લેષણ કમિટી તેનું જજમેન્ટ આપે છે. મારા કેસમાં પણ વિશ્લેષણ કમિટી બની, હું ધારાસભ્ય હોવા છતાં પણ આ વિશ્લેષણ કમિટીમાં હાજર રહ્યો. કમિટીને મેં મારી રજૂઆત પણ કરી. અને મને પોઝીટીવ વિશ્લેષણ કમિટીમાંથી રિપોર્ટ આપ્યો, પણ દુઃખ સાથે મારે કહેવું પડે કે કોલમમાં લખેલ છે, નિયમમાં લખેલ છે જયારે વિશ્લેષણ કમિટીની તપાસ થઇ ગયા પછી કદાચ કોઇ નારાજ હોય તો હાઇકોર્ટમાં જઇ શકે છે. મારા કેસમાં આનાથી ઉંધુ થયું. વિશ્લેષણ કમિટીની રચના થયા પછી મને ખરાઇ આપ્યા પછી વિજીલન્સની તપાસ એક વખત નહિ ત્રણ–ત્રણ, ચાર– ચાર વખત તપાસ કરવામાં આવી જે ખોટી રીતે કરવામાં આવી હતી એ હું સરકારને કહેવા માગું છું. રાજકીય દબાણસર કોઇ વિજલન્સ તપાસ થતી હોય એ યોગ્ય નથી. અહીંયા મારી નૈતિક તૈયારી હતી અને તપાસમાં હું પૂરેપૂરો બહાર આવી ગયો. એ કોર્ટમાં ગયા, સીંગલ કોર્ટે જજમેન્ટ આપ્યું ત્યારબાદ ડબલ બેન્ચ થઇ અને ચીફ જસ્ટીસ દ્વારા જજમેન્ટ મળ્યું અને આજે હું પોતે નિરાંત અનુભવું છું કે મારી ઉપર ખોટો કલેઇમ લાગતો હતો એ મારા બા–દાદા વડવાઓએ વણાટનું કામ કરેલું છે સાળ પડી હતી મકાન પડેલ છે એના લીધે હું બચી ગયો. જે રીતે અત્યારે ખોટી જાતિઓ ખોટા વર્ગના લોકો એસ.સી., એસ.ટી. કે ઓ.બી.સી. નો લાભ લઇ રહ્યા છે. જયારે મારી ઉપર આ કેસ થયો ત્યાર પછી એવા પુરાવા સરકારને આપું કે જેથી કરીને આવનાર પેઢીને પણ ફાયદો થઇ શકે. એ વખતે સૌરાષ્ટ્ર રાજય એ ગુજરાતથી જુદુ પડેલ હતું. અને એ વખતે સૌરાષ્ટ્રની પછાત કોમો એના ત્રણ ભાગ પડેલ હતા. સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ દ્વારા ત્રણ પુસ્તિકા અલગ અલગ બહાર પાડવામાં આવેલ હતી. એમાં મેં મારુ પોતાનું વર્ણન શોધીને રજૂ કર્યું કે આજની પરિસ્થિતિમાં માની લો કે હું અમારો પરિવાર અમારા બાપ દાદા અમારા વડવાઓએ ૨૦૦ વર્ષ પહેલા રાજસ્થાનથી આવેલા હતા. પહેલા ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર એક મોટું રાજય હતું એટલે આજે પણ કોઇ વ્યકિત મારવાડી વણકર લખાવતી હોય કે અન્ય કોઇ લખાવતી હોય એના કારણોસર આજે પણ એ લોકોને તકલીફ પડે છે. અને એ તકલીફ જયારે ૧૯૫૦નો દાખલો આપો, અન્ય પુરાવા આપો ત્યારે એની તકલીફો દૂર થતી હોય છે. હું એટલા માટે કહું છું કે સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ દ્વારા એસ. સી અને ઓ.બી. સી. કાસ્ટની તમામ જાતિઓનું વર્ણન આની અંદર કરવામાં આવેલ છે. જે રીતની કોલમો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે કે રાજય સરકાર દ્વારા આજે બિલ લાવ્યા છે એમાં માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ વાત કરી કે ૧૯૯૪ની અંદર મહારાષ્ટ્રમાં માધુરી પાટીલ નામની દીકરી કે જેને અનામતના દાખલા માટેનો પ્રોબ્લેમ થયો એ પ્રોબ્લેમ નીચલી કોર્ટમાંથી સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો અને એના ધ્યાને એ વાત આવી કે આવા તો હિન્દુસ્તાનની અંદર ભારત દેશમાં કેટલા લોકો હશે કે આ રીતના કાસ્ટ સર્ટિફિકેટ માટે સુપ્રીમ કોર્ટ સુધી આવતા હશે એટલે એણે વિશ્લેષણ કમિટીની રચના કરી અને એના માધ્યમથી સર્ટિફિકેટોની ચકાસણીનું કામ થઇ રહ્યું છે. જે રીતના અલગ અલગ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ની વાત છે ત્યારે મારી પાસે ૧૯૫૬માં કઇ રીતની કાસ્ટોનો સમાવેશ કરેલો એનું ગેઝેટ પણ છે અને ૧૯૭૬માં એ કાસ્ટોમાં કઇ કઇ કાસ્ટો બીજી ઉમેરાઇ એ રાજય સરકાર દ્વારા અને ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલ ગેઝેટો પણ છે. મારે એટલું જ કહેવું છે કે કોઇપણ વ્યકિત જાતિનો દાખલો એસ.સી., એસ.ટી. કે ઓ.બી.સી. નો લે ત્યારે મંત્રીશ્રી આ ખૂબ ગંભીર નોંધવા જેવી બાબત છે. એના પિતા હોય કે માતા હોય જો એના પિતા એ દીકરો હોય કે દીકરી હોય એ જો એના પિતાનો લાભ લેતો હોય તો માતાનો લાભ નથી લઇ શકતો અને જો માતાનો લાભ લેતો હોય તો એ પિતાનો લાભ લઇ શકતો નથી. આપણે તેના આધારે સર્ટિફિકેટ આપીએ છીએ. જો માતા એ કાસ્ટની હોય તો એ કાસ્ટનું સર્ટિફિકેટ મળે છે અને પિતા એ કાસ્ટનો હોય તો એ કાસ્ટનું સર્ટિફિકેટ મળે છે. આજે પણ કોર્ટને આધીન છે એટલે હું કોઇના નામમાં નહીં પડું, પણ એવી વ્યકિત કે જે વ્યકિતની માતા એ પોતે આદિવાસી કોમ્યુનિટીમાં છે. એ પહેલાં ધોરણમાં ભણ્યો અને બારમા ધોરણ સુધી તેણે અભ્યાસ કર્યો. તેની કોમ્યુનિટી આદિવાસીમાં જ આવે છે. તેમ છતાં પણ અત્યારે એ કોર્ટની કાર્યવાહીમાં છે માટે તેનું નામ નથી બોલતો, તેની ચર્ચા પણ નથી કરતો. માટે એ વ્યકિતને પણ ન્યાય મળવો જોઇએ. કારણ કે આપણાં બંધારણમાં બહુ ચોખ્ખું લખેલું છે કે કાં તો ફાધરનો લાભ લો, કાં મધરનો લાભ લો. એ વ્યકિતએ મધરનો લાભ લીધેલો છે અને પહેલાં ધોરણથી માંડીને બારમા ધોરણ સુધી એ સર્ટિફિકેટમાં કમ્પ્લીટલી એક જ કાસ્ટનું આવેલું છે ત્યારે તેને તેનો લાભ મળવો જોઇએ. અનુસૂચિત જાતિ અને જનજાતિના જે કાયદાઓ બન્યા અને ખાસ કરીને અત્યાચાર અંગેનો જે કાયદો બન્યો, આ રાજયના પનોતા પુત્ર અને આપણાં સૌના આદરણીય વડાપ્રધાનશ્રી એમ કહેતા હતા કે એકટની જરૂર નથી. એક્શનની જરૂર છે. નો એકટ, ઓન્લી એક્શન. આ સન્માનનીય વડાપ્રધાનશ્રીના શબ્દો છે. હું એ કહેવા માગું છું કે આ એટ્રોસિટી એક્ટના ૧૯૮૯ પછી ગયા સત્રમાં સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ એક્ટમાં સુધારો કર્યો અને તેને વધારે મજબૂત કર્યો. એ એક્ટની જોગવાઇ મુજબ એસ.,સી., એસ.ટી. પર કોઇ આભડછેટ કે અન્ય કોઇ ભાષાનો પ્રયોગ કરે ત્યારે ડી.એસ.પી. કક્ષાના અધિકારી તેની તપાસ કરી શકે. તેના પર પોલીસ કેસ થઇ શકે. તેના પર કાર્યવાહી થઇ શકે. આજે હું આપને વિનંતી કરું છું કે આ ટીકાના સ્વરૂપમાં ન લેતા. સુપ્રીમ કોર્ટનો આવેલો ચુકાદો આપણાં માટે માન્ય છે. આ ટીકાના સ્વરૂપમાં નથી લેતો. •(×××) એ તારણને આધીન જયારે કોઇ વ્યકિત ઉપર એટ્રોસિટી એક્ટમાં ગુનો બને તો એ ગુનામાં

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર

પોલીસ (અંતરાય) માનનીય નીતિનભાઇ, આ જરૂરી છે. જાતિના દાખલા સાથે જ આ જરૂરી છે. જાતિનો દાખલો એને જ આપવામાં આવે છે કે જાતિ સાથે જોડાયેલો હોય અને જાતિ સાથે જોડાયેલો હોય તેની સામે જ એટ્રોસિટીની કાર્યવાહી થાય છે માટે હું આ વાત કરી રહ્યો છું. એટ્રોસિટી કરી હોય પણ એ કાયદેસર આગોતરા જામીન લઇ શકે છે. *(×××)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**બિલના સ્કોપમાં જ બોલવા અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવાએ જે બિલ રજૂ કર્યું છે એ આપણે બધા જાણીએ છીએ કે તાજેતરમાં કેટલાક બનાવો બન્યા. ભૂતકાળમાં પણ બનાવો બન્યા કે કોઇ આદિજાતિ સમાજના ન હોય, કોઇ એસ.સી. સમાજના ન હોય અને ખોટું સર્ટિફિકેટ મેળવી અને શિક્ષણમાં કે સરકારી નોકરીમાં લાભ લઇ લે એવા લોકોને રોકવા માટે કડક કાર્યવાહી કરવી એટલો જ મુખ્ય હેતુ આના માટેનો છે. આદિવાસી સમાજમાં પ્રશ્ન થોડા સમય પહેલાં ખૂબ મોટા સ્વરૂપમાં પ્રગટ્યો હતો. એવી પણ ઉશ્કેરણી કેટલાક લોકોએ કરી કે આપણાં સમાજની નોકરીઓ ખોટા સર્ટિફિકેટોથી લઇ લેવામાં આવે છે, એટલા માટે અમારા મુખ્યમંત્રીએ, અમારી કેબિનેટે નક્કી કર્યું કે આ કાયદો લાવવો અને એની અત્યારે ચર્ચા ચાલી રહી છે. માનનીય શૈલેષભાઇ પ્રત્યે સંપૂર્ણ માન છે. એમણે એમના અંગત જીવનની વ્યથા થઇ હતી એ રજૂ કરી. એ આના સ્કોપ બહાર હતી છતાં એમની લાગણીને માન આપીને એ બધુ રેકર્ડ ઉપર લીધું છે.

અધ્યક્ષશ્રી : એટલા માટે મેં પણ વાંધો લીધો નથી. તમારી વ્યક્તિગત તકલીફ અને દુઃખ હતું એ અમે સમજીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમારી તકલીફ અને એ કમનસીબ બનાવ ઉપર અમારી સિમ્પથી છે અને સહાનુભૂતિ છે. પરંતુ *(×××)

અધ્યક્ષશ્રી : એ બાબત અને આ વિષયને કોઇ સંબંધ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ છેલ્લે એવું કહ્યું કે, *(×××) એ પ્રમાણેની વાત નથી.

અધ્યક્ષશ્રી : એ હું રેકર્ડ ઉપરથી કાઢી નાખીશ. માનનીય શ્રી શૈલેષભાઇ આ સ્કોપ પૂરતી વાત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) એ રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઇએ એવી મારી વિનંતી છે અને માનનીય શૈલેષભાઇને પણ વિનંતી છે કે તેઓ એ વિષય અહીંયાં ન લે.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર કરું છું અને એમને પણ વિનંતી કરું છું કે તેઓ આ વિષય અહીંયા ન લે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની હું ટીકા કરતો નથી.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, એ વિષય હવે જવા દો. એવું કહીને પણ એવો ભાવાર્થ ઉભો થાય છે. એના કરતાં બેટર એ છે કે આપણે આગળ વધીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ, જેના ઉપર વીતી હોય એને ખબર પડે. ચાબખા કેવા પડ્યા છે.

અધ્યક્ષશ્રી : સહાનુભૂતિ છે એટલે તો આ અહીં લાવ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બેય પક્ષે વીતી હોય છે. બેય પક્ષને સાંભળો તો ખબર પડે કે કોને કેટલી વીતી છે? અત્યારે તો તમારા એકલાની જ વાત સંભળાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ના, ના એવું નથી. માનનીય મંત્રીશ્રીનું જે હાર્દ છે, જે વીતી છે એના અનુસંધાન આ બિલ મંત્રીશ્રી લાવ્યા છે અને એને આવકારું છું એટલા માટે કહું છું કે ખોટી રીતે, ખોટા લોકો પ્રમાણપત્ર ન લઇ જાય એની જવાબદારી આપણા સૌની છે. મારી વાત પૂરી કરતા પહેલા એટલું ચોક્કસ કહીશ કે મેં આખું બિલ વાંચ્યું છે, લંબાણપૂર્વક વાંચ્યું છે અને માનનીય મંત્રીશ્રીને પણ સાંભળ્યા છે. આ બિલમાં સજાની જોગવાઇ માટેની વાત કરી. ખોટું પ્રમાણપત્ર લઇ જાય એની સજાની વાત કરી અને દંડની વાત કરી. તો અધિકારી ખોટું પ્રમાણપત્ર કાઢી આપે એને સજાની જોગવાઇ, એને પણ દંડની જોગવાઇ કરી. એના જે સાક્ષીઓ હોય એની પણ સજા અને દંડની જોગવાઇ કરી. મારો આમાં એટલો સુધારો કરવા માગું છું કે જે દાખલો કઢાવવા આવે છે એ ખોટો દાખલો છે, એ જે સજા હોય એ જ સજા જે દાખલો કાઢી આપનાર વ્યક્તિ હોય, અધિકારી હોય એને પણ એટલી જ સજા થવી જોઇએ. કારણ કે પેલો ખોટા સર્ટિફિકેટ, ખોટું પ્રમાણપત્ર, ખોટા કાગળો લઇને આવ્યો હોય તો એની ખરાઇ કરવાની જવાબદારી અને સાચું પ્રમાણપત્ર આપવાની જવાબદારી એ અધિકારીની છે. એટલે જે સજા ખોટું સર્ટિફિકેટ લઇ આવ્યો છે એટલી સજાની જોગવાઇ ખોટું સર્ટિફિકેટ કાઢી આપનારને પણ થવી જોઇએ. એટલી હું વિનંતી કરું છું અને આ બિલને સમર્થન આપતા પહેલા એક ચોક્કસ વાત કરીશ કે આપ સૌરાષ્ટ્રની પછાત કોમોની પુસ્તિકા છે. સૌરાષ્ટ્ર પછાત બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવી હતી એમાં એસ.સી અને ઓ.બી.સી.ની તમામ જ્ઞાતિઓનો, કઇ કઇ જ્ઞાતિઓ કઇ કઇ રીતે ક્યાં ક્યાં વસેલી છે એનું શું જીવનધોરણ હતું અને ક્યાં જઇને વસ્યા એના તમામ ઉલ્લેખ સરકાર દ્વારા બહાર પાડેલી આ પુસ્તિકામાં છે એનો આમાં થોડોક અભ્યાસ કરજો. એને આપ વાપરજો અને આપ જોઇ જજો અને બીજું, જે

ખોટા સર્ટિફિકેટ લીધેલા છે, એસ.સી.નું હોય, એસ.ટી.નું હોય કે ઓ.બી.સી.નું હોય પણ એ પોતે નિયમ મુજબ ૧૯૫૦થી, ૧૯૫૬થી અને ૧૯૭૮થી કે જે જ્ઞાતિમાં એનો સમાવેશ થતો હોય, ત્યાં રહેતો હોય, તેવા કોઇપણ વ્યક્તિને અન્યાય ન થાય એટલું આપશ્રી જોશો. કારણ કે આપ જે કાયદો લઇને આવ્યા છો એ કાયદામાં હું પોતે આપને સમર્થન કરૂં છું. પણ બીજી કોઇ જ્ઞાતિને ખોટી રીતે અન્યાય ન થાય એ જોવાની સરકારશ્રીની જવાબદારી છે. એટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિધેયક લઇને આવ્યા છે એનો હેતુ માત્ર એટલો જ છે કે ભારતના બંધારણની કલમ–૩૬૬ (૨૪ ) અને (૨૫)માં દર્શાવેલ અનુક્રમે અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ જે બંધારણની કલમ –૩૪૧ અને ૩૪૨ મુજબ નિર્દિષ્ઠ થયેલ અનુક્રમે અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓને ભારતના બંધારણમાં આપેલ વિશેષ અધિકારોની સુરક્ષા કરવા માટેના અધિનિયમનો આ હેતુ છે. મને કહેતા એ બાબતનો આનંદ છે કે આ દેશનું સંવિધાન ડોકટર બાબાસાહેબ આંબેડકરે જે ઘડયું એના આધારે આ વિશ્વની મોટામાં મોટી લોકશાહી ભારતીય લોકશાહી ચાલે છે.

**સભાપતિશ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : અધ્યક્ષસ્થાને**

૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસમાં જે બંધારણ ઘડયું અને એમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ને જે ફન્ડામેન્ટલ રાઇટસ આપવામાં આવ્યા એનું રક્ષણ કરવાની તમામ રાજયોની જવાબદારી છે. દેશની આઝાદીની સાથે ભારત દેશ એક નવો આકાર લેવા જઇ રહ્યો હતો તે સમયના આપણા દેશના બંધારણના ઘડવૈયાઓ માટે દેશના અંત્યોદયની રાજકીય, સામાજીક, શૈક્ષણિક અને આર્થિક ભાગીદારી દેશના વિકાસમાં ખૂબ જરૂરી હતી તે બાબત ઘ્યાને રાખી ભારત સરકાર દ્વારા સને ૧૯૫૬માં પ્રેસીડેન્ટ ઓર્ડર દ્વારા દેશની અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ જાહેર કરવામાં આવી. આ ઓર્ડરથી ગુજરાત રાજય જે ત્યારે બૃહદ મુંબઇ રાજયનો એક ભાગ હતો. તેમાં વસવાટ કરતા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનો પણ સમાવેશ કરેલો છે. આ દેશમાં મોટામાં મોટી કોઇ જાતિ હોય તો એ કાગળ છે. દેશમાં કોઇ મોટામાં મોટી જાતિ હોય છે કાગળ હોય છે, એવિડન્સ. ભારત સરકારના તા. ૨૯–૧૦–૧૯૫૬ના જાહેરનામા મુજબ રાજયના ગીર, બરડા અને આલેચ વિસ્તારમાં વસવાટ કરતા ભરવાડ, રબારી અને ચારણ લોકોને અનુસૂચિત જનજાતિમાં સમાવવામાં આવ્યા હતા. આ જાહેરનામામાં બતાવેલ જાતિઓમાં ભારત સરકારના માધ્યમ પ્રમાણે જે કંઇ ફેરફાર અને અપવાદ છે, પરંતુ રાજય સરકાર તેમાં કોઇ કાર્યવાહી કરી શકતી નથી. આ પ્રેસીડેન્ટ ઓર્ડર ૧૯૫૬નો જે છે એમાં ૯મો પેરા છે એમાં લખ્યું છે in the districts of મધ્ય સૌરાષ્ટ્ર, ઝાલાવાડ, ગોહિલવાડ એન્ડ સોરઠ એમાં જે વસતા સીદી આદિવાસીમાં આવે છે એ માત્ર તલાલામાં છે અને પેરા ૧૦માં લખેલું છે in the neses areas of forests of alech, gir and barado. આ સ્પષ્ટ આમાં સૂચના આપેલી છે, લખેલું છે કે જે નેસ ગીર, આલેચ અને બરડામાં રહેતા ભરવાડ, ચારણ, રબારીનેજ માત્ર ફોરેસ્ટ એરીયામાં રહેતા એ લોકોને જ આદિવાસીઓના દાખલા આપવામાં આવે, અનુસૂચિત જાતિમાં ગણવામાં આવે નહિ કે રેવન્યુમાં. ફોરેસ્ટ એરીયામાં રહેતા માત્ર ત્રણ જ લોકોને કે જેમને જાતિનો દાખલો આપવાનો આમાં છે અને ભગાભાઇ બારડ વચ્ચે ચર્ચામાં કહેતા હતા કે અમારા નેસ વિસ્તારમાં શિક્ષણ નથી, રસ્તા નથી, વીજળી નથી, પાણી નથી, એ નેસોના ઝૂંપડામાં રહેતા એ લોકોની ચિંતા એમણે કરી. આ વિધેયક લાવવામાં આવ્યું છે એમાં એ નેસમાં રહેતા ચારણ, રબારી, ભરવાડ એને દૂર કરવાનો નથી. એમને ન્યાય અપાવવાનું વિધેયક આ ગૃહમાં અમારા મંત્રીશ્રી લઇને આવ્યા છે. રાષ્ટ્રપતિજીએ જે એમને હક્કો આપ્યા હતા એનું હનન ન થાય, એમને એનો લાભ મળે, ચારણ, રબારી, ભરવાડને એના માટેનું આ વિધેયક છે. એમાં રેવન્યુ વિલેજો જે છે એ નથી આવતા, માત્ર ફોરેસ્ટ એરીયામાં રહેતા લોકોને આનો લાભ મળે એ અભિગમ હતો. ઉપરની ત્રણ જાતિઓમાંથી રબારી સમાજની એક પેટા જાતી સોરઠીયા રબારી સમાજે તા.૧૧–૧૦–૧૯૯૨ના રોજ સંમેલન કરી તત્કાલિન મુખ્યમંત્રીશ્રીને પોતાના સોરઠીયા રબારી સમાજને જાતિપ્રમાણપત્ર મેળવવામાં પડતી અગવડતા માટે રજૂઆત કરી. આ રજૂઆતના સંદર્ભે આ ગૃહમાં પુરોગામી સરકારે તા. ૨૮–૩–૨૦૦૩ના રોજ પરિપત્ર બહાર પાડીને શ્રી જે.એમ. મલકાન નામના એક વ્યકિતની નિમણૂંક કરી. આપ બધા જાણો છો કે એમને આ અંગે અભ્યાસ અહેવાલ રજૂ કરવા જણાવવામાં આવેલ.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના એજન્ડા પરનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવીએ. બપોરે ૨–૦૦ થી ૨–૩૦નો વિરામ રાખીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચાઓ અગત્યની છે એટલે ટોટલ ચર્ચા પૂરી થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા સંમત છીએ.

સભાપતિશ્રી : સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મલકાન દ્વારા જંગલમાંથી, નેસમાંથી સ્થળાંતરિત થયેલા માત્ર સોરઠિયા રબારી લોકોની યાદી તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ભૂલ ક્યાં થઇ? કેમ આ એક્ટ લાવવો પડ્યો એના

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

મૂળમાં આપણે વિચારવું પડશે. આ રીતે એમનું કાર્યક્ષેત્ર માત્ર સોરઠિયા રબારી સમાજ પૂરતું હતું. એ ભારતના સંવિધાનની કલમ ૩૪૨ને સુસંગત નથી, તદ્દન વિરુદ્ધમાં છે. શ્રી મલકાન દ્વારા ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩થી ૭મી મે ૧૯૯૩ સુધીના સમયગાળામાં તપાસ કરીને અહેવાલ સોંપવામાં આવ્યો. જેમાં સોરઠિયા રબારી સમાજની રજૂઆતના આધારે યાદીવાળાઓને એક કાર્ડ આપવામાં આવ્યું અને તેને વિગતદર્શક કાર્ડ તરીકે ઓળખાવાયું. આ સરવેના આધાર થકી ૧૫ હજાર જેટલા રબારી સમાજના લોકોને આ વિગતદર્શક કાર્ડ આપવામાં આવેલા હતા. એ જ ભારતના બંધારણની કલમ ૩૪૨નું સર્વથા ઉલ્લંઘન કરે છે. આમ, સમગ્રતયા એ વિસ્તારની મુલાકાત અને રબારી સમાજના આગેવાનો દ્વારા અપાયેલ યાદીને મોટાભાગે શ્રી મલકાન દ્વારા સ્વીકારવામાં આવી અને જાતિ દરજ્જો નક્કી કરવામાં મદદરૂપ બને તેવું એક ઓળખકાર્ડ આપવામાં આવ્યું છે. જેના આધાર થકી ૧૫ હજાર જેટલા લોકોને વિગતદર્શક કાર્ડ આપવામાં આવ્યા છે. આ વિગતદર્શક કાર્ડ છે એ મેં મેળવ્યું છે અને એમાં લખ્યું છે કે ગીર, આલેખ અને બરડાના જંગલ વિસ્તારમાં નેસોમાંથી અન્યત્ર સ્થળાંતર કરી ગયેલ કેટલાક રબારી ઇસમોના અનુસૂચિત જનજાતિ તરીકેના દરજ્જાની ચકાસણીની કામગીરી ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગની તા. ૨૮-૧-૧૯૯૩ના ઠરાવ નં. અજબ/૨૦૯૨/૧૪૪૩, શ્રી જ.મ. મલકાન, નિવૃત્ત સંયુક્ત સમાજ કલ્યાણ નિયામકને સોંપવામાં આવી. શ્રી મલકાનને તેમની આ કામગીરીમાં એક દાખલો જે આપવામાં આવ્યો છે, વિગતદર્શક કાર્ડ જે આપવામાં આવ્યું છે. શૈલેષભાઇએ દુઃખની વાત કરી, એમને હું સમર્થન આપું છું. જેને વીતી હોય એને ખબર પડે. ભૂખ ઉપર આપણે બધા વાતો કરીએ પણ જેણે ભૂખ સહન કરી હોય એને ખ્યાલ હોય કે ભૂખની સ્થિતિ શું છે? શ્રી મલકાને તેમની આ કામગીરીમાં શ્રી કરમટા નાજા ડોસા, હાલ રહેવાસી ચોરવાડના નામ સામે તેમના નેસમાં વસવાટ અંગે નીચે મુજબ નોંધ કરી છે. લખ્યું છે કે તાલુકા માળિયા હાટીના, ડાંડીયાવાળા નેસ, તા. રાણાવાવ, ક્રમાંક-૯૪૧ અને આ ફપમાં આપ્યું છે અને સ્થળાંતર થયેલ હોય તેમ જણાવેલ છે. એવિડન્સ આપણો ૧૯૫૬નો એક્ટ કહે છે કે ૧૯૫૬માં આલેખ અને ગીરમાં રહેતા રબારી**,** ચારણ**,** ભરવાડને જ આ લાભ મળે. સ્થળાંતર થયેલા બીજા લોકોને ક્યાં આપવાનું હતું**?** આ ભૂલની શરૂઆત થઇ છે તે આ થઇ છે. મારે લાંબી વાત કરવી નથી. પણ આ જે વિગતદર્શક કાર્ડમાં માલધારીઓનો વસવાટ નેસમાં તા. ૨૬-૩-૧૯૬૫ના દિવસે દર્શાવેલ છે. જ્યારે ભારત સરકારનું જાહેરનામું તા. ૨૯-૧-૧૯૫૬ના દિવસે કે તે પહેલાં હોય તેને અનુસૂચિત જનજાતિનો દરજ્જો મળી શકે. હવે પ્રશ્ન એ છે કે મલકાન સમિતિએ આ માલધારીને વિગતદર્શક કાર્ડ કેમ આપ્યું**?** વિગતદર્શક કાર્ડમાં જેમનું નામ દર્શાવેલ છે તે માલધારીઓનો વસવાટ વર્ષ ૧૯૬૫માં છે. તો આ વિગતદર્શક કાર્ડ ૧૯૫૬નો પુરાવો કેમ ગણવો**?** આવા મોટાભાગના વિગતદર્શક કાર્ડ મલકાન સમિતિએ માલધારીઓને આપી દીધેલ છે. જે તદ્દન ખોટા છે. છતાં માલધારીઓ તેના આધારે જાતિ પ્રમાણપત્રો યેનકેન પ્રકારે મેળવે છે. ગીર, બરડા અને આલેખના રબારી, ભરવાડ અને ચારણ લોકોને અનુસૂચિત જાતિના લાભો આજે મળવા જોઇએ. પ્રેસિડન્ટ ઓર્ડરમાં એમને હક્ક આપવામાં આવેલ છે. મહામહીમ રાષ્ટ્રપતિ દ્વારા ગીર, બરડા અને આલેખના રબારી, ભરવાડ, ચારણને અનુસૂચિત જાતિમાં સમાવ્યા છે ૧૯૫૬માં કેમ સમાવ્યા? તો ૧૯૫૦ પહેલાની સ્થિતિ જે તે વખતે આદિવાસી જેવું જ જીવન જીવતા હતા. જંગલી નેસોમાં વસવાટ કરતા હતા એટલે આદિવાસીના લાભો એમને આપવામાં આવ્યા. જાતિ તરીકે નહીં પણ એમની જીવન પદ્ધતિના લીધે દાખલા આપવામાં આવ્યા છે અને આજે પણ એમને મળવા જોઇએ. એમને અન્યાય થઇ રહ્યો છે એના માટે અમે આ બિલ લાવ્યા છીએ. આ લાભો જંગલમાં વસવાટ કરતા હતા માટે અપાયેલ છે. જંગલમાંથી બહાર જીવન જીવવા માટે તે લાભોથી મુખ્ય લાયકાત એની નષ્ટ થઇ જાય છે. રાજ્ય સરકારે જંગલમાંથી સ્થળાંતર થઇ ગયેલા આવા રબારી, ચારણ, ભરવાડ અનુસૂચિત જાતિના ગણવા મલકાન સમિતિની જે આ રચના કરી અને એમાં જે એવીડન્સ તરીકે વિગત દર્શક કાર્ડ આવ્યા એના માધ્યમથી આજે ખોટા લોકો પણ આદિવાસીના પ્રમાણપત્ર લઇને મિત્રો નોકરીએ લાગ્યા છે. એમને આ વિધેયકથી આવનારા સમયમાં એમને દૂર કરવાનું કામ પણ આપણે બધાએ ગૃહના માધ્યમથી કરવું પડશે. પ્રેસિડન્ટ ઓર્ડરમાં સ્પષ્ટ લખેલું છે કે, ૧૯૫૬ મુજબ જંગલ, નેસમાં કાયમી વસવાટ કરે એને જ આ લાભ મળવાપાત્ર થાય. એટલે મારે આગળ માત્ર આદિવાસીઓનો જે હક્ક છે એ પણ આમાં છીનવાઇ જાય છે તો માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન આપણી રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા સમયે પરિપત્રો, સૂચનાઓ જાહેર કરીને મલકાન સરવે અંતર્ગત નિયમોસર વિના વિલંબે દાખલા મળે એના પ્રયત્નો પણ મિત્રો થયેલા છે અને મારે તો એટલું જ કહેવું છે કે જે તે સમયે આપણા ગૃહના માધ્યમથી જે કાંઇ કાર્યવાહી ૧૯૯૦, ૧૯૯૩ માં થઇ અને જે કાંઇ આપણા વડવાઓએ ભૂલો કરી છે, પૂર્વગામી સરકારોએ અને અધિકારીઓએ ભૂલો કરી છે. પૂજા-પાઠ કરવાથી ઈશ્વર આપણને માફ કરી દે છે, હવનો, યજ્ઞ કરશો તો માફ કરી દેશે પણ કર્મો મિત્રો ક્યારેય કોઇને માફ કરતા નથી. મારે મિત્રો એટલું જ કહેવું છે કે, ભારતના બંધારણની કલમ ૩૬૬, ૨૪ અને ૨૫ માં દર્શાવેલ અનુક્રમે અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ જે બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ નો સદંતર ભંગ કરીને આ ગૃહમાં કાયદો, ઇ-લીગલી મલકાન સમિતિ રચીને આપણી પૂર્વ સરકારો બંધારણને પણ ગળીને પી ગઇ છે, ઓગાળીને પી ગઇ છે એવું હું કહું છું તો ખોટું નથી. સાથે સાથે આવા લોકોને અનુસૂચિત જાતિનો દાખલો આપવા માટે, સમાવેશ કરવો હોય એના માટે મારા ધ્યાન પ્રમાણે સરકારે રાજ્યપાલને રજૂઆત કરવી જોઇએ અને રાજ્યપાલ સેન્ટ્રલમાં રજૂઆત કરે, સેન્ટ્રલ એની કમિટી રચે, એ એટર્ની જનરલને વાત કરે, રાજ્યપાલને મોકલે પછી કમિશન રચાય આની બધી પ્રોસેસો છે. આ ૩૪૨ની જે કલમ છે એના બંધારણની વાત કરું તો રાષ્ટ્રપતિ- **इसी राज्य या संघ राज्य**

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

**के क्षेत्र के संबंध में जहॉ - वहॉ वो राज्य के राज्यपाल श्री से परामर्श करने के पश्चात लोग अधिसूचना व्दारा उन जनजातियों या अनुसूचित जन जातियों के समुदायों अथवा जनजातियों या उनमें जनजातियों के भागों या उनके जुथों को विनिर्जिष्ट कर सकेगा जिन्हें वो संविधान के प्रयोजनों के लिये यथा स्थिति उन राज्य या संघ राज्य क्षेत्र के संबंध में अनुसूचित जनजाति समझा जाएगा ।** રાજ્ય સરકારને અનુસૂચિત જાતિનો દાખલો આપવાનો કે ઉમેરવાનો કોઇ અધિકાર નથી. એનો ભંગ આપણી વિધાનસભામાં થયેલો છે. સમય બહુ ગયો છે એટલે મારે વધારે વાત કરવી નથી પણ તત્કાલિન રાજ્ય સરકારો દ્વારા જુદા જુદા સમય પર પરિપત્રો બહાર પાડ્યા હતા અને આ વસ્તુ બની. આદિવાસી તરીકેનો દરજ્જો પ્રસ્થાપિત કરવા જે માપદંડો અને આધારો છે એ વ્યક્તિગત રીતે જોવામાં આવે છે અને સમગ્ર વિસ્તારને લાગુ કરવો એ કેટલે અંશે યોગ્ય ગણાશે? આ અહેવાલથી મને કેટલીક વિગતો ધ્યાનમાં આવી છે કે મલકાન સમિતિએ પંચ નહિ પણ એક વ્યક્તિના આધારે, અભ્યાસ આધારે અહેવાલ મૂકવાનો થાય છે. નેસ વિસ્તારમાં રબારી સમાજને અનુસૂચિત જાતિમાં સમાવ્યા છે ત્યારે શ્રી મલકાનનો અહેવાલએ સોરઠિયા સમાજ અંગે છે. સોરઠિયા, રબારી અને નેસ વિસ્તારમાં રહેતા રબારી એ બંને એક જ છે કે કેમ? એ પ્રશ્ન છે. શ્રી મલકાન દ્વારા જંગલના સ્થળાંતરિત રબારીની યાદી તૈયાર કરવા માટે કોઇ અસલ ડોક્યુમેન્ટ મેળવેલ નથી. તે આદિવાસી વિભાગમાં રજૂ કરેલ નથી અને રેકર્ડ પર પણ નથી. શ્રી મલકાન દ્વારા દેશમાં રહેણાંકના પુરાવા સંબંધી જંગલ ખાતા સાથે ચકાસણી અને ખરાઇ કરાવવામાં આવેલ નથી. મલકાન દ્વારા બારોટના ચોપડા, રબારી સમાજની સંસ્થાઓને જૂથ દ્વારા આપવામાં આવેલ યાદીઓ તેમજ કેટલાક કિસ્સામાં રોજકામ એવું પણ આમાં જોવામાં આવેલ નથી. કેટલાક કિસ્સાઓમાં ૧૯૫૬ પછીની અથવા ૧૯૪૭ પહેલા મસવાડીને આધાર બનાવી સ્થળાંતરીત રબારીઓની યાદી તૈયાર કરેલ છે. આ તમામ બાબત ધ્યાને લેતા અગાઉની સરકારો દ્વારા પોતાના હિતમાં કરેલ નિર્ણયના કારણે બંધારણ દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે કરેલ અનામતની જોગવાઇઓ જોખમમાં આવી છે અને અનામતનો ઉમદા હેતુ બર ન આવે તેવી કામગીરી પહેલાની સરકારો દ્વારા કરેલ છે જેને સુધારવા માટે ખોટા લોકો અનામતના લાભ ન લઇ શકે તેના માટે આ ગૃહમાં કડક કાયદો અમલ કરવાનો માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલસાહેબ અને અમારો આદિજાતિ વિભાગ, સામાજિક અધિકારીતા વિભાગ, એસ.ટી.એસ.સી. અને ઓ.બી.સી. એ ત્રણેય ડિપાર્ટમેન્ટ ભેગા મળીને જે આ વિધેયક લાવ્યા છે એને હું આવકારું છું અને કાયદાની જોગવાઇ પ્રમાણે આવનારા સમયમાં આપણને બધાને લાભ મળે એની વાત કરું છું. વિરજીભાઇ ઠુમર સાહેબ અહીં બેઠા છે એમણે કહ્યું ૨૭૮ અમારી સરકારે ડેમો બનાવ્યા. ડેમો તો તમે બનાવ્યા પણ એમાં આદિવાસીઓ જ ડૂબાણમાં ગયા અને ૧૯૭૦ થી ૧૯૭૫માં ૩૨૦૦ પરિવારો વિસ્થાપિત થયા અને હું પોતે વિસ્થાપિત છું. મારી જમીન પણ ડૂબાણમાં ગઇ હતી. (અંતરાય) આ વિધેયક લાવ્યા છે એને હું સમર્થન આપું છું.

સભાપતિશ્રી : બધા સભ્યશ્રીઓને એક વિનંતી છે કે માનનીય મંત્રીશ્રીએ જે પોતાના વિચારો વ્યકત કર્યા છે, પોતાનું નવું સૂચન હોય તો કહે. આ એકની એક વાત રીપીટ થાય છે તો એકની એક વાત રીપીટ ન થાય અને વિષય બહાર પણ ન જાય.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગોની જાતિ માટે જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાના અને એની ખરાઇ કરવા માટેનું નિયમન કરતું જે વિધેયક લઇને આવ્યા છે. આજે વિધાનસભાનો છેલ્લો દિવસ છે અને છેલ્લા દિવસે છેવાડાના માણસો માટે જે કાયદો લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. મંત્રીશ્રીએ બહુ સારી વાત કરી કે અનામત પદ્ધતિનો જે ઉદ્દેશ છે એ ઉદ્દેશ પછાત વર્ગોને શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ઉત્કર્ષ થાય એના માટેનો છે અને રાજ્ય સરકારે અને ખાસ કરીને બંધારણે એના માટેની જોગવાઇ પણ કરી છે. બંધારણના સંવિધાનના અનુચ્છેદ-૧૫ અને ૧૬માં શૈક્ષણિક સંસ્થાઓ માટે અને રોજગાર માટે એના માટેની બેઠકો અનામત રાખવામાં આવી છે. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ એ બંધારણમાં પહેલેથી જ નકકી કરવામાં આવેલી છે. ભારતના સંવિધાનના અનુચ્છેદ-૩૬૬ પ્રમાણે ખંડ-૨૪ અને ખંડ-૨૫માં જે જાતિઓ નકકી કરવામાં આવી છે એ જ જાતિઓ હોઇ શકે. એના સિવાય બીજી કોઇ જાતિઓ ન હોઇ શકે, પરંતુ છેલ્લા ઘણા સમયથી જાતજાતના ઠરાવો થવા માંડયા છે અને જાતજાતના ઠરાવોનું અર્થઘટન જુદું જુદું કરવામાં આવે અને એના લીધે પરિસ્થિતિ એ થઇ કે જુદા જુદા સમાજો અંદર ઘુસતા ગયા અને એના લીધે મુળ ઓરીજીનલ આદિવાસી સમાજ છે એને બહુ જ મોટું નુકસાન થયું. એમને શૈક્ષણિક સંસ્થાઓમાં અને રોજગારીમાં પણ બહુ મોટું નુકસાન થયું છે. હમણા મલકાન સમિતિની વાત થઇ. ૧૯૯૪માં મલકાન સમિતિ કરવામાં આવી એનો હું પણ વિરોધ કરું છું કારણ કે મલકાન સમિતિમાં જે ૧૭૦૦૦ કેસો મસવાડી અને પાતના આધારે જે કેસો તૈયાર કરવામાં આવ્યા હતા એ પણ ભૂલભરેલા હતા અને એમાં પણ તે વખતે સરકારે અને આદિજાતિ વિભાગે કહ્યું કે આની તપાસ અમે કરી નથી. આ ફકત ને ફકત મલકાન સમિતિનો જ રિપોર્ટ હતો. વિભાગે કે વિભાગના નીચેના અધિકારીઓએ કોઇએ તપાસ કરી નથી એટલે એ પણ ભૂલભરેલો જ હતો એટલે એનો પણ વિરોધ કરું છું. છેલ્લે જે તા. ૧૮-૧-૨૦૧૭ નો પરિપત્ર થયો એના લીધે જે ખોટા દાખલાઓ આપવામાં આવ્યા અને વધુ મુશ્કેલી તો ત્યાં થઇ કે સરકારે જાહેરમાં પ્રોગ્રામ કરી કરીને દાખલા આપવામાં આવ્યા અને એના લીધે જાતિના ખોટા સર્ટીફીકેટો

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

મળ્યા અને એનો લાભ લઇને નજીકના ભૂતકાળમાં અસંખ્ય લોકો આદિવાસીની જગ્યાએ બીજા લોકો નોકરીએ ચડી ગયા. કલાસ-૧, કલાસ-૨ અને કલાસ-૩ની નોકરીમાં બીજા લોકો આવી ગયા. એના લીધે ઉહાપોહ આ સમાજમાં થયો. આ બિલ લાવવા પાછળનો ઉદ્દેશ એ હોય, બિલ લાવવા પાછળનું કારણ એ છે કે સમાજમાં ખૂબ મોટો ઉહાપોહ છે. સાહેબ, આ બિલ લઇને આવ્યા છે અને હમણા જ એક દાખલો પિલ્લાઇના કેસનો આપ્યો અને ડી.આઇ.જી કક્ષાના અધિકારીની વાત કરી કે ૨૭ વર્ષે એમને ડીસમીસ કરવામાં આવ્યા ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે હમણા જ નહીં, છેલ્લા ૧-૨ વર્ષમાં જે ખોટા દાખલાઓના આધારે વર્ગ-૧, વર્ગ-૨માં જે અધિકારીઓ થઇ ગયા છે. એના સર્ટીફિકેટ તાત્કાલિક રદ કરો. સર્ટીફિકેટ રદ કરો એટલું જ નહિ, પણ એની નોકરીઓ પરત ખેંચો, એની સામે દંડ થવો જોઇએ. મારી આ મંત્રીશ્રીને વિનંતી છે. આ સર્ટીફિકેટ કોને આપવા, શું કરવું સરકારે ૨૦૦૧ માં કેન્દ્ર સરકારને લેટર લખ્યો. અને કેન્દ્ર સરકારમાં એનો જવાબ ૨૦૦૫ થી આવ્યો. અને એમાં બંધારણમાં જોગવાઇ એવી છે કે કોઇને અધિકાર નથી. છતા પણ જુદુ જુદુ વિશ્લેષણ કરીને આ સર્ટીફિકેટો લેવામાં આવ્યા અને ખોટું અર્થઘટન કરવામાં આવ્યું. માનનીય મંત્રીશ્રીએ જ્યારે એમના વિભાગની માગણી હતી ત્યારે ગીર, આલેચ અને બરડાની વાત કરી હતી. ત્યારે એમણે એમ કહ્યું હતું કે તમારી સરકારમાં ૧૯૫૬ માં જ્યારે જવાહરલાલ નહેરુ વડાપ્રધાન હતા ત્યારે નિર્ણય થયો. એ કોઇ પણની સરકાર હોય, એ અમારી હોય કે તમારી હોય આપણે એકબીજા ઉપર દોષારોપણ કરીશું તો આદિવાસી સમાજના જે બંધારણીય અધિકારો છે, તે અધિકારોનો કયારેય લાભ અપાવી શકીશું નહીં. આપણે પાર્ટી પોલીટીક્સ ભૂલી જાઓ અને સમાજના હિતને ધ્યાનમાં રાખીને કેવી રીતે આ લાભ મળે તેવો પ્રયત્ન કરવો જોઇએ તેવી મારી મંત્રીશ્રીને વિનંતી છે. માનનીય મંત્રીશ્રીએ તે વખતે અર્ધ સત્ય વાત કરી હતી. સાચી હકીકત તો એ છે કે તે વખતે ૧૯૫૫ માં જે રિપોર્ટ એન.જી.ઓ. દ્વારા એસ.સી, એસ.ટી. આયોગને કરવામાં આવેલો, તે વખતે પુષ્પાબેન મહેતા હતા. એ રિપોર્ટમાં જે આદિવાસી નહોતા એ લોકો પણ ગીર, બરડા, આલેચમાં રહેતા રબારી, ભરવાડ, ચારણને એ સીમિત એરિયા જે ૪૯૫ સ્કવેર કિ.મી. નો એરિયા હતો, એ એરિયામાં એ લોકો રહેતા હતા અને આદિવાસી જેવું જીવન જીવતા હતા, જંગલમાં રહેતા હતા અને ઢોરો ચરાવતા હતા, એટલે એમને ગણવામાં આવ્યા હતા. તે લોકો પછાત નહોતા. એમાં રિપોર્ટમાં લખવામાં આવ્યું છે, કારણ કે એ લોકોના ૧૨૦૦૦ કેટલ હતા એનું દૂધ અને ઘીની આવક ૧ કરોડ કરતા પણ વધારે હતી. આ રિપોર્ટમાં છે. એમાં જે એરિયા છે તે ૪૯૫ સ્કવેર કિ.મી. એમાં પણ ૧૦૦ સ્કવેર કિ.મી. તો એ અભ્યારણ્ય છે, એટલે ૩૯૫ સ્કવેર કિ.મી. એરિયા છે, એમાં રહેતા માણસો માટે, એટલે જે જાતિઓ હોય છે, આદિજાતિ પછાત જાતિઓ, એમાં લિસ્ટિંગ થતું હોય છે. પણ અહીયા જાતિ પ્રમાણે લિસ્ટિંગ નથી થતું. એમના એરિયા પ્રમાણે લિસ્ટિંગ થાય છે. એમનો એરિયા એવો છે આ વિસ્તાર અને આ વિસ્તારમાંથી જે નેસ વિસ્તાર છે, તેમાંથી એ લોકો વિસ્તાર છોડી દે છે, ત્યારે એમનો હક્ક રહેતો નથી. આ મારે મંત્રીશ્રીને ખાસ વિનંતી છે. બીજી બાબત એ છે કે વી આર ટ્રાયબલ, બાય બોર્ન, અને ધે આર ટ્રાયબલ બાય પ્લેસ. એ પ્લેસ એવી છે એટલે આદિવાસી છે. બાકી એ આદિવાસી નથી એટલા માટે આ જે કઇ સર્ટીફિકેટો આપવામાં આવ્યા છે, તે તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. અને એ કાયમી વસવાટ કરતા હોય તો જ તેમને સર્ટીફિકેટ આપવામાં આવે. પછી એ માઇગ્રેટ થઇ જાય તો તેને સર્ટીફિકેટ મળવાપાત્ર નથી. બહુ સાચી વાત ડિંડોરજીએ પણ કરી કે આ ફક્તને ફક્ત કોઇને કોઇ પણ ફેરફાર કરવો હોય તો સંસદ અને રાષ્ટ્રપતિ સિવાય કોઇને અધિકાર નથી. આપ જે કંઇ અર્થઘટન કરો એ બિલકુલ ખોટા છે તેવું હું માનું છું. બીજું, આ લોકોની વસતિ છે ૨૦૦૧ ની વસતિ અને ૨૦૧૧ ની વસતિ. દરેક વિકાસવૃદ્ધિ દર છે તે કદાચ ગુજરાતનો ૧૬ ટકા કદાચ હશે. અમારો આદિવાસીનો ૧૯ ટકા છે, પણ આ વિસ્તારનો વસતિ વૃદ્ધિદર ૫૦૩ ટકા થઇ ગયો. આના ઉપરથી સરકારને ખબર પડવી જોઇતી હતી કે કેમ આટલી બધી સંખ્યા વધી ગઇ? સરકાર ત્યાં સુધી જાગી નહિ. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આપની પાસે ૧૭૯૯ કેસો આવ્યા છે. ખોટી જાતિના સર્ટીફિકેટ છે, તે સર્ટીફિકેટની તાત્કાલિક તપાસ કરો અને તપાસ કરીને તાત્કાલિક એમની સામે એક્શન લો તેવું મંત્રીશ્રીને કહેવું છે. આ બિલ જ્યારે માનનીય મંત્રીશ્રી લાવ્યા છે, ત્યારે બીજી એક ચિંતાનો વિષય છે. સૂકા ભેગું લીલું પણ બળવાનું છે. સક્ષમ અધિકારી અને સક્ષમ અધિકારીની વ્યાખ્યા નથી કરી. સક્ષમ અધિકારી એટલે કોણ? સુપ્રીમ કોર્ટના જજમેન્ટમાં માધુરી પાટીલ દિક્ષિતનો જે કેસ છે તે કેસ પ્રમાણે જે કઇ બંધારણીય જોગવાઇ કરવામાં આવી છે તે પ્રમાણે મહેસૂલી અધિકારી આ સર્ટીફિકેટ આપી શકે. પણ અત્યારે શું થાય છે? ગામડામાં અત્યારે તાલુકામાં જોઇએ છીએ તો ટી.ડી.ઓ. સર્ટીફિકેટ આપે છે.તેને કોઇ સત્તા હોતી નથી. સરકારે પરિપત્રો કરીને ટી.ડી.ઓ.ને જાતિના પ્રમાણપત્રો આપવાની જોગવાઇ કરવામાં આવી છે. અત્યારે ડેપ્યુટી મામલતદાર પણ આપે છે. તો આવી બાબતના લીધે આવા ખોટા પ્રમાણપત્રોનો પ્રશ્ન ઉભો થયો છે. બીજી વાત તેમની એ છે કે જાતિ પ્રમાણપત્ર લેવાથી પ્રજાનો પ્રશ્ન હલ થતો નથી. આમાં તેને બે જાતના પ્રમાણપત્રો લેવા પડશે. એક જાતિ પ્રમાણપત્ર અને બીજું માન્યતા પ્રમાણપત્ર. આ બે બાબત લેવાની થશે ત્યારે તેને ખૂબ મોટી મુશ્કેલી ઉભી થશે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં એવી જોગવાઇ કરો કે જેથી આ માન્યતા પ્રમાણપત્ર એડવાન્સમાં મળી જાય. બાળક જન્મે ત્યારે આ પ્રમાણપત્ર તેને મળી જાય. બાકી નહીં કરો તો જયારે કોઇ એડમિશન લેવાનું થાય કે કોઇ રોજગારીનો પ્રશ્ન ઉભો થાય ત્યારે ખૂબ મોટી લાઇનો લાગે છે. અધિકારી તે વખતે ચેકીંગ કરતા નથી અને એક દિવસમાં ૫૦૦ જેટલા સર્ટિફિકેટ આપવાના હોય ત્યારે તેઓ ડીટેઇલમાં જતા નથી. ત્યારે ખૂબ મોટી મુશ્કેલી થવાની સંભાવના છે તો આના માટે કોઇ વ્યવસ્થા કરો તેવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રીએ બહુ સારી વાત કરી કે જે લોકો ખોટા દાખલા લેશે તેના માટે અમે દંડની જોગવાઇ કરી છે. અધિકારીઓ ખોટું પ્રમાણપત્ર આપશે તો તેના માટે પણ

દંડની જોગવાઇ કરી છે. સાથે કલમ–૧૪માં આ અધિકારીઓ જે ખોટું પ્રમાણપત્ર આપે છે તેને બક્ષવામાં પણ આવ્યા છે. આપ જુઓ કે આવી રીતે ખોટું પ્રમાણપત્ર આપતા હોય તેવા અધિકારીઓને કોઇ રીતે બક્ષવામાં ન આવે. મંત્રીશ્રીએ કલમ–૭ની વાત કરી છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે પહેલા પેરામાં તમે બરાબર વાત કરી. અધિનિયમની કલમ–૭માં એવું કહ્યું છે કે આ અધિનિયમ અમલમાં આવતાં પહેલાં જાતિ પ્રમાણપત્ર અથવા માન્યતા પ્રમાણપત્ર કાઢી આપવા માટે અનિર્ણિત રહેલ તમામ અરજીઓ આ અધિનિયમ અમલમાં આવ્યેથી સમસ્ત અરજીઓ સક્ષમ સત્તાધિકારીને યથાપ્રસંગ ચકાસણી માટે મોકલવામાં આવશે. પરંતુ કરીને તમે જે લખ્યું છે કે '' રાજ્ય સરકાર રાજયપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને'' શાના માટે આ હુકમ પ્રસિદ્ધ કરવો પડે? એક વખત તેનો અધિનિયમ અમલમાં આવી જાય છે ત્યારે બીજી જોગવાઇ કરવાની જરૂરિયાત હું સમજતો નથી. એટલે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ પૅરેગ્રાફ રદ કરવો જોઇએ. સક્ષમ અધિકારીની વ્યાખ્યા હમણાં મેં કહી તે પ્રમાણે સુપ્રીમ કોર્ટના જજમેન્ટ અને બંધારણ પ્રમાણે થવી જોઇએ. ત્રીજી બાબત ચકાસણી સમિતિની છે. ચકાસણી સમિતિમાં આપે વિઝીલન્સ સેલ અને વિશ્લેષણ સમિતિ આ બે બાબતો લીધી છે. તેમાં વિઝીલન્સ સેલનો આપે કયાંય ઉલ્લેખ કર્યો નથી. આનો પણ ઉલ્લેખ થવો જોઇએ. તે કેવી રીતે કરશો, તેના કોણ માણસો હશે અને વિશ્લેષણ સમિતિની અત્યારની જોગવાઇ છે તેમાં ખાતાના વડાથી ઉપરી અધિકારી તેના વડા હોય છે. અત્યારે તમે જોગવાઇ કરવાના છો? બિલ લાવ્યા છો તો આમાં કોઇ ફેરફાર કરવાના છો કે કેમ? મારી મંત્રીશ્રીને વિનંતી છે કે માધુરી પાટીલનું જે જજમેન્ટ આવેલ છે તેના આધારે તમે આ નિયમોમાં ફેરફાર કરશો તો ચોકકસ સારું પરિણામ આવી શકશે. હું આપને વિનંતી કરું છું કે, સુધારા સાથે આ બિલમાં ફેરફાર કરો તો અમારું પૂરું સમર્થન છે. બાકી આમાં આવી ત્રુટિઓ રહી જશે તો લાંબાગાળા માટે આ સમાજને કયાંકને કયાંક સર્ટિફીકેટો મેળવવાની ખૂબ મુશ્કેલી ઉભી થશે. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું આભાર.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. બિલ માટેની વાત છે કે, આદિવાસી, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના લાભો મળે છે અને તેમાં બીજા લોકો આ લાભો લઇ જાય અને ઓરિજિનલ લોકો છે તે તે લાભોથી વંચિત રહી જાય તે બરાબર નથી એટલે આ બિલને મારું સમર્થન આપું છું. મારે એક વિનંતી એ કરવાની છે કે અગાઉ ઓ.બી.સી.ની અંદર લગભગ ૫૦ લાખ જેટલા લોકોએ આવા ખોટા સર્ટિફિકેટ લઇને લાભ લીધા અને તે અધિકારીશ્રીઓના ધ્યાન પર આવતાં આ તમામ રદ કર્યા છે તે માટે માનનીય મંત્રીશ્રીને અને અધિકારીશ્રીઓને અભિનંદન આપુ છું. મારી એક લાગણી એ પણ છે કે જે લોકો એસ.સી., એસ.ટી., કે ઓ.બી.સી. સમાજમાંથી આવતા હોય અને તેનો લાભ લેતા હોય તો તે બહુ સારી વાત છે. લાભ લેતાં લેતાં તે ધર્મ પરિવર્તન કરી નાખે છે. ધર્મ પરિવર્તન કર્યા પછી પણ તે લાભ ચાલુ રહે છે. તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ બાબતે એની અંદર પણ જોગવાઇ થવી જોઇએ અને જોગવાઇ એટલા માટે કરવી જોઇએ કે જો ધર્મ પરિવર્તન કરે તો જે ધર્મમાં જાય એ ધર્મમાં એનો જે લાભ હોય એ એને મળવો જોઇએ. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય આનંદભાઇ એમની વાત એમને પૂરી કરી લેવા દો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : ભાઇ, તમે શાંતિ રાખોને તમને લાગુ પડતું હોય તો તમે નીકળી જજો. મારા વિચારો રજૂ કરું છું એમાં તમને શું વાંધો છે? (અંતરાય) તમને વાંધો શું છે?

સભાપતિશ્રી : માનનીય અનંતભાઇ, આ રીતે નહીં પ્લીઝ. તમે તમારો સમય આવે ત્યારે બોલજો. પ્લીઝ બેસી જાવ.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે મારી જે વાત કરવી છે એમાં આ ઉકળાટ શાનો છે મને એ તો સમજાવો. (અંતરાય) આમાં ઉકળાટ શા માટે થાય છે? માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલા માટે છે કે, જે લોકો ખરેખર આ લાભ લેતા હોય અને પછી ધર્મ પરિવર્તન કરતા હોય તો એના માટે પણ કાયદો લાવવો જોઇએ એવી મારી લાગણી છે. એમાં ચાહે કોઇ પણ હોય, કોઇ પણ લોકો હોય પણ જો ખરેખર ધર્મ પરિવર્તન કરતા હોય તો ધર્મ પરિવર્તન કર્યા પછી આનો લાભ ન મળવો જોઇએ એવી મારી લાગણી છે. હું આ વાત કરવા માટે અહીંયા ઉપસ્થિત થયો છું કે, આદિવાસી તરીકે, એસ.સી. તરીકે કે ગમે તે હોય અને એ લાભ લઇ લેવાનો હોય અને લાભ લઇને પછી ધર્મ પરિવર્તન કરવાનું હોય તો પછી એનો અર્થ શું છે? માટે મારે આજે કહેવું છે અને મારી વિનંતી કરવા માટે હું અહીંયા આજે ઉપસ્થિત થયો છું. ધર્મ પરિવર્તન કરીને પછી વિદેશોમાંથી ડોનેશન લે છે અને પછી સ્કૂલો ચલાવે છે અને સ્કૂલોમાં ધર્મ પરિવર્તન કરવા માટેની વ્યવસ્થા કરે આ ચલાવી લેવાય નહીં ત્યારે માનનીય મંત્રીશ્રીને અને સરકારને પણ મારી વિનંતી છે કે, આના માટે પણ કડકમાં કડક કાયદાની જોગવાઇ થવી જોઇએ અને આ બાબતને પણ સરકારે ધ્યાન ઉપર લેવાની જરૂરિયાત છે. ઘણા બધા એસ.સી. સમાજના લોકો પણ ક્રિશ્ચિયન ધર્મ અપનાવે છે. મને લાગે છે કે, અમારા ભાઇશ્રી ડીંડોર અને ભાઇશ્રી રમેશભાઇ, એમને ખ્યાલ છે ૫૦ ટકા દાહોદ જિલ્લો આદિવાસીમાંથી ક્રિશ્ચિયન થઇ ગયો છે અને પછી કહે છે કે અમારે લાભ લેવો છે તો કેવી રીતે બની શકે? તમે આદિવાસી તરીકે લાભ લો એનો અમને જરા પણ વાંધો નથી પણ ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કરી લો અને ક્રિશ્ચિયન થઇ ગયા પછી લાભ લો તો એ ન ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજ વાત કરવી છે અને માનનીય મંત્રીશ્રીને પણ હું વિનંતી કરવા માગુ છું કે, ગીર, આલેચ અને બરડાની અંદર જે ભરવાડ, રબારી અને ચારણ લોકો રહે છે એ લોકોને કેન્દ્ર સરકારે લાભ આપેલો છે અને કેન્દ્રની અંદર પણ આની જોગવાઇ થયેલી છે. આ બહુ સારી વસ્તુ છે કે આદિવાસીઓનો લાભ બીજા લોકો ન લઇ લે એના માટે સરકારે

તકેદારી રાખવી જોઇએ, અધિકારીશ્રીઓએ તકેદારી રાખવી જોઇએ અને આ જે બિલ છે એને મારું સમર્થન છે પણ સૂકા ભેગુ લીલું ન બળે એનું પણ ધ્યાન રાખજો માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને આટલું જ કહેવું છે કે, ગીર, આલેચ અને બરડામાં રબારી, ભરવાડ અને ચારણ–ગઢવી લોકો રહે છે ફોરેસ્ટવાળા એમને કાઢી મૂકવાના પ્રયત્નો કરે છે તો એમને કાઢવા ન જોઇએ કેમ કે વર્ષોથી, પેઢીઓથી એ લોકો જંગલમાં રહેતા હોય એમને આનો લાભ મળવો જોઇએ, મળશે અને આપવાના છે એની સામે મને કોઇ વાંધો નથી પણ આની અંદર કોઇને અન્યાય ન થાય અને આવા સમાજના લોકો જંગલની અંદર રહીને જંગલની સેવા કરતા હોય, જંગલને સાચવવાનું કામ કરતા હોય એને જે લાભ મળે છે એ લાભોથી તેઓ વંચિત ન રહે એ સરકાર તકેદારી રાખે. એટલી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ જાતિ પ્રમાણ પત્ર કાઢી આપવાનું અને એની ખરાઇ કરવાનું નિયમન કરવા બાબત વિધેયક, ૨૦૧૮ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ખોટાં પ્રમાણપત્રો લઇને નોકરીઓમાં અને અન્ય લાભો લેવામાં જે લોકોએ લાભો મેળવ્યા છે અને તેમાંથી ઉભી થયેલી પરિસ્થિતિને કારણે સરકારનું તેના ઉપર નિયંત્રણ લાવવા માટે માનનીય મંત્રીશ્રી આ બિલ લઇ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગીર, બરડો અને આલેચ તેમાં ગીરનો મોટાભાગનો વિસ્તાર તે મારા મત– વિસ્તારમાં આવે છે. ગીર પૂર્વ વન વિભાગ અને ગીર પશ્ચિમ વન વિભાગ આ ગીરમાં વસતા માલધારીઓ તેમાં બે પ્રકાર છે કાયમી માલધારીઓ અને બિન કાયમી માલધારીઓની વ્યાખ્યા સરકારે નક્કી કરી છે. રાજય સરકારે અને ભારત સરકારે જેમ મંત્રીશ્રીએ કહ્યું, શાસક પક્ષના ધારાસભ્ય ભાઇશ્રી પ્રોફેસર ડિંડોરે પણ અહીંયા વાત કરી, અનિલભાઇ જોષીયારાજીએ વાત કરી કે ગીર, બરડા, આલેચમાં જે માલધારીઓ વસે છે, રબારી, ભરવાડ અને ચારણ એને અનુસૂચિત જનજાતિમાં ગણવામાં આવ્યા છે, તેની વ્યાખ્યા નક્કી થઇ છે અને તે વ્યાખ્યાના આધારે તેમને અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર મળવું જોઇએ તેમાં શાસક પક્ષને અને અમને કોઇને વાંધો ના હોઇ શકે. સવાલ એ છે કે ત્યાર પછી આ ઠરાવ અને એ જોગવાઇ અને એ જોગવાઇ પછીના જે કંઇ સમયાંતરે ઠરાવોમાં અલગ અલગ વ્યાખ્યાઓ નક્કી કરીને સુધારાઓ કરવામાં આવ્યા અને એ સુધારાઓને કારણે પ્રમાણપત્રો આપવાનું શરૂ થયુ. પ્રમાણપત્રો આપવા માટેની કમિટી નક્કી કરવામાં આવી છે. તેમાં ટી.ડી.ઓ., મામલતદાર અને જે તે આર.એફ.ઓ. આ ત્રણ અધિકારીઓની કમિટી નક્કી કરવામાં આવી છે અને તે કમિટી સમયાંતરે મળે અને મિટિંગ બોલાવી અને તેમાં જે કંઇ અભિપ્રાયો આવે તે અભિપ્રાયોને કારણે મામલતદાર તેમને અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર આપે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ વખત ૧૯૯૦માં ચૂંટાઇને આવ્યો અને ત્યાર પછી આ મારા વિસ્તારના વન વિભાગ અને માલધારી નેસડાઓમાં મેં મુલાકાત લીધી અને ત્યારે એમના તરફથી મને રજૂઆતો મળી કે અમને અનુસૂચિત જનજાતિમાં ગણવામાં આવ્યા છે અમને પ્રમાણપત્રો મળવા જોઇએ. મેં કલેકટર, મામલતદાર, વન વિભાગને રજૂઆત કરી આજે હું નામજોગ કહીશ કે હડાળા નેસ છે અને એ હડાળા નેસમાં એનો કાયદેસરનો અધિકાર છે અને એ◌ંને પ્રમાણપત્ર આપવા માટે મેં ૧૯૯૦માં અઢી વર્ષ સુધી મહેનત કરી ત્યારે કલેકટરશ્રીએ આદેશ કર્યો અને તેમને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. ૧૯૯૫ પછી હું નમ્રતાપણે કહેવા માગુ છું કોઇ પણ જાતની ટીપ્પણ વગર કે ત્યાર પછી સમયાંતરે ઠરાવોમાં સુધારા કરતા ગયા, સુધારા કરતા ગયા અને પછી આપણે મેળાઓ કરતા ગયા અને પ્રમાણપત્રો આપતા ગયા. સ્થિતિ તો ત્યાંથી પેદા થઇ છે હું એ પણ સરકાર પાસે જાણવા માગુ છું કે, ૧૯૯૫ પહેલાં સૌરાષ્ટ્રના આ વિસ્તારમાં કેટલા અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવામાં આવ્યા અને ૧૯૯૫ પછી આજ સુધીમાં કેટલા પ્રમાણપત્રો આપવામાં આવ્યા તેનો રેકોર્ડ જો માનનીય મંત્રીશ્રી આપશે તો મને લાગે છે કે વાસ્તવિકતાનો પણ ખ્યાલ આવશે. માનનીય અધ્યક્ષશ્રી, જે ઠરાવો કર્યા છે તેની લાંબી વાત હું નહીં કરું પણ છેલ્લે ૧૮–૧–૨૦૧૭, ૧૧–૧૦–૨૦૧૭ આ કોણે કર્યા ? અગાઉ ઠરાવ કર્યો તેમાં એક શબ્દ પ્રયોગની વ્યાખ્યા બદલવામાં આવી. તમારા આદિજાતિ વિભાગે, અને તે વ્યાખ્યા બદલ્યા પછીના પ્રમાણપત્રો કેટલા આપવામાં આવ્યા તેની ચકાસણી આપ કરો. આ તમે સરકારે વ્યાખ્યા બદલી અને વ્યાખ્યા બદલી એટલે તેમનો પ્રમાણપત્ર મેળવવાનો તેમને અધિકાર મળ્યો અને એ વ્યાખ્યા બદલવાને કારણે આ કમિટી આર.એફ.ઓ., મામલતદાર અને ટી.ડી.ઓ. આ ત્રણેયની કમિટીએ તમે જે ફેરફારો કર્યા તે ફેરફારોને કારણે તેમને પ્રમાણપત્રો આપવામાં આવ્યા. આ તો હવે કાયદેસર થયું. ત્યાર પછી પહેલાં ફેરફાર કર્યા અને તા.૧૮/૧/૧૭ ના રોજ અગાઉનો પરિપત્ર અને અગાઉનો ઠરાવ છે એ માન્ય રાખવાનો અને ૧૧/૧૦/૧૭ જે પરિપત્ર કર્યો છે એને રદ કરવામાં આવે છે. તમે જ આ પરિપત્ર કર્યો છે અને તમે જ આ પ્રશ્ન ઊભો કર્યો છે. આપણા ગુજરાતીમાં કહેવત છે કે, •(×××) એમ આ સરકારે પણ *(×××) શા માટે કર્યું? કેવા સંજોગોમાં કર્યું? એમાં હું પડવા માગતો નથી.

સભાપતિશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પૂંજાભાઇ તો ખૂબ અનુભવી સભ્ય છે. બિલ ઉપર જ ચર્ચા કરે અને એમના સૂચનો કરે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

સભાપતિશ્રી : મેં એમના શબ્દો રેકર્ડ પરથી દૂર કરી દીધા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પૂંજાભાઇ બહુ સીનિયર સભ્ય છે. એ બિલ પર જ બોલી રહ્યા છે. સરકારે કરેલ પરિપત્રોની જ ચર્ચા કરે છે. એમની કહેવત રેકર્ડ પરથી દૂર કરીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એટલા માટે છે કે તમારે શા માટે અહીંયા આવવું પડ્યું છે? હું ધારસભ્ય તરીકે અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવા માટે ભૂતકાળમાં ૧૯૯૦–૯૫ થી આજની તારીખ સુધીમાં એક પણ વિધાનસભાનું સત્ર એવું નથી ગયું કે અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવા માટેનો મારો પ્રશ્ન મેં દાખલ ન કર્યો હોય. સવાલ એ છે કે, જેનો કાયદેસર અધિકાર છે, જેનો હક્ક છે એને મળવું જોઇએ પણ એને મળતા નહોતા. પરિણામે તમે વ્યાખ્યાઓ બદલતા ગયા, શબ્દ પ્રયોગો બદલતા ગયા અને એના કારણે આ પ્રમાણપત્ર જે તે કમિટી મારફત આપવામાં આવ્યા છે. મારો રાજ્ય સરકારને સવાલ એ છે કે, આ પ્રમાણપત્રો તમારા ઠરાવોમાં ફેરફારોના કારણે અપાયા છે એનું શું? એમાં જે સાચા છે એને નુકસાન ન થાય, એને કોઇ પ્રકારની મુશ્કેલી ઊભી ન થાય એ જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે. આજે પણ કાયમી માલધારીઓ જંગલના ૧૭ નેસોની અંદર રહે છે અને આજે પણ ત્યાં વસવાટ કરે છે. જે લોકો બહાર નીકળી ગયા છે, જે લોકોએ સ્થળાંતર કર્યું છે એ લોકોએ સ્થળાંતર કર્યા પછી સરકાર જે નીતિ નક્કી કરે તે પણ આજે જે માલધારીઓ ત્યાં વસે છે. એમાં ચારણ પણ છે, રબારી પણ છે અને ભરવાડ પણ છે અને જ્યારે પણ જંગલમાં મુશ્કેલી ઊભી થાય જેવી કે વરસાદ ન પડે , ઘાસ ન હોય, પીવાના પાણીની તકલીફ હોય ત્યારે પોતાના પશુઓને લઇ એ લોકો સ્થળાંતર કરતા હોય છે અને ચોમાસુ આવે એટલે પાછા અંદર આવતા હોય છે. એેને આપણે બહાર ગણીશું? એ પણ સરકારે નક્કી કરવું પડે. જેથી કરીને એ લોકોને ભવિષ્યમાં મુશ્કેલી ન પડે, એ પણ સરકારે ધ્યાને લેવું પડે. વિગતદર્શક કાર્ડની અહીંયા ચર્ચા કરવામાં આવી. આ કોણે કરાવડાવ્યું? મોજણી કોણે કરાવડાવી? એક તાલુકામાં તમે મોજણી કરાવો અને બીજા તાલુકામાં મોજણી ન થાય એટલે બધાની ફરિયાદ ઊભી થાય. અમે પણ રજૂઆત કરી છે કે આ સરકારના પરિપત્રને કારણે ઘણા બધા જિલ્લાઓમાં રબારી, ભરવાડના વિગત દર્શક કાર્ડ તૈયાર કરાવડાવ્યા છે એ તમારી સરકારે કરાવડાવ્યા છે. કાર્યક્રમો રાખ્યા છે. ગરીબ કલ્યાણ મેળાઓમાં આપ્યા છે. હવે બીજો તાલુકો રહી ગયો એટલે ધારાસભ્ય પાસે કે પદાધિકારી પાસે કે સરકાર પાસે રજૂઆત આવી કે આ તાલુકામાં વિગત દર્શક કાર્ડ તૈયાર કરાવ્યા છે તો અમારા તાલુકામાં કેમ નહિ? એમનો અધિકાર છે તો અમારો અધિકાર નથી. આમાં પણ તમે આ પરિસ્થિતિ પેદા કરી છે અને એમાં આજે પણ અમરેલી, ભાવનગર, અમારા ગીર–સોમનાથ જિલ્લામાં મારું ઉના બાકી છે. તમે માંગરોળમાં કરાવ્યા, તમે વેરાવળમાં કરાવ્યું, તમે પોરબંદરમાં કરાવ્યું, બરડા અને આલેચની અંદર કરાવ્યું અને બીજા તાલુકાઓમાં નથી થયું એટલે ભાવનગરમાંથી રજૂઆત થઇ અને અમરેલીમાંથી પણ રજૂઆત થઇ. આ રજૂઆતો આજે પણ ચાલુ છે કે તમે એક જગ્યાએ કરાવો છો તો બીજી જગ્યાએ કેમ નથી કરાવતા. તો એની પણ આગામી દિવસોમાં સ્પષ્ટતા કરજો કે જેથી વાસ્તવિકતાનો ખ્યાલ આવે કે ખરેખર રબારીઓ કેટલા છે? ભરવાડો કેટલા છે?

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી.ના પ્રમાણપત્રો, ખોટા ઓ.બી.સી.માં ચડાવવામાં આવ્યા છે તો મારે ગંભીરતાપૂર્વક કહેવું છે કે, ૧૪૨ જ્ઞાતિઓમાં સમાવેશ દિન પ્રતિદિન થતો જાય છે પણ ઓ.બી.સી.ની અંદર જે વાસ્તવિક જ્ઞાતિઓ છે, ખરેખર જે પછાત છે, જે ખરેખર લાભ મેળવવા માટેની પાત્રતા ધરાવે છે એ ઓ.બી.સી. સમાજને આજે પણ ઓ.બી.સી.નો લાભ જે મળવો જોઇએ એ મળતો નથી એટલે એ પણ ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ અને હું તો એમ કહું છું કે, વસતિ ગણતરી પણ કરવી જોઇએ અને વસતિ ગણતરી કરવામાં આવે તો સરકારને રેકર્ડ ઉપર સાચી હકીકતો ધ્યાનમાં આવે અને ત્યારે આવનારા દિવસોમાં ઓ.બી.સી.ની અંદર જે ખોટા પ્રમાણપત્રો આપવામાં આવ્યાં છે,એમાં રાજય સરકારને અને એ વિભાગની કચેરીને હું અભિનંદન આપીશ કે, છેલ્લા વર્ષોમાં ઓ.બી.સી.માંથી ખોટા પ્રમાણપત્રો જે લીધા એ વ્યાપક પ્રમાણમાં રદ કરવામાં આવ્યાં છે. એક ખોટું પ્રમાણપત્ર લઇને ડોક્ટર બની જાય તો એની પાછળ બીજાને નુકસાન થતું હોય છે પછી એ ઓ.બી.સી. હોય, અનુસૂચિત જાતિ હોય કે અનુસૂચિત જનજાતિ હોય એને નુકસાન થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્નો કરે. હમણાં જે વાત માનનીય શૈલેષભાઇએ કરી તો એમાં પણ સરકારે સ્પષ્ટતા કરવી પડશે. આંતરજ્ઞાતિય લગ્નો થાય એને આપણે પ્રોત્સાહન આપીએ છીએ તો આંતરજ્ઞાતિય લગ્નોની અંદર આપણે માતાને પ્રાયોરિટી આપવાની કે પિતાને પ્રાયોરિટી આપવાની? એ પણ નક્કી કરવું પડશે અને એના પણ સવાલો અહીંયાં ઉભા થશે અને એમાં જો રાજય સરકાર અસ્પષ્ટ રહેશે તો આવનારા દિવસોની અંદર હજી એમાં પણ વ્યાપક પ્રમાણમાં પ્રશ્નો ઉભા થવાના એટલે આ પણ જરૂરી છે. એક ઓ.બી.સી.હોય અને અનુસૂચિત જાતિ હોય અથવા અનુસૂચિત જનજાતિ હોય એને આપણે એક યા બીજી રીતે સમર્થન આપતા જઇએ છીએ ત્યારે તેને કઇ જ્ઞાતિના ગણવા ? પિતાની જ્ઞાતિમાં ગણવા કે માતાની જ્ઞાતિમાં ગણવા આ પણ નક્કી કરવું પડશે એ હું સરકારને કહું છું. સરકારે કરેલી જે સ્થિતિ છે તેના કારણે ભવિષ્યમાં ના થાય તેનું હું તમને ધ્યાન દોરું છું. આપણે આંતરજ્ઞાતિય લગ્નોને સમર્થન આપીએ છીએ અને હવે તો વાસ્તવિકતા સ્વીકારીને આપણે બધાએ ચાલવું પડે, એ ગમે કે ના ગમે, જે સિલસિલો ચાલે છે તે પ્રમાણે સ્વીકારીને ચાલવું પડશે પણ સરકારે તેનું સ્પષ્ટીકરણ કરવું પડે કે એક અનુસૂચિત જનજાતિ હોય અને એક માની લો કે સવર્ણ હોય તો તેને સવર્ણમાંથી ગણવું કે અનુસૂચિત જનજાતિમાંથી ગણવું. આ નીતિ પણ સરકારે સ્પષ્ટ કરવી પડે અને સરકાર જો આ નીતિ સ્પષ્ટ ના કરે તો ભવિષ્યમાં માનનીય મંત્રીશ્રી આમાં પણ ગંભીર પ્રકારના સવાલો ઉભા થવાના અને એક એના કારણે જયારે

જયારે જે કંઇક આવે એના કારણે ભવિષ્યમાં નુકસાન થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે સમયાંતરે ઠરાવોની વ્યાખ્યાઓ બદલવાને કારણે આ સ્થિતિ ઉભી થઇ છે એટલે સરકાર સ્પષ્ટીકરણ કરે, જેનાથી જનતાને અને ગુજરાતને ખ્યાલ આવે, અમને પણ ખ્યાલ આવે કે, ૧૯૯૫ પહેલાં આપવામાં આવેલાં પ્રમાણપત્રો ગયા વખતે જે કોઇ ઠરાવ થયો છે તે વખતે માનનીય મંત્રીશ્રી આપ પણ મંત્રી હતા. તમારા વખતમાં ઠરાવ થયો છે અને એ ઠરાવને કારણે પણ અમુક પરિસ્થિતિઓ પેદા થઇ છે. ખેર, સમય ગયો છે, સુધારો લઇને અહીંયા આવ્યા છે. સારો છે, એમાં ઇન્કાર ન થઇ શકે પણ આવનારા દિવસોમાં જે સાચા હોય, એ પછી ઓ.બી.સી.ના હોય, અનુસૂચિત જાતિના હોય કે અનુસૂચિત જનજાતિના હોય એ લોકોને નુકસાન ન થાય તે જોવાની જવાબદારી રાજય સરકારની છે અને એ ગંભીરતાપૂર્વક સૂપેરે નિભાવે અને માલધારી લોકો જે છે સૌરાષ્ટ્રની રસધારને આપણે વાંચીએ. ઝવેરચંદ મેઘાણીને જયારે આપણે વાંચીએ કે દુલાભાયા કાગને આપણે વાંચીએ એનો ઇતિહાસ આખે આખો પડેલો છે. એ માલધારીઓ આજે પણ જંગલમાં છે અને ભૂતકાળમાં માલધારીઓને જંગલમાંથી બહાર કાઢવા માટે, એના પુનઃવસન કરવા માટે સરકારે સ્કીમોની યોજના કરી છે પણ હું બહુ નમ્રતાપૂર્વક કહું છું, ભૂતકાળમાં પણ કહેતો હતો અને આજે પણ કહું છું કે, આ માલધારીઓને ભૂતકાળમાં જંગલમાંથી બહાર કાઢવામાં આવ્યા અને ત્યાર પછી જ આ જંગલના સિંહો જેને માની લો કે આપણું ઘરેણું છે એ સિંહો પણ આજે જંગલમાંથી બહાર નીકળ્યા છે અને આ માલધારીઓને બહાર કાઢવા માટેના આજે પણ પ્રયત્નો ન થાય, એમને ત્યાં રહેવું હોય, એમની લાગણી અને ઇચ્છા હોય તો ત્યાં સુધી રાજય સરકાર તેમાં પણ આગળ ના વધે એવી હું સરકારને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. મારા મતવિસ્તારની અંદર જે કાયદેસર છે અને જેના હકક અને અધિકાર છે, જે પછી કાયમી કે બિન–કાયમી માલધારીઓ છે, અનુસૂચિત જનજાતિમાં ભારત સરકારે ગણ્યા છે, તે તમામ લોકોને અનુસૂચિત જનજાતિના પ્રમાણ પત્ર કાયદેસર પરિપત્ર અને ઠરાવ પ્રમાણે મળવા જોઇએ. ખોટાને ન મળે, અમે ખોટાને સમર્થન કરતા નથી. ખોટા પ્રમાણ પત્રો હોય તો તેવા રદ કરો તેનો કોઇ વાંધો નથી. સાચાને મળવા જોઇએ, મળવા જોઇએ અને ભવિષ્યમાં આવી કોઇ વિસંગતતાઓ કયાંક ક્ષણિક સ્વાર્થને ખાતર, રાજકીય રીતે અને કયાંક ચૂંટણીઓ જીતવા માટે તમે જે કાંઇ પરિસ્થિતિઓ પેદા કરી અને તેના કારણે આ સુધારો લઇ આવવાની સ્થિતિ ઉભી થઇ છે તેવી પરિસ્થિતિ ફરી ભવિષ્યમાં ઉભી ન થાય તેની સરકાર કાળજી રાખે, તે વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી સાચા એસ.ટી, એસ.સી કે ઓ.બી.સી. ને પ્રમાણપત્ર મળે, તેના હકક મળે, તેની ચિંતા કરીને જે બિલ લઇને આવ્યા છે, તેને હું આવકારું છું અને સમર્થન પણ આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ઐતિહાસિક દિવસ ગણું છું. હું પણ આદિવાસી વિસ્તારમાંથી આવું છું અને ઢોડિયા જ્ઞાતિમાંથી આવું છું. હું પોતે પણ એસ.ટી. છું. કદાચ આ પક્ષને વીતી હશે અને અમને નહીં વીતી હશે એવું નથી, અમને પણ ઘણી જ વીતી છે. અમને જે વીતી છે એ જ મારે વાત કરવી છે કારણ કે મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટપણે કલમોને ટાંકીને શું ફાયદા અને શું સજા આ બધી જ વાતો અમેણે વાતમાં લઇ લીધી છે અને હવે પછીની એમની સ્પીચમાં એ વાતો આવવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવું શા માટે પડયું ? શેના માટે, શેના માટે અમારી સરકારે ચિંતા કરવી પડી. મારે આજે વિજયભાઇ, નીતિનભાઇ અને ગણપતભાઇ સાહેબને મારે અભિનંદન આપવાં છે. હું જાહેર જીવનને સમજતો થયો ત્યારથી હું આ સહન કરતો આવ્યો છું, કોઇની પર આક્ષેપ નથી કરતો, જયારે પણ ચૂંટણી આવે ત્યારે અમારે આના માટે લડવાનું, •(×××) . આ વખતે અમારી પરિસ્થિતિ શું થઇ. જયારે આ છેલ્લી જી.પીએસ.સી.નું પરિણામ આવ્યું , એના કારણે ચારણ, રબારી અને બીજી બે–ત્રણ જાતિઓના પ્રમાણપત્રો બાબતમાં ઘણી ચર્ચા થઇ છે. અમારો જે ટ્રાયબલ પટ્ટો એમાં જે યુવાનો છે તેમનો રોષ ફેલાયો છે, જાણે કે ભાજપ પ્રત્યે નફરત થઇ જાય એવા પ્રકારનું વાતાવરણ ઉભું કર્યું છે. અમે દોષિત છીએ? માનનીય અધ્યક્ષશ્રી અમે દોષીત છીએ? (અંતરાય) સાંભળો, મેં તમને બધાને શાંતિથી સાંભળ્યા છે. જી.પી.એસ.સી.ની પરીક્ષાની વાત કરું તો મને લાગે છે ત્યાં સુધી છેલ્લા ૨૪–૨૫ વર્ષથી થાય છે. અને લોકો જી.પી.એસ.સી. પાસ કરે છે. એના બાપાને કોણે પ્રમાણપત્ર આપ્યું, કોણે પ્રમાણપત્ર આપ્યું હતું? અમે પ્રમાણપત્ર આપ્યું હતું શું? પહેલાં કોણે ભૂલ કરી છે તે સમજવાની જરૂર છે. આ પક્ષ કે તે પક્ષની વાત નથી. આજે સાચા હકકદારો છે તેના માટેનું આ બિલ આવે છે ત્યારે તમે સમર્થન આપો અમે પણ આપીએ અને આપણે બધા સમર્થન આપીએ અને આપણે બધાયે ચિંતા કરીએ. આજે એસ.ટી. અને એસ.સી., અમે ૨૭ અને એસ.સી.ના ૧૩ એમ કુલ મળી ૪૦ ધારાસભ્યો આ જે અનામતના કારણે અમે આવીએ છીએ. આપણે જે ઉજળા છીએ તે આ સ્વાભિમાનની જોગવાઇના કારણે છીએ. હું આજે ડો.બાબાસાહેબ આંબેડકરને વંદન કરું છું., અનેક પુણ્ય આત્માઓને વંદન કરું છું, હું આજે પણ કહું છું, મેં મારા આદિવાસી વિસ્તારની અંદર જાહેર મેદાનમાં પણ કહ્યું છે. હું છેલ્લી બે ટર્મથી જિલ્લા અધ્યક્ષ છું.(અંતરાય) મને શાંતિથી સાંભળો હું જાહેર મંચ ઉપરથી કહું છું કે મારી આ બીજી ટર્મ છે એક વખત હારી પણ ગયો છું. બે વખત તાલુકા પંચાયતની ચૂંટણી લડ્યો છું. બહુ નાની ઉંમરથી જાહેર જીવનમાં આવેલો છું. હું જયારે બે માસનો હતો ત્યારે મારા પિતાનું અવસાન થયેલું હતું અને ત્યારે મારા માતાની ઉંમર ૨૮ વર્ષની હતી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને એ ઉંમરે વિધવા બનેલ છે. અભણ માતાનો દીકરો છું. મારા ઘરમાં ડોકટરો છે એન્જિનિયરો છે એ અનામતના કારણે છે. મારી વાત શાંતિથી સાંભળો આ આપણા ટ્રાયબલ માટેની વાત છે કોઇપણ પ્રકારની મશ્કરી નહિ થવી જોઇએ ભલે ત્યાં કરજો અમે સહન કરતા આવ્યા છીએ પણ આ ગૃહની અંદર મને સાચી વાત કરવા દો. ધીમે નહિ બોલું અમને વિતી છે. જયારે આ બિલની વાત કરું છું, અત્યારે અમારા યુવા લોકોમાં રોષ છે ભાજપવાળા વિશે વાતો કેવી થાય કે ભાજપ સરકાર આવશે અને પાછલા બારણે બધા લોકોની અનામત બંધ કરી દેશે. અને અત્યારે એ બીજા લોકોને આપી રહ્યા છે ચેતો, ભાજપથી ચેતો, ભાજપને સમજો. આવી ખોટી વાતો કરીને મતો લેવાના પ્રયત્નો કરે છે આ રીતે ઉશ્કેરણી કરે છે એ કોઇ રીતે સહન ન કરી લેવાય. આજે હું ધન્યવાદ આપું છું આ સરકારને (અંતરાય) કોંગ્રેસના સભ્યો જયારે બોલતા હતા ત્યારે અમે શાંતિથી સાંભળતા હતા. હું આપના મારફત વિનંતી કરવા માગું છું કે આ વાત શૈલેષભાઇએ કરી ત્યારે અમે બિલકુલ શાંતિથી સાંભળી છે કારણ કે એમના ઉપર વિતેલી હતી. માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ઘણા સમયથી આર.એન્ડ બી. સંભાળે છે. અમારા આદિવાસી વિસ્તારમાં ખૂબ જ વિકાસ થયો છે ત્યાં ચૂંટણી આવે ત્યારે પ્રચાર કેવો થાય. અમે ત્યાં વિકાસની વાત કરીએ ત્યાં કોઇ પેટા પરાનો પણ રોડ બાકી નથી રહેવા દીધો, અમે પાકા રોડની વિકાસની વાત કરીએ અમે કોઇ જ્ઞાતિ આધારિત ચૂંટણી લડતા નથી અમે વિકાસના મુદ્દા ઉપર ચૂંટણી લડએ છીએ. એમની પાસે શું જવાબ છે કે મને જણાવતા દુઃખ થાય સારો રોડ હોય તો શું કહે રોડને ચાટવાના તમારા પોયરાઓને અનામતનું શું? તમારા પોયરાઓને અનામતનું શું? આવા શબ્દોથી અમારે સહન કરવું પડે છે એ વિતે એ વાત અત્યારે હું કરું છું તેમ છતાં હું ગણદેવી વિધાનસભામાંથી આ વખતે ચૂંટણી લડ્યો છું. મારી વિસ્તારની જનતાને આદિવાસી જનતાને ધન્યવાદ આપું છું કે હું ૫૭ હજાર મતથી જીતીને આવ્યો છું. આ બધા ટ્રાયબલ વિસ્તારમાં કદાચ મારી હાઇએસ્ટ લીડ હશે. હું સાચી વાત કરીને આવ્યો છું. કોઇ જ્ઞાતિને ભડકાવીને મારે મત નથી લેવા અને સાંભળી લો સમાજ માટે હશેને તો હું ભલે આ પક્ષમાં છું, સમાજની વાત આવશે તો મારા માટે સમાજ પહેલા હશે પછી ધારાસભ્યનું પદ હશે. અમે ચેલેન્જ કરીએ છીએ અમારા સમાજને ત્યારે અમારા ઉપર ભરોષો મૂકે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નરેશભાઇ બિલના સ્કોપની અંદર જ બોલે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય સભ્યશ્રીને રોકવા માગતો નથી ભલે બોલે હું આપને વિનંતી કરું છું કે હું પણ શાંતિથી સાંભળી રહ્યો છું જયારે અમારા પાર્ટી તરફથી અમારા ધારાસભ્યો બોલે આમાં કઇ કલમ, કયો નિયમ, કયો સુધારો કશું નથી છતાં અમે સાંભળીએ છીએ ભલે બોલે અમને વાંધો નથી પરંતુ અમારા સભ્યોને પણ મોકો આપજો એટલી આપને વિનંતી કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : આ ગૃહની અંદર ગઇકાલે જયારે સુખદ અંત આવ્યો ત્યારે માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુંમર બોલતા હતા ત્યારે હું પણ ઝી ૨૪ કલાક ટીવી સાથે લાઇવ હતો હું પણ ૨૪ કલાક ઝી–ટીવીમાં હતો. મારી સ્પીચ પરથી, મારી માંએ મને એવા સંસ્કાર આપ્યા છે, હું કોઇના માટે પણ ખોટું નહીં બોલી શકું. મારો આત્મા આજે પણ ના પાડે છે. પરંતુ જે વિતે છે, અમે અમારી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે, કંઇક પાર્ટી સારું કામ કરતી હશે તો અમે ભાજપમાં છીએ. શું ભાજપમાં આવીને અમે ભૂલ કરી છે? સમાજની ગમે તે રીતે ઉશ્કેરણી કરીને ભાજપના સભ્યો ન ચૂંટાય તેના માટેના આવા મુદ્દાઓ પર ચૂંટણી લડવી છે? અંત્યોદયની ચિંતા કરનાર બાબા સાહેબ આંબેડકરને હું આજે વંદન કરું છું. આ પક્ષ કે તે પક્ષ કોઇ આ સમાજ માટે ભલું નથી કર્યું, જોગવાઇના આધારે નોકરી આપી છે, નથી કંઇ કોંગ્રેસે કોઇની જીંદગી બનાવી. જોગવાઇના આધારે નોકરી મળી છે ત્યારે શેના માટે એણે ખોટા લાભો લેવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વાંચવામાં આવ્યું છે. ૧૯૯૫માં દિલ્હી હાઇકોર્ટમાં પી.આઇ.એલ. દાખલ થઇ. તેમાં એવું કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારની અંદર અનામતના આધારે જે નોકરીઓ મળી છે તેમાં ખોટા પ્રમાણપત્રો આધારિત ઘણાં લોકોએ નોકરી મેળવી છે. સંસદમાં જયારે આ અહેવાલ રજૂ કરવાનો આવ્યો અને સમિતિ પણ રચાઇ તો ૩૫ ટકા જેટલી અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો મેળવીને એ જાતિના આધારે બિન અનુસૂચિત અને જનજાતિ લોકોને પચાવી પાડેલું જણાયેલું હતું. ૧૯૯૫માં જયારે આ વાત થઇ છે ત્યારે આ પક્ષ કે તે પક્ષ. કોઇ ભૂલ થતી હોય તો આજે સાહેબનું પણ હું ધ્યાન દોરવા માગું છું. અમારો વલસાડ જિલ્લો, અમારો નવસારી જિલ્લો, મારા ડાંગનો પડોશી જિલ્લો. મને લાગે છે ત્યાં સુધી અમે પ્યોર આદિવાસી લોકો ત્યાં છીએ. અમારે ત્યાં આવું કંઇ પણ બન્યું નથી અને એની અમને પૂરી ખાતરી છે. માનનીય મંત્રી સાહેબને મારા સૂચનો છે કે જે જિલ્લામાં વધારે પ્રમાણપત્રો કેવી રીતે મેળવાયા એને કોઇ રીતે છોડી શકાય નહીં. કોઇ રીતે છોડી શકાય નહીં અને એ સમાજ માટેની ચિંતા કરીને હું આ વાત કરું છું, પરંતુ ભૂલ કોઇ કરે અને સહન અમારે કરવું પડે, દર વખતે આ જે થાય છે એનો ઉકળાટ મને છે. મને તમારા વ્યક્તિ ઉપર નથી પરંતુ આ ગૃહની અંદર જયારે આજે આટલું સારું બિલ આવે છે. ભલે અત્યાર સુધીમાં જે બની ગયું તે, પણ હવે પછીની નાની મોટી ચૂંટણીમાં આ અનામતના આધારે કયારેય પણ ચૂંટણી લડતા નહીં. અમે એવા માણસો નથી. અમે પણ સમાજની ચિંતા કરનારા લોકો છીએ અને સમાજને જયારે નુકસાન થશે ત્યારે અમે અમારા પદ કરતા પણ સમાજને પ્રાયોરિટી વહેલી આપીશું. પ્રથમ આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.એસ.સી. તેની ચિંતા પણ અમે નથી કરતા. મને જે અનુભવ છે તે પ્રમાણે કોઇ પણ દીકરાને જાતિ આધારિત પ્રમાણપત્ર મળે તો મોટા ભાગે તેના પિતાશ્રીના લિવીંગ સર્ટિફીકેટ અથવા તો અન્ય પુરાવા આપણે

રજૂ કરતા હોઇએ છીએ. એટલે મેં મારી વાતમાં કહ્યું છે કે જી.પી.એસ.સી.ની કોઇ પણ પરીક્ષા પાસ કરે ત્યારે તેની ઉંમર ૨૪–૨૫–૨૬ વર્ષની હોય છે. તે પહેલાંના જો કોઇ ખોટા પ્રમાણાત્ર અપાઇ જાય તો શું ભાજપની ભૂલ છે? ભાજપ તો ૨૨ વર્ષથી છે. એ જે પ્રમાણપત્રો અપાય છે એ આ ગાઇડ લાઇન, જે અનામતની જોગવાઇના આધારે જે પ્રમાણપત્રો અપાયા એ ગુજરાત સરકાર તો કદાચ એ ભારત સરકારની ગાઇડ લાઇનના આધારે થયું છે. એના આધારે અપાયા છે. તો શેના માટે, પોતે પરિસ્થિતિ તો સમજો, પણ ચૂંટણી જીતવા માટે તમે આવા મુદ્દાઓને લોકો વચ્ચે લઇ જાવ એ કેટલું વ્યાજબી? એ એટલા માટે કે આજે જયારે અમારા સંવેદનશીલ મુખ્યમંત્રી અને અમારા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને અમારા ગણપતભાઇ સાહેબને હું લાખ લાખ અભિનંદન આપું છું. અમારા શ્રી ગણપતભાઇને કેટલું સહન કરવું પડ્યું છે, જીવના જોખમે બહાર આવવું પડ્યું છે, એ દિવસો અમે ભૂલ્યા નથી. એમનો હેતુ શું હતો? એમનું કાવતરું શું હતું? એ સમજાવે. દરેક વખતે એમને જીવના જોખમે બહાર આવવું પડ્યું છે અને એટલા માટે આ બિલ લાવવું પડ્યું છે. હવે દૂધનું દૂધ અને પાણીનું પાણી ચોખ્ખું થઇ જવાનું છે. થોડીક રાહ જુઓ. એટલે કોઇએ જરાપણ ચિંતા કરવાની જરૂર નથી. આ જે બિલ લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને ફરીવાર લાખ લાખ અભિનંદન આપું છું. સામેના સભ્યોને પણ વિનંતી કરું છું કે આવનાર દિવસોમાં ખોટો પ્રચાર કરી ચૂંટણી જીતવાનો કોઇ મુદ્દો નહીં બને. એ વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું. ધન્યવાદ.

સભાપતિશ્રી : શ્રી પી.ડી.વસાવા. બિલ ઉપર હોય, (અંતરાય) ફરીવાર કહું છું. જે બિલ પર હોય, જે કન્ટેન્ટ હોય, મેં જોયું છે, મેં સાંભળ્યું છે. પણ તમારી રજૂઆત હોય, શ્રી શૈલેષભાઇ, જે રજૂઆત હોય એ જ કરે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમે હજુ પણ રેકર્ડ ચેક કરી દો. મેં પહેલા પણ કહ્યું કે તેઓ બોલતા હતા ત્યારે મેં તેમને ટોક્યા નથી.

સભાપતિશ્રી : એકને એક વાત બે વખત કરી છે એ મેં સાંભળી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારી વાત સાંભળી લો. હવે પછી બોલશે એમને પણ આપશ્રી રોકશો નહીં. કારણ કે આ બિલ ખૂબ અગત્યનું છે. એમની હું એક જ લીટીની વાત કરીશ. મહેરબાની કરીને ચૂંટણીમાં આવા શબ્દો ઉપયોગ કરતા નહીં અને વાપરતા નહીં આને અને આ બિલને કોઇ લેવા દેવા નથી. તેમ છતાં પણ મેં સાંભળ્યા છે. વચ્ચે પણ એમને રોકીને ટોક્યા હતા. મેં વચ્ચે પણ કહ્યું હતું. મારે એમને રોકવાનો કોઇ ઇરાદો નથી. ભલે બોલવા દો. અમારા સભ્યોને પણ આ રીતે બોલવા દેવા પડશે. આ ચોખ્ખી વાત કરી છે. માટે હું આપને કહું છું કે અમારા સભ્યો પણ આ બિલને આધીન એમના પર વિતેલી વાત કરવાના છે. બિલ ઉપરની જ વાત છે એની હું ખાતરી આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇની વાતમાં મારે એટલી સ્પષ્ટતા કરવી છે કે આ બિલ ઉપર એટલા માટે લાગુ પડે છે કે જ્યારે રાજ્ય વિધાનસભાની ચૂંટણી ચાલતી હતી એ વખતે કેટલાક પક્ષના લોકોએ ભારતીય જનતા પક્ષના અમારા આદિવાસી ઉમેદવારો વિરુદ્ધ જે અફવાઓ ફેલાવી, જે ઉશ્કેરણી કરી, આ પક્ષ અનામત કાઢી નાખશે, આ સરકાર, આ પક્ષ તમારી નોકરીઓ લઇ લેશે. એટલા માટે આ લોકોએ ઉશ્કેરણી કરેલી. એના માટે આ જવાબ આપ્યો. બીજું આખું ગુજરાત જાણે છે કે થોડા દિવસો પહેલા માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા આદિવાસી દિવસની ઉજવણી માટે એક કાર્યક્રમમાં ગયેલા. એ વખતે આ લોકોએ ઉશ્કેરણી કરાવી અને શ્રી ગણપતસિંહ ઉપર હુમલો કરાવ્યો. એની વ્યથા શ્રી નરેશભાઇએ વ્યક્ત કરી છે. આદિવાસીઓના અનામતના પ્રશ્નને લગતું જ છે. એટલે સહેજ પણ બિલના સ્કોપની બહાર નથી. એમની વાત સંપૂર્ણ સાચી છે. ઉશ્કેરણી કરાવવામાં કશું બાકી રાખ્યું નથી. સમજી લેજો. ઉશ્કેરણી બહુ જ કરાવી છે. ખૂબ અપપ્રચાર કર્યો છે. અહીંયા જ એ લોકો બેઠા છે. ખોટી રેલીઓ કાઢી, એવું ઘણું કર્યું છે પણ અમારા લોકો મર્યાદામાં બોલ્યા છે.

સભાપતિશ્રી : શ્રી આનંદભાઇ, એક મિનિટ. તમારો સમય આવે ત્યારે બોલજો. શ્રી પી.ડી.વસાવા.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી, શ્રી નીતિનભાઇ, જો ઉશ્કેરણી કરી હોય તો આમાં ભાજપમાંથી એકપણ આદિવાસી જીતીને ન આવ્યો હોત. એમણે પોતે સ્વીકાર્યું છે. ૫૭૦૦૦ મતથી એ જીતીને આવેલા છે. શ્રી ગણપતસિંહ વસાવા ભારતીય જનતા પાર્ટીના મુખ્ય આગેવાન છે, આદિવાસી નેતા છે, એ સમાજના એ મંત્રી રહી ચૂકેલા છે. જે કાર્યક્રમમાં શ્રી ગણપતસિંહ ગયા હતા એ કાર્યક્રમ સરકારી હતો અને એ કાર્યક્રમની અંદર જે આદિવાસીઓ હતા એ સમાજના લોકોએ શ્રી ગણપતસિંહ સાથે જે પણ વર્તન કર્યું હતું, માટે જે સમાજની ઉશ્કેરણી હોય એ સમાજના પ્રતિનિધિ ઉપર જ થાય. દલિત સમાજની હોય તો અમારા ઉપર થાય. પાટીદાર સમાજની હોય તો નીતિનભાઇ તમારી ઉપર થાય, તમારી ઉપર પણ વીતેલી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇની વાત બહુ સાચી છે. આપણે બહુ જુના ભૂતકાળમાં નથી જવું, નજીકનો જ ભૂતકાળ કહું. પાટીદારોને ઉશ્કેર્યા, ઓ.બી.સી.ને ઉશ્કેર્યા, દલિતોને ઉશ્કેર્યા, આદિવાસી ભાઇઓને ઉશ્કેર્યા બધું નિષ્ફળ ગયું અને અમે અહીંયા આવ્યા અને તમે ત્યાં ગયા આટલું સ્વીકારી મૂળ મુદ્દાની વાત બિલ ઉપર કરો.

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી કહે છે પણ કોણ ઓ.બી.સી.ને ઉશ્કેરવા ગયા છે? એમને કોણ ઉશ્કેરવા ગયા છે? ઓ.બી.સી.ને કોણે ઉશ્કેરી?(અંતરાય) ઓ.બી.સી.ની દશા ત્યાં શું છે એ પહેલાં જુઓ. (અંતરાય) ઓ.બી.સી. વાળાને ખબર છે ત્યાં શું દશા છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રીશ્રી ગુજરાત એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. વર્ગ જાતિ પ્રમાણપત્ર કાઢવા અને નિયમન કરવા માટે જે વિધેયક લાવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. દેર આયે, દુરસ્ત આયે. કોમ્પીટન્ટ કહું કે મંત્રી , માનનીય ગણપતસાહેબ, કદાચ વહેલા બિલ લાવ્યા હોત તો ગુજરાતમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું અને બિલ સરકારને લાવવું પડયું. લાવ્યા નથી લાવવું પડયું એ પરિસ્થિતિ કદાચ ઉભી જ ના થાત. હું કયારનો શાંતિથી સાંભળતો હતો. કોઇની ટીકા, ટીપ્પણ કરવી નથી પણ માનનીય નાયબ મુખ્યમંત્રી તો મુખ્યમંત્રીને લાયક છે એટલે એમણે એમ કીધું કે ઉશ્કેર્યા, ઉશ્કેર્યા અને આ થયું. મારે આ ગૃહને બહુ નમ્રતાપૂર્વક જણાવવું છે કે આ જે વાત કરી, કોને ઉશ્કેર્યા, માનનીય નીતિનભાઇ સાહેબ, તમારા એમ.પી. કે જેમણે તમારા મંત્રી સામે ખુલેઆમ બળવો કર્યો. તમારા મંત્રી અને એમ.પી. જ જયારે તમારા મંત્રીનો વિરોધ કરતા હોય તો અમારે કોંગ્રેસે તો શું કરવાનું? આ પરિસ્થિતિ કેમ નિર્માણ થઇ એના ઉંડાણમાં જવું પડે. માનનીય નરેશભાઇ તમે તો બહુ નાના છો. હું ૧૯૮૦થી આ ગૃહમાં હતો. મેં જોયું છે આ ગૃહમાં, ગૃહના મંત્રીઓ જોયા છે. સભ્યો જોયા છે. મર્યાદાઓ પણ જોઇ છે પણ કોંગ્રેસે જે કર્યુંને તમે આજે બેઠા છો, માનનીય ગણપતભાઇ બેઠા છો એ કોની દેન છે? અનામત કોણ લાગ્યું? હું એ વાત કરું છું અનામત કોણ લાવ્યું? આ ટીકા ટીપ્પણ કરવાનો સમય નથી. એક એવો સમય હતો કે એક સમયે સચિવાલયના દરેક વિભાગમાં કલાસ-૧, કલાસ-૨, કલાસ-૩ આદિવાસી ઉમેદવારો હતા આજે છે? સચિવાલય સૂનું થઇ ગયું. કેમ સૂનું થયું એનો કોઇએ વિચાર કર્યો? કોઇ ઉંડાણમાં ગયું? વ્હાય ઇટ સો હેપન? આપણું જયારે મન ચોખ્ખું હોય ને, મન હોય તો જ માળવે જવાય. પણ આપણું મન જ કંઇક કહેતું હોય તો એમાં પરિણામ નથી આવવાનું.

સભાપતિશ્રી : વિરામનો સમય થાય છે. સભાગૃહ ફરીથી ૨-૩૦ કલાકે મળશે. માનનીય શ્રી પી.ડી. વસાવા, આપનું અધુરૂ પ્રવચન વિરામ પછી ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૨-૦૦ થી ૨-૩૦)**

**સભાપતિશ્રી (શ્રી દુષ્યંતભાઇ પટેલ) અધ્યક્ષસ્થાને**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા હતા એના ઉપર હું વિરામ પહેલા બોલી રહ્યો હતો. આ બિલમાં ચકાસણી સમિતિની વાત પણ કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી પાસે હું એ પણ જાણવા માગીશ કે આ ચકાસણી સમિતિ છે એમાં સરકારી અધિકારીઓ હશે, કાં તો ચૂંટાયેલા પ્રતિનિધિઓને પણ એમાં અવકાશ હશે. એમ.પી., એમ.એલ.એ. જે એ સમાજનો કોઇક હશે કે કેમ એ પણ ચોખવટ થાય એ જરૂરી છે. એટલા માટે કે પ્રમાણપત્ર સક્ષમ અધિકારી આપે અને એની ચકાસણી સમિતિના જે સભ્યો હોય એ ચકાસણી કરે પણ એમાં મને એમ લાગે છે કે ઘણીવાર એવું બને કે આદિવાસીની વાત છે કે બીજા અધિકારી હોય અને એને ખ્યાલ ન હોય તો કદાચ સત્તા એને આપી હશે છતાં પણ મારી તો તમને ફરી ફરીને વિનંતી છે કે રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ જુદી જુદી સમિતિઓની વાત કરી છે ત્યારે એમાં આદિવાસી, એસ.સી., ઓ.બી.સી.ના એક એક પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ કમ્પલસરી હોવા જોઇએ. બીજી વાત મારે એ કરવી છે કે ભૂતકાળમાં આદિવાસીઓ શૈક્ષણિક રીતે, આર્થિક રીતે આગળ આવે અને સમાજમાં એક આગવું સ્થાન મળે અથવા તો એની આર્થિક સદ્ધરતા વધે, નોકરીના સ્કોપ વધે એના માટે હું ભૂલતો ન હોઉ તો તે વખતના માનનીય મુખ્યમંત્રી સ્વર્ગસ્થ અમરસિંહ ચૌધરી સાહેબના સમયમાં જે આદિવાસી વિસ્તાર છે, જ્યાં આદિવાસીઓની વસતિ વધારે છે એ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થા અને નોકરીમાં ૪૦ ટકા અનામતનું પ્રમાણ હતું. માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ એમાં કંઇક સુધારો કરવા માગે છે કે કેમ એ પણ હું જાણવા માગું છું. કારણ કે આનાથી જ્યાં વસતિ વધારે છે, ઘણીવાર ૧૫ ટકા, ૭ ટકા કે ૧૩ ટકા હોય તો પૂરતું પ્રતિનિધિત્વ મળી શકતું નથી અથવા અનામત પ્રમાણે ભરતી કરો તો ૧૦૦ માંથી ૧૩ જણ આવવાના છે. જ્યાં વસતિ વધારે છે એના માટે બિલમાં જોગવાઇ કરવી જોઇએ. બીજી વાત કે સમગ્ર બિલમાં અભ્યાસ કર્યો તો એમાં તો કાયદાકીય રીતે, કાનૂની રીતે કોઇ એક્સપર્ટની સલાહ લીધી છે એટલે છટકબારી જેવું લાગતું નથી. બિલ આવકાર્ય છે. આ બિલને સમર્થન કરું છું એમાં શંકાને સ્થાન નથી. પણ આવનારા દિવસોમાં, આવનારી પેઢી માટે અમને તો યાદ કરે છે, કોંગ્રેસને તો યાદ કરે છે પણ તમને પણ કોઇક સમય યાદ કરે એવું કામ કરીને જજો તો મને એમ લાગે છે કે જેના માટે લોકોએ અહીં મોકલ્યા છે, (અંતરાય) જે આશાથી અહીં મોકલ્યા છે. (અંતરાય) માનનીય અરૂણસિંહજી, બહુ સાથે કામ કર્યું છે. દિવસો યાદ આવે છે? એક થાળીમાં ખાનારા છીએ. (અંતરાય) પાણીમાં ડાંગ મારો તો થોડી વાર માટે છૂટું પડે, પાછું ભેગું થઇ જાય. એટલે આ તો થયેલું છે. (અંતરાય) દરરોજ મળીએ છીએ, બાપુ. માનનીય અધ્યક્ષશ્રી, મારે હવે બહુ લાંબી વાત કરવી નથી. મારા પછીના અમારા સભ્યશ્રીઓને ટાઇમ મળશે એટલા માટે મેં જે કાંઇ વાત કરી છે એ આદિવાસી, એસ.સી. અને ઓ.બી.સી.ના હિતમાં જેટલું બને તેમ વધારેમાં વધારે લાભ મળે એ જાતના પ્રયત્નો કરવા માટે માનનીય આદિજાતિ મંત્રીશ્રી બિલ લાવ્યા છે એને હું ટેકો કરું છું અને મેં આગળ વાત કરી તેમ સમગ્ર

સમાજની વાત હોય ત્યારે પક્ષાપક્ષી નહિ કરીને સમાજનું હિત કેમ જળવાય અને આ બિલ લાવ્યા છે એને ફરી ફરી મારો ટેકો છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા(દેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે જણાવવા માગુ છું કે ગુજરાત સરકારી વિધેયક ક્રમાંક ૨૪ માનનીય આદિજાતિ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા જે લઇને આવ્યા છે એમાં મારા વિચારો દર્શાવવા માટે હું ઊભો થયો છું. સાથે સાથે બિલની અંદર અને એમના પ્રવચનની અંદર એમણે જે બિલનું ડ્રાફ્ટિંગ કર્યુ છે એ ઘણું સારું છે છતાં પણ એની અંદર અમારા તરફથી કાંઇ થોડું ખુટતું હોય તો એ અમારા વિચારોની અંદરથી કદાચ એ વિચાર આવે અને ખુટતું હોય તો આગળ એ બિલ બનાવે. ખાસ કરીને આ બંધારણની વાત હતી. બંધારણની જોગવાઇ દેશમાં ૧૯૫૦ માં લાગુ થઇ અને દેશની અંદર જે કાંઇ બંધારણીય સભ્યો હતા અને એમના અધ્યક્ષ માનનીય ડો. બાબા સાહેબ આંબેડકર હતા અને એમણે ખૂબ ચિંતા કરીને ત્યાર પછી ઝારખંડના જયપાલસિંહ મૂંડા પણ એની અંદર હતા અને અનેક જાતિના એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. ના લોકો પણ એ સભાની અંદર હતા અને ત્યાર પછી બંધારણમાં લખેલું હતું કે દર ૧૦ વર્ષે એનું સંશોધન થવું જોઇએ અને જે ગરીબ પ્રજા છે એના માટે જીવન ધોરણ ઉપર આવે, શિક્ષણમાં ઉપર આવે અને આરોગ્યથી ઉપર આવે, આર્થિક પરિસ્થિતિ ઉપર આવે તો એમાં ફેરફાર કરવાની વાત હતી પણ માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત ભારત દેશની આઝાદી મળ્યા પછી પણ ૭૦ વર્ષ થયા છતાં આજે પણ જે પ્રજા માટે અનામત લખેલી હતી એ આજે એની એ જ છે અને એનાથી પણ વધારે બહેતર દુ: ખી થઇ છે એટલે એના માટેની બધાએ ચિંતા કરવી પડશે. અમે અલગ નથી માનતા ભારત દેશના લોકો સરખા અને સમ અમે માનવતાને માનીએ છીએ. માનવતાને માનવી જોઇએ અને ખાસ કરીને જ્યારે અનામતની વાત આવી છે તો મારે કોઇનો વિરોધ નથી. ચારણ, ભરવાડ, રબારી જે કાંઇ એની અંદર છે એ સ્વાભાવિક વસ્તુ છે એનું થોડું અમને પણ દુ: ખ થયું. મારે કદાચ આ ગૃહની અંદર નહિ કહેવું જોઇએ કે જે આદિવાસી સમાજ છે એ આદિવાસી સમાજની અંદર શિક્ષણ ઓછું છે. શિક્ષણ ના હોવાના કારણે મારો સમાજ ગમે ત્યાં દોરવાય જાય છે, એની આર્થિક પરિસ્થિતિ ખરાબ છે. હું જાતિ પર એટલા માટે બોલું છું કે જાતિ પર દાખલાની વાત આવી, બિનજાતિના લોકો આની અંદર આવ્યા છે તો મારે આ સમાજને એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. અને માઇનોરીટિનું રક્ષણ કેવી રીતે થાય એના માટે અને ખાસ આદિવાસી માટે એટલા માટે બોલી રહ્યો છું કે, જ્યારે જ્યારે પણ આદિવાસી સમાજ અનપઢ, અજ્ઞાન એ બધાનો પણ ભોગ બન્યો છે. જેવી રીતે એસ.સી. સમાજ અભણતાને લીધે ભોગ બન્યો છે એવી રીતે આદિવાસી સમાજ આજે એની વ્યથા નોકરી, આર્થિક પરિસ્થિતિઓ અને ગરીબીને લઇને પણ છે એટલે જ આજે ખાસ કરીને ઇલેકશનની વાત કરે. ઇલેકશન તો પતી ગયું પણ જ્યારે આ બધું જાતિવાદનું ચાલ્યું અને એની અંદર ચારણ, ભરવાડ અને રબારીનો દાખલો જે આખા ગુજરાતની અંદર આવ્યો અને ગુજરાતની અંદર સૌથી વધારે આદિવાસી વિસ્તાર અને એના કારણે જે કાંઇ રાજકીય પાર્ટીઓને નુકસાન થયું છે એ પણ એક મૂળ છે. અને ખાસ કરીને જયારે આદિવાસી એકતા પરિષદ રાજપીપળાની અંદર ભરાઇ હતી ત્યારે અમે નવાનવા ધારાસભ્ય ચૂંટાયા હતા અને ત્યાં આગળ જે બન્યું એના માટે અમે પણ દુઃખ વ્યકત કરીએ છીએ કે જે વિરોધ થયો માનનીય મંત્રીશ્રીનો તો અમને પણ ખબર ન હતી કે આદિવાસી એકતા પરિષદની અંદર માનનીય મંત્રીશ્રી આવવાના હતા. અમે પણ એ વખતે સ્ટેજ ઉપર હતા અને ત્યાં સમાજના લોકોએ વિરોધ કર્યો સ્વયં. જે કંઇ હશે તે પણ છતાં પણ આક્ષેપો લાગ્યા છે. કદાચ અમુક લોકોને આક્ષેપો લાગ્યા હશે એમાં કદાચ કોંગ્રેસ પાર્ટીના હોઇ શકે, કદાચ અમારા માટે પણ હોઇ શકે પણ અમે જીંદગીની અંદર કોઇ દિવસ આ બાબતમાં પડતા નથી. અમે સમાજનું કામ કરીએ છીએ. ગણપતભાઇ વસાવા પણ અમારા સમાજના છે. અમે એક આદિવાસી તરીકે એમને પણ આગ્રહ કર્યો. હું એટલા માટે ગૃહમાં વાત કરું છું કે સર, આપના મારફત જણાવવા માગું છું કે જયારે આ વસ્તુ બની, મારે તો કોઇ વસ્તુનું એ ન થવું જોઇએ કે જેથી સમાજનું સંમેલન હતું અને એની અંદર અંધાધૂંધી ફેલાય, કોઇ લોકોને નુકસાન થાય, માનનીય મંત્રીશ્રીને કોઇ એ કરે, મારે તરત માઇક લેવું પડયું અને મારે રીકવેસ્ટ કરવી પડી લોકોને કેમકે લોકો માને છે એટલા માટે સર. બાકી મારે કોઇ બીજું એ નથી છતાં પણ અમારે આ સમાજની એક વ્યાખ્યા છે ગુજરાતમાં ઉમરગામથી અંબાજી સુધી અમારો આદિવાસી સમાજ ૧૬ ટકા વસતિની અંદર વસેલો છે અને એ ૧૬ ટકા આદિવાસી સમાજ, આજે પણ આ સમાજને સગવડો નથી . એ વિસ્તારોમાં શિક્ષણ નથી, પીયત માટે પાણી નથી, પીવાના પાણીનો કોઇ સોર્સ નથી તો સરકાર તરફથી આ સમાજને પણ જયારે અનામતની વાત આવે છે અને જયારે મુખ્ય પ્રવાહમાં આ દેશની અંદર આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જયારે બધા સમાજની ચિંતા કરી છે તો આ સમાજની પણ ચિંતા કરી વહેલામાં વહેલી તકે એમના માટે શિક્ષણ, આરોગ્ય, આર્થિક બેરોજગાર, નોકરીની અંદર તાત્કાલીક ભરવા જોઇએ અને ખાસ કરીને ચારણ, ભરવાડ, રબારીનો વિરોધ એટલા માટે નથી કરતો પણ કોઇના ઘરમાં મારે પણ જવું હોય, મારા ઘરમાં કોઇ ઘુસી જાય, સ્વાભાવિક છે મારા ઘર ઉપર કોઇ કબજો નહીં કરી શકે. આ આદિવાસીનું ઘર છે. શીડયૂલ ટ્રાઇબ આદિવાસી સમાજ છે. નો ડાઉટ આપણે જે બિલ લાવેલા હતા ૧૯૫૬ ની અંદર જયારે ઢેબર કમિશને એની ભલામણ કરી હતી કે ચારણ, ભરવાડ અને રબારી એ આદિવાસી જેવું જીવન જીવે છે ત્યાં નેસની અંદર તો એમને પણ એ રીતે દરજજો મળવો જોઇએ પણ એનો રિપોર્ટ ખોટો એટલા માટે હતો કે ૧૯૫૬ માં જયારે જાહેરનામુ પડયું રાષ્ટ્રપતિ દ્વારા અને એની અંદર એ કહેવામાં આવ્યું કે આદિવાસી સમાજમાં આ લોકોને સમાવવા જોઇએ પણ અમારી માગણી એ છે કદાચ આ બિલની અંદર કે ચારણ, ભરવાડ અને રબારી જેમને એન્ટી ડી–એન્ટી એની અંદર સમાવવા જોઇએ અને સ્પેશ્યલ કેટેગરીની અંદર એમના માટે પણ પેકેજ આપવું જોઇએ

પણ આદિવાસી સમાજની અંદર પૂરું ભોજન નથી થાળીમાં અને એને જો પાછો ખાવા મોકલી આપશો તો આદિવાસી પણ મરી જશે અને ચારણ, ભરવાડ અને રબારી પણ મરી જશે એટલે બંને કોમ જીવવી જોઇએ અમારી તો એવી લાગણી છે અને ખાસ કરીને તમે જોઇ લો કે આ ૧૯૭૬ થી ૧૯૮૪ લગી જે જાતિની અંદર સમાવવા એમાં રબારી લોકોને બે લાખ સર્ટીફીકેટ આપવામાં આવ્યા છે એની અંદર ૭૦૦૦ રબારીને અને ચારણને  અને ભરવાડને આપવામાં આવ્યા છે અને એની અંદર મોટામાં મોટા ઓફિસરો રબારીની અંદરથી ૩૫૦, કલાસ–૧, કલાસ–રના ઓફિસરો પણ અહીં આગળ છે તો આદિવાસીની જે ભરતી થવી જોઇએ એની જગ્યાએ બીજેથી જે ભરતી થઇ છે, જે સર્ટીફીકેટો આપ્યા છે એમાં સરકારે એને રદ કરવા જોઇએ અને એમને સ્પેશ્યલ કવોટાની અંદર કેન્દ્રમાં અહીંથી ભલામણ મોકલવી જોઇએ અને જે કંઇ એમના માટેની અનામત હશે  અને ડીએનટી, એન્ટીની અંદર એમનો સમાવેશ કરી અને એમના માટે સ્પેશ્યલ પેકેજ આપે અને એમને પણ ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ આપે. ખાસ કરીને આદિવાસી વિસ્તારની વાત કરું તો અત્યારે જેઠાભાઇ બોલતા હતા કે ધર્મ બદલવાથી, ધર્મની છુટ છે, ધર્મ કોઇપણ પાળી શકે એટલે ધર્મની બાબતની અંદર સુપ્રિમ કોર્ટે પણ કીધું છે કે ધર્મમાં કોઇ બાધા નથી આવતી. એના લીધે કોઇ જાતિ નથી બદલાઇ જતી.  ખ્રિસ્તી સમાજની વાત આવી હતી. ખ્રિસ્તી સમાજને બદલો. એમણે અહીયા આવીને શિક્ષણ આપ્યું છે. સૌથી વધારે આદિવાસીની અંદર ડોક્ટરો, એન્જિનિયર બન્યા હોય તો મીશનના લીધે બન્યા છે. એટલા માટે એમને ધન્યવાદ આપું છું. હું માનું છું કે જે રીતે મીશને શિક્ષણ આપ્યું, એવી રીતે ગુજરાત સરકાર પણ  ત્યાં આગળ સરકારી શાળાઓ ખોલીને શિક્ષણ આપે. ડોક્ટરો, એન્જિનિયરો, ક્લાસ–૧, સચિવ, કલેક્ટર, આઇ.એ.એસ.,આઇ.પી.એસ. બને તેવી સરકારે એની ચિંતા કરવી જોઇએ. ખાસ આદિવાસી વિસ્તારમાં પાણીના પ્રશ્ન છે. આ જાતિને બચાવવી હશે, સમાજને બચાવવો હશે, મુખ્ય ધારામાં લાવવો હશે તો આદિવાસી સમાજને આખા વિસ્તારમાં ઉકાઇ ડેમ, નર્મદા ડેમનું પાણી ઉંમરગામથી અંબાજી સુધી આ આદિવાસી સમાજને એનું પાણી મળવું જોઇએ, જેનાથી પીયત ખેતી થવી જોઇએ.  આથી જે વિસ્થાપન થાય છે, તે વિસ્થાપન નહિ થાય અને આદિવાસી પોતાના હરોળમાં જીવી શકશે. આ દેશમાં સારી રીતે જીવી શકે તેવું વિચારીએ છીએ.  ખાસ કરીને અમારો એસ.સી. સમાજ જાતિ, અબળતાના કારણે આજે દેશની અંદર અંધાધૂંધ ફેલાઇ છે. ખાસ કરીને ગુજરાતની અંદર આટલા મોટા આંદોલનો ચાલ્યા, પાટીદાર આંદોલન ચાલ્યું, એસ.સી. આંદોલન ચાલ્યું, આદિવાસી આંદોલનો પણ ચાલ્યું. બીજા ઘણા સમાજે અનામત માટે આંદોલન કર્યા છે. બંધારણની અંદર લખેલ છે કે ૫૦ ટકા ઉપર અનામત નહિ હોવું જોઇએ. એટલા માટે ૪૯ ટકા ઉપર અટકેલ છે. મારા મંતવ્ય પ્રમાણે હું માનું છું કે બધા જ અનામતની વાત કરતા હોય તો ૧૦૦ ટકાની વસતિ છે. આદિવાસી જે વસતિ છે તો એ લોકો ટકાવારીમાં આવી ગયા છે. એસ.સી. ની અંદર ટકાવારી છે, એને પણ અનામત મળી ગયું છે. ઓ.બી.સી. પર ટકા વસતિ છે એમને ૨૭ ટકા મળ્યું છે, એની જગ્યાએ પર ટકા મળવું જોઇએ. બાકીના સમાજને જે પ્રમાણે વસતિ છે. જે કઇ પટેલો, રાજપૂતો, જૈન, બ્રાહ્મણ સમાજ છે. એમને પોતપોતાની વસતિ પ્રમાણે અનામત આપી દો તો આ અનામત આવવાનો સવાલ જ નથી. એક રોટલામાંથી અનેક ટુકડાઓ પડે છે. જેની વસતિ વધારે હશે એ રીતે અડધા  કરતા વધારે રોટલો ઓ.બી.સી.ને મળશે. બાકીના આદિવાસીને મળશે અને બાકીના એસ.સી. સમાજને મળશે. અને બાકીના ઉપરના જે લોકો છે એમને મળશે. જેની જેવી વસતિ ૩ ટકા હોય તો ૩ ટકા, જેની ૧૦ ટકા હોય તો ૧૦ ટકા મળશે. અનામતનું કામ આ રીતે પૂરું થઇ જશે. ખાસ કરીને મારા સમાજની વાત કરું. દેશની અંદર જે  અસમાનતા ફેલાઇ છે તે દૂર થાય. અને ખાસ કરીને જે ઓફિસરની ખરાઇના દાખલા અંગેની વાત કરીએ છીએ. દા.ત. જામનગરની અંદર કે.વી. પટેલ કરીને હતા. એમણે જાતિનો દાખલો સહીઓ કરીને એટલા બધા આપી દીધા કે જેમાં ૧૯૦૦૦ જેટલી જગ્યા ઉપર બિન આદિવાસી કર્મચારીઓ આવ્યા છે.  એમાં ૩૫૦ બિન આદિવાસી લોકો કલાસ–૧, ક્લાસ– ૨ છે. ખાસ કરીને બાકીના લોકો છે. તમે જોઇ લો. મલ્કાન કમિશન લાવવામાં આવ્યું. એની અંદર ખોટી ભલામણ કરી છે. આ સમાજ, આ ગૃહે, આદિવાસી સમાજની બીજી સમિતિની રચના કરવી જોઇએ. મલ્કાન સમિતિની અંદર ૨ એવું કહ્યું છે કે જેટલા સર્ટીફિકેટ હોય છે. વિગત દર્શક કાર્ડ આપવામાં આવ્યાં છે, જે બિલકુલ ખોટા છે. રેકર્ડ ઉપર નથી. તાત્કાલિક રદ થવા જોઇએ. ખરાઇ થઇ નથી એ ખરાઇ નહિ થયેલા તરત રદ કરવા જોઇએ. બાકીના જગ્યાઓ રહી છે,  અસલ જગ્યાઓ છે તે આદિવાસી સમાજ છે. એસ.સી. સમાજની નોકરીમાં તાત્કાલિક ભરતી થવી જોઇએ. પેલા લોકોની નોકરીઓ લઇને દંડ થવો જોઇએ. સજા થવી જોઇએ. જે લોકોએ ભૂલ કરી છે, જે લોકોએ દાખલા આપ્યા છે, તેવા લોકોને ૩ વર્ષના બદલે ૬ વર્ષની સજા થવી જોઇએ. ખાસ કરીને એટલા માટે બીજું એક કમિશન બનાવવું જોઇએ. ચકાસણીનું કમિશન બનાવવું જોઇએ કે જેની અંદર એસ.સી., એસ.ટી. ઓ.બી.સી.ના લોકો અને જે કમિશનના ચેરમેન બનાવો તે આઇ.એ.એસ. ઓફિસર થયેલો હોવો જોઇએ કા તો એ જ્ઞાની હોવો જોઇએ, તેવા લોકોનું કમિશન બનાવો અને એની અંદર બહુમતી તરીકે જે અનામતના લોકો છે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ના સભ્યની બહુમતી ૫૦ ટકા ઉપર વધારવી જોઇએ ૮૫ ટકા હોવી જોઇએ જેથી આ સમાજના લોકોને ન્યાય મળી શકે.

શ્રી હિતુ  કનોડીયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારા સાહેબે હમણાં કહ્યું હતું કે છેવાડાના માણસોને છેલ્લા દિવસે રાખ્યા. ઇંગ્લીશમાં એક કહેવત છે કે ધી બેસ્ટ ઇઝ સેવ ફોર લાસ્ટ. બેસ્ટ વાત હોય તે છેલ્લે રાખવામાં આવે છે. આ મજબૂત, કડક અને જબરજસ્ત બિલ માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ લાવ્યા છે તેને આપણે સૌ સમર્થન આપીએ છીએ. બધાજ, તમે પણ સમર્થન આપી રહ્યા છો. અમે પણ સમર્થન ચોકકસ આપીએ છીએ. લલિતભાઇ

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

ટાઇમ બગાડવાની વાત નથી. બિલમાં રહેલી વાતો બધા લોકો કરતા હોય છે. એટલે જયારે માનનીય શૈલેષભાઇએ વાત કરી હતી કે ખૂબ તકલીફો પડી હતી, ખૂબ મજબૂરીઓ હતી. અત્યારે છે નહીં નહીંતર તેમની સામે વાત કરવાની મજા આવત. તેમને કહેતો કે જે ખૂબ જ દુઃખો અને તકલીફો સહન કરીને હિંમતથી ઉભા રહે છે તે દલિત હોય છે. આ વર્ષોથી જોવામાં આવ્યું છે. આપણે વર્ષોથી જોયું છે. હજાર વર્ષ પહેલાંની વાત કરીએ તો અમારા અનુસૂચિત જાતિમાં વીરો છે, સંતો છે, જ્ઞાનીઓ પણ છે. વીર એવા વીર મેઘમાયા હજાર વર્ષ પહેલાં હતા. દેહદાન કરીને તેમણે ઘણુંબધું અનુસૂચિત જાતિ માટે કુડલી હટાવો, ઝાડુ હટાવોની વાત કરી હતી. તેના પછી સંતો પણ છે. રોહિદાસ કહો કે સંત સવાયાનાથ કહો. ભારતીય જનતા પાર્ટી તો ખૂબ ભાગ્યશાળી છે કે, સંત સવાયાનાથના એવા વંશજ એવા શંભુનાથ મહારાજ અમારી સાથે છે. દાસી જીવણ પણ છે. જ્ઞાની પુરુષ બાબાસાહેબ આંબેડકર સાહેબને કોણ ભૂલી શકે? આપણે અહીં ઉભા છીએ, હું જે અહીંયાં ઉભો છું તે તેમના થકી અને તેમના લીધે ઉભો છું. શૈલેષભાઇ તેમના પરિવારની વાત કહેતા હતા તો મારા પરિવારે પણ રોડથી પાર્લામેન્ટ સુધીની સફર છે તે માત્રને માત્ર બાબાસાહેબ આંબેડકરના આશિર્વાદથી આ તય કરી છે. બાબાસાહેબ આંબેડકરે જયારે બંધારણમાં લખ્યું હોય કે આટલા લોકોને અનામત મળી શકે ત્યારે આપણે બીજી વાત કેવી રીતે કરી શકીએ. મારી પહેલાં સભ્યશ્રી કહેતા હતા કે બધાને પોપ્યુલેશનના હિસાબે અનામત આપી દો. આ ખરેખર ખોટું છે. સંવિધાનની જે વાત કરીએ છીએ, બંધારણની જે વાત કરીએ છીએ તો ૧૯૫૦માં રાષ્ટ્રપતિએ અનુસૂચિત જાતિઓની યાદીઓ કરી. તેની અંદર માત્રને માત્ર હિન્દુ અનુસૂચિત જાતિના લોકોને જ આ અનામત મળે છે તે હતું. તેના પછી ૧૯૫૬ની અંદર શીખ ધર્મના દલિતો હતા તેનો તેમાં ઉમેરો કરવામાં આવ્યો. આફ્ટર બેક ૧૯૯૦ની અંદર બૌદ્ધ ધર્મના દલિતોને પણ તેની અંદર ઉમેરવામાં આવ્યા. આવી રીતે આ લોકોને ઉમેરીને બીકોઝ આ રાષ્ટ્રપતિના હાથમાં હોય છે. આ કરવામાં આવ્યું હતું અને તેના પછી ધર્મ પરિવર્તનને લઇને બહુ મોટો હોબાળો આ બધા કરે છે. સર, આ અનુસચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો છે તે લોકોને આ મળવું જોઇએ. કારણ કે ધર્મ પરિવર્તન કર્યા પછી જ અનુસૂચિત જાતિનો માણસ અને હું કોઇ ધર્મના ખિલાફ નથી. બધા ધર્મને માનું છું. બધાને સમભાવ માનું છું. મારા માટે અને અમારી ભારતીય જનતા પાર્ટી માટે બધા એક જ છે. તેની અંદર જયારે કોઇ અનુસૂચિત જાતિનો માણસ ઇસ્લામ ધર્મ અપનાવે છે. કોઇ અનુસૂચિત જાતિનો માણસ ખ્રિસ્તી ધર્મ અપનાવે છે તેના પછી પણ તમે અપેક્ષા રાખો કે અનુસૂચિત જાતિને જે લાભો અને અધિકારો મળે છે તે તેને મળે ધેટ ઇઝ રોંગ. આના માટે પ્રાવધાન છે. લેટ મી ટેલ યુ. કદાચ તમને ખબર નથી અને માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મને જણાવતાં ખુશી થશે કે, જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ હોય છે એટલે કે બક્ષીપંચ હોય છે તેના જે અધિકારો છે તે આ ધર્મ પરિવર્તન કરેલા અનુસૂચિત જાતિના લોકો હોય છે તેમાં ખ્રિસ્તી કાં તો ઇસ્લામ હોય તે લોકોને મળવાપાત્ર છે. તે લોકોને તે રીતે મળે છે. એ લોકોને મળવા પાત્ર છે, એ લોકોને મળે છે એ રીતે તો પછી જે ખરેખર ગરીબ, શોષિત, પીડિત એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકો પાસેથી અધિકારો શા માટે લેવા છે? This is absolutely wrong. આ ખૂબ જ ખોટી વાત છે. આવી રીતે ના થવું જોઇએ અને એના માટે જ હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું ભારતીય જનતા પાર્ટીની આ સરકારને, રૂપાણી સાહેબને, નીતિનભાઇ પટેલ સાહેબને અને અમારા માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબને, જે કદાચ થોડું મોડું લાવ્યા છે પણ આ કાયદો કડક અને જબરજસ્ત લાવ્યા છે. જેને આ જાતિ પ્રમાણ પત્ર મળવા પાત્ર હોય એને જ આ મળવા જોઇએ, ખોટા જે પ્રમાણ પત્રો અત્યાર સુધી આપવામાં આવ્યા હોય એને વધારેમાં વધારે શિક્ષા થાય એને વધારેમાં વધારે દંડ થાય, સાહેબે કહ્યું હતું કે અધિકારીઓને પણ સજા થવી જોઇએ I think it is written in the Bill. કદાચ છે, એમાં છે અધિકારીઓને પણ સજા થવા પાત્ર છે. એટલે મારા વડીલશ્રી થોડુંક વાંચજો. હું બધા જ ધર્મોને માનુ છું પણ જો અનુસૂચિત જાતિના ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તીત થયા હોય એ લોકો ઇંગ્લીશમાં ભણ્યા હોય, કે.જી. થી પી.જી. સુધી ભણ્યા હોય, ઇંગ્લીશ સ્કૂલોમાં ગયા હોય, સેન્ટ ઝેવીયર્સમાં ભણ્યા હોય, ઇંગ્લીશ ભણ્યા હોય અને ત્યારે એ લોકો જયારે કોમ્પીટિશન માટે આ જે ૩૬ અનુસૂચિત જાતિઓવાળા સામે ઉભા રહે અને જયારે કોમ્પીટિશનમાં અનુસૂચિત જાતિઓ વાળા હારી જાય છે ત્યારે અનુસૂચિત જાતિના લોકો ક્યાં જશે? સાહેબ, આ ચિંતા કરવા જેવો વિષય છે. ખેડા જિલ્લા અને આણંદ જિલ્લાની વાત કરું હજારોની સંખ્યામાં ખોટા પ્રમાણ પત્રો આપવામાં આવ્યા છે. આઇ એમ સોરી મને સાચું બોલવાની આદત છે. હજારોની સંખ્યામાં આવા ખોટા પ્રમાણ પત્રો આપવામાં આવ્યા છે એટલે એના વિશે, એના માટે થઇને જયારે આપણા માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ કે જેને તમે બધા જ મોટા ભાઇ કહો છો, બધા જ આદિવાસી જાતિવાળા એમને માને છે ત્યારે તેઓ દિલથી આ સુંદર મજાનું બિલ લઇને આવ્યા છે અને આપણે સાથે મળીને એનું સમર્થન કરી રહ્યા છીએ તો પછી ખોટા આક્ષેપો વગેરે કરીને શું ફાયદો? ખોટી રીતે વિધાનસભા ગૃહનો સમય બગાડવાનો કોઇ મતલબ જ નથી. ખોટું ખોટું એમ કહેવામાં આવે છે કે ઉશ્કેર્યા અને એ બધી વાતો થતી હતી એમાં કહું Newton's Law - for every action there is equal and opposite re-action.જેટલા તમે દરેક સમાજના લોકોને ભડકાવશો એટલું વધારે તમને નુકસાન થશે કારણ કે, અત્યારે ૨૭ વર્ષ માટે અહીંયા ભાજપ બેઠું છે એના પછી વધારે અહીંયા જ બેસશે કારણ કે, લોકો જાણે છે તમે ગમે તે રીતે ઉશ્કેરાવો છો તો પણ લોકો જાણે છે, પ્રજા જાણે છે એટલે બરાબર જ મત આપશે. માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ સુંદર મજાનું બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું. 'ખૂબ ખૂબ આભાર'

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રી નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, અન્ય પછાત વર્ગ જાતિ પ્રમાણ પત્ર કાઢવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા બાબત વિધેયક લાવ્યા છે આ બાબત આ સન્માનનીય ગૃહના ઘણા સદસ્યશ્રીઓએ ખૂબ ચર્ચા કરીને ઘણી બધી વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો જે હાર્દ છે, એનો ઉદેશ્ય છે એના ઉદેશ્યો અને એના કારણો બાબતે કોઇ શંકા રાખવાની જરૂર નથી. જે એના કારણો અને ઉદેશો છે એ બંને પ્રવર્તમાન પરિસ્થિતિની અંદર પ્રસ્તુત છે અને એ યોગ્ય પણ છે. પરંતુ અનુસૂચિત જાતિના હોવું કે અનુસૂચિત જનજાતિના હોવું કે આદિ પેટા જાતિના હોવું અને એના માટે કલ્યાણકારી યોજનાઓ માટે જે સંવિધાનની અંદર એને અનામતના હક્ક આપવામાં આવ્યા, જે એને સમાન રીતે વિકસવાની તક આપવામાં આવી પણ એને માટે જે પ્રાવધાનો કરવા જોઇતા હતા એ પ્રાવધાનો આજની તારીખમાં પણ થયા નથી. માત્ર યોગ્ય અને સાચા અનુસૂચિત જાતિના કે અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પસંદ કરવા અથવા એને સિલેક્ટ કરવા અથવા એની પસંદગી કરવી એનાથી કામ અટકી જતું નથી એનાથી પણ અનેકગણું કામ ખૂબ બાકી છે આજની તારીખમાં પણ. જયારે પણ કોઇ બિલ આવે, કોઇ કાયદો આવે, કોઇ પરિપત્ર આવે કે કોઇ ઠરાવ આવે ત્યારે આપણે અનુભવે એવું જોયું છે અને માનનીય પુંજાભાઇએ પણ હમણા વાત કરી કે, અમુક પરિસ્થિતિ આપણાં જ કારણે ઉભી થઇ હવે તેને સુધારવા માટે આપણે આજે બિલ લઇને આવ્યા છીએ. એમ આજે સમગ્ર ગુજરાત નહીં પરંતુ ભારત દેશની અંદર ખાસ કરીને દલિત સમાજના અને આદિવાસી સમાજના લોકો ખૂબ દહેશતમાં અને ખૂબ ચિંતામાં છે. જયારે પણ સરકાર કોઇક નવો પરિપત્ર લઇને આવે, કોઇ નવો ઠરાવ લઇને આવે કે નવો કાયદો લઇને આવે એટલે આ સમાજના લોકોમાં સૌથી પહેલી શંકા પ્રવર્તે છે કે કયાંક આ કાયદાની આડમાં કે આ પરિપત્રની આડની અંદર અમારું અહિત તો નથી થતુંને ? કયાંક આ કાયદાનું રક્ષણ લઇને અનામત હટાવી લેવામાં તો નહીં આવેને ? કે આના જે અધિકારો છે તેનાથી અમને વંચિત કરી દેવામાં નહીં આવેને ? આના થોડાં દાખલા હું આપવા માગું છું કારણ કે આપણે બિલની અંદર ઉદેશ્ય અને કારણો તો લખીએ છીએ કે આ ઉદેશ્ય માટે લાવીએ છીએ. અને હું માનુ છું કે જે કોઇ સરકાર હોય ભારતીય જનતા પાર્ટી હોય કે કોંગ્રેસ પક્ષ હોય જે કાયદો બનાવ્યો છે ત્યારે કાયદાના ઉદેશ્ય હંમેશા શુદ્ધ જ હોય છે. એક સારા ઉદેશ્ય માટે, સારુ કામ કરવા માટે કાયદો બનાવતા હોઇએ છીએ પરંતુ એ શાસકકર્તાઓ જયારે એ કાયદાનો યોગ્ય અમલ કરાવતા નથી અથવા એ કાયદાનો અયોગ્ય અમલ થતો હોય ત્યારે તેને રોકતાં નથી ત્યારે સમસ્યાઓનું સર્જન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આખા દેશની અંદર ચર્ચા ચાલી રહી છે કે યુ.જી.સી.દ્વારા હમણાં એક પરિપત્ર થયો. અને એ પરિપત્રની અંદર જે રોસ્ટરની પદ્ધતિ છે તેનું આખું અનુચિત અર્થઘટન કરવામાં આવ્યુ. અને એ પ્રમાણે પ્રાધ્યાપકોની તેમાં નિમણૂક કરવામાં આવશે અને વિષયવાર એ રોસ્ટરનો અમલ કરવાનો થશે. હવે આ પ્રમાણે જો કરવામાં આવે તો તેનો સીધો અર્થ છે કે દેશની અંદર એક આદિવાસી કે એક દલિતને આની અંદર નોકરી મળી શકશે નહીં. બંધારણની અંદર જોગવાઇ છે, કાયદાની અંદર જોગવાઇ છે આપણે પરિપત્રો અને ઠરાવો કરીએ છીએ, શુદ્ધ ઉદેશ્ય અને શુદ્ધ કારણો લખીએ છીએ પરંતુ તેમ છતાં આવા અને આવા આની અંદર પરિપત્રો થાય, આવી રીતની ગાઇડ લાઇન બહાર પાડવામાં આવે જેના કારણે કોઇ દલિત કે આદિવાસીને તેમાં લાભ મળશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આ જ યુ.જી.સી.એ એક પરિપત્ર બહાર પાડયો આમ તો હુકમ બહાર પાડયો ૨૦૦૭ની અંદર મારા જ પ્રશ્નના જવાબની અંદર સન્માનનીય ગૃહની અંદર મને જવાબ આપવામાં આવ્યો છે. ૨૦૦૭ની અંદર યુ.જી.સી.એ તમામ સરકારોને જાણ કરી કે તેની અંદર જે સત્તા મંડળ છે ખાસ કરીને સેનેટ, સિન્ડીકેટની અંદર જેનુ સત્તા મંડળ છે તેમાં અનામત નીતિનો અમલ કરવો. તો આપણને દુઃખ થાય, ચિંતા થાય કે ૨૦૦૭ની અંદર યુ.જી.સી.એ આ પ્રકારનો હુકમ કર્યા પછી ગુજરાત સરકારે માત્ર યુનિવર્સિટીને પત્રો લખ્યાં પરંતુ આનો અમલ કરવા માટે યુનિવર્સિટી એકટ સુધારવો પડે એ એકટ સુધારવા માટેની કોઇ જ કાર્યવાહી કરવામાં આવી નથી. આપણે ખાનગી યુનિવર્સિટી માટે એકટ લાવ્યા અને આપણે તેને પાસ પણ કર્યો. હમણાં જ ગઇકાલે પણ આપણે સર્વાનુમત્તે યુનિવર્સિટી એકટને પસાર કર્યો પરંતુ જયાં અનામત નીતિનો અમલ કરવાનુ આવે અને એકટ સુધારવાની જરૂરિયાત ઉભી થાય ત્યારે આપણે એકટ સુધારતા નથી, માત્ર પ્રમાણપત્રો સાચા આપી દેવાથી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનું કલ્યાણ થવાનું નથી. હું પણ આજે ધારાસભ્ય થયો છું એક અનુસૂચિત જાતિના ધારાસભ્ય તરીકે થયો છું. એ જે પ્રમાણપત્ર જે તે વખતે સરકારે આપ્યુ હશે, જે સક્ષમ અધિકારીએ આપ્યુ હશે એ સાચું હશે ત્યારે જ હું અહીંયા આજે આવી શકયો છું. એટલે માત્ર અનુસૂચિત જાતિની કે અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રની ખરાઇ કરવી એ એક માત્ર સમસ્યા નથી અથવા આ એક માત્ર સમસ્યા હલ કરવાથી આ સમાજોનું કલ્યાણ થઇ જશે તો એ તદન ભૂલ ભરેલું છે. ગુજરાત સરકારે હમણાં ૨૪-૧૦-૨૦૧૬નો એક પરિપત્ર બહાર પાડયો. આ પરિપત્રના કારણે સેંકડો તેજસ્વી દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓનું ભવિષ્ય ધૂળમાં મળી જાય છે. આ પરિપત્રની અંદર યુ.જી.સી.ની ગાઇડ લાઇન પ્રમાણે કે અનામત નીતિનો અમલ કરવાની ગાઇડ લાઇનના ભાગરૂપે માત્ર પરિપત્ર, ઠરાવ પણ નહીં. જે પરિપત્ર માત્ર સમજ આપવા માટે હોય છે તે પરિપત્રના આધારે તેની અંદર એવુ બતાવવામાં આવ્યુ છે કે જો કોઇ અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી અથવા અનુસૂચિત જનજાતિ અથવા ઓ.બી.સી.નો વિદ્યાર્થી તે જે પ્રવેશ મેળવવા માટે શાળની અંદર જે ફોર્મ ભરે તે ફોર્મની અંદર ચાર ખાના હોય, બોકસની અંદર તમારે ફરજીયાત ટીક કરવાનુ હોય કે, તમે એસ.સી., એસ.ટી., કે ઓ.બી.સી. છો અથવા સામાન્ય કેટેગરીમાં છો. આ ચારમાંથી એક ઓપ્શન સિલેકટ કરવું ફરજિયાત છે. હવે અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી

જો એસ.સી. ઓપ્શનમાં ટીક કરી દે એટલે ઓટોમેટીક એને ફીમાં રાહત મળે અને એક વખત એને ફીમાં રાહત મળે એટલે આ પરિપત્રના આધારે એ ભવિષ્યમાં ક્યારેય પણ, ગમે તેટલો તેજસ્વી હોય તો પણ એને સામાન્ય કેટેગરીનો લાભ મળે નહિ. એને ફરજિયાત અનામત કેટેગરીમાં જ જીવવું પડે છે. આટલો બધો અન્યાય આ પરિપત્રના કારણે વિદ્યાર્થીને થાય છે. તાત્કાલિક ધોરણે આ પરિપત્રને રદ કરવો જોઇએ. તાત્કાલિક એને પાછો ખેંચી લેવો જોઇએ. ૨૦૧૬થી આ પરિપત્ર અમલમાં છે. આપણે જ્યારે વાત કરતા હોઇએ કે આ પરિપત્રથી સાચા પ્રમાણપત્રો આવી જશે, સાચા લોકોને એનો ન્યાય મળશે પણ અત્યારે પણ માનનીય જોષીયારા સાહેબે આંકડો આપ્યો એ પ્રમાણે ૧૭૦૦ થી ૨૦૦૦ પ્રમાણપત્રો ખોટા છે. આદિવાસી અને દલિત સમાજની જનસંખ્યા દોઢ કરોડની છે અને ઓ.બી.સી. સમાજ એમાં જોડી દો તો એથી પણ વિશાળ જનસંખ્યા થાય. આ જનસંખ્યાની સામે અત્યારે પ્રમાણભૂત આંકડો ૨૦૦૦ પ્રમાણપત્રોનો આવ્યો છે. ટકાવારીની દ્રષ્ટિએ બહુ જ મામૂલી આંકડો આવ્યો છે. એનો મતલબ એ થયો કે કરોડોની સંખ્યામાં લોકો પાસે સાચા પ્રમાણપત્રો છે અને જેની પાસે આ સાચા પ્રમાણપત્રો છે એની સાથે અત્યારે આપણે કેવો વ્યવહાર કરી રહ્યા છીએ. હું સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો દાખલો આપવા માગું છું. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં ૨૦૧૪માં સંસ્કૃત સાહિત્ય માટેની એક જગ્યા માટેની જાહેરાત આવી હતી અને એમાં આખા દેશમાંથી અરજીઓ આવી હતી અને એમાં એક દલિત દીકરીની પસંદગી થઇ હતી. એની અટક વાઘ છે. હું સીધો આક્ષેપ કરવાથી દૂર રહું છું કે એ દલિત હતી એટલા માટે જ એવું કરવામાં આવ્યું હશે, પરંતુ દલિત સમાજની અંદર આ ભાવના પ્રગટી રહી છે કારણ કે, ત્યારપછી એ દીકરીને ત્યાં હાજર કરાતી નથી. એમ કહેવામાં આવે છે કે આ પોસ્ટ માટેની જગ્યા મંજૂર થઇ નથી. જ્યારે આ યુનિવર્સિટીનું બિલ લાવવામાં આવ્યું હતું ત્યારે તો હું આ ગૃહમાં સદસ્ય ન હતો. મને ખબર નથી પણ આ ગૃહના કોઇ સન્માનનીય સભ્યશ્રીએ ટકોર કરી હતી કે આ યુનિવર્સિટી કોઇ એક ચોક્કસ વર્ગની બનીને ના રહે. તમામ જ્ઞાતિના લોકોને આ યુનિવર્સિટીનો લાભ મળે. અત્યારે જે યુવાન મિત્રો સાચા પ્રમાણપત્રો લઇને અભ્યાસ કરી રહ્યા છે એને યોગ્ય રીતે ખાનગી શાળાઓમાં પ્રવેશ મળતો નથી. ખાનગી યુનિવર્સિટી કે જે સંપૂર્ણ સ્વાયત્ત સંસ્થા છે જે સરકાર પાસેથી ગ્રાન્ટ લેતી નથી એ સંસ્થામાં એક યા બીજા કારણસર એને પ્રવેશ મળતો નથી. મેં ગઇકાલે બેઠા–બેઠા કોમેન્ટ કરી હતી, પરંતુ જ્યારે સરકારી શાળાઓ અને સરકારી કોલેજોના એટલા બધાં ગુણગાન થતા હતા અને એવું ચિત્ર બતાવવામાં આવતું હતું કે, ગુજરાતની અંદર જે સરકારી શાળાઓ છે, જે સરકારી કોલેજો છે એમાં અદ્યતન સુવિધાઓ છે. આ શાળાઓ એટલી બધી સુંદર છે અને એટલી બધી જોરદાર કોલેજો છે ત્યારે મને વિચાર આવ્યો કે આ ગૃહની અંદર બેઠેલા તમામ ધારાસભ્યો, તમામ મંત્રીઓ અને સામે બેઠેલા આઇ.એ.એસ., આઇ.પી.એસ. અધિકારીશ્રીઓ શા માટે પોતાના બાળકોને સરકારી શાળામાં કે સરકારી કોલેજમાં ભણાવતા નથી? શા માટે આપણે એવો કાયદો ન બનાવી શકીએ કે ધારાસભ્ય હોય, મંત્રી હોય, આઇ.એ.એસ., આઇ.પી.એસ. અધિકારી હોય એના બાળકોને ફરજિયાતપણે સરકારી શાળાઓમાં જ ભણાવવા પડે? તો જ આ સરકારી શાળાઓનું સ્તર સુધરશે અને તો જ આ શાળાઓમાં ગરીબ અને પછાત વર્ગના જે બાળકો ભણે છે એને યોગ્ય શિક્ષણ મળશે. કોઇએ ખૂબ સારું કહ્યું હતું કે, જો આ દેશની અંદર ભૂખમરો ચેપી રોગ હોત તો આ દેશમાંથી ભૂખમરો નાબૂદ થઇ ગયો હોત. એ જ રીતે શિક્ષણમાં પણ એ જ પ્રકારનું માધ્યમ છે. ડો.બાબા સાહેબ આંબેડકર, મહામાનવ, વિશ્વ વિભૂતિ અથાગ પ્રયત્નો પછી ભણી–ગણીને ત્યાં પહોંચ્યા ત્યારે માનનીય શૈલેષભાઇએ વડોદરાની જે વાત કરી, જે વ્યથા એમણે ભોગવી કે માત્ર અભ્યાસ પ્રાપ્ત કરવાથી કે પંડિત બની જઇએ તો પણ એની સાથે જે જાતિ જોડાયેલ છે એ જાતિ જીવવા દેતી નથી. મહાત્મા ગાંધીજીએ કીધું છે કે, હિન્દુ ધર્મની અંદર આ જાતિ અને અછૂતપણુ છે એ કલંક છે, પણ આ કલંકને આપણે મીટાવવા માટે એવા કોઇ નક્કર પ્રયાસો કર્યા નથી પણ એનાથી એવું લાગે છે કે, સદીઓ પહેલાં જે એકલવ્યનો અંગુઠો કાપવામાં આવ્યો હતો, આજે પણ એકલવ્યના અંગુઠાઓ અનેક રીતે જુદી જુદી પદ્ધતિઓથી કાપવાની સિસ્ટમોનો આપણે ઉદ્ભવ કરતા જ જઇએ છીએ, નવા નવા વ્યાયામો આપણે એના માટે શોધતા જ જઇએ છીએ, કે કઇ રીતે આ એકલવ્યનો અંગુઠો કપાય?

માનનીય અધ્યક્ષશ્રી, જે સંદર્ભે બિલ લાવ્યા છે એમાં પણ મારી થોડીક ચિંતા વ્યકત કરું છું. માનનીય મંત્રીશ્રીએ ઘણી બધી વાત જે બિલ વિશે કરી એમાં સૌથી મહત્વનું જે પરિબળ છે જે માનનીય જોષીયારાજીએ પણ વ્યક્ત કર્યું અને અમારા સિનિયર ધારાસભ્યશ્રી વસાવા સાહેબે પણ એ બાબતમાં દિશા નિર્દેશ કર્યો છે. આ ચકાસણી સમિતિનું એક નવું પરિબળ આની અંદર આવ્યું છે. એક તો પહેલાં સક્ષમ અધિકારી આનું પ્રમાણપત્ર આપશે આ પણ એક અધિકારી છે અને આ અધિકારીએ તમામ પ્રકારના દસ્તાવેજો જોઇ, તમામ પ્રકારની ખરાઇ કરી અને પછી પ્રમાણપત્ર આપે છે અને જે પ્રકારે આ કાયદો બનાવવામાં આવ્યો છે કે જો કોઇ સક્ષમ અધિકારી ખોટું પ્રમાણપત્ર આપે તો એ માટે આકરા દંડની જોગવાઇ પણ કરવામાં આવી છે. એવા અધિકારી એટલે આપણે માનીએ છીએ કે આ અધિકારી સાચુ પ્રમાણપત્ર આપશે અને પછી એના ઉપર ચકાસણી સમિતિ એને માન્યતા આપશે. તો હવે આ જે ડબલ પદ્ધતિ કરવામાં આવી છે આ ખૂબ ગંભીર વિષય છે અને જે પ્રકારે કાયદો અમલમાં બનાવવામાં આવ્યો છે, આજે આદિવાસી, અનુસૂચિત જાતિના લોકો, ઓ.બી.સી., લોકો આ બધા જ લોકોને ફરીથી આ સર્ટિફિકેટ લેવાનું ફરજિયાત થશે. કરોડો કરોડો લોકોને આ સર્ટિફિકેટ ફરીથી લેવા જવું પડશે. એક તરફ ગુજરાતની અંદર હજારો અને લાખોની સંખ્યામાં કર્મચારીઓ નથી. કર્મચારીઓની ભરતી થતી નથી તો કઇ રીતે આ કરોડો લોકોના સર્ટિફિકેટના વેરીફીકેશન થશે? પહેલાં સક્ષમ અધિકારી એને સર્ટિફિકેટ આપશે પછી ચકાસણી સમિતિ એની ચકાસણી કરશે, એની ખરાઇ કરશે તો એક તરફ આપણી પાસે અધિકારીઓ નથી. આજે પણ કેટલાય જિલ્લાઓ એવા છે કે,

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

એક એક સમાજ કલ્યાણ અધિકારી ચાર ચાર, પાંચ પાંચ જિલ્લાઓ એની પાસે ચાર્જમાં છે. આપણી પાસે એટલું માનવબળ પણ નથી એટલે આ ચકાસણી સમિતિ ક્યાંય એવું ન બની જાય કે આ ચકાસણી સમિતિના નેજા હેઠળ સેંકડો લોકોને હેરાન–પરેશાન થવાનું થાય. કંટાળીને લોકો ધક્કા ખાઇ ખાઇને એને જે વખતે, જે સમયે જે લાભ લેવાનો છે એ સમયથી એ લાભથી વંચિત થઇ જાય. એ સમયે એ તક ચૂકી જાય અને જેના કારણે ફરીથી જે દહેશત છે કે, ફરીથી આ એકલવ્યનો અંગુઠો કાપવાનું આપણે સાધન તો વિકસાવતા નથીને? એટલે આ ચકાસણી સમિતિ બાબતે પુનઃ વિચાર કરવો અત્યંત જરૂરી છે અને જ્યાં સુધી આ બે ત્રણ બાબતોનો ખુલાસો ન થાય કે આ ચકાસણી સમિતિમાં કોણ હશે? કે એ જ અધિકારીઓ હશે જે અધિકારીઓ અગાઉ જે દસ્તાવેજોની ચકાસણી કરી અને એને જે પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે, પાછા એના એ જ દસ્તાવેજોની ચકાસણી કરવાની છે? નવા તો કોઇ દસ્તાવેજો તમારી સામે આવવાના નથી. એ જ દસ્તાવેજોને તમારે ફરીથી જોવાના છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ ચકાસણી સમિતિવાળું જે તત્વ છે અને દંડની જોગવાઇ હજી પણ આકરી કરો. હજી પણ એનાથી આકરી દંડની જોગવાઇ થતી હોય તો કરો કે કોઇપણ વ્યક્તિ ખોટું સર્ટિફિકેટ લઇને ચેડાં કરે તો એને ચોક્કસ દંડ થવો જ જોઇએ. અત્યારે પણ દંડની જોગવાઇ છે જ. તમે ખોટા દસ્તાવેજ બનાવો તો છેતરપિંડીનો ૪૨૦નો કેસ એના ઉપર લગાડી શકાય. આઇપીસીની કલમો છે જ. કોઇ અધિકારી ખોટું કામ કરે તો એના ઉપર પણ દંડનીય કાર્યવાહી કરવાની તમામ આઇપીસીની કલમો અત્યારે હયાત છે તેમ છતાં પણ આ ગૃહને જરૂરી લાગતું હોય તો હજી પણ અતિ આકરા દંડની જોગવાઇ કરે, પરંતુ જ્યાં સુધી આ ચકાસણી સમિતિ ઉપર ગહન વિચારણા ન થાય ત્યાં સુધી આ બિલ લાવવાની કે આ પ્રસ્તાવ પસાર કરવાની ઉતાવળ ન કરે એવી આ ગૃહને હું નમ્રભાવે, ખૂબ વિનમ્રભાવે વિનંતી કરું છું કે આ ખૂબ અગત્યનું બિલ છે. આવનાર સમયની અંદર આના દુરોગામી પરિણામ ઉભા થવાના છે ત્યારે આપણો દેશનો કાયદો એવું કહે છે કે, ભલે સો દોષી છૂટી જાય, સો ગુનેગાર છૂટી જાય પણ એક નિર્દોષને સજા ન થાય. આ આપણા દેશના સંવિધાનનો હાર્દ છે એટલે આપણે કોઇ ગુનેગારને સજા કરવાના બહાને આપણે કોઇ સાચા અને હક્કદાર જે લાભાર્થી છે. આદિવાસી હોય, અનુસૂચિત જાતિના વિદ્યાર્થી હોય કે પછી ઓ.બી.સી. સમાજના વિદ્યાર્થી હોય કે કોઇ યુવાન હોય એ કોઇ એના તકથી વંચિત ન થઇ જાય એટલે આ બિલ પસાર કરવામાં જરાય ઉતાવળ કરવાની જરૂર નથી. આપણે આઝાદી મળ્યાને આજે ૭૦ વર્ષ થયાં છે અને ૭૦ વર્ષની અંદર અનેક પ્રકારના, આ પ્રકારના ફેરફારો થયા છે, પરંતુ જયારે આ સંવિધાનિક એમકે જે અનામતનો હક્ક છે એ બંધારણમાં મૂળભૂત હક્ક તરીકે આપવામાં આવ્યો છે.

આ મૂળભૂત હકકો છે એને કોઇ કાયદો કે કોર્ટ કે કોઇ સંસદ પણ આ મૂળ હકકોમાં ફેરફાર કરી શકતા નથી. એટલા માટે જયારે આ મૂળભૂત હકકો સાથે સંકળાયેલી બાબત હોય ત્યારે આ બાબતમાં ગહન વિચારણા કરવી જોઇએ. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ અને તમામ મારા શાસક પક્ષના સાથી મિત્રોને, મારા પક્ષના સભ્યશ્રીઓને આદિવાસી, ઓ.બી.સી. અને એસ.સી.ના ધારાસભ્યશ્રીઓને હું વિનંતી કરું છું આ સર્વેને વંદન કરું છું. આના માટે એક સમિતિ સિનિયર ધારાસભ્યશ્રીઓની સમિતિ બનાવવામાં આવે બન્ને પક્ષના ધારાસભ્યોની સમિતિ બનાવી આ બિલ ઉપર ગહન વિચારણા કરી અને ફરીવાર એની ઉપર પુનઃવિચારણા કરી ફરીથી સુધારા સાથે આ બિલ લાવવામાં આવશે તો આ ગૃહના એક– એક સદસ્ય સર્વસંમતિથી પાસ કરશે તેવી મને શ્રદ્ધા અને આશા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સૌ સાથીદારો અને સૌ સભ્યશ્રી મિત્રોને વંદન કરીને કહું છું કે મહેરબાની કરીને આ બિલ પસાર કરવામાં ઉતાવળ કરશો નહીં, નહીં તો ભવિષ્યમાં આવનાર પેઢી આપણને કોઇને માફ નહીં કરે, એક અનુસચિત જાતિના સભ્ય તરીકે ડો. બાબાસાહેબે આપેલા અધિકારના કારણે આ ગૃહના સભ્ય તરીકે ગૃહની અંદર આવ્યો છું, એવી જ રીતે શાસક પક્ષના સાથી મિત્રો અને મારા પક્ષના સદસ્યો આ તમામ સદસ્યો પણ ડો.બાબાસાહેબની મહેરબાનીના કારણે આ ગૃહમાં બેઠા છીએ. તો આપણે એમનો દ્રોહ ન કરી બેસીએ તેનું ઘ્યાન રાખીએ તેવી મારી વિનંતી સાથે, આપ સૌનો અને આપે મને બોલવાની તક આપી એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી આપનો પણ આભાર વ્યકત કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના અમારા આદિજાતિ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા જે ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક ક્રમાંક–૨૪, ૨૦૧૮ નું લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં જયારથી આપણું ગુજરાત મહારાષ્ટ્રમાંથી અલગ થયા પછી વખતો વખત એસ.સી., એસ.ટી અને બક્ષીપંચ આ તમામ જ્ઞાતિઓને જરૂર જણાયે જયાં જયાં સુધારા કરવા પડે વિભાગે માર્ગદર્શન આપવું પડે તેના માટેના પરિપત્રો અને ઠરાવો થયા છે. અને તે પ્રમાણેનું સંચાલન આ રાજયના અધિકારીઓ જે તે વિભાગમાં કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવાનું જે હાર્દ છે એ હાર્દ એને અમે સમજી શકીએ છીએ અને જાણીએ છીએ, એક સારું બિલ છે. પણ એ હાર્દની પાછળ બીજો કોઇ હેતુ સમાયેલો હોય, કોઇ અન્ય જાતિને ભારતના બંધારણમાં કોઇ જાતિ રહી ગઇ હોય, અથવાતો તેનો ઉલ્લેખ ન થયો હોય, તે જાતિનો ઉલ્લેખ નહીં થયો અને એમ કરીને જો અન્યાય કરતો હોય તો તે સમાજ માટે અન્યાય કર્તા છે એમ હું માનું છું. આ જાતિના દાખલા લેનાર આદિવાસી સમાજ, બક્ષી સમાજ અને અનુસૂચિત જાતિ સમાજ અને તેને આ દાખલા આપનાર સક્ષમ અધિકારીઓ અને એ જે દાખલા આપ્યા એની ચકાસણી કરવાની એ કામ આ સરકાર માટે બહુ મોટી કામગીરી છે, તેમ કહી શકાય.

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિશ્લેષણ સમિતિ બનવાની એ વિશ્લેષણ સમિતિનીઅંદર એને જે પાવર આપણે ડેલીગેટ કરીએ છીએ એ વિશ્લેષણ સમિતિને બૃહદ સત્તા આપીએ છીએ ત્યારે આ સમિતિની અંદર જે તે જાતિના બહુમતિ સભ્યો હોવા જોઇએ, તેમ હું માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ આ ગૃહમાં અમારી રાઠવા જાતિનો પશ્ન ઉભો થયો હતો ત્યારે મેં માનનીય મંત્રીશ્રીને સૂચન કર્યું હતું કે ગુજરાત આદિજાતિ સંશોધન કેન્દ્રની વિશ્લેષણ સમિતિએ અમારા રાઠવા જાતિના સમાજના દાખલાની ચકાસણી માટે જે ત્વરાથી કામ કર્યું એના કારણે અમારા આદિવાસી વિસ્તારમાં સરકારની સામે આક્રોશ હતો. અમારા મિત્ર કહેતા હતા કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જ કરાવ્યું તેવી હવા ઉભી થઇ છે. ડીંડોર સાહેબ એની પાછળનું કારણ હતું કે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ સૌરાષ્ટ્ર કુતિયાણા ખાતે જાતિ અંગેના પ્રમાણપત્રો વહેંચવાની કામગીરી થઇ અને પ્રેસ આઉટ થયું તે પછી અમારા આદિવાસીઓ જાગ્યા કે આ શું થઇ રહ્યું છે? ગીર, બરડો અને આલેચ માં વસતા ભરવાડ, ચારણ અને રબારી એમને બંધારણીય હક્કો મળેલા છે જે તે વખતે ભારત સરકારે પણ આદિવાસી ગણ્યા છે એ પછી જે પ્રમાણપત્રો અપાયા અને ધીમે ધીમે વિભાગના જે સૂચનો, સુધારા, શબ્દોની ચોખવટ, રીલેજન્સ શબ્દની ચોખવટ, કુટુંબની વ્યાખ્યા થઇ એમાંથી પરિસ્થિતિ થઇ એના કારણે આખા રાજયમાં કેટલીક જગ્યાએ દાખલાઓ વધારે અપાયા તેવી રજૂઆતો સરકારને મળી હશે એની જાણ અમને પણ થઇ એના કારણે ચૂંટણી પહેલા જે માહોલ થયો, અમે કહેતા હતા કે આ જે નિર્ણય લેવાયો છે એ માત્ર ગણપતસિંહ વસાવાનો નહિ પરંતુ આ રાજયની કેબિનેટમાં ચર્ચા કરીને સરકારે નિર્ણય લીધો હશે એના થકી ગણાપતભાઇએ ચસ કર્યું હશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના કહેવાથી માનનીય મંત્રીશ્રીએ સહી કરી હશે એના લીધે માનનીય ગણપતભાઇને દોષ દેવો વાજબી નથી. પરંતુ મંત્રીશ્રીના હાથ બંધાયેલા હોય માનનીય મુખ્યમંત્રીશ્રી કહે તો એમણે કરવું જ પડે. આ જે જાતિના દાખલાની ખરાઇ કરવાનો પ્રશ્ન થયો અને એની સામે જે આદિવાસી વિસ્તારમાં આંદોલન ભલે કર્યું પણ એનો ભોગ અમારા સિનિયર નેતા બન્યા. મિટિંગ થઇ એમાં એમની સામે એજીટેશન થયું. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ કોઇના કહેવાથી કે ચડામણીથી એજીટેશન થયું એમાં હું હાજર નહોતો તેમ છતાં અમે આ બાબતની માફી માગીએ છીએ, આ ગૃહની પણ માફી માગીએ છીએ કે એક સિનિયર મંત્રી સાથે આવો વર્તાવ થવો જોઇતો નહોતો પરંતુ ઉશ્કેરાટમાં આવેલા આદિવાસીઓ એમની રજૂઆતો કરવા માટે હોઇ શકે અથવા તો ગણપતભાઇ સાહેબને સાંભળવા નથી એમ કરીને કૃત્ય કર્યું હશે એ હિન કૃત્ય છે એમ કહેવું ખોટું નથી.

આ જાતિ અંગેના દાખલાની વાત આવે છે ત્યારે આ ગૃહ સમક્ષ આપના મારફત મારા છોટાઉદેપુર જિલ્લાની વાત ન કરું તો અજુગતું ગણાશે. અમારા જિલ્લો અને હું જયાંથી આવું છું એ કવાંટ તાલુકો અને ત્યાં મોવન ગામ છે ત્યાં મુવા નામના ભીલ રાજા હતા એ રાજાના વિસ્તારમાંથી હું આવું છું. અમારા ઉપનેતા વાત કરતા હતા તેમ મારા માતુશ્રી પણ અર્ધ અંગ ખુલ્લુ રાખીને અને મારા પિતાશ્રીના દાદા પણ લંગોટી પહેરીને જીવન ગુજાર્યું છે. મારા માતુશ્રી આજે નથી પરંતુ મારી માતા અર્ધ અંગ ઉઘાડું રાખીને પણ અમને ભણવા મોકલ્યા અને ભણ્યા પછી ભારતના બંધારણના ઘડવૈયા એવા બાબાસાહેબ આંબેડકરે અમને અનામતનો લાભ આપ્યો એના કારણે હું અહીંયા સુધી પહોંચ્યો છું અને ખાસ કરીને મારી રાજકીય કારકીર્દિમાં ૧૯૮૫થી માંડીને ૨૦૦૨ સુધી આદિવાસી વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવાની મને તક મળી હતી. ૨૦૦૭માં, ૨૦૦૨માં અને ૨૦૧૩માં સંજોગોવશાત્ હારનો સામનો કરવો પડ્યો હતો પણ ત્યાંની આદિવાસી પ્રજાએ ફરી પાછો મારામાં વિશ્વાસ મૂકીને કપરા સંજોગોમાં મને આ ગુજરાતની વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરવાની તક આપી છે. ત્યારે મારા આદિવાસી સમાજનો હું ઋણી છું. જે સાચી હકીકત છે એ હકીકત મારે આ ગૃહમાં જણાવવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો જે વિસ્તાર છે એ વિસ્તાર શીડ્યુલ એરિયા-૫ માં આવે છે. બંધારણમાં અમને જે અધિકાર મળ્યા છે એ અધિકાર થકી અમે રાઠવા જાતિનું આ વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરીએ છીએ. કેટલાક વિઘ્નસંતોષી મંડળો અથવા તો અધિકારીઓ કોઇ એક સમાજમાંથી, અમારે ત્યાં તો એવી કહેવત છે કે જયારે જયારે ચૂંટણી આવે ત્યારે જ આ રાઠવા જાતિનો પ્રશ્ન ઉભો થાય છે, પછી પાછો બંધ થઇ જાય છે. મૂળ વાત ઉપર આવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાઠવા જાતિ એ જાતિ નથી. રાઠવા સમાજ છે. આ સન્માનનીય ગૃહ સમક્ષ મારું નિવેદન છે કે અમારો રાઠવા સમાજ છે અને રાઠવા સમાજમાં અમારા અલગ અલગ ગોત્ર છે. એ ગોત્રમાં અમે લગ્ન કરી શકતા નથી. રોટી વ્યવહાર ખરો, બેટી વ્યવહાર નહીં. અમારો વ્યવહાર મધ્યપ્રદેશની સાથે પણ સંકળાયેલો છે. ત્યાં અમારો આદિવાસી તેની પેટા કાસ્ટ એ મૂળ બિલાલા અને બિલાલાની પેટા કાસ્ટ ચંગોડીચા હોય, તોમર હોય, ગરાસિયા હોય, બામણીચા હોય, સતિહા હોય. આવા ૮૦ જેટલા અમારા ગોત્ર છે. એવા ગોત્ર પંચમહાલમાં પણ હશે. એવા ગોત્ર ખરા કે નહીં? તમારા વલસાડમાં નહીં? રાખો છો ને? રાખજો. તમારા ગોત્ર દેવને પૂજજો.

માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે અમારા રેકર્ડમાં એ રેકર્ડ લખનારા અમારા દાદા કે પરદાદા નહોતા. એ રેકર્ડમાં જે લખાયું તેના કારણે અત્યારે અમારો છોટા ઉદેપુર જિલ્લો રાઠવા, રાઠવા કોળી અને કોળી આ તમામ આદિવાસી જાતિ હોવા છતાં પણ અમને મનમાં શંકા થયા કરે છે કે અમને શું તમે આદિવાસીમાંથી બહાર કાઢવા માગો છો? અને એ શંકાના કારણે અમારા આદિવાસી વિસ્તારોમાં અજંપાભરી સ્થિતિ છે. મેં પહેલાં કહ્યું હતું કે આ અજંપાભરી સ્થિતિને ઠારવા માટે જે કંઇ પગલાં લો તે આખા સમાજને નુકસાન ન થાય તેની કાળજી રાજય સરકારે રાખવી પડશે. હમણાં મારા મિત્રો વાત કરતા હતા અને મંત્રી સાહેબે પણ વાત કરી કે માધુરી પાટિલનો જે ચુકાદો છે એ ચુકાદા પ્રમાણે આપણે વર્તવાનું થાય તો ગુજરાતની ૨૯ જેટલી

જાતિઓને પોતે અમે આ જાતના છીએ. અમે આ નાતના છીએ એવું સાબિત કરવાનો વારો આવવાનો. એ ન થાય તેની આપણે કાળજી રાખવી પડે. એટલા માટે જ મને ખબર છે ત્યાં સુધી મહારાષ્ટ્ર સરકારની કૈલાસ અને અન્ય વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજય નંદાબાઇ ભીલ-સુપ્રીમ કોર્ટનો ૨૦૧૧નો ચુકાદો છે તેમાં સુપ્રીમ કોર્ટે નોંધ્યું છે કે ૯૨ ટકા વસતિ બહારથી આવેલી છે અને ૮ ટકા વસતિ મૂળ નિવાસી આદિવાસી છે અને એમાં શોષાવાનો વારો નાની કોમોને આવ્યો છે, એ શું સૂચવે છે? અન્ય જાતિઓનું આ આદિવાસી જાતિ ઉપર આક્રમણ થઇ રહ્યું છે, એ કોના હિસાબે થઇ રહ્યું છે? (અંતરાય) શાંતિ રાખો, ઉશ્કેરવાનો ધંધો કરશો નહીં. આ જે બિલ છે એ કન્વર્ટાઇટી છે અને એમાં જે જોગવાઇઓ કરવામાં આવી છે એ સરસ છે. એ જોગવાઇઓ પ્રમાણે કામ કરવામાં આવશે તો ચોક્કસ આદિજાતિ સમાજને ફાયદો થવાનો છે. અમે ગીર-ગઢડાના આદિવાસી, રબારી, ચારણ અને ભરવાડના વિરોધી નથી અને આ ગૃહમાંથી એવો ખોટો મેસેજ પણ ન જાય કે કોંગ્રેસ પક્ષના સભ્યોએ અમારી જાતિ માટે વિરોધ કર્યો છે. પણ જે સાચા છે એને ન્યાય મળે અને બહારથી બની બેઠા છે એના ઉપર શિક્ષાત્મક પગલાં લેવાય અને નોકરીઓમાં દાખલ થયા હોય એના ઉપર પગલાં લેવાય. કોઇને અન્યાય ન થાય અને એમને પણ ન્યાય મળે એવી વ્યવસ્થા આ સરકારે ગોઠવવી પડશે. અમારા મંત્રીશ્રી ગણપતસિંહ સાહેબને અમે રાઠવા, કોળી, રાઠવા કોળી આદિવાસીઓ છીએ. એવા સરકારના વખતોવખતના પરિપત્રો છે. (અંતરાય) તમે આદિવાસીમાં આવી જાઓ. આ સરકાર મારા જિલ્લાને લાગે-વળગે છે ત્યાં સુધી સરકારના વખતોવખતના પરિપત્રો થયેલા છે એને ધ્યાનમાં રાખીને માત્ર રેવન્યૂ રેકર્ડ એ જાતિ નક્કી કરતું નથી એમ હું ચોક્કસ માનું છું. પણ મહારાષ્ટ્ર સરકારના જે તે વખતનું એક જાહેરનામું છે- છોટાઉદેપુર પ્રાંત વિસ્તારમાં વસતા કોળી જમીન ખેડે છે એમને પછાતવર્ગમાં ગણવામાં આવ્યા છે. ૧૯૫૦ કે ૧૯૬૦માં આ પરિપત્ર થયો છે. એ વખતે એસ.ટી. એક જ પછાતવર્ગ હતો. પછાતવર્ગમાં પાછળથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પાછળથી થયું. જેમાં આ આખી ચોખવટ થઇ છે અને પછી અમારા જે હક્કો છે એ અબાધીત રહે, અમારી જે માગણીઓ છે એ માગણીઓ સરકાર સ્વીકારે, સ્વીકારશે જ એમાં બેમત નથી. અમે મંત્રીશ્રીને કહ્યું છે તેમ આદિવાસી આંદોલન નહીં થાય. હું ઇચ્છું છું કે નહીં થાય. (અંતરાય) ધમકી તો આપવી પડેને. અમારા વિરુદ્ધ કાયદો ઘડતા હોય તો આંદોલન થવાનું છે. અમે તમને જે પૂરાવા રજૂ કર્યા છે, અમે તમને જે ડોક્યુમેન્ટસ્ આપ્યા છે, એ ડોક્યુમેન્ટસ્ ધ્યાને લઇને, બૃહદ વિચારણા કરીને અમારા સમાજ રાઠવા, કોળી, રાઠવા કોળીને ન્યાય મળે એ માટે આ સભાગૃહ સમક્ષ મારી વાત રજૂ કરું છું. હું એક વાત કરવાનું તો ભૂલી જ ગયો. માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ, પંચમહાલમાં પણ આ જાતિઓ આવેલી છે. શ્રી બચુભાઇ ખાબડના વિસ્તારમાં પણ આવેલી છે તેમણે પણ ઘણા વખતથી પ્રયત્ન કર્યા છે. અમે રાઠવા, કોળી, રાઠવા કોળી છીએ. છોટાઉદેપુર જિલ્લામાં એમના રોટી વ્યવહાર છે, બેટી વ્યવહાર છે અને લગ્નેતરના સંબંધો છે. એમની પણ માગણી પડતર છે. હું માનું છું ત્યાં સુધી એ સમાજને પણ આમાં સામેલ કરશો તો કોઇ વાંધો નથી. ઘોઘંબા અને પાછળનો જે વિસ્તાર છે કાલોલ તરફનો એ આદિવાસી સમાજ, અમારો મૂળ આદિવાસી અમે ધારથી આવેલા. ધારવા કહેવાયા. પાવાગઢમાં રાજા પતઇનું પતન થયું તે વખતે આદિવાસીઓને લડવા માટે મોગલ સામ્રાજ્યની સામે લડવા માટે મૂકેલા. ત્યાંથી છોડીને અમે છોટા ઉદેપુર અને કવાંટ તરફ જઇને વસ્યા. આ મૂળ અમે નિવાસી આદિવાસીઓ છીએ એટલે મૂળ નિવાસી આદિવાસીઓને નુકસાન ન થાય અને અમને જે હક્કો મળ્યા છે એ હકકો ઉપર તરાપ ન વાગે એની સવિશેષ કાળજી રાખે. માનનીય ગણપતભાઇ જે બિલ લઇને આવ્યા છે એને દિલથી આ સરકાર જે નિર્ણય લેવાની છે એને અમે દિલથી અનુમોદન આપીએ છીએ. અસ્તુ.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ( જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા બાબત વિધેયક જે લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું અને હું મારા વિચારો વ્યકત કરુ છું. આજે ખૂબ જ આનંદનો દિવસ છે કે આ વિધેયક લાવવામાં આવ્યું છે અને આ વિધેયકમાં આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, અને ગણપતભાઇ વસાવા સાહેબે આજે આ વિધેયક લાવીને ખૂબ જ ગરીબ અને પછાત વર્ગના લોકો માટે જે આ બિલ લાવ્યા છે તે બદલ હું તેમને અભિનંદન પાઠવું છું. ગરીબોની ચિંતા કરતી આ સરકાર છે એટલે હંમેશા ગરીબો માટે ચિંતા કરતી રહે છે ત્યારે હું કહેવા માગુ છું કે,

'' મળ્યું હોય તો આપતા જજો રે, ભૂખ્યા પડોશીના બાળને મોઢે મીઠું ચણ નાખતા જજો રે, મળ્યું હોય તો આપતા જજો રે,
કંઇક સુખીયા એવા હશે જે જન્મીને કદી રોયા નથી અને કંઇક દુઃખીયા એવા છે જેણે સ્વપ્નેય સુખ જોયા નથી.''

એટલે હંમેશા આ સરકાર ગરીબો માટેની સરકાર છે. આપણે ત્યાં ઘણી બધી વસતિ એવી છે કે જે તનતોડ મહેનત કરીને આખો દિવસ પરિવારના પોષણ માટે લડતી હોય છે અને પરિવારનું પોષણ કરતી હોય છે. એવા પછાત વર્ગ માટે આજે જે બિલ લાવ્યા છે એના વિશે હું કહેવા માટે ઉભો થયો છું. માનનીય ગણપતભાઇ વસાવા સાહેબે કીધું એમ, આઝાદીમાં પણ આ સમાજનો ખૂબ મોટો ફાળો છે. ત્યારે હું કહેવા માગુ છું કે આઝાદીના આંદોલનમાં જલકારી બાઇ છે એ પણ કોળી સમાજમાંથી આવે છે અને જલકારી બાઇનું પણ આઝાદીમાં ખૂબ મોટું યોગદાન રહેલું છે જે આપણે રાણી લક્ષ્મીબાઇ હતા એની જગ્યાએ જલકારીબાઇએ બલિદાન આપ્યું હતું એટલા માટે પંકિત પણ છે કે, ''ખૂબ લડી મર્દાની વાલી વો તો ઝાંસી કી જલકારી થી.'' આ ઓ.બી.સી.માં જનસંઘની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. ઓ.બી.સી.ને એસ.સી.અને એસ.ટી.ના તમામ હક્કો મળેલા પણ ઓ.બી.સી.ને જનસંઘની જે ભૂતપૂર્વ જનસંઘ એટલે ભારતીય જનતા પાર્ટીનું મૂળ છે એનું આની અંદર ખૂબ જ મોટું દાન

રહેલું છે તેમાં આપ સૌ જાણો છો કે માંડલ કમિશન જે ૧૯૮૦ થી ૧૯૯૦ સુધી બક્ષીપંચ સમાજના અનામત માટેના જે રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા હતા ત્યારે ૧૯૮૦ થી ૧૯૯૦ સુધી આ રિપોર્ટોને દબાવીને એને માળીયે ચડાવી દેવામાં આવ્યા હતા અને બક્ષીપંચ સાથે અન્યાય કરવામાં આવ્યો હતો ત્યારે હું આપ સૌને જણાવવા માગુ છું કે જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, વી.પી.સિંઘની સરકાર ત્યારે આ કાયદાને અમલમાં લાવવામાં આવ્યો અને બક્ષીપંચ જાતિને ૨૭ ટકાની અનામત એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપવામાં આવી છે. ત્યારબાદ ઘણા બધા રાજ્યોમાં આના આંદોલનો થયા અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં દાખલ થયું અને તા. ૧૬-૧૧-૧૯૯૨ના રોજ સમગ્ર ભારતમં ૨૭ ટકા અનામતનો અમલ કરવામાં આવ્યો. તે વખતે જનસંઘની પાર્ટી ભારતીય જનતા પક્ષ છે એના નેતૃત્વમાં આપવામાં આ અનામત આપવામાં આવી છે. (અંતરાય) આપ સૌને જણાવવા માગું છું કે આઝાદીના ૭૦ વર્ષ બાદ જો કોઇએ બક્ષીપંચ સમાજની લાગણીને સમર્થન આપ્યું હોય તો આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપ્યું છે. ગત વર્ષે જ્યારે એન.સી.બી.સી. national commission for socially and educational backward class માટે જે કાયદો લાવવામાં આવ્યો તે લોકસભામાં તો પસાર કરવામાં આવ્યો પણ રાજ્યસભામાં જે સામે બેઠેલા વ્યક્તિઓ છે એમણે વિરોધ કરીને અટકાવવામાં આવ્યો હતો. ત્યારે એન.સી.બી.સી.ના કાયદો આવ્યો છે એ ૭૦ વર્ષ પછી કોઇએ ઓ.બી.સી. માટે ચિંતા કરી હોય તો મોદી સાહેબે કરી છે. હું એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા માગું છું. બક્ષીપંચ સમાજને શું આપવામાં આવ્યું છે, કોળી સમાજને શું આપ્યું છે એ પણ આજે હું કોળી સમાજના સભ્યો બેઠા છે એમને જણાવું કે, આ દેશના રાષ્ટ્રપતિ છે એ પણ કોળી સમાજના છે અને એ ભારતીય જનતા પક્ષે આપેલા છે. એટલે આજે બક્ષીપંચ જાતિને ૬૦ વર્ષથી એકના એક ચીલે ચલાવતા આવ્યા છે એટલે આ અંગે એમને કહું કે,

''એક રંગે નહીં, રંગ પલટીને આવ. તને માનવ ઘડ્યો છે, જરા હટીને આવ.''

માનનીય અધ્યક્ષશ્રી, ચીલો બદલીને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવો ચીલો પાડ્યો છે ત્યારે હું કહેવા માગું છું કે,

''ચીલે ચીલે તો પૈડા ચાલે, તું તો ચેતક છે જરા આડો ફંટીને ચાલ, તને માનવ ઘડ્યો છે, જરા હટીને આવ.''

છેલ્લી વાત કરીશ કે આ ભારતીય જનતા પાર્ટીએ કોઇપણ રીતે ક્યારેય પણ ખોટી વાતમાં હામાં હા પાડી નથી. સાચું હોય એના માટે જ લડ્યા છે. એટલે જ શેરમાં કહ્યું છે કે,

''શેરમાં શેર અને પાશેરમાં પાશેર, આમ સરખે સરખું જોખ મા, થોડું વધીને આવ કાં થોડો ઘટીને, તને માનવ ઘડ્યો છે, જરા હટીને આવ.''

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રીશ્રી જે ૨૦૧૮નું એસ.સી., એસ.ટી., અને પછાતવર્ગોનું વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને કેટલાક સૂચનો પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યો ઘણી બધી વાતો કરતા હતા કે પ્રમાણપત્રો ખોટા અપાઇ ગયા છે. કોઇએ વેદના વ્યક્ત કરી તો કોઇએ અનુભવની વાતો પણ કરી છે. પરંતુ જ્યારે આદિજાતિ વિભાગના જે મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે એમનો ખૂબ સારો આશય છે. કોઇને નુકસાન ન થાય, કોઇનું અહિત ન થાય એ પ્રકારનું જે રીતે બિલ લઇને આવ્યા છે એટલે આ બિલ કાયમ રહેશે. જે પછાત વર્ગના લોકો છે એમને ન્યાય મળે એ દિશામાં જ્યારે બિલ લઇને આવ્યા છે ત્યારે એમાં કેટલાક વિચારો સહિત મારા મંતવ્યો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુખરામભાઇ, માનનીય શૈલેષભાઇ બધાએ ઉભરો કાઢ્યો હતો. એ જ રીતે પ્રજાએ પણ જે કાર્યક્રમ રાજપીપળામાં થયો એ દુ: ખદ વાત છે. એ ન થવું જોઇતું હતું, ઉભરો કાઢ્યો હતો. પરંતુ એ દિવસે અમે પણ જવાના હતા. માનનીય અમારા ધારાસભ્ય આનંદભાઇ પહોંચી ગયેલા અને મારે જવાનું હતું પણ મારાથી અનિવાર્ય સંજોગોના લીધે હું જઇ શક્યો નહિ તો અમે બધા સાથે હોત. જે જાતિના પ્રમાણપત્રો અંગે જેને ગેરસમજ ઊભી થઇ હોય ત્યાં નેસડામાં રહેતા વ્યક્તિઓ છે એ વ્યક્તિઓને ખરેખર આપવામાં જ આવ્યા હોય તો અમે એમના ટેકામાં જ છીએ પણ એ સિવાય બીજા વ્યક્તિઓને દાખલા અપાયા હશે એમાં અમારો વિરોધ પણ હશે. જે વ્યક્તિઓને સાચા પ્રમાણપત્ર અપાયા છે એમાં ગણપતભાઇ ખરા પણ હશે અને ખોટા આપ્યા હશે તો એમાં ખોટા પણ હશે પણ જે રીતે વર્ગ વિગ્રહ આખા રાજ્યમાં જોવાઇ રહ્યો છે એ મારા અને આ ગૃહમાં બેઠેલા તમામ સભ્યોને માટે દુ: ખદ વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કાયદો બને છે, એને જે પ્રમાણપત્ર લેવાના છે, જે શિક્ષણ સંસ્થામાં જવાનું છે એ લોકોને સરળતાથી પ્રમાણપત્ર મળે એ દિશામાં પણ કાંઇક સારો સુધારો-વધારો કરશે. આ જે વિધેયક લઇને આવ્યા છે એ મંજૂર થાય એમાં અમે સંમત છીએ પણ એમાં સુધારો-વધારો પણ થાય એવી અમારી લાગણી છે. કેટલાક આજે અભણ પણ છે અને શિક્ષિત બેરોજગારો છે એમની સાથે એટલા જ અભણ માણસો પણ છે. એટલે એમાં સારો સુધારો થાય કે બાળક ભણીને કોલેજમાં એડમિશન લેવા જાય, કોઇ મેડિકલમાં લેવા જાય તો તે વખતે એને સરળતાથી જે જાતિનું પ્રમાણપત્રની જ્યારે જરૂર પડે ત્યારે વહેલાસર મળી જાય એ દિશામાં હોય તો માનનીય ગણપતભાઇ જે બિલ લઇને આવ્યા છે એને અમે સંપૂર્ણ ટેકો આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ ધર્મ વિષે પણ વાતો થઇ. કેટલાકે ઘણી બધી ઉશ્કેરણી કરવાની પણ વાત કરી. અમારા ઘરમાં પણ બધા જ છે, ચાર ધર્મના લોકો ઘરની અંદર રહે છે. અહીંયા બેઠેલા માણસો કોઇ પચાવી નહિ શકે. નીતિનભાઇ અમારે ત્યાં તો પટેલની છોકરી પણ અમારા ઘરમાં છે અને અમારા ઘરમાંથી પટેલને ત્યાં પણ ગઇ છે. મારે ત્યાં

સ્વામીનારાયણ ધર્મવાળા પણ છે, ખ્રિસ્તી ધર્મવાળા પણ છે, મોક્ષ માર્ગીવાળા પણ છે અને અન્ય બીજા એમ ચાર ધર્મના લોકો, અમારા જમાઇ લોકો પણ એકજ ઘરમાં છે. એટલે અહીંના બેઠેલાને કદાચ તમે તો પચાવી નહીં શકો પણ હું તો પચાવી જાણું છું. આવી બધી તમે ભરમાવાની વાત ના કરતા. જેઠાભાઇ બોલતા હતા, બીજા સાથી સભ્ય કનોડિયા એમના બાપુજી જોડે તો હતો જ, હું પણ ચાર ટર્મથી એમની જોડે ધારાસભ્ય છું. અમે લિફ્ટમાં સાથે આવતા હતા અને કનોડિયા જોડે મજાક–મશ્કરી કરતા હતા. ખૂબ મારા નીકટના મિત્ર પણ બની ગયેલા. અમે ગેલેરીમાં સાથે ચા–પાણી પણ કરતા હતા પણ દીકરો જે રીતે બોલી રહ્યો હતો એ બરાબર ના કહેવાય પણ હવે એમને જેવી રીતે સમજ પડી હશે એ રીતે બોલ્યા હશે પણ હવે અમારો પણ દીકરો છે એમ સમજીને આપણે માફ કરી દઇએ. પરંતુ રાજ્યમાં જે રીતે ઉશ્કેરણી જાતિ–ધર્મ વચ્ચે થઇ રહી છે એ નહીં થવી જોઇએ અને જાતિ–ધર્મના લીધે જ કોમો કોમો વચ્ચે લડાઇ ચાલે છે. પટેલોનું પણ અમે જોયું છે, અન્ય જાતિઓમાં પણ જોયું છે, બીજા અમારાં આદિવાસીમાં પણ અમે જોયું છે જે આ થાય છે એ મતની ખાતર થાય છે અને એક મત–મતાંતરની ખાતર ખૂનાખરાબી પણ એમાંથી થઇ રહી છે. અત્યારે સુખરામભાઇ કહેતા હતા મારા મત વિસ્તારમાં બધા જ ધર્મના લોકો છે. અમારી દીકરી પણ તમારા ઘરમાં છે અને મોહનભાઇ વેડિયા સમાજના પણ અમારે ત્યાં છે એટલે મોહનભાઇ ખોટું તમે એ રીતે નહિ કરતા. બીજું કાંઇ નહીં મારાથી કહેવાઇ જાય એટલે તમને નુકસાન થાય એવું નહીં કરું એટલે જાતિ પ્રમાણપત્ર છે એની ખરાઇની જે પદ્ધતિ છે, કમિટીની જે રચના છે એ કમિટીમાં પણ થોડાઘણા આડાઅવળા ફેરફાર કરીને હું એમ માનું છું જે તકલીફ પડવાની છે વિદ્યાર્થીઓ અને વાલીઓને જે સર્ટીફીકેટ લેવા જવા માટે એ તકલીફ ન પડે એટલે આપના માધ્યમથી માનનીય ગણપતભાઇના પરિવારની દીકરી પણ અમારા કુટુંબમાં છે એટલે આ ગૃહમાં બેઠા છે એ બધાના પરિવાર જોડે મારે નાતો છે. નીતિનભાઇ પટેલ સાહેબથી માંડીને બધા જોડે મારે નાતો છે એટલે તમારે અમારી જોડે પણ આવો નાતો રાખવાનો કારણ કે શૈલેષભાઇ આ જાતિના છે કે ફલાણી જાતિના છે એવું તમે ન ગણો તો તમે ગાંધીવાદી અને સંચયવાદી તમે કહેવાઓ અને તમારા વિચારો છે એમાંથી તમે બહાર નીકળીને અમારી જોડે જોતરાઇ જાવ નીતિનભાઇ તો આપણે સાથે મળીને આ ગુજરાતનું કંઇ સારું કામ કરી શકીએ. ધન્યવાદ.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં અમારા આદિજાતિ અને આ સરકારના કેબીનેટ મંત્રી માનનીય વસાવા સાહેબ જે જાતિના પ્રમાણપત્રો અને એ પ્રમભાણપત્રોની ચકાસણીનું બિલ લઇને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો રજૂ કરું છું. આદિજાતિમાં સમાવિષ્ટ જાતિની યાદી ૧૯૫૦માં તત્કાલિન રાષ્ટ્રપતિએ જાહેર કરી અને એ જાહેર થયેલી યાદી પૈકી અનુસૂચિત જનજાતિમાં મારો સમાવેશ થયેલો છે અને એનો મને ગર્વ છે. અનુસૂચિત જનજાતિ માટેના શિક્ષણને લગતી આર્થિક રીતે જે પણ બાબતોને અનામત નીતિ દાખલ કરી છે અને એનો લાભ અમારી જાતિ આજ દિન સુધી લેતી આવી છે. આજે આ સભાગૃહમાં મારા સિવાય કંઇ કેટલા અનુસૂચિત જાતિ, બક્ષીપંચ કે ઓ.બી.સી.ના સભ્યો આ કાયદાની જોગવાઇથી આજે અહીંયા સભ્ય બન્યા છે. આદિવાસીઓ ગરીબ છે એટલે એ પોતે સારું શિક્ષણ ન મેળવી શકે એને પૂરતી સુવિધા ન હોય એને કારણે હરિફાઇ કરી ન શકે. કદાચ જો અમને બંધારણીય હકક ન મળ્યો હોત તો અમે ધારાસભ્ય તરીકે અહીંયા આવી ન શકયા હોત એનું મને ગર્વ છે. ભારત દેશ લોકશાહીનો સૌથી મોટામાં મોટો દેશ છે અને એમાં બિન સાંપ્રદાયિકતાની જોગવાઇ કરવામાં આવી છે. આ ગૃહના મારા સાથી સભ્ય જેઠાભાઇ ભરવાડ કે જે ધર્મની બાબતનું બિલ લાવવા માટે અહીંયા રજૂઆત કરતા હતા. આવી બાબતો આ સભાગૃહમાં અશોભનીય છે. અને આવા ઉચ્ચારણો ન કરવા જોઇએ. જે આપણા ભારતની બિન સાંપ્રદાયિકતામાં મોટામાં મોટું કલંક લાગે તેવી વાત કરે તે બરાબર નથી. હિન્દુ–મુસ્લીમ, શીખ, ઇસાઇ ભાઇ ભાઇ. એક ભાઇ ભાઇના નાતે આપણે અહીયા ભેગા થયા છીએ. એ રીતે જીવવાના અધિકારો આપ્યા છે ત્યારે એ બિલની વાત કરે. હું આજે જાહેર કરું છું એ બિલ લાવી તો જુઓ. આજે માત્રને માત્ર આદિજાતિના દાખલા માટે આટલું મોટું સ્વરૂપ અપાતું હોય તો શું થશે? મારા આ ગૃહના સાથી અને મારા પાડોશી સભ્ય નરેશભાઇ કહેતા હતા કે ચૂંટણી દરમ્યાન અમારે સહન કરવું પડ્યું છે. શાસક પક્ષ હોય, આવતીકાલે અમે શાસક પક્ષમાં આવવાના ત્યારે જે નિર્ણય લેવાશે તે સાંભળવાની આપણી ફરજ છે. એમાં જે પણ થતું હશે સાંભળવાની જવાબદારી થઇ પડે છે. એમાં કોઇનો વાંક નથી. સરકારે જાતિના દાખલા આપવા માટે ફંકશનો કર્યા, પ્રમાણપત્રનું વિતરણ કર્યુ એટલે આદિવાસી વિસ્તારમાં એની ચર્ચા થતી હશે, એટલે આ બિલ લાવવામાં આવ્યું છે. આજે આ સભાગૃહમાં કનોડિયા સાહેબે એનો ઉલ્લેખ કર્યો, પણ કોઇ ધર્મ અંગીકાર કરવાથી કોઇ ધર્મ પાળવાથી જાતિ બદલાતી નથી. જાતિ જે છે તે રહેવાની છે. કોઇ સુખ માટે, કોઇ શિક્ષણ માટે ધર્મ અંગીકાર કરે એમાં કઇ ખોટું નથી. જાતિ જે છે એ જ રહેવાની છે. બંધારણમાં જોગવાઇ છે. આ બિલ ખરેખર આવકારદાયક છે. એમાં બધાના વિચારોને જાણ્યા. હું મૂળ વાત ઉપર આવવા માગુ છું. તે પ્રમાણપત્રની ચકાસણી. કયા પ્રમાણપત્રની ચકાસણી? અમે તો આદિકાળથી, આદિ માનવથી મૂળ આદિવાસી, મૂળ નિવાસી અહીના છીએ. અમારા પ્રમાણપત્રની ચકાસણી શા માટે? કદાચ કોઇ સમિતિમાં આવો નિર્ણય લેવાય કે અમારો આદિવાસીનો હક્ક ચકાસણીમાં જતો કરવાનો એ કદાપિ થવું ન જોઇએ. માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે. ચકાસણી તેની થવી જોઇએ કે અત્યાર સુધી જેમણે ખોટા પ્રમાણપત્રો લીધા છે. ખોટી રીતે નોકરી મેળવી છે. એમની ચકાસણી થવી જોઇએ. એમના દાખલા રદ કરવા જોઇએ, નોકરી જતી કરવી જોઇએ. મૂળ નિવાસીના દાખલાની ચકાસણી શાના માટે? ભારતીય બંધારણે અમને જે હક્કો આપ્યા છે. અને આમાં ગુજરાતમાં આદિજાતિ હોય, બક્ષીપંચ હોય કે ઓ.બી.સી. હોય એમને અનામતની ટકાવારી જે આપવામાં આવી છે તે ટકાવારી પ્રમાણે શિક્ષણમાં હોય,

નોકરી ધંધામાં હોય તો એ પ્રમાણે લાભો મળવા જોઇએ. સંખ્યાના ધોરણે નહિ, અનામતમાં મળેલી ટકાવારીના ધોરણે, રોસ્ટર પ્રમાણે શિક્ષણમાં અને નોકરીમાં એને લાભો મળવા જોઇએ.

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

હાલમાં અત્યારે જે ચાલી રહ્યું છે તે દા.ત. અમદાવાદમાં વસતિની ટકાવારી ૨ ટકા છે. તો ત્યાં અનામત પણ ૨ ટકા મળે છે, તેવું નહિ. રોસ્ટરમાં જે જોગવાઇ છે ૧૫ ટકાની એ ૧૫ ટકા પ્રમાણે અમદાવાદ હોય, ભાવનગર હોય, જામનગર હોય કે જૂનાગઢ હોય ૧૫ ટકા પ્રમાણે ભરતી થવી જઇએ. તે હકક અમારો છે, તે અધિકારો અમારા છે. આ ગૃહમાં આટલું સરસ અમારો જે સમાજ છે, જાતિ છે તેનું સ્પષ્ટીકરણ કરવા માટે પ્રમાણપત્રની ચકાસણી માટે બિલ લાવ્યા છે. તો અત્યાર સુધી જે દાખલાઓ, પ્રમાણપત્રો આપ્યા છે તેની માત્ર ચકાસણી થાય, આદિકાળથી જે લોકો પ્રમાણપત્રો લેતા આવ્યા છે તે ચકાસણી કરીને અમારી જાતિ સાથે ચેડાં કરવાની જોગવાઇ આ બિલમાં ન થાય એટલા સૂચન સાથે મારું વકતવ્ય હું પૂરું કરું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગના પ્રમાણપત્ર કાઢી આપવાનું જે બિલ આદિજાતિ મંત્રી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના આટલા વર્ષોમાં આ જાતિઓનો વિકાસ નથી થયો ત્યાં આપણે પ્રમાણપત્રોની ચકાસણી કરીએ છીએ આ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. જે પૂજ્ય બાબાસાહેબ આંબેડકરે ઓ.બી.સી., એસ.સી., એસ.ટી.ને સંવૈધાનિક અધિકારો આપ્યા અને તે અધિકારો થકી આ સમાજો સમાનતાની ધારામાં આવવા જોઇએ તે અધિકારોને કયાંક એક યા બીજી રીતે છીનવવામાં આવ્યા છે. તે અધિકારોનો સંપૂર્ણ અમલ આજદિન સુધી કરવામાં નથી આવ્યો. જે આદિવાસીઓના પ્રશ્નો છે તે હજુ ઠેરના ઠેર છે. જે એસ.સી., દલિતોના પ્રશ્નો છે તે હજું ત્યાંના ત્યાં જ છે. બક્ષીપંચને તો ખબર જ નથી કે બાબાસાહેબે જે સંવૈધાનિક અધિકારો આપ્યા છે તે મળે છે કે નહીં આ એક વાસ્તવિકતા છે. તેનું કારણ એ છે કે ૨૭ ટકા અનામત મળી છે તેમાંથી માત્ર ૧૨ થી ૧૫ ટકા સીટો ભરાય છે અને બીજી સીટો ખાલી રહે છે. એટલે જે સંવૈધાનિક અધિકારોનો સંપૂર્ણ ઇમાનદારીથી અમલ થવો જોઇએ તેમાં રાજયકીય ઇચ્છાશક્તિના અભાવે ઘણીબધી ખામીઓ રહેલી છે. જે રીતે આ બિલ લાવ્યા છે તેમાં હું માનું છું કે, બેકલોગ અને રોસ્ટરનું બિલ લાવ્યા હોત તો વધારે આનંદ થાત. કારણ કે બેકલૉગ ભરવામાં નથી આવતા, રોસ્ટરની નીતિનો અમલ કરવામાં નથી આવતો તે વાસ્તવિકતા છે. આ સ્વીકારવું પડશે અને અમારા આદિજાતિ મંત્રીએ આમાં સભાનતાથી કામ કરવું પડશે. આ અમારો અધિકાર છે અને અમે તમારી જોડે અપેક્ષા રાખીએ છીએ. જે રીતે ૨૭ ટકા, ૧૪ ટકા અને ૭ ટકા અનામત મળેલી છે તો તેમાં આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરું છું કે સહકારી ક્ષેત્રમાં આ અનામતનો અમલ કરો અને સહકારી ક્ષેત્રમાં આટલી જ અનામત આપો તો તેમના હકક અને અધિકાર માટે સારું પ્રાધાન્ય મળશે. સાથે જે રાજકીય અનામત ૭ ટકા અને ૧૪ ટકા એસ.સી., અને એસ.ટી.ને મળી છે તો તે જ બક્ષીપંચને ૨૭ ટકા રાજકીય અનામત આપવાનું બિલ આ રાજય સરકાર લઇને આવે તો હું માનું છું કે સાચી અનામત નીતિનો અમલ કરવામાં આવશે. જે રીતે સર્ટિફિકેટની વાત લઇને આજે આપણે આવ્યા છીએ. •(×××)

અધ્યક્ષશ્રી : કોઇ જગ્યાએ આ કેસ કોર્ટમાં પેન્ડિંગ તો નથી ને?

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : નહીં નહીં. આ રેકર્ડ ઉપર મૂકાયેલી વાત છે.

અધ્યક્ષશ્રી : એટલે જ કહું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ પ્રકરણ હાઇકોર્ટમાં ચાલી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : મહેરબાની કરીને અલ્પેશભાઇ હવે આનાથી આગળની કોઇ વિગત બોલશો નહીં. પ્લીઝ ગોઇંગ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એટલો જ છે કે, *(×××) કોઇ એક સર્ટીફિકેટ આપે છે(અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ મેટર કોર્ટને આધિન છે. સમગ્ર બાબત અત્યારે કોર્ટમાં છે. આ શબ્દો રેકોર્ડ ઉપરથી પણ દૂર થવા જોઇએ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, કોર્ટને આધિન છે એ વિષય પર નહીં બોલું

અધ્યક્ષશ્રી : ના, ના, એની ચર્ચા જ ન થાય માટે એ વિષય અત્યારે છોડી દો. એ સિવાય કહો. હું એ શબ્દો રેકોર્ડ ઉપથી દૂર કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે અધિકારીશ્રીએ તપાસ કરીને રિપોર્ટ આપ્યો હોય એ અધિકારીની અહીંયા ચર્ચા થાય એમાં વાંધો હોઇ શકે નહીં. કોર્ટની વાત ન થઇ શકે એ બરાબર છે.

અધ્યક્ષશ્રી : ના, ના, કોર્ટની બાબત અને એ વિષય એમાં આવે જ છે કેમ કે આને છૂટું પાડી શકાય એમ નથી. માનનીય પુંજાભાઇ આ વિષયને છૂટો પાડી શકાય એમ નથી. આપ મારી વાત માનીને બેસી જાવ તો સારું. હું વિનંતી કરું છું આપને આપ બેસી જાવ અને આગળ ચાલવા દો એમનું સરસ પ્રવચન છે. એ આખો વિષય કાઢી નાંખવામાં આવે છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) જે સર્ટીફિકેટ એકને એક બે વાર આપે છે તો એ સર્ટીફિકેટમાં કોણ સાચું?

અધ્યક્ષશ્રી : આપને ના પાડ્યા છતાં પણ આપ આ વિષય પકડી રાખો છો?

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સોરી.

અધ્યક્ષશ્રી : આગળ બીજો વિષય છે કે પૂરું થઇ ગયું?

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વાત એટલી જ છે કે, આ આદિવાસીઓના અધિકાર માનનીય ગણપતભાઇ વસાવા મંત્રી *(×××) છે.

અધ્યક્ષશ્રી : મંત્રી *(×××) છે એમ ન કહી શકાય. મંત્રી છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપ મંત્રી છો, આપ મંત્રી તરીકે બિરાજમાન છો અમારા પ્રતિનિધિ તરીકે બેઠાં છો ત્યારે આપને એક વિનંતી કરવી છે શું એ આદિવાસીઓના હક અને અધિકાર આપણે એમના ઘર સુધી પહોંચાડી શક્યા છીએ? જે નર્મદા માં આખા ગુજરાતની પાણીની પ્યાસ બૂઝાવે છે એ.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પાછું આમાં નર્મદાજીનું ક્યાં લઇ આવ્યા?

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસીઓની વાત છે, આદિવાસીઓની વાત છે.

અધ્યક્ષશ્રી : નર્મદાજી આદિવાસીઓની વાતમાં ક્યાં આવે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને એટલું કલેરીફીકેશન કરવા માગુ છું કે, હું જે બિલ લઇને આવ્યો છું એ બિલના અનુસંધાનમાં વાત રજૂ કરે અને એમાં એમને કોઇ મુંઝવણ હોય કોઇ પણ કલમમાં તો એ અંગે પૂછે અમને કોઇ વાંધો નથી.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આની પહેલા કવિતાઓ પણ થઇ અને આની પહેલા વિષય બહાર પણ વાત થઇ. હું તો મારા આદિવાસીની વાત કરું છું, મારા દલિતની વાત કરું છું, મારા બક્ષીપંચની વાત કરું છું એને રોકવા માટે જયારે મારા જ મંત્રીશ્રી ઉભા થાય છે ત્યારે દુઃખ થાય છે. પરંતુ આ સભાગૃહમાં અમારા બક્ષીપંચ, દલિત, આદિવાસીના જે પણ સભ્યો બેઠાં છે એમને વિનંતી કરું છું આપના માધ્યમથી કે જે આઝાદીના આટલા વર્ષો પછી પણ પૂજ્ય બાબાસાહેબ આંબેડકરે હક અને અધિકારો આપ્યા છે શું એ અધિકાર એમને મળ્યા છે? કારણ કે અધિકાર આપ્યા છે એટલે આપણે અહીંયા બેઠાં છીએ. આપણને એ વર્ગનું પ્રતિનિધિત્વ કરવા માટેના અધિકાર પૂજ્ય બાબાસાહેબ આંબેડકરે આપ્યા છે અને બાબાસાહેબે અધિકાર એટલે આપ્યા છે કે, આપણા થકી આપણા જ ગરીબ લોકોનું આપણે ઉત્થાન કરી શકીએ અને એમને સમાનતાની ધારામાં લાવી શકીએ પરંતુ દુર્ભાગ્ય એ છે અમારું કે •(×××) આ દુર્ભાગ્યપૂર્ણ છે. પરંતુ જયારે સર્ટીફિકેટની વાત કરું તો આ સરકારની નિષ્ફળતાઓ આપને કહું દસમાં અને બારમાં ધોરણની પરીક્ષાઓ ( અંતરાય)

અધ્યક્ષશ્રી : આ તમે જે અટકાવે છે એમ કહીને વાત કરીને એ બરાબર નથી. આ વારે ઘડીએ ના કહેવું પડે કેમ કે, મેં તમને અટકાવ્યા છે માનનીય મંત્રીશ્રીએ તમને અટકાવ્યા નથી. (અંતરાય) મંત્રીશ્રીએ અટકાવ્યા નથી તમને.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.કે. અમારા બક્ષીપંચના, એસ.સી.ના, એસ.ટી.ના સર્ટીફિકેટો માટે કેટલી ઉદાસીનતા દાખવવામાં આવે છે એના વિશે આપનું ધ્યાન દોરું છું માનનીય મંત્રીશ્રી કે, જયારે પ્રમાણ પત્ર લેવા જાય જયારે જરૂરિયાત હોય આજે અને એને મહિના પછી સર્ટીફિકેટ ઇસ્યૂ થાય આ ક્યા પ્રકારની વ્યવસ્થા છે? દાખલો આપુ આપને કે દસમાની અને બારમાની પરીક્ષામાં દસ જ દિવસમાં સર્ટીફિકેટ મૂકવાનું હોય છે પરંતુ જયારે મારા એ બાળકો સર્ટીફિકેટ લેવા માટે જાય ત્યારે એમને સમાચાર એ મળે કે *(×××) તો ગાયબ છે. (અંતરાય) સોરી, અધિકારીશ્રી ગાયબ છે.

અધ્યક્ષશ્રી : તમારા મગજમાંથી *(×××) શબ્દ કાઢી નાંખો.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) અધિકારી ગાયબ હોય છે માનનીય ગણપતભાઇ, માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને આપના માધ્યમથી કહું છું કે, અધિકારીઓ ગાયબ હોય છે. પૂછીએ કે ક્યાં ગયા છે? તો કહે કે ઉત્સવોમાં ગયા છે, પ્રવેશોત્સવમાં ગયા છે નહીંતર પછી કહે સ્વાગત ઓન લાઇનમાં એટલે જે રીતે આમના સર્ટીફિકેટ આપવામાં ઢીલ મૂકવામાં આવે છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહુ છું કે, જયારે દશમાની અને બારમાની પરીક્ષા પૂરી થાય ત્યારે ચોવીસ કલાક એક આપણો વિભાગ ત્યાં આ બાળકોને સર્ટીફિકેટ આપવા માટે કારણ કે તેમને શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાના હોય છે, તેમને એડમિશનના ફોર્મ ભરવાના હોય છે તો તેના માટે તાત્કાલિક સર્ટીફિકેટ આપવામાં આવે તો હું માનુ છું કે આગળ તે બાળકોને તકલીફ નહીં પડે પરંતુ આપના માધ્યમથી વિનંતી કરું છું કે, જે સંવૈધાનિક અધિકાર મળ્યાં છે તેના થકી આ અનામત નીતિનો સંપૂર્ણ ઇમાનદારીથી અમલ થાય તો હું માનુ છું ટૂંકા જ ગાળામાં આ સમાનતાની ધારામાં તમામ લોકો આવી જશે. પરંતુ જો આદિવાસીઓની વાત કરું તો ત્યાં પાણીની પણ વ્યવસ્થાનો અભાવ છે ત્યાં તેમને મળતા અધિકારો પણ નથી, તેમની જમીનો પણ છીનવવામાં આવે છે તેના માટે માનનીય મંત્રીશ્રી તેમાં સફાળા જાગે તો હું એમ માનુ છું કે તેમને તેમના હક્ક અને અધિકાર મળશે. હું છેલ્લે એટલુ જ કહીશ કે સાહેબ આ લોકોનો વિકાસ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એટલે નથી થતો કે સરકારી સ્કૂલોનું શિક્ષણ જે કથળી ગયુ છે તેનું મોનીટરીંગ સેલ બને તેનું શિક્ષણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા માટે..

અધ્યક્ષશ્રી : આ શિક્ષણ વ્યવસ્થા ઉપર નથી મારા ભાઇ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : એ શિક્ષણથી જ અનામત નીતિ મળે.

અધ્યક્ષશ્રી : ના, ના આ તો તમે અહીં જનમ્યાં અને ત્યાં જનમ્યાં ત્યાં સુધી તમે જશો, એવુ ના હોય.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : સાહેબ તેનો પાયો તો શિક્ષણ છે.

અધ્યક્ષશ્રી : અત્યારે સર્ટીફિકેટની જ વાત છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : અનામત નીતિનો ઇમાનદારીથી, સંપૂર્ણ અમલ થાય એવી અપેક્ષા રાખુ છું. જય ભીમ.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ અને વનમંત્રી ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ જાતિના પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા બાબત વિધેયક–૨૦૧૮ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ ૧૯૪૭માં આઝાદ થયો. આઝાદી તો મળી ગઇ પરંતુ બાબા સાહેબ આંબેડકર તે આઝાદીના ૧૯૪૭ના તબક્કાની અંદર રાત્રે દિલ્હીની અંદર તેના પોતાના મકાનમાં બેઠાં હતા એ દરમિયાન રાત્રેના ૧૨–૦૦ વાગ્યે એક અંગ્રેજ અમલદાર બધાજ નેતાઓના બંગલાએ ફરવા માટે નીકળ્યાં, તો બધા સૂઇ ગયા હતા પરંતુ બાબા સાહેબ ભીમરાવ આંબેડકર રાત્રેના ૧૨–૦૦ વાગ્યે પણ જાગતા હતા. ત્યારે એ અંગ્રેજ અમલદારે દરવાજો ખખડાવ્યો એટલે બાબા સાહેબ આંબેડકર બહાર આવ્યા એટલે તેમણે કહ્યું કે દેશ તો આઝાદ થઇ ગયો છે હવે શાની ચિંતા ? તો એમણે એક સૂત્ર કહ્યું કે દેશ તો આઝાદ થઇ ગયો છે પરંતુ મને મારા ગરીબ આદિવાસી, દલિત, એસ.સી., એસ.સી., ઓ.બી.સી. જે પછાત વર્ગનો સમાજ છે તેની ચિંતા છે. એટલે સમયાંતરે આજે દેશ આઝાદ થયો પછી આપણાં ૭૦ વર્ષ પછી કાયદામાં જે સુધારો લાવવાની આવશ્યકતા છે, જરૂરિયાત આવી છે ત્યારે અત્યારે કોઇ બેન્કની સાથે ચીટીંગ કરે છે, કોઇ હજાર કે બે હજારની નોટો ડુપ્લીકેટ છાપે છે એવુ પહેલા બનતું ના હતું. આઝાદીના ૧૯૪૭ થી ૫૦ના દાયકામાં (અંતરાય) ના, ના હું કોઇ રાજકીય ટીકા નથી કરતો એટલે એવો કોઇ કિસ્સો બનતો ના હતો. પણ ધીમે ધીમે માર્કશીટ ડુપ્લીકેટ બનવા લાગી જે ટેકનોલોજી આવી તે ટેકનોલોજીને કારણે ડુપ્લીકેટ જે વસ્તુ બનવા લાગી તેના કારણે આવા કાયદાઓમાં સુધારા લાવવાની જરૂરિયાત ઉભી થઇ છે ત્યારે માનનીય આદિજાતિ મંત્રીશ્રીને સામાન્ય રીતે દક્ષિણ ગુજરાત અને દક્ષિણ ગુજરાત તેની સાથે જે પૂર્વ પટ્ટી અને ઉત્તર પટ્ટી જે બોર્ડર વિસ્તાર છે તેની જે સમસ્યા છે તેના માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું.

ખાસ કરીને એ બાબતનું ધ્યાન દોરવા માગું છું કે, આપણે ઘરે આપણે પુત્રવધુ લાવીએ છીએ ત્યારે જો દક્ષિણ ગુજરાત હોય તો મહારાષ્ટ્ર, દાદરા નગર હવેલી, દમણથી જો પુત્રવધુ આવતી હોય અને ઉત્તર ગુજરાત હોય તો મધ્ય પ્રદેશ કે રાજસ્થાનથી આવતી હોય ત્યારે એના દાખલા અહીં ચાલતા નથી. ૨૦૧૫માં જ્યારે તાલુકા પંચાયતની ચૂંટણી સમયે ઉમેદવારી ભરવા જાય અને જો કોઇ દાદરા નગર હવેલની વહુ હોય તો એને એમ કહેવામાં આવે છે કે, આ દાખલો અહીં ચાલતો નથી. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં બહેનો માટે ૫૦ ટકા અનામત હોવા છતાં ઉમેદવારી કરી શકતા નથી. આથી હું માનનીય મંત્રીશ્રીનું એટલું જ ધ્યાન દોરવા માગું છું કે, આદિવાસી આખા દેશનો છે કે માત્ર ગુજરાતનો છે. એક કિસ્સો એવો બન્યો કે, એક ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હતા અને એક કોંગ્રેસ પક્ષના ઉમેદવાર હતા. બંનેના દાખલા અલગ–અલગ હતા. બંને અલગ–અલગ રાજ્યના હતા. એક અધિકારીએ ફોર્મ પાસ કરી દીધું અને બીજાએ રીજેક્ટ કરી દીધું. બોર્ડર વિસ્તારની આ સૌથી મોટી સમસ્યા છે. મારા તમામ સાથી ધારાસભ્યશ્રીઓને એવો અનુભવ થયો હશે. આ એક ખૂબ ગંભીર બાબત છે. બીજું એક માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, મતદાર યાદીની અંદર અટક પહેલાં લખવામાં આવે છે. આ મતદાર યાદીમાં અટક પાછળ લખવામાં આવે એવું મારું સૂચન છે. કોઇ નવયુવાન મિત્ર એડમિશન લેવા જાય ત્યારે એમ કહે કે અટક પાછળ હોવી જોઇએ. આવો મુદ્દો પણ મારા ધ્યાનમાં આવ્યો છે. આઝાદી પછીની અત્યારે સાતમી પેઢી ચાલે છે. અમારા આદિવાસીઓમાં વડીલો બહુ ભણેલા હોતા નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કોઇ સાંભળતું નથી. જો કોઇને ન સાંભળવું હોય તો હું બોલવાનું બંધ કરું. સાહેબ ગૃહ ઓર્ડરમાં લાવો.

અધ્યક્ષશ્રી : જેને વાત ન સાંભળવી હોય એ બહાર જઇ શકે છે. પ્રવિણભાઇ તમને તો ખાસ કહેવું પડે. અંદરો અંદર વાતો કરો છો એટલે આ પ્રોબ્લેમ થાય છે. હું તો સાંભળું જ છું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, સામાન્ય રીતે આપણા વડવાઓના વડવા ભણેલા ન હોતા. અત્યારે જ્યારે જાતિનો દાખલો કઢાવા માટે જઇએ તો કહે છે કે, તમારા પિતાજીનું સર્ટી લઇને આવો તો જ તમને દાખલો મળશે. આપણા વડીલો ભણેલા નહોતા. મારા ફાધર સાતમા સુધી ભણ્યા હતા પણ એમની પાસે સર્ટી નથી. ૧૯૪૦માં એમનો જન્મ થયો હતો અને સાતમા ધોરણ સુધી એ ભણેલા હતા. હું દાખલો લેવા જઉં તો હું મારું સર્ટિફિકેટ આપી શકું પણ મારા બાપુજીનું કે મારા બાપુજીના ફાધરનું સર્ટિ આપણે આપી શકતા નથી. આ એક ગંભીર મુદ્દો ગામડાંના વિસ્તાર માટે છે કારણ કે દરેક અધિકારી પોતપોતાનું અર્થઘટન પોતે કરતા હોય છે. ખાસ કરીને બોર્ડર વિસ્તાર

અને આદિવાસી જે વિસ્તાર છે. અભણ અને અજ્ઞાની જે વ્યક્તિ કે નાગરિક છે એ જયારે આ દાખલો લેવા જાય ત્યારે એને ખૂબ મુશ્કેલી પડે છે. માનનીય મંત્રીશ્રી આ બાબત ખૂબ ગંભીર બાબત છે એટલે આ બાબતે હું ખાસ ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર નરેશભાઇ અને મારા પડોશી એમની વ્યથા ઠાલવતા હતા પરંતુ વાસ્તવમાં ભારતીય જનતા પાર્ટીને કોઇ ઉશ્કેરતું નથી કે એમના કાર્યકરને પણ કોઇ ઉશ્કેરતું નથી પણ આ તો •(×××)

અધ્યક્ષશ્રી : કોઇ *(×××) નથી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો. હું મત વિસ્તારની વાત કરું છું એટલે એ જે પરિસ્થિતિ હતી એટલે આ માનનીય મંત્રીશ્રીને રાજપીપળામાં કમનસીબે અમે પણ એ દિવસે જવાના હતા પણ જઇ શક્યા ન હતા પણ અમારા સુખરામ રાઠવા સાહેબને દુઃખ વ્યક્ત કરું કારણ કે કોઇપણ સત્તા પર હોય, કોઇ પણ સરકાર સત્તા પર હોય ત્યારે જાણે અજાણે આક્ષેપબાજી પણ થતી હોય. સત્તાધારી પક્ષને કોઇ માણસને કોઇ વ્યક્તિ ન જાણતી હોય અને કોઇની વાત સાંભળીને પણ આક્ષેપ કરતો હોય પણ વાસ્તવિકતા જાણીને ખરેખર જે હકીકતો છે કારણ કે કાર્યક્રમ થયો અને સર્ટિફિકેટ અપાયા એના કારણે આખા સમગ્ર ગુજરાતમાં એની ચર્ચા ચાલી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જેને ખૂબ કહેવાય કે, આદિવાસી વિસ્તારની અંદર સામાન્યમાં સામાન્ય નાનો માણસને ગ્રામ્ય વિસ્તારમાં ટી.ડી.ઓ. દાખલો આપતો હતો અને શહેરી વિસ્તારમાં મામલતદાર દાખલો આપતા હતા પણ તાલુકા વિકાસ અધિકારી દાખલો આપે એના બદલે ભલેને મામલતદાર આપે પણ મામલતદારે આપ્યા પછી અને આપે જે કાયદામાં જોગવાઇ કરી છે તો એને ચકાસણી સમિતિમાં જવાનું અને પછી એની ચકાસણી થવાની તો માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે, એમાં કોઇ રાજકારણ ના થાય એટલી મારી વિનંતી છે. એમાં કોઇ કોંગ્રેસ કે ભાજપ ન થાય કારણ કે જેમ અત્યારે દાખલો આપે એવો કોઇ પ્રશ્ન ઉભો થાય ત્યારે રાજકારણ ના થાય એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા બાબતનું વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સવારથી અત્યાર સુધી બંને પક્ષોના સિનિયર ધારાસભ્યશ્રીઓએ આના માટે વિશેષ ચર્ચા કરી છે. અમને ખૂબ વધુ વિગતની ખબર ન હતી પણ એમના માધ્યમથી સાંભળી છે ત્યારે બંધારણીય હક્કો આપવાની વાત થાય ત્યારે ખોટા સર્ટિફિકેટ મારફત લાભ લેવામાં આવ્યો હોય અને મારા પોતાના ધ્યાનમાં તો એવી બાબત આવી છે કે, સાચુ પ્રમાણપત્ર હોવા છતાંય લાભથી વંચિત રાખવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વર્તમાનમાં હમણાં એક જ મહિના પહેલાં બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકા પંચાયતની વડાણા તાલુકા પંચાયતની સીટ એસ.ટી. અનામત હતી. તાલુકા પંચાયતની ૧૮ સીટો પૈકી આ આદિવાસી અનામત સીટમાં એક જ ફોર્મ આવેલું ગમાર મારૂતિબેનનું, ત્યારે ચકાસણી દરમિયાન એ મહિલાનું ફોર્મ ચૂંટણી અધિકારી મારફત રદ કરવામાં આવ્યું. એસ.ટી.નો દાખલો અંદર રજૂ કરેલો હતો, લીવીંગ સર્ટિફિકેટ અંદર રજૂ કરેલું હતું, એના કુટુંબનું પેઢીનામુ રજૂ કરેલું હતું, છતાં પણ ફોર્મ રદ કર્યું અને એમાં લખવામાં આવેલું કે, મૅરેજ સર્ટિફિકેટ રજૂ કરો ત્યારે અમારે હાઇકોર્ટમાં જઇને આ મહિલાને ન્યાય અપાવવા માટે હાઇકોર્ટના દ્વાર ખખડાવ્યા પડ્યા અને હાઇકોર્ટે ચૂંટણી અધિકારીનો જે નિર્ણય છે એ ખોટો સાબિત કર્યો અને આ મહિલાના જે બંધારણીય હક્ક છે એ તાલુકા પંચાયતના મેમ્બર તરીકે હાઇકોર્ટે એમને માન્ય રાખેલ છે. હાઇકોર્ટે તેને માન્ય રાખી. અને એ બાબુભાઇ માંગુકીયા વકીલ હતા, તેમણે એક પણ રૂપીયો ફી ન લીધી અને આ મહિલાને ન્યાય અપાવ્યો. •(×××)

અધ્યક્ષશ્રી : આ *(×××) માટે આભાર સભા નથી રાખી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર ઘણા બધા ખોટા પ્રમાણપત્રોની વાત કરી. આ એસ.સી. એસ.ટી કે ઓ.બી.સી. સમાજ હોય તેમણે પોતાના અધિકારો અને રક્ષણ માટે અનેક વખત આંદોલનો કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેશો કે વિષય બહારની વાત ન કરો.

અધ્યક્ષશ્રી : છે જ ના કરશો. તમે જાણો છો પછી ના કરશો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : મારે કહેવું છે શૈક્ષણિક વાત હોય, નોકરીની વાત હોય રોજગારની વાત હોય, ત્યારે કયાંકને કયાંક આ જ્ઞાતિઓ માટે રાજય સરકાર વિશેષ ધ્યાન આપે. તો આના માટે આવનારા સમયમાં અનામત ધરાવતા સમાજો છે એ જાતે, સ્વ આ અનામતો લાભ નહીં લેવા માટે આગળ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા બનાસકાંઠાની વાત કરું તો આજે શૈક્ષણિક દ્રષ્ટિએ જોઇએ તો બનાસકાંઠામાં આખા ગુજરાતમાં વધુમાં શાળાઓમાં ઓરડાની ઘટ હોય તો અમારે ત્યાં છે,

અધ્યક્ષશ્રી : આ ઓરડાની વાત નથી, બહેન.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : બાપુને વિનંતી કરું કે આ અનામતની વાત હોય ત્યારે કન્યા કેળવણીની વાત હોય શિક્ષણની ઘણી બધી વાત હોય રાજય સરકાર મારફતે કરવામાં આવે છે, ત્યારે હું મહિલા તરીકે વિનંતી કરું છું કે શાળા મંજૂર કરવાની હોય કે છાત્રાલય મંજૂર કરવાનું હોય ત્યારે કન્યા વિદ્યાલયો હોય તેના માટેના છાત્રાલયો હોય ત્યારે રાજય સરકાર એને વહેલામાં વહેલી ગ્રાન્ટેડ કરી અને ત્યાં પટાવાળાથી માંડીને તમામ સ્ટાફ મહિલાઓનો ભરવામાં આવે જેથી કરીને આવનાર ભવિષ્ય માટે ખૂબ જરૂરી છે. મારે બીજું નથી કહેવું,

અધ્યક્ષશ્રી : ચાલો થેન્કયુ. આભાર.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : આ તબકકે માનનીય માધવસિંહભાઇ સોલંકી સાહેબનો પણ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય અનંતકુમાર પટેલ, બહેન હવે બેસી જાઓ. આભાર આપનો ખૂબ સારી વાત કરી આપે. આપ બેસી જાઓ. માનનીય અનંતભાઇ. (અંતરાય) એ સમજી ગયા. રહ્યું કશું,

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : બીજી વાત નહીં કરું ત્યારે મારા ધ્યાનમાં આ બે બાબતો આવી એના માટે કરીને માનનીય મંત્રીશ્રીને આ બિલને જે માન્યતા આપવાની હોય આ એક દાખલો આપ્યો. પણ જયારે આંતરજ્ઞાતિય લગ્નો થાય ત્યારે અને બિન–સાંપ્રદાયિકતાની વાત લઇને આગળ વધ્યા છીએ ત્યારે આવા લગ્ન થયા બાદ આ સમાજના સંતાનોના જાતિના પ્રમાણપત્રોના પ્રશ્નો ઉભા થશે. એના માટે કરીને જે કાંઇ આ કમિટી હોય તેમાં બુદ્ધિપૂર્વક વિચાર કરી અને આ બિલની અંદર ગંભીરતાથી વિચારે અને ભવિષ્યમાં આ એસ.સી. એસ.ટી અને ઓ.બી.સી. જાતિઓને ગંભીર રીતે કયાંય પરિણામ ભોગવવાં ન પડે તેની ચિંતા કરી અને આ બિલ મૂકે તેવી મારી વિનંતી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : જય આદિવાસી.

અધ્યક્ષશ્રી : આવું કાંઇ બોલવાની જરૂર નથી. આપણે બધા તમામ જ્ઞાતિઓના બેઠા છીએ, આપણે કેટલા ભાગલા પાડીશું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક લઇને આવ્યા છે, તેમાં હું મારી થોડી વાતો કરવા આવ્યો છું, એમાં મારા થોડાં સૂચનો છે અને મારી વાતો કરવા આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જેઠાભાઇને ખાસ કહેવાનું કે, અમે તો પ્રકૃતિ પૂજક છીએ અમે તો નદીની, ચંદ્રની અને સાપની પણ પૂજા કરીએ છીએ. અને ઝાડની પણ પૂજા કરીએ છીએ. એટલે ધર્માંતરણની વાત નહીં કરો તો સારું. અમને લૂંટી લેવામાં આવ્યા છે, અમારી પ્રકૃતિને લૂંટી લેવામાં આવી છે. અત્યાર સુધી અમને લૂંટી જ લેવામાં આવ્યા છે. પાણીની વાત થઇ, ખનિજની વાત છે અને વૃક્ષની વાત છે તો..

અધ્યક્ષશ્રી : માનનીય અનંતકુમાર આપ સાંભળો છો મને. વિષયની અંદર જ બોલજો. વિષયની બહાર ન બોલતા.

શ્રી અનંતકુમાર હ. પટેલ : તમે નહીં હતા ત્યારે વિષય વગરની વાતો થઇ છે.

અધ્યક્ષશ્રી : અત્યારે તો હું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : તમે મને કહી દેશો તો બેસી જઇશ.

અધ્યક્ષશ્રી : ના, ઉભા રહો અને બોલો. પણ તમે સમજો છો અને સમજીને ખોટું ના બોલશો. એક મિનીટ સાંભળો પહેલાં ઘેનીબહેન હતા તેમને બહેન સમજીને બોલવા દીધા. પણ તમે સમજીને બોલો છો એટલે વાંધો છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સમજીને જ બોલું છું.

અધ્યક્ષશ્રી : સમજીને વિષય બહાર ન બોલશો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : સમજીને જ બધું કહેવું પડે.

અધ્યક્ષશ્રી : એ બધું કહેવાય ગયું હવે આગળ ચાલો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : અમારે સહન જ કરવાનું છે. મારા મોટાભાઇને મારે કહેવું છે કે આપ જે ખોટા પ્રમાણપત્રની વાત લઇને આવ્યા છો. થઇ ગયા પછી પાણી વહી ગયા પછી પાળ બાંધવાની વાત કરવામાં આવે છે. પરંતુ મોટા ભાઇને અભિનંદન આપત કે જયારે પેસા એકટનો બરાબર અમલ કરવામાં આવત અને અમારા જેવા યુવાનોને રોજગારી મળેત તો મારે આ ગૃહમાં આવવું ન પડત. મેં એમ.એ.બી.એડ કરેલું છે મને યેનકેન પ્રકારે હેરાન કરવામાં આવ્યો છે. હું દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે એમ.એ. કરવા માટે ગયો હતો ત્યારે એક જ આદિવાસી વિદ્યાર્થી તરીકે મને હેરાન કરવામાં આવ્યો છે. પેસા એકટ આવત તો આ હેરાન ગતિ નહિ સહન કરવી પડત. આજે મારા મોટાભાઇને ત્યારે ખભે બેસાડત કે જયારે અનુસૂચિ પંચનો જો અમલ કરવામાં આવ્યો હોત અને એની જો કંઇ વાત લાવ્યા હોત તો અમે અમારા મોટા ભાઇને ખભે બેસાડત. આ સરકારની વાત કરીએ અમે આદિવાસીઓ વજનો ઉંચકીને મોટા થયા છીએ. બીજી વાત એ કરવા માગું છું કે અમે મોડા જરૂર આવ્યા છીએ પરંતુ મારા મોટાભાઇ મોડું નહિ કરશો, મોડા આવ્યા છીએ પણ તમે મોડું નહિ કરશો. દેખાય છે આ કાયદો ઐશ્વર્યા રાય જેવો પરંતુ અમરીશ પુરી જેવો ન બને એના માટે ખાસ એનું યોગ્ય ગઠન કરજો. મોટા ભાઇ કાયદો

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

સરસ દેખાય છે એ કાયદાને માટે બિલ લાવ્યા છે એના માટે અભિનંદન પણ આપું છું પરંતુ આની અંદર યેનકેન પ્રકારે ગરીબ આદિવાસી કે મારા જેવાને સહન કરવું પડશે તો •(×××) પાછો થશે.

અધ્યક્ષશ્રી : આ *(×××) એવું અહીંયા ન બોલાય, તમે અત્યારે સભાગૃહમાં બોલી રહ્યા છો. તમે વિધાનસભ્ય છો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો.

અધ્યક્ષશ્રી : બોલ્યા પછી માફ કરજો એવું બોલાય નહિ. તમે એજયુકેટેડ છો તમારી શાંતિથી વાત સાંભળીએ.

શ્રી અનંતકુમાર હ. પટેલ : અમે સહન કર્યું છે એટલે બોલીએ છીએ.

અધ્યક્ષશ્રી : તમે સહન કર્યું હોય તો બહાર બોલજો. અહીંયા બીજી સારી વાત કરો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : બીજું મારા મોટાભાઇને કહેવું છે કે સારા કાર્યો કરજો પણ મને ખબર છે કે તમારો *(×××) છે.

અધ્યક્ષશ્રી : આ *(×××) છે એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : અમારા એકલવ્યનો અંગૂઠો કપાયો હતો તેવા એકલવ્યનો અંગૂઠો કપાયો હશે. હું આદિવાસી જ્ઞાતિમાંથી આવું છું. નરેશભાઇ અને હું ધોડિયા પટેલમાંથી આવીએ છીએ. અમને એવું કહેવામાં આવે છે ધોડિયા માથા ફોડિયા અમે સાહેબ તમને અભિનંદન આપીએ છીએ પરંતુ ભૂલી નહિ જતાં જેવી રીતે અત્યારે ગીરમાં અને બરડામાં જે લોકો ખોટા પ્રમાણાપત્રો લઇને આવ્યા છે જેની જનસંખ્યા જૂઓ તો ૨૮૯ ટકા વધી ગઇ હતી એ આદિવાસીઓને ખોટા પ્રમાણપત્રો આપ્યા છે તેના માટે શું કરવાના છો એનો પણ કલમમાં ઉમેરો કરો, ખરેખર ત્યાંને ત્યાં આગ લાગી છે તો અમારે ત્યાં બંબો લઇને નહિ આવતા, અમારે ત્યાં જન્મથી આદિવાસી છે, કોઇ સ્થળથી આદિવાસી નથી. અમે જન્મથી આદિવાસી છીએ જે સ્થળથી આદિવાસી છે એના પ્રમાણપત્રો ચેક કરજો. બીજી વસ્તુ કહેવી છે કે ઘણા બધા ડી.વાય.એસ.પી. ઘણા બધા પી.એસ.આઇ. ઘણા બધા મામલતદાર આવા ખોટા પ્રમાણપત્રથી બન્યા છે તો એ ખોટા સર્ટિફિકેટથી બનેલા આદિવાસીઓને દૂર કરવા માગો છો કે કેમ અને દૂર કરવા માગતા હોય તો કેવી રીતે આ કાયદામાં અને આ વિધેયકમાં સૂચન કરો છો એમાં તમે શું કરવા માગો છો એ પણ કહો. કેટલાક એવા નવ યુવાનો છે જે નોકરી શોધી રહ્યા છે, બેરોજગારો છે, ભણેલા ગણેલા છે પરંતુ આવા ખોટા પ્રમાણપત્રને કારણે એ લોકોને નોકરી મળતી નથી. અમારા પેટ ભરવા માટે નોકરી નહિ મળવાની હોય તો બીજા ખોટા આદિવાસીઓને કેવી રીતે ચલાવી લેવાય એ મને સમજ પડતી નથી. મારા મોટાભાઇ સમાજ કલ્યાણ મંત્રીશ્રીને કહેવું છે કે આપણે આ કાયદાને ખરેખર સાર્થક કરવો હોય આપણે આ કાયદાને સારો કરવો હોય અને તમારું નામ ઇતિહાસમાં છપાઇ જાય એવું કરવું હોય તો આ કાયદાનું ગહન ચિંતન કરો અમે તમને સહકાર આપવા માટે જ આવ્યા છીએ. અમે આદિવાસી જ્ઞાતિમાંથી જ આવ્યા છીએ. આદિવાસી માટે સારા કાયદામાં અમારુ હંમેશાને માટે તમને ટેકો રહેશે પરંતુ •(×××) પહેલા થોડો વિચાર કરો.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દ હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : સરકારે ૨૦૦૭ માં અને ૨૦૧૭માં જે ઠરાવ કરીને જાતિના પુરાવાના આધાર માગ્યા છે એ પુરાવા માગ્યા વગર અનુસૂચિત જાતિ, જનજાતિના દાખલા આપવામાં આવ્યા છે એ સદંતર ખોટા છે. હાલની પરિસ્થિતિની વાત કરીએ તો અમારા જંગલ વિસ્તારમાં જેમ જીતુભાઇએ કહ્યું તેવી રીતે ખરા પ્રમાણપત્રો આપવામાં પણ યેન કેન પ્રકારે તેમને હેરાન કરવામાં આવે છે. કોટવાળીયા જ્ઞાતિના જયારે આવે છે અમારી પાસે. એને જૂએ છે, આપણને ખબર છે. દેખાવ ઉપરથી ખબર પડી જાય કે આદિવાસી છે. એમની છોકરીઓને ભણાવતા નથી. અત્યારે ઘણું સરસ ચાલે છે એવું કહેવાય છે. બેટી બચાવો, બેટી પઢાઓ. પરંતુ એ છોકરીને પ્રમાણપત્ર માટે એવું કહેવાય કે તમારા બાપનો એલ.સી.નો દાખલો લઇ આવો. તમારા બાપ ન ભણ્યા હોય તો તેનો પંચકેસ કરો. એમ કરીને તેમને અઠવાડિયું-પંદર દિવસ હેરાન કરવામાં આવે છે. તો મારી તમને નમ્ર વિનંતી કે એવા આદિવાસીઓ જે જંગલમાં રહે છે. તેને શિક્ષણ શું છે એ ખબર નથી. તેમના દાખલા માટે પણ થોડી સરળતા થઇ જાય અને ઘણું સારી રીતે તેને શિક્ષણ મળે એવું પણ આમાં સૂચન કરો અને જેને મળી ગયેલા છે, કારણ કે આ કાયદાનું, વિધેયકનું નામ જ એવું છે કે જાતિના પ્રમાણપત્ર કાઢી આપવાનું. તો અહીંયા જ એને કાઢી આપશે, શું એ સમિતિ બનાવેલી તે સમિતિ કાઢી આપશે? અત્યારે તો એવી હાલત છે કે ટ્રાઇબલ એડવાઇઝરી કાઉન્સીલની મિટિંગ નથી થતી. તો આની મિટિંગ કયારે થશે? અને તેની મિટિંગમાં અમને ખરાઇ કરેલા પ્રમાણપત્રો કયારે મળશે? એવી રીતે જો આ વિધેયકને કરવાના હોય તો મને માફ કરજો. બાકી ઘણું સરસ છે. ઘણાં બધા સૂચનો છે. અમારા કરતા પણ વધારે તજજ્ઞો, જાણકાર છે. તેમની પાસેથી સૂચનો લઇને આ કાયદાને તમે એકદમ સુવ્યવસ્થિત બનાવી દો. તો ઘણું બધું આદિવાસીઓ માટેનું સારું થશે અને સાથે સાથે પેસા એકટમાં પણ એવો સુધારો લાવો અથવા અનુસૂચિ-પનો પણ અમલ કરો એટલું કહીને હું આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : અનંતભાઇ, મોટાભાઇનો કાયદો તો સારો જ છે ને? આ લાવ્યા છે એ સારો છે કે નહીં?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રી અનંતકુમાર હ. પટેલ : ઐશ્વર્યા રાયને અમરીશ પુરી બનતા વાર નથી લાગવાની.

અધ્યક્ષશ્રી : આ તમે ખેલદિલીથી વાત નથી કરતા.

આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક ક્રમાંક-૨૪ લાવ્યા છે તેના ઉપર મારા એક-બે સૂચનો સિવાય કોઇ લાંબી ચર્ચા નહોતી. એટલા માટે મેં જાતે મારું નામ ૧૩મા નંબરનું છેલ્લું રાખેલું છે. મારા સાથી માનનીય સભ્યશ્રીઓએ ખૂબ ચર્ચા કરી છે અને નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી કે અનંત ત્યાં હતો એટલે ધમાલ થઇ છે. (અંતરાય) નહીં, નહીં. હું આ ઘટના.. સાંભળો, માનનીય મંત્રીશ્રી સાક્ષી છે. બે લાખ આદિવાસીઓ હતા. અમારા કોઇ કોંગ્રેસ, ભાજપ કે જનતાદળનો કાર્યક્રમ નહોતો. સમસ્ત આદિવાસી સમાજનો અને એટલા માટે આપને બધાને અભિનંદન આપું અને તમારી પાર્ટીને પણ અભિનંદન આપું કે તમે જે ખોટા પ્રમાણપત્રો વહેંચીને જે ચેષ્ટા કરી છે તેનાથી અમારો આદિવાસી સમાજ જાગી ગયો. હું સ્ટેજ પર હતો. માનનીય ગણપતભાઇ પણ હતા. બીજાં અનેક રાજયોમાંથી આગેવાનો પણ આવેલા. બે લાખની પબ્લિકમાં જેવા માનનીય ગણપતભાઇ આવે છે અને હાકોટા થાય અને એ ઘડીએ તાત્કાલિક મેં મારી સમયસૂચકતાથી ગણપતભાઇને કહ્યું કે આપણે બધા નીચે ઉતરી જઇએ. લગભગ બધા જ આગેવાનોને, ૬૦-૭૦ આગેવાનોને નીચે ઉતારી દીધા. લોકોનું ટોળું, બહેનો હતા, છોકરાઓ હતા. કદાચ એ ઘટના થાત. અમારી સમયસૂચકતા ન હોત તો ગણપતભાઇનો આ કાયદો પણ ન આવત અને *(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે. આવું બોલાય નહીં. તમે એમ કહો, ખૂબ ગંભીર પરિસ્થિતિ હતી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : આને હળવાશથી ન લો.

અધ્યક્ષશ્રી : આને હળવાશથી નથી લેતાં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર શબ્દો કાઢી નાખવાથી ન ચાલે. તેમને ઠપકો આપવો જોઇએ અને તેમણે માફી મંગાવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આનંદભાઇ, આપણાં માનનીય સભાસદ છે, મંત્રી છે અને *(×××) એવું આપનાથી કદી ન બોલાય. આપના શબ્દો માફી માગીને પાછા ખેંચી લો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : સોરી.

અધ્યક્ષશ્રી : સોરી અને શબ્દો પાછા ખેંચી લો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : શબ્દો પાછા ખેંચી લીધા.

અધ્યક્ષશ્રી : આને ખેલદિલી કહેવાય. આગળ ચાલો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય ગણપતભાઇ આજે એમ કહે કે આ ઘટના ખોટી છે તો હું બોલ્યા વગર ચાલ્યો જાઉં.

અધ્યક્ષશ્રી : ઘટનાની વાત નથી. ઘટનાને ગંભીરતાથી લીધી છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : ઓ.કે. નહીં, નહીં.

અધ્યક્ષશ્રી : આપણે બધા સમજી ગયા છીએ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં ચિંતા કરીને કહ્યું છે. એવી કોઇ ઘટના નહોતી. જેવી રીતે અમારો યુવા વર્ગમાં ખાસ કરીને સોશિયલ મિડિયા અને બીજા માધ્યમો દ્વારા જાગૃતિ આવી છે અને ખોટા પ્રમાણપત્રો આપીને અમારી જે નોકરીઓ છે એ લઇ જાય છે. એનાથી આખા વિસ્તારમાં ખૂબ અજંપો છે અને આપણે બધાએ એ જોયું છે. એનું વર્ણન કરતો નથી. પરંતુ શ્રી ડિંડોરભાઇએ કહ્યું અને પક્ની વાત હતી એમણે સાચી વાત કરી દીધી. એટલે એમાં પડતો નથી અને સ્પષ્ટતા પણ કરવાનો નથી. પરંતુ જે રીતે બીજા લોકો અનામતનો લાભ લેવા માટે ચેષ્ટા કરે છે એ ખૂબ ગંભીર બાબત છે અને શ્રી ગણપતસિંહને અભિનંદન આપીશ અને આ રીતે કાયદો લાવીને એને રોકવાનો પ્રયત્ન કર્યો છે એ પૂરી નિષ્ઠાથી કરે તો અમારી પાર્ટી પણ તેમની સાથે હશે અને અમે બધા સહકાર આપીશું. માનનીય જોષીયારા સાહેબ અને અમારા ઘણા બધા આગેવાનોએ જે સૂચનો કર્યા છે એ ધ્યાને લેશે એવી વિનંતી છે. બીજો ગંભીર મુદ્દો પણ હું મૂકું છું. શ્રી બાપુ, શ્રી નીતિનભાઇ મારી ઉંમર કરતાં વધારે તમારા રાજકારણમાં વર્ષો વિત્યા હશે. આપણે ૭૦ વર્ષ પછી જાતિના દાખલાની વાત કરીએ છીએ. ૧૦૦૦ વર્ષ આપણો દેશ ગુલામ રહ્યો. આપણી તો ૫૦૦૦ વર્ષ જુની હિન્દુ સંસ્કૃતિ છે. ૧૦૦૦ વર્ષ આપણે કેમ ગુલામ રહ્યા? એની આપણે ક્યારેય ચિંતા કરી નથી. જે બહુજન સમાજ હતો એને ગમે તે રીતે દબાવીને એને મુખ્ય પ્રવાહમાં ન લાવવાના બહાને એને જાણી જોઇને રોકવાના બહાને આપણા દેશે ગુલામી વેઠી છે અને શ્રી જેઠાભાઇ કહેતા હતા કે ખ્રિસ્તી અને બીજો સમાજ જાતિ બદલીને ધર્મ પરિવર્તન કરીને અનામતનો લાભ લેશ છે. પણ મારે શ્રી જેઠાભાઇને પૂછવું છે કે ૫૦૦૦ વર્ષ જુની આપણી હિન્દુ સંસ્કૃતિ છે. ગઇ ટર્મમાં પણ હું સભ્ય હતો. અમારા વ્યારામાં ૧૫૦ વર્ષ જુનું ચર્ચ છે. એની એ લોકો ઉજવણી કરતા હતા. મેં એમને પૂછ્યું કે આ કેટલા વર્ષથી છે? તો કહે કે ૧૫૦ વર્ષ જુનું છે. આપણી સંસ્કૃતિ ૫૦૦૦ વર્ષ જુની છે. આદિવાસી હોય, દલિત હોય, ઓ.બી.સી. હોય. એમની આપણે કાળજી રાખી નથી. એમને કોઇ દવા આપવા જતું નથી એને પાણી પાવા જતું નથી. એ શું ખાય છે, એની કોઇ દરકાર આપણે કરી નથી. એટલા માટે આ ખિસ્તી મિશનરીઓ ત્યાં આવીને પડ્યા છે. એમનો જે હેતુ હોય એ. (અંતરાય)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : તમે સહમત છો ને? (બેઠા બેઠા બોલતાં)

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : નહીં, નહીં. પણ તમારી જે માનસિકતા છે એમાંથી આપણે બધાએ બહાર આવવાનું છે. બિન સાંપ્રદાયિક દેશ છે, જેણે જે ધર્મ પાળવો હોય એ પાળે અને એને જ્યાં રહેવું હોય ત્યાં રહે અને છતાં એ વાત કરીને *(×××) ઉશ્કેરીએ છીએ.

અધ્યક્ષશ્રી *(×××) શબ્દો કાઢી નાખું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જેઠાભાઇને કહું છું કે આપણે એ વાતમાં નહીં પડીએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, એમને શાંતિથી પ્રવચન કરવા દો. શ્રી આનંદભાઇને.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦૦ વર્ષ જુની સંસ્કૃતિ છે. ભગવાન ઈસુ ખ્રિસ્તને તો ૨૦૦૦ વર્ષ થયા.

અધ્યક્ષશ્રી : આપણે ભગવાન ઉપરની ચર્ચા જવા દઇએ. માનનીય જેઠાભાઇ, પ્લીઝ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ ચર્ચા કરું છું. આ જાતિના દાખલા છે. એમાં માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં અમે સૂચવેલા સુધારા સાથે કરશે તો અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : શ્રી જેઠાભાઇ, પ્લીઝ. માનનીય પ્રદ્યુમનસિંહ આપે કંઇ કહેવું છે? ઓ.કે. બે મિનિટ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ચર્ચા થઇ. તમે બધા ભણેલા-ગણેલા છો એમાં મારા વિચારો દર્શાવું છું. હું ભણેલો નથી. હું જંગલમાં અને પગલાંમાં ફરેલો છું. પણ આજની પરિસ્થિતિ છે એ હકીકત જણાવું છું. આ ફોર લેન રોડ આપણી કોંગ્રેસે બનાવ્યો. સિક્સ લેન રોડ બીજેપીએ બનાવ્યો. સરદાર વલ્લભભાઇ સાહેબનું સ્વપ્ન, ગાંધીજીનું સ્વપ્ન, તેમજ ભાવનગર મહારાજાનું સ્વપ્ન હતું. એમ ડો.ભીમરાવ આંબેડકર સાહેબનું સ્વપ્ન એ જો આપણે જોઇએ તો ખરેખર આજની તારીખમાં એક માણસને એક લાખ રૂપિયા પગાર મળે છે અને બીજાને એક રૂપિયો મળતો નથી. એક એક લાખ રૂપિયા ફી ભરીને ભણે છે અને બીજાને પ્રાથમિક શાળામાં જવા માટે ચોપડા નથી. એક પાંચ લાખની ગાડીમાં ફરે છે. બીજા પાસે સાઇકલ નથી. એક માણસ પાંચ કરોડના મકાનમાં રહે છે અને બીજા પાસે રહેવા માટે ભુંગો નથી. એક પાસે ૫૪ એકરની જમીનની ટોચમર્યાદા છે એમાં એક પાસે અત્યારે હજાર એકર જમીન છે તો એક પાસે અત્યારે રહેવા માટે પ્લોટ નથી અને એક કને હજાર પ્લોટ વેચવા માટે છે. એક જણા ઘરે પશુ ચોકી માટે રાખે છે, એના માટે દસ લીટર દૂધ છે. એક ગરીબ છોકરા માટે અડધો લીટર દૂધ નથી. નમસ્કાર.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા, સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૪- ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબતનું વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું. ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ પોતાના સૂચનો આપ્યા, પોતાના મંતવ્યો રજૂ કર્યા, આ જાતિ પ્રમાણપત્રનો જે પ્રશ્ન છે એ આ વિધેયક જે લઇને આવ્યા છે, ૨૦-૨૨ વર્ષ પછી આ વિધેયક આવ્યું છે. અનુસૂચિત જાતિ, આદિજાતિ અન્ય પછાત વર્ગના જે જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે છે એના માટે જે નિયમન અથવા તો ખાતરી કરીને પછી આપવાની જે વાત છે એમાં મારે એક ખાસ વાતનું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જે જાતિના પ્રમાણપત્રો આપવામાં આવે છે એવા કિસ્સાઓમાં જેના વાલી ભણ્યા નથી, અભણ છે, જે લીવીંગ સર્ટીફીકેટ કહેવામાં આવે છે એ મુખ્ય આધાર જ્ઞાતિ પ્રમાણપત્ર માટે એ એલ.સી.ની અંદર જેનું એલ.સી. ન હોય એવા કિસ્સાઓમાં વાલીઓ ખૂબ મુશ્કેલીમાં આવતા હોય છે. એ પ્રમાણપત્ર કાઢી આપતા નથી અને એના કારણે ખૂબ તકલીફો થાય છે એનો કોઇ આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં જે જોગવાઇ આપી, બંધારણથી જે અધિકારો આપ્યા, આજે વિધાનસભાની અંદર અનુસૂચિત જાતિ, જનજાતિ, આદિજાતિના ધારાસભ્યો અત્યારે અહીં હાઉસની અંદર છે એ ડો. બાબાસાહેબ આંબેડકરે જે અધિકારો આપ્યા એના હિસાબે છે. આ જાતિના જે પ્રમાણપત્ર છે એ લીવીંગ સર્ટીફીકેટની અંદર ખાસ કરીને મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે લીવીંગ સર્ટીફીકેટની અંદર જે હરિજન શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભૂતકાળમાં એનાથી પણ નિમ્ન કક્ષાનો જે ઉલ્લેખ કરવામાં આવેલો છે એમાં સુધારા કરવા માટે આ વિધેયકની અંદર કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જેની અંદર હરિજન શબ્દને બિનસંસદીય ગણવામાં આવ્યો છે એવો પરિપત્ર પણ કાઢવામાં આવ્યો છે. તો લીવીંગ સર્ટીફીકેટ લઇને જયારે કોઇ જ્ઞાતિનું પ્રમાણપત્ર લેવા જાય છે ત્યારે જે તે અધિકારી અંદર એને હરિજન શબ્દનો ઉલ્લેખ કરતા હોય છે. એ હરિજન શબ્દ મહાત્મા ગાંધીએ આપેલો શબ્દ છે. કોઇ જ્ઞાતિ કે જાતિ નથી પણ એને જયારે બિનસંસદીય જાહેર કર્યો હોય ત્યારે એલ.સી.ની અંદર સમગ્ર ગુજરાતમાં એનો સુધારો કરવા માટે આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને જણાવું છું. ઘણા બધા રાજયોની અંદર અલગ અલગ જ્ઞાતિને જુદી જુદી માન્યતા આપવામાં આવેલી છે. આપણા રાષ્ટ્રપતિ છે એ કોળી જ્ઞાતિના છે પણ એ જે રાજયની અંદર વસવાટ કરે છે ત્યાં એનો અનુસૂચિત જાતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે તો એવા કિસ્સાની અંદર જયાં બહારના રાજયના લોકો અહીંયા વસવાટ કરતા હોય અને કાયમી વસવાટ કરવા જઇ રહ્યા હોય ત્યારે જે પ્રમાણપત્ર જ્ઞાતિનું આપવામાં આવે છે એને કઇ જાતિમાં મૂલવવું એનો કયાંય આ બિલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મહારાષ્ટ્રમાંથી જયારે ગુજરાત અલગ થયું અને જયારે મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિના લોકો વસવાટ કરવા ગયા ત્યારે એની પાસે ૧૯૫૦નો ત્યાંની સરકાર આધાર માગે છે. ત્યાં પણ ઘણી બધી મુશ્કેલીઓ ત્યાંના અનુસૂચિત જાતિના, અનુસૂચિત જનજાતિના લોકોને પડે છે. તો એના માટે પણ આ બિલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એને ત્યાં ફરજિયાત અહીંથી પ્રમાણપત્ર માગવામાં આવે છે. આ બિલ લાવવામાં આવ્યું છે એમાં માનનીય મંત્રીશ્રીએ પછાત લોકોની ચિંતા કરી છે એ બદલ હું ખૂબ ખૂબ આભાર માનું છું. ભવિષ્યમાં આવા બિલો એ ખાસ કરીને અનુસૂચિત જાતિના લોકોને નોકરી, ખાસ કરીને બેકલોગની જગ્યાઓ અંગે સરકાર ચિંતા વ્યક્ત કરે અને ખરેખર અનુસૂચિત જાતિની સરકાર ચિંતા કરતી હોય એવું પ્રમાણિત થાય એવું હું ઇચ્છું છું. આજે શુદ્ર એ માનસિકતા એ માણસની વિચારધારા છે એ કોઇ જ્ઞાતિ નથી હોતી. એના મગજમાં કોઇ જ્ઞાતિ પ્રત્યે વેરભાવ હોય, ઘૃણા હોય એવી વ્યક્તિને શુદ્ર ગણવો જોઇએ પણ અત્યારે એવી પરિસ્થિતિ છે કે અનુસૂચિત જાતિના હોય એને અનુસૂચિત જાતિમાં ગણવામાં આવે છે પણ લોકોની માનસિકતા સુધરશે નહીં ત્યાં સુધી

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

અનામત હોય કે કોઇપણ હોય એનો ખરેખર ન્યાય મળવો જોઇએ એ અનુસૂચિત જાતિના છેવાડાના લોકોને મળશે નહીં. આપણે સૌએ સાથે મળીને આ દિશામાં ચિંતા વ્યક્ત કરવી જોઇએ અને સમાજમાં સરકારે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવું જોઇએ કે ખરેખર એ લોકોને લાગે કે અનુસૂચિત જાતિની ચિંતા કરી છે. થેન્ક યુ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર લગભગ શાસક પક્ષના અને વિરોધ પક્ષના મળીને ૧૭ જેટલા ધારાસભ્યોએ ભાગ લીધો છે. સભ્યશ્રી જોષીયારાજી, પુંજાભાઇ, નરેશભાઇ, પી.ડી. વસાવાજી, ડીંડોરજી, મહેશભાઇ, જેઠાભાઇ, હિતુભાઇ, નૌશાદભાઇ, સુખરામભાઇ, કનુભાઇ, પુનાજીભાઇ, મંગળભાઇ, અલ્પેશભાઇ, જીતુભાઇ, ગેનીબેન, અનંતભાઇ, આનંદભાઇ ચૌધરી, પ્રદ્યુમનસિંહજી, પ્રવિણભાઇ, એટલે સાહેબ હવે જ્યારે જવાબ આપવાનો સમય આવ્યો છે ત્યારે મને લાગે છે કે મને ઓછામાં ઓછો દોઢ કલાક તો જોઇશે. (અંતરાય) બે કલાક આપવા પડશે. કારણ કે આજે બધા મૂડમાં છે. આજે આખું ગૃહ મૂડમાં છે. છેલ્લા દિવસે આનંદ મંગલથી બધા છૂટા પડવાના છે. (અંતરાય) કંઇ વાંધો નહીં. વડિલોની ચિંતા કરીશું. બને એટલું હું મુખ્ય મુદાઓ ઉપર ધ્યાન આપીશ. પહેલા તો એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. ના બિલમાં ગૃહ આટલું બધું બિલકુલ ઓતપ્રોત બનશે, આટલી બધી જમાવટ થશે અને ધારાસભ્યો દિલથી વાત કરશે અને તંદુરસ્ત ચર્ચાઓ કરશે, સિવાય કે અપવાદ એકાદ–બે ધારાસભ્ય પોલિટીકલ બોલ્યા હશે. પણ મોટા ભાગે બન્ને પક્ષના સભ્યશ્રીઓએ એસ.ટી. ઓ.બી.સી. અને એસ.સી. સમાજની ચિંતા કરી છે. અમને પણ કલ્પનામાં ન હતું કે આ બિલ તૈયાર કરીશું એ બિલ આટલું જબરજસ્ત બનશે. કદાચ આ સભાગૃહની અંદર જેટલા પણ બિલો આવ્યા છે એમાં સૌથી લાંબામાં લાંબી ચર્ચા આ બિલમાં થઇ છે. મને લાગે છે કે આખી રાત કાઢવી હોય તો તૈયારી છે. (અંતરાય) પરેશભાઇ સાંભળવા બેઠા છે. આનંદ એ વાતનો છે કે સમગ્ર બિલમાં આ ગૃહના એક પણ સભ્યએ કોઇ પણ કલમમાં ભૂલ કાઢવા પ્રયત્ન નથી કર્યો. ક્યાંક એકાદ–બે પ્રશ્નો પૂછ્યા છે, કદાચ સમજવામાં ભૂલ થઇ હશે, એનું ક્લેરિફિકેશન કરી દઇશ. આટલું સારું બિલ બનાવવાનો યશ એકલા ગણપતભાઇ વસાવાને આભારી નથી. અમારા લોકલાડિલા મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, અમારા પક્ષના આદિવાસી ધારાસભ્યો, સંસદસભ્યો, સમાજના લોકો, ગુજરાત સરકારના અધિકારી મિત્રોએ છેલ્લા બે મહિના કસરત કરી ત્યારે આટલું પછાત સમાજના હિતનું સારામાં સારું બિલ બન્યું છે. એ બદલ બધાનો આભાર માનું છું. બધાએ સ્વીકાર્યું પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે ચિંતાઓ વ્યક્ત કરી છે એનો જ હું માત્ર થોડો જવાબ આપી દઇશ કે દાખલો લેવાનો અને ફરી એની જ્યારે ચકાસણી કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, આ દાખલો લેવો અને ચકાસણી કરવી એ કોઇ વારંવાર નથી કરવાનું, એના કેરિયરમાં, એના સમગ્ર જીવનમાં માત્ર એક દાખલો લેવાનો છે અને એકવાર એણે પ્રમાણિત સર્ટિફિકેટની ચકાસણી કરાવી લેવાની છે. એટલે એમાં કોઇએ ચિંતા કરવાની જરૂર નથી. અહીંયા નૌશાદભાઇએ ચિંતા વ્યક્ત કરી. સાહેબ, મારે કહેવું છે કે અમે એક કલમ રાખી છે. અમે પણ સમજીએ છીએ કે આ નાના માણસો માટે કાયદો છે તો જે કાંઇ મુશ્કેલીઓ પડશે એને સુધારવા માટે આપણે ત્રણ વર્ષનો સમય રાખ્યો છે એટલે ક્યાંય કોઇ ચિંતા કરવાની જરાય જરૂર નથી. નૌશાદભાઇએ કીધું કે બિલના ઉદ્દેશો ખૂબ સારા આવકાર્ય છે. બિલમાં એમને કોઇ શંકા નથી એમનો પણ હું આભાર માનું છું. પૂંજાભાઇ વંશે ચિંતા કરી કે, ગીર–બરડાના ભરવાડ, ચારણોને જંગલમાંથી સરકાર કાઢવાના તો કોઇ પ્રયત્ન નહીં કરશે. માનનીય અધ્યક્ષશ્રી, હાલના ધોરણે આવી કોઇ વિચારણા નથી એટલે પૂંજાભાઇ આપ ચિંતામુક્ત થઇ જજો. બીજી, અમારા મહેશભાઇ વસાવાજીએ પણ બિલ ઘણું સારું છે એ વાત સ્વીકારી એમનો પણ હું આભાર માનું છું અને એમણે ચારણ, ભરવાડ અને રબારીના ભવિષ્યની ચિંતા કરવાનું સૂચન કર્યુ છે એ પણ ખૂબ સારી બાબત છે. માનનીય શૈલેષભાઇએ પણ અહીંયા શરૂઆતમાં ચિંતા કરી કે દાખલો આપનારની સજા બાબતમાં કોઇ જોગવાઇ નથી. માનનીય અધ્યક્ષશ્રી, કલમમાં જોગવાઇ થઇ જ ગઇ છે. દાખલો આપનાર જે અધિકારી હશે એને પણ ૬ મહિનાથી લઇને ૩ વર્ષ સુધીની સજા છે, એને પણ ૧૦,૦૦૦ થી લઇને ૫૦,૦૦૦ સુધીનો દંડ છે, લેનારને પણ છે અને મદદ કરનારને પણ છે, બધા માટે સરખી જ સજા છે. તમામ લોકો માટે જે કોઇ ખોટું કરશે એની સજા સરખી છે. માનનીય શૈલેષભાઇએ પોતાની આપવીતી અહીંયા આપણા બધાની સમક્ષ વ્યક્ત કરી પણ ભૂતકાળના અનેક દાખલાઓ છે કે અહીંયા જ્યારે ગૃહનો સભ્ય ચૂંટાઇને આવતો હોય છે ત્યારે એ પોતાના માટે નથી આવતો. ભૂતકાળમાં અનેક રૂલિંગો પણ છે. શક્તિસિંહભાઇના પણ આપના વખતના પોઇન્ટ ઓફ ઓર્ડર જોઇ લેજો. એક ખેડૂત ધારાસભ્યશ્રીએ માત્ર પોતાની મગફળીની વાત કરી હતી એમાં પણ પોઇન્ટ ઓફ ઓર્ડર શક્તિસિંહજીએ ઊભો કર્યો હતો કે ભાઇ, અહીંયા આપણે આપણા માટે નથી આવતા આપણે સમાજની વાત કરવાની છે. છતાં શૈલેષભાઇએ જે કાંઇ વેદનાઓ ભૂતકાળમાં વેઠી હશે પણ આપને જણાવતા આનંદ થાય છે કે, આપના ઉપર જ્યારે આ પ્રકારના આક્ષેપો થયા, કઇ પાર્ટીએ કર્યા હતા આપ તો સારી રીતે વાકેફ હશો જ કે એની પાછળ કોણ હતા? ૨૦૦૯માં તમારું પ્રમાણપત્ર માન્ય કરનાર પણ ભારતીય જનતા પાર્ટી જ હતી. ૨૦૧૦ માં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપને ન્યાય અપાવ્યો હતો. એટલે આ સરકાર ઉપર આપણે ચોક્કસ વિશ્વાસ રાખવો પડે. એ જ પ્રકારે માનનીય જોષીયારાજીએ પણ ચિંતા કરી છે અને કાયદો બનાવતી વખતે આ બિલની અંદર વિજિલન્સનો કેમ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો? જોષીયારાજી અમે જ્યારે કાયદો બનાવતા હતા ત્યારે વિજિલન્સની અનેકવાર ચર્ચાઓ કરી છે અને એ જ વખતે નક્કી કર્યુ હતું કે નિયમો બનાવતી વખતે એમાં વિજિલન્સનો ઉલ્લેખ કરી દેવામાં આવશે એટલે એમાં આપે પણ નિશ્ચિત રહેવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે જોષીયારાજીએ ઘણી બધી અન્ય ચિંતાઓ પણ કરી છે એનો પણ હું જવાબ આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અમારા પી. ડી. વસાવાજીએ પણ આદિવાસી સમાજની ચિંતા કરી છે અને બિલને ટેકો આપ્યો છે. એમણે ચિંતા વ્યક્ત કરી કે આ જે તપાસ સમિતિ છે એમાં કોઇ આદિવાસી છે કે કેમ? હમણા જે સ્ટેટની વિશ્લેષણ કમિટી છે એમાં પણ એક આદિવાસી અધિકારી આપણે મૂકયા છે એટલે એમાં બહુ ચિંતા કરવાની જરૂર નથી. અમારા સુખરામભાઇ લગભગ વિધાનસભા ચાલુ થઇ ત્યારના ટેન્શનમાં છે. સુખરામભાઇ, આપને હું જણાવવા માગું છું કે આ સરકાર કયારેય પણ સાચાને અન્યાય નહીં કરે પણ વાત એટલી માનવી પડશે કે ખોટાને પણ આ દાખલા આપવામાં નહીં આવે. સાચાને અન્યાય ન થાય એ જોવાનું કામ આપણું છે અને અત્યાર સુધી હજુ તો કાયદો બન્યો નથી ત્યારથી ડેલીગેશનો લઇને લોકો મળવા આવે છે અને સુખરામભાઇ અહીંયા સાક્ષી બેઠા છે. રાજય સરકારે ખુલ્લા મને ત્રણ ત્રણ વાર બેઠકો કરી છે એટલે સાચાએ કયારેય પણ કોઇ રીતે ગભરાવાની જરૂર નથી પણ ખોટા માટે કયારેય કોઇ આંદોલન કરવાની વાત કરતા હોય તો એ ધારાસભ્ય તરીકે આપણને શોભતું નથી. જયારે આપણે બધાના અધિકારોની ચિંતા

કરવાની વાત કરતા હોઇએ ત્યારે આપણી વાત આવે, આપણા સમાજની વાત આવે, આપણા જિલ્લાની વાત આવે ત્યારે આપણે એમ કહીએ કે અમે આંદોલન કરીશું તો એ કેટલા અંશે વ્યાજબી છે? એક ધારાસભ્ય તરીકે આપણે વિચારી લેવું જોઇએ કારણ કે ઘણાબધા ધારાસભ્યશ્રીના મંતવ્યમાં મને લાગે છે ત્યાં સુધી કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટતા કરી શકતી નથી કે બિલ બાબતમાં શું કહેવા માગે છે. અમારા જીતુભાઇએ પણ બોર્ડર વિસ્તારના ધારાસભ્ય છે એમનું કહેવું છે કે મહારાષ્ટ્રની આદિવાસી દીકરીઓ પરણીને આવે છે, અહીંયા ચૂંટણી લડી શકતી નથી, એને અધિકારો મળી શકતા નથી. સરકારી નિયમોમાં જોગવાઇ છે કે ત્યાંની દીકરીઓ અહીંયા પરણીને આવી હોય તો એને સેન્ટ્રલ ગવર્મેન્ટનો લાભ મળે, પોતાના રાજયમાં એને લાભ મળે પણ અહીંયા આપણે લાભ આપી શકતા નથી. આ આપણા કાયદાકીય નિયમોમાં જોગવાઇ છે. છતાં આપની જે ચિંતા છે આપણે ફરી એક વખત સાથે મળીને વિચારી લઇશું. જીતુભાઇએ બીજી પણ ચિંતા કરી કે આ જે સમિતિ છે એ સમિતિ કોઇ રાજકીય રંગમાં ન રંગાય એ જોવાની જરૂર પણ આપણા બધાની છે અને એટલા માટે કોઇ રાજકીય વ્યકિતની આમાં આપણે કયારેય પણ નિમણૂક કરી શકતા નથી કારણ કે આ દાખલાઓની બહુ સેન્સીટીવ બાબત છે. અમારા ગેનીબહેને પણ દાખલાઓની ચિંતા કરી છે. માધવસિંહભાઇના વખાણ કરતા હતા એટલામાં આપે પ્રવચન ટુંકાવી દીધું. એ જ પ્રમાણે અહીંયા અમારા ધારાસભ્યશ્રી અનંતકુમાર પટેલ મને આમ તો મોટાભાઇ કહે છે અને અગાઉ પણ મેં કીધું હતું કે મારા પ્રભારી જિલ્લાના ધારાસભ્યશ્રી છે. નવા ધારાસભ્યશ્રીએ મને મોટાભાઇ કીધું છે તો મોટાભાઇ તરીકે નાનાભાઇને એટલી સલાહ આપું છું કે હજુ ઘણુબધું વિધાનસભામાં એમણે  શીખવાનું બાકી છે. પોતે શિક્ષક છે એટલે મને એમ હતું કે આ કાયદાનો અભ્યાસ કરીને માનનીય આનંદભાઇ અહીંયા સારી વાતો રજૂ કરશે. શરૂશરૂમાં તો સારી વાતો રજૂ કરતા હતા. છેલ્લે ૨-૩ બેઠકથી પોલીટીકલી વાતો કરતા થઇ ગયા છે પણ પાણી પહેલા પાળ બાંધવાની વાત એ ભૂતકાળની સરકારોમાં જયારે ૧૯૫૬ માં કોને કોને આદિવાસી જાહેર કર્યા ત્યારે ખરેખર કોંગ્રેસની સરકારમાં પાણી પહેલા પાળ બાંધવાની જરૂર હતી. કલમો બરાબર વાંચી હોય એવું મને, એમને વિનંતી કરું છું કે ફરી કલમો વાંચી લે એમણે જે ચિંતા કરી છે નવા અને જુનાની મેં પહેલા જ સ્પષ્ટતા કરી છે કે આ કાયદાની અંદર જુના પણ આવી જશે, નવા પણ આવી જશે અને જુના માટે પણ એટલી જ સજા છે અને નવા માટે પણ એટલી જ સજા છે એટલે આપણે કોઇના હાથા બનવાની જરૂર નથી, કોઇને બચાવવા માટે આપણે કાંઇ કરવાની જરૂર નથી. જે સાચું હોય એ જ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરશે. છેલ્લા બે પ્રવચનોથી આનંદભાઇ બીજો પણ એક વિષય કાયમ મૂકતા હોય છે કે પાંચમી શીડયૂલ અને છઠ્ઠી શીડયૂલની અમલવારી ગુજરાતમાં કેમ થતી નથી? મને લાગે છે કે આના ઉપર પણ એકાદ કલાકની ચર્ચા (અંતરાય) ચર્ચા રાખવી જોઇએ, જેથી ગૃહના સભ્યશ્રીઓને સાચી માહિતીથી માહિતગાર કરી શકાય. એમણે વાત કરી છે. પાંચમાં શિડ્યુઅલ અને ૬ઠ્ઠા શિડ્યુઅલની. પાંચમાં શિડ્યુઅલમાં આંધ્રપ્રદેશ આવે છે, ઝારખંડ આવે છે, ગુજરાત આવે છે, હિમાચલ આવે છે, મધ્યપ્રદેશ આવે છે, છત્તીસગઢ આવે છે, ઓરિસ્સા આવે છે, રાજસ્થાન આવે છે અને તેલંગણા આવે છે. જે ૬ઠ્ઠા શિડ્યુઅલની વાત થઇ છે એ તો માત્ર ૪ રાજ્યો માટે છેઃ આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ. બંધારણનો સારી રીતે અભ્યાસ કરી લે તેવી મારા નાના ભાઇને સલાહ છે. પુનાજીભાઇએ પણ આ બિલની અંદર બિલનો આશય ખૂબ સારો છે તેમ સ્વીકાર્યું, તે બદલ પુનાજીભાઇનો આભાર માનું છું. તકલીફ, શંકા વ્યક્ત કરી છે. મેં કહ્યું તેમ ૩ વર્ષ સુધી આપણને તક છે. તકલીફ જે કઇ હશે. પુનાજીભાઇ, સુધારવા માટે આપણી પાસે પૂરતો સમય છે. મંગળભાઇએ પણ આ બિલને આવકારીને કહ્યું કે અમારા આદિવાસીના દાખલાની ખરાઇ શા માટે કરવાની હોય? આ તો જડમૂળથી રોગ છે, એનું નિદાન કરવાનો આ એક માત્ર ઉપાય છે. એમાં આપણે બધા ન જોડાઇશું તો આની આ જ સમસ્યા ચાલતી રહેશે. ગુજરાતમાં જે સાચા હકદારો છે, એમને અન્યાય થશે, એટલા માટે આ કોઇ પહેલું સ્ટેટ નથી. કેરાલાએ કાયદો પસાર કર્યો છે, આંધ્રપ્રદેશે પણ કાયદો પસાર કર્યો છે, તેલંગણાએ પણ કાયદો પસાર કર્યો છે, મહારાષ્ટ્રએ પણ કાયદો પસાર કર્યો છે. એટલે આદિવાસી સમાજના હિતમાં કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ના હિતમાં થયેલ છે. અલ્પેશભાઇએ પણ આ બિલ ઉપર થોડી ચર્ચા કરી છે. એમણે વાત કરી કે ઓ.બી.સી. ને ૨૭ ટકા રિઝર્વેશન મળવું જોઇએ, પણ લોકસભા, વિધાનસભાનો રિઝર્વેશનનો  મુદો એ આપણી ગુજરાત સરકારને લાગુ પડતો નથી. એમણે કહ્યું કે ધોરણ-૧૦ માં ૧૨ માના સર્ટીમાં લાંબી લાઇનો લાગે છે. આપણી બધાની ફરજ છે કે બાળકનો જન્મ થાય ત્યાં સુધી, કોલેજમાં જાય ત્યાં સુધી શું કામ રાહ જોવાની? આખી જિંદગીમાં એક વાર દાખલો લેવાનો અને એકવાર ચકાસણી કરાવવાની છે. તો એમાં આપણને કયાંય પણ મુશ્કેલી ન હોવી જોઇએ. આપણે બધાએ જાગૃત બનવું પડશે, જેથી કરીને ખોટા લોકો અંદર ન આવે. એમણે વાત કરી કે આદિવાસીની જમીનો છીનવવામાં આવે છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે આપનું સ્ટેન્ડ વિધાનસભામાં કિલયર હોવું જોઇએ. આપના પક્ષના જ ધારાસભ્યશ્રીઓ આ વિધાનસભામાં ઊભા થઇને એમ કહે છે કે અમને ૭૩એએ ની મંજૂરી આપો. ૭૩એએ અમારાથી કાઢી નાખો. (અંતરાય) બધુ રેકર્ડ ઉપર છે. અહીયા ચર્ચા થઇ છે. નરેશભાઇએ તો ઊભા થઇને ચર્ચા કરી હતી. આપણે બે નીતિ ન રાખવી જોઇએ. ૭૩એએ આપણે ક્યારેય પણ આ ગુજરાતમાંથી ભારતીય જનતા પાર્ટીની સરકારે..

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી એક મિનિટ. શું છે આનંદભાઇ?

શ્રી આનંદભાઇ  મો. ચૌધરી :  માનનીય મંત્રીશ્રી જે નિવેદન કરે છે તે અમારા અશ્વિનભાઇએ કહ્યું હતું કે સ્વ ઉપાર્જિત જગ્યા શહેરોમાં કદાચ પ્લોટ લીધો હોય હોય એના માટેની વાત હતી. એટલે ખોટો રેકર્ડ ન થાય એના માટે.

શ્રી ગણપતસિંહ  વે. વસાવા :  ખોટો રેકર્ડ નહિ, આનંદભાઇ. એક વખત કાણું પાડો એટલે બધું જતું જ રહે. ફરી આદિવાસીઓને લંગોટીમાં લાવવા છે? ફરી આદિવાસીને લંગોટીમાં લાવવા હોય તો બધા મળીને નિર્ણય કરો? પછી એક ધારાસભ્યશ્રી એમ કહે કે આદિવાસીની જમીન છીનવાઇ જાય છે. કોંગ્રેસના એક ધારાસભ્યશ્રી એમ કહે કે અમને શહેરોમાં છુટછાટ આપો. તો આવી બધી બાબતોની તક લઇને આદિવાસીની કરોડોની મિલકતો શહેરમાં પડી છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની વાત ખૂબ સરસ રીતે આગળ વધી રહી છે. અશ્વિનભાઇએ આ ગૃહમાં વાત કરી ત્યારે હું પણ હાજર હતો. આદિવાસી આદિવાસી જ રહે તેવું ગુજરાત કયારેય નહીં ઇચ્છે. તે શહેરમાં આવે, ખૂબ સમૃદ્ધ થાય અને સ્વપાર્જિત મિલકતો વેચવામાં તેને અગવડતાઓ ઉભી થાય છે તો આવી અગવડતાઓમાં સગવડતા ઉભી કરવા માટે તેમણે ગૃહમાં સૂચન કર્યુ હતું. ૭૩-એએ તે મૂળ જમીનના માલિક જે આદિવાસીઓ છે તેની જમીન કોઇ છીનવી ન જાય તે શુભ આશયથી બંધારણની

અંદર જોગવાઇ કરીને કલમ લાવ્યા હતા. એટલે મારી વિનંતી છે કે આમાં પણ સકારાત્મક લે અને જે આદિવાસી સમૃદ્ધ થયો છે અને તેની મિલકતમાં કાયદાથી તેને જ અડચણ ઉભી થાય છે તો આ અંગે આપ સકારાત્મક લો અને આવતા દિવસોમાં બધા સાથે મળીને વિચારીએ તો વધું સારુ થશે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીને વિનંતી એટલી છે કે, આદિવાસી પાસે જમીન હોય એટલે ૭૩–એએ લગાડવી જ પડે. અત્યારે આદિવાસીઓની જમીનની કિંમત કરોડો રૂપિયાની છે. અમારા આદિવાસી સમાજને જો આવી છૂટછાટ આપવામાં આવશે અને જો તેને સામે મોટી રકમો દેખાશે તો કદાચ એક પેઢી સુખી રહેશે અને બીજી પેઢીએ તો તે લંગોટી પર આવી જાય. એટલે આ વાત વિધાનસભામાં પણ નહીં અને બહાર પણ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, હું તો અધ્યક્ષ હતો ત્યારે પહેલીવાર અધ્યક્ષ બન્યા પછી મેં જાહેરમાં નર્મદા જિલ્લામાં એલાન કર્યુ હતું કે, જયાં સુધી હું વિધાનસભાનો અધ્યક્ષ છું ત્યાં સુધી ૭૩–એએ ના કાયદામાં કોઇ ફેરફાર રાજય સરકાર કરશે નહીં. આજે પણ એ જ મતનો છું કે, જયાં સુધી હું ગુજરાતમાં આ સરકારની અંદર છું ત્યાં સુધી ૭૩–એએ હટાવવાની કયારેય હું મંજૂરી આપી શકીશ નહીં. કારણ કે આમાં આદિવાસી સમાજનું અહિત છે.

અધ્યક્ષશ્રી : આમાં દલીલ ન હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દલીલ નહીં. આમાં સાહેબ ૭૩–એએ હટાવવાની વાત નથી. હું ફરી વખત કહું છું કે, ૭૩–એએ હટાવવાની વાત નથી પણ જે લોકોએ સ્વપાર્જિત મિલકત લીધી છે તે સમાજનો સુખી માણસ છે તેની અગવડતાને લઇને રજૂઆત થઇ હતી. એટલે માનનીય મંત્રીશ્રી તેને બીજી રીતે રજૂ ન કરે એટલી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ સૂચન છે. સૂચનમાં ધ્યાન આપજો એટલું જ કહેવું છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન કરતાં....

શ્રી પરેશ ધાનાણી : ૭૩–એએ રદ કરવાની માગણી નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, બહુ ગંભીર મુદ્દો માનનીય વિપક્ષના નેતાશ્રી ઉપસ્થિત કરી રહ્યા છે. સ્વપાર્જિત જમીનો હોય કે પાછળથી વસાવેલી જમીનો હોય. આદિવાસીઓ એટલે ૭૩–એએ લગાડવામાં આવે જ.

અધ્યક્ષશ્રી : અત્યારે આ અસંગત વાત છે આગળ ચાલો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : તેમાં હું કયારેય પણ સંમત થવાનો નથી. અમારા આનંદભાઇ ચૌધરીએ સૂચન કર્યુ છે, આદિવાસી સમાજનો વિકાસ થયો નથી, આદિવાસી સમાજ પછાત છે. આનંદભાઇ અમે તો છેલ્લા ૨૨ વર્ષથી આવ્યા અને કેન્દ્રમાં તો હજું હમણાં આવ્યા. અહીં ગુજરાતમાં આપની ૪૦–૪૦ વર્ષ સરકારો હતી, ૬૦–૬૦ વર્ષ સરકારો તમારી કેન્દ્રમાં હતી તો આપે ધાર્યુ હોત તો ઘણું બધું કરાવી શક્યા હોત. અમારા પ્રવિણભાઇએ સારું પોઝિટીવ સૂચન કર્યુ છે કે અભણ મા–બાપ છે તેને જાતિના દાખલાઓ કઇ પ્રકારે આપવામાં આવશે? જયારે નિયમ બનાવવામાં આવશે ત્યારે આ બધી જ બાબતોની ચિંતા કરીને આ નિયમો તૈયાર કરીશું. કેટલીક બાબતો સુપ્રીમ કોર્ટને આધીન હોય એટલે અહીં ચર્ચા નહીં થઇ. તેને છેડવામાં આવી કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. માટે એટ્રોસિટીનો એકટ. હું તેની ચર્ચા નથી કરતો પણ આ ગૃહના બધા જ સભ્યશ્રીઓને જણાવવા માગુ છું કે સમગ્ર ભારત દેશમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના અધિકારો માટે રક્ષણ કરવાનું કોઇ પાર્ટીએ કામ કર્યુ હોય તો માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. ૧૯૫૦થી એસ.સી., એસ.ટી.ને અનામત મળી ગઇ, ૧૯૭૮ થી બક્ષીપંચને અનામત મળી ગઇ. ઓ.બી.સી. માટે લગભગ સૌ પ્રથમ તો અનામત ગુજરાતમાં જયારે લગાડવામાં આવી ત્યારે ભારતીય જનતા પાર્ટીના અમારા પૂર્વ અવતારો જનસંઘ જેવા હતા તેમની બધાની મહેનત આ ઓ.બી.સી.ને અનામત અપાવવા માટે છે. જનતા મોરચાની સરકારમાં અમારા સ્વ.શ્રી મકરંદભાઇ દેસાઇ ઉદ્યોગ મંત્રી હતા, વીજળી મંત્રી હતા, કેશુભાઇ પટેલ બાંધકામ મંત્રી હતા અને અનેક મંત્રીઓ જનસંઘના તે સરકારમાં હતા. તેમણે બક્ષીપંચને અનામત અપાવવા માટે તે વખતે જોરદાર ભૂમિકા ભજવી હતી તે આજે પણ સરકારની ફાઇલોમાં ઉપલબ્ધ છે. એ પ્રમાણે અમારા ગેનીબેને માધવસિંહભાઇને અભિનંદન આપવાનો પ્રયત્ન કર્યો સમયના અભાવે બોલી નહીં શક્યા. માનનીય અધ્યક્ષશ્રી, એમના પહેલા માધવસિંહ સોલંકી સાહેબના પહેલા જ ગુજરાતમાં ૧૦ ટકા અનામત આ સરકારોએ આપી હતી. માધવસિંહભાઇ મુખ્ય મંત્રી બન્યા પછી એમણે ૧૦ ટકાથી ૧૮ ટકા અનામત કરવાનો નિર્ણય એમની સરકારે કર્યો. તાળીઓ પાડો ભાઇ કોંગ્રેસના મિત્રો, તાળીઓ તો પાડો વિપક્ષના નેતાશ્રી, એમને સાચી વાત કરીએ છીએ તો પણ તાળી નથી પાડતા, પાટલી થપથપાઓ ચાલો. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે જણાવવું પડે છે કે, માનનીય માધવસિંહ સોલંકી સાહેબે જે ૧૦ ટકાથી ૧૮ ટકા અનામત વધારવાનો નિર્ણય કર્યો હતો એમાં કેટલાક રાજકીય પાર્ટીના આગેવાનો એ કોણ હતા મારે નામ જાહેર નથી કરવા પણ એની વિરૂદ્ધમાં આખા ગુજરાતમાં આંદોલન કર્યું અને ૧૦ ટકાના ૧૮ ટકા કર્યા હતા એ નિર્ણય માધવસિંહ સોલંકી સાહેબે પાછો ખેંચવો પડેલો. આ ઇતિહાસ થોડો જાણવા જેવો છે. એ જ પ્રમાણે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં અહીંયા બધી એવી વાત રજૂ કરવામાં આવી કે જાણે ભારતીય જનતા પાર્ટી જ બધી જ્ઞાતિઓને હેરાન કરે છે, કોંગ્રેસે બધું સારું સારું જ કર્યું છે. છેલ્લા ત્રણ ચાર વર્ષથી ગુજરાતમાં જ્ઞાતિ પ્રમાણેના જે આંદોલનો થયા એ આંદોલનોમાં એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના અધિકારો માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર હિમાલયની જેમ અડીખમ ઉભી હતી. એક ટકાનો પણ એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના અધિકારો પર તરાપ મારવાનો પ્રયત્ન નથી કર્યો, અમે એક ટકો અનામત ઘટાડી નથી છેલ્લા આ આંદોલનો થયા છતાં અને બિન અનામત આયોગની અમે રચના કરીને એમના માટે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કામ કરવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસમાં આપણે એક નજર નાંખીશું તો ઓ.બી.સી. માટેની જે અનામતની જોગવાઇ કરવામાં આવી એમાં પણ વિપક્ષના મિત્રોની પાર્ટીની ભૂમિકા એટલી બધી સારી ન હતી. મંડલ કમિશન ૧૯૭૮માં મોરારજીભાઇ દેસાઇની સરકારે એની રચના કરી હતી, ભાજપ એ વખતે જનસંઘ તરીકે આ જનતા પાર્ટીમાં વિલિન થયો હતો અને ભાજપની મુખ્ય ભાગીદારી હતી ત્યારે અમારા અટલબિહારી વાજપેયીજી વિદેશ મંત્રી હતા, અડવાણીજી પ્રસારણ મંત્રી હતા અને બીજા અનેક મંત્રીઓ મોરારજીભાઇ દેસાઇની સરકારમાં હતા. ઓ.બી.સી. માટેના મંડલ કમિશને ૧૯૮૦માં તે વખતની ઇન્દિરાજીની સરકારમાં આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો અને ૧૦ વરસ સુધી મંડલ કમિશનનો રિપોર્ટ એ કોંગ્રેસની સરકારોમાં ધૂળ ખાતો પડ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના સમર્થનવાળી

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

# ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

કેન્દ્રમાં વી.પી.સિંહની સરકાર આવી ઓ.બી.સી.ની ૨૭ ટકા અનામત નીતિનો અમલ કર્યો અલબત, આ ૨૭ ટકા અનામત સામે અનામત વિરોધી આંદોલનો થયા. સુપ્રિમ કોર્ટમાં ઇન્દ્રાણી સહાયનો કેસ દાખલ થતા તેમાં લગભગ બધા જ રાજ્યો પક્ષકાર તરીકે જોડાયા અને ૧૯૯૨માં ચૂકાદા પછી સમગ્ર ભારતમાં ૨૭ ટકા અને ગુજરાતમાં પણ ૨૭ ટકા અનામતનો અમલ કરવાનું વી.પી.સિંહજીની સરકારમાં શરૂ થયું. માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ની અનામતના અધિકારો ઉપર જયારે આ હું બિલ લઇને આવ્યો છું ત્યારે મારે કહેવું છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના અનામતમાં હરહંમેશ પ્રજાની સાથે ઉભી રહી છે. ૧૯૯૫માં સુપ્રિમ કોર્ટમાં યુનિયન ઓફ ઇન્ડિયા વિ. વિરપાલસિંહ ચૌહાણનો ચૂકાદો આવ્યો ત્યાર બાદ ફરી ૧૯૯૬માં અજીતસિંહ જનુજા વિ. સ્ટેટ ઓફ પંજાબનો ચૂકાદો આવ્યો જેમાં એસ.ટી. એસ.સી.ના કર્મચારીઓને બઢતી મળતી હતી કોન્સ્ટીટ્યુશનલ સિનિયોરીટી એ નાબૂદ કરવામાં આવી. આ ચુકાદાના અમલ માટે તત્કાલિન વડાપ્રધાન દેવગોડાજીએ ભારત સરકારના ૧૯૯૭માં ઓર્ડર કરીને તેનો અમલ કરવાનો શરૂ કર્યો અને એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના અધિકારીઓને નુકસાન થયુ. સુપ્રીમ કોર્ટના આ બન્ને ચૂકાદાઓને ૧૯૯૭ના હુકમથી રદબાતલ કરવા માટે અટલ બિહાર બાજપાઇજીની સરકારે ૧૯૮૫માં બંધારણીય સુધારો લાવીને મૂળભૂત અધિકારોના આર્ટીકલ ૧૬માં સુધારો કરીને કરોડો એસ.ટી., એસ.સી. ના લોકોના આ અધિકારીઓને તે વખતે પણ ન્યાય અપાવ્યો હતો. તેનાથી આગળ વાત કરુ ૧૯૯૦માં સંસદમાં ૬૫મો બંધારણીય સુધારો પસાર કરવામાં આવેલો. તે પહેલાં બંધારણના આર્ટીકલ-૩૩૮માં એસ.ટી., એસ.સી.ના સેફગાર્ડ માટે માત્ર એક અધિકારીથી બનેલું કમિશન કોંગ્રેસની સરકારમાં કામ કરતુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ટેકાવાળી વી.પી.સિંહની સરકાર આવી એમાં ૬૫મો બંધારણીય સુધારો લાવીને જૂના આર્ટીકલમાં ૩૩૮ બદલીને તેની જગ્યાએ નેશનલ કમિશન ફોર એસ.ટી., એસ.સી.બનાવીને બંધારણીય અને અન્ય કાયદામાં મૂકેલા એસ.ટી., એસ.સી.ના અધિકારોના જોગવાઇ માટે બંધારણીય દરજ્જાવાળુ આ કમિશન આપવાની જોગવાઇ પણ આ વી.પી.સિંહની સરકારમાં થઇ. ભારતીય જનતા પાર્ટી એનાથી પણ આગળ વધી અટલ બિહારી બાજપાઇજી અમારા વડાપ્રધાન બન્યાં ૨૦૦૩માં બંધારણીય આર્ટીકલ-૩૩૮માં ઉમેરીને એસ.ટી., એસ.સી. માટે સંયુકત કમિશન હતું બન્ને કમિશનો અલગ કર્યા અને લગભગ સમગ્ર દેશના એસ.સી.,એસ.ટી.ના કરોડો લોકોના ન્યાય સાચવવા માટે એસ.સી., એસ.ટી. કમિશનો જુદા પાડયા. ૧૯૯૨માં નવ ન્યાયાધિશોની બેંચોએ આપેલા સુપ્રીમ કોર્ટનો જે ચૂકાદો હતો ઇન્દ્રાણી સહાય વિરુદ્ધ ભારત સરકાર ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે કેરી ફોરવર્ડ કરેલી જગ્યાઓ સહિત જે તે એક વર્ષમાં ભરવાની થતી જગ્યાઓ ૫૦ ટકા કરતા વધવી ના જોઇએ. આ ચૂકાદાનો અમલ કરવા માટે એ વખતના વડાપ્રધાન આઇ. કે. ગુજરાલે ૧૯૯૭માં હુકમ કરીને ૫૦ ટકાની ગણતરીની આગળની વર્ષોની કેરી ફોરવર્ડ જગ્યાઓ આગળ ગણવાનું નક્કી કર્યુ અને આ લોકોને નુકસાન થયુ. આ અન્યાય પણ દૂર કરવા માટે અટલ બિહારી બાજપાઇજીની સરકાર ૨૦૦૦માં ૮૧મો બંધારણમાં સુધારો કરીને ૫૦ ટકા ગણતરી માટે આગલા વર્ષોની કેરી ફે◌ારવર્ડ થયેલી જગ્યાઓ ગણતરીમાં નહીં લેવાય તેવો બંધારણીય સુધારો કર્યો અને એસ.સી. અને એસ.ટી.ના સમાજને ન્યાય આપવાનું કામ એ વખતે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ પછાત જ્ઞાતિના જે લોકો છે તેના માટે કેટલુ કમિટમેન્ટ છે, તેના માટે કેટલી ચિંતા કરે છે તેના ઉત્તમ ઉદાહરણો આજે મેં અહીંયા રજૂ કર્યા છે. મને કહેતા ખૂબ દુઃખ થાય છે કે, અહીંયા જે કોઇ ચર્ચાઓ થઇ બધાને એમ જ હતુ કે આ તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. અહીંયા આ જે ખોટાં દાખલાઓનો આક્ષેપ અમારી ઉપર કરવામાં આવ્યો પણ સામેના એક પણ વિરોધપક્ષના ધારાસભ્યશ્રીએ એવો સ્વીકાર નથી કર્યો કે ૧૯૫૬માં જવાહરલાલ નહેરૂ જયારે વડાપ્રધાન હતા અને દેશમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ બધાને આદિવાસીમાં ગણવા એ રીતના એ વખતના પ્રેસિડેન્શીયલ ઓર્ડરમાં ઉલ્લેખ થયો હતો. અહીંયા જોષીયારાજીએ મને ખૂબ દુઃખ થયુ કે વર્ષો વીતી ગયા પછી આજે જોષીયારાજીએ મલકાન સમિતિની ટીકા કરી છે. એ વખતે કોંગ્રેસની સરકારોમાં જયારે આ કમિટીની રચના થઇ એ વખતે જોષીયારાજીએ ટીકા કરી હોત તો આજે જોષીયારાજીને અભિનંદન આપ્યાં હોત (અંતરાય) ખે◌ાટું એ ખોટું પણ તમારે ત્યારે કહેવાની જરૂર હતી અને એ વખતે તો ઘટનાઓ એવી બની હતી કે એક જે.એમ.મલકાન નિવૃત્ત સંયુકત સમાજ કલ્યાણ અધિકારીને મલકાન સમિતિના નામે ૧૯૯૩માં ચીમનભાઇ પટેલ સાહેબની સરકાર આપણાં વિપક્ષના નેતા ભૂતકાળના મોહનસિંહભાઇ રાઠવા આદિજાતિ મંત્રી હતા અને એ વખતે મલકાન સમિતિની રચના થઇ એ વખતે રીપોર્ટમાં લખ્યું છે કે, વિગત દર્શક કાર્ડ આપવા માટે એટલું બધું દબાણ હતું કે, વિગત દર્શક કાર્ડ મેળવવા માટે સૌરાષ્ટ્રની અંદર લોકોએ પડાપડી કરી. આખા કમિશને પાછું ગાંધીનગર આવતું રહેવું પડ્યું અને બાકીનું કામ અહીંની ઓફિસમાં બેસીને પતાવવું પડ્યું. એ વખતે ૧૯૯૩-૯૪માં ૧૫,૦૦૦ કરતાં વધારે વિગત દર્શક કાર્ડ આપી દેવામાં આવ્યા. એ વખતે ટીકા કરી હોત તો મને યોગ્ય લાગ્યું હોત. આનાથી આગળ વાત કરું તો કોંગ્રેસ સરકારમાં કયા જિલ્લામાં કોણ ગયા હતા એનો હું ઉલ્લેખ કરવા માગતો નથી પણ સભ્યો કોણ હતા એ ચોક્કસ કહેવા માગું છું. મોહનસિંહ રાઠવા, ડો.મોહનસિંહ ભમ્મર, ગીતાબેન મછાર, બચુભાઇ કિશોરી, ડો.અરવિંદભાઇ બ્રહ્મભટ્ટ એક જિલ્લામાં ગયા અને એમણે કહ્યું કે, આ તો બધા આદિવાસી જેવા જ લાગે છે. આ બધાને આદિવાસી બનાવી દેવા જોઇએ. ડો.અરવિંદભાઇ બ્રહ્મભટ્ટે આ અહેવાલનો વિરોધ કર્યો.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જે સભ્યો હાજર નથી એનો ઉલ્લેખ ન કરી શકાય. મારી વિનંતી છે કે આ સભ્યોના નામ રદ કરવામાં આવે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નામનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે આ દાખલાઓ સાથે જોડાયેલ બાબત છે.

અધ્યક્ષશ્રી : જરૂર ના હોય તો રહેવા દો.

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવું એટલું જ છે કે એ જિલ્લામાં અન્ય જ્ઞાતિની વસતિ ૩૦ ટકા ઘટી ગઇ અને આદિવાસી જ્ઞાતિની વસતિ અચાનક ૫૩ ટકા વધી ગઇ. આ બધા નિર્ણયો સરકારમાં કરવામાં આવ્યા. એનાથી આગળ વાત કરું તો જે પ્રકારની ઘટના બની એનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો અને અમારા આનંદ ભાઇએ તો કીધું કે કદાચ મારી શોકસભાનો અહીંયા ઠરાવ કરવો પડ્યો હોત.

અધ્યક્ષશ્રી : અત્યારે એ વાત રહેતી નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, એ તો અમારા જિલ્લાના છે અને મારા સારા મિત્ર પણ છે. એમણે મારી ચિંતા માટે જ કહ્યું હશે. આમ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જે આદિવાસીઓનો વિકાસ થઇ રહ્યો છે એના કારણે ઘણી બધી રાજકીય પાર્ટીના લોકોના *(×××) મારા શબ્દો કાઢી નાખું છું.

અધ્યક્ષશ્રી : કોઇ પાર્ટીનું નામ નથી આવતું ત્યાં સુધી વાંધો નથી. *(×××) એ શબ્દો કાઢી નાખું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : તમને આ શબ્દોમાં તકલીફ હોય તો એ પણ કાઢી નાખું છું. આ ચૂંટણીની અંદર અમને બધાને ટાર્ગેટ બનાવવામાં આવ્યા કે દાખલાનો ઇશ્યુ એટલો બધો ચલાવો કે જાણે ભારતીય જનતા પાર્ટીએ જ આપ્યા હોય અને અમને બધાને ટાર્ગેટ કરવામાં આવ્યા. આ મોહનભાઇની સામે ગુજરાતના પ્રદેશ અધ્યક્ષને ઊભા કરવામાં આવ્યા. ખરેખર તો મેં ભાષણમાં કીધું હતું કે, ભાઇ મેં તો આદિવાસી સમાજની એટલી બધી સેવા કરી છે તો કોંગ્રેસના મિત્રોને જાહેર સંમેલનમાં એમ કીધું હતું કે મારી સામે નબળો ઉમેદવાર ન મૂકતા. મારી સામે તમે તુષારભાઇ ચૌધરીને મૂકજો *(×××) (અંતરાય) મારા શબ્દો કાઢી નાખું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમની માફી મંગાવો.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. (અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. હવે તો શાંત થાઓ. મારા બિલ ઉપર એટલી લાંબી ચર્ચા ચાલી છે કે, એનો જવાબ ના આપું તો ઇતિહાસ અધૂરો રહી જાય. આ બધું તો રેકર્ડમાં રહેતું હોય છે. ચૂંટણીનો પ્રચાર કરવા માટે હું એક ગામમાં ગયો. હું એક ગામમાં પ્રચાર માટે ગયો, ત્યાં પણ પથ્થરમારો થયો. મારી એક સભા હતી તો એમાં ઇંડા ફેંકવામાં આવ્યાં, પણ આદિવાસી સમાજ માટે અમે જે કામ કર્યું છે અને ચૂંટણી જીતવા માટે કામ કરવાં પડે, લોકોના દિલ જીતવાં પડે. કોઇ ઇંડા ફેંકવાથી અને પથ્થર ફેંકવાથી ચૂંટણીઓ જીતી શકાતી નથી અને સામેવાળા મિત્રોની છાતી ઉપર બેસીને ૪૧,૦૦૦ વોટથી જીતીને આવ્યો છું. ઇંટનો જવાબ પથ્થરથી નહીં પણ પથ્થરનો જવાબ પરોપકારીથી કામ કરવાવાળી અમારી પાર્ટી છે અને હજુ પણ આવનારા દિવસોમાં આદિવાસી સમાજ માટે, પછાત સમાજ માટે અંતિમ શ્વાસ સુધી કામ કરવાનું અમારી ભારતીય જનતા પાર્ટીનું કામ છે એને અમે વધારતા રહીશું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રોને મારી વિનંતી છે કે, આટલી બધી ચર્ચાઓ થઇ છે, બધાયે કાયદો પસંદ કર્યો છે. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., આ આદિવાસી વિસ્તાર, દલિત સમાજ, પછાત સમાજો માટેનું આ ખૂબ મોટું કાર્ય કરવા જઇ રહ્યા છીએ અને આપણે બધાય એના સાક્ષી બનવાના છીએ કે આવનારી પેઢી આપણને યાદ કરવાની છે અને માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇની વાત સાચી છે કે, આજે સમગ્ર ગુજરાતનો અમારો આદિવાસી સમાજ આ કાયદો સાંભળવા માટે ગામેગામ, જિલ્લાઓમાં બેઠો છે અને કોંગ્રેસ જો ભૂલેચૂકે આ ગંગામાં નાહવાનું ચૂકી ગઇ તો આવતી ચૂંટણીમાં એમનું આવી બનશે એટલે આપ બધા સમજું છો. કોઇ મુશ્કેલી નહીં થાય એની બધી ચર્ચા આપણે બધા સાથે મળીને કરીશું અને આ કાયદો સર્વસંમતિથી પસાર કરો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. (અંતરાય) આમાં આટલી બધી ચર્ચા થઇ છે, આખા દિવસની ચર્ચા પછી કોઇ પ્રશ્ન નહીં. હવે હું પ્રશ્ન મત માટે મૂકીશ. (અંતરાય) આખા દિવસની ચર્ચા કરી છે હવે શું? છેલ્લો દિવસ એટલે રાત પાડવી છે આપણે? ક્યાંય હોય? એક જ પ્રશ્ન. તમે પૂછો કે, એ પૂછે બેમાંથી એક જણ પૂછી લો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે, ૧૯૫૬ પહેલાં તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આ ગીર, બરડા, આલેચમાં રબારી, ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિમાં ગણવામાં આવ્યા. માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો કે, એ વખતે જો આ ઉલ્લેખ ન કર્યો હોત તો આ પ્રશ્ન ઉભો ન થાત તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, એ ઉલ્લેખ કર્યો અથવા એમાં સમાવેશ કર્યો છે એ યોગ્ય નહોતું એટલા માટે તમે આ વિધાન કર્યું છે અથવા તમને એ ગમ્યું નથી તો તેમાં તમે ફેરફાર કરવા માગો છો અથવા ફેરફાર કરવા માગતા ન હોય અને સ્વીકારો છો અને જે એને અત્યારે અધિકાર મળવાપાત્ર છે એમાં આપને શું તકલીફ થઇ છે એ હું આપની પાસેથી જાણવા માગું છું. (અંતરાય) આપણે સર્વાનુમતે પસાર કરવાની વાત કરીએ છીએ અને એક બાજુ વિરોધાભાસી વાત કરીએ એ બરાબર નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જે ચર્ચાઓ થઇ, મેં તો માત્ર એનો જવાબ આપ્યો છે અને પહેલાં જ મેં કહ્યું કે, કોઇ જ્ઞાતિઓ ઉમેરવાનો કે કોઇ જ્ઞાતિઓ કમી કરવાનો પાવર જયારે રાજય સરકારને છે જ નહીં ત્યારે

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક.

માનનીય સભ્યશ્રી, આ મુદ્દો અહીંયાં ઉપસ્થિત કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું નહોતો કહેવાનો પણ માનનીય જવાહરલાલ નહેરૂજીએ એક ભૂલ કશ્મિર માટે કરી હતી અને આખો દેશ ભોગવી રહ્યો છે...

અધ્યક્ષશ્રી : આ કશ્મિરની વાત નથી. એ અટકાવી દીધું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એક ભૂલ ગુજરાત માટે કરી અને સમગ્ર આદિવાસી સમાજ ભોગવી રહ્યો છે. સમગ્ર આદિવાસી સમાજ ભોગવી રહ્યો છે સાહેબ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : ચાલો, બેસી જાઓ, પ્લીઝ, આપના નેતાશ્રી ઉભા થયા છે આપ બધા બેસી જાઓ. પ્લીઝ, બેસી જાઓ.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### **પૂર્વ પ્રધાનમંત્રીના નામજોગ ઉલ્લેખ અંગે**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના પૂર્વ પ્રધાનમંત્રીશ્રીએ કોઇ ભૂલ કરી છે એવું નામજોગ કહેવું, આ અસંસદીય છે, અને એમ છતાં માનનીય અધ્યક્ષશ્રી, બે વખત માનનીય મંત્રીશ્રીએ ભૂલ કરી. અમે ઇચ્છતા હતા કે આ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ના અધિકારોનું રક્ષણ થાય. અમે આજે પણ ઇચ્છીએ છીએ કે આ બહુ તંદુરસ્ત ચર્ચાઓ થઇ અને ગંભીર રીતે ચર્ચાઓ થઇ અને અમે સર્વાનુમતે આ બિલ પસાર કરવા માગીએ છીએ, ત્યારે માનનીય મંત્રીશ્રી જાણી-બૂઝીને આ ગૃહને ઉશ્કેરવા માગે છે. છેલ્લા દિવસે અમે ખૂબ સકારાત્મક હતા ત્યારે સાહેબ આપને વિનંતી કરું છું કે આપ માનનીય મંત્રીશ્રીને ઠપકો આપો. તેઓશ્રી જે બોલે છે તે અસંસદીય રીતે બોલે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય પ્રધાનમંત્રીશ્રી જવાહરલાલ નહેરૂજીના ઉલ્લેખોથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું દિલ દુભાયું હોય તો મારા શબ્દો પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : હવે વાત પૂરી થાય છે. માનનીય જીતુભાઇ.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે બીજા રાજયમાંથી આપણે પુત્રવધૂ લાવીએ છીએ તો તેનો લાભ નથી મળી શકતો. તો ભવિષ્યમાં આ વસ્તુ શકય થઇ શકે તેમ છે કારણ કે તેના છોકરાઓને લાભ નથી મળવાનો એવી વાત થશે તો શું?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ વિષયની પૂરેપૂરી વિગતો મારી પાસે નથી અને આ વિધાસભા ગૃહ છે એટલે એમાં અધૂરી માહિતી આપવી તે પણ ઠીક નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે ચર્ચા કરી, હું રાજકીય વાત નહીં કરું , આપે કહ્યું કે કોઇ પોતાનો પ્રશ્ન રજૂ નથી કરી શકતા પણ મારો હેતુ મારી પર્સનલ અને વ્યકિતગત વાત કરવાનો નહોતો. મેં એટલું કહેલું કે હું ધારાસભ્ય હોવા છતાં મને આવી આવી તકલીફો પડી હતી. મારો હેતુ એ હતો અને બીજું આપે જે કહ્યું કે, ૨૦૦૯ માં ભાજપની સરકારે મને સર્ટી આપ્યું છે, સો ટકા સાહેબ. પણ મુખ્ય વાત એ છે કે વિશ્લેષણ સમિતિના ઓર્ડર થઇ ગયા પછી એસ.સી. અને એસ.ટી.માં આ વિશ્લેષણ સમિતિના ઓર્ડર થઇ ગયા પછી સીધા તમારે હાઇકોર્ટમાં જવાનું હોય છે પણ તેના બદલે મારી સામે સાહેબ વીજીલન્સની તપાસ થઇ જે ન થવું જોઇએ તે મેં ગૃહ સમક્ષ મૂકયું. બીજું હાઇકોર્ટનો ચૂકાદો આવ્યા પછી પહેલાં સીંગલ બેચનો ચૂકાદો આવે અને પછી ડબલ બેચનો ચીફ જસ્ટીસનો ચૂકાદો આવે તો બન્ને વખત મને સર્ટીફીકેટ મળ્યા છે. તે વાત મૂકી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે એમણે જે વાત કરી કે તમામ સર્ટીઓની ચકાસણી કે તપાસ કરવામાં આવશે, તો અમે તમારી સાથે એગ્રી છીએ. પણ ચિંતા બધાને છે તમે ત્રણ વરસનો સમય આપ્યો છે. પણ શાળા કોલેજમાં ભણાતા વિધાર્થીઓ એક ભાગ છે, સરકારમાં અને અર્ધ સરકારીમાં નોકરી કરતા કર્મચારીઓ અને ચૂંટણી જીતેલા નગરપાલિકાથી માંડીને સંસદ સુધીના સભ્યશ્રીઓ કે ચૂંટાયેલા સભ્યોની વાત આવે અને ચોથો ભાગ આવે સામાન્ય નાગરિકોનો. જે સૌથી અઘરો છે તે નાગરિકોનો ભાગ છે. તો મારું એવું સજેશન છે કે, સ્કૂલ શાળા કોલેજમાં ભણાતા વિધાર્થીઓની ચકાસણી સ્કૂલ લેવલે થાય તો સ્પીડી કામ થાય, બીજું સરકારી નોકરી કરતા હોય સરકારી કે અર્ધ સરકારીમાં હોય તેમનું સરકાર લેવલે થાય તો તેમનું કામ પણ સ્પીડી થાય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ છેક નગરપાલિકાથી માંડીને સંસદ સભ્યો સુધીના સભ્યોનું ત્યાં થાય તો તેમનું કામ પણ ઇઝીલી થાય, ફાસ્ટ થાય. ફકત પ્રશ્ન આવે છે તે એ છે કે જે સામાન્ય નાગરિક છે જે સર્ટીફીકેટ લઇ ગયા છે તેમાં તેમના પૂરતો આ પ્રશ્ન આવશે. તો મારું આ સૂચન છે તો સરકાર આ અંગે યોગ્ય

પ્રતિભાવ આપીને યોગ્ય નિર્ણય લે તો આવનાર દિવસોમાં ત્રણ વરસ કરતાં સરળતાથી આ કામ તમે એક વરસમાં પૂરું કરી શકશો. એવું મારું સૂચન છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાના હેતુ જ એ છે કે કોઈ સાચાને જરા પણ તકલીફ નહીં પડે તે નિયમો બનાવીશું ત્યારે પૂરેપૂરી તકેદારી રાખીશું. માત્ર અહીંયાં ત્રણ બાબતનો ઉલ્લેખ કરવા માગું છું કે જયાં આ અનામત પ્રથા લાગુ પડશે, એમ.બી.બી.એસ. માં કે એન્જિનીયરીંગમાં જતા હોય ત્યાં પણ ટકાવારી પણ એમાં લાગુ પડશે, ચૂંટણીઓમાં જયાં અનામત પ્રથા છે ત્યાં લાગુ પડશે અને નોકરીઓમાં જયાં અનામત પ્રથા છે ત્યાં લાગુ પડશે, બાકી કોઇ જગ્યાએ આની જરૂર નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૪- સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૪- સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ( નિયમ-૧૦૨)**

**રસ્તાઓની માળખાકીય સુવિધા વધારવા બાબત**

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય રસ્તાઓની માળખાકીય સુવિધા ધરાવતું દેશના શ્રેષ્ઠ રાજયો પૈકીનું એક રાજય છે. આમ છતાં, હાલની પરિવહનની જરૂરિયાતો અને માંગને ધ્યાને લેતાં તમામ કક્ષાએ તેમાં સુધારણા અને સુદ્રઢીકરણ કરવાની આવશ્યકતા છે. ભવિષ્યના પડકારોને અસરકારક રીતે પહોંચી વળવા માટે તેમજ હાલની જરૂરિયાતો ધ્યાને લઇ ગુજરાત સરકારે રસ્તાઓના વિકાસને અગ્રતા આપી છે. ગુજરાત રાજયે એક મજબૂત અને ગુણવત્તાસભર રસ્તાઓનું માળખું પ્રસ્થાપિત કરેલ છે. ગુજરાતના ૧૮,૦૦૦ જેટલા ગામો અને ૧૬,૨૪૫ જેટલા પરાઓને ઉત્તમ ગુણવત્તાના બારમાસી રસ્તાઓથી જોડવાના આશયથી અને ગ્રામ્ય વિસ્તારોના માળખાના મજબૂતીકરણ અને સુધારણાના હેતુથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા ''મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના''નું મહત્વાકાંક્ષી આયોજન કરવામાં આવેલ છે. રાજય સરકારે આગામી ત્રણ વર્ષમાં રૂપિયા દસ હજાર કરોડ જેટલી માતબર રકમના કામોનું આયોજન કરેલ છે અને તે પૈકી ચાલુ વર્ષે રૂપિયા ૨,૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી રાજય સરકારને રસ્તાઓના કામોની મંજૂરીઓ મળે છે. આથી રાજય ધોરીમાર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગની કામગીરીમાં ખૂબ જ ગતિ આવી છે. રાજયનું માર્ગ વ્યવહાર માટેનું માળખું વધુ સુદ્રઢ બને તે માટે રાજય સરકાર કેન્દ્ર સરકારના સહયોગથી ઉત્તમ કામગીરીનું અસરકારક રીતે આયોજન કરે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ગુજરાત રાજયના ગ્રામીણ વિસ્તારના રસ્તાઓનો સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. ગામડાંના અંતરીયાળ વિસ્તારનો માળખાકીય વિકાસ વિના એનો આર્થિક અને સામાજિક વિકાસ શકય નથી. આ માટે ગુજરાત સરકારે વર્ષો વર્ષ અલગ અલગ યોજનાઓ દ્વારા વિકાસની ગતિ કરવામાં આગેકૂચ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતના નાણાં વિભાગના મંત્રી અને ગુજરાતના માર્ગ વિભાગના મંત્રી, ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજનાઓ જેમાં પ્રગતિપથ, ચારમાર્ગીકરણ, નવરચિત તાલુકા મથક વિકાસ પથ, વિકાસ પથ વિસ્તરણ, પ્રવાસ પથ, જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારને જોડતા, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૮, કેવડીયા કોલોની, સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તાનું ચારમાર્ગીકરણ, આંતર રાજય રસ્તાનું અપગ્રેડેશન, અંબાજી-ડાકોરથી પાવાગઢ- પાલિતાણા યાત્રાધામોને જોડતા રસ્તા, ચારમાર્ગી રસ્તા. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકારે આવી ૨૯ યોજનાઓનું અમલીકરણ કરીને સમગ્ર ગુજરાતમાં માર્ગ અને વાહનવ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ખૂબ યશસ્વી કામ કરેલું છે. મને આજે કહેતા આનંદ થાય છે કે ફક્ત મારા વાગરા મતવિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૪૦ કરોડ જેટલી અંદાજીત રકમ, ૩૫૦ કિલોમીટર જેટલી લંબાઇના કામો મંજૂર કરવામાં આવેલા છે. છેલ્લા બે વર્ષની સરકારની મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના નામે મહત્વાકાંક્ષી યોજના મૂકી છે. જે હેઠળ ગ્રામવિસ્તારોના રસ્તાના બાંધકામ અને ખાસ કરીને નોન પ્લાન રસ્તાના બાંધકામ માટે

સરકારે ખાસ ધ્યાન આપેલું છે. મારે આજે આનંદથી કહેવું પડે કે આ યોજના હેઠળ વાગરા મતવિસ્તારમાં રસ્તાઓ તમે જોશો તો મને તેનો આનંદ છે અને તેના કારણે હું ફરીથી ધારાસભ્ય તરીકે ચૂંટાયો છું. આ માટે હું નીતિનભાઇ પટેલજીને અને વિજય રૂપાણી સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. કોંગ્રેસની સરકારે મહાત્મા ગાંધી દાંડી રોડનું નામ આપેલું. દાંડી માર્ગ આપ્યું, પરંતુ મનમોહનસિંહની સરકારે ગુજરાતમાં આવેલા દાંડી માર્ગ બનાવવાનું કામ બજેટમાં લીધું નહોતું. આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ આયોજન કરીને ભરુચ જિલ્લામાં દાંડી માર્ગ પૂર્ણ કરેલો છે તેનો મને આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓની વાત કરું તો આજે સમગ્ર ગુજરાતમાં તમે ગમે તે જગ્યાએ ફરીને જાવ, તમારા આત્માને પૂછો. અમે અને તમે સૌ આત્માને પૂછીશું તો જવાબ તમોને હા માં મળશે. હા માં એટલા માટે મળશે કે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ પછી રાજ્યના ૨૧૪૮ કિલોમીટરના રસ્તા રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરેલા છે. સને ૨૦૧૪થી રાષ્ટ્રીય ધોરી માર્ગની કુલ લંબાઇ ૫૧૪૫ કિલોમીટર એટલે કે ૨૧૩૮ કિલોમીટરનો વધારો કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ કુલ લંબાઇ ૭૨૯૩ કિલોમીટર થયેલ છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. (અંતરાય) કેમ શું લાગે છે? મારા ૬૦ વર્ષ નીકળી ગયા, આવી રીતે સમય ગણતા. માનનીય સી.જે. ચાવડા.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં ગુજરાતના વિકાસની વાત છે. માર્ગ અને મકાન વિભાગની વાત છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કામ સારું જ થાય છે. તેમાં અમારે કંઇ કહેવું નથી પણ હું જ કરું છું તેમાંથી અમારે તેમને બહાર કાઢવા છે. એટલા માટે કે ગુજરાતની રચના થઇ અને ગુજરાતનું પહેલું બજેટ જ્યારે મૂકાયું ત્યારે ગુજરાતનું બજેટ ૫,૦૦૦ કરોડ રૂપિયાનું હતું. આજે રૂ.૧.૮૩ લાખ કરોડનું બજેટ છે. એનો મતલબ એ છે કે પાંચ હજાર કરોડ રૂપિયામાં પણ ગુજરાતના વિકાસની ચિંતા જે તે વખતની સરકારોએ કરીને માર્ગ અને મકાન બનાવવાનું કામ કર્યું હતું. પાંચ હજાર કરોડ રૂપિયાનું બજેટ મૂકતા હતા ત્યારે શિક્ષણના પ્રશ્નો હતા, આરોગ્યના પ્રશ્નો હતા, ખેડૂતોના પ્રશ્નો હતા, પશુ પાલકોના પ્રશ્નો હતા, સ્ત્રીઓના પ્રશ્નો હતા. તેમ છતાં રોડ રસ્તા બનાવ્યા હતા અને ૧૬૨ જેટલા સ્ટેટ હાઇવે કોંગ્રેસની સરકારોમાં બન્યા હતા એ ભૂલવું જોઇએ નહીં. એટલું જ નહીં પરંતુ નેશનલ હાઇવે પણ બન્યા હતા. અમદાવાદ અને ગાંધીનગરને જોડતા, સમગ્ર રાજ્યના જિલ્લાઓને જોડતા રોડ, રસ્તા બન્યા હતા. આ રાજ્યમાં જેટલા પણ યાત્રાધામો છે, દ્વારકા, ડાકોર, સોમનાથ, ગીર, અંબાજી, બહુચરાજી, ઊંઝા-ઉમિયા માતાજીનું ધામ છે, ગીરનાર, આવા કોઇપણ યાત્રાધામ લો. એમને જોડતા રોડ, રસ્તા બન્યા છે. તમામ જિલ્લા મથકોને જોડતા રસ્તાઓ, પાટનગર અને અમદાવાદને જોડતા રસ્તાઓ, અમારું શાસન ચાલીસ કે પચ્ચીસ વર્ષ તમે જે ગણતા હોવ એ સમયે બન્યા છે. જમીન સંપાદન કરીને રોડ, રસ્તા બનાવવા એ કેટલું અઘરું કામ છે એ આજે આપને ખબર છે. કલમ-૪નું જાહેરનામું બહાર પાડીને જમીન સંપાદન કરતાં ત્રણ વર્ષ લાગી જાય છે. પછી એને કાચો રસ્તો બનાવવો, પછી મેટલીંગ કરીને સ્ટેટ હાઇવે બનાવવો, ડિસ્ટ્રીક્ટ રોડ બનાવવા એ બહુ મુશ્કેલીનું કામ છે. તેમ છતાં આજે ગુજરાતમાં એક લાખ દસ હજાર કિ.મી.ના રસ્તાઓની જાળ પથરાયેલી છે. એ જાળમાં નેવુ હજાર કિ.મી.ના રોડ, રસ્તા કોંગ્રેસના શાસનમાં બન્યા છે. ૨૨ વર્ષના શાસનમાં આપના ભાગે જે કામ આવ્યું છે એ આપે કર્યું છે, અમારા ભાગે જે કામ આવ્યું એ અમે કર્યું છે. અમારા ભાગે જિલ્લાને તાલુકા સાથે જોડતા રસ્તા, જિલ્લાને પાટનગર સાથે જોડતા રસ્તા, યાત્રાધામને જોડતા રસ્તા, જામનગરની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને જોડતા રસ્તા, એ અમારી સરકારમાં બન્યા. પણ ગામ ગામને જોડતા રસ્તા, ગામ અને પેટા પરાને જોડતા રસ્તા, ત્યાં સુધી અમે પહોંચી શક્યા નહોતા. એ તમારા ભાગે કામ આવ્યું. એ કામને તમે પ્રધાનમંત્રી સડક યોજના, ગ્રામ સડક યોજના એવા અનેક નામો આપીને આપ બનાવી રહ્યા છો. એટલે આપ બનાવો છો એટલે આપને અભિનંદન આપીએ છીએ. પણ હું કરું, હું કરું એમાંથી આપ જરા બહાર નીકળો એવી વિનંતી કરું છું. કારણ કે પેલી એક કવિતા પણ છે કે

'' કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ, તેતર ચકલા ચૂ, ચૂ, ચૂ, છછુંદરોનું છુ છુ છુ.
આ જગતમાં ગર્વવાળો માણસ બોલે, અભિમાનવાળો માણસ બોલે હું હું હું. ''

માનનીય અધ્યક્ષશ્રી,આ હું માંથી બહાર નીકળો અને આપણે બધા ચિંતા કરીએ, સર્વની ચિંતા કરીએ અને ગુજરાતના વિકાસની ચિંતા જેમ કોંગ્રેસે કરી છે એ રીતે આપે કરી છે. એ પથ, વિકાસપથ આપ લઇને નીકળ્યા છો. ત્યારે કેટલીક મહત્વની બાબતોનું આપે ધ્યાન રાખવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કેગનો અહેવાલ પ્રસિદ્ધ થયો છે. કેગનો અહેવાલ ટેબલીંગ કર્યો છે. એમાં માનનીય મંત્રીશ્રી આપ જરા અભ્યાસ કરજો. એમાં દસ હજાર કરોડ રૂપિયાના ત્રણ વર્ષના બજેટની આપ ચર્ચા કરો છો. આ વર્ષે પચ્ચીસો કરોડ રૂપિયા રોડ, રસ્તા માટે મૂક્યા છે. પણ એ પૈસાનો એકેએક પૈસાનો ઉપયોગ થાય એવી વિનંતી છે. એમાં ઘણા બધા આધારો ટાંકવામાં આવ્યા છે, ઘણા બધા રોડ, રસ્તાઓના અનુસંધાને, ઘણા પુલના અનુસંધાને, મારે એમાં આજે દાખલા આપવા નથી. પણ એમાં લખ્યું છે કે ડામર વપરાશમાં વધારે પડતા બિલ ચૂકવાય છે. પછી તમે જે એસ્ટીમેટ રોડ, રસ્તા માટે બનાવો છો, એ એસ્ટીમેટ ધારો કે દસ કરોડ, પચાસ કરોડ કે સો કરોડ રૂપિયાનો બનાવો છો. પણ પછી એમાં અધિક કામ, એ અધિક કામ છે એ મુળ બજેટ કરતાં, મુળ ટેન્ડર કરતાં પણ વધી જાય છે. દસ કરોડ રૂપિયાનો રસ્તો હોય અને પછી અધિક કામ મૂકો છો એ સીધો ૨૩ કરોડ રૂપિયાનો થઇ જાય છે. એટલે ૧૩ કરોડ રૂપિયા વધી જાય છે. એવા જેટલા રસ્તાઓ અધિક કામ મૂકીને બનાવ્યા છે. એ તમામ રસ્તાઓ કેગના અહેવાલમાં, ઓડિટમાં આવ્યા છે અને એ ગુજરાતની પ્રજાના પૈસા વેડફાયા

બરાબર છે. એમ કેગના અહેવાલમાં કહેવામાં આવ્યું છે. અધિક કામ અને વધારાના કામ તમે જે આપો છો એ એ જ ભાવે એ કામ આપો છો એના માટે પણ કેગના અહેવાલમાં ટીકા-ટીપ્પણ કરવામાં આવી છે. એટલે આવી બધી કેગના અહેવાલમાં થતી ટીકા-ટીપ્પણો માટે જે વિભાગ માટે કૌભાંડ શબ્દ વાપર્યો છે. એવું ન થાય એના માટે આપ કાળજી રાખશો એવી પણ વિનંતી કરું છું અને પ્રજાના કરવેરાના એકત્રીત ફંડથી થતી રકમ, એકેએક પૈસો પ્રજાના વિકાસ માટે જ વપરાય એવી વિનંતી સાથે એક બીજી વાત કરું છું. માનનીય નીતિનભાઇ સાહેબે એક વખત બહુ સારા શબ્દો વાપરેલા કે અમે ચૂંટાયા પછી અમે રાજકારણ રાખતા નથી. મત આપ્યા, ન આપ્યા એમાં અમે પડતા નથી. પણ પ્રજાનું વિકાસનું કામ હોય તો પછી આ કોંગ્રેસનું છે કે ભા.જ.પ.નું છે એમાં પડતા નથી અને કરીએ છીએ. મારા એક ધ્યાને આવ્યું છે કે ગયા વખતે ઓરૂમલાથી બીલીયા પાટણ જીલ્લાનો એક રોડ છે, એનો જોબ નંબર આપવામાં આવ્યો અને જોબ નંબર અપાયા પછીની રકમની ફાળવણી થઇ ગઇ, ત્યાંના સરપંચને જાણ કરવામાં આવી કે તમારો આ રોડ મંજૂર થઇ ગયો છે અને જોબ નંબર અપાઇ ગયો છે અને ટૂંક સમયમાં આચારસંહિતા પછી ચાલુ કરવામાં આવશે. આચરસંહિતા પછી, ઇલેકશન પછી બીજો કાગળ મળ્યો કે, તમારો આ જોબ નંબર રદ કરવામાં આવે છે એટલે માનનીય નીતિનભાઇ સાહેબ, કદાચ આ ઓરૂમલાથી બીલીયા રોડ છે, કદાચ ઓરૂમલાએ મત નહીં આપ્યા હોય પણ બીલીયાએ તો આપ્યા હશે. એક ગામ અમારું છે તો એક ગામ તમારું છે તો આમાં આપ જે શબ્દો બોલ્યા છો, મોટું મન રાખીને ગામડાના લોકોને કોઇ અણસમજણ ઉભી થઇ છે તમારા પ્રત્યે, અને કદાચ આ વખતે મત નહીં આપ્યા હોય તો કામ કરો, આવતા વખતે મત આપશે પણ આ કામ પણ થાય અને આવા જેટલા હોય તે કામ થાય તો આ સંકલ્પને મારો ટેકો છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રી અરૂણસિંહભાઇ રણા, છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આખા ભારતમાં ગુજરાત એક એવું રાજય છે કે રોડ-રસ્તાની બાબતમાં નંબર-વન હોય તો આ ગુજરાત રાજય છે. આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના જે બનાવવાનો, બે ગામોને જોડતા રસ્તાને બનાવવાનો વિચાર આવ્યો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારને આવ્યો છે અને એના થકી આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગુજરાતના ૩૪,૨૪૮ ગામો અને પરા પૈકી આજદિન સુધીમાં ૧૭,૭૩૯ ગામોને અને ૧૫,૦૫૬ જેટલા પરાને પાકા રોડ કરવાનું કામ જો કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. હમણાં ચાવડાજી કહેતા હતા કે, હુંજ કરું છું, હું જ કરું છું એ બરાબર વાત છે. અમે જ કરીએ છીએ. અટલ બિહારી બાજપાઇની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રથમ વખત કેન્દ્રમાં આવી હતી તો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જો લાવી હોય તો અટલ બિહારી બાજપાઇની સરકાર, અમારી ભા.જ.પ.ની સરકાર લાવી હતી. તમારી સરકાર દસ વર્ષ કોંગ્રેસમાં બેઠી ત્યારે આ યોજના બંધ કરી નાખી હતી. આ ફરીથી યોજના જો કોઇએ ચાલુ કરી હોય તો નરેન્દ્રભાઇ મોદીએ ચાલુ કરી. ચાવડાજી કહેતા હતા કે, અમે બધી યોજના કરી, ગ્રામ સડક યોજના ખાલી તમે લાવ્યો છો. હું કહેવા માગુ છું કિસાન પથ યોજનાની આ ભારતીય જનતા પાર્ટીએ ૨૦૦૫-૦૬થી શરૂઆત કરી અને ૨૦૦૬ થી ૨૦૧૮ સુધીમાં ૨,૫૨૬ રોડ, ૧૧,૩૫૪ કિલોમીટર અને ૪,૩૯૫ ગામોને જોડવાનું જો કોઇએ કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કામ કર્યુ છે. એટલું જ નહીં સુવિધા પથ લાવવાનું જો કોઇએ કામ કર્યુ હોય તો અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે રસ્તાઓ ગામની અંદરથી પસાર થતા હતા અને વારંવાર તૂટી જતા હતા એ રસ્તાને આર.સી.સી. કરવાનું કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કામ કર્યુ છે. ૮૦૪ કરોડના કામ આ યોજના થકી છેલ્લા ૨૦૧૬-૧૭ના વર્ષમાં કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી બે ગામના રોડને જોડવાનું કામ કરે છે. '' કોઇ લોગ અનામત કે નામ પે સમાજ કો બાંટને કા કામ કરતે હૈ, હમ લોગ ગાંવ ગાંવ રસ્તા બનાકર સબ કો જોડને કા કામ કરતે હૈ'' હું મારા મત વિસ્તારની જ વાત કરું તો મારા મત વિસ્તારની અંદર, મારા પાંચ વર્ષમાં રોડ-રસ્તાના લગભગ ૫૫૦ કરોડ રૂપિયાના કામ થયા છે અને એમાં પણ જયારથી આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના આવી ત્યારથી લગભગ મારા ૬૦ કરોડના કામ, ૧૮૫ કિલોમીટરના કામો કરીને મારા લગભગ ૨૫હજાર લોકોને એક સાથે જોડવાનું જો કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. એ જ રીતે જે જે ગામોની અંદરથી જે આ હેરીટેજ રસ્તા પસાર થાય છે એ હેરીટેજ રસ્તાને પણ ૧૦ મીટર પહોળા કરવાનું કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. એ જ રીતે આદિવાસી હોય, એસ.સી. હોય, તમામ લોકોને જોડવાનું કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કામ કર્યુ છે. ખાસ અંગભૂત યોજના હેઠળ લગભગ ૨૫૦ થી વધુ વસતિવાળા ગામો હોય એવા ગામોના લગભગ ૧૩,૭૦૩ કિલોમીટરની લંબાઇના રસ્તા બનાવીને અને લગભગ ૩,૮૪૧ કરોડના કામો આ સરકારે કર્યા છે. ચાવડાજી કહેતા હતા કે એક લાખ કિલોમીટરના રસ્તા અમે લોકોએ બનાવ્યા હતા. ૨૦૦૩થી વાત કરું તો ૨૦૦૩થી ૩૧,૬૯૯ કરોડના ખર્ચે ૧ લાખ ૧૪ હજાર ૪૧૨ કિલોમીટરની લંબાઇના રસ્તા જેમાં રાષ્ટ્રીય એક્સપ્રેસ હાઇવે ૯૩ કિલોમીટર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૭૨૯૧ કિલોમીટર, રાજય ધોરીમાર્ગ ૧૪,૭૩૬ કિલોમીટર, મુખ્ય જિલ્લા માર્ગ ૨૦,૪૫૪ કિલોમીટર, અન્ય જિલ્લા માર્ગ ૧૦,૨૫૨ કિલોમીટર, ગ્રામ્ય માર્ગો ૧૭,૭૫૬ કિલોમીટર અને નોન પ્લાનના રોડ ૨૧,૮૩૦ કિલોમીટર એમ કુલ ૧ લાખ ૧૪ હજાર કિલોમીટરના કામો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. એટલું જ નહીં અમે ૨૦૦૨ પહેલાં સુરતથી ગાંધીનગર આવવા નીકળતા તો એક દિવસ પહેલા નીકળવું પડતું હતું. આજે સવારે ૫-૩૦ વાગ્યાની ક્વિનમાં બેઠેલ વ્યક્તિને અમદાવાદ આવવું હોય તો એ ૧૦-૩૦ વાગ્યે પહોંચે છે. જ્યારે ૭-૦૦ વાગ્યે સુરતથી નીકળેલો માણસ અહીં ૧૦-૩૦ વાગ્યે પહોંચે છે. આટલો ફરક ભારતીય જનતા પાર્ટીની સરકારે આ રોડ બનાવ્યા એના કારણે પડ્યો છે. ડાંગથી ધારાસભ્યશ્રી આવે છે તેઓ ૫ કલાકમાં અહીં પહોંચે છે.

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૮

છેલ્લા દિવસનો પ્રસ્તાવ( નિયમ-૧૦૨)

ગુજરાતના ખૂણે ખૂણાથી આવતો માણસ એક દિવસમાં ગાંધીનગર આવીને એ જ દિવસે ઘેર પહોંચે છે એ અમારી સરકારે જે રસ્તા બનાવ્યા એના કારણે શક્ય બન્યું છે. ઘણીવાર બહારના રાજ્યમાંથી લોકો આવે છે ત્યારે કહેછે કે અમે ગુજરાતમાં આવીએ છીએ પછી પાછા જતી વખતે ગુજરાત જેવું પસાર થઇ જાય છે ત્યારે ખબર પડે છે કે અમારી હદમાં પ્રવેશી ગયા છીએ. આટલા સારા રસ્તા ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા દિવસે લાવવા જેવો પ્રસ્તાવ માનનીય અરૂણસિંહજી છેલ્લા દિવસે લાવ્યા છે. તેમ છતાં હું મારા વિચારો આપના મારફત ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માળખાકીય સવલતોની વાત કરવી છે. માળખાકીય સવલતો એ શ્રૃષ્ટિ માટે જોઇએ તો પાંચ તત્વો પૃથ્વી, આકાશ, જળ, અગ્નિ અને વાયુ, એ જ રીતે સ્થૂળ માળખાકીય સવલતોની વાત કરીએ તો જમીન, પાણી, ઇલેક્ટ્રિસિટી, કોમ્યુનિકેશન અને માર્ગ. માર્ગ એ પ્રગતિની પૂર્વ શરત છે. પથ એ પ્રગતિની પરાશીશી છે. રસ્તો એ માળખાકીય સુવિધાનું ઉદ્દીપક છે. રસ્તો ચાલતો નથી પણ રાહદારીએ ચાલવું પડતું હોય છે. ડો. અબ્દુલ કલામે સાચું કહ્યું છે કે, connectivity is must for better progress. નાયબ મુખ્યમંત્રીશ્રી માર્ગ અને મકાનનો પણ મુખ્ય અખત્યાર સંભાળે છે. આમેય માર્ગ કાઢવામાં નીતિનભાઇ પાવરધા છે. આપણે ગઇકાલે જોયું કે એમણે માર્ગ કાઢ્યો. એ માટે એમને અભિનંદન આપું છું. એ જ રીતે આ ટ્રેઝરી બેન્ચ છે, એના નીતિનભાઇ સંકટમોચક છે. અમારા સૌના માર્ગદર્શક છે. વાત ચાલે છે પથની, ત્યારે કહીશ કે આ માર્ગ એ શૂરાનો માર્ગ છે. માળખાકીય સુવિધામાં રસ્તાનું પ્રાધાન્ય છે. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇને વિનંતી કરું કે, અમને પણ જોબ નંબર આપવામાં પ્રાધાન્ય આપે.

અધ્યક્ષશ્રી : હવે કંઇ માગવાનું હોય તો માગી લો, વખાણ બહુ કર્યા.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રસ્તાવમાં સી.એમ.જી.વાય.એસ.ની વાત કરવામાં આવી છે. યુ.પી.એ. સરકારમાં પી.એમ.જી.વાય.એસ.ની એક મહત્વની યોજના હતી અને અનેક રસ્તાઓના કામો અમે કર્યા છે. નવા સ્વરૂપે સી.એમ.જી.વાય.એસ.માં નોન પ્લાનને પ્લાનમાં ફેરવી અને જોબ નંબર આપવાની વાત કરી છે એ સારી વાત છે. સરળીકરણ કર્યું છે એ અભિનંદનને પાત્ર છે, પણ માનનીય નીતિનભાઇ, નાળિયેરની પ્રકૃતિ જેવા, ઉપરથી કડક અને અંદરથી નરમ એવા નીતિનભાઇ પાસે હું અપેક્ષા રાખું કે વર્ષોથી જે વિસ્તાર રસ્તાથી વંચિત છે એને સમતોલ ન્યાય આપજો. માનનીય નીતિનભાઇ ‘રામ ભક્ત હો કે બંદો રહિમનો, હમદર્દ હોય એને હમદમ બનાવજો. નીતિનભાઇ નીર-ક્ષીરના પારખું છે. ની.ર.પટેલ, નીર એટલે પાણી, નીતિનભાઇ રતિભાઇ પટેલ. એવા પાણીદાર પટેલ પ્રધાન છે. અમને ક્ષીર-નીર પારખીને ન્યાય આપે એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મૂકવા માગુ છું કે, ગુજરાતને પ્રસંગોપાત નીવડેલું નેતૃત્વ સાંપડ્યું છે. અમે ક્યાંક મેટલ રસ્તા બનાવ્યાં, તમે ડામર કર્યા. અમે કયાંક ડામરથી મઢેલા ઓ.ડી.આર., એમ.ડી.આર. કર્યા. તમે એને સ્ટેટ હાઇ-વેમાં રૂપાંતરિત કર્યા. અમે એસ.આર.પી. સ્ટેટ પ્રોજેક્ટ રોડ બનાવ્યા તમે ક્યાંક રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવ્યા. માર્ગ વિકાસ ક્ષેત્રે ઉભયનું યોગદાન છે એ જમીની સચ્ચાઇ કોઇ નકારી શકશે નહિ. ગઇકાલે ખુલ્લા દિલે નીતિનભાઇ પટેલે પંડિત જવાહરલાલ નહેરુના પ્રદાનને માનભેર યાદ કર્યુ ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રીની દિલેરીને હું વંદન કરું છું. મિત્રો, ‘ભારત એક ખોજ કિતાબ’ વાંચી લ્યો. આદરણીય નહેરુજીએ શું કર્યું એનો જવાબ મળી જશે. મહેરબાની કરીને વિદેશમાં કપડા ધોવા જેવી ઉપજાવી કાઢેલી વાતો કહીને સંકુચિત માનસિકતા છતી ના કરો. મારે તું-તું, મેં-મેં માં પડવું નથી અને આ ગૃહની ગરિમાને છાજતું પણ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હરિયાલી ઔર રાસ્તા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : છેલ્લો દિવસ છે.

શ્રી બ્રિજેશ મેરજા: હરિયાલી ઔર રાસ્તાની મૂવીની વાત હું નથી કરતો, પણ માર્ગ મકાન વિભાગનું એક ઉપવન અને બગીચા નિયામક નામનું એક પેટા વિભાગ છે એ આપણા ગાંધીનગરને લીલુંછમ રાખે છે એને પણ પૂરતી ગ્રાન્ટ ફાળવો. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે જગ્યાએ બેઠા છીએ એ જગ્યાએ પહેલા જંગલ હતું અને મોટા મોટા પથ્થરોવાળી જમીન હતી. ચંડીગઢની પેટર્ન ઉપર પાટનગર કોણે કર્યુ? એ પણ આપ સૌએ વિચારવાનું છે. હમે ભી કુછ યાદ કર લો યારો. જંગલને મંગલ કરી દેવાની તાકાત એ કોંગ્રેસના શાસનની દેણગી રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છને જોડતો સૂરજબારીનો બ્રીજ કે જેનું ઇન્દિરાજીએ ઊંટ ઉપર બેસીને નિરીક્ષણ કર્યુ હતું આ કોંગ્રેસની દેણગી રહી છે. યુ.પી.એ. સરકારનો દક્ષિણ ગુજરાતને જોડતો ભરુચનો બ્રીજ એ પણ આશીર્વાદ રૂપ છે. કેમ એની ગાથા ગવાતી નથી? સિવિલ હોસ્પિટલ, ડો. જીવરાજ મહેતા, હમણાં સી. જે. ચાવડા સાહેબે કહ્યું રૂપિયા ૫૦૦૦ કરોડનું પહેલું બજેટ હતું. સિવિલ હોસ્પિટલ એશિયાની મોટામાં મોટી હોસ્પિટલ બાંધવાનું શાણપણભર્યુ એક મુત્સદીગીરીવાળું કામ કર્યું હોય તો કોંગ્રેસના પ્રથમ મુખ્યમંત્રીએ કર્યુ છે. આવા તો અનેક કામો કર્યા છે. મારે કહેવું છે વડોદરા એક્સપ્રેસ-વે ચીમનભાઇ પટેલની દૂરંદેશી, માનનીય અધ્યક્ષશ્રી, કેગના અહેવાલમાં અનેક વિસંગતતા બહાર આવી છે અને એ પુન: ના ઉદભવે એ માટે તકેદારી રખાય એવી પણ માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. માર્ગ મકાન વિભાગ, આલેખન, આર્કિટેક, પ્લાનિંગ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય વિરજીભાઇ ઠુંમર.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ( નિયમ-૧૦૨)

શ્રી બ્રિજેશ મેરજા : યાંત્રિક, પેટા વિભાગોથી ધબકતું ખાતું છે એને ન્યાય આપવો અને નિયત સમય મર્યાદામાં કામો પૂરા થાય એ માટે ઇજનેરો અને કોન્ટ્રાક્ટરોને તાકીદ કરો. માનનીય મંત્રીશ્રી છેલ્લી વાત કરું છું. ચાલો આપણે સૌ બાયપાસનો શોર્ટકટ છોડી દઇએ અને આપણે સૌએ પ્રજાના હિતમાં માઇલ સ્ટોનને નજર સમક્ષ રાખીએ.

મંઝિલ પે વહી પહોંચતા હૈ જો સદૈવ ચલતા રહેતા હૈ, જીવન પથ પર યહી સહી પહેચાન હૈ.

વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પરમ સ્નેહી મિત્ર અને અમારા બહુ જ સહકારી આગેવાન ભાઇ અરૂણસિંહ સરસ મજાનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે મારા સૂચનો રજૂ કરવા આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, એમના પડોશી મિત્ર બોલતા હતા કે પહેલા પહોંચાતું નહતું અને હવે ચાર કલાકમાં પહોંચાય છે મૂળ તો એના પાયામાં જવાની જરૂરિયાત છે. ૧૯૯૧માં પ્રાઇવેટાઇઝેશનની પોલિસી તે વખતના આપણા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહજી નાણાખાતાના પ્રધાન હતા અને જે લાવ્યા અને સરસ મજાની ગાડીઓ આવી એના કારણે પહોંચ્યાં છે, એકસપ્રેસ-વે તો ત્યારે પણ બન્યો હતો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે પણ બન્યો હતો હું એ જ કહું છું. રસ્તાઓ બન્યાં છે અને રસ્તાઓ બનાવવાની જરૂરિયાત છે અને આ રસ્તાઓ બન્યાં ત્યારે મારે અરૂણસિંહ ફરી વખત વાગરામાંથી ચૂંટાણા છે ત્યારે મારે એમને કહેવું છે કે અમરેલી આવો અમે કેવી પરિસ્થિતિમાં પસાર થઇને જઇએ છીએ. તમારા સારા રસ્તા બન્યા છે, અભિનંદન આપું છું. બગોદરાથી અમે જઇએ છીએ વલ્લભીપુર અને વલ્લભીપુરથી અમે ઢસ્સા જઇએ છીએ એટલા બધા બમ્પ, એટલા બધા ડાયવર્ઝન, રસ્તાઓ બની રહ્યા છે એની સામે મારો વિરોધ હોઇ શકેત પરંતુ જયારે એ રસ્તાઓ બની રહ્યા છે એની ઉપર જે બમ્પ રાખવા માટેની પરિસ્થિતિ આવી છે એના કારણે અકસ્માતો પણ થઇ રહ્યા છે. નિયમો વિરુદ્ધ બમ્પ મૂકાઇ રહ્યા છે. કોઇક કોઇક જગ્યાએ ખાડા પણ ખોદાઇ રહ્યા છે તેમાંથી પણ સરકારે વિચારવાની જરૂરિયાત ઉભી થઇ છે ત્યારે અમારા અરૂણસિંહભાઇ આ પ્રસ્તાવ લઇને આવ્યા છે એ બાબતમાં હું જરૂર કહીશ કે આજે કેગનો રિપોર્ટ રજૂ થયો છે. થોડો જ વાંચ્યો છે કદાચ આ કેગનો રિપોર્ટ જો પહેલા રજૂ થયો હોત તો મારા અરૂણસિંહ રાણા કદાચ આ પ્રસ્તાવ ન પણ લઇને આવ્યા હોત. એની પાછળના પણ ઘણા કારણો છે એ બાબતમાં હું નહીં પડું. પરંતુ રસ્તા એટલે તાકીદની જરૂરિયાત છે લોકોની અત્યારે ઝડપ વધી છે એટલે રસ્તાઓ બહુ જરૂરી છે. મારે નીતિનભાઇને વિનંતી કરી છે કે મહેસાણા જાવ છો, સૌરાષ્ટ્ર બાજુ પણ આવજો. મારા ફળદુસાહેબ સામે પણ જોજો કયારેક. અમારા ભારતીય જનતા પાર્ટીના બંને ધારાસભ્યો આ રાજયના પ્રથમ વખત મને લાગે છે, માનનીય અધ્યક્ષશ્રીએ પણ કહ્યું કે પહેલો કદાચ એવો બનાવ બન્યો છે કે બંને ધારાસભ્યો બેય મોટા પક્ષના પ્રમુખ છે. અમારા સૌરાષ્ટ્રથી ચૂંટાઇને આવેલા ભાવનગરના ધારાસભ્ય જે ભાવનગર જતા હશે, અમારા સુરત સાથેના બહુ સબંધો છે. બગદરાથી અમારો જે રસ્તો વડોદરા જાય છે એ રસ્તાની શું પરિસ્થિતિ છે? કયારેક એ રસ્તે તો ચડજો તો તમને ખ્યાલ આવશે. ઘણીબધી ચિંતાઓ વ્યકત કરવાની જરૂરિયાત છે પરંતુ માત્ર ભરૂચની જ ચિંતા ન થાય, માત્ર અમદાવાદ – સુરત રસ્તાની ચિંતા ન થાય. ભરૂચ-વડોદરાની ચિંતા ન થાય. આપણા ઘણા પરાઓ છે. મારા મિત્ર કહેતા હતા કિસાન પથ આવ્યો. કિસાન પથ કોણ લાવનાર છે? નાબાર્ડની યોજનામાંથી કિસાન પથ તે વખતે દાખલ થયો. અને નાબાર્ડની યોજનાના કિસાન પથ ગામડે ગામડે બન્યા છે અને એની પાછળ જો કોઇ અભિનંદનને પાત્ર હોય તો દેશના તે વખતના વડાપ્રધાન મનમોહનસિંહજી અભિનંદનને પાત્ર છે. તમે એની અમલવારી કરી? એની અમલવારી કરી હોય અને નાબાર્ડના રસ્તાઓ આવ્યા હોય અને ગામડે ગામડે પહોંચ્યા હોય એ બહુ જરૂરિયાતવાળી બાબત બની છે ત્યારે અરૂણસિંહ, આવા પડકારને પહોંચી વળવા માટે ૨૫૦૦ કરોડ રૂપિયા નીતિનભાઇ લઇને આવ્યા છે. મેં ઘણી માગણીઓ કરી છે માનનીય નીતિનભાઇ પાસે. અરૂણસિંહભાઇને હું વિનંતી કરું છું મારા સહકારી મિત્ર છે. મેં જે પત્રો લખ્યા છે, અમારા ગામડાંની જે પરિસ્થિતિ છે એને તો મંજૂરી આપે એવી નીતિનભાઇને મારા વતી ભલામણ કરજો. હું જે રસ્તે જવાનો છું ત્યાં મને પણ મત મળ્યા છે, મારી સામે ઉભેલા તમારા ઉમેદવારને પણ મત મળ્યા છે. એ રસ્તેથી તમારા મતદારો પણ ચાલવાના છે. રસ્તા જરૂરિયાત છે. રસ્તાની સામે કોઇને વિવાદ હોઇ પણ ન શકે ત્યારે અરૂણસિંહ આવો સરસ મજાનો પ્રસ્તાવ લઇને આવ્યા છે અને એમાં આ ટોલ અને બુથની આગળની જે મુશ્કેલીઓ ઉભી થઇ છે. તમે ગુજરાતના અમુક ટોલ કાઢયા છે પણ કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને કમસે કમ ગાડીઓવાળા જે લોકો મોટા લોડર લઇને જાય છે, ૪૦-૪૦ ટન વાળા લઇને જાય છે એને લાઇનમાં ઉભા રહેવું પડે એનો વાંધો નહીં પરંતુ જે ગાડીઓ લઇને જાય છે જેને ઝડપથી પહોંચવું છે એ ચાર કલાકને બદલે સાડા ચાર કલાક સુરતથી આવવા માટેનું અંતર થયું છે એની પાછળનું ટોલ ટેકસ કારણ છે. અડધી કલાક આપણો ટાઇમ વધી જાય છે એટલે આ ટેકસમાંથી તો બચાવ કરવો પડે. પૂર્ણેશભાઇ, તમે તો મોદી છો, મોદી તો બહુ મહાન વ્યકિત ગણાવ છો. તમારી મહાનતા સામે હું વાત નહીં કરી શકું પણ આ ટોલમાં થોડીક મદદ કરો તો ઘણીબધી મુશ્કેલી ઓછી થાય. જેટલું ડિઝલ જાય છે અહીંથી સુરતથી નાની ગાડી લઇને જઇએ અને જેટલું ડિઝલ થાય છે એટલો ટોલ ભરવો પડે છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે રસ્તાનો અત્યારે પ્રસ્તાવ લાવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. મારે નીતિનભાઇને વિનંતીપૂર્વક કહેવું છે આપ રસ્તા જે બનાવો છો, અમારા ગામડાંની કનેકટીવીટીવાળા સીંગલ પટ્ટીના જે રોડ છે એ રોડની ડિઝાઇન, ૧૦ ટન અને ૧૨ ટનની બનેલી હોય છે જે જિલ્લાના મેજર રોડ હોય, ગામડાંના કનેકટીવીટી રોડ હોય આ બધા જ રોડ ઉપર ચાલીસ-ચાલીસ, પચાસ-પચાસ ટનની રેતીની ગાડીઓ જાય છે એના હિસાબે રોડ તુટી જાય છે અને એનું આયુષ્ય ઘટી જાય છે. અમારા મોરબીમાં છેલ્લા બે વર્ષમાં નીતિનભાઇ, એવું

બન્યું હતું કે. ૭૨૦ દિવસમાં ૫૦૦ દિવસ સુધી ૧૪૪ ની કલમ લાગુ રહેતી હતી. આની અંદર જાહેરનામું બહાર પાડી આ રોડ ઉપર આવી ગાડીઓ ન જાય તો એની થોડી લાઇફ વધે તેવું માનું છું. હું આ ગૃહમાં પહેલીવાર આવ્યો છું. સત્રનો છેલ્લો દિવસ છે. મારે બહુ વધારે કહેવું નથી. આટલા દિવસના અનુભવમાં અમને ઘણું શીખવા મળ્યું છે. અમારા આયુષ્ય ઉંમર છે, એટલું જ જેનું જાહેરજીવન છે, એવા લોકો સાથે કામ કરવા મળ્યું છે. અમારા ભાઇ, મિત્ર, વડીલ, મુરબ્બી પાસેથી શીખવા મળ્યું છે. અમારા આદરણીય વડીલ, મુરબ્બી સાથે બેસવાનો અને કામ કરવાનો મોકો મળ્યો છે. એક વસ્તુમાં જરૂર કહીશ નીતિનભાઇ, મેં પણ એકડો, બગડો કયાંક કર્યો છે. કહેવામાં આવતું હતું કે વિચારો મહાન છે, વ્યક્તિ નહિ. અહીયા આટલા દિવસોમાં ખાલી વ્યક્તિ, વ્યક્તિ સિવાય બીજી વાત સાંભળી નથી. એવો મારો અહેસાસ છે. અમે પણ એક દિવસ આ જ દિવસમાંથી નીકળ્યા છીએ. અમે સાંભળ્યું હતું કે ઇન્દિરા ઇઝ ઇન્ડિયા અને ઇન્ડિયા ઇઝ ઇન્દિરા. આજે તમારા મોઢામાંથી બીજી કોઇ વાત નીકળતી નથી. આ બધા સભ્યોને ફરજિયાત બોલવું પડે. આપણા માજી મુખ્યમંત્રી અને અત્યારના દેશના વડાપ્રધાને આ કરી નાખ્યું, તે કરી નાખ્યું. કોંગ્રેસે તમને આ વારસામાં દીધેલ છે. કોંગ્રેસના દીધેલ રાજમાં તમે ખાલી મલમપટ્ટી કરો છો. બાકી બહુ લાંબુ નથી અને બ્યુટીપાર્લરમાં જઇને સાફસૂફ થાય છે એમ મને લાગે છે. મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ફળદુ સાહેબ કહે છે કે થોડી ગમ્મત કરજો એટલે ગમ્મત કરી લઉં. કોઇ નારાજ ન થતા. સી.જે. ચાવડા, લલીતભાઇએ છેલ્લે છેલ્લે કહ્યું કે અમે કરેલું, અમે કરેલું અને વારંવાર કહે છે. હું તો વર્ષોથી સાંભળું છું. એક યુવાનના લગ્ન હતા. એની જાન લઇને એને પરણાવવા ગયા. તો સ્વાભાવિક છે કે રિવાજ પ્રમાણે જેના લગ્ન હોય એના ગીતો ગવાય. ફરી કહું છું જેના લગ્ન હોય એના ગીતો ગવાય. પેલા છોકરાના પપ્પા ૬૦-૬૫ વર્ષ થઇ ગયેલા. એને એમ થયું કે મારા છોકરાના કેમ ગા ગા કરે છે. મારું કેમ કોઇ ગાતું નથી. એણે પેલી બહેનોને કહ્યું કે બધી જાનડીઓ, હું તમને જાનમાં લાવ્યો છું. એસ.ટી. કરીને લાવ્યો છું. એસ.ટી.નું ભાડું હું આપું, મોટર હું લાવ્યો છું. ઘરે મેં જમાડ્યા. જાનમાં મારા વેવાઇ જમાડશે. તમે મારા છોકરાનું ગાવ છો. મારું તો ગાતા નથી. એક બહેને કહ્યું કે કાકા તમારું ન ગવાય. તમારા જમાના વીતી ગયા. જેનો જમાનો ચાલતો હોય એના ગવાય. સી.જે. ભાઇ, તમે અહી ૬૫-૭૦ વર્ષના બબ્બે વાર પરણી ચૂક્યા હોય એની વાતો કરો. અહી તાજી વાત કરવાની. એટલે જૂની વાતો ભૂલી જાવ. છોડો કલકી બાતે, કલકી બાત પુરાની. એ રીતે તમે બધા ચાલો અને અમારા અરુણસિંહ આ પ્રસ્તાવ લાવ્યા છે. જોગાનું જોગ જુઓ. માનનીય ગવર્નરશ્રી, રાજ્યપાલશ્રીએ પ્રથમ દિવસે બજેટ સત્રનો શુભારંભ અમારા વિકાસલક્ષી રાજ્યપાલશ્રીના પ્રવચનથી કર્યો. આજે છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ અમારા અરૂણસિંહને ડ્રોમાં લાગ્યો. આ તો બધાને ખબર છે કે ડ્રોમાં લાગે છે. આપી નથી દેવાતું તમને એમ કે અરૂણસિંહને આપી દીધો. એ ઘણા નસીબદાર છે. ડ્રોમાં લાગ્યો. એમણે વિકાસલક્ષી વિષય અમારા પ્રદીપસિંહની સલાહથી લીધો અને એમણે આખું સુંદર મટીરિયલ તૈયાર કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર અમારા નેતાશ્રીઓએ કહ્યું છે. અહીં છેલ્લે લલિતભાઇ બોલ્યા. આ નવા લોકો છે એટલે સ્વાભાવિક છે કે તેમને જૂની વાતની ખબર ન હોય. આ એ જ વિધાનસભાગૃહ છે જયાં આપણે બેઠા છીએ. ૨૦૧૦માં જયારે આપણા ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની સ્વર્ણિમ જયંતિની ઉજવણી કરવાનો સરકારે નિર્ણય કર્યો. તે વખતે મોદી સાહેબ મુખ્યમંત્રી હતા. કેબિનેટમાં ચર્ચા વિચારણા થઇ. મોદી સાહેબે અમારા બધાના અભિપ્રાય માગ્યા કે કેવું કરવું જોઇએ અને શું કરવું જોઇએ. અમે બધાએ કહ્યું કે સભા કરો, જાહેર સભા કરીએ, આ કરીએ તેવું અમારી બુદ્ધિ પ્રમાણે અનુભવથી કહેવાય એટલું કહ્યું. માનનીય મોદી સાહેબને તો નવીન કરવાની પદ્ધતિ છે તે પ્રમાણે ૫૦ વર્ષ થયા છે તો તે આપણા એકલાથી નથી થયા. ૧૯૬૦માં ગુજરાત રાજય અલગ પડયું. મહાગુજરાતની લડત પૂજય ઇન્દુચાચા અને બીજા નેતાઓ લડયા. આમ તો અત્યારે કહેવાનો સમય નથી પણ થોડું યાદ કરાવી લઉં. મહાગુજરાતની લડત એમને એમ ન્હોતી થઇ. લોકો શહીદો થયા હતા. કમનસીબી તો એ હતી કે અમદાવાદના ભદ્ર ખાતે કોંગ્રેસ ભવન જે ગુજરાત કોંગ્રેસનું મુખ્ય કાર્યાલય હતું ત્યાંથી અલગ ગુજરાત માગનાર યુવાનો ઉપર ગોળીઓ છોડવામાં આવી હતી અને તે શહીદો થયા હતા. તે શહીદોની ખાંભી આજે કોંગ્રેસ ભવન આગળ ભદ્રકાળી માતાના મંદિર પાસે છે તે જઇને જોઇ આવજો. એટલી લડત લડયા પછી આપણને ગુજરાત મળ્યું હતું. તેની ૫૦ વર્ષની ઉજવણી કરવાની હતી. તે વખતે મોદી સાહેબે આખા ગુજરાતના તે વખતના અને અત્યારના તમામ ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીઓને નિમંત્રણ આપ્યું. તમામ ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓને નિમંત્રણ આપ્યું. તમામને એકત્ર કર્યા અને આ સન્માનનીય ગૃહમાં પધારેલા સર્વે પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ આપ જયાં અત્યારે બિરાજો છો ત્યાં બેસાડી તેમનું સન્માન કર્યું. આ વિધાનસભાના રેકર્ડમાં છે તે જોવું હોય તો જોઇ લેજો. મોદી સાહેબે તે વખતે કહ્યું હતું અને અમે આજે પણ કહીએ છીએ કે આ ગુજરાતમાં અમે એકલાએ નથી કર્યું. ગુજરાત તો પરંપરાથી ચાલતું આવ્યું છે. આઝાદ ન્હોતા થયા ત્યારથી ગુજરાત તો બનેલું છે. ગુજરાત ઝીરો હતું અને બધું બની ગયું એવું અમે કદી નથી કહેતા. આ મોદી સાહેબે વારંવાર સેંકડો વખત કહ્યું છે પણ તમે તે શબ્દોને સ્વીકારતા નથી. અમે જે કર્યું તે અમે કહીએ છીએ. તમે કર્યુ તે તમે કહો છો. ફરી કહી દઉં છું કે જેના લગ્ન હોય તેના ગાણા ગવાય. હવે તમારા લગ્ન નથી, તમે બધા ભૂલી જાઓ. તમે સમય પ્રમાણે ચાલો. એટલે આ બધુ થાય છે. રસ્તા એ વિકાસની મુખ્યમાં મુખ્ય પ્રાથમિક જરૂરિયાત છે. અમારા પૂર્વ મુખ્યમંત્રી માનનીય કેશુભાઇ અમને કહેતા હતા અને રસ્તા બાબતમાં તેમનો ખૂબ આગ્રહ હતો. ગામડાંને જોડતા રસ્તાની વાત છે. તમને બધાને યાદ હશે કે ગોકુળ ગ્રામ યોજના અમારી ભાજપ સરકાર લાવી. તે વખતે ગામડામાં કોઇ એક ઇંટ ન્હોતી મૂકાતી, એક કપચીનું બકડીયું ન્હોતું નંખાતું. પહેલા બીજી સરકારોમાં કોણ હતું તે બધાને ખબર છે મારે બીજું કંઇ નથી કહેવું. સી.જે. સાહેબ એટલે કેશુભાઇએ નકકી કર્યુ કે પગલાંમાં સી.સી.રોડ આપવા છે. પગલાંમાં રોડ કરવા છે. ગોકુળ ગ્રામની યોજના

અમે ચાલુ કરી. તેનાથી આગળ વધતા વધતા અમે જયાં પહોંચ્યા છીએ તે આજે આખું ગુજરાત અને દેશ જુએ છે. અમેરિકાના એક રાષ્ટ્રપતિએ એમ કહ્યું કે વિકાસ હોય ત્યાં રસ્તા નહીં પણ રસ્તા હોય ત્યાં વિકાસ પહોંચે છે. આપણા બધાનો અનુભવ છે કે જયાં રોડ હોય ત્યાં રહેણાંક વધી જાય, કોમર્શિયલ વધી જાય, ઈન્ડસ્ટ્રીઝ આપોઆપ આવી જાય, હોટલો બની જાય. આજે આપણે આખા ગુજરાતમાં ફરીએ છીએ. અમારા રસ્તા ખાલી મોટર ચલાવવા નથી. રોજગારી આપવા માટે પણ છે. આખા ગુજરાતમાંથી આપણે બધા અહીં આવીએ છીએ. એકપણ રોડ એવો નથી, નાનામાં નાના ટાઉનથી માંડી, આદિવાસી વિસ્તારથી માંડી, કચ્છથી માંડી, દરિયાકિનારાથી માંડીને કે જયાં રોડ બન્યો ત્યાં હોટલો, ચાની લારીઓ, નાસ્તાની લારીઓ, ટાયર પંકચરવાળા, પેટ્રોલપંપવાળા ન હોય અને અહીં આ બધાને રોજગારી મળે છે. લાખો લોકોને રોડ બનાવવાના કારણે રોજગારી મળે છે જો રોડ ના બને તો આ હોટેલો ના થાય, પેટ્રોલ પંપ ના થાય, આ ટાયર પંચર કરવાવાળા કે મોટર રીપેરીંગ એ લોકોને રોજગારી ના મળે. આમ, આ રોજગારીને પણ વધારો આપે છે. બીજું ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપીએ છીએ, આ વર્ષના અમારા બજેટમાં જે રસ્તા અમે કરવાના છીએ, લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાના કામો ગુજરાતમાં થશે તો એમાં મટીરીયલ્સ વપરાવાનું છે કપચી વપરાશે, સીમેન્ટ વપરાશે, સ્ટીલ વપરાશે, ડામર વપરાશે અને લાખો લોકોને એમાં રોજગારી મળશે. આ બધું વપરાશે તો એ કોન્ટ્રાકટર ખરીદશે, લોખંડવાળા પાસેથી લોખંડ ખરીદશે, કવોરી પાસેથી કપચી ખરીદશે તો એની જી.એસ.ટી.ની સરકારની તિજોરીમાં આવક થવાની છે અને લાખો લોકોને રોજગારી મળવાની છે. આ અર્થતંત્રને ધબકતું રાખવાનું પણ મોટું કામ માર્ગ મકાન વિભાગ દ્વારા રસ્તાઓ બનાવવાથી, મકાનો બનાવવાથી થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મકાનની પણ વાત કરી છે કોઇએ એટલે કહું છું કે, અમે કર્મચારીઓના ક્વાર્ટર બનાવ્યા. કર્મચારીઓને રહેવા સારી વ્યવસ્થા જોઇએ. અમારા પોલીસ હાઉસીંગના પ્રદિપસિંહજી અને મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ તરફથી તમામ પોલીસ કર્મચારીઓને પોતાને સારામાં સારા સુંદર રહેવાલાયક ફ્લેટ મળે એ માટે એવી કોલોની પણ પોલીસ કર્મચારીઓ માટે બનાવી છે. એ જ રીતે કર્મચારીઓના કવાર્ટર પણ બનાવ્યા. (અંતરાય) ધારાસભ્યોનું છેલ્લે કરવાનું છે, પહેલું પ્રજાનું કરવાનું છે બોલો હવે કાંઇ કહેવું છે? આપણે પ્રજાનું કામ કરવા માટે અહીંયા આવ્યા છીએ. ધારાસભ્યશ્રીઓ માટે પણ થોડું થતું હશે તો કરીશું પણ ધારાસભ્ય, ધારાસભ્ય દર વખતે તમને કાંઇક કહું એટલે ધારાસભ્યોનું જ ચાલુ કરી દો છો. આ તો એસ.ટી.નું કાંઇક કહીએ અને હમણા હું એસ.ટી.નું કહું કે ૨૦૦૦ બસો લાવવાની છે અને એ માટે હમણા જ અમે સહીઓ કરી તો તમે એમ કહેશો કે અમારી મોટરનું શું? એવું ના હોય આપણે તો પ્રજા માટે છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કામ રોડ રસ્તાના વ્યાપક નેટવર્કથી અમારી સરકાર જયારે કરી રહી છે ત્યારે અરુણાસિંહભાઇએ, મુકેશભાઇએ, ભાઇશ્રી લલીતભાઇએ, વિરજીભાઇએ અને સી.જે.ચાવડાએ સુંદર સૂચનો પણ કર્યા છે. અત્યારે ડમ્પરો મોટા થઇ ગયા છે, ટેલરો મોટા થઇ ગયા છે અને ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ એટલો બધો થયો છે કે પહેલા જૂની સરકારોના જમાનામાં ખાલી ટેમ્પા જ ચાલતા હતા ટેમ્પા અને એ પણ ૪૦૭થી મોટા નહીં ત્યારે રોડ નહોતા તૂટતા પણ હવે એવી ૨૦-૨૦ થી ૩૦-૩૦ ટનની ગાડીઓ આવે છે અને ગુજરાતનું પોર્ટ એવડું મોટું અમે બનાવ્યું છે કે એ પોર્ટો ઉપર કરોડો ટન માલની આખા દેશ અને દુનિયામાંથી હેરફેર થાય છે, એક્સપોર્ટ અને ઇમ્પોર્ટ થાય છે અને એ માલના ટેલરો નીકળે છે એટલા માટે રોડ તૂટે નહીં અને રોડ બધા મજબૂત થાય એ માટે આપનું સૂચન આવકાર્ય છે અને જેટલું થાય એટલું અમે કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે રોડ અમે બનાવ્યા છે, મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના એ ગઇ ટર્મમાં અમે શરૂઆત કરી હતી એની અંદર ૭૯૪૩ કરોડના ૨૩૬૦૦ કિલોમીટર રસ્તાઓને અમે તબક્કાવાર કરવાના છીએ. નાના નાના કામો તો આપ સૌ જાણો છો, અહીંયા કહ્યું કે ભેદભાવ રાખે છે, હું નથી માનતો. હું કહેવા માગુ છું પણ અત્યારે સમય નથી છતાં કહું છું કે, તમને બધાને દર વર્ષે હું પત્ર લખું છું, જેનો જે રોડ મંજૂર થાય એને હું પત્ર લખું છું તબક્કાવાર ધારાસભ્યો, હોદેદારો બધાને તમે જોઇ લેજો અને જેને એમ લાગે અહીંયા આદિવાસી વિસ્તાર હોય, સૌરાષ્ટ્ર હોય કે દક્ષિણ ગુજરાત હોય કરોડો રૂપિયાના રોડ બધાને આપણે મંજૂર કર્યા છે અને એનો લાભ ગુજરાતની જનતાને જયારે મળે છે ત્યારે ભારત સરકારની પણ મારે થોડી વાત કરવી પડે કે એ પનોતા પુત્રે શું આપ્યું એ મેં થોડું કહ્યું હતું આજે ફરી એને જયાં જરૂર છે ત્યાં રીપીટ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪ પછી અમારી ભારત સરકાર આવ્યા પછી રાજયની અંદર ૨૧૪૮ કિલોમીટરના ગુજરાત સરકારના રસ્તા એ ભારત સરકારે રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કર્યા છે. હું આપને એ પણ કહી દઉં ઘણાંને ખબર નહીં હોય કે જાહેર કર્યા એનો ફાયદો શું? નેશનલ હાઇવે જાહેર થાય એટલે તેને પહોળો કરવા માટે, તેનું રીપેરીંગ કરવા, તેનું મેઇન્ટેનન્સ કરવા, તેને રી-કાર્પેટ કરવા જે ગુજરાત સરકાર ખર્ચો કરતી હતી તેના બદલે તે રકમ ભારત સરકાર તેના બજેટમાંથી રાજયને આપે એટલે અગાઉની સરકારોમાં આપણને નેશનલ હાઇવે નહોતા મળતાં એ મોદી સાહેબે ખૂબ ઉદારતાથી મંજૂર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત જે બીજા કામો મંજૂર કર્યા છે તેમાં નેશનલ હાઇવે ઓથોરીટીએ જે કામો મંજૂર કર્યા છે ૧૭,૫૮૬ કરોડ રૂપિયા ગુજરાત માટે નેશનલ હાઇવે ઓથોરીટીએ મંજૂર કર્યા છે. તેવી જ રીતે સી.આર.એફ. સેન્ટ્રલ રોડ ફંડ ભારત સરકાર આપણને ગ્રાન્ટ આપે એમાં પણ ૧૨૦૨ કરોડ રૂપિયાના કામ મંજૂર થયા છે. તાજેતરમાં હું અઠવાડિયા પહેલાંની માહિતી આપું છું અમદાવાદ, ચિલોડા ગાંધીનગર, સરખેજ હાઇવે તેના માટે ૮૪૬ કરોડ રૂપિયાના ટેન્ડરો બહાર પડી ગયા છે. ચિલોડાથી માંડી ગાંધીનગરથી છેક સરખેજ સૌરાષ્ટ્રને જોડતો હાઇવે કોઇ જગ્યાએ ચાર રસ્તાનું ક્રોસીંગ નહીં રહે, ટોટલ રસ્તા ફ્લાય ઓવર સાથે એલિવેટેડ પુલ સાથે તમે છેક સાણંદથી નીકળો અને ચિલોડા જાવ ત્યાં સુધી કોઇ જગ્યાએ ચાર રસ્તા નહીં આવે. તેના ટેન્ડર ખુલી ગયા, એના ટેન્ડર મંજૂર થઇ ગયા ટૂંક સમયમાં આપણે બધા તેનું ખાતમુહૂર્ત કરીશું પછી ફરી એમ ના કહેતાં કે આ ખાતમુહૂર્ત કરો છો, અમે કરીએ છીએ તો

અમે જ ખાતમુહૂર્ત કરીશુંને. અને પછી ઉદઘાટન પણ અમે કરીશું. સૌરાષ્ટ્રની અહીંયા વાત કરી કે સૌરાષ્ટ્ર માટે સૌરાષ્ટ્રને અમારા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી અહીંયા બેઠાં છે, અમારા વિભાવરીબેન અને અન્ય મિત્રો પણ છે. કાયમ ભાવનગરને ભૂતકાળમાં જે નહોતું મળ્યું બગોદરાથી માંડી છેક ભાવનગર સુધી વચમાં ધંધુકા આવી જાય પછી વલ્લભીપુર આવી જાય, પ્રમુખ સ્વામી મહારાજનું, હનુમાનજી દાદાનું સાળંગપુર પવિત્ર યાત્રાધામ આવી જાય, પાલિતાણા આવી જાય, નવો જિલ્લો બોટાદ આવી ગયો સૌરભભાઇની લાગણી હતી કે અમારા જિલ્લાને આપો. બધાને ચાર માર્ગીય રસ્તાથી આવરી લેવાનું સંપૂર્ણ કામ અત્યારે ચાલુ છે. ભાઇ વિરજીભાઇએ સાચું કહ્યું બમ્પ આવે, ડાયવર્ઝન આવે સલામતી માટે થાય છે અને બમ્પને અમારે તકલીફ એટલી છે કે સ્કૂલ આવે તો ગામવાળા કહે કે અહીંયા બમ્પ મૂકો પછી મંદિર આવે તો ગામવાળા કહે કે અહીંયા બમ્પ મૂકો એટલે બધે બમ્પ લોકો મૂકાવે છે. અમારા નિયમોથી અમે નથી મૂકતા પણ આગેવાનો આવી અને સરકારને દબાણ કરે છે, અધિકારીઓને દબાણ કરે, કામ ચાલતું હોય તો ડમ્પર ખાલી કરાવે છે કે અહીંયા કરી દો એટલે હવે ના કરશું, તેને વૈજ્ઞાનિક રીતે કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું છે બેટ દ્વારકાથી ઓખાનો જે પુલ તે પણ ૯૬૨ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે મોદી સાહેબે આપણને ફાળવ્યાં છે તેનુ કામ શરૂ થઇ જશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી કાલે સરદાર વલ્લભભાઇની યાદગીરી માટે અહીંયા ચર્ચા કરી વિશ્વની ઉંચામાં ઉંચી પ્રતિમા બની રહી છે. ત્યાં રસ્તો બનાવવા માટે કારણ કે ટ્રાફિક વધશે દર સાલ ૨૫ લાખ લોકો ત્યાં મુલાકાતે આવવાના છે અને હજારો, લાખો ગાડીઓ આવશે એની અવર–જવર માટે ફોર લેન રસ્તા બનાવવા ભારત સરકાર તરફથી ૨૨૪ કરોડ રૂપિયા ચાર માર્ગીય રસ્તાની પણ કામગીરી પ્રગતિ હેઠળ છે. આમ, સમય નથી એટલે વધારે નહીં કહું હું ચોક્કસ એટલુ કહીશ મેં અગાઉ કહ્યું હતું મારા માર્ગ અને મકાન વિભાગના પ્રવચન વખતે કે મારી ઇચ્છા છે કે પાંચ વર્ષમાં ગુજરાતના દરેક ગામોને એકથી વધુ રોડ મળે, તમામ કાચા રસ્તા નોન પ્લાન રસ્તા પાકા રસ્તા થઇ જાય. પહેલાં નોન પ્લાન રસ્તા ડામર રસ્તા ભૂતકાળમાં બન્યા છે, અછત વખતે રાહત કામ માટે જે રસ્તા બન્યા છે તે બધાને કરવા ટ્રાફિક વધી રહ્યો છે તો નવા ફ્લાય ઓવર, નવા પુલ તે પણ બનાવવા. હમણાં જ તાપી નદી ઉપર એક નવો પુલ બનાવવા લગભગ ૫૦ કરોડ રૂપિયા અમે મંજૂર કર્યા છે. તો નવા પુલો પણ આપણે ચારે તરફ બનાવી રહ્યાં છીએ અને ગુજરાત રસ્તાઓમાં પણ, બીજી બાબતોમાં છે જ પણ રસ્તાઓમાં પણ દેશમાં નંબર વન બને તે માટે અમે કામ કરવાના છીએ. એટલે માનનીય અરૂણસિંહનો હું ખૂબ આભાર માનું છું કે વિકાસથી શરૂ થયેલી આ બજેટ સત્રની યાત્રા આજે જયારે આપણે બજેટ સત્ર પૂર્ણ કરીએ છીએ. ત્યારે વિકાસને આગળ વધારતો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લાવ્યા છે ત્યારે હું દરેક ધારાસભ્ય માટે કહીશ કે કોઇ ક્વોલિટી ખરાબ થતી હોય, ગુણવત્તામાં તકલીફ હોય તો સીધું મારું ધ્યાન દોરજો. તકલીફ એ થાય છે કે, ૧૨ મહિને વિધાનસભાનું નવું સત્ર મળે ત્યાં સુધી તમે રાહ જુઓ. અહીં કોઇ એની નોંધ ચોક્કસ લેવાય પણ એ પહેલાં તો કામ પણ થઇ ગયું હોય, કોઇ ફરિયાદ ના આવી હોય તો પેમેન્ટ પણ થઇ ગયું હોય પછી પેલું ડહાપણ હું અહીં પેલો શબ્દ નથી વાપરતો પણ એ ડહાપણ નકામું જાય છે. એટલે તમે જરૂર મારું ધ્યાન દોરજો. હું માત્ર માર્ગ અને મકાન વિભાગની વાત નથી કરતો. મધ્યાહન ભોજનમાં કોઇ તકલીફ હોય, આરોગ્યમાં તકલીફ હોય, પંચાયતમાં તકલીફ હોય, કોઇ કર્મચારી અનિયમિત હોય, આર.ટી.ઓ.માં કોઇ તકલીફ હોય, રેવન્યુમાં કોઇ તકલીફ હોય હું અમારી સરકાર વતી, મુખ્યમંત્રી વતી આ ગૃહને ખાતરી આપવા માગું છું કે, અમારી સરકાર કોઇ ખોટું કરનારને, કોઇ ભ્રષ્ટાચાર કરનારને કોઇ કર્મચારી માટે અમે નથી બેઠા. તમે અને અમે જો સાચું કામ કરીએ તો ગુજરાતની પ્રજા માટે બેઠા છીએ. તમે સમય આવે ત્યારે તરત જ ધ્યાન દોરજો તો તમારી દરેક વાત ઉપર પૂરેપૂરું ધ્યાન આપી અને એનું નિરાકરણ કરીશું એવી વિનંતી કરું છું. કચ્છને પણ નેશનલ હાઇવેમાં ૧૦૬૦ કરોડ રૂપિયા અમે મંજૂર કર્યા છે. આ બનાસકાંઠાના મિત્રો છે તો એમને એમ થાય કે અમે રહી ગયા. એટલે એમને પણ થરાદ થી ધાનેરા અને સામરવાડા થી પાથાવાડા એ બંને રસ્તાઓની અત્યારે જે પહોળાઇ છે એનાથી ૧૦ મીટર પહોળા કરવા માટે ૪૬૪ કરોડ રૂપિયાના કામ મંજૂરી હેઠળ છે અને બનાસકાંઠાને પણ એનો લાભ મળશે અને તાપી નદી ઉપર મેં કહ્યું એ પ્રમાણે નવો બ્રિજ બનાવવા ૪૯ કરોડ રૂપિયના કામો અમે મંજૂર કર્યા છે અને વરસાણા થી ખાવડા કચ્છનો જે નેશનલ હાઇવે છે એના માટે ૧૦૬૦ કરોડના કામોની મંજૂરી મળી ગઇ છે. એ ટેન્ડર તબક્કે છે. એટલે ગુજરાતનો કોઇ ખૂણો દક્ષિણ ગુજરાત, વાપી, અંકલેશ્વર, વલસાડ, વ્યારા, ડાંગ બધે જ રસ્તાઓ આપણે કરી રહ્યા છીએ ત્યારે ગુજરાતની વિકાસ યાત્રાને આપણે આગળ વધારીએ એવી વિનંતી સાથે આપ સૌનો આભાર અને મહિનો આપે ખૂબ સારી રીતે અમારી કાળજી રાખી છે, અમને માર્ગદર્શન આપ્યું છે, અમારી ભૂલ હોય ત્યાં ટોક્યા પણ છે પણ અમારી સરકાર વતી હું બધાને મિચ્છામી દુક્કડમ કહું છું. તમે બે શબ્દો કડવા બોલ્યા હોય તો અમે ભૂલી જઇશું. અમે બે શબ્દ કડવા બોલ્યા હોય તો તમે ભૂલી જજો. આપણું લક્ષ્ય એ ગુજરાતનો વિકાસ છે. ગુજરાતને નંબર વન બનાવવું છે અને મોદી સાહેબના નેતૃત્ત્વમાં આ બધું અમે કરી રહ્યા છીએ તો આપણે સાથે મળીને આગળ વધીએ એવી વિનંતી સાથે આપનો આભાર.

**સત્ર સમાપ્તિ**

અધ્યક્ષશ્રી : હવે ચર્ચા પૂરી થાય છે. તમામના સહકારથી સુચારું સત્ર ચાલે એ માટે મેં મારા તટસ્થ રીતે પ્રયાસ કર્યા છે. તમામનો આભાર. ક્યાંક કોઇ માનનીય સભ્યશ્રીને મારાથી ઠેસ પહોંચી હોય તો દિલગીર છું. સભાગૃહની આજની બેઠકનું કામકાજ પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ – ૯(૧) અન્વયે હું સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખું છું.

**સત્રની સમાપ્તિ 'વંદે માતરમ' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવી કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬: ૪૦ કલાકે પૂરું થતા માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર
સભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રહ્યું.**

| પુસ્તક-૫૭ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | વડોદરા અને નર્મદા જિલ્લામાં ગણોતધારાની કલમ-૮૪ સી હેઠળ કાર્યવાહી | ૫૧ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા | ૧૩૧ |
| | વડોદરા અને ભાવનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૧૦૨ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં મુખ્ય ખનિજ લીજ | ૨૫૧ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં દારૂનાં પરવાના | ૨૭૯ |
| | સુરત અને વડોદરા શહેરમાં ઝોન ફેરફાર બાબત | ૨૦૯ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને અમરેલી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૧૦૧ |
| | મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં સી.સી.ટી.વી. કેમેરા | ૨૭૧ |
| | મહીસાગર અને નર્મદા જિલ્લામાં દારૂનાં પરવાના | ૨૮૮ |
| | મહીસાગર અને નવસારી જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ | ૪૯ |
| | વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં એમ.ઓ.યુ. | ૨૩૨ |
| અનંતકુમાર પટેલ | ક્રુડ ઓઈલ રોયલ્ટીની કેન્દ્ર સરકાર સમક્ષની બાકી રકમ | ૨૩૯ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં મુખ્ય ખનિજ લીઝ | ૨૭૪ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૧૬ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૬૮ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં દારૂના પરવાના | ૨૯૧ |
| | રાજ્યમાં માઈનોરીટી કમિશનની સ્થાપના | ૧૧૮ |
| | બિલના સ્કોપમાં જ બોલવા અંગે | ૩૩૦ |
| અનિલ જોષિયારા | બિલના સ્કોપમાં જ બોલવા અંગે | ૩૦૮ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો | ૩૦ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો | ૮૫ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોલીસ મહેકમ | ૨૫૫ |
| | અરવલ્લી જિલ્લામાં નવા ઉદ્યોગો | ૨૮૨ |
| | સુરત શહેરમાં એફ.એસ.આઇ. વધારવા બાબત | ૨૧૫ |
| અભેસિંહ તડવી | ગાંધીનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના | ૫૫ |
| | ભરૂચ જિલ્લામાં પવનચક્કીના હેતુ માટે ફાળવેલ જમીન | ૧૩૨ |
| | વડોદરા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૧૦૭ |
| અમીત ચાવડા | આણંદ અને વડોદરા જિલ્લામાં મુખ્ય ખનિજ લીઝ | ૨૮૦ |
| | કે. જી. બેઝિનમાં હિસ્સેદારો | ૨૦૯ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં પડતર જમીનોમાં દબાણ | ૧૦૯ |
| | મુખ્યમંત્રી ઓનલાઇન સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ | ૫૭ |
| | વડોદરા શહેર / જિલ્લામાં વિદેશી દારૂનાં સંગ્રહ / વેચાણનાં પરવાના | ૨૫૨ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં વારસાઇ હક્કોની અરજીઓ | ૧૧૫ |
| | ખેડા જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | ૧૧ |
| | ખેડા જિલ્લામાં વારસાઈ હક્કોની અરજીઓ | ૬૬ |
| | રાજ્ય પોલીસની સંદેશાવ્યવહાર પધ્ધતિ | ૨૨૧ |
| અરૂણસિંહ અ. રણા | છેલ્લા દિવસનો પ્રસ્તાવ( નિયમ-૧૦૨) | ૩૪૧ |

| પુસ્તક-૫૭ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
| --- | --- | --- |
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અરવિંદ રૈયાણી | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૧૬૨ |
| | મોરબી જિલ્લામાં ગુણવત્તા સહાય હેઠળ અરજી | ૨૭૫ |
| | રાજકોટ જિલ્લાનાં એકમોને વ્યાજ સહાય | ૨૪૧ |
| | રાજકોટ જિલ્લામાં શ્રમયોગીઓને લઘુતમ વેતન | ૪૨ |
| | રાજકોટ શહેર પોલીસનાં રહેણાંક મકાન | ૨૯૧ |
| | રાજકોટ અને વડોદરા જિલ્લામાં જનસેવા કેન્દ્રમાં આવેલ અરજીઓ બાબત | ૯૭ |
| અરવિંદ રાણા | સુરત જિલ્લામાં વારસાઈ હક્કો | ૯૪ |
| | હુકમ કરનાર અધિકારી દ્વારા હુકમી નોંધો કરવાની જોગવાઈ | ૪૦ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૧૪૮ |
| | રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૮ | ૧૫૪ |
| | ગીર-સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૧૩ |
| | બોટાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૬૮ |
| | મહેસાણા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા | ૧૧૬ |
| | અમદાવાદ જિલ્લામાં ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રે અરજી | ૨૫૩ |
| | અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજના | ૨૧૨ |
| અરવિંદભાઇ પટેલ | નવસારી જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા | ૧૩ |
| | ધરમપુર નગરપાલિકાને સફાઇ માટે સહાય | ૧૯૭ |
| | નવસારી જિલ્લામાં પવનચક્કીના હેતુ માટે ફાળવેલ જમીન | ૬૮ |
| | વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કો | ૧૧૬ |
| અલ્પેશ ખો. ઠાકોર | બિલના સ્કોપમાં જ બોલવા અંગે | ૩૨૬ |
| | ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ | ૧૦૭ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં દારૂની હેરાફેરી | ૨૪૦ |
| | વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ પાછળ ખર્ચ | ૨૭૫ |
| | સમાજ સુરક્ષા ખાતામાં દત્તક બાળકો લેવાની પડતર અરજીઓ | ૫૫ |
| અશ્વિન કોટવાલ | થાનગઢ ગોળીબારમાં મૃત્યુ પામેલ ઇસમોનાં વારસદારોને ખનીજ લીઝ | ૨૧૯ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ | ૫૫ |
| આનંદભાઇ મો. ચૌધરી | બિલના સ્કોપમાં જ બોલવા અંગે | ૩૩૨ |
| | કચ્છ જિલ્લામાં મરીન કેમિકલ માટે મીઠાના અગરો ભાડાપટ્ટે અપાયેલ જમીનનું ભાડું | ૨૪ |
| | રાજ્યના બંદરો પર સુરક્ષા વ્યવસ્થા અંગે કેન્દ્ર સરકારમાં રજૂઆત | ૨૫૭ |
| | સુરત અને નર્મદા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૧૨૪ |
| | સુરત અને નર્મદા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૭૭ |
| | સુરત અને વડોદરા જિલ્લામાં મુખ્ય ખનિજ લીઝ | ૨૮૨ |
| | સુરત અને વડોદરા શહેરમાં ઝોન ફેરફાર બાબત | ૨૧૯ |
| આશા પટેલ | મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં મુખ્ય ખનિજ લીઝ | ૨૨૦ |
| | મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા | ૧૩૬ |
| | મહેસાણા અને બોટાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૬૦ |
| | શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવા બાબત. | ૧૬૫ |
| | ઉંઝા અને વડનગર તાલુકામાં બેરોજગારોને રોજગારી | ૧૧૩ |
| ઇન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને આણંદ જિલ્લામાં એ.સી.બી.ના પોલીસ સ્ટેશન | ૨૮૩ |

| પુસ્તક-૫૭ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ખેડા અને ગાંધીનગર જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ કરતા ઔધાગિક એકમો | ૫૧ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૧૦૨ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ભાગેડુ વ્યક્તિઓ | ૨૨૦ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં કાર્યક્રમ | ૨૫૮ |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ શહેર અને જિલ્લામાં માનવ ગરિમા યોજના | ૭ |
| | લઘુમતિઓ માટે વિવિધ ક્ષેત્રિય કાર્યક્રમ | ૧૧૫ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં વૃધ્ધ સહાય યોજના | ૬૪ |
| | અમદાવાદ શહેર/જિલ્લામાં કસ્ટોડીયલ ડેથ | ૨૬૦ |
| | અમદાવાદ શહેર/જિલ્લામાં હીટ એન્ડ રનના કીસ્સા | ૨૨૨ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | શોકદર્શક ઉલ્લેખ | ૧૩૮ |
| ઋત્વિકભાઇ મકવાણા | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ભાગેડુ વ્યક્તિઓ | ૨૩૦ |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા | ૧૨૭ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં શરતભંગ થવાની ફરિયાદો | ૩૬ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જીલ્લામાં સીસીટીવી કેમેરા | ૨૬૮ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૮૯ |
| ઋષિકેશ પટેલ | પાટણ જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજના | ૪૫ |
| | મહેસાણા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા | ૯૮ |
| | મહેસાણા જિલ્લામાં મંજુર સ્પિનીંગ એકમ. | ૨૫૪ |
| | ઉંઝા નગરપાલિકાને સફાઇ માટે સહાય | ૨૧૩ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લાના એકમોને વ્યાજ સહાય | ૨૨૨ |
| | વડોદરા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા | ૭૫ |
| | વડોદરા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૨૧ |
| કનુભાઇ દેસાઇ | વલસાડ જિલ્લામાં વારસાઇ હક્કો | ૪૩ |
| | વાપી નગરપાલિકાને સફાઈ માટે સહાય | ૨૩૯ |
| કનુભાઇ ક. પટેલ | બિલના સ્કોપમાં જ બોલવા અંગે | ૩૨૪ |
| | અમદાવાદ જિલ્લાનાં એકમોને વ્યાજ સહાય | ૨૧૦ |
| | ગાંધીનગર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના | ૫૯ |
| | ગાંધીનગર રોજગાર કચેરી ખાતે બેરોજગારોને રોજગારી | ૧૧૨ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને ગીર-સોમનાથ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૧૨૬ |
| | ભાવનગર અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ | ૮૨ |
| | સરતાનપર બંદર પર જેટી બાબત | ૨૩૭ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા | ૨૮ |
| કુબેરભાઇ ડીંડોર | મહિસાગર જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી | ૨૧૭ |
| | મહીસાગર જિલ્લામાં વારસાઇ હક્કો | ૪૨ |
| | બિલના સ્કોપમાં જ બોલવા અંગે | ૩૦૬ |
| | શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવા બાબત. | ૧૬૮ |
| કરશનભાઇ સોલંકી | મહેસાણા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનના કેસોની સંખ્યા | ૭૭ |
| | મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૨૨ |

| પુસ્તક–૫૭ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા | ૨૦૧ |
| કુંવરજીભાઇ બાવળીયા | રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા, જેલોની કેદીઓ રાખવાની ક્ષમતા | ૨૭૩ |
| | રાજકોટ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ | ૧૩૪ |
| | રાજકોટ જિલ્લામાં પડતર જમીન | ૫૯ |
| | રાજકોટ જિલ્લા/શહેરમાં હથિયાર પરવાના | 290 |
| | રાજકોટ જિલ્લામાં ઘરથાળના પ્લોટ | ૨૩૫ |
| | રાજકોટ જિલ્લામાં બાળમજુરો | ૧૧૨ |
| કેશુભાઇ નાકરાણી | ભાવનગર જિલ્લામાં મંજુર જીનીંગ એકમ | ૨૬૧ |
| | જુનાગઢ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૨૧ |
| | ભાવનગર જિલ્લામાં ખનીજ ચોરીના દંડની બાકી વસૂલાત | ૨૨૩ |
| | ભાવનગર જિલ્લામાં પકડાયેલ દારૂ | ૨૮૪ |
| | ભાવનગર જિલ્લામાં શ્રમયોગીઓને લઘુતમ વેતન | ૭૬ |
| કેસરીસિંહ સોલંકી | આણંદ જિલ્લામાં વારસાઇ હક્કોની અરજીઓ | ૧૨૩ |
| | આણંદ જિલ્લામાં શ્રમયોગીઓને લઘુતમ વેતન | ૨૧ |
| | ખેડા જિલ્લામાં વારસાઇ હક્કોની અરજીઓ | ૭૫ |
| કાંતિભાઈ ખરાડી | મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ | ૨૭૫ |
| | સદરપુર ખાતે ઘન કચરાના નિકાલ / વ્યવસ્થાપનની કામગીરી | ૧૯૫ |
| | પાલનપુર શહેરમાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત | ૨૪૨ |
| કાંતિભાઇ પરમાર | ખેડા અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ | ૪૯ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં દારૂના પરવાના | ૨૪૮ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે ખેડા અને નર્મદા જિલ્લામાં એમ.ઓ.યુ. | ૨૦૪ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં કાર્યક્રમ | ૨૭૮ |
| કાંતિભાઈ બલર | ભરૂચ જિલ્લામાં શ્રમયોગીઓને લઘુતમ વેતન | ૩૯ |
| | અમરેલી જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | ૨૦૨ |
| | સુરત જિલ્લામાં વારસાઇ હક્કોની અરજીઓ | ૯૨ |
| કાંતિભાઇ સોઢા પરમાર | આણંદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં શરતભંગ થવાની ફરિયાદો | ૧૭ |
| | આણંદ અને પંચમહાલ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૭૧ |
| | વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વિભાગ હસ્તકની કચેરીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ | ૧૧૯ |
| કાળાભાઇ ડાભી | ખેડા અને આણંદ જિલ્લામાં સી.સી.ટી.વી. કેમેરા | ૨૬૩ |
| | ખેડા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં શરતભંગ થવાની ફરિયાદો | ૧૩૩ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ભાગેડુ વ્યક્તિઓ | ૨૮૫ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં વિભાગ હસ્તકના છાત્રાલયોની સંખ્યા | ૧૦૯ |
| | ખેડા અને મોરબી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૫૬ |
| | ગૃહ વિભાગમાં કરાર આધારિત નિમણૂંક | ૨૨૬ |
| કિર્તિસિંહ વાઘેલા | કચ્છ જિલ્લામાં પવનચક્કીના હેતુ માટે ફાળવેલ જમીન | ૬૮ |
| | પાટણ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના | ૧૩ |
| | રાજ્ય પોલીસની સંદેશાવ્યવહાર પદ્ધતિ | ૨૩૬ |
| | પાટણ જિલ્લામાં વારસાઇ હક્કો | ૧૧૭ |

| પુસ્તક–૫૭ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| કિરીટકુમાર ચી. પટેલ | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૧૫૮ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં કાર્યક્રમ | ૨૭૦ |
| | ડોમેસ્ટીક ગેસ ફાળવવા કેન્દ્ર સરકારમાં રજુઆત | ૨૩૧ |
| | પાટણ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૪૦ |
| | મહેસાણા જિલ્લામાં સમાજ સુરક્ષા હસ્તકની બહેરા–મુંગાની શાળાઓ | ૧૨૮ |
| | રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ | ૯૫ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ અન્વયે પાટણ અને કચ્છ જિલ્લામાં એમ.ઓ.યુ. | ૨૮૭ |
| કિશોર ચૌહાણ | જુના ૭/૧૨ને ઓનલાઈન કરવાનું આયોજન | ૧૦૪ |
| | સાયન્સ સીટી ખાતે નોબલ પ્રાઈઝ એક્ઝીબીશન | ૨૨૨ |
| | અરવલ્લી જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | ૫૩ |
| કૌશિકભાઇ જ. પટેલ | ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૧૪૭ |
| | ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૧૪૯ |
| | રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૮ | ૧૫૦ |
| | રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૮ | ૧૫૬ |
| ગજેન્દ્રસિંહ પરમાર | અરવલ્લી જિલ્લામાં સંકટ મોચન યોજના | ૬૭ |
| | પાટણ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના | ૧૨ |
| ગણપતસિંહ વે. વસાવા | ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક. | ૨૯૮ |
| | ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત વિધેયક. | ૨૯૮ |
| ગેનીબેન ઠાકોર | અંબાજી વિસ્તારમાં ગેરકાયદેસર માર્બલ લીઝ | ૨૩૯ |
| | બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કાર્યરત છાત્રાલયો | ૩૫ |
